વાંચી શકે. પ્રવચનકાર આગમોદ્ધારક માટે આ જ પહેલા તેમના છપાયેલા અનેક પ્રવચનોના પુસ્તકો-સામયિકો છપાયા છે, તેથી અહીં વિશેષ વિવેચન ન કરતાં તેમના પ્રવચનો વાંચીને વાચકગણ તેમની આગમ-શાસ્ત્ર ગર્ભિત પ્રવચન શક્તિ, પદાર્થનિરુપણ પટુતા, યથોચિત દૃષ્ટાંત આપવા પૂર્વક પદાર્થનું હાર્દ સમજાવવાની શક્તિ અપ્રતિમ છે, એવી પ્રતીતિ શાસ્ત્ર અને મધ્યસ્થ દૃષ્ટિવાળા દરેકને જરૂર થવાની જ.

આ પ્રવચન શ્રેણીના પ્રકાશન અને સંપાદન કાર્યમાં સંપૂર્ણ કે આંશિક સહકાર આપનાર, અવતરણકારક-સંપાદક આગમોદ્ધારકશ્રીજીના શિષ્ય પ. પૂ. આ. મ. **શ્રી હેમસાગર સૂરિજી** મહારાજ, પ્રુફ રીડીંગ કરી આપનાર પ. પૂ. મુનિરાજ **શ્રી મનોજ્ઞસાગરજી** મ. આર્થિક સહકાર આપનાર અને તેનાં પ્રેરક મોતીશા શેઠ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, શુદ્ધિપત્રક તૈયાર કરી આપનાર સુશ્રાદ્ધવર્ય હીરજીભાઈ ગાલા અને પરોક્ષપણે પણ જે કોઈએ તન મન ધનથી સહકાર આપ્યો હોય તે સર્વેનો હાર્દિક ઉપકાર માની નિવેદન પૂર્ણ કરીએ છીએ.

લી. **આનંદ-હેમ-ગ્રન્થમાળા વતી**

પ્રકાશકો.



સંપાદકીય કિંચિત્

अणुयोगधारक-ज्ञानवृद्धेभ्यो नमः

અનંત દુઃખસ્વરૂપ, દુઃખફલ, દુઃખપરંપરાવાળા આ અનાદિ અનંત સંસાર અટવીમાં અટવાતા અનેકાનેક યોનિ ભોગવતાં ભોગવતાં આ જીવને અપરિમિત કાળ પસાર થયો. છતાં હજુ આ જીવને સંસારસમુદ્રનો પાર ન દેખાયો. કોઈક તેવી અનુકૂળ ભવિતવ્યા યોગે પંચેન્દ્રિય મનુષ્યત્વાદિક ધર્મસામગ્રી મેળવવા ભાગ્યશાળી બન્યો. ઉત્તમ સામગ્રી મેળવવા ભાગ્યશાળી બન્યો છતાં વાસ્તવિક કલ્યાણમાર્ગની પ્રાપ્તિ જિનવચન શ્રવણ થયા વગર થઈ શકતી નથી. ગણધર ગૌતમસ્વામીના પદે વિરાજમાન નય, નિક્ષેપા, ઉત્સર્ગ, અપવાદ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યથાસ્થાને યોજવા પૂર્વક મોક્ષમાર્ગને અનુસરતી પ્રભુવાણીને પરંપરાથી ટકાવનાર હોય તો આચાર્ય ભગવંતો છે. આ નિર્ગ્રન્થ પ્રભુશાસનમાં આવા અનેક પ્રભાવિક મહાઆચાર્ય ભગવંતો અને મહાપુરુષો થઈ ગયા છે, જેના સમાગમ અને જેની આગમાદિ શાસ્ત્રગર્ભિત મોક્ષમાર્ગને સમજાવનારી વાણી શ્રવણ કરવા દ્વારા અનેક આત્માઓએ ભવ નિસ્તાર કરાવનાર સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ, માર્ગાનુસારીપણું, બોધિબીજાદિક પ્રાપ્ત કર્યા. ચાલુ વર્તમાન કાળમાં પણ આગમના અજોડ અભ્યાસી તેના જ્ઞાનનો પ્રચાર-ટકાવ-વધારો કરનાર, આગમોદ્ધારક બહુશ્રુતધર, આગમોને આરસની શિલાઓ અને તામ્રપત્રમાં પ્રથમ વખત કોતરાવનાર, આગમ સાહિત્યનો સર્વાંગી વિકાસ કરનાર આચાર્યશ્રી **આનંદસાગર સૂરીશ્વરજી**નું સ્થાન જૈન જૈનેતર જગતમાં જાણીતું અને પરં વિશ્વસનીય મનાયું છે.

સં. ૧૯૮૦ની સાલમાં મૂર્તિપૂજક શ્રમણસંઘનું મહાસંમેલન રાજનગરમાં મળ્યું હતું જેમાં અનેક વિવાદોનું સર્વમાન્ય શાસ્ત્રાનુસારી નિરાકરણ કરી ઠરાવો પસાર કરાવી સંમેલન પાર ઉતારવામાં જેમનું અગ્રસ્થાન હતું. તે સંમેલન પૂર્ણ થયા પછી ઘણા વર્ષોની મહેસાણાના સંઘોના આગેવાનોની વિનંતિથી ત્યાં ચતુર્માસ કર્યું, ત્યારે તેમના પ્રવચન શ્રવણ સમયે તેના અવતરણો કર્યા હતા. તે સમયે કલ્પના પણ ન હતી કે આ અવતરણો પુસ્તકનો આકાર લેશે. અવતરણોની કરી શાહીથી નકલ કરાવી હતી પણ ૩૫ વરસથી તે નકલો અનામત પડી રહી હતી.

સં. ૨૦૨૩ની સાલનું મારું ચતુર્માસ મુંબઈ ભાયખાલા મોતીશા શેઠના ઉદ્યાનમાં થયું. ત્યારે ત્યાંના કાર્યશીલ મેનેજિંગ ટ્રસ્ટીઓ મને આગમોના પ્રવચનો પ્રસિદ્ધ કરાવવાનો અનુરોધ કરી પોતે સક્રિયપણે સારો સહકાર આપ્યો. જેના યોગે મારા અનુવાદના કાર્યો ગૌણ કરી આ કાર્ય હસ્તગત કર્યું. પ્રવચનોના અવતરણો કરવા, તેના કરતાં પણ વાંચનયોગ્ય વિભાગો પાડવા, હેડીંગો કરવા પ્રવચનકારના અને શાસ્ત્રના આશય વિરુદ્ધ કંઈ ક્ષતિ ન રહે તેની તકેદારી રાખવી, અવતરણ કરતાં કોઈ સંબંધો તૂટી ગયા હોય તે વક્તાના આશયાનુકૂલ જોડી દેવા, તે કાળને અનુલક્ષીને કોઈક વર્તમાનકાળમાં અસંગત હકીકત-ચર્ચા સ્થાનોમાં વપરાએલ શબ્દોનું સંશોધન, કઠિન સ્થાનોની સુગમતા આણવી ઇત્યાદિક કપરી જવાબદારી સંપાદકની હોય છે. મારા ક્ષયોપશમ અનુસાર ત્રણ ત્રણ વખત વાંચી સુધારી પ્રેસમાં મોકલાવેલ અને પ્રુફો પણ ત્રણ ત્રણ વખત વાંચી સુધાર્યા છે. છપાવતા કાના રેફ માત્ર હ્રસ્વ ઈકારનો કપલો ભાગ વગેરે ઉડી ગયા હોય તે વાચકે સ્વયં સુધારી લેવા. તે સિવાયનું શુદ્ધિપત્રક આપેલ છે, તો તે પ્રમાણે પ્રથમ શુદ્ધ કરી વાંચવા ભલામણ છે.

લી.

આ. હેમસાગરસૂરિ

ગોડીજી પાર્શ્વનાથ જૈન દહેરાસર
પાયધુની, મુંબઈ-૩.
સં. ૨૦૨૫. વૈ. સુ. ૧૧.

શ્રી આગમોદ્ધારક પ્રવચન શ્રેણી વિભાગ ૧ લાની

અ નુ ક્ર મ ણિ કા

પ્રવચન ૯મું– ૭૨. ઝાડ સાક્ષી પૂરી ગયું–૭૩. જીવ નિત્ય છે–૭૫. મનુષ્યપણાની પેઢીમાં જમે કરેલી પુણ્યની ત્રણ રકમો–૭૬. કુંભારણે સ્વભાવથી પાડેલી બોલવાની ટેવ–૭૮. છએ કાયના આધારે મનુષ્ય જીવન ટકે–૭૯. દાન દેવું અને દાનરુચિનો તફાવત–૮૦.

પ્રવચન ૧૦મું– લૌકિક અને લૌકોત્તર આસ્તિક્ય–૮૨. દશ પ્રકારના દ્રવ્યપ્રાણ, સર્વ તમારું, હુકમ હમારો એવી જીવની પરાધીન દશા–૮૩. રૈયત કરતા લશ્કર વધારે હોય ?–૮૪. આત્માની પરાધીનતાની પરાકાષ્ઠા–૮૫. આત્માના નિર્મલ આઠ રુચક પ્રદેશો–૮૬. વાણીયો અને ગનશીયાની તરવાર જેવો ધર્મ–૮૭. જીવ શબ્દની વ્યુત્પત્તિ, હિન્દુ શબ્દની વ્યુત્પત્તિ અર્થાત ચારે ગતિમાં ફરનારો–૮૮. જિંદગીની જહેમત પલકારામાં પલાયન–૮૯. વગર જોખમે માલ ખાનાર કુટુંબીઓ. સમ્યક્ત્વના છ સ્થાનકો માને ત્યારે સાચો જૈન–૯૦.

પ્રવચન ૧૧મું– બાળક માન–આબરૂની કિંમત ન સમજે તેમ તમે મોક્ષ સમજી ન શકો–૯૨. ખણી ખસ કોની મટી? સિદ્ધોને સુખ શું ?–૯૩. નાટક–સિનેમાના થિયેટરો પાસે ધર્મસ્થાનકો કેટલા અને બદીસ્થાનો કેટલા ? ૯૪. જાણવા છતાં સિદ્ધપણાનું સુખ બીજાને કહી શકાતું નથી–૯૫. ધર્મની વ્યાખ્યાઓ–૯૬.

પ્રવચન ૧૨મું– ૯૭. મોક્ષની નિસરણી–૯૯. ઔદયિકભાવનું મનુષ્યપણું કેમ પ્રશંસ્યું ?–૧૦૦. બળવાન સાથે ભાગીદારી તે ગુલામીનું ખત–૧૦૧. ઊંટના ૧૮ અંગ વાંકાં છતાં રણની મુસાફરીમાં તે ઉપયોગી–૧૦૩. અક્કલ વગરનાને અધિકાર ન અપાય–૧૦૪.

પ્રવચન ૧૩મું– ૧૦૭. મનુષ્યપણું મેળવવાના કારણો–૧૦૮. સ્વભાવે પાતળા કષાયો–૧૦૯. અખંડ પેઢી–૧૧૦. મનુષ્યપણું હારી જાય તો મૂળ મુડી ટકાવી રાખનાર રાંડીરાંડ બાઈ કરતાં નપાવટ–૧૧૨. સીમંધર સ્વામી પાસે ધર્મ કરીશું–૧૧૪. ચિંતામણી રત્ન ફેંકી દીધું–૧૧૫.

પ્રવચન ૧૪મું– ૧૧૬. વિષયોની સંજ્ઞા વિકલેન્દ્રિયો અને પશુઓને પણ છે–૧૧૭. ઝળકતું ભવિષ્ય કોનું ?–૧૧૯. સમકિતી ત્રણ કાળનો વિચાર કરે–૧૨૦. ભાડૂતી ઘર–૧૨૧. ગેટા ભાડૂત ક્યા ?–૧૨૨. જે દિવસે કંટાળે તે દિવસે નીકળી જાય–૧૨૩. ભવિતવ્યતાના ભરોસે ન રહેતાં હવે ઉદ્યમ કરો–૧૨૪.

પ્રવચન ૧૫મું– ૧૨૫. ચૌદપૂર્વી–ચારજ્ઞાની સરખા અનંતર ભવમાં એકેન્દ્રિયનિગોદમાં ઉતરી જાય–૧૨૬. કેટલા કાળના આંતરે મનુષ્યપણું પામ્યા ?–

પ્રવચન ૨૧મું– ધર્મરત્ન માટે ત્રણ ગતિ નકામી–૧૮૩. ક્ષાયિકગુણો મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય–૧૮૪. મગરુબીથી બોલાતો સંસારી શબ્દ–૧૮૫. પુણ્યશાળીને મરણ એ મહોત્સવ છે–૧૮૬. ધર્મરત્ન બે બાજુ કામ કરનાર–૧૮૭. સાધુ સંસારી છતાં તેને સંસારી કેમ નથી કહેવાતા ?–૧૮૮. અનિષ્ટહરણ કરનાર ધર્મ–૧૮૯. સ્વરૂપે સર્વ આત્મા કેવલ જ્ઞાનાદિકવાળા છે–૧૯૦.

પ્રવચન ૨૨મું– ૧૯૧. ખાવાનું ન મળે તો ખાજાનો ભુક્કો ખાય–૧૯૨. અનેકમાં આપણે જ કેમ અપૂર્વ વસ્તુ મેળવી ?, કીમતી પદાર્થનું રક્ષણ સાવચેતીથી કરવાનું હોય–૧૯૩. સુદેવમાં ૧૮ દોષો ન હોય–૧૯૪. ૧૮ દોષરહિત બધા દેવ ન કહેવાય–૧૯૫. દિગંબરોની વિચિત્ર માન્યતા–૧૯૬. તેરાપંથીના પ્રકાર–૧૯૭. દિગંબર શબ્દથી જ વસ્ત્રની સિદ્ધિ, ૪૫ આગમમાં શ્વેતાંબર શબ્દ નથી–૧૯૮. મરતી ઘોડીનું મૂલ્ય ઉપજાવી લેવું–૧૯૯.

પ્રવચન ૨૩મું– નિશાળીયાનું નામું આંકડે બરાબર પણ આશામીએ નકામું–૨૦૦. સમ્યગ્દર્શનનું આસ્તિક્ય લક્ષણ–૨૦૧. અધિકરણ સિધ્ધાંત–૨૦૩. ચાર સ્થાનક અભવ્ય પણ માને–૨૦૪. આસ્તિકતાનું પાંચમું અને છઠ્ઠું સ્થાનક, ભવ્ય–અભવ્યની વિચારણા–૨૦૫. આભિગ્રહિક મિથ્યાત્વ અભવ્યને હોય ?–૨૦૬. જૈનનો આસ્તિક ક્યારે ?–૨૦૮. નિર્વેદ–૨૦૯. અક્ષુદ્રતાનો પ્રથમ ગુણ–૨૧૦.

પ્રવચન ૨૪મું– ૨૧૩. છોકરે ઘેર જેસા વધામણા તેસી પોક–૨૧૪. ઈન્દ્રિયોનો હડકવા–૨૧૫. સ્ત્રીઓની ગંભીરતા–૨૧૭. તલવારથી તણખલા કાપવાના ન હોય, સજ્જનો શિખામણે; દુર્જનો દંડે ડાહ્યા થાય–૨૧૮. ચૌદરત્નો કરતાં ધર્મરત્નની અધિકતા–૨૧૯.

પ્રવચન ૨૫મું–૨૨૦. ધન એ અનર્થનું મૂળ–૨૨૧. રેતીની રમત સરખું આપણું મનુષ્યપણું, રજા અને રાજીનામું કોને કહેવાય ?–૨૨૪. મરતો નથી કે માચો મેલતો નથી–૨૨૫. ટોપલે ઘર–૨૨૬. ત્રણ ગતિમાંથી સાથે કંઈ લઈ જઈ શકાતુ નથી–૨૨૮.

પ્રવચન ૨૬મું –અંત સમયે નમો અરિહંતાણં કોને યાદ આવે ?–૨૩૦ સંસ્કારોની મહત્તા–૨૩૧. ભવ્યત્વ પરિપક્વ કરવાનાં સાધનો, ચાર શરણ–૨૩૨. દુષ્કૃત–નિંદન, શત્રુ તરફ ધિક્કારની લાગણી કેવી હોય ?–૨૩૩. સુકૃત અનુમોદન–૨૩૫. ઉપબૃંહણા કોની કરાય ?–૨૩૭. ગુણ અનુમોદના વખતે અવગુણ ધ્યાનમાં લેવાનો ન હોય–૨૩૮. સત્કૃત્ય કરતા તેની અનુમોદના બળવાન–૨૩૯.

પ્રવચન ૨૭ મું – ૨૪૦. અપૂર્વ ધર્મ ખાતર આનંદથી સર્વત્યાગ કરીએ છીએ–૨૪૧. આ ભવનું સુખ રેશિયાના રુબલ માફક રોવડાવનાર થશે–૨૪૨. સદ્ધર ધર્મ બેંક–૨૪૩. આંધળો વણે ને વાછરડો ચાવે, અન્ય મતોમાં પણ આત્માનું અનાદિપણું માનેલું છે–૨૪૪. માલ માલિકીનો કે માગેલો છે ?–૨૪૫. જૈનોની દયાને દૂષિત કરનારા–૨૪૬. અન્યોએ કરેલી પોતાના દેવની સ્તુતિમાં કલ્યાણનો અવકાશ કયો ?–૨૪૭. દરેક આર્યો દાનાદિ ચાર ધર્મ એક યા બીજા પ્રકારે કરે છે–૨૪૮.

પ્રવચન ૨૮ મું – ૨૪૯. જિનેશ્વર–કેવલીઓએ કરેલો નહીં પણ કહેલો ધર્મ–૨૫૧. દીવાએ હીરો બતાવ્યો પણ બનાવ્યો નથી–૨૫૨. માયાને અંગે સુખ–દુઃખની માનસિક લાગણી–૨૫૩. અજવાળાએ કાંટાથી બચાવ્યા–૨૫૪. વધારે અફસોસ કરવા લાયક કોણ ?–૨૫૫. ધાર્મિક ગણાતી સંસ્થાઓના ઉદ્દેશો અને પરિણામો–૨૫૬. સતીની સંસ્થામાં વેશ્યાને વારીદું કાઢવા ન રખાય, ભરત મહારાજાની ભાવના–૨૫૭. ઝવેરી અને ગમારીમાં મૂર્ખ કોણ ?—૨૫૯.

પ્રવચન ૨૯મું–ચક્રવર્તીને ભાજી માટે ભીખ માંગવી પડે–૨૬૦. શરીરમાં રહેલી નાડીઓ રોગો આદિને રૂપી છતાં જાણી શકાતા નથી–૨૬૧. કેવલીઓને જાણવા માટે ઈન્દ્રિયો રૂપી દલાલોની જરૂર નથી–૨૬૨. જ્યોતમાં જ્યોત મળે તેમ સિદ્ધો એકબીજામાં અવગાહીને રહે–૨૬૩. આત્મામાં રહેલ કેવલજ્ઞાન બતાવનાર મહાપુરુષ અને તે સમયનો આનંદ કેવો ? ૨૬૪. છઠ્ઠા–સાતમા ગુણ–સ્થાનક કરતા પ્રથમ સમ્યક્ત્વપ્રાપ્તિ સમયની અધિક નિર્જરા–૨૬૫. મોટા ગુન્હાવાળા કેસો સરકારી વકીલો તૈયાર કરે–૨૬૬. શ્રોતાને અર્થી બનાવવો જોઈએ–૨૬૭. પાણી માફક વચન બુદ્ધિથી ગાળીને બોલવું જોઈએ–૨૬૮. જિનેશ્વરની વાણી હિતકારી જ હોય. અહિત લાગે તો મૌન રાખે–૨૬૯.

પ્રવચન ૩૦ મું – ભવિતવ્યતા અને ઉદ્યમમાં મુખ્યતા કોની ?–૨૭૦. पढमं नाणं तओ दया–એ વાક્યનો પરમાર્થ સમજો–૨૭૨. ક્રિયામાં ઉપયોગી થાય તેવું જ્ઞાન પ્રશંસ્ય છે–૨૭૩. અનંતી વખત દ્રવ્યચારિત્ર આવ્યા પછી ભાવચારિત્ર આવે–૨૭૪. અનંતી વખત દ્રવ્યચારિત્ર આવ્યું તે કેવી રીતે માનવું ?–૨૭૫. આશ્ચર્ય કોને કહેવાય ?, લક્ષ્મીની ત્રણ ગતિ–૨૭૬. જ્ઞાન મેળવતા મિનિટ અને ભાવચારિત્ર અનંતા ભવની મહેનતે મળે–૨૭૭. જ્ઞાનીની નિશ્રાએ અજ્ઞાની પણ તેના સરખું ફળ મેળવે–૨૭૮. ભવિતવ્યતાનો ભરોસો ન રાખતા હવે ઉદ્યમ કરો–૨૭૯.

પત્ર	પંક્તિ	અશુદ્ધિ	શુદ્ધિ	પત્ર	પંક્તિ	અશુદ્ધિ	શુદ્ધિ
૩૦૨	૨૪	દ્રાએ	દ્વારાએ	૩૮૫	૧૭	ધર્મત્ન	ધર્મરત્ન
૩૦૩	૧૦	જગનમાં	જગતમાં				
૩૦૩	૧૪	તિર્યંચને	તિર્યંચનું શરીર	૩૯૦	૯	વીતરાગને	વીતરાગનો
,,	૧૫	કબૂલ પણ	કબૂલ,	૩૯૧	૨૭	તીર્થંરો	તીર્થંકરો
૩૦૪	૨૨	જ્ઞાનતાના	જ્ઞાનતના	,,	૨૯	પ્રતિહાર્ય	પ્રાતિહાર્યો
,,	૨૯	કનાર	કરનાર	૩૯૨	૬	એક	એક જણ
,,	૩૧	ચાંડાંલમાં	ચંડાળમાં	,,	૮	ઘડો	ઘડો
૩૦૭	૨૫	રત્ન જેમ	રત્નની જેમ	૪૧૩	૮	પાતાળ	પાતળા
૩૧૧	૨૫	ઈચ્છા ન હોય	ઈચ્છા હોય	,,	૧૦	પાતાળા	,,
,,	૨૯	શત્રુને	શત્રુનો	૪૨૦	૩	સાગરોપ	સાગરોપમ
૩૧૨	૯	પડોશી	પડોશીને	૪૪૨	૧	ભણેવા	ભણેલા
૩૧૫	૧૯	દોડી	હરીફાઈથી દોડી	૪૪૭	૩	હિંસમાંથી	હિંસામાંથી
૩૧૬	૨૪	ઉભો રહે	ઉભા રહો	૪૫૪	૫	જોડાય	જોડાય
૩૨૮	૮	ઝુંપડામાં	ઝુંપડીમાં	૪૫૫	૧૮	જણાવવનું	જણાવવાનુ
૩૩૨	૧	એડચણ	અડચણ	૪૬૫	૨૩	જૂનીને	નવીને
૩૪૩	૪	જમાઈયો	જમૈયો	૪૭૩	૧૪	જિનેશ્વરરની	જિનેશ્વરની
૩૪૫	૧૭	ડહાડા	દહાડા	૪૭૪	૧૨-૧૩	વિતરાગ તે	તે વીતરાગ
૩૪૭	૨૧	પાતાલા	પાતળા	૪૭૫	૧૭	ગોઠ	ગાંઠ
૩૫૫	૯	મોંકડાને	માંકડાને	,,	૧૮	તિંકર	તિર્થંકર
૩૭૨	૧૯	નીકવાના	નીકળવાના	૪૭૬	૨૭	જ્ઞા	જ્ઞાન
				૪૮૦	૫	ક્ષાયોપશકિ	ક્ષાયોપશમિક





શ્રી શત્રુંજય ઉપર મોતીશા શેઠની ટૂંક, મુંબઈ ભાયખલામાં મોટા ઉદ્યાન સહિત જિનમન્દિર અને અગાશી માં તીર્થની સ્થાપના કરનાર મુંબઈ શ્રી જૈનસંઘને અનેક ધર્મ સ્થાનકો સમર્પણ કરનાર શાહ સોદાગર સુશ્રાદ્ધવર્ય.

શેઠ. મોતીશા અમીચંદ

શ્રી આગમોદ્ધારક પ્રવચન શ્રેણી

પ્રવચન ૧૯ મું

સં. ૧૯૯૦ અષાડ સુદ ૬ બીજી મહેસાણા

धर्मो मंगलमुत्कृष्टं धर्मः स्वर्गापवर्गदः ।
धर्मः संसारकांतारोल्लंघने मार्गदेशकः ॥ १ ॥

સિદ્ધોનું એક સમયનું સુખ કેટલું ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે 'ત્રિષષ્ટી શલાકા પુરુષ ચરિત્ર' નામનો ગ્રંથ રચતાં થકાં પ્રથમ તે રચવાનો હેતુ બતાવે છે કે महात्मनां गुणकीर्तनं हि निःश्रेयसास्पदं એટલે કે મહાત્માઓનાં ગુણોનું કીર્તન એ કલ્યાણ અને મોક્ષનું સ્થાન પ્રાપ્ત કરાવનાર છે. અને તેટલા જ માટે હું આ ચરિત્ર કરું છું. આ ઉપરોકત વાક્યમાં હિ શબ્દ નિશ્ચયવાચી હોવાથી મહાપુરૂષોનું કીર્તન જ મોક્ષનું ધામ છે. એમ કહી પ્રકરણની અપેક્ષાએ ચરિત્રની ઉત્તમતા બતાવી છે. તથા ઉત્તમ કથન કરવાલાયક પણ તેજ છે. તેમ બતાવવામાં આવ્યું છે. દ્રવ્યાનુયોગ ચરણકરણાનુયોગ અને ગણિતાનુયોગ એ પણ તોજ ફાયદો કરે કે તેના નિરૂપણ કરનારા ઉપર ભરોસો હોય તો. આથી એ પણ સૂચન કર્યું કે આ જીવે અનંતીવાર દ્રવ્યાનુયોગ ચરણ કરણાનુયોગનું નિરૂપણ કર્યું. યાવત્ ચરણકરણ આદર્યા પણ બધું છાર ઉપર લીંપણ સરખું થયું. કારણ એટલું જ કે તેના નિરૂપણ કરનાર તીર્થંકર દેવ તથા તેમનાથી ત્રિપદીપામી તે તે સૂત્રને રચનાર ગણધર ભગવંત ઉપર વિશ્વાસ, ભક્તિ તથા બહુમાન આવ્યા નહિ. એમના કથન અનુસાર ચારિત્ર લેવાનું, કષાયો દમવાનું, અને મહાવ્રત પાલન કરવાનું જે બન્યું તે તેમના ઉપર ભરોસો હતો તોજ બન્યું. પણ એ ભરોસો છતાં વાસ્તવિક ભરોસો થયો નહોતો. અને તેથી જ પોતે જણાવ્યું કે, સર્વકાલના સર્વાર્થસિદ્ધ નામે અનુત્તર વિમાનવાસી દેવતાઓના સુખો એકઠા કરીએ, તેને અનંતી વખત વર્ગ કરીએ. ત્યારે કહો કે એ સુખ કેટલું વધ્યું ? પણ અહિ તો તે સુખને સિદ્ધમહારાજના એક સમયના સુખ જેટલું પણ નથી એ બતાવવામાં આવ્યું છે. જો આ તીર્થંકરદેવ તથા ગણધર ભગવાનની પ્રરૂપણા મગજમાં ઉતરી હોય તો દેવલોકની ઈચ્છા રહે નહિ.

સંસારના સર્વ સ્થાનકો અશાશ્વતા છે.

નાના બાલકને કલ્લી તથા બરફી બે વાનાં એક સાથે આપીએ તો તેમાં કઈ વસ્તુ તરફ તેનું મન આકર્ષાશે? કહો કે કલ્લી તરફ નહિ, કારણ કે તે બંને વસ્તુ તેમના ધ્યાનમાં બરોબર બેઠી નથી. તેવીજ રીતે ધર્મથી દેવલોક તથા મોક્ષ એ બંને વાના મળતા હતા છતાં આ જીવે મોક્ષની દરકાર કરી નથી કારણ કે વાસ્તવિક જ્ઞાનના અભાવે ખરી વસ્તુ મોક્ષની ઈચ્છા તજીને દેવલોકના સુખની ઈચ્છા આ જીવે અજ્ઞાનીની પેઠે કરી છે. બચ્ચાંને કોઈ કલ્લી કીમતી કહે તો પણ બચ્ચાંને તે મગજમાં ન ઉતરે. તેને કલ્લી આપો ને બરફી ખેંચી લો તો બચ્ચું રડવા માંડશે. તેવી જ રીતે છોકરા પાસે આવેલા બોરાં તમારે ફેંકાવવા મુશ્કેલ પડે. તમે અહીં જે જીવોને કેવળ પૌદ્ગલિક રાગ થયો છે તેવા જીવોને અનંતા સુખને દેવાવાળી, સર્વકાલ આત્માના ગુણને અવ્યાબાધ રાખનારી મોક્ષ જેવી ઉત્તમ ચીજ રુચતી નથી. બરફી, બોર વિગેરે ચીજ ખાધી ને ઉકરડે જવાની એવી ચીજ છે. તેવી જ રીતે આ સંસારમાં પણ ચાહે તે સ્થાન મળે પણ તે અંતે અશાશ્વત છે. અર્થાત અનિત્ય છે. કહયું છે કે 'सव्वाणि ठाणाणि असासयाणि' દુન્યવી સર્વ સ્થાનો અશાશ્વતા યાને અનિત્ય છે. કદાચ સર્વાર્થ સિદ્ધ નામે અનુત્તર વિમાનવાસી જે દેવો તેત્રીસ સાગરોપમ સુધીની સ્થિતિવાલા છે ને તેટલો કાળ જ્યાં સુખ જ ભોગવવાનું છે, તેનું સ્થાન લઈએ તો તે પણ અનિત્ય છે. કારણ કે ત્યાંથી મનુષ્ય ભવમાં આવ્યા સિવાય શાશ્વતા સુખનું ધામ મોક્ષ પ્રાપ્ત થઈ શકતું નથી. ચૌદ રાજલોકમાં એવું એક પણ સ્થાન નથી જ્યાં જીવને શાશ્વતું સુખ જ રહ્યા કરે. અર્થાત નિત્ય રહેવાવાળું હોય. એથી સરવાળે શૂન્ય જેવાં ચૌદરાજ લોકનાં સ્થાન છે.

સંસારના ભોગવેલા સુખો દરેક વખતે નવા લાગે.

સરવાળે એકડો રહે તેવું સ્થાન સંસારમાં એક પણ ન મળે. શૂન્યતાવાળા સ્થાન જાણ્યા. અનુભવ્યા છતાં પણ જગતમાં એના એ સુખ નવા લાગે. જેવાં કે વિષયો આ જીવે અનંતી વખત અનુભવ્યા. દેવલોકને મનુષ્યના સુખો અનંતી વખત અનુભવ્યા છતાં અત્યારે નવા લાગે છે. વળી વિચારો કે આ જીવે જીંદગીથી આજદિન સુધી કેટલી વખત ખાધું છે? કહો કે હજાર વખત. હજારો વખત ખાધા છતાં એક દિવસ ઉપવાસ કરો ત્યારે પારણે કેવું લાગે છે? જાણે જીંદગીમાં ખાધું જ નથી. આ જીવનો સ્વભાવ જ વિચિત્ર છે કે અનંતી વખત અનુભવે તો પણ નવું ને નવું જ લાગે. અહિં આ જીવને એક ને એક ચીજ વારંવાર આવે તો નવાઈ જેવી લાગે છે. તે પ્રમાણે શાસ્ત્રકારનું કથન જો બરાબર વિચારે કે સંસારના સુખવાળી ચીજ અનંતી વખત મળી ને ગઈ તો પણ પૌદ્ગલિક સુખમાં હજુ આ જીવ રાચ્યો માચ્યો રહે છે. જગતમાં એક વખત સંબંધ કરે વિખૂટો પડે. પછી બીજી, ત્રીજી વખત સંબંધ કરતાં વિચાર કરે. જ્યારે એક બે વખત છૂટો પડે

તેથી ચિત્ત આવું થાય તો અનંતી વખત આ જીવ તાળી દઈ છૂટો પડયો છે એમ અનંતીવાર ભેળો થયો ને છૂટો પડયો ને ચોરાશી લાખ યોનિમાં ભ્રમણ જેવી જ હાલત રહી છતાં આ જીવ ચેતતો નથી, કહો કે કાળજું જ ઠેકાણે નથી. કાળજું શીયાળીયું ખાઈ ગયું છે.

કાળજું હતું જ કયારે ?

એવું બન્યું છે કે એક શિયાળ છે. એટલામાં વાઘ ત્યાં આવી ચડયો, ને ખાઉં ખાઉં કરવા લાગ્યો. શીયાળે દેખ્યું કે વાઘ ખાઈ જશે. તેથી શિયાળે કહ્યું કે—'આટલું નાનું છઉં, મને ખાઈશ તો કાંઈ તારું પેટ નહિ ભરાય, એ કરતાં તને બીજું ભક્ષ્ય લાવી દઉં"– એમ કહી શિયાળ તો નિકળી ગયું. આગળ જતાં ગધેડું ચરી રહયું છે. દુર્બળ શરીરવાળો છે તેથી તે કહેવા લાગ્યો કે : "હું તો દુબળો છઉં. હા મારા બીજા મામા જેવો તો ખબર પડે"– એમ કહી ગધેડો ભાગી ગયો. પછી વાઘે બારોબાર તડાકો કર્યો. ત્યાં ગધેડાના મામા જેવા બીજા પ્રાણીને જોયું. તેણે કહ્યું કે ચૂપ રહેજે. બોલશો નહિ. તે પાછો ગધેડા પાસે ગયો. ગધેડાએ કહ્યું : કેમ દેખ્યું? કેવો જોરદાર તે હતો? તેમ તમારે થવું જોઈએ. તે વાતથી વાઘને ખોટું લાગ્યું ને તડાકો કર્યો હતો તેમ ન કર્યો. શિયાળે કહ્યું કે: તમને મળવા હાથ લાંબો કર્યો. તો તમે ભાગી કેમ આવ્યા? શીંછે વાઘને મારી નાખ્યો. આપણને વચમાં કાંઈ મળવું જોઈએ, વિશ્વાસઘાત કરી માર્યો છે માટે આપણે પાપી છીએ. માટે ચાલો આપણે સ્નાન કરી પવિત્ર થઈએ. શીયાળ નજીકમાં ખાબોચીયામાં ગયો. પેલો નદીએ દૂર ગયો. ને શીયાળ કાળજું ખાઈ ગયો. શીયાળને કહે, કાળજું? શીયાળ કહે હતું જ કયારે? જો કાળજું હતે તો તમારો મેમાન થને ખરો? આ વ્યવહારિક દૃષ્ટાંત ઉપરથી એ સમજવાનું કે આ જીવને અનંતવાર સાંસારિક ઋદ્ધિ મળીને ગઈ, ધક્કો મારીને ચાલી ગઈ. પાછા તેને જ વળગીએ ખરા કે? ખરેખર વિચારીએ તો આપણે કાળજા વગરના છીએ. એક બે વખત કોઈ ભરોસો દઈ જાય પછી તેને દેખીએ તો શું કરીએ? કહો કે તેનો ભરોસો ન રાખીએ. તેમ અનંતા જન્મ સાંસારિક સુખના ભરોસે ગયા.

વિષયો એંઠી બરફી સમાન છે.

તીર્થંકરોએ તથા ગણધર ભગવંતોએ સ્પષ્ટ જણાવ્યું છે કે આ એંઠી બરફી તો કુતરાના કામની. જેમ કુતરો મીઠી બરફી ખાઈ જાય ને પછી હડકિયા થશે, તેમ આ વિષયો પણ એંઠી બરફી સમાન છે. ખાતાં પ્રથમ તો મીઠા લાગે પણ પછી હડકિયા થઈને મરવાનું. સાંસારિક સુખોની આવી સ્થિતિને તીર્થંકરાદિકોએ જણાવી, છતાં તે આ જીવને લક્ષમાં આવ્યું નહિ. તેનું કારણ એક જ કે હજુ તિર્થંકર મહારાજ ઉપર ભરોસો થયો નથી. બચ્ચાની મરજી બરફી લેવાની હોય પણ માતા ઉપર ભરોસો હોય. માતા તરફ ટકેલો

હોય તો લઈ શકે. માતા બરફી લેવાની ના પાડે તો બચ્ચું પણ માતાના ભરોસે બરફી છોડી શકે છે. આમ છે છતાં આ જીવ તીર્થંકર મહારાજના ભરોસે વિષયો છોડી શકતો નથી. જો તીર્થંકર મહારાજ ઉપર ભરોસો હોય તો વિષયો છોડી દે. છોકરું શાનું પીનાલ સમજતું નથી પણ માના ભરોસે વગર સમજણે પણ બરફી છોડી કલ્લી પકડી લે છે. તેવી જ રીતે આપણે તીર્થંકર ભગવાનના તથા ગણધર મહારાજના ભરોસે વિષયોને છોડી દઈએ તો પણ લાભ જ છે. આપણને હજુ તીર્થંકરાદિક ઉપર જોઈએ તેવો ભરોસો બેઠો નથી. કેમ ભરોસો નથી બેઠો? તેના ઉત્તરમાં સમજવાનું કે આપણે એમના ગુણોને, એમની પવિત્રતાને, અને એમનાં પરોપકારિપણાને અંગે ધ્યાન પૂરું દીધું નથી, એમના કહેવાની ખાતર પણ વિષયો છોડી મોક્ષ તરફ પ્રયાણ કર્યું હોત તો સંસાર ભ્રમણા મટી જતે એ ચોકસ વાત છે.

મોક્ષની ઈચ્છા કયારે થાય ?

વળી એક વાત એ પણ યાદ રાખવા જેવી છે કે "મનથી મોતીના ચોક પુર્યા કંઈ વળે નહિ." પણ જૈન શાસન એવું પ્રભાવિક છે કે તમે મનથી ચોક પૂરો તેટલું મનથી સાક્ષાત આપે. તમે મનમાં ચિંતવો. આ વાત ધ્યાનમાં લેશો ત્યારે જે શાસ્ત્રકારે જણાવ્યું કે મોક્ષનો વિચાર કોને હોય? તેના ઉત્તરમાં સમજવાનું કે મોક્ષે જવાવાળાને જ હોય, બસ મોક્ષ જવાનો વિચાર કરો એટલુંજ કામ. અમને મોક્ષ મળે એટલો વિચાર કરો એટલે જૈનશાસન મોક્ષ આપવા બંધાયું છે. આ વાત સીધા શબ્દોમાં કહી છે પણ માનવું શી રીતે? કારણ કે મનમાં મોતીના ચોક પુરવામાં કાચું કોણ રાખે? પણ મહાનુભાવ! મનમાં મોતીના ચોક પૂરે કોણ? મોતી સમજે તો ચોક પૂરે. મોતીની કિંમત ન સમજે તે મોતીના ચોક પૂરે ખરો? માટે મોતીને જાણે માને અને મોતીને માગે તેનેજ મોતીની કલ્પના છે. જે જાણે નહિ, જાણ્યા છતાં માને નહિ, માને છતાં માંગે નહિ, તેવાને મોતીની કલ્પના આવે ખરી? તેમ મોક્ષ માગે કોણ? તો કે મોક્ષ જાણે, મોક્ષ છે એમ માને, એ વસ્તુ શ્રેષ્ઠ છે, માટે મને મળવા જોઈએ તેમ ધારે, તેજ મોક્ષને માગી શકે છે. તે સિવાય જે જીવ મોક્ષને જાણતો નથી, માનતો પણ નથી, તે સ્વપ્નમાં પણ મોક્ષ માગે ખરો? મોક્ષ જાણે, માને અને એ ઈષ્ટ ગણે તેજ મોક્ષ મળો એમ માને. આ વાતને જ્યારે લક્ષમાં લેશો ત્યારે જ શાસ્ત્રકારોએ કહ્યું છે તેમ "છેલ્લા પુદ્‌ગલ પરાવર્ત સિવાય મોક્ષ મેળવવાનો વિચાર થાય નહિ," એ વાત સમજી શકાશે. 'मुक्खाशयोऽपि चरम पुग्गलपरावत्तं विणा न'એ કથનથી સમજાશે, મોક્ષ મેળવવાનો ઉદ્યમ, ત્યાગ, તપસ્યા કરવી એ તો દૂર રાખો પણ, 'મને મોક્ષ મળે' એવો આશય પણ એક પુદગલ પરાવર્તથી વધારે સંસાર હોય તો થાય નહિ. અર્થાત્ મોક્ષ મેળવવાની જેને ઈચ્છા થઈ તેને એક પુદ્‌ગલ પરાવર્તથી વધારે સંસાર હોય નહિ.

પ્રશ્ન:– સર્વદર્શનવાળાને મોક્ષની ઈચ્છા થાય છે?

ઉત્તર:– મોક્ષ મેળવવાની ઈચ્છાથી ગોસાઈ, સંન્યાસી વિગેરે પણ અમને મોક્ષ મળો એમ ઈચ્છા કરી તેઓ પણ મોક્ષના ભાગીદાર થાય તેમાં અડચણ શી છે? આ તમારું કહેવું ઠીક છે. પણ મૂળ વાતમાં જરા આવો. મોક્ષનો વિચાર આવવો, મોક્ષની ઈચ્છા થવી, ને એક પુદ્ગલ પરાવર્તથી વધારે સંસાર ન હોય તોજ બને. આ તો (જૈન-દર્શન પાસે) મોક્ષ માગ્યો એટલે તેને મેળવી આપવાને બંધાયો છે. જેમ હુંડી, ૨–૩–૪ માસની મુદતની હોય છે તો તે મુદત પૂરી થયે પાકે છે, તેમ મનથી મોનીના ચોક પુર-નાર્ને મુદત તો વધારે રહેવાની. ને તે મુદત પૂરી થયે મોક્ષરૂપી નાણું પ્રાપ્ત થવાનું. તે મુદત કેટલી? તો કે એક પુદ્ગલ પરાવર્તની મુદત.

ભવ્યપણું જાણવાનું લક્ષણ

આ ઉપરથી શાસ્ત્રકારનું કથન ઉંડા ઉતરીને વિચારવા જેવું છે કે મોક્ષની શંકા કરે તેને મારે મોક્ષ આપવો. જૈન શાસનની સ્થિતિ વિચારો. બારીક દૃષ્ટિથી જ્યારે વિચારશો ત્યારે જ તમને તે માલુમ પડશે. અન્યથા નહિ. શાસ્ત્રકાર કહે છે કે: **अभव्यस्य भव्य-त्वस्य शंकाभावात्** અર્થાત જે જીવ અભવ્ય હોય છે તે જીવને હું ભવ્ય છું કે અભવ્ય છું એ શંકા પણ નથી થતી. તેથી જ શાસ્ત્રમાં કહ્યું કે હું ભવ્ય છું કે અભવ્ય છું એવી શંકા થાય તે ભવ્ય છે. ભવ્ય અભવ્યની આ વાત વિચારવાથી મોક્ષની શંકા થાય તે પણ મોક્ષ માગવાળો છે એ બારીકીથી સમજવાનું છે, ને જૈન શાસન મોક્ષ આપવા બંધાએલું છે.

શ્રી સિદ્ધાચલજી તીર્થનો મહિમા

પ્રશ્ન:– સિદ્ધાચલને દેખે તે ભવ્ય હોય?

ઉત્તર:– જેને સિદ્ધાચલ તીર્થના મહિમા પ્રત્યે બહુમાન છે તેને તે ખટકતો નથી. મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશાં તીર્થંકર હોય તે કેમ ખટકતું નથી? તો કહો કે શાસ્ત્રકારે જે કહ્યું તે આપણે કહ્યું છે. ક્ષેત્રના મહિમાએ બાહુપણું મલે તેમાં વધારે શું? જે સિદ્ધાચલ-તીર્થ કેવળ જ્ઞાન પામેલા ભાવ તીર્થંકરથી વધારે મહિમાવાળું છે એમ ઋષભદેવજી ભગ-વાન પોતે ભાવતીર્થંકર કેવળીપણામાં ફરમાવે છે કે "આ ક્ષેત્ર અધિક છે." બન્યું એવું કે ભગવાન ઋષભદેવજી સિદ્ધાચલજી ઉપર સમવસર્યા. તેઓ વિહાર કરે છે એટલે પુંડરિક સ્વામી પણ વિહાર કરવા લાગ્યા ત્યારે ઋષભદેવજી ભગવાન કહે છે કે હે પુંડરિક! તું વિહાર ન કર. અહીં આ ક્ષેત્રના પ્રભાવે પરિવારવાળા એવા તમને કેવળ જ્ઞાન થશે. જ્યારે ઋષભદેવ ભગવાન પોતે એમ કહે છે કે આ જગ્યાએ ક્ષેત્રના પ્રભાવે તને અને તારા પરિવારને કેવળ જ્ઞાન થશે ત્યાં ક્ષેત્રનો મહિમા માનતા આંચકો લાગે? સિદ્ધાચલ ઉપર

ક્ષેત્રનો મહિમા છે. મૂર્તિનો તેટલો મહિમા નથી. અઢીદ્વીપમાં એક એક કાંકરે અનંતા સિદ્ધો થયા છે, તો સિદ્ધાચલમાં શું વધારે સિધ્યા છે? પણ જે અપેક્ષાએ અઢીદ્વીપમાં કાંકરે કાંકરે અનંતા સિધ્યા તે કરતાં પણ અહીં અનંતગુણા સિદ્ધિ પામ્યા છે. વીશતીર્થંકરો સમેત શિખરજી ઉપર મોક્ષે ગયા. અષ્ટાપદ પર્વત ઉપર એક તીર્થંકર મોક્ષે ગયા. પણ સિદ્ધાચલ ઉપર કોઈ તીર્થંકર ભુજાબલે તો મોક્ષે ગયા નથી તો પછી તીર્થંકરો મોક્ષે ગયા એ સ્થાન સર્વોત્તમ માનવું કે, તીર્થંકરો મોક્ષે નથી ગયા એ સ્થાન સર્વોત્તમ માનવું ? બીજા તીર્થો ઉપર તીર્થંકરો મોક્ષે ગયા તે ભૂજાબળથી મોક્ષે ગયા. પણ સિદ્ધાચલ ઉપર જે મોક્ષે ગયા તે ક્ષેત્રબળે મોક્ષે ગયા. ભૂજાબળે ગયા તે સ્થાન તીર્થ તરિકે આદરવાલાયક છે પણ આપણા આત્માને ક્ષેત્ર બળવાળું સ્થાન વધારે આલંબન ભૂત છે. ઋષભદેવજી ભગવાન પુંડરિક સ્વામીને પોતાની પાસેથી છૂટા પાડી, સિદ્ધાચલજીમાં રોકે છે. કારણ ક્ષેત્ર મહાપ્રભાવવાળું છે ને ત્યાં તેમનું કલ્યાણ ભગવાને દેખેલું છે, તેથી તો પછી આવા પ્રભાવવાળું સિદ્ધાચલ જેવું તીર્થ દેખે તે ભવ્ય કહેવાય તેમાં ખોટું શું છે? મોક્ષ મળે એવી ઈચ્છાવાલાને જ્યારે એક પુદ્ગલ પરાવર્તમાં મોક્ષ આપે. તે વાત તો ઠીક પણ 'મોક્ષ મળશે કે નહિ?' એવી શંકા થાય તેને પણ મોક્ષ આપવા જૈન શાસન બંધાયું છે.

પ્રશ્ન:– શંકા થાય તેટલા માત્રમાં મોક્ષ આપવા કેમ બંધાયા?

ઉત્તર:– અભવ્યજીવને હું ભવ્ય છું કે અભવ્ય છું એવી શંકા પણ ન થાય. માટે શંકા થાય તે ભવ્ય. વહેલો મોડો તે મોક્ષનો અધિકારી છે. તેથી તેને મોક્ષ કોઈક સ્થિતિ પક્વકાળે પણ મલશે તેમ જાણવું. તમને કદાચ એવી શંકા થશે કે– મોક્ષની શંકા, એ શું મોક્ષનું જાણપણું અને મોક્ષની માન્યતા થવાવાલી ચીજ છે? તેના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે હા, શંકા થવી તે પણ તે વસ્તુને આપવાવાલી ચીજ છે. દૃષ્ટાંત તરીકે સાપ છે કે? આવી શંકા કોને થાય? સાપ એ વસ્તુ જગતમાં છે એમ જાણતા– માનતા હો તો સાપ છે કે નહિ? એવી શંકા ઉદ્ભવે. નાના બાળકને સાપની શંકા થાય? કહો કે નહિ, કેમકે તેને તે વસ્તુનું જાણપણું નથી. માટે જે મનુષ્ય જે પદાર્થ જાણે-પછી માને, પછી ઈષ્ટ અનિષ્ટ બેમાંથી એક કોટિમાં નાખે, સાપની શંકા થાય ત્યારે મોટા માણસને પરસેવો છૂટે છે. તેવી રીતે જે વસ્તુને જાણે, માને અને ઈષ્ટ ગણે તો તેની શંકામાં કાળજું ફૂલી જાય. બીજું દૃષ્ટાંત એ છે કે જંગલ ગયા હો, પહાડ હોય, તેમાંથી હીરા માણેક નીકળતા હોય, તેમાં વળી ચાંદની રાત હોય ને લાલ અકીક પત્થર ઉપર ચંદ્રનું અજવાળું પડતું હોય, ચકમક થાય તે વખત માણેક લેવા માટે ફૂલી જાય ત્યાં માણેક મળવાને અંગે શંકા થાય છે, તેથી ઈષ્ટ વસ્તુ જાણી હોય તો તેને અંગે શંકા થના આનંદથી ફૂલી જવાય. તેવી રીતે અહીં પણ ભવ્યપણું ને અભવ્યપણું એ બે

વસ્તુ જાણી હોય તેને જ હું ભવ્ય છું કે અભવ્ય એવી શંકા થાય. પણ જાણ્યા છતાં માનવું નહીં. જેમ મૃગતૃષ્ણાનું પાણી જાણ્યું પણ માન્યું નથી, તો તેની શંકાને અવકાશ નથી. માટે શંકા ક્યારે થાય કે પ્રથમ જાણે, પછી માને; માન્યા પછી ઇષ્ટ અનિષ્ટ ગણાય. તેમ મોક્ષ જાણ્યો ત્યારે ભવ્યાભવ્યપણું જાણ્યું, ત્યાર પછી જ તેની માન્યતા થઈ ને તે વખતે અભવ્યપણાને અનિષ્ટ ગણ્યું ને ભવ્યપણાને ઇષ્ટ ગણ્યું. અને તેથી જ શંકા થઈ કે હું અભવ્ય તો નહિ હોઉં? જ્યારે એવી શંકા થાય ત્યારે શાસ્ત્રકાર તેને જરૂર ભવ્ય કહે છે.

મનથી સોનીના ચોક પૂરે તેને મોતી દેવા પણ મોતીની શંકા કરે તેને પણ મોતી દેવા. એ તો મોક્ષનો મહિમા વધારવો એટલું જ કે બીજું કાંઈ? શંકામાત્રથી મળી જાય તો પછી બીજું જોઈએ શું? પણ 'વો દીન કબ કે મીયા કે પેરમેં જુતીયાં' તે કહેવત પ્રમાણે વિચારો કે ચોવીશ કલાક વિષયોમાં લીન હોય ત્યાં એ તરફ ધ્યાન જાય ક્યારે? તેવે ટાઈમે મોક્ષનો વિચાર ને ઇષ્ટ મેળવવાની ઇચ્છા અર્થાત તેની શંકા પણ થાય ક્યાંથી? આ જીવ સંસારમાં કાંઈક વધ્યો હોય તો અનુક્રમે અમુક અમુક મેળવવાની ઇચ્છા થાય છે. પ્રથમ સાંસારિક સુખની ઇચ્છા. પછી તે મેળવવાની ઇચ્છા. ત્રીજી વળી આબરૂ માટે. ખાવાપીવા માટે વળી પૂજા કરે તો આવતા ભવે દેવલોક મળે તે માટે. વળી રાજા મહારાજા થવા માટે ધર્મકરણી કરનારો હોય તેને તેની ઇચ્છા થાય?

નમો અરિહંતાણં પદ ક્યારે બોલી શકે?

આ જીવ ભગવાનના કિલ્લા પાસે આવ્યો છે એમ જાણો. નહિતર વીતરાગ કથિત ધર્મકરણી પામે નહિ. ચાહે અભવ્ય મિથ્યાદૃષ્ટિ દેવલોકની ઇચ્છાએ અથવા રાજા મહારાજા થવાની ઇચ્છાએ દ્રવ્યથી ધર્મકરણી કરે તેને મોહનીયની ૭૦ કોડાકોડીમાંથી ૬૯ કોડાકોડી ખપી ગયેલી હોય. મોહનીયની સીત્તેર કોડાકોડીમાંથી ૬૯ કોડાકોડી ગળેલી ન હોય ત્યાં સુધી ધર્મના કિલ્લા પાસે જીવ ન હોય. અભવ્ય દેવલોકની ઇચ્છાએ ચારિત્ર લે છે. ને ઓગણોતેર કોડાકોડિ ખપાવ્યા વગર 'નમો અરિહંતાણં' પદ પણ બોલતો નથી. જો કે તે અભવ્યને મોક્ષની ઇચ્છા નથી પણ દેવલોકની ઇચ્છાના કારણે પણ ઓગણોતેર કોડાકોડિ કર્મસ્થિતિ તોડ્યા વગર 'નમો અરિહંતાણં' બોલનારો થતો નથી. અર્થાત તેટલી સ્થિતિ ખપાવે ત્યારે જ દેવલોક પણ મળે છે. કદાચ તમે એમ કહેશો કે અભવ્યને ભાવના તો છે નહિ, માત્ર ક્રિયા જ છે. તો તેના ઉત્તરમાં સમજો કે એક જાનવર જેમ ગાય શુકનમાં આવે છે. તો ગાયને શુકન દેવાની ભાવના ક્યાં છે? તેવી જ રીતે બીલાડીને અપશુકન કરવાની ઇચ્છા હોતી નથી. તેમાં ગાય સામે આવે ત્યારે ઉલ્લાસ થાય છે. ને ગાયનું સ્વાભાવિક રીતિએ ગમન વખતે આવવું. તે એકને ચોક્કો મેળવી દે છે. એકને હેનનો શબ્દ કરે છે. તો અહીં ભગવાન તીર્થંકરના શરણે આત્મકલ્યાણની ઇચ્છાએ અમર

દીક્ષા લીધી ને કર્યું. હજાર કન્યા સાથે દિક્ષિત થએલી, પ્રિયદર્શના, ૫૦૦ કુમાર સાથે દિક્ષિત થએલ જમાલિની છાયા કેટલી પડી હશે?

રૂના ધોકડા તોલવાના કાંટાથી મોતી ન તોલાય.

છતાં એક જ વચનની ખાતર શાસન બહાર. સ્થૂળ દૃષ્ટિથી તપાસે તો લોકોને જમાલિનું વચન ખરું લાગે. કરવા માંડયું તેમાં તો વિકલ્પ–પુરું થાય કે ન પણ થાય. એને જમાલિનું વચન વાંધા વગરનું લાગે. ને ભગવાનનું વચન ઉપલક દૃષ્ટિથી ખોટું લાગે. વિચારો કે અહીંથી મુંબાઈ ગયા. વચમાં ગોટાળો છે. વચમાં સુરત પણ ઉતરી પડે પણ મુંબાઈ પહોંચ્યો ને કાગળ આવ્યો તેમાં ગોટાળો નથી. તેમ કરતાં કર્યું કહેવું. તેમાં ગોટાળો છે ને કર્યા પછી કર્યું કહેવું તેમાં ગોટાળો નથી. એ અપેક્ષાએ જમાલિનું વચન ટંકશાળી ને ભગવાનનું વચન ગોટાળાવાળું લાગે છે. આ બધું વ્યવહારિક દૃષ્ટિએ તપાસે તો લાગે. પણ ધોકડા તોળવાના કાંટાએ મોતી તોળવા જાય તો શું થાય? તેમ આપણે દુનિયાની સ્થૂળ બુદ્ધિ લઈને જ્ઞાનીના વચન તપાસીએ તો ધોકડા તોળવાના કાંટે મોતી તોળીયે છીએ.

આ સ્થળે વિચાર કરો. કરવા માંડયું ત્યારે થયું નથી, તો પણ આત્માના પરિણામ સુંદર થયા. હવે બગડવા માંડયા. પૂરા બગડયા નથી. આ વખતે પાપ બાંધ્યું તે વખતે પરિણામ બગડયા છે. બગડયામાંથી સુધરવા માંડયા તે વખતે સુધરવા માંડયા. હવે જમાલિના મતે વિચારીએ તો પરિણામ બગડવા માંડયા તે વખતે નિર્જરા થવી જોઈએ. બગડેલા વખતે નિર્જરા થવી જોઈએ. પૂરા બગડી જાય ત્યારે બગડયા કહો. એને નિર્મલ પરિણામ વખતે નિર્જરા માનવી, મલિન પરિણામ વખતે બંધ માનવો મુશ્કેલ પડે, એટલું જ નહિ, એક સમયમાં બે ભાગ ન માનો તો कडे कडे શી રીતે કહેવાય? कडेमाणे कडे માની શકાય. સમય જેવા બારીક કાલની અપેક્ષાએ સમયનો વિભાગ લઈએ તો કરવા માંડીએ તેજ સમયે કર્યું ગણાય. નિર્જરાના/પરિણામ થવા માંડયા કે સંવર થવા લાગે. કર્મ બંધ થવા માંડે કે બંધ થયો. આ ઉપરથી મહાવીર મહારાજના મુદ્દાએ રોકડિયો વેપાર, જે સમયે જેવા પરિણામ તે સમયે તેવો જ બંધ કે નિર્જરા થાય.

जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण ।
सो तम्मि तम्मि समये सुहासुहं बंधए कम्मं ॥ २४ ॥

ઉપદેશમાળામાં ધર્મદાસ ગણિનું આ વચન છે. જે જીવ જે સમયમાં, જે ભાવમાં પ્રવેશ કરે તે જીવ તે સમયમાં શુભ કે અશુભ કર્મ બાંધે. શુભ બંધમાંથી અશુભબંધમાં આવો તો શુભ બંધમાંથી અશુભ બંધમાં આવો તો તેવો તેવો બંધ તે સમયે પડે. અહીં ઉધારિયો વેપાર નથી. રોકડિયો વેપાર છે.

ઝવેરાતના કાંટે ઝવેરાત તોળો, ધોકડાના કાંટે ઝવેરાત ન તોળો. માટે જમાલિના મતે ઉથાપિયા ખાતું છે. બેટા વડા થાવ, પરણાવીશું, અહીં તેમ નથી. અહીં તો તરત દાન મળ્યું પુણ્ય : જે સમયે જેવા પરિણામ તેજ સમયે તેવો બંધ ને નિર્જરા... સમય માત્રનો વેપાર રોકડિયો ગણવાવાળાને તો પૂજા કરતાં અસંખ્યાત સમય થયા તેમાં શુભ બાંધ્યા હતા તો મારી કરણીમાં ધૂળ પડી ને પૂજા ઉપર પાણી ફેરવ્યું. એમ માનવું તે શી રીતે? પખાલ અંગલૂહણાં વખતે નિર્જરા ગણતો નથી. પખાલ અંગલૂહણાં વખતે નિર્જરા ન માનતો હોય તો પૂજા કરી તેમાં ધૂળ શી રીતે કરી? ધૂળ આવી ક્યાંથી? પેટ જ ફાટેલું છે. ફાટેલા પેટમાં, ખાધેલામાં પણ ધૂળ આવે, તેમ અહીં જે નિર્જરા, પુન્યબંધ પખાલ કરીને તેં મેળવ્યો તેમાં ધૂળ ક્યાંથી મળી?

સર્વ તીર્થંકરો સમાન છતાં મૂળ નાયક કેમ ?

બીજી બાજુ વિચાર કરવામાં આવે તો આ ભગવાન તો ચોવીશે સરખા છે તેમાં વળી મૂળનાયક કયા? એ સમજો. ચોવીશ તીર્થંકરો સરખા છે. તેમાં ફેરફાર નહિ. કોઈ દેરાસરમાં આદીશ્વર મૂળનાયક તો કોઈ જગ્યાએ પાર્શ્વનાથ ભગવાન મૂળનાયક, તો આવી રીત શા કારણે? તેનો મુદ્દો પણ વિચારવા જેવો છે. ને જરા ઉંડી દૃષ્ટિથી વિચારો તો સમજાઈ જશે. ચોવીશ ભગવાન એક સરખા છતાં મૂળનાયક વિગેરે કહીએ છીએ તો ચોવીશ ભગવાનમાં નાયક કે સેવકપણું નથી. તે તો આપણી કલ્પનાનું છે. ૨૪ સરખા છે તો એક નાયક ને બીજા અસરખા, આ શા માટે? જે કોઈ ભવ્ય જીવ દેરાસરમાં પેસે, પહેલવહેલા એ ભગવાનનાં દર્શન થાય, પ્રથમ જે ભગવાનનાં દર્શન થાય તેને મૂળ નાયક કહીએ ને તેથી પહેલાં નંબરનો આંગી પૂજાનો સામાન ત્યાં ચડાવીએ. ભવ્યના ઉલ્લાસને અંગે સરખા પૂજ્યો હોવા છતાં પહેલા મૂળનાયકને પૂજ્ય ગણ્યા. મૂળ નાયક શાને અંગે કલ્પ્યા? તો કે ભવ્યના ભાવોલ્લાસને અંગે. આ સ્થિતિને અંગે અમુક માણસ આગળી વચમાં પૂજા કરી ગયો. તેના ભાવોલ્લાસમાં ભડકો ક્યાં મૂક્યો? ભવ્યના ભાવોલ્લાસને અંગે નાયકપણું કલ્પ્યું. ચોવીશમાં સરખી સામગ્રી ન વહેંચતાં ભવ્યના ભાવોલ્લાસમાં બીજા પૂજા કરી જાય તેમાં પાણી ફેરવ્યું, ધૂળ મેળવ્યું, આ શી રીતે કહો છો? વર ભાડામાં પડી જાય, જાન ચાલી છે. પણ વર વગરની જાન છે તેમ ન હોય તો આ માણસ આ [illegible] વધારે કેમ [illegible]? એ વિચાર કેમ ન આવે. પૂજારી [illegible] ફૂલ ચડાવો ને તમે ફૂલ ચડાવ્યા. તેમાં તમને ભાવોલ્લાસ થયો તેમ બીજાની પાસે પૂજા કરાવે તેમાં પણ ભાવોલ્લાસ રહેવો જોઈએ. પણ પેલો મારા ભાગમાં વચમાં કેમ આવે? એવા શુદ્ર વિચાર સ્વરૂપ-જ્ઞાનાને ન હોય. જરાક તૈયાર હોય ત્યાં આનંદ [illegible] ન આવે. તે તો વર જે ખાડામાં પડી ગયો હોય તેને અંગે વિખવાદ આવશે. તેમ ભાવોલ્લાસ વખતે બીજા વિચારો નહીં થવા જોઈએ. તેવે ટાઈમે કર્મના ક્ષયોપશમની દૃષ્ટિ [illegible]

ને તીર્થંકર ભગવાનની પૂજાથી કર્મની નિર્જરાની દૃષ્ટિ ક્યાં ગઈ? તેમ પૂજા માટે જેમ તેમ બધા ધર્મકાર્યમાં સમજી લેવું જોઈએ.

નિર્ધન નિંદામાં, ધનવાન ગર્વમાં નબળો પડે.

ચૈત્યવંદનમાં સામાયિકમાં કે પ્રતિક્રમણમાં થોય કે વંદિત્તાનો આદેશ ન મળે તો? મળ્યો તો કેવું ફક્કડ બોલ્યો, ન મળ્યામાં ને મળ્યામાં બંનેમાં કુટાઓ છો. લૂંટાઓ છો. અકર્મીના પડિયા કાંણા. આદેશ મળ્યો તો અભિમાનમાં ને ન મળ્યો તો કલેશમાં. એવે વખતે રક્ષણ શી રીતે? એક જ વસ્તુ છે. વર ખાડામાં પડી ગયો છે. જો નિર્જરાની આત્મ કલ્યાણની દૃષ્ટિ હોય તો તો બધે સીધું છે. તમે પૂજા કરી તોયે ઉલ્લાસ ને બીજાએ પૂજા કરી તોયે ઉલ્લાસ. પણ તે ક્યારે? નિશાન હોય તો. આપણે તો નિશાન ચૂકીએ છીએ. નિર્ધન માણસ હોય. જીર્ણોદ્ધાર ન કરી શકે. મૂર્તિ ન ભરાવી શકે. તેવાને અનુમોદનાથી લાભ લેવાનો રહે. કરનારની નિંદા કરે તો નિર્ધન નિંદામાં નબળો પડે ને ધનવાળો ગર્વમાં નબળો પડે. દશા કઈ જગો પર સુધરે! સાધ્ય વગર આ જીવ ભૂલી જાય છે. એટલે એજ કે અકર્મિના પડિયા કાંણા.

વ્યવહાર અને આચારની દરકારી અને પરિણતિની બેદરકારી

તત્વ એ છે કે દેનાર મુશ્કેલ ને કદાચ દાતારનો જોગ મળ્યો ને દેનાર પાસે વસ્તુ હાજર છે. એ વખતે પડિયો કાંણો નિકળે તો શું? તેમ મનુષ્યક્ષેત્ર આર્યકુળ, શરીરાદિ બધું મલી ગયું છે. નિર્જરા કરવાના કારણો બધા મલ્યા છે. સંજોગ બધા મલી ગયા છે. આવી જગા પર જો તારું જાય તો પછી અકર્મિના પડિયા કાંણા. ત્રિલોકના નાથનો જોગ મલ્યો. તું પણ તેની પાસે આવી ચડયો એવા વખતે ક્રોધના કાંણા પાડે છે. માનથી મરડી નાખે છે પણ અકર્મી હાથે પડિયો કાંણો નહિ કરે. તેના નસીબે કાંણો આવે તે વાત જુદી. માણસ પોતે કાણું ન પાડે. એવા આપણે અકર્મી છીએ. આપણા ભિક્ષાના ભાજનમાં હાથે કરી કાણાં પાડીએ છીએ. કારણ એક જ, ધર્મ કરનારાઓને પણ વર વગરની જાન જેવું થયું છે. વર ખાડામાં પડયો છે તેની કોઈને દરકાર નથી. તેમ અહીં પરિણામની કોઈને દરકાર નથી. આપણે ખરેખર વિચારીએ તો માલુમ પડશે કે ક્રિયા વ્યવહાર ને આચારની દરકાર રાખી રહ્યા છીએ. પણ વર તરિકે આત્માની પરિણતિની દરકાર નથી. એકલા વરને તપાસનારા ને જાનને નહિ તપાસનારા કન્યા વગર પાછા ફરશે. અહીં વ્યવહારની જરૂર જ છે.

શાસનમાં એકલા પરિણામ પણ નકામા, તેની સાથે વ્યવહારની આવશ્યકતા

એકલા પરિણામ. શાસનમાં ઊભા રહેવા લાયક નથી. ભરત મહારાજા સરખા ઋષભદેવ ભગવાનના પુત્ર ચક્રવર્તી ને ઇંદ્રના ગોઠિયા, કેમ કે ઇંદ્રને તથા ભરત મહારાજાને

પૂ. ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક

આચાર્યશ્રીઆનન્દસાગર સૂરીશ્વરજી મ.



જન્મ	દીક્ષા	પંન્યાસ પદ	આચાર્ય પદ
૧૯૩૧	૧૯૪૭	૧૯૬૦	૧૯૭૪
અષાડ વદ ૦))	મહા સુદ ૫	જેઠ સુદ ૧૦	વૈશાખ સુદ ૧૦
કપડવંજ	લીંબડી	અમદાવાદ	સુરત

સ્વર્ગવાસ ૨૦૦૬ વૈશાખ વદ ૫ સુરત.

દાકતર છીએ. ધર્મની દવા લેવી હોય તેણે અહીં આવવું એનોજ આ શાસનમાં ધર્મદાનનો અધિકાર. જે વખતે આચાર્ય અને ગુરૂએ ચારિત્ર આપ્યું છે તે વખતે કહ્યું છે કે આપ્યું છે તે બરોબર સાચવી રાખજે. બીજાને પણ આપજે, મોટા ગુણોએ વધજે. શાસનમાં આપતી વખતે ગુરુએ આવો કરાર કર્યો છે. જેથી અહીં જણાવે છે કે ધર્મના સ્પેશીયા-લીસ્ટ માટે ધર્મ સિવાય બીજી બાબત જોઈતી હોય તો અહીં આવશો નહિ. દાકતરને ત્યાં જઈ કાયદા પૂછો તો શું કહે? તેમ વકીલને ત્યાં જઈ તાવની દવા માંગો તો શું કહે, ભણ્યા છો કે નહિ? બહાર બોર્ડ દેખ્યું હતું કે નહિ? અહીં આ વેષ, આ બોર્ડ ધર્મ. ધર્મ એજ સાધુનું બોર્ડ. જે કોઈને ધર્મ સંબંધી જાણવું હોય ધર્મ વધારવો હોય, તેને અહીં આવવાનું નિમંત્રણ છે. તે સિવાય અર્થના પ્રશ્નો કામના પ્રશ્નો અહીં કાઢે તે બોર્ડને ન વાંચનાર સરખો મૂર્ખ છે. સનંદ મળે ત્યારે જ બોર્ડ ચડાવાય. આમને આ વેષ રૂપી સનંદ આપેલી છે. આ વાત લક્ષ્યમાં આવશે ત્યારે **स्वयं परिहारः** એટલે કે દેશના દેવાવાળાએ પોતે પાપનો પરિહાર કરેલો હોવો જોઈએ, નહિતર નાટકિયો છે. નાટકિયો અને ધર્મગુરુમાં ફરક એટલો જ કે નાટકિયો ત્યાગધર્મની વાતો શાંતિની વાતો લહેકાવી કરે છે. તે તેમને રોવડાવે તેવી વાતો કરે છે, પણ ગુરુમાં ફરક છે. નાટકિયા પોતે ધર્મ કે ત્યાગ કરતા નથી માત્ર બીજાને કહે છે, ત્યારે ગુરુ પોતે ત્યાગના કરનારા **धम्मो जिणपण्णत्तो पकप्पजइणा कहेयव्वो।** એટલે ધર્મ આચરનાર ધર્મ કહી શકે છે. એ ધર્મને જિનેશ્વરે કહેલો છે. જેમ શહેનશાહી ઢંઢેરો દરેક પેપરમાં આવે છતાં શહેરની સત્તા થાય ત્યારે એ ઢંઢેરો શેરીફને વાંચવાનો હક્ક. જિનેશ્વર મહારાજનો ઢંઢેરો જગતમાં જાહેર, સર્વને માનવાની છૂટ પણ નિરૂપણ કરવાવાળા શેરિફ જોઈએ. શેરિફ અક્કલવાળો તે સાથે ખજાનાવાલો જોઈએ. એકલી અક્કલ કે ખજાના પર શેરિફ પણું હોતું નથી, તેમ અહીં ત્યાગ ને જ્ઞાન બંન્ને જોઈએ. ત્યાગ અને જ્ઞાન બન્ને વાળો ઝબ્બાને ધરાવનારો, નિશીથ સૂત્ર જાણકાર સાધુ જોઈએ. તે અપેક્ષાએ ધર્મઘોષસૂરિ જણાવે છે કે મારી પાસે ધર્મ સિવાય બીજી ચીજ દેવાની નથી. તમે બધી જોગવાઈ પામ્યા છો. તમે લાયક આદમી છો. તમને આ ધર્મ આપું છું. પોતે આપે છે એ ધર્મ આપવાની પોતાની લાયકાતે લેનારની પણ લાયકાત જોઈએ. આ કારણસર ધર્મ ઉત્કૃષ્ટ મંગલ કહ્યું છે.

卐

પ્રવચન ૩જું

સં. ૧૯૯૦ના અસાડ સુદી ૧૦ મહેસાણા

મહાપુરૂષોનાં ચારિત્રોનાં સ્મરણ એ નિત્ય કરણી

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન ત્રિષષ્ટીશલાકા પુરુષ ચરિત્ર રચના મહાત્માઓના ગુણોનું કીર્તન એ કલ્યાણ અને મોક્ષનું ધામ છે. તે માટે આદીશ્વર ભગવાનનું ચરિત્ર રચવામાં આવ્યું છે. કથાનુયોગમાં કથા એટલે કાંઈ નહિ તેમ કહેનારા ભૂલ કરે છે. દેશનો ઈતિહાસ યુવકો માટે લોહિ તપાવનાર તથા તેજ રાખનાર છે. તેમ ધાર્મિક પુરુષોનો ઈતિહાસ ધાર્મિક યુવકને તેજ કરનાર છે. જોકે દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ તથા ચરણકરણાનુયોગ સામાન્ય છે છતાં જેનો ઈતિહાસ જેવો તેજ હોય, શૌર્ય ભરેલો હોય તે વંશવાળા, દેશવાળા પોતાના લોહિને સતેજ રાખી શકે છે. જે ધર્મ માર્ગે ચઢેલા હોય તે દ્રવ્યાનુયોગ જાણવાવાળા હોય, તેમ ધર્મ-કથાનુયોગમાં ચારિત્રની પ્રાપ્તિ વિગેરે સર્વ હકીકતો હોય છે. જે દેશનો ઈતિહાસ ઉજ્જ્વળ હોય તે દેશના યુવકો કેવા ઉજ્જ્વળ હોય છે તે વિચારો. તેમ જે ધર્મ-શાસ્ત્રમાં કથા ઉજ્જ્વળ હોય, કથાના નાયક શૌર્ય દેખાડનાર હોય, આત્મા ઉજ્જ્વળ કરનાર હોય તો તે સાંભળનારા પોતાના આત્માને ઉજ્વળ કરી શકે છે. હરિભદ્રસૂરિજીએ જણાવ્યું કે સ્વાધ્યાય-અર્થ ચિંતવન કર્યા પછી મહાપુરુષોનાં ચરિત્રો યાદ કરવા. આ નિત્ય કરણી બતાવી. મહાપુરુષનાં ચરિત્રને યાદ કરવા તે સાધુની નિત્યકરણી. તો પછી સામાન્ય વર્ગને માટે તે નિત્ય કરણી હોય તેમાં તો નવાઈ જ શું? તમારે પ્રતિક્રમણમાં સવારે ભરહેસર બાહુબલી સજ્ઝાય રાખેલી છે. તે મહાપુરુષનાં ચરિત્રો ખ્યાલ લાવવા માટે. શાહુકારીને દરેક સારી ગણનારા હોય, છતાં કોઈક પોતાની પાસે મિલકત રાખી બાકીનું ફેરવી નાખ્યું હોય તે શાહુકારીને સારી ગણનાર કઈ સ્થિતિમાં જાય? કોઈક મિલકત ખાનગી રાખી બાકીનું ફેરવ્યું હોય તેવા બે પાંચ બની ગયા હોય તેના દૃષ્ટાંત [illegible] તો તેની દશા કઈ થાય? એ જમાનો ઘરને પોતાના બાપદાદાના [illegible] ફિકરનાં ફાકડાં વેચી, દેવું આપ્યું હોય તે વિચારવામાં આવે તો શું થાય?

પરિણામ ટકાવવા માટે ઉત્તમ આલંબન જરૂરી

સિદ્ધિગતના આલંબન ગ્રહણવાળા [illegible] હોય છે. [illegible] હોય તેજ મનુષ્ય સિદ્ધિ સાધુના [illegible] આલંબનથી લાવે, પણ [illegible] હોય તે તો [illegible] પરિણામ તથા [illegible] માન ન થયા તેવાનો દૃષ્ટાંત આગમમાં [illegible]

મેળવવું તે તીવ્ર સંક્લેશવાળાના દૃષ્ટાંતને આભારી છે. શ્રેણિકમાં ઓગણ-મંદતા નથી દુર્ગતિગામી થવું તે ક્લિષ્ટ આલંબનને લઈ છે. શાહુકારનું ધ્યાન શાહુકારીમાં આપવું જોઈએ. સારા માણસને કહીએ કે તને આ શોભતું નથી. દેવાળીયાનું ઓઢું લેવાનું તને શોભતું નથી. પતિતોનું દૃષ્ટાંત દેવું કેમ શોભશે? નાના છોકરા ઉંચી દૃષ્ટિએ ઉતરે છે. છતાં નાના છોકરાની નીચી દૃષ્ટિએ ન ઉતરે તો પગથીઆ પકડી ઉંચે મોંએ ઉતરવાનું બને. પણ નાના કે મોટામાં નીચે મોઢું રાખી ચઢાતું નથી. ઉગ્ર આલંબન લે તો પરિણામ ચઢે, નીચું આલંબન લે તો પરિણામ ઉતરે.

ગોર અને કાટપીટિયાનાં કાર્યો

જો તમારા આત્માને ચઢાવવા માગતા હો તો પહેલાનાં, વર્તમાનનાં ઉત્તમ પુરુષોના દૃષ્ટાંતો ગોખી રાખો. ગોર બનો પણ કાટપીટીયા ન બનો. ગોરને ત્યાં જન્માની તથા લગનની 'નોંધ' મળે ને કાટપિટિયાને ત્યાં મડદાંની નોંધ મળે. આજકાલ બે વર્ગ છે. એક ગોર તરીકે કામ કરે છે. ને એક કાટપિટિયા તરીકે કામ કરે છે. ઓચ્છવ ઉજમણા દિક્ષા પદવીઓ વિગેરેની નોંધ એક વર્ગ રાખે છે, જ્યારે બીજો વર્ગ ઝઘડાની તથા પતિતોની નોંધ રાખે છે. ઉજમણા વિગેરેના ઝઘડા થયા હોય તેની નોંધ રાખે છે. કેટલાક ગોર તરીકે કામ કરી ઉન્નત્તિના કાર્યો કરી તેની નોંધ રાખે છે. એમ ગોરને ઘેર આનંદ શામાં? કોઈને ત્યાં જન્મ થાય કે લગન થાય તેમાં, ને કાટપિટિયાને આનંદ શેમાં? કોઈને ઘેર મરણ થયું હોય તેમાં, તેમ ઉત્તમ પુરુષને આનંદ શેમાં? કોઈ માર્ગમાં વધે, ચડે, આત્માનું કલ્યાણ કરે તેમાં ને નીચ પુરુષોને આનંદ શેમાં? તો કે પતિતોની નોંધમાં, ઝઘડામાં. વરઘોડા આદિની નોંધ સાચી ખોટી આપવી, ખોટી જાહેરખબરો આપવી, તેમાં એ બધા કાટપિટિયાનો ધંધો કરનાર બરાબર સમજવા. શાસનમાં ગોર તરીકે શાસન પક્ષ કામ કરે છે. આપણા આત્માને ગોર પક્ષમાં લઈ જવો છે કે કાટપિટિયામાં? જે જે ઉત્તમ દેશવિરતિ સમ્યક્ત્વ મહાકષ્ટથી પળાય તેવી સર્વવિરતિ લઈ તેને ટકાવી રાખે, યાવત મોક્ષ સુધી પહોંચે તેવાના આલંબન લે તે ગોર પક્ષમાં ગણાય. કેશવે રાત્રિ ભોજનનો નિયમ લઈ પાલ્યો, સહન કર્યું, ઘર છોડવું પડ્યું તો પણ મજબુત રહ્યો ને અંતે ઠળી ગયો. આ પક્ષ કાટપિટિયા પક્ષમાં ગણાય. કાટપિટિયા એ શબ્દ લખવાની જરૂર ન પડે. જે પતિતો હોય તેના આલંબન લઈએ તો કાટપિટિયો પક્ષ. ઉત્તમ પુરુષો આવા પક્ષમાં દાખલ ન થાય. ગોર પક્ષમાં દાખલ થાય. શાના આધારે? તો કે ઉત્તમ એવી ધર્મકથાઓ સાંભળે.

આદિત્યયશાની દૃઢતા

એક પૌષધ સાચવવા માટે પોતાનો જીવ કુરબાન કરવા આદિત્યયશા તૈયાર થયા. ઈંદ્રે પ્રશંસા કરી ત્યારે રંભા-ઉર્વશી આદીશ્વર ભગવાનના દેરાસરમાં સ્તુતિ કરે છે. આદિત્યયશા પૂજા કરી બહાર નીકળ્યા. તમે કુંવારી છો કે પરણેલી? તેઓ કહેવા

લાગી કે કુંવારી છીએ. મંત્રીશ્વરો માગણી કરી. અમારા રાજા સાથે પરણશો? અમારે પરણવું છે પણ વર કેવો જોઈએ છીએ? હે મંત્રિ! સાંભળો. અમારા કહ્યામાં રહે તેવો વર જોઈએ છીએ. માટે તમારો રાજા અમારા કહ્યા પ્રમાણે કરશે? રાજા કહે છે કે ઉત્તમ કુલવાળા ઉત્તમ વાણી બોલે. તો ઉત્તમ કાર્ય બાળકનું હોય કે બાપનું હોય તે માનવામાં હરકત નથી, કબુલ છે. ઋષભદેવ ભગવાનની સાક્ષીએ તમારી કબુલાત થાય છે તેને અંગે લગન કબુલ કરીએ છીએ. ઉત્તમ કુલવાળાને અંગે, રાજાને કબુલાત કર્યાને કેટલાક દહાડા થયા. ૧ દમે દહાડે બજાર ઢેલ ફરી. કાલે ચૌદશ છે. ભગવાનના શાસનમાં ધર્મ આરાધનનો પવિત્ર દિવસ છે. માટે તે દિવસે સૌ કોઈ ધર્મની આરાધના કરજો. મહારાજા આમ આગ્રા શહેરને સાવચેત કરે છે. રાણીઓ (દેવીઓ) પૂછે છે કે આ શાની ઢેલ પડે છે? ઉત્તર મળે છે કે ભગવાનનાં તીર્થમાં ચૌદશ પર્વનો દિવસ છે તે માટે તે દિવસ સર્વેએ ધર્મ આરાધનામાં કાઢવો. આત્માની પવિત્રતા કરનારો તે દિવસ જાણવો. ડુબતા માણસને સમુદ્રમાં તરવા માટે જેમ પાટિયું મળે તેમ સંસારમાં ડુબતાને આ પાટિયા સમાન છે. આનું નામ આંગળી ચીંધ્યાનું પુણ્ય. તે તેને અંગે ઢેલ ફરે છે. રાણીઓ પૂછે છે કે તમે કરવાના છો? આદિત્યયશા કહે છે કે પારકાને પાટિયું બતાવે ને પોતે ડુબતો રહે એવો કયો મૂર્ખ હોય? પાસેનું પાટિયું પોતે ડુબતો હોય તે ન લે, ને બીજાને બતાવે તે કેમ બને? તમે વચન આપ્યું છે કે તમારા કહ્યા પ્રમાણે ચાલીશું તો તમારે પોસહ ન થાય. હવે વિચારો કે આ જગોએ વચન રાખવું કે પ્રતિજ્ઞા પાળવી. સૂર્યયશાને કહેવું પડ્યું કે હું જાણતો હતો, કે તમે ઉત્તમ કુળની છો તેથી ઉત્તમના વાણી કહ્યા. તે જગો પર કોહિનૂરની જગોએ કોલસો નીકળી ગયો. એક પોસહ રોકવા માંડ્યો તેટલામાં માનિની રાણીઓને મોંઢે મોઢ કહેવામાં બાકી ન રાખી. એક વખત માની હશે કે આ શબ્દો કેમ નીકળ્યા હશે? જેને માનિની રાણીઓ તરીકે રાખે છે, એવાને ધર્મથી વિરુદ્ધ વચન કહેતી વખતે, કોહિનૂરને બદલે કોલસો નીકળ્યો તેમ કરી નાખે છે. તે કરી નાખે છે તે વખત અંતઃકરણ કઈ દશામાં હશે? પરીક્ષા કરવા આવેલી છે. તેને આગળ વધવું છે. તમે કરેલી પ્રતિજ્ઞા યાદ કરો. ત્યાં આગળ પ્રતિજ્ઞા કરી છે? તે વિચારો. દેવીઓ કહે છે કે ઋષભદેવ ભગવાનનું મંદિર તોડો તો અમારો આગ્રહ [illegible]. આ વચન જ્યાં કહે છે ત્યાં રાજા મૂર્છા પામે છે. આ વખત આદિત્યયશા [illegible] વચન સાંભળી મૂર્છા પામેલા હશે તે વખતે તેના આત્માની કઈ દશા હશે? તેના [illegible] ડીને ઉપચાર કરે છે. ભાન આવે છે. ત્યાં કહેવા લાગે છે કે અમારા કુળમાં [illegible] [illegible] માત કુળમાં આનું આવવું મહાપાપનો ઉદય. [illegible] [illegible] તેવી તમો [illegible] ક્યાંથી આવી? [illegible] તેનું [illegible] છે, માટે પ્રતિજ્ઞા [illegible] [illegible] તો નથી [illegible]

કે ભાવધર્મના લોપક થવું તે પાલવતું નથી. આ તો ચૈતાંનના ?? પણ ની નથી. એક પૌષધને અંગે આટલી દરના. ધર્મના પ્રસંગે પ્રતિજ્ઞા આ બાબતની. ધર્મ બનાવવાની ચીજ. પ્રતિજ્ઞા પાલન કરવી જોઈએ પણ ધર્મની લગીર ખરાબ નથી. આ વસ્તુ જેના હૃદયમાં રમે તેને અંતઃકરણમાં ધર્મને અંગે કેટલો ઉલ્લાસ થાય?

જે દેશનો ઇતિહાસ ઉજ્જવલ તેની કીર્તિ ઉજ્જવલ

તમારા લોહીને ધર્મમાં તેજ રાખવું હોય તો ધર્મીઓના દૃષ્ટાંતો લ્યો. અને તે ધર્મના ગોરને દૃષ્ટાંત લેવા સૂઝે. નંદિષેણ આર્દ્રકુમાર તથા સિંહ ગુફાવાસી મુનિ પતિત થયા હતા. આ બધી નોંધો ધર્મી શું કામ કરે? આમાં આત્માને કયું સન્માર્ગનું ઉત્તેજન મળ્યું. કહો કે કાટપિટિયાની નોંધ. બે નોંધ વાંચીએ, દેખીએ ખરા પણ યાદ કઈ રાખીએ. આલંબન કયું લઈએ? નીચી દૃષ્ટિએ ચડવાનું નહિ બને. ચઢવું હોય તો દૃષ્ટિ ઊંચી જોઈશે. તેમ આપણા આત્માને ઉન્નત કરવો હોય તથા શુદ્ધ માર્ગે રાખવો હોય, પરિષહ તથા ઉપસર્ગમાં આત્માને દૃઢ રાખવો હોય તો ગોરની નોંધ કે ધર્મકથાનુયોગ યાદ રાખવો પડશે. એ તમારા આત્માને ચઢાવવાની નિસરણી છે. ઈતિહાસ જેમ ઉપયોગી છે. સામાન્યથી કહેવાય છે કે જે દેશનો ઈતિહાસ ઉજળો તે દેશના લોકો ઉજ્વળ કીર્તિ મેળવી શકે. તો ઈતિહાસ શી ચીજ? મનુષ્યના વર્તનો દેશના ઉદ્ધાર માટે અગર તો રક્ષણ માટે હોવા જોઈએ. તમારે પહેલાના પુરુષોની જરૂર છે તો જેમને ધર્મની વૃદ્ધિ કરવી છે તેવાને મહાપુરુષનાં ચરિત્ર કે ઈતિહાસો હૃદયમાં આલેખવા પડે તો તેમાં નવાઈ શું છે? જો દેશને બગાડવો હોય તો ઈતિહાસ બગાડવો, અમુક પક્ષની બહાદુરી, અમુકની નિર્બળતા જણાવવી. આવી રીતે ખોટા ખોટા ઈતિહાસ લખી દેશના લોહી ઠંડા કરવામાં આવે તો આજકાલના છાપાઓ ખોટી હકીકત લખી તમારા લોહીને ઠંડું કરે તેમાં નવાઈ શી? દુનિયાદારીની અપેક્ષાએ કહું છું, ધાર્મિક દૃષ્ટિથી આ કહેતો નથી, પણ બાળીને રાખોડો કરવો જોઈએ. છોકરાના હાથ અપવિત્ર કરવા ન જોઈએ. તેવા ઈતિહાસો કે નોંધો છોકરાને ઝેરસમાન છે. વિચારો કે બચ્ચાને ઝેર કેમ અપાય? જુઠા ઈતિહાસ તેજ વાંચે કે જે પોતાના બાળકને અધમ બનાવવા માંગતા હોય. જે ઉન્નતિના અર્થિઓ છે તેઓ પતિતના ઈતિહાસને વાંચવા ઈચ્છતા નથી. સાંભળવા પણ ઈચ્છા કરતા નથી. એક વખત સાચી બનેલી વાત વિકૃત કરી ખોટા રૂપમાં ચીતરી હોય, વિપરીત કરીને જે વિખેરવી એ કામ કોનું? અને વાંચવાનું કોણે? સાચા મરણની નોંધ પણ કાટપિટિયાને ત્યાં હોય. પણ જેને વિવાહ લગ્ન કરવા હોય તે તો ગોરને ત્યાં જન્મપત્રી જોવા જાય. એવી જ રીતે જેણે આત્માની ઉન્નતિ કરવી હોય તેણે ઉંચા દાખલા લેવા જોઈએ. આવળું સમજાવવાની નોંધ ક્યાં હોય? સવળાની નોંધ—સારું જાણ્યા છતાં આત્મામાં ટકતું નથી. ટુંકી વાત એટલી જ લેવાની કે પતિતના દૃષ્ટાંતો લેવાથી કઈ દશામાં આવવાનું થાય. અને

ચક્રના દૃષ્ટાંતો લેવાથી આત્માની કેવી ઉચ્ચ દશા પ્રાપ્ત થાય છે તેજ અત્રે વિચારવા જેવું છે.

મેવાડને અંગે પ્રતાપસિંહ રાણાનો ઇતિહાસ ચીતરાયો, અમરસીંગનો કેમ ન ચીતર્યો? કહો કે મેવાડનું જેણે લૂણ ખાધું છે; નિર્વાહ ગણ્યો છે, વળી જેણે મેવાડની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ ગણી છે તે પ્રતાપસિંહનો દાખલો લેશે. તેવી જ રીતે ઉદાયનના દાખલા જ ધર્મીઓ ધ્યાનમાં લે. ઇતિહાસ શબ્દથી ધર્મકથાનુયોગ. ધર્મિઓનો ઇતિહાસ ઝાંખો પડે નબળો પડે તો ધર્મિઓ નબળા પડે, ઝાંખા પડે, ધર્મીઓનું શૌર્ય ઉજ્વળપણું ને ધર્મકથાની ઉજ્વળતા અને શૌર્યના ઉપર છે. એટલા માટે મહાપુરુષોનું ગુણકીર્તન કરવાનું કહ્યું છે. જેમ જૈન ધાર્મિકોની કથા સારી તેમ તેમ ધર્મ કરનારને ઉલ્લાસ સારો થાય. વસ્તુપાલ ને તેજપાલને યાદ કરીએ છીએ, વિમળશા વગેરેના કર્તવ્યોનો ઇતિહાસ શ્રવણ થાય છે. ને તે વખતે અનુભવ જુદો જ થાય. આથી મહાપુરુષોનાં ગુણ કીર્તન, કલ્યાણ તથા મોક્ષના હેતુભૂત છે એમ જણાવી હેમચંદ્રાચાર્ય મહારાજ પણ ત્રિષષ્ટીશલાકા પુરુષ ચરિત્ર રચવાના પોતાના કાર્યને સહેતુક બનાવે છે.

વર્ણન સાથે અવગુણ વર્ણનને સ્થાન નથી

વિચારો કે મહાપુરુષો સર્વજ્ઞ નથી થયા ત્યાં સુધી શું દુર્ગુણ નહિ હોય? દશ વૈકાલિકમાં વૈયાવચ્ચને અંગે ભરત અને બાહુબલિનું દૃષ્ટાંત દેવાય છે. પણ તેમાં અદેખાઈપણું હતું. પીઠ અને મહાપીઠને જેવું ઈર્ષાળુપણું હતું તેવું તેમાં ન હતું. છતાં તેમનું અદેખાઈપણું વર્ણવ્યું નથી. કસ્તુરી અને કાજળના રંગમાં ફરક નથી. કસ્તુરીના કાળા રંગ વર્ણવાતો નથી. તેની સુગંધ વર્ણવાય. ચંદ્રનું ચંચળપણું કોઈ વર્ણવે છે? ચંદ્રનું શીતળપણું વર્ણવ્યું. વિદ્યમાન હોવા છતાં જેને પોતાનો આત્મા ઉલ્લસિત કરવો છે તેને તે જોવા કામના નથી. ચંદ્રને ચંચળપણું તથા કસ્તુરીના કાળાપણું છે તે વર્ણન કરવા [illegible] નથી કરતાં પણ તેની ગંધ ગુણના વર્ણન કરાવે છે. કાણુક મારવા [illegible] એમ માગીને કહો? વર્ણનના પ્રસંગમાં અવગુણોને સ્થાન નથી. [illegible] પોતાની [illegible] વર્ણવે તો કવિ નહિ. અનાજમાં [illegible] છે [illegible] તો કવિ નહિ. વિદ્યમાન વસ્તુના વર્ણનમાં અવગુણને સ્થાન નથી [illegible] છે. [illegible] [illegible] તેવું તો માર્ગની [illegible] [illegible] ધ્યાનમાં રાખે તો [illegible] પોતાની ઉન્નતિ [illegible] ઉન્નતિ [illegible] માટે [illegible] છે. [illegible] મહાવીર [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible] ઇતિહાસમાં પણ [illegible]

મુશ્કેલીથી [illegible] છે.
[illegible]

તેનું ઉપયોગીપણું [illegible] 'ધર્મઘોષસૂરિ' [illegible] આપે છે. ત્યાં [illegible] આપેલ છે. જેમ મનુષ્ય ગુણવાન [illegible] છે, [illegible] સુધી ખબર નહિ [illegible] છે, કસ્તૂરી તેને [illegible] છે, અને [illegible] ભરેલી સુગંધ જ આપે. તેવી ધર્મઘોષસૂરિ [illegible] આપ્યો છે. બહાર નહીં લેનારે આપ્યો છે તે જોતા નથી. જેમ ચંદન અગ્નિ, કસ્તૂરી [illegible] ન દેખે, માત્ર પોતાની સુગંધ [illegible]. તેમ ધર્મઘોષસૂરિ પોતામાં રહેલું બહાર કાઢે. વળી કહે છે કે ભાઈ મારી પાસે તો આ ધર્મ છે, બીજી ચીજ નથી. કાછીયાને ત્યાં મોતી ન મળે. તેમ ઝવેરીને ત્યાં ચીભડું ન મળે. તેમ મારે ત્યાં એક જ વસ્તુ છે, ધર્મ. એ સિવાય બીજી ચીજ નથી. ઝવેરાતનો વેપારી ઝવેરી બને. ઝવેરાતની ઉત્તમતાનો ખ્યાલ કરે તેમ ધર્મઘોષસૂરિ ધર્મના ઝવેરી બન્યા છે તેથી ધર્મની ઉત્તમતાનો જ ખ્યાલ કરે.

આ જગતમાં સર્વ જીવો સુખની ઈચ્છા કરે છે. તે ઈચ્છા સ્વાભાવિક ચીજ છે. બીજી ઈચ્છાઓ કૃત્રિમ એટલે એના સાધન તરીકે. એક વાત એ સમજજો કે દેવા-લેવાના કાટલા જુદા રાખે તે ઈમાનદાર ન કહેવાય. તેવી રીતે હે જીવ! સુખદુઃખને ત્રાજવે તારા કૃત્યને તોલતી વખતે કાટલા જુદા ન કરીશ. હે જીવ! જેવું તને સુખ વહાલું છે તેમ જગતના તમામ જીવોને સુખ જ વહાલું છે. દુઃખ વહાલું નથી. અર્થાત દુઃખ અળખામણું છે.

જીભના સ્વાદ ખાતર અનંત જીવોનો નાશ

અનંતકાયનું શાક કર્યું. ખાધું ગળેથી નીચે ઉતરે ત્યાં સુધી સંતોષ. તમે જો સામે ચાટલું રાખી મોંમા જુઓ તો ઊલટી થાય. એક ક્ષણિક સંતોષની ખાતર અનંતાનંત જીવોનો કચ્ચરઘાણ. એક સોયના અગ્રભાગ ઉપર લીધેલા કંદમૂળમાં જે જીવો છે તે જીવો સંખ્યામાં એટલા બધા છે કે તમામ, નારકી, દેવતા, મનુષ્યો, પક્ષીઓ, જાનવરો પ્રત્યેક વનસ્પતિકાય વિગેરે બધા ભેળા કરો તે કરતાં સોયના એક અગ્રભાગ ઉપર અનંતગુણ જીવો શાસ્ત્રકારો બતાવે છે. ગાજરિયા, શકરિયા, બટાકા, સૂરણ એ બધા કંદમૂળ જ કહેવાય.

રોગીને ટાઢું ખાય તો વાયુ કરે, ઉનું લોહી પાડે. તો ચમકો છો તેમ વધારે જીવો સાંભળીએ તો ચમકો છો. આટલા જીવો તેમાં રહ્યા શી રીતે? જીવો સ્વરૂપે અરૂપી છે. ચંદ્રમાને કેટલા મનુષ્ય દેખે છે? તે ચંદ્ર ઉપર બધાની દૃષ્ટિ શી રીતે રહી? દૃષ્ટિ એક બારીક ચીજ છે, તો એકેન્દ્રિયની અવગાહના પણ બારીક છે. તે છતાં સોયની અણી

ઉપર એક બે દીવાઓના અજવાળાની જેમ લાખ દીવાનું અજવાળું. એમ બધા દીપકના જુદા જુદા અજવાળા છે. સોયની અણી ઉપર લાખોમો ભાગ ક્યો? જુદા જુદા અજવાળા છે તેમ નિગોદના જીવો માનવાની અડચણ શી રીતે? માત્ર આ ચાર આંગળની લુચ્ચી દલાલણ જીભ, વેપારી અને ઘરાક વચ્ચે કંઈ વાંધો નથી. વચમાં આડખીલી જીભ કરે છે. વેપારીને દલાલણ અધ્ધર રાખે. ઘરાકને ભૂખ્યો રાખે. જે દલાલણનું ચાલે તો આખામાં હનું-ભૂખ હની પણ વચમાં ભૂખે મારનાર જીભ. પોતાનું પોષણ થાય તો સોદા થવા દે. એ દલાલણના પ્રતાપે અનંતા જીવો માનવા મુશ્કેલ પડે છે. અનંતા જીવોનો સંહાર એક ક્ષણના સુખને માટે, તો લેવા દેવાના કાટલા ક્યા? દલાલણે તે કાટલા જુદા કરાવ્યા. તુલના કરી હોય તો આશ્ચર્ય સ્થિતિઓ ન કરે. જ્યાં આત્મા પોતાના સુખ અને દુઃખને બીજાના સુખદુઃખ સરખા કાંટે તોળે નહિ ત્યાં સુધી સુખને સ્વપ્ને જોઈ શકતો નથી. ધર્મ કોનું નામ? સ્વ અને પરના કાંટા સરખા કરાવનાર, જુદા માપ ખસેડનાર ધર્મ માટે લાયક છે. આવી રીતે ધર્મઘોષસૂરિ ધનાસાર્થવાહને ધર્મનો ઉપદેશ આપી રહ્યા છે. વળી તે ધર્મનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે અગ્રે.

卐

પ્રવચન ૪થું

અસાડ સુદી ૧૧ – રવિવાર

સાધુઓ પરાવલંબી હોતા નથી

શાસ્ત્રકાર મહારાજ કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર રચતાં થકાં જણાવી ગયા કે મહાપુરુષોના ગુણોનું કીર્તન એ [illegible] અને શ્રેયનું ધામ છે. આ ઋષભદેવ આદીશ્વર ભગવાન [illegible] ચરિત્ર [illegible] ચરિત્રમાં [illegible] જણાવ્યા મુજબ ધર્મઘોષ સૂરિ [illegible] ઉપદેશ આપે છે. ધર્મોપદેશ દેતાં ચાતુર્ માસાનું પૂરું થવા આવ્યું [illegible] માટે તેમને વિનંતિ કરવામાં આવી છે તથા આપ સર્વેની સંભાળ [illegible] કરીને સાથમાં આવવા વિનંતિ કરી હતી. તેની અનુમતિ [illegible] ઘોષસૂરિ સાથમાં પધાર્યા છે. પણ ધર્મઘોષસૂરિ અને તેના [illegible] ભાળે કે તેની ચોકસાઈ [illegible] કોઈ નથી. સાર્થમાં [illegible] [illegible] સાર્થિકો તથા [illegible] [illegible] નિર્વાહ શી રીતે થાય? [illegible] [illegible] આ [illegible] સાર્થપતિની [illegible]

હદ આવી ગઇ. આવી વખતે જંગલમાં લાવનાર ખબર ન લે તો શું થાય? પણ તે ક્યારે? મારો નિર્વાહ ફલાણો કરનાર છે તેમ થાય ત્યારે. ઊંડી અસર દેખો તો પરાવલંબનતા પણ સાધુ ધર્મને અંગે હોતી નથી.

लभ्यते लभ्यते साधुः, साधुरेव न लभ्यते ।
अलब्धे तपसो वृध्धिः लभते ज्ञानसंपद् ॥

સાધુને આહારાદિક મલ્યું તો સારૂં. જેવું મલ્યું તે સારૂં. તેવીજ રીતે ન મળે તે પણ સારૂં, નહિં મલ્યે તપની વૃદ્ધિ વિચારે, મળે તો તેથી જ્ઞાન સંપદા મેળવે છે. ઉપરોક્ત શ્લોકમાં સાધુ મુનિરાજે भिक्षावृत्तिनो વિચાર કરેલો હોય તેને અંગે કહેલું છે કે મલ્યું તો સારૂં. જેવું મળે તે સારૂં. ને તેવી જ રીતે ન મલે તો પણ સારૂં. હવે પ્રથમ મળે તો સારૂં. ત્યાં સ્વાભાવિક. ત્યાં નિશ્ચય ન કહ્યો પણ ન મળે ત્યાં साधुरेव કહી એવકાર કહ્યો. તે કહીને એમ જણાવ્યું કે ન મળે તે પણ સારૂંજ છે. એક પદાર્થ પરસ્પર વિરોધી હોય તો તેમાં સારૂં કેમ હોય? તો તેને માટે જણાવવાનું કે, ચામડીયામાં સારૂં ગણ્યું.

અનાજ અને ચામડાના વેપારીની વિચારણા

એમ બન્યું કે કોઇ ગામમાંથી ચામડીયો અને અનાજનો વેપારી બે નીકલ્યા. તે વખતે સાથે જનાર ત્રીજા મનુષ્યે વેપારીની સોબત કરી. પાછા વળતી વખતે સોબત ચામડીયાની કરી. જતાં અનાજવાળાની સોબત કરી. આવતા વેપારીની સોબત કરી હોત તો આબરૂ જામત, વાત ખરી. બાહ્યદ્રષ્ટિથી આવતી વખતે વેપારીની સોબત જરૂર લાગી પણ દાનત વખતે વિચાર કરૂં તો ચામડીયાની દાનત સારી છે. જતી વખતે વિચાર કરીએ તો વેપારી મનમાં એમ વિચારતો હતો કે સુકાળ હોય અનાજ સસ્તુ હોય તો સારૂં. ચામડીયો જતી વખતે શું વિચારતો હતો? કે ઢોરો મરી ગયા હોય. દુકાળ હોય તો ચામડું સસ્તુ મલે. સારૂં હોય તેવો વિચાર વેપારીનો, ચામડીયાની દાનત ખરાબ હતી પણ આવતી વખતે વેપારીની એ ઇચ્છા હતી કે વરસાદ ચાર દહાડા ખેંચે તો માલમાં લાભ મલે. ચામડીઓ દેખે કે હવે મરણ બંધ થઇ જાય. ઢોરો ન મરે તો ભાવ આવે. આ ઉપરથી આવતી વખતે ચામડીયાની દાનત સારી હતી. પ્રાણી લાભને વખતે ચિનવન કેવા પ્રકારનું કરે છે તે વિચારો? કણીઆને ખરાબ ગણીએ છીએ તેનું કારણ? તેનું ચિંતવન ખરાબ છે. તેની તાકાદ હોય તો આવતા વરસાદને રોકે. આવી દાનતો જ્યાં હોય ત્યાં આત્માની કેવી સ્થિતિ હોય? હલકા વેપારને શાસ્ત્રમાં વર્જવાનું કહ્યું ને હલકા વેપારીની સાથે લેવડદેવડ ન રાખવાનું કહ્યું તેનું આજ કારણ.

હવે આપણે મૂળ વાતમાં આવીએ વેપાર ચામડાનો હલકો છતાં દાનત ઉત્તમ કે જાનવરો ન મરે તો સારું. એક જ વસ્તુમાં અમુક અપેક્ષાએ સારા નરસાપણું છે, તેમ સાધુ ગોચરી જતાં, આહાર મળવામાં અને ન મળવામાં સારાપણું વિચારે છે ને તે માટે જ આહારાદિ નહિ મળે તો તપની વૃદ્ધિ થાશે તેમ ચિંતવે. કેમ? તે જરા ઊંડા ઉતરીને વિચારો કે આ શરીર કઈ સ્થિતિનું? ગટરનો કીડો તે સાકરમાં આનંદ ન પામે, એમાં આનંદ પામે, તેમ આ જીવ શરીરનો કીડો થઈ ગયો છે. આનું સ્વરૂપ વિચારે તો ધર્માદા ખાતે પણ આ શરીરને કોઈ ન લ્યે, તેમ આ લીધું છે.

પ્લોટ ખરીદવાની શરતો

એક નવું શહેર વસાવવાનું હતું. તેથી ત્યાં પ્લોટ પાડ્યાં અને પછી પ્લોટ પાડ્યા વિગેરે જાહેરાત કરી પ્લોટો નીચેની શરતે લઈ શકાય. એ શરતો એવા પ્રકારની હતી કે તે પ્લોટ કોઈથી લઈ શકાય નહિ. તેમ અહીં આગળ પણ શરતો કરી છે. જો એ શરતો વિચારીએ તો એ શરતોને આપણે કબુલ કરી છે તેનો અમલ પણ કરીએ છીએ. એવી શરતો પ્લોટ માટે લખી હોય તો એક પ્લોટ કોઈથી લઈ શકાય? અર્થાત્ ન લઈ શકાય ધારો કે એક પ્લોટ નીચે એવી શરત લખી હોય કે પ્લોટનું બધું ભાડું જેટલા વર્ષ રાખવો હોય તેટલા વર્ષનું ભાડું પહેલેથી ભરી દેવું. ૧૦૦ વર્ષ રાખવું હોય ને ૨૦૦ રૂ. ભાડાના ઠરાવ્યા હોય તો ૨૦૦૦૦ રૂ. પહેલાથી ભરી દેવા. ને આ નીચે બનાવેલ નકશા પ્રમાણે જ મકાન બનાવવું. ભાડાના રૂપિયા પહેલા અને મકાન નીચે બનાવ્યા પ્રમાણે જ બનાવવું. એ મકાનમાં ચાહે તો મિલકત હોય કે ન હોય તો પણ તેનું [illegible] જ જોઈએ. વરસે વરસે આટલું મકાન વધારવું જ જોઈએ. તેના રક્ષણ માટે [illegible] ખર્ચ કરવો જ જોઈએ. આ બધામાં જો કંઈ ચૂક થાય તો આપેલું ભાડું [illegible] કબુલ કરી લેવું. ને એ દંડ કેટલો કરવો, તે અમારી મરજી પ્રમાણે કરીશું. [illegible] ખબર આપવામાં નહીં આવે. જે વખતે રજા પૂરી થશે તે વખતે [illegible] આવશે તે વખતે તમારે કાંઈ મિલકત ન લેવાની. [illegible] સાથે [illegible] નીકળવું પડશે. [illegible] ભાડું આપવા [illegible] [illegible] [illegible] નહિ. [illegible] જોઈએ. [illegible] એક પણ [illegible] નહિ.

[illegible]

[illegible]

બાંધ્યું તે વખતે બાનામાં પુન્ય બાંધી લીધું. પછીથી ભાડું આપી દીધું. [illegible] પછીથી ભાડું આપ્યું. આપણું શરીર આપણે બનાવ્યું પણ તેનું જ આયુષ્ય [illegible] તથા ગતિ નામકર્મ ત્યાં આપણું ચાલી જાઓ. માટે તમારું શરીર [illegible] હોય તેવી શરીર બાંધ્યા, બાંધ્યા પછી સમયે સમયે વધારો. પછી [illegible] ત્યારે [illegible] ભાગે શરીર. જન્મીએ ત્યારે [illegible]. એમાંથી વધારો [illegible] રક્ષણ માટે પ્રયત્ન કરવાનો, સ્વપ્નમાં શાપ દેખીએ તો ચમકીએ એ રક્ષણ માટે કે બીજું કાંઈ ? એટલી રક્ષાની વિના. વધારો કરો રક્ષણ કરવું એનો જ વિરોધ કરનાર તેને [illegible] ગણવા. રક્ષણ કરનાર ગોઠવણવાળા ગણવા. તેમાં દેહિયે. ઉન્માદ કરીને તે આરોગ્ય જમા કરી લે. આયુને ખબર ન પડવા દે. એ ખબર ન દેતાં (મુળ રકમની ખબર ન દેતાં) કેટલાક વર્ષનું આયુષ્ય કેટલું લખ્યું તે પણ ન સમજીએ. અંતે ખલાસ થયું. જ્યાં નોટીસ આવી કે નિકળો. તે વખતે દેવું કર્યું હોય. આ મકાનને અંગે જે જેર બાગ વિગેરે ઉઠાવ્યા હોય તેને કંઈ લેવા દેવા નહીં. ચાહે તેવું બાગ ને આબરૂ હોય તો પણ એકલા જ ચાલી નીકળવાનું. આવી શરતવાળું મકાન આપણું ભાડુતી શરીર તેમાં શું જોઈને રાચ્યા માચ્યા રહો છો? જે પ્લોટ બીજો ધર્માદે આપે-મફત આપે તો પણ ન લે. જેમાં ભવિષ્યની મિલકત ખવાઈ જાય. ભવિષ્યનું કુટુંબ જાય. માલિકી જાય તેવું કોણ લે? ભાડું ત્યારે બરપટે આપવાનું તેવું આ મકાન મળ્યું છે. એટલું જ નહિ પણ આવી ભયંકર શરત.

મ્યુનિસિપાલિટિની મેલાની ગાડી જેવું શરીર

મકાન ચણવાની સામગ્રી કેવી મલે છે? તેને ચિંતવે તો ભયંકર મ્યુનિસિપાલિટીની મેલાની ગાડી હોય તેમાં ઉપરનું પતરું ફક્કડ. મનોહરના પતરાની પણ ઢાંકણું ખોલ્યું તો નાશી ભાગી જાય. આ શરીરમાં ચામડીરૂપી પતરૂ તેની જ મનોહરતા છે. ઢાકણું ખોલે તો કેવી ચીતરી ચડે છે. ચકીઓ આવે, હવે વિચારો. અંદર માલ તો આવો ગંદો તથા સડેલો ભર્યો છે. તેવા શરીરને અંગે મમત્વ રાખવામાં આવે છે. પાપ કરવામાં આવે છે. વળી તેને અંગે ધર્મથી દૂર રહેવામાં આવે છે. તો તે ચીજ કેવી છે તેનો વિચાર અવશ્ય કરો. પાણીનો પિશાબ, આહારનો નિહાર, હવાને દુર્ગંધમય બનાવનાર એવું આ શરીર શું કરે છે? તે વિચારો. ગમે તેવો સુંદર કીંમતી ખોરાક ગયો, તો પણ વિષ્ટારૂપે થાય છે. માટે આ તો માલને બગાડવાનું કારખાનું છે. દુનિયામાં સુધારવાના કારખાના હોય પણ આ તો સારી વસ્તુને ઉલટી બગાડે તેવો સંચો. ગટર આગલ પાણી સાફ કરવાના ફીલ્ટરના કારખાના હોય છે તેમ ચાલે તેવી ચીજ બગાડવી હોય તે માટે આ સંચો છે. પાણી અને હવા કીંમતી ચીજ પણ પાણીનો પેસાબ કરનાર આ કારખાનું, હવાને ઝેરી બનાવનાર, કારણ કે આ 'જીવ ચોકખી હવા લે' છે ને કાઢે છે ઝેરી હવા. હવાને ઝેરી કરી પાણીનો પેસાબ કર્યો. પવિત્ર એવા ખોરાકની વિષ્ટા બનાવી. એતો માત્ર ઉપર આ ચામડીરૂપી પડદો છે, તેથી કાંઈક સારું દેખાય છે. શહેરમાં મેલાની ગાડી ઉપર ટીનના પતરા મનોહર દેખાય છે, પણ

અંદર મેલું છે આવી ચરને લીધેલા પ્લોટ તથા આવા સ્વરૂપનું મકાન છે તો પછી શાના ઉપર મોહી પડો છો? હવે તેના ફળ ઉપર જઈએ.

પોતાના દેહની રક્ષા પછી સર્વ સંબંધો

તમને જગતમાં વધારેમાં વધારે મમતા શાના ઉપર છે? કોઈને માના ઉપર, કોઈને પૈસા ઉપર, કોઈને છોકરા ઉપર તો કોઈને બાયડી ઉપર. જેમ બાદશાહે વાંદરીને ખાલી કુવામાં નાંખી હતી. એણે કોશ નાંખ્યો ત્યાં વાંદરીએ બચ્ચાંને હાથમાં લીધું. દેખ બીરબલ? કૈસા બચ્ચા પ્યારા હૈ. બાદશાહે કહ્યું કે બધું મારા-તારાનું છે તે માત્ર કહેવાનું છે. જ્યાં બીજો કોશ નાખ્યો ત્યાં નાખ બચ્ચાને પાણીમાં ને પોતાનો બચાવ કર્યો. સાહીએ બચ્ચાને ટાલ દીધા. પોતાના જાનની પછી બધું છે. કહેવામાં તો મારા પ્રાણ કરતાં વધારે વહાલી છે. સર્વ કોઈને વહાલામાં વહાલી ચીજ પ્રાણ, સ્ત્રી, પુત્ર, માતા પિતા, બાઈ ભાંડુ ને બધાની રક્ષા આ પોતાના જીવ તથા દેહની રક્ષા પછી. આ જીવની રક્ષામાં ખામી હોય તો કિંમત એકેની નથી. મોહરાજાએ મેલનું ભરેલું મકાન કેવી શરતોએ સોંપ્યું છે છતાં તેમાં મૂંઝાયા છીએ. શરીર ઉપર રાગ કરી શા માટે પાપ બાંધો છો.

દાખલ થયેલાને દુઃખ

એક વાત ધ્યાનમાં રાખ. આ સંસારના બધા દુઃખો શાને લીધે છે? કોના કારણથી? શરીરના કારણથી, શરીર જેવી ચીજ ન હોય તો કોઈ જગોએ દુઃખનું સ્થાન નથી. અંદર [illegible] લાને દુઃખ નહીં. દાખલ થયેલાને દુઃખ, અગ્નિ ધગધગમાં હોય ત્યારે કોઈ ઘાણ [illegible] નથી. પણ અગ્નિ લોઢામાં પેસે છે ત્યાં ધડાધડ ઘાણ પડે છે. અગ્નિ લોઢામાં [illegible] ઘાણ શાને પડ્યા. તેમ આ મોહ રાજાના ઘરમાં પેઠા કે ઘાણ પડે છે [illegible] છતાં કોઈનો આશ્રય કરતું નથી. તો કોઈ તેને ટીપતું નથી. [illegible] વિનાનો થાય તો કોઈ જાતની પીડા ન થાય. તો આવા દુઃખના [illegible] છે શી રીતે? ચારે ગતિના દુઃખોનો દલાલ આ શરીર છે [illegible] ખાધાં નથી સાકર તે કોઈમાં બાળતું કે દાખલ થતું નથી. અગ્નિને [illegible] નહિ પણ તે અગ્નિ લોઢામાં ભળ્યો તો માર ખાધા. તેમ આ આત્મા [illegible] જ્યોતિ સ્વરૂપી છે. પણ આ મોહ રાજના મેલા મકાનમાં ભરાયેલા [illegible]

[illegible] ભાડો નહીં શબાવો તો આર [illegible]

આ દુઃખનું કારણ શરીર તેમાં આવી દુઃખાય, આવ દુઃખાય [illegible] [illegible] ભાડો છે [illegible] ભાડો [illegible] [illegible]

જવું પડે. જો ભૂલનો ભડકો ત્યાંજ સમાવ્યો હોત તો? ભૂલનો ભડકો સમાવી દઈએ તો એટલાથી જ શમી જાય ને આગળ ન વધે તો ... થાય. ભૂલના ભડકાને શમાવી દેજો. તેમ આપણે આ શરીરમાં દાખલ થવાની ભૂલ કરી છે કે આ શરીરનો સ્નેહ ... કરી લીધો. એ ભૂલ કરી છે પણ ભૂલ કરી એટલે ભડકો ફેંક. પણ ભૂલ ને શમાવી દ્યો.

સમજુ કેદી કેદ મજબૂત ન બનાવે

હવે તો દુઃખથી ડરે છે કે નહિ? જો તું કહે કે દુઃખથી ડરું છું. તેમ હોતો તો તો નવા પ્લોટ ખરીદ કરવા બંધ કર. એક પ્લાનમાં અનુભવ કરી લીધો હવે નવા પ્લાન ગળે ન પડે તે ધ્યાનમાં રાખ. નવા શરીર ન કરવાં પડે બીજા શરીરમાં કેદ ન થવું પડે તે ધ્યાનમાં રાખ. પણ આપણે કેદ મજબુત કરનારા છીએ. એ કેદ કેદરૂપ લાગી નથી. આ શરીર જેલખાનું છે. કેદી જેમ જેલખાનાને છોડી ન જઈ શકે. જેલખાનું સળગી જાય તો કેદી સળગી જાય. આપણે કોઈને પકડ્યો? શરીર પકડ્યું છે પણ સાથે આત્મા પણ ખેંચાય છે, આત્મા છૂટો પડી શકતો નથી. ઘરધણી હોય તો તે પણ ઘરમાં ભય લાગે ત્યારે નીકળી પડે. ભય ન લાગે ત્યારે દાખલ થાય, તેમ આ શરીર ઘર હોય તો તો સારું પણ આતો કેદખાનું છે, કે જેમાં પોતાની મરજીએ પેસવાનું કે નિકળવાનું નથી. તેને ઘર કોણ કહે? જેની અંદર પારકા હુકમે પેસવાનું રહેવાનું તથા નિકળવાનું છે. તે કેદજ કહેવાય. કોરટે કહેલી મુદત સુધી જેલમાં રહેવાનું દાખલ થવાનું અને છૂટવાનું. તેને જ કેદ કહેવાય છે. તેમ અહીં કર્મરાજાના ઓર્ડરે શરીરમાં દાખલ થવાનું રહેવાનું અને બહાર નીકળવાનું. આવી રીતે સ્વરૂપ દૃષ્ટિએ યાતો તત્ત્વદૃષ્ટિએ વિચારીએ તો આ શરીર તે કેદખાનું તથા અશુચિનું કારખાનું છે. પુણ્યના પોટલા આપી લીધેલું છતાં ભૂલનો ભડકો થવાનો, ચાહે આ ભવે કે પાછલે ભવે. ભૂલનો ભડકો થવાનો. જો આ જીવ દુઃખથી ડરતો હોય તો નવા પ્લાન કેમ ખરીદે છે? દુઃખથી ન ડરતા હો તો આ પ્લાનનું ચાહે તે થાય તેની ચિંતા ન કરો.

છાશમાં માખણ જાય ને વહુ ફુવડ ગણાય

પહેલા ભવે કર્મો બાંધ્યા તેનાથી કર્મ ભોગવીએ અને આર્ત્તધ્યાન કરી નવા કર્મ ઊભા કરીએ તો ભોગવ્યા તે ગયા કયાં? ભોગવ્યા એ વટામણમાં ગયા. અટામણમાં હોય તો કામ લાગે. આ તો વટામણ. હું તને ખુવાર મેલવું તું મને શું દઈશ? આનું નામ વટામણ. બીજા ભવો માટે જયારે દુઃખો ઊભા કર્યા તો આ દુઃખો વેદ્યા તેનું શું? માટે જો તું દુઃખથી ડરતો હોય તો આવેલા દુઃખો વટામણમાં ન જવા દે. અને વળી જો દુઃખથી તું ડરતો હોય તો પાપો કરી નવા દુઃખને નોતરું ન દે. અત્યારે આવી પડેલા દુઃખોથી ડરે છે શા માટે? કહે કે નાશ માટે, તો ઉદ્યમ શાનો કરે છે? કહે કે દુઃખો કાઢવાનો નહિ પણ નવા દુઃખો

વકીલની લેવાનો. માટે જો દુઃખોથી ડરતો હો તો નવા દુઃખો જે ઊભા થાય છે તેથી સાવચેત થા. આ જીવની એવી વિચિત્ર દશા છે કે એને પૂછવામાં આવે કે તું દુઃખથી ડરે છે કે નહિ? તો હા કહેશે. આવા દુઃખના કારણભૂત મકાન એવા મકાન (શરીર)નું પોષણ કરવા માટે ખોરાક લેવો કે બીજું કાંઇ? અમે એટલે સાધુ મહાત્મા. એ મકાનના પોષણ માટે ખોરાક લેતા નથી. ગણે પડેલા મકાનને દુરસ્ત રાખી ભાડું ઉપજાવી ભાડે ધના બચવું. એવી રીતે આ મકાન દુરસ્ત કેટલા માટે રાખવું? ભાડું ઉપજાવવા સારૂં. ભાડું કર્યાથી આપે ત્યાં દુરસ્તીનું ખરચ, ભાડું સારૂં ન આવે તો દુરસ્તીનું ખરચ કોઇ કરતું નથી. આ રહેવાનું મકાન નથી. પણ ભાડું ખાવાનું મકાન છે. આ મકાન વાપરવાનું નથી. પણ ભાડે આપી ખાર ઓછો કરવાનો છે. આ મકાનની કિંમત કેટલી આપી છે? તે વિચારો! પાંચ હજારની મુડી નથી ને પચાસ હજારનું મકાન લીધું છે, તેમાં પોલાણ થઇ પડે તો પાલવે ખરું? એક ક્ષણ પણ મનુષ્ય આયુષ્ય મેળવવાની તાકાદ નથી. તે ક્ષણની કિંમત કેટલી છે? જગતમાં તને કોઇ આવી તારી જીંદગી ધૂળ મળો એમ કહે તો તેને ખાસડું મારવા આવે. જીંદગી ધૂળના હિસાબમાં મળે તો સારૂં. કેમ? આ દુનિયાએ બધી વસ્તુની કિંમત કરી છે. ઘી, તેલ ઢોળાય તો અસર થાય. સકરખડી કે ઊંસમાંથી કોઇ બે મુઠા ફેંકી દે તો ચીડાય. દુકાને કાળી ધારી ઉપર નાખવા કાળી રેત રાખીએ છીએ, તેમાંથી બે મુઠા ફેંકે તો લડવા માંડીએ. કિંમત આ બધી વસ્તુઓની છે પણ આ જીંદગીની કીમત નથી. તમારી જીંદગીની કીમત ગણો. ધૂળના નુકશાનથી જે ચાનક થાય છે તે પ્રમાણે આ જીંદગીના નુકશાનમાં ચાનક લાગે તો કીમત ગણાય. નુકશાન લાગે ચાનક [illegible] તો કિંમત ગણાય. દહાડાના ચોવીસ કલાક ચાલ્યા ગયા, દહાડો પૂરો થયો, તેની કિંમત શી મેળવી? ચોવીસ કલાક ગયા તેમાં કિંમત મેળવવા કયો ઉદ્યમ કર્યો? ધૂળ [illegible] તેના નુકશાન માટે ચાનક થઇ. અને કલાકના કલાક ચાલ્યા ગયા. તેના [illegible] ધૂળ કરતાં હલકી જિંદગી. ધૂળ ઓછી થાય તો ચમકારો [illegible] વેપલો માંડેલ છે તે વિચારો

જિંદગીના વેપારમાં મેળવ્યું શું?

એક શેઠનો [illegible] હજાર [illegible]

દાનું નામ છે. કેટલાક એમ કહે છે કે અહીં સાધુપણું લીધું તે શું સમજે છે? વિષયા-દિક ન કરવા તેમાં જન્મનું ભાન થયું કે તે સમજવાનું કે પણ તારી જોખમદારી તો સમજાય. પરણવાને વખતે ગરીબ ગાય જેવા હોય તેઓ પણ પરણવાની જોખમદારી સમજતા નથી. સજાની જેલના તમે કેદી છો. જો મનુષ્ય બાયડીના ભરણ પોષણમાં ખામી કરે તો બાયડી ફરિયાદ કરે. તેમાં કંઈ બચવાનો નહિ. તમને જરૂર હોય તો કેદમાં મોકલશે. સાથી લાવવાના તો ભરણું ભરવાનું નથી. હુકમનામું કરે તો ભરવામાં પૈસા પણ ભરવાનો નહિ. મહિનો થાય ને ન ભરે તો સીધો કેદખાનામાં જઈ જાય. બીજી મહિને આપ્યા તો ઠીક, નહિ તો જિંદગી સુધી તેનો છેડો નહિ. આવું પરણનારા કેટલા સમજ્યા છે? લગની લેવા જાઓ છો તે જિંદગી સુધીની કેદ છે તેનું કેટલા સમજ્યા? સાધુપણું લે તેમાં ભરણ પોષણની ફરિયાદ હોય નહીં. જે ખુશી દીક્ષા લે તેના છૂટાછેડા થયા સમજવા. મતલબ એ હતી કે મનુષ્યપણાની મોકાણ કે લગની લેવા જતા જિંદગી સુધી કેદમાં સડવાનું, તે કરતાં જનાવર થયા હતે તો? માટે વિધાતાને શ્રાપ આપો કે તારું નખોદ જાય કે તેં અમોને અહીં મૂકયા. એટલું જ નહિ પણ મનુષ્ય તરીકે મોકલ્યા તે પણ ખરાબીએ મોકલ્યા. નવ મહિના ઉંધે મસ્તકે લટકાવ્યા, ત્યારે મનુષ્ય થયા. ગાય, ભેંસ, કૂતરી વિગેરે જાનવરમાં ઊંધે મસ્તકે ગર્ભ નથી. આ પ્રમાણે સ્પર્શન ઈંદ્રિયના વિષયો માટે સમજવું. હવે રસના ઈંદ્રિય તેના વિષયો પણ મોંઘા. કીડી, મંકોડી માખીઓના કુટુંબ મફત પેટ ભરી લે છે. આપણે ભૂખના ભાગ જેટલું પણ ન લાવી શકીએ, એ વાંક મનુષ્ય થયા તેનો. કીડી મંકોડી થયા હતે તો આ ચિંતા મટી જતે. આ બધી ચિંતા પણ માણસાઈને લીધે કરવી પડે છે. એ પ્રમાણે ઘ્રાણ ઈંદ્રિયને અંગે તમે બગીચામાં જાવ તો નાગી તલવારના પહેરા. ભમરા-ઓને કોઈ રોકે છે? દરબારને અંગે તમે જિંદગી સુધી રાણી જોવા ન પામ્યા. ચકલા ને કબુતરો માટે છૂટ, તો મોંઘવારી મનુષ્યને, જાનવરને તો બધું સોંઘું છેને? વિષય તરફ લક્ષ હોય. કામ એજ તત્ત્વ હોય તેવાને વિધાતાએ મનુષ્ય નકામા બનાવ્યા પણ, વિધાતાને આશીર્વાદ કોણ આપે? ધર્મને કર્તવ્ય તરીકે મનુષ્ય જિંદગીમાં ગણે તેજ. જેઓ ધર્મને રસ્તે જાય તે પોતાના પહેલાના નશીબને આશીર્વાદ દેઈ શકે. વિષયોની ઈચ્છાવાળા મનુ-ષ્ય જીંદગીના વિધાતાને શ્રાપ દે.

હિતની પ્રાપ્તિ અને પાપનો નાશ

ધરમમાં રાચનારો મનુષ્ય જિંદગીને આશીર્વાદ દે છે. આંબાના ઝાડના ઘણા રૂપિયા ને લીંબડાના વૃક્ષના તેટલા નહીં. તેનું કારણ? ફળ દ્વારા એ કિંમત છે. તેમ મનુષ્યપણાની કીંમત કીંમતી ફળ દ્વારાએ જ છે. ધર્મ એ જ ફળ છે. ફળ કેમ ગણ્યું? દરેક મનુષ્યો હિતની પ્રાપ્તિ ઈચ્છે, પાપનો નાશ ઈચ્છે. સામાન્ય ભીલ, કોળી વીગેરે લઈએ તે પણ પાપનો નાશ અને હિતની પ્રાપ્તિ થવી તે સમજે. દીક્ષા લેનાર વખતે શું સમજ્યો? પણ એટલું સમજ્યો એટલે દીક્ષાને લાયક થઈ ગયો! શય્યંભવસૂરી, ચૌદપૂર્વી એમણે

મનકને દીક્ષા આપી તે માટે કયા શબ્દો ઉચ્ચાર્યા? જેને પુચ્છા-ધૂર્ત સાધુ ઉપાડી ગયા છે, તેમાં કોઈને શંકા થઈ શકે? प्रतार्य धूर्तसाधवः એમ કેમ કીધું? પુચ્છા સાધુ એમ હેમચંદ્રાચાર્યે પણ ચોકખા શબ્દો મૂક્યા છે. નિરાધાર સ્થિતિવાળી આત્માઓને આ સંકલ્પ થાય તેમાં તો નવાઈ નથી. જેના હૃદયમાં વાસ્તવિક વસ્તુનો દ્વેષ ન હોય તે આ શબ્દો ન કહે. તે મનકને દીક્ષાના માર્ગે લાવનાર એ શબ્દો થયા. એ શબ્દોથી બાપ પાસે જવાનું મન થયું. માને કહીને બાળક નીકળ્યો. તેની દીક્ષા થયા પછી શય્યંભવસૂરિ શું બતાવે છે? હિતની પ્રાપ્તિ અને પાપનો નાશ. તેથી પહેલું પદ धम्मो मंगलमुक्किट्ठं શીખવ્યું. બીજું કાંઈ શીખવ્યું નહિ. સાધુપણું લીધા પછી આપણે તો શીખવું પડે છે. આપણી ભાષા જુદી છે. આપણી નવી ભાષા છે. અભ્યાસ કરવાની ભાષા છે. મનક મુનિને માતૃભાષા છે. તે દેશમાં પ્રચલિત ભાષામાં શીખે છે. કહો કે ધર્મ એ મોટી ચીજ. છોકરાને આપણે શીખવીએ તેમ धम्मो मंगलमुक्किट्ठं શીખવ્યું. કહો સાધુપણું લીધા પછી ધર્મ એ મોટી ચીજ એમ શીખવવું પડ્યું તો શીખવું શીખવું શું? એ જ આખી કહે છે. બાળક, મધ્યમ અને પંડિત એ બધાને માટે धम्मो मंगलमुक्किट्ठं એ શ્લોકમાં ધર્મનું લક્ષણ બતાવ્યું છે. હવે સંસારરૂપી સમુદ્ર ઉલ્લંઘન કરવા માટે છે. તો તે ધર્મનું લક્ષણ સમજી કેવી રીતે સંસારને તરવો તથા બાળ, મધ્યમ અને પંડિત એ ત્રણેને ધર્મનું લક્ષણ શી રીતે ઘટે તે વગેરે અગ્રે વર્તમાન.

છું. તેઓના ચરિત્રો કહેવા, ત્રિષષ્ટિ, [illegible] ઇ. ને તે ઉપરથી આત્માની ખાસ [illegible] ખડી કરશો. તે માટે મહાપુરુષોના ચરિત્રોનું કીર્તન અવશ્ય જરૂરી છે ને તે દ્વારાએ આ જીવને કલ્યાણ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. કેટલીક વખત એક [illegible] શિખામણ દેવાથી જે અસર ન કરે તે દલીલથી સમજાવવાથી અસર કરે. એક વખત પણ બરોબર દૃષ્ટાંત આપી સમજાવો કે તે વસ્તુ ઠસી જાય અને તેની અસર સામાના હૃદયમાં જબરજસ્ત થાય. આ ઉપરથી એમ કહેવામાં આવ્યું કે શિખામણ કરતાં દલીલ ચઢી, દલીલ કરતાં દાખલો ચઢ્યો. આ વાત અનુભવ સિદ્ધ છે. અહીં દ્રવ્યાનુયોગ શિખામણની વાત તરીકે જાણો અને ગણિતાનુયોગ દલીલ તરીકે, પણ જે ચરણકરણાનુયોગની સૂચનાવાળો ધર્મકથાનુયોગ એ દાખલો પોતાના અનુભવથી જોવાશે કે શિખામણના વાક્ય કરતાં દલીલનું વાક્ય અને તે કરતાં પણ દૃષ્ટાંત વધારે અસર કરે છે. દૃષ્ટાંતના સ્થાનને મજબૂત ગણતા હોય તો શાસ્ત્રોમાં ધર્મ કથાનુયોગને મજબૂત ગણ્યા વગર રહે નહિ.

ન્યાયની રીતિએ ન્યાય છણીએ તો પણ દૃષ્ટાંતમાં જઈ ઊભું રહેવું પડે. જંગલમાં ગયા, ધુમાડો દેખાયો તો ત્યાં અગ્નિ હોવો જોઈએ. એમ ન્યાયની યુક્તિથી કહીએ પણ રસોડાની વાત ધ્યાનમાં ન આવે તો? જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોય, જેમ રસોડામાં, રસોડાની વાત ખ્યાલ ન આવી હોય તો, અગ્નિ અને ધૂમાડો દેખ્યા છતાં સિદ્ધ કરી શકીએ નહિ. નાના બચ્ચાં ધૂમાડો દેખે અને આપણે ધૂમાડો જોઈએ તેમાં ફરક શો? તમને કેમ ખ્યાલ આવ્યો કે અહિ અગ્નિ છે. હેતુનું જ્ઞાન સરખું છતાં પણ બન્ને જણાએ હેતુ સરખો જાણ્યો છતાં પણ એકને સાધ્ય માલમ પડ્યું ને એકને સાધ્ય માલમ ન પડ્યું. દૃષ્ટાંત વડે વ્યાપ્તિનો ખ્યાલ આવ્યો. તેને સાધ્યનું જ્ઞાન થયું. પણ જે મોટાઓ ધૂમાડો દેખવાની સાથે રસોડામાં અગ્નિ હોય તો ધૂમાડો થાય છે. આ બધા રસોડાનો ખ્યાલ કરે તો અહીં અગ્નિ છે તો ધૂમાડો છે. એમ જાણી શકે તે હેતુ દ્વારાએ સાધ્યની સિદ્ધિ દૃષ્ટાંત દ્વારાએ થાય છે. આ વાત સાંભળીને કેટલાકના મનમાં એમ આવશે કે બીજાઓને દૃષ્ટાંત ન મળે તેવા હેતુ જે નકામા ગણ્યા છે તે વ્યાજબી છે. પુરેપૂરા સમજુ હોય તેને દૃષ્ટાંત ન હોય તો પણ જાણવામાં અડચણ આવતી નથી. અને વળી બધી જગોએ કાંઈ દૃષ્ટાંત હોય તેવો કોઈ નિયમ નથી. એનું દૃષ્ટાંત જ નહિ. આવા પ્રકારના વિશિષ્ટ ચિન્હવાળી હોવાથી આ દાબડી મારી છે એમાં દૃષ્ટાંત શું લેવું? અનેક વસ્તુ હોય ત્યાં દૃષ્ટાંતને સ્થાન છે પણ એક વસ્તુ હોય ત્યાં દૃષ્ટાંત શું આપવું? સર્વ કર્મરહિત સર્વ સુખવાળી ચીજ કઈ? કે જેનું દૃષ્ટાંત દેવું. તો જ્યાં એક જ વ્યક્તિને અંગે વાત કરવી હોય ત્યાં દૃષ્ટાંત ન પણ હોય. તેથી હેતુ ખોટો થતો નથી. તેથી જ્યાં એક જ વ્યક્તિ હોય ત્યાં દૃષ્ટાંત ન પણ હોય અગર સમજુ હોય ત્યાં દૃષ્ટાંત ન હોય. પણ મંદ બુદ્ધિ હોય અગર પહેલ વહેલા સમજવા માગતા હોય તેવાને દૃષ્ટાંતની જરૂર રહે. તેવાને દૃષ્ટાંત વગર વધુ વસ્તુ સમજવામાં આવતી નથી.

આવી પણ જે આત્મકલ્યાણ—ને કરવાની શક્યતા, સર્વ કર્મરહિત થઈ જાય, તો કોઈ ગયા? તો જવાબ છે. આ દરેકને જવાબ એમ માનીએ અને એ દરેકને જવાબો પ્રયત્ન શકે, ને કોઈ ગયા એમ માલુમ ન પડે તો આત્મા ઉલ્લાસમાં ન આવે. [illegible] વાક્યો કરતાં એક દૃષ્ટાંતનું વાક્ય અસર કરે અને તે કરતાં વળી એક દૃષ્ટાંત વધારે અસર કરે. વિધિ, હેતુ અને દૃષ્ટાંતના વાક્યો, અનુક્રમે જબરજસ્ત અસર કરનારા છે. દ્રવ્યાનુયોગમાં વર્ણવ્યા—કર્મ બાંધવાના, ને રોકવાના, ને તોડવાના અને આત્માના ગુણો વિગેરે જણાવ્યું. સિદ્ધ થઈ શકે તે જણાવ્યા છતાં કોઈએ કર્મ બંધ રોક્યો? સર્વગુણને કોઈએ પ્રગટ કર્યા અને સિદ્ધિ ક્યાં મેળવી? એનું સમાધાન ક્યારે? તો કે એવું દૃષ્ટાંત બનાવો ત્યારે.

ચરણ અનુયોગમાં આદર્શ નથી, જ્યારે ધર્મકથાનુયોગમાં આદર્શ છે

બીજી બાજુ દ્રવ્યાનુયોગ ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગનો આદર્શ નથી પણ કથાનુયોગનો જબરજસ્ત આદર્શ છે. સિદ્ધાચળ ઉપર જઈ કયો આદર્શ થયો? કે ભગવાન ઋષભદેવજીના ગણધર પુંડરિક સ્વામી પાંચ ક્રોડ મુનિરાજ સાથે મોક્ષે ગયા. 'તને આ તીર્થના પ્રભાવથી અને તારા પરિવારને પણ આ તીર્થના પ્રભાવથી કેવળ જ્ઞાન થશે.' આવા ભગવાનના વાક્યથી પુંડરિક સ્વામી સિદ્ધાચળ ઉપર જ રહ્યા ને ત્યાંજ અણસણ કરી મોક્ષ પામ્યા. આદિ ગિરનાર, [illegible], ચંપાપુરી જેવા તીર્થો પણ એ જાતના આદર્શ થાના! ધર્મકથાનુયોગના આદર્શો છે. ધર્મકથાનુયોગમાં બીજા અનુયોગના અધિકાર આવી જાય. પણ મુખ્યતાએ આદર્શ કોનો? તમામ તીર્થંકરોનો આદર્શ [illegible]

સ્થાપનાચાર્ય વગર વ્યાખ્યાન કરે તેમાં પ્રાયશ્ચિત્ત કેમ?

અને આપણે સ્થાપનાજી વચમાં પધરાવ્યા શા માટે? [illegible]

[illegible]

આદર્શ, એમનું કેવળજ્ઞાન, તેનો આદર્શ શું? કંઈ નહિ. પ્રશસ્તક્ષેત્રનો આદર્શ પરિસહ તથા ઉપસર્ગ સહન કરો તેનો આદર્શ શો? જગતમાં આદર્શ તરીકે જે કોઈ પણ વસ્તુ ઉપગાર કરે તો તે ધર્મકથાનુયોગ. આ કારણથી શાસ્ત્રકાર એ કહે છે કે મહાપુરુષોનું કીર્તન એ કલ્યાણ અને મોક્ષનું ધામ છે ને તે ધર્મ કથાનુયોગમાં જ છે.

દુષ્ટ ભાવિકોનો ઉપકાર

ઋષભદેવ ભગવાનનો પૂર્વ ભવનો જીવ ધનાસાર્થવાહ કે જે સાથ લઈને નીકળ્યા છે. સાથમાં ધર્મઘોષસૂરિજી આદિ પરિવાર રહેલો છે. તેઓની સંભાળ લેવાની કબૂલાત છતાં સંભાળ કે તજવીજ સચવાતી નથી. સાથમાં ખાવાના પણ સાંસા પડેલા છે. લોકો ઝાડના મૂળીયા તથા પાંદડાથી પેટ ભરે છે. કંદમૂળ ખાઈને લોકો પેટ ભરે છે. આવે વખતે ધનાસાર્થવાહને વિચાર આવે છે કે જેઓને ફળ, ઝાડ તથા પાંદડાનો સ્પર્શ કરવો નથી, તેવાનું શું થતું હશે? કેટલાક દુષ્ટ ભાવિકો દુષ્ટ અને ભાવિક બન્ને કહું છું, તે કેમ? તે આગળ જુઓ. સાધુઓને કંઈક ઉપસર્ગ થાય તો મહારાજને નિર્જરા થાય છે તેમ કહે. વળી નિર્જરાથી કર્મક્ષય પણ થાય તેમ કહે. તે ભાવિકપણું ખરું પણ તે ભાવિકપણું પોતાના આત્માને ઉપયોગી છે કે પારકાને ઉપયોગી છે? સંગમદેવે ઉપસર્ગ કર્યા ત્યારે ઈંદ્રે તેને દુષ્ટ પાપી કહ્યો, ને સંગમે ઉપસર્ગ કર્યા ત્યારે ભગવાનને કર્મની નિર્જરા થઈ. એવા ઉપસર્ગ ન કર્યા હતે તો ભગવાનના નિકાચિતકર્મ ક્યાં તૂટતે? સંગમે નિકાચિત કર્મ તોડાવ્યા માટે તેને આખા સંઘમાં આગેવાન ગણવો જોઈએ. સંગમદેવતા જેવી ભગવાન મહાવીર મહારાજને ઉપકારક વ્યક્તિ નથી. દુષ્ટભાવિક આ વસ્તુ બોલી શકે. આખા જગતમાં સાચો ઉપકાર કરનાર વ્યક્તિ સંગમદેવતા કે જેણે નિકાચિત કર્મો તોડાવ્યા. આપણે દેવગુરૂ ધર્મનું આરાધન કરીએ તો નિકાચિત ત્રુટે કે ન પણ ત્રુટે પણ સંગમે નિકાચિત કર્મ તોડાવ્યા. સામાન્ય કર્મક્ષયથી દેવાદિનો ઉપગાર કરનાર માનીએ તો નિકાચિત કર્મ તોડાવનારનો ઉપગાર કેમ ન માનવો? સંગમ આવો ઉપકારક છતાં દુર્ગતિએ કેમ ગયો?

અન્ય અપેક્ષાએ પ્રવર્તેલાને ઉપકારક માનવા બંધાએલા છો. દૃષ્ટાંત તરીકે અત્રે તમને ધર્મ સંભલાવીએ છીએ. તમારે ઉપગાર માનવાનો નહિ. અમે અમારા કલ્યાણ માટે સંભળાવીએ તો તેમાં તમારે ઉપગાર શું કરવા માનવો! શેઠને ઘેર નોકરી કરીએ. એને ખપ હતો ને આપણને રાખ્યા. તેમાં ઉપગાર શા માટે માનવો? આ સ્થિતિમાં જઈએ તો શેઠ કે ગુરૂ કે માબાપના ઉપગારનું સ્થાન નથી. માબાપે આપણને બોલાવ્યા નથી. કહો કે એમના મોહના ઉદયે પ્રવૃત્તિ કરવા લાગ્યા (ગયા) તેમાં સાહજીક આપણી ઉત્પત્તિ થઈ. જન્મ્યા પછી આપણા તરીકે પાલણ પોષણ કર્યું નથી. મારા તરીકે પાલણ પોષણ કર્યું છે, એ તો જ્યાં જણે ત્યારથી ગણે છે. પારકી જણી આવી કે પૃથગ્ થવાનો છે. આવું જાણ્યા છતાં પણ મારો ને મારાપણાને અંગે પોષણ કરે. એક આપણો ખૂદ

ઘરનો જન્મેલો છોકરો ખોળે આપીએ છીએ, પછી પાંચ લાખની મુડી હોય, ને ત્રણ છોકરા હોય તો પેલો ખોળે આપેલો પચીસ હજાર માગે તો પણ ન આપો. છોકરા નહીં પોષણ નથી પણ પોતાના મોહને લીધે પોષણ કરે છે. તો આ સ્થિતિ વિચારીએ તો માબાપનો ઉપગાર માનવાનો રહે નહિ. પણ સજ્જન પુરુષે એ જોવાનું નથી. એનાથી મારો ઉપગાર થયો છે કે નહિ એ જોઈને તો જ દેવ ગુરુ શેઠ અને માબાપનો ઉપગાર માનવાનો રહેશે. અમે તો હજુ બજાર રખડતા હતા. તો આવી ભણાવશે કે સામાયિક કરાવશે અને પોતે મોક્ષની દોરી મેળવી લેશે. માટે આમાં આટલા ઉપગારક' નેમકે ઉલટો આમારો ઉપગાર માનવો જોઈએ. શેઠને અંગે વિચારશે તો અમે કોના હતા કે અમેનો વેપાર ચાલ્યો, તો શેઠે નોકરનો ઉપગાર માનવો જોઈએ. તેમ માબાપને અંગે પણ આપે જન્મ્યા ન હતે તો વાંઝિયા ગણાત. એમનું નામ રહ્યું માબાપ અને શેઠ છોકરા અને નોકરનો ઉપગાર માનવો. આ ઉપરાંત દુઃખ ભાવિકનો થયો સંગમદેવના આટલો બધો નિર્જરા કરાવનાર, નિકાચિતકર્મનો નાશ કરાવનાર, સંગમદેવના આટલો બધો ભગવંત મહાવીરે એ નામ સંગમદેવનાન... [illegible]

[illegible]

પોતે એ વિચારે કે કુદરતના હશે તેમ બનશે. વરસાદ રહેશે તો બારણે જઈશું, ને વરસાદ નહીં રહે તો જ્ઞાન ધ્યાન કરીશું. આમ તો આગારે તપસ્યા કરવા ન હતા પણ આજે તપસ્યાનો વખત અણધાર્યો મળ્યો. વળી આ રાગે શ્રાવક શું વિચારે? તે તપાસો. અરે હું કેવો નિર્ભાગી કે સાધુ મહાત્માનો મને લાભ ન મળ્યો, આમ સમજુ શ્રાવક વિચારે. ઈંદ્ર મહારાજે ભગવાનની કરેલી પ્રશંસા નહીં સહન કરી શકવાથી ભગવાનને ઉપસર્ગ કરવા જે સ્થળે ભગવાન રહ્યા છે ત્યાં સંગમદેવતા દેવલોકમાંથી આવ્યો અને ઘોર એવા વીશ ઉપસર્ગ કર્યા. તેવા ઘોર ઉપસર્ગથી પણ પ્રભુ ચલાયમાન ન થયા અને પોતાનો હેતુ પાર ન પડ્યો, એટલે વિલખે વદને પાછો સંગમદેવતા દેવ લોકમાં આવ્યો. આ ઉપસર્ગ થયા તેટલીવાર ઈંદ્ર મહારાજ તો નાટક વિગેરે બંધ કરી, લમણે હાથ મુકી, ચિંતામાં બેસી રહ્યા છે. એ કાંઈ સંગમ જેવા દુષ્ટ ભાવિક ન હતા. પૂજ્ય ભગવાન ઉપર ઉપસર્ગ થતા હોવાથી તેનું કાળજું કપાઈ જાય છે. તેથી સંગમ વિલખે મુખે દેવલોકમાં પાછો આવ્યો ત્યારે પણ ઈંદ્ર મહારાજે દેવતાઓને એજ કહ્યું છે કે એ દુષ્ટ, પાપી, ચંડાળ, સંગમદેવ આવે છે, તેનું મોં પણ જોવા લાયક નથી. તેણે આપણા સ્વામીને આવી કદર્થના કરી છે માટે તેને દેવલોકમાંથી હાંકી કાઢો. એ વિગેરે ઈંદ્રે જે કહ્યું તે ભગવાન ઉપર ઈંદ્ર મહારાજની કેટલી શ્રદ્ધા છે તે સૂચવે છે. તેથી જ સંગમને દુષ્ટ પાપી કહેનાર તે ઈંદ્રને પણ સમકિતી કહ્યા. તેમ અહીં ધર્મઘોષસૂરિ સાથમાં આવેલા છે તેની સાર સંભાળ ધનાસાર્થવાહે કાંઈપણ લીધી નથી. પણ તે દુષ્ટ ભાવિક ન હતો. જો તે દુષ્ટ ભાવિક હતે તો તેના મનમાં આ કાર્યથી થએલ પશ્ચાતાપ કદી થતે નહિ.

પ્રશ્ન : ઈંદ્ર મહારાજે સંગમને નિવારણ કેમ ન કર્યો?

ઉત્તર : આ વાત જરા ઉંડા ઉતરીને વિચારો કે સંગમ ભગવાન પાસે શા કારણથી આવ્યો છે? કહો કે ઈંદ્રની પ્રશંસામાં અવિશ્વાસ આવવાથી. તમે દાગીના ઉપર સીક્કો મારો કે આ તો સો ટચનું સોનું છે, પછી પથરા–કસોટી ઉપર તેને કોઈ ઘસે તો તમારાથી તેને પરીક્ષા કરતાં રોકાય ખરો? કહો કે નહીં જ. તેમ ઈંદ્ર મહારાજે ભગવાનની પ્રશંસા કરી કે અત્યારે ભગવાન એવા ધ્યાનસ્થ છે કે તેને ધ્યાનથી ચલાયમાન કરવાને ઈંદ્ર-નરેન્દ્ર પણ શકિતમાન નથી. આવી રીતે ઈંદ્રે કરેલી પ્રશંસા સાંભળી તેના ઉપર અવિશ્વાસી એવો સંગમ ભગવાનને ઉપસર્ગ કરવા આવ્યો ને ઉપસર્ગ કર્યા. તેથી ઈંદ્રે પોતે પશ્ચાતાપ કર્યો કે અરે, ભગવાનને જે આ ઉપસર્ગ થયા, તેમાં કારણ મારી કરેલી પ્રશંસા છે. છાપ માર્યા પછી તેને કસોટી ઉપર કોઈ ઘસે તો છાપ મારનારથી ના ન બોલાય, તેને અગ્નિમાં નાખે કે કાનસ લગાડે તો પણ ન બોલાય. બોલે તો બેઈમાન ગણાય. તેમ તે ટાઈમે ઈંદ્રમહારાજ ભગવાનને ઉપસર્ગ કરવા જતાં સંગમ દેવને કાંઈ પણ કરતે તો ઈંદ્ર મહારાજની ઈમાનદારી ઉડી જાત. અને મહાવીર સ્વામી ભગવાનની પ્રશંસા પણ ઉડી જાત. એ વખત તો છ મહિના સહન કર્યા સિવાય છૂટકો નહિ.

હવે આપણે ચાલુ અધિકારમાં આવીએ. ધર્મઘોષસૂરિને સાથમાં લાવેલ, ધનાસાર્થવાહને માટે હવે વિચાર કરીએ. જો તે દુષ્ટ ભાવિક હતે તો, ધનાસાર્થવાહ એમ વિચાર કરત કે હું ધર્મઘોષસૂરિજી મહારાજને સાથમાં નહીં લાવ્યો હતે તો, તેઓ કર્મની નિર્જરા શી રીતે કરી શકત. પણ ધનાસાર્થવાહ તેવો ન હતો. તે તો ઉત્તમ સમજુ શ્રાવક હતો. વળી પણ ધનાસાર્થવાહ જો દુષ્ટ ભાવિક હતે તો આ પ્રમાણે વિચારત કે ધનભાગ્ય મારા કે મેં કલ્યાણ આપી ન હતે ને તેઓને માટે મેં સાવજ્જ કર્યું હતે. તો આટલું કર્મની નિર્જરા તેમને થતે નહિ. માટે ધનભાગ્ય મારા કે મારે લઈ આટલી કર્મની નિર્જરા તેઓને થઈ. આમ પણ ધનાસાર્થવાહે વિચાર્યું નથ નથ તે ઉત્તમ પુરુષ હતો તે સિદ્ધ થાય છે.

ભિન્નબુદ્ધિવાળા ધર્મના ઉપદેશકને એકાન્ત લાભ

વળી આ સ્થળે કોઈ વધારે ટાંકો હોય તો, [illegible] વિચાર [illegible] નથી. તીર્થંકર મહારાજની મૂર્તિ આપણને સંસારથી પાર ઉતારે છે અને [illegible] કર્યું તેનો આલંબન [illegible] છે તેથી તેમની મૂર્તિને પરોપકાર [illegible] કેમ કે જે ગુણસ્થાન વેદીને ઉપદેશ કરે ને અત્યંત ઉપકાર થાય. તો પછી [illegible] આચાર્યો, ઉપાધ્યાયો, કે મુનિરાજો [illegible] ઉપકાર [illegible]

કોઈ અને મુનિમ [illegible] છે, [illegible] મુનિમ [illegible]

[illegible]

તેમ ધનાસાર્થવાહે મુનિ થઈ ત્રિભાગના ધી થઈ, ગેરસમજ થઈ પોતાના આત્માને ઉન્નતિ ધર્મઘોષસૂરિને તાર્યા. આવા વિચારો કુલ ભવિકોને આવે.

પોતાના કલ્પેલા નહીં પણ શાસ્ત્રમાં કહેલા લોકવિરુદ્ધ માનવા

જેમ લોકવિરુદ્ધનો ત્યાગ કરો એટલે લોકવિરુદ્ધ કોનું નામ? તો કે આજે આપણને માનીતું ન હોય તે લોકવિરુદ્ધ એવો તેનો અર્થ કરીએ છીએ. પણ લોકવિરુદ્ધની વ્યાખ્યા પંચાશકમાં શ્રીમાન્ હરિભદ્ર સૂરીજીએ કરેલી કે તેમાં તમારી મરજીએ માનીતું ન હોય તે લોક વિરુદ્ધ એવો અર્થ કર્યો નથી. તમારા હિસાબે તો મયણાસુંદરીએ લોકવિરુદ્ધ કર્યું કહેવાય? મયણાસુંદરીએ તમારા હિસાબે ધર્મની અને આચાર્યની હેલણા કરી છે પણ लोके यद् विरुद्धम् अधर्माचरणं तद् लोकविरुद्धम् એટલે લોકોમાં જે વિરુદ્ધ અધર્મ, અનીતિ, જૂઠ, ચોરી, પરસ્ત્રીગમન, ઈત્યાદિકનું આચરવું તે લોકવિરુદ્ધનો સાચો અર્થ છે. કોઈની પણ નિંદા કરવી એને લોક વિરુદ્ધ કહેનારા તમારું માનીતું ન હોય તે લોકવિરુદ્ધ, એવો લોકવિરુદ્ધ શબ્દનો અર્થ કરવામાં પહેલે નંબરે આવે છે. એકલી કાળી સાઈડ ન જોવી. બ્લેક સાઈડ પણ જોવી જોઈએ. જેમને કાળી સાઈડ જોવી છે તો તેમને લોક વિરુદ્ધ બોલવાનો પણ અધિકાર નથી. આથી કોઈની પણ નિંદા કરવી નહિ, તેને લોક વિરુદ્ધ એવો અર્થ કાઢી શકાય નહિ. મહાસાહસ પક્ષી ઝાડ ઉપર બેસે ને 'સાહસ ન કરો' એમ બોલે. વાઘ શિકાર કરી સૂઈ ગયો હોયપછી માંસની કણી ખાવા વાઘના મોંમાં માંસ ખાવા જાય, તેને ત્યાં એમ કહે કે 'કોઈએ સાહસ ન કરવું' તેનો અર્થ શો? ધીઠ્ઠાઈનો પૂરો નમુનો છે, તેમ બ્લેક સાઈડના બાનામાં બહેકનારા લોક વિરુદ્ધ શબ્દ શી રીતે બોલી શકે? કેટલાક એમ કહે છે કે આપણે તો જેવું હોય તેવું કહેનારા, પણ શાસ્ત્રકાર જેવું હોય તેવું કહેવું એમ કહેતા નથી. જરા વિચાર કરો કે જો એમ હોય તો કેવળ જ્ઞાનીએ કેટલાનું કહેવું? જેટલાનું ન કહ્યું તેટલાનો દોષ લાગ્યો. આ માણસ તો લુચ્ચો છે. તેવી રીતે સો લુચ્ચા માણસમાંની જેની લુચ્ચાઈ ન કહી તેનું પાપ કેવળીને લાગ્યુંને?

સત્ય બોલવાનું વ્રત ન કહેતા જૂઠ ન બોલવાનું વ્રત કેમ કહ્યું?

શાસ્ત્રકારોએ સત્યનામનું વ્રત નથી રાખ્યું, તો તમો આ સ્થળે પૂછશો કે કયા નામનું વ્રત રાખ્યું છે? તેના ઉત્તરમાં સમજો કે જૂઠું ન બોલવાનું વ્રત રાખ્યું છે તે ધ્યાન રાખજો. એમાં ફરક શો? જરા અક્કલથી ઊંડા ઊતરીને વિચાર કરો. સાચું બોલવું તેનો અર્થ એ કે જે જે સાચું હોય તે બોલવું. એક માણસ આલોયણ લેવા આવ્યો પછી તેની ખાનગી વાત પણ ન કહું તો હું જૂઠોને? કેમ? તો કે કોઈ પૂછે તો સાચું હોય તે બોલી દેવું. પણ એવું વ્રત હોય જ નહિ. કોઈપણ મત પ્રમાણે તેવું હોઈ શકે નહિ. દેવળમાં રવિવારે પ્રાર્થના કરવા જાય ત્યારે પાદરીને Father ફાધર કહે છે. અઠવાડિયામાં જે પાપ કર્યું હોય તે પાપ, પાદરીની ઘુંટણીએ બેસીને કહી દે છે. તે ઉપર ફરીયાદી થઈ હોય તો ફાધરને સાક્ષીમાં ન લવાય. કદાચ એમ કહે કે અમારા ધર્મની રૂએ એમાં સાક્ષી પૂરી

શકતા નથી. સાચું બોલવું જ, આ નિયમ ત્યાગીઓ તો પકડી રાખે. હવે દુનિયામાં સાચું એ. સાચું બોલવાનું હોતું જ નથી. કેવળ જ્ઞાની પણ સાચું જ બોલે એવું નથી. આનું નામ સુરજમલ અને આંખે ચશ્મા હોય તો સુરજમલ કહે કે નહિ? વાંઝણીનું નામ કુલવંતી હોય તો તેને કેવળી શું નામ લઈ બોલાવે? વ્યવહારથી પણ સત્ય નહીં [illegible] ભાષાનું સ્વરૂપ, સત્યભાષા, વ્યવહારભાષા જાણતા નથી તેમ આમંત્રણ, નિમંત્રણ, પુચ્છનામાં વ્યવહાર, ત્યાં સત્ય અસત્યનો સંબંધ નથી. તેથી સત્ય બોલવું એ [illegible] બોલવું ત્યારે સત્ય બોલવું એ પણ નથી. બોલે ત્યાં પણ સત્ય નથી. માટે [illegible] વ્રતનું નામ મૃષાવાદ વિરમણ—જૂઠું ન બોલવું, તેમ [illegible] સત્યને [illegible] કે વ્યવહારને [illegible] પ્રતિબંધ નહિ. આ બધા કારણોથી બીજા વ્રતનું નામ મૃષાવાદ વિરમણ [illegible] છે તથા [illegible] કરે છે આ ભાષા બોલ[illegible] છે તે [illegible] કરે છે, છતાં વ્યવહારમાં [illegible] વ્યવહારભાષા જૂઠું [illegible] નિંદા તેમાં [illegible] પણ નિંદા [illegible] વ્રતના ત્યાગી કહેવાય કે?

[illegible] કોઈ ગુણ કે ગુણી નથી [illegible]

[illegible]

તો પડી છે. પછી તે દેવને દેવલોકમાં રહેવાનું સ્થાન ન રહ્યું. જેમ સરકાર દેશપાર કરે તો? આંદામાન ટાપુમાં કે નહિ? કહો કે દેશના વ્યવહારની બહાર. એમ સંગમદેવને દેવલોકની બહાર કર્યો એટલે હવે તે રહે છે ક્યાં? દક્ષિણ બાજુનો તિર્છો અને દેવલોકની બહાર મેરૂ પર્વતની ચૂલિકામાં રહે છે, અને તે સ્થાન સૌધર્મેન્દ્રની અપેક્ષાએ આંદામાન કહેવાય. દેવતાની અપેક્ષાએ મેરૂની ચૂલિકા પણ એવી સ્થિતિમાં છે. આ શિક્ષા શાને અંગે કરી? કહો કે સાધુને હેરાન કરનારને સજા ન કરું તો લોકવિરુદ્ધ છે. આ વ્યાખ્યા પંચાશકમાં હરિભદ્રસૂરિજીએ જણાવી છે તે ખ્યાલમાં લઈએ ત્યારે બધું માલમ પડે છે.

ધર્મઘોષસૂરિની આપત્તિકાળે ધનાસાર્થવાહનું કાળજું જરૂર બળે છે અને સૂરિજી પાસે આવે છે ને પોતાના અપરાધની ક્ષમા યાચે છે, કારણ **અપરાધ જાણ્યાનો બદલો, ઓછામાં ઓછો માફી માગવાનો હોવો જોઈએ.** તેમ ધનાસાર્થવાહ પણ અપરાધને અપરાધ તરીકે જાણે છે, ને તે જાણતો થયો હોવાથી જ ધર્મઘોષસૂરિજી પાસે આવે છે ને પોતાના અપરાધની ક્ષમા યાચે છે.

સંગમદેવ છ મહિના સુધી મહાવીર ભગવાનને ઉપસર્ગ કરે છે, છતાં પણ સંગમદેવ જતાં મહાવીરસ્વામી ભગવાનની આંખોમાં દયાનાં આંસુ આવે છે. કેટલી બધી દયા? અપરાધી જીવ ઉપર પણ ક્ષમા! અરે, આ બિચારા જીવનું શું? આવો વિચાર અપરાધીના જીવ ઉપર આવ્યો, કારણ? ભગવાન દયાના દરિયા હતા. ક્રોધની કણી પણ ભગવાનમાં ન હતી. તેવી જ રીતે ધર્મઘોષસૂરિ પાસે જ્યારે ધનાસાર્થવાહ આવે છે ત્યારે તેના ઉપર [illegible] પણ ગુસ્સો [illegible] કર્યો ન હતો. ક્રોધનો છાંટો પણ નહિ. ઉપશમીએ ગયેલો [illegible] ની વાતમાં ન મુંઝાય, મુંઝાયો તો મૂઓ. તેમ અહીં ધર્મઘોષસૂરિજી [illegible] ઉપર, આજીજી ઉપર કે માફી ઉપર જાય એટલે કે તેની પાસે [illegible] તો મુંઝાઈ જાય. તેથી તેમણે ચોકખી વાત કરી કે હે મહાનુ- [illegible] ભરેલા જ છે. તથા અજ્ઞાનપણું ભરેલું છે તેમાંથી [illegible] માત્ર ધર્મ જ છે. તેથી જ માટે જ્ઞાનીઓએ धम्मो मंगलमुक्किट्ठं [illegible] છે. તે પણ ઉત્કૃષ્ટ મંગલ કહેવાય છે. પાપને ભડકાવનાર હોય [illegible] ભવની અપેક્ષાએ અને પરભવની અપેક્ષાએ ધર્મ જ સુખદાયક છે. [illegible] બીજું મંગલ નથી. આબાદિ-બાદી જીંદગીમાં જેમ સ્વર્ગ અને [illegible] તો તે ધર્મ જ છે. સ્વર્ગ ક્રિયા દ્વારાએ આપે છે. [illegible] સ્વર્ગ આપે છે. [illegible] માર્ગે ચઢીએ તો [illegible] આગળ વધવું પડે. આ ધર્મદ્વારાએ [illegible]

પ્રવચન ૬ઠું

સંવત ૧૯૯૦ અષાડ સુદી ૧૩

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન જણાવી ગયા કે **महात्मनां गुणकीर्तनं हि श्रेयो निःश्रेयसास्पदं** એટલે કે મહાત્મા પુરૂષોના ગુણોનું કીર્તન એ કલ્યાણ તથા મોક્ષનું સ્થાન છે. મહાપુરૂષોને વંદન, તેમનું કીર્ત્તન, સત્કાર, સન્માન તે બધાનું જે ફળ તે બધાનો આધાર તેમના ચરિત્રો સાંભળી તેના અંગે થએલી શ્રદ્ધાને આભારી છે. તેઓના પૂજન, વંદન તથા આરાધનમાં જે ફળ કહેવાય છે તે પૂજ્ય પુરૂષોના ગુણો, ચરિત્રો તથા વર્તનો સાંભળ્યા હોય તો તે પ્રમાણે બહુમાનાદિક થાય. જે પ્રમાણે આદર તે પ્રમાણે નિર્જરાદિક પ્રાપ્ત થાય છે. આદર બહુમાન એ તેના ગુણોના જ્ઞાન ઉપર આધાર રાખે છે. નાના છોકરાના હાથમાં આવેલો હીરો દુર્લભ યાને મોંઘો ને કીમતી છે પણ તે બોર પેટે જાય તેવો છે. તેને કીમત પૂર્વક ગ્રહણ ન હોવાથી ગ્રહણ કરેલો છતાં બોરાં પેટે ચાલ્યો જાય. તેમ જેઓએ તીર્થંકર આદિ મહાપુરૂષોનાં ચરિત્રો સાંભળ્યાં નથી, ગુણો જાણ્યા નથી, તેવાઓને તીર્થંકર ભગવાનની ગુરૂમહારાજની, દયાલક્ષણ ધર્મની પ્રાપ્તિ થયેલી હોય તો પણ તે નજીવી વાતમાં ચાલી જાય છે.

વહુવાયા જેવો ધર્મ

દુનીયાનું સ્વાભાવિક સામાન્ય સુખ મળતું હોય તો ધર્મ છોડી દે છે. કિંચિત માત્ર દુઃખ ટળતું હોય તો ધર્મ છોડી દે છે. આપણે પણ એવા જ છીએ. એક વખત આડે જંગલે વધારે જવું પડે તો પૂજા નહીં થાય. પેટમાં જરા દુઃખવા આવ્યું તો પડિકમણું સામાયિક નહીં થાય, ઘેર જરા વિવાહાદિક કાર્ય આવ્યું તો આજે દહેરે–ઉપાશ્રયે નહીં જવાય. કેમ? ફુરસદ મળી ન હતી. કારણ કે ઘેર લગ્ન હતા. આ વાક્ય–વચનમાં ખોટું નથી, પણ એ વાક્ય ધિક્કારને લાયક છે. એટલે એનો અર્થ આપણે એમ કરી બેઠા છીએ કે દેવનું આરાધન ફુરસદ મળે તો કરવાનું. ફુરસદ લઈને કરવાનું નહિ? પ્રતિક્રમણ માટે તથા જિનેશ્વર દેવના આરાધન માટે ફુરસદ લેવાની નહિ. તો તેની કીંમત આપણે કેટલી ગણી તે વિચારો. ફુરસદ ન મળે તો ફુરસદ કાઢવા તૈયાર નથી. તેથી આ જિનેશ્વર દેવ આદિકનું આરાધન આપણે આલતું ફાલતું ગણી કાઢ્યું છે. એટલે ફુરસદ મળે તો કરી લેવું, નહીંતર કંઈ નહિ. નાતમાં જમણ હોય ત્યારે વહવાયાને અંગે આપતી વખતે આપણે કહીએ છીએ ને કે વધ્યું નથી. વધે તો આપીએ ને? આમ વહવાયાને ઉડાઉ જવાબ આપીએ છીએ, તેવી જ રીતે ઉપરનો દેવગુરૂની ભક્તિ કરવાનો તમારો જવાબ પણ ઉડાઉ છે. બાયડી, ધન, કુટુંબ, માલમિલકત એ નાતીલાને માટે ખૂટ્યું તો નવો પાક કરવો પડે. નાતીલાને વધ્યું નથી માટે નહીં આપીએ એમ કહેવાનું નથી, કારણ ત્યાં

સ્થિતિએ આવે? એમાં આલંબન બધું મલિન, નિરંજન નિરાકારીમાંથી અવતારી થાય. કહેવાય સર્વશક્તિમાન, પણ નવ મહિના માતાના પેટમાં રહેવું પડે, ઉંધે મસ્તકે લટકવું પડે. જો નિર્મળમાંથી મલિન થવાનું સારૂં માનીએ તો પછી સોના સાંઠ કરે, તેને પણ બાહોશી આપવી જોઈએ, તેમ ઈશ્વરમાંથી અવતારીપણું માનીએ તે નિર્મળમાંથી મલિન થવા બરોબર છે. આ ઠેકાણે સમજુ હોય તો તો શરમાઈ જાય. નિર્મળ એવી ઈશ્વર સ્થિતિમાંથી એટલે કે આત્મ સ્થિતિમાંથી ખસી જગતના કેદખાનામાં આવવું તે કાંઈ સારૂં ગણાય? અરે, કેદખાનામાં પણ જે વસ્તુ ન હોય તેવી ખરાબ સ્થિતિમાં આવવું તે કઈ રીતિએ સારૂં ગણાય તે તમે પોતે જ વિચારી જુઓ.

વિચાર કરો કે કેદખાનામાં પણ વિષ્ઠા, મૂત્ર, કચરો ન હોય તેવા વિષ્ઠા અને મૂત્રવાળા ખરાબ સ્થાનમાં આવવું પડે અને નવ મહિના સુધી ઊંધે મસ્તકે લટકવું પડે. કહો આવા ઈશ્વરની મહત્તા કેટલી ઘટી કે વધી? કહો કે ઘટી. આ ઈશ્વર કમાયો કે ખોયું? આ સ્થિતિએ ઈશ્વરાવતાર માનવો એ જૈનોને પાલવતું નથી. આવી રીતે મૂળ વસ્તુને ખોવાવાળા નિર્મળતામાંથી મલિનતામાં આવવાવાળા જાણી જોઈને દુર્ગંધી સ્થાનમાં રહેવાવાળા તેને જૈનો ઈશ્વર માનવા તૈયાર નથી. તેઓ તો હજુ કર્મને આધીન હોવાથી તેઓને ગર્ભમાં ઉપજવું પડે છે તથા ગર્ભમાં રહેવું પડે છે, તો તેવાઓને આરાધન શી રીતે કરી શકાય? અર્થાત્ તેવી વ્યકિતઓને ઈશ્વર તરીકે મનાય નહિ.

પ્રશ્ન : જગતના ઉદ્ધાર માટે એટલા દુઃખ વેઠે છે ને?

ઉત્તર:—'ઊઠો રે મુરારી! ગોપીઓના ચીર કોણ ખેંચશે.' સવારના પહોરમાં જ આવું [illegible]. કંસનો નાશ કાઢવા તથા જાદવકૂળનો નાશ કરવા અવતર્યા. પાપીઓના નાશ કરવા અવતર્યા. પાપીઓને જન્માવી તેઓના નાશ કરવા અવતર્યા. તેમાં પોતાનું સચ્ચિદાનંદપણું [illegible] પડ્યું. ગોપીઓ તળાવમાં નાહવા ગએલી છે, તેવે વખતે તેઓના ચીર પહેરવાના [illegible] ઝાડ પર ચઢી જાય છે. ઝાડ પર ચઢી મોરલી વગાડે છે. સ્ત્રીઓ નગ્નપણે [illegible] જાય, મોરલી વગાડવી, કહો ભાઈ! આ કઈ દુનિયાદારીની ઉચ્ચ સ્થિતિ? [illegible] દુકાને દૂધ પીએ તો પણ દારૂડીઓ કહેવાય.

પ્રશ્ન — તેઓ તો (કૃષ્ણ ભગવાન) તો નિર્વિકારી હતા. વગર ઈચ્છાએ [illegible] [illegible]

[illegible] — નિર્વિકારી તો નહીં જ, વિકાર ઈચ્છા વગરના હોતા નથી. તેમને સ્ત્રીઓના [illegible]

[illegible]

[illegible] નિર્વિકારી [illegible] હતા. કારણ કે [illegible] [illegible]

છતાં પણ સુદર્શન શેઠ ચલાયમાન ન થયા. છેવટે પોતાનું વ્રત સાચવવા 'હું નપુંસક છું'– એમ પણ કહી દીધું. રાણીને પણ તે વખતે ખાત્રી થઈ છે કે આવા એકાંતમાં પણ મારા સરખી ઉપસર્ગ કરનારી હોવા છતાં વિકારી ન થયો તો ખરેખર નપુંસક જ હશે. પછી અમુક ટાઈમે મેળા પ્રસંગે સુદર્શન શેઠના પુત્રો જોયા. રાણીએ સખીઓને પૂછયું, આ કોના પુત્રો? તેણે કહ્યું–તે તો સુદર્શન શેઠના પુત્રો છે. રાણીએ કહ્યું,–તે તો નપુંસક છે ને? સખીઓ કહે છે કે એ ભ્રમ તમને થયો કયાંથી? તને ખરેખર તેણે છેતરી લાગે છે? આવી રીતે ઘરમાં રહ્યા છતાં તેવાને નિર્વિકાર કહીએ તો ચાલે પણ પ્રત્યક્ષ ચાળા ચટકા કરવા પછી નિર્વિકારીપણું કહેવું તે ઘટતું નથી.

ઉત્તમ આલંબનો પકડવા

હવે આપણે મૂળ વાતમાં આવો. ઈશ્વર નિરંજન નિરાકાર જ્યોતિ સ્વરૂપી થઈ, ને પછી ગર્ભાવાસના દુઃખો ઈશ્વર શા માટે લે છે? અને તેવાના આલંબને આપણે કરવાનું શું? અર્થાત્ તેવા આલંબનથી તો પોતાનું પણ ખોવાપણું છે. માટે મલિનમાંથી નિર્મળ થએલ, શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરેલ હોય તેવાઓના આલંબને આપણે પણ શુદ્ધ થઈ શકીએ, તેથી આલંબન તેવાઓનું લેવું ઈષ્ટ ગણાય.

હવે બન્નેના બન્ને આલંબન તપાસી લ્યો. જૈનોમાં મલિનમાંથી નિર્મળ થવાના આલંબન. આલંબન કયું સારૂં ગણવું જોઈએ? મલિનમાંથી નિર્મળ થવાને માટે હંમેશાં નિર્મળ આરીસો જોઈએ. સતી થવું હોય તે જો વેશ્યાનું આલંબન લે તો તેનું સતીત્વ કયાં સુધી ટકી શક-વાનું? નિર્મળમાંથી મલિન થનાર આત્માની અહર્નિશ અધોગતિ થયા વિના રહે નહિ. વેશ્યા છતાં પણ સતીની મૂર્તિ રાખી, સતીના ચરણમાં શરણ માનનારી હોય તો કોઈક વખત સતીની સડક ઉપર જાય. આ જીવ મલિન છે તેમાંથી નિર્મળ થવા માંગે છે તો તે માટે આદર્શ કેવો લેવો જોઈએ? મલિનમાંથી નિર્મળ થયેલાનાં ચરિત્રો ધ્યાનમાં લે તો જ નિર્મળ થઈ શકે.

ઋષભદેવના પ્રથમ ભવની અજ્ઞાનતા

આ અપેક્ષાએ દરેક તીર્થંકરની આરાધના કરવાવાળાઓએ એમની મલિન દશા વી હતી? અને હવે નિર્મળ કેવી રીતે થયા તથા કેટલા નિર્મળ થયા, એ વિગેરે તપા-રૂં જોઈએ. આ બધી હકીકત કહેવાથી ચરિત્ર કર્તા પુરૂષ એ કહે છે કે તે ઉત્તમ પુરૂ-ષોનાં ચરિત્રો જ જીવોને ઉપગારી છે. અને તે ચરિત્રોમાં પ્રથમ ઋષભદેવજીનું ચરિત્ર ણાવું છું. અહીં ધનાસાર્થવાહનો ભવ તે ઋષભદેવજીનો પ્રથમ ભવ. તેઓના તેર ભવો થયા છે. તેમાં પહેલો ભવ તે હવે તપાસીએ. કહો કે આપણી અપેક્ષાએ બુડથલ. આ કહીને હું તેમની અવજ્ઞા કરતો નથી પણ પ્રથમ ભવમાં કેવા પ્રકારની તેમની મલિન દશા

હતી તે જણાવવા માટે કહું છું. તેઓને સંઘયાત્રા કરવાનું નથી સૂઝ્યું પણ સાથ લઈ જવાનું, વળી સાથમાં વેપાર કરવા કરાવવાનું, સાથે આવતા હોય તેને વાહન ભથ્થું વિગેરે આપવાનું, એમ તેના રક્ષણનું સૂઝ્યું છે, કે જે તેના સ્વાર્થને આધીન છે. તેમાં ધર્મ ભકિત જણાતી નથી; તો આમ સ્વાર્થ હોય, ત્યાં પૈસો ખરચાય છે પણ ધર્મની ભકિતમાં પૈસો ખરચાતો નથી. સંઘયાત્રામાં ધર્મીઓની ભકિત કેટલી થાય છે તે વિચારો? તે કરવાનું મન થતું નથી. ધર્મઘોષસૂરિજી જેવા મહાન ગુણી આત્મા સાથમાં આવ્યા છે તેની ભકિત કરવાનું મન આ ધનાસાર્થવાહને થતું નથી અને તેથી કેમ આવ્યા છો? એમ મહાપુરૂષને પૂછે છે. હવે વિચારો કે આ જીવ કેવો ખાલી હશે? ધર્મવાસનાનું બિંદુ પણ નથી, એટલું જ નહિ પણ આચાર્ય બેઠા છે ત્યાં કેરીઓ ભેટ લેવાય છે. આચાર્ય બેઠા છતાં કેરીઓ ભેટ લેવાનું કામ કરે છે તેમાં આચાર્યનો આદર કેટલો? બીજી બાજુ આચાર્યને આદર કરે છે કે મહારાજ કેરીઓ લેશો? કેટલો બધો અજ્ઞાની પુરૂષ? કેરીનું ભેટાણું લેવાય છે છતાં આચાર્યને કેરી લ્યો એમ કહે છે. પોતાની અપેક્ષાએ તે ભલે સારૂં ગણો પણ આચાર્યની અપેક્ષાએ જોવા જાઓ તો તેમનો અનાદર જ ગણેલો ગણાય.

કોઈ પણ પ્રકારે અવસ્થા ઉચિત ધર્મમાં જોડવો

[illegible] રીતિએ આચાર્યને કેરીનું લેવાનું કહેવું તે કેટલી અજ્ઞાનતા છે! સાર્થ ચાલ્યો, [illegible] કે આચાર્યની ખબર લીધી નથી. આવી દશામાં ચોમાસું રહ્યા છે. જ્યાં [illegible] મુસાફરી, ભૂગોળ, પાંદડાં, ફળ અને ફૂલથી નિર્વાહ કરવાનો વખત તેવા [illegible] આવ્યો છે. જેનો આચાર જાણ્યો છે, તેવાની ખબર લીધી નથી. આ [illegible] છે? આવી મલિનતાવાળા માણસ કે જેને આચાર્યનું ઘેર આવવું [illegible] નથી. આચાર્ય સાથમાં આવતા કહ્યું તેમાં કાંઈ નહિ. આવી દશાનો [illegible] ભગવાન ઋષભદેવજી થયા. અર્થાત્ કોઈ પણ જીવ પોતે નાસ્તિ- [illegible] આ ઋષભદેવજીનાં ચરિત્રો [illegible] ધ્યાનમાં લેવા કે જેથી નાસ્તિકપણ [illegible] શ્રી ધર્મઘોષસૂરીજી પાસે તે આવે છે. છોકરો [illegible] એમ કહે કે કોઠામાંથી લઈ લે, ૧૦ વર્ષનો હોય તો [illegible] ને બાળક હોય તો [illegible] પુત્રના [illegible] જેવો હોય તે રીતે [illegible] કામ છે. તેવી રીતે [illegible] જેવો હોય તેને [illegible] ધર્મ કહેલા. છોકરા [illegible]

છોકરા આગળ છાપનું વર્ણન, ચકચકાટીથી માંડીને રેખાનું આગળનું ને મોટો હોય તો માલીકના ગુણવર્ણન વડે. વર્ણન કરી તેને સમજાવવામાં આવે છે. તેમ ધર્મોપદેશ દેનાર ધર્મઘોષ-સૂરિજીને પણ એક જ કાર્ય છે, કે કોઈપણ જીવને ધર્મમાં જોડવો. પણ ધર્મોપદેશ સાંભળનારા કેટલાક બાળ હોય. અત્રે બાળક એટલે નાની ઉંમરવાળા એવો અર્થ ન સમજશો. ત્યારે ધર્મમાં બાળકપણું કોને કહેવું? તે જણાવે છે:

બાલ–મધ્યમ–બુધ–ગુરુને કયા લક્ષણથી ઓળખે ?

બાલઃ પશ્યતિ લિંગમ્ બાળક હંમેશાં લિંગને એટલે ચિન્હને જુએ છે. બાહ્ય તપસ્યા કે આચારને દેખે તે બાળક. તપસ્યા, ત્યાગ, લોચ, વિહાર, અભિગ્રહ વિગેરે વસ્તુ ગુરૂમાં દેખે ને તે દ્વારાએ ગુરૂની પરીક્ષા કરે તે બાળક. તથા પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિમાં કેમ છે, તે દ્વારાએ ગુરૂને દેખે તે મધ્યમ બુદ્ધિવાળો સમજવો. એટલે અષ્ટ પ્રવ-ચન માતાના પાલન દ્વારાએ ગુરૂને માને તે મધ્યમ બુદ્ધિવાળો કહ્યો. પણ બુધ કયારે? તો કે શાસ્ત્રમાં લખાએલા અક્ષરો દ્વારા જેનું જીવન હોય તે તપાસી માને તે બુધ જાણવો. જે કોઈ જિનેશ્વર ભગવાનની આજ્ઞાને માને તેજ ગુરૂ, તેના વચન પ્રમાણે જ વર્તે, ને આજ્ઞાથી બાહેર હોય તો ગુરૂ નહિ, એમ માનનારને બુધ કહેવાય. ગુરૂ તત્ત્વને અંગે આ ત્રણ ચીજ બાળ–મધ્યમ ને બુધ બતાવી, જેમ છાપમાં ત્રણ વાના હતા–ચળકાટ, રેખા ને મૂળ પુરૂષની સ્થિતિ, તેમ ગુરૂમાં ત્રણે વાના હોય. પછી બાળક ભલે જુદું જુદું દેખે. ગુરૂમાં ત્યાગપણું અષ્ટ પ્રવચન માતાનું પાલનપણું અને સિદ્ધાંતમાં પ્રવીણપણું જોઈએ. ગુરૂમાં આ ત્રણમાંથી એકેની ઓછાશ ન પાલવે. જેમ ગુરૂમાં તેમ જિનેશ્વરમાં પણ બાળક બાળકની અપેક્ષાએ તથા મધ્યમ અને બુધ પોતપોતાની અપેક્ષાએ દેખશે. અષ્ટ પ્રાતિહાર્ય તથા ચોત્રીશ અતિશયો બાળકને જીનેશ્વર ભગવાન સમજવા માટે બસ છે.

આ ઠેકાણે એક વાત લક્ષ્યમાં લેવા જેવી છે ને તે એ કે દીગમ્બરો એમ કહે છે કે અમે તો નિરંજન, નિરાકાર, વીતરાગ, ભગવાનને જ માનીએ, તેવા ભગવાનને વળી આંગી, આંખો તથા બીજા પ્રકારની શોભાનો આકાર વિગેરે કરવાની શી જરૂર છે ? તો તેઓને આપણે એમ પૂછી શકીએ કે સામાન્ય કેવળી અને વીતરાગ ભગવંત તે બેમાં ફરક શો? કારણ વીતરાગપણું બન્નેમાં સરખું છે. તમારા મતે તો તીર્થંકર ભગવંતને ઠોકરે મારી સામાન્ય કેવળીને પૂજવા જોઈએ. કારણ કે સામાન્ય કેવળી નિરૂપાધિક છે, દેવતાના અમૂલ્ય છત્ર ચામરથી તિર્થંકરપણાનો બાધ નથી. તો પછી આંગીઓ વિગેરે રચવાથી શું વીતરાગપણું તેમાંથી ખસી ગયું ? અને તે આંગી વિગેરે તો ગૃહસ્થી પોતાના ભાવની વૃદ્ધિ માટે રચે છે. વીતરાગ ભગવંતને તો આંગી રચો યા ન રચો તે માટે કાંઇ છે નહિ.

વળી જગતમાં કોઈ જીવ આંખવાળો લેશો તો માલૂમ પડશે કે શરીરના રંગ કરતાં આંખનો રંગ જુદો છે. આંખ તથા શરીરનો રંગ શેરડીમાં એક સરખો હોય છે. જીવોમાં પણ ચઉરિંદ્રિય તથા પંચેંદ્રિય જીવ લ્યો, તો માલુમ પડશે કે આંખ અને શરીરનો રંગ એક હોય નહિ, તેથી સિદ્ધ થાય છે કે ભાવની વૃદ્ધિ માટે દ્રવ્ય આકૃતિની જરૂર છે,, ને તેમાં પણ જે જે અવયવો જેવા જેવા રૂપે હોય તેવી આકૃતિની ખાસ જરૂર છે. આ પ્રમાણેનો આકાર હોય તો તે ભાવવૃદ્ધિમાં કારણરૂપે થાય છે. માત્ર એક ચક્ષુના આકારની જરૂર નથી એમ માની લઈ બીજા આકારને રાખવો ને નિરંજન નિરાકારી ભગવાન જ પૂજ્ય છે તેમ કહેવું તે જરા વિચારણીય છે. કારણ કે ભગવાન નિરંજન નિરાકારી છે તેમાં કોઈ ના પાડતું નથી, પણ ભાવવૃદ્ધિ માટે દ્રવ્ય આલંબનની જરૂર હોઈને વીતરાગની પ્રતિકૃતિ–પ્રતિમા દેરાસરમાં બેસારવામાં આવે છે ને તેને જોઈ ભવ્ય ભાવુકો આત્મકલ્યાણ સાધી શકે છે. આથી મૂર્તિમાં આંખને સ્થાને આંખ તથા બીજે પણ શરીરનો રંગ જેવા પ્રકારનો હતો તેવો કરવો જોઈએ. બાલજીવો હંમેશાં બાહિરની રચના જોઈ પ્રતિબોધ પામે છે.

શરીર અને ચક્ષુનો વર્ણભેદ દરેકને હોય તેથી મૂર્તિમાં ચક્ષુની જરૂર

એક મનુષ્યની મૂર્તિ બનાવવી હોય તેમાં પણ આંખ અને શરીરનો વર્ણ જુદો કરવો પડશે, નહીંતર મૂર્તિ યાને પૂતળી આંધળી છે તેમ લોકો કહેશે. ઉપરના કથનથી એ કહેવાનું કે વીતરાગની પૂજા કરીએ છીએ તેમાં તે વીતરાગ બાળકને ઓળખાવવા હોય તો, તેને બાહ્ય આકૃતિથી ઓળખાવાય છે, તેથી ભામંડળ વિગેરેની રચના આવશ્યક છે. જન્માભિષેક વખતે પણ પ્રભુને વસ્ત્ર અને ઘરેણાં હોય છે. વળી આઠ મહાપ્રાતિહાર્યથી જિનેશ્વરનું જિનેશ્વરપણું બાળકો ઓળખી શકે છે, તે માટે પ્રાતિહાર્યાદિકની રચના તથા ચોત્રીશ અતિશયોયુક્ત શરીરની સુંદર પ્રતિકૃતિવાળી જિનેશ્વરની મૂર્તિથી બાળક પ્રતિબોધ પામે છે. એટલા કારણસર તે બાહ્ય વીતરાગ [illegible] કરવામાં આવે છે, તેમ સમજવું.

[illegible] બુદ્ધિવાળાને, વીતરાગના અને સર્વજ્ઞતાથી બોધ થાય છે. સ્ત્રી આદિકના [illegible] રહિત [illegible] આદિક શસ્ત્રો રહિત દૂષણ વિનાની વીતરાગની મૂર્તિ [illegible] બુદ્ધિવાળાને વીતરાગપણાનું ભાન થાય છે, તેઓને માટે શાન્ત [illegible] [illegible] કરવામાં આવે છે.

[illegible] સ્વરૂપ દ્વારા ભગવંતને જાણો

[illegible] બુદ્ધિવાળા તો વીતરાગનું પ્રથમથી જ સ્વરૂપ હૃદયમાં [illegible] [illegible] પ્રથમથી જ એવો સંકલ્પ કરેલો હોય છે કે [illegible] [illegible] શાસનરસી.' જો મારી શક્તિ હોય તો સર્વ જીવોને [illegible] આથી ભાવદયા જગત ભરના તમામ જીવો [illegible] છે તે [illegible] ભગવાન છે. [illegible] ભાગ [illegible]

સર્વ જીવોને ત્યાગ-ધર્મવાળા કરૂં એવી જે ભાવદયાવાળા હોય તેજ તિર્થંકર છે. સાચા પૂજ્ય પુરૂષ છે. ત્યાગધર્મમાં આદર સત્કારવાળા સર્વ જીવોને કરવા તે ભાવદયા છે. અથવા નિર્ગ્રંથ પ્રવચનમાં સર્વ જીવોને રાગી કરવા તે ભાવદયા; ભગવાન તે ભાવદયાના સાગર હોય છે. પૂર્વભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું છે. એવા તીર્થંકર ભગવાન યા કેવળી ભગવાન વીતરાગપણામાં ઉપર પ્રમાણે શાસ્ત્રોક્ત સ્વરૂપવાળા હોય છે-એવું બુધ એટલે પંડિત બુદ્ધિવાળા જાણે છે ને તેથી તેઓને વીતરાગના સ્વરૂપનું ભાન થાય છે.

આવા સ્વરૂપવાળા તીર્થંકર ભગવાન જયારે કેવળી થઇ દેવતાએ રચેલા સમવસરણમાં બિરાજે છે ને ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, ને બાર પર્ષદામાં ધર્મદેશના આપે છે તેવે ટાઇમે તે દેશના અમોઘ ગુણવાળી હોઇને દેશના સાંભળવા વાળા કે ભવ્ય જીવો તેવે ટાઇમે સમ્યક્ત્વ પામે છે. કેઈ જીવો દેશવિરતિ અંગીકાર કરે છે, ને કેઇ ભવ્ય પ્રાણીઓ સર્વ વિરતિ અંગીકાર કરે છે. એમ ઉત્તમ જ્ઞાની ભગવંતનું સ્વરૂપ હોય છે. તેવા જ્ઞાની ભગવાનની દેશના ખાલી જતી નથી અને કદાચ કોઇ અનંતાકાલે તેવો પણ બનાવ બને એટલે કે તેવા જ્ઞાની તીર્થંકર ભગવાનની પણ દેશના ખાલી જાય તો તેને શાસ્ત્રમાં આશ્ચર્ય તરીકે વર્ણન કરવામાં આવેલ છે.

તીર્થંકર-ગણધર નામ કર્મ કોણ બાંધે ?

આ ઉપરથી પંડિત પુરૂષ તીર્થંકરપણું કઇ અપેક્ષાએ વિચારે તે જણાવવામાં આવ્યું. 'સમસ્ત જગતને તારૂં, એવી ભાવનાવાળા તીર્થંકરો થાય છે: માત્ર કુટુંબને જ ત્યાગ ધર્મમાં લાવવાની ભાવનાવાળા ગણધર મહારાજ થાય છે. અને 'મારા પોતાના આત્માને તારું એવી ભાવનાવાળા અંતગડ કેવળી થાય છે. આ બધું સ્વરૂપ પંડિત વિચારે ને તેથી વીતરાગ દેવને ઓળખે કે જેણે ભવાંતરમાં આવા કષ્ટો વેઠયાં તે શા માટે ? તો કે જગતના ઉદ્ધાર માટે. જેઓએ પ્રથમના ભવોમાં જે તપસ્યા અને ત્યાગ વિગેરે કર્યા તે કેવળ જગતના ઉદ્ધારને માટે. આમ કષ્ટ કરીને જેઓએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે, તે પ્રમાણે બુધ એટલે પંડિતો તેના સ્વરૂપને વિચારી તેની માન્યતાવાળા થાય છે.

જોકે તીર્થંકર નામ કર્મ એ બીજા ચાર અઘાતીયા કર્મ ખપાવીને મોક્ષ થાય તેમાં આડું આવવાવાળું છે, છતાં જગતના ઉદ્ધારની જ એક અભિલાષા તીવ્ર હોવાને કારણે જેઓએ તે ઉપાર્જન કરી તે કરી બતાવ્યું ને પછી અઘાતીયા કર્મ ખપાવી પોતે કૃતકૃત્ય થઇ પોતાના આત્માનો પણ ઉદ્ધાર કર્યો—એવા ભગવાન હોય છે તેમ પંડિત વિચારે. વળી પણ પંડિત પુરૂષ તે તીર્થંકરદેવનું સ્વરૂપ આ પ્રમાણે વિચારે કે-તીર્થંકર થઇ દેવતાને પૂજ્ય બન્યા તેમ નહીં પણ જગત માત્રના ઉદ્ધારનું

લક્ષ્ય રાખી ચારિત્ર્ય લઈ પરિસહ ઉપસર્ગ સહન કરી કેવળજ્ઞાન ઉપાર્જન કરી, ગણધરો પાસે શાસ્ત્રો રચાવી, મોક્ષમાર્ગ બતાવ્યો ને દુનિયા માટે તે રસ્તો ખુલ્લો કર્યો એમ સર્વજ્ઞતા સાથે વીતરાગતાને માને છે. તેથીજ તીર્થંકરપણું કહેવાય છે, ને તેના અંગે દેવપણું કહેવાય છે, ને તે દેવમાં પ્રાતિહાર્ય વિગેરેથી બાળકને બોધ થાય છે. મધ્યમને તેના સવિસ્તરતાનું ભાન થાય છે ને પંડિતો ઉપરોક્ત પ્રમાણે વિશેષ સ્વરૂપથી તે તીર્થંકર દેવને સમજી શકે છે.

આ ઉપરથી બાળક, મધ્યમ અને સમજદારને પણ સમજાવવા એમ કહેવામાં આવ્યું. જેમ માતા ૨૨ વર્ષનાને, આઠ વર્ષનાને, ૪ વર્ષનાને તથા બે વર્ષના બાળકને પણ પોષે છે, તેમ ગુરુ મહારાજ પણ બાળક, મધ્યમ અને પંડિત એ સર્વને ધર્મથી પોષણ કરે છે. દેવતત્ત્વમાં બાળક, મધ્યમ ને પંડિત એ ત્રણેને સમજી શકે તેમ ત્રણેને લાયક સામગ્રી છે ને તે અપેક્ષાએ ત્રણ ભેદ પાડ્યા છે. તેવી જ રીતે અહીં ધર્મઘોષ સૂરિ પણ બાળક, મધ્યમ અને પંડિત એ ત્રણે વર્ગને ધર્મ સમજાવે છે. નાનો બાળક દેવલોક કે મોક્ષ એ ન સમજે, તેને તો પ્રથમ ભણાવવું જોઈએ. શય્યંભવ સૂરિએ પણ આ હેતુથી જ પ્રથમ धम्मो मंगलमुक्किट्ठं વિગેરે ભણાવ્યું. પણ ધર્મનું ફળ શું? તેનો હેતુ શો? અને તેનું વિસ્તારથી સ્વરૂપ શું? તે પ્રથમ ન સમજાવ્યું. ત્યારે [illegible] કે શય્યંભવ સૂરિએ મનકમુનિને બચ્ચાપણાની રીતિએ પ્રથમ ધર્મ સમજાવ્યો.

[illegible]ન્તરે બાલાદિકને ધર્મનું જ્ઞાન

[illegible] મોટું કલ્યાણ થાય છે, પાપથી બચાવનાર તે ધર્મ, હિતની પ્રાપ્તિ કરાવ[illegible] મને સંસારથી બચાવે તે ધર્મ, જીવને. ધર્મ એ મોક્ષ પમાડનાર છે. ઉત્કૃષ્ટ [illegible] કાંઈ હોય તો તે ધર્મ જ છે. આવી રીતે બાળકોને લાયક ધર્મનું સ્વરૂપ [illegible] સમજાવ્યું. મધ્યમ બુદ્ધિએ [illegible] ધર્મ એ મંગળ છે તેમ [illegible] મુંઝાય તેવો ન હોય તે માટે તેને ધર્મનું સ્વરૂપ સમજાવવા [illegible] એમ કહ્યું, એટલે કે ધર્મ એ સ્વર્ગ અને મોક્ષને દેનારો [illegible] તેને ધર્મ સમજાવવામાં આવ્યો છે. સામાન્ય રીતિએ [illegible] સમજનારાઓ હોય છે. તેમાં સ્વર્ગ એ પુન્યસ્થાન તરીકે [illegible] ઉત્તમ પાંચમી ગતિ જે મોક્ષ, તે પણ [illegible] સ્વર્ગ તથા મોક્ષ આપનારો ધર્મ [illegible] [illegible]

રૂપ વાવેતરથી મોક્ષ થાય છે, તેની સાથે દેવલોક તો અવશ્ય પ્રાપ્ત થાય જ. અર્થાત્ મોક્ષરૂપી ધાન્યની અપેક્ષાએ દેવલોક રૂપ ઘાસ તો એની મેળાએ જ નિપજવાનું છે. એમ ધર્મનું સ્વરૂપ સમજાવી મધ્યમ બુદ્ધિવાળાને તેમાં જોડવામાં આવે છે.

જેમ ખેડૂત એ ધાન્યને સાધ્ય ન ગણતાં ઘાસને સાધ્ય ગણે તો મૂર્ખ કહેવાય. તેમ આ જીવ પણ મોક્ષ એ સાધ્ય ન ગણે ને દેવલોકને જ સાધ્ય માને તો તે પણ ખેડૂતની પેઠે મૂર્ખ સમજવો. તેથી આ જીવને મુખ્ય સાધ્ય તરીકે મોક્ષ છે. મોક્ષ બહારની કોઈ ચીજ નથી. તેથી ધર્મ એ સર્વોત્કૃષ્ટ ફળ મોક્ષને જયારે આપે છે ત્યારે તેનાથી નીચેના ફળ તરીકે ગણાતા સ્વર્ગને તો આપે જ તેમાં નવાઈ શું ? આવી સમજણ મધ્યમ બુદ્ધિવાળાને આવવી જોઈએ.

હવે બુધ એટલે પંડિત. તેને ધર્મ કઈ રીતિએ સમજાવે છે તે જરા જુઓ:– કે જેમ વટેમાર્ગુ જોડેનો વળાવો ગામ લાવી દેતો નથી. રસ્તો પકડી લાવતો નથી પણ અનુકુળ રસ્તે લઈ જઈ વચમાં આવતું જંગલ ઉલ્લંઘન કરાવી તે વળાવો ગામ નજીક લાવી મૂકે છે, તેમ અહીં ધર્મ એ મોક્ષરૂપ નગરના વટેમાર્ગુ તરીકે નીકળેલા જીવને વળાવીયા તરીકે છે એટલે કે ધર્મના ખજાનામાં મોક્ષ ભરેલો નથી પણ મોક્ષ એ આત્મ સ્વરૂપ છે. ને તેવા મોક્ષના સ્વરૂપને પ્રાપ્ત કરવામાં આ આત્માને સંસારરૂપ જંગલ નડે છે. (આડું આવે છે) તેમાં ધર્મ એ અવળે માર્ગે ન જવા દેતાં સીધે રસ્તે લઈ જાય છે માટે ધર્મ એ મોક્ષમાર્ગમાં જતાં જીવને વળાવા તરીકે છે. આ પ્રમાણે પંડિતને ધર્મનું સ્વરૂપ સમજાવવામાં આવે છે.

વળી પણ કહે છે કે જેમ વટેમાર્ગુને જવા લાયક શહેર સ્થિર છે તેમ અહીં મોક્ષરૂપ નગર તે પણ સ્થિર છે. વટેમાર્ગુ તે શહેરમાં જવા ઇચ્છે છે, વચમાં વાટ આવે છે. જેમ સંસારી વટેમાર્ગુને વચમાં ઝાડી, રણ રૂપ જંગલ નડે છે તેમ મોક્ષના વટેમાર્ગુને સંસારરૂપ અટવી નડે છે. ત્યાંથી પાર ઉતારી મોક્ષના નગરમાં ધર્મ લઈ જાય છે. આડો રસ્તો આવતાં સાવચેત કરી સીધી સડકે લઈ જનાર એક ધર્મ છે. આપણે સંસારરૂપી મોટા જંગલમાં પડેલા છીએ પણ તેને ઓળંગવાની આપણી એકલાની તાકાત નથી, જેથી સાથે વાટમાં ભોમીયો જોઈએ–તે ભોમીયા તરીકે ધર્મ છે. તે ધર્મરૂપ ભોમીયો આપણને વિષમ વાટમાંથી પાર ઉતારી મોક્ષનગર પ્રત્યે લઈ જાય છે. આ પ્રમાણે પંડિતને વિસ્તારથી ધર્મનું સ્વરૂપ સમજાવવામાં આવે છે. આવી રીતિએ બાળક, મધ્યમ અને પંડિત ત્રણેને સમજાવી શકાય તેવા ઉપદેશથી ધર્મઘોષ સૂરિજી ધર્મનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. મૂળગ્રંથકર્તા હેમચંદ્ર સૂરિજી આણે જગા પર ધર્મ શબ્દ ઉચ્ચારી ધર્મઘોષ સૂરિજી દ્વારા ધનાસાર્થવાહને ધર્મ ઉપદેશ અપાવ્યો અને તેથી કલ્યાણ ને મોક્ષની પ્રાપ્તિ થાય છે, એવો ધર્મ સિદ્ધ થયો.

આ સાંભળી જેઓ ધર્મ કરવામાં પ્રવૃત્તિવાળા થશે તે જીવો આ ભવ અને પરભવની અંદર કલ્યાણ મંગલિકમાળા પ્રાપ્ત કરી ઉત્તરોત્તર મોક્ષ સુખને વિષે વિરાજમાન થશે.



પ્રવચન ૭મું

સંવત ૧૯૯૦ અષાડ સુદી ૨ શુક્રવાર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા જણાવી ગયા કે મહાત્મા પુરૂષોના ગુણોનું કીર્તન એ કલ્યાણ અને મોક્ષનું ધામ છે. હિ શબ્દ નિશ્ચય અર્થમાં જોડીએ, નિશ્ચય કઈ બાજુ કરવો તે કર્તાની મરજી ઉપર આધાર રાખે છે. તે અપેક્ષાએ મહાત્મા પુરૂષોનું કીર્તન જ કલ્યાણ અને મોક્ષનું ધામ છે. જેમ દુનિયાદારીનું એક દૃષ્ટાંત લઈએ ' મહાજન જ શાહુકાર છે,' ને ' મહાજન શાહુકાર જ છે. ' મહાજન શાહુકાર હોય છે જ.' પહેલામાં શો અર્થ થાય? કે જગતમાં મહાજન સિવાય બીજો શાહુકાર નથી. બીજાઓને ભલે ખોટું લાગે પણ મહાજન સિવાય બીજો કોઈ શાહુકાર નથી. 'મહાજન શાહુકાર જ છે' એનો અર્થ મહાજનમાં ગયે શાહુકારી રહી. મહાજનમાં અપ્રમાણિકતા હોય નહીં, બીજામાં પ્રમાણિકતા હોય કે ન પણ હોય, મહાજનમાં કોઈ પણ બીજી સ્થિતિ તો નથી. મહાજનમાં શાહુકાર-પણાની શંકા તે બાજુમાં ઉડી ગઈ. 'મહાજન શાહુકાર હોય છેજ.' ત્યાં મહાજનમાં બધા અપ્રમાણિક નથી. મહાજનમાં કેટલાક કેટલાક પ્રમાણિક હોય છે, શાહુકારીનો અસંભવ નથી. તેમ પહેલામાં બીજામાં શાહુકારી નથી, બીજામાં મહાજનમાં કોઈ અપ્રમાણિક નથી, ત્રીજામાં શાહુકારી નથી એમ નહીં. જુદું વક્તવ્ય ધ્યાનમાં લો. [illegible] મહાત્માઓનું કીર્તન તે કલ્યાણ અને મોક્ષનું ધામ છે ત્યારે અમહાત્માઓના [illegible] पापानां कथयाऽपि अलम् પાપીઓની કથાઓથી પણ સર્યું, અર્થાત્ [illegible] વાત પણ ન કરવી. તિરસ્કારની દૃષ્ટિથી વાત કરશો. જે વાત પહેલાં તિરસ્કારથી [illegible] વાત પ્રસંગે તેમજ આમલ કરવા તૈયાર થશો. પાપીઓની વાતથી પણ સર્યું. [illegible] વાતનો સંસ્કાર, પ્રસંગ એ વાત આગળ આવે. આપત્તિમાં આગળ [illegible] પાપીની વાત તિરસ્કારની નજરથી કરી હોય, પણ પ્રસંગે એ આગળ [illegible] पापानां कथयाऽपि अलम् પાપીની કથાથી સર્યું. [illegible] શાનું? પાપીનું કીર્તન કલ્યાણ કરનારૂં હોય જ નહીં.. ચાલુ [illegible] ગુણ કીર્તનનું, પાપીની કથાના વ્યવચ્છેદનો આ પ્રસંગ નથી. [illegible] કીર્તન કલ્યાણાદિનું ધામ છે. આ અર્થ ન કરતા, પણ મહાત્માઓનું [illegible] ધામ છે એ અર્થ આપવો છે. આમ કહી સ્પષ્ટ જણાવે છે કે [illegible]

[illegible] સત્કાર સન્માનાદિ થાય તેમાં [illegible]

[illegible] અર્ચન, [illegible] સત્કાર [illegible] [illegible] નથી. [illegible]

નહિ? ગુણ જાણીને જે સત્કાર કે સન્માન થાય અને જાણ્યા વગર સત્કાર–સન્માન થાય તેમાં લાખ ગાડાનો ફરક છે, કૃષ્ણ મહારાજે અઢાર હજાર સાધુને વંદન કર્યું તેવુંજ વીરા શાલવીએ વંદન કર્યું હતું. તે બન્નેના સત્કાર–સન્માન–ભકિત, બહુમાનમાં કોઈ જાતનો ફરક ન હતો, ક્યો ફરક હતો ? કહો કે મહાત્માના કીર્તનનો ફરક મહાત્માના વર્તન ઉપર બહુમાન આદર રાગ ન હતો. કૃષ્ણ કરે છે માટે મારે કરવું–અનુસરવું પણ આ કલ્યાણનો માર્ગ છે માટે હું એ માર્ગે હું જઉં એ ધ્યેય વીરાને નથી.

પ્રશ્ન –દાકતરની દવા ઓપધ લઈએ, ઓષધમાં શું છે ? કેમ બન્યું છે તે આપણને માલમ નથી, છતાં જે દવા દાકતર આપે તે અજ્ઞાની છતાં લઈએ છીએ, તેમ વડા પ્રધાનોને શહેનશાહ સરખાને કરવું પડે, તમારે અમુક ખોરાક લેવો, અમુક ન લેવો, ત્યાં ચાહે જેવી દુનીયાદારીની અકકલ કે સત્તા હોય, પણ દાકતર કે વૈદ પાસે હેતુ યુકિત લગાડવા જતા નથી, ત્યાં આ દવા કેમ બની વિગેરે પૂછાતું નથી. દવા બનાવવાની રીતિ જાણ્યા સિવાય, દવાના પથ્ય કુપથ્ય જાણ્યા સિવાય વૈદ દાકતરના કહેવા પ્રમાણે કરવાથી ફાયદો થાય છે, તેમ સમ્યગ્ દર્શનાદિ શી ચીજ છે તે આપણે જાણવાની જરૂર નથી. પણ આપણે જિનેશ્વરને વૈદ–દાકતર માની તેમણે સમ્યગ્ દર્શનાદિની ચીજ દવા આપી. આશ્રવ છોડવા, સંવર આદરવો તો એમ કરવાથી ચાલે કે નહિ ? એમના કહેવાથી આદરીએ તો ફાયદો થાય કે નહિ, અર્થાત મહાત્માઓનું કીર્તન ન હોય તો પણ ભકિત–સન્માન–સત્કાર આદરીએ તો ફાયદો થાય કે નહિ? અર્થાત્ મહાત્માઓનું કીર્તન ન હોય તોપણ ભકિત–સન્માન–સત્કાર ફાયદો કેમ ન કરે ?

ઉત્તર – જગતમાં દેખીએ છીએ કે દ્રવ્ય–વસ્તુ દ્રવ્યનું કામ કરે છે પણ ભાવનું કામ ભાવજ કરે છે. શરીર દ્રવ્ય હોવાથી તેના રોગો દ્રવ્યથી નાશ પામે છે. વિદ્યા ભણાવવી હોય તો વિદ્યા ભણવામાં ભણનારનું લક્ષ્ય જોઈએ તેમાં બીજાનું કર્યું કામ ન લાગે, દવા અણસમજમાં કામ કરે પણ અભ્યાસ એ કોઈનો નાખેલો, પાઈ દીધેલો, ઘોળી દીધેલો વિદ્યામાં કામ ન લાગે. વિદ્યા એ જીવની ચીજ છે. તે કોઈની પાઈ દીધેલી કામ લાગતી નથી. તેમ આત્માનું કલ્યાણ કરવામાં કલ્યાણ બુદ્ધિ વગર કાર્ય થઈ શકે નહિં; આ વાત ચાલુને અંગે જણાવી. હવે બીજી બાજુ જઈએ, કલ્યાણ વગર જે કરવામાં આવે તે શું નકામી ?

એકચિત્તિયા બે મિત્રો

બે ચોર છે ચોરી કરવા જાય છે. ઘરમાંથી નિકળ્યા, બહાર જાય છે, ત્યાં સાધુ દેખવામાં આવ્યા, એકને શકુનમાં મુંડીયો ક્યાંથી મળ્યો તેમ થયું, તો એકને મંગળકારી થયું. ગયા બન્ને. ચોરી કરી ધન લાવ્યા, જીંદગી બન્નેની પૂરી થઈ, ચોરી ચોરી કરવા જાય

છે તો પણ દયાના પ્રસંગમાં પ્રાણ પણ કદાચિત આપી દે છે. દૃઢ પ્રહારીએ ઘા કર્યો પણ ગર્ભ તરફડવા લાગ્યો ત્યારે દયા આવી. બન્ને પેલા ચોરો ફેર અવતાર પામ્યા. બાળપણમાં એકને ગમે તે બીજાને પણ ગમે. એકને ન ગમે તે બીજાને પણ ન ગમે. તેથી તેમનું નામ એકચિત્તિયા પાડ્યું. એક ચિત્તપણું-સરખા મનવાળા એવું નામ પાડ્યું. કોઈ પ્રસંગે જ્ઞાની મહાત્મા પધાર્યા છે. લોકો ત્યાં જવા લાગ્યા. કુતૂહલ એવી ચીજ છે કે ત્યાં સાધ્ય ચિંતવવાનો અવકાશ નથી. આ બન્ને જણ પણ કુતૂહલથી ત્યાં ચાલ્યા. એક સાંભળે ત્યારે બીજાને પણ કુતૂહલથી એ જ વિચાર થાય, કહેવું ન પડે કે કે ચાલો સાથે જ પગ ઉપડે. ત્યાં જ્ઞાનીની વાણી સાંભળી એકને પ્રતિબોધ થયો, બીજાને પ્રતિબોધ ન થયો, એકને ઉલ્લાસ થયો, બીજાને ઉલ્લાસ ન થયો ત્યારે તેણે વિચાર્યું કે ઉલ્લાસમાં ફેર કેમ પડ્યો ? જ્ઞાનીને પૂછ્યું કે અમે એકચિત્તિયા તરીકે પ્રસિદ્ધ થયા ને અહીં ફેર કેમ ? ત્યારે જ્ઞાનીએ કહ્યું કે પહેલા ભવમાં એકે મુનિને જોઈ અપમંગલ ધાર્યું હતું ને એક જણાએ મુનિને જોઈ મંગળ ધાર્યું હતું. મંગળ ધારનારને ફાયદો થયો, આમ બીજા ભવમાં આટલું કામ કરી દે છે, આટલું ધારે છે, તે બીજા ભવમાં આખો પ્રતિબોધ કરાવી દે છે. સંસ્કારની અપેક્ષાએ સજ્જનો સંસર્ગમાં ફાયદો કરે છે. તેમ ધર્મ સંસ્કાર તો ફાયદો જરૂર કરે છે, પણ અહીં ફળની અપેક્ષાએ અત્યારે વિચાર કરીએ છીએ. મહાત્માના સત્કારાદિ કરવામાં આવે પણ ગુણો તરફ લક્ષ ખેંચાયું ન હોય ત્યાં સુધી મુખ્ય ફળ મળી શકે નહિ, માટે મહાત્માઓના કીર્તન એટલે મહાત્માઓના ચરિત્રો- વર્તનો ઉત્તમના મનમાં લાવવા એજ કલ્યાણ અને મોક્ષનું ધામ છે. આમ અર્થ કર્યો ત્યારે મોટો વાંધો આવ્યો.

[illegible]નું માન તો નય ને પારકું તોડે તો નયાભાસ

[illegible] અનુયોગો ધર્મકથાનુયોગપૂર્વક હોય.

[illegible] તો જૈનદર્શન, નયાભાસ થયો એટલે મિથ્યાત્વ. આ સ્થિતિએ મહાત્મા- [illegible] ન જ કલ્યાણનું ધામ છે. આથી ધર્મકથાનુયોગ જ કલ્યાણ અને મોક્ષનું [illegible] કથાનુયોગ સિવાય બાકી અનુયોગ કલ્યાણનું ધામ ન રહ્યા, અંકુરો જ [illegible] અંકુરામાં જ પેદા થાય, આમાં સ્કંધ ને શાખ ડાળીઓને કાઢી [illegible] અંકુરા પૂર્વક જ સ્કંધ, શાખ અને ડાળીઓ હોય. [illegible] અંકુર બાદ બીજનું કારણ, અંકુરા વગર બીજ હોય નહીં. [illegible] મૂળ કારણ અંકુર પછી થતા કાર્યોને આંતર કારણ હોય [illegible] મુખ્ય કારણ નહિ [illegible] શકીએ, અંકુરને મૂળ [illegible] આવતા નથી પણ એ અંકુર પર આધાર [illegible] કલ્યાણનું ધામ છે એમ કહેવાથી બીજ બાકી

યોગો કલ્યાણ–મોક્ષનાં ધામ નથી એમ સમજવું નહીં, પણ અંકુરાને જેમ બીજનું કારણ કહીએ તેમ બીજા યોગો પણ પરંપરાએ કલ્યાણ–મોક્ષનાં ધામ છે. આ ઉપરથી થડ – ડાળ – ડાળીને ખસેડતા નથી, પણ એનું કારણ પણ આજ. એમ અહીં મહાત્માઓનું કીર્તન મોક્ષ અને કલ્યાણનું ધામ છે. આથી દ્રવ્યાનુયોગ – ગણિતાનુયોગ કે ચરણકરણાનુયોગને કાઢી નાખ્યા નથી. ત્રણે યોગ કથાનુયોગથીજ શરૂ થાય છે.

ક્ષેત્ર સમાસ તથા કમ્મપયડી આદિ દ્રવ્યાનુયોગના વિષયમાં આવે છે. પ્રથમ જિનેશ્વરોને નમસ્કાર કરવો પડે છે એમ મહાપુરૂષોનું કીર્તન એ અસલી અંકુરો છે. એ અંકુરાથી ફળ છે, એમ અહીં મહાપુરૂષોનું કીર્તન એજ અંકુરા તરીકે અંકુરા-પૂર્વકજ ડાળ–ડાળી–થડ, હોય તેમ અહીં પણ દ્રવ્યાનુયોગ ગણિતાનુંયોગ ને ચરણ કરણાનુયોગ એ ત્રણે ધર્મકથાનુંયોગ પૂર્વક હોય પણ બધામાં મહાત્માનું કીર્તન ચાલુ જ હોય જેને મંગલાચરણ કહીએ છીએ.

भूवणपइवं वीरं શા માટે કહો છો? नमिउं चउवीसजिणे એ પદ શા માટે? કહો કે દ્રવ્યાનુયોગ તથા ગણિતાનુયોગ વિગેરેની સફળતા મહાત્માના કીર્તન ઉપર આધાર રાખે છે. એ દ્રવ્યોની ઉપર ભરોસો શાને અંગે? મહાપુરૂષે કહ્યું તેથી ભરોસો રાખીએ છીએ, મુંબઈથી તાર આવ્યો, હર્ષના કે શોકના સમાચાર છે, પણ તાર ઓફીસના ભરોસાથી માનો છો. માસ્તરના ભરોસા ઉપર માનો છો, તેમ અહીં આપણે કર્મ દેખતા નથી, જાણતા નથી પણ મહાપુરૂષના ભરોસા ઉપર માનીએ છીએ. તેમ ગણિતાનુયોગમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્રો શી રીતે માનવા? અસંખ્યાત જ્યોતિષીઓ દેવલોકો ચાર-નિકાયના તે પણ તેમના વચનથી માનવાના. દ્રવ્યાનુયોગમાં જીવ માનવો કર્મ માનવા, ન માનવા તે વાત ઠીક છે પણ ચરણકરણાનુયોગ તેમાં કાયા કપાવાની. આ સાચું, આ ખોટું, આ માન્યતા દ્રવ્યાનુયોગમાં પણ ચરણ કરણાનુયોગમાં ચાલી દેખાડવું તે આકરૂં પડે છે. જે કુટુંબ કબીલો જીંદગીથી મારો મારો કર્યો હોય, હજારો પાપ કરી પોષ્યો હોય, હેરાન થઈ સાચવ્યો હોય, તેને શત્રુ ગણી નીકળવું, ફાયદો કરનાર નથી એ તરીકે છોડે. ધનમાલ વિગેરે ફાયદો નથી કરનાર, એટલા માટે છોડતા નથી. પણ ડૂબાડી દેનાર છે માટે છોડે છે. વૈરાગ્યવાળાને માટે એકજ શ્લોક બસ છે.

दारा परिभव कारा, बन्धु जनो य बंधनं ।

સ્ત્રીનું મહાબંધન

સ્ત્રી–ગૃહિણી પરણે તો ઘર મંડાયું, મરી ગઈ તો ઘર ભાંગ્યું. એ આવી તો ઘર મંડાયું, તો તું કોણ? તું કયા હિસાબમાં? મંડાયું એટલે શોભાયું. તો કદાચિત કર્મ સંજોગે તેનું આયુષ્ય ટૂંકું હોય તો મરી જાય તો ઘર ભાંગ્યું. ત્યાં શું કહીશ?

તું તો નહીં ને ? પારકી આવે તો ઘર મંડાયું ને જાય ત્યારે ભાંગ્યું, આ કયા હિસાબે? નું તો ઘરમાં નહીં ને ? તને ખુલ્લા શબ્દોમાં કહી દે છે. પોતે સ્ત્રીના રાગમાં છે તેથી મંડાયું તે પણ વિચાર કરતો નથી. તારી કિંમત શામાં? એથી મંડાય તો ને એ જાય તો ઘર ભાંગે એટલે હું તો કંઈ નહિને ? પણ એ વિચાર નથી આવતો કે મારે ઘેરથી આવશે, પોતે ઘર ગણે તો એજ આવી રીતે પોતે દેખે છે, તેથી મમત્વ કરે છે, સરકારની કે ફોજદારની બેડી જેટલી નથી બાંધતી, તેટલી આ સ્ત્રી રૂપી બેડી બાંધે છે. કહ્યા વગર બહાર જાવ તો ગુન્હો કર્યો ગણાય. રજા સિવાય બહાર પણ ન જવાય. સરકાર અઢાર વર્ષ પછી સ્વતંત્રતા આપે છે. અહીં ડચકા ખાય ત્યાં પણ સ્વતંત્રતા નહિ. કહ્યા વગર તમે ગયા કેમ ? પાંચ પૈસા ખરચ કર્યા તો એમ કહે કે શું ધાર્યું છે ? પૂછવું તો હતું ? હું હકદાર છું, મને પૂછ્યા સિવાય તમારાથી બને કેમ? માટે તમે પૂછ્યા વગર કર્યું તે તમારો ગુન્હો છે. સરકારમાં અઢાર વર્ષથી સ્વતંત્રતા પણ ઘરની દેવીથી સ્વતંત્ર ક્યારે? દુનીયાદારીથી ઉંડા ઉતરી વિચારીએ તો સાત પેઢીની આબરૂની કિંમત, પોતાના બાપદાદાની આબરૂની કિંમત, એ આબરૂ કન્યાને છેડે બાંધેલી સમજવી, આ સારી ચાલી તો તો કાંઈ નહિં ને આડી ચાલી તો મુશ્કેલી.

સ્ત્રી માટેના પરાભવસ્થાનો

[illegible] છતાં આપણને ન સૂઝે પણ યથાસ્થિત દ્રષ્ટિના ચશ્મા આવે તેને [illegible] (સ્ત્રી) પરાભવનું એટલે અવનતિનું સ્થાન છે. રાજા દેશ પર રાજ્ય [illegible] રાજા રાજ્યનો માલિક પણ રાણીનો માલિક રાજા નહિં. [illegible] નહિં. તે ઘેર આવે છે ત્યારે જે તમારી દશા થાય છે તે યાદ [illegible] પછી તમે પડદો કરો છો, પણ એ તો શું કે છે. તમે કોઈના [illegible] આ તો સાક્ષાત્ શું શું થાય ત્યારે તો તારણ દાખલ થાય. તમારું [illegible] અને સારૂં ગણ્યું તે તો સમજજો. વાત એકજ [illegible] ન પડ્યતિ રાણી અને સ્વામી માણસ દેખાને દેખતા [illegible] મનુષ્યો પોતાની દશા દેખતા નથી. આ તો [illegible] માતાને, માસીને, બેનને બધાને [illegible] [illegible] ઉંચું મનું નથી. ખુંદ, નાક [illegible] છે, [illegible] [illegible] મનમાં તેને [illegible] છે, છતાં [illegible] [illegible] બાદ વાડી તો લેવી છે. [illegible] [illegible] દેખીને જે ઘેર આવે તેને [illegible] [illegible] કુટુંબમાં [illegible] તો પણ દેવીમાં સ્વતંત્ર [illegible] [illegible]

બળતું ઘર તો કૃષ્ણાર્પણ કરો

બંધુજનો બાંધન, બીજાં બંધનો શરીરના પરાક્રમથી ત્રુટી શકે છે, પણ આ બંધુનું બંધન તોડવું ઘણું મુશ્કેલ છે. છોડીને જવું છે, હું અને એ કોઈ કાળે મળવાના નથી, આવું નક્કી થયું છે. મરણ વખતે હવે અમે મળવાના નથી, આ બધું જાણે છે, છતાં પણ બળતું ખોયડું કૃષ્ણાર્પણ થતું નથી. રાજીનામું દઈ નીકળે તો સાજું ઘર કૃષ્ણાર્પણ. આ તો બળીને ખાખ થયું હવે તો કૃષ્ણાર્પણ કર. દાકતર – વૈદ – કુટુંબીઓ પોતે સમજી ગયા છે, કે મરવાના છીએ. હવે તો વોસિરે વોસિરે કર, આના જેવું બંધન કયું? કે મરતાં પણ આ બંધન ત્રુટતા નથી. લાકડાના લોઢાના બીજા બંધન તોડી શકાય પણ આ બંધનો મરતાં મજબુત થાય. છોકરો બજારમાં જતો હતો, પડ્યો, વાગ્યું, રોયો ન રોયો, જ્યાં માબાપે દેખ્યો એટલે રોવા માંડી જાય, શું થયું? એ વખતે પોક મૂકે. છોકરો સમજતો હતો કે બજારમાં રોઉં તો બાપ સાંભળે! કોઈ સાંભળે ત્યાં રૂવે. ન સાંભળે તો છોકરો પણ રોતો નથી. મરી ગયાની મોકાણ કોને સંભળાવીએ છીએ? મરનાર તો સાંભળતો નથી. છોકરી રાંડે તો ઘેર સૂતક નહીં છતાં કાળજા કપાઈ જાય છે. એ રૂવે. આવ્યા હોય તેને સંભળાવે. જીવ જન્મ્યો ત્યારે જજમેન્ટ આપ્યું છે. રોવું ચાહે ઉભા પગે કે આડે પગે જઉં તો પણ રોજો.

સંસારમાંથી ત્યાગ કરી ઉભે પગે જાઉં તો પણ રોજો. છોડીને જઉં તો પણ રોજો. આડે પગે મરી જાઉં તો પણ રોજો. મર્યાની મોકાણના સમાચાર મળ્યા તો રોવા માંડ્યું મરનારની પાછળ જે મોકાણ માંડે, કાળજામાં ખૂબ લાગ્યું હોય, રોઈને આંખો ખૂવે પણ પેલો સાંભળતો નથી. આથી છોકરા કરતાએ આપણે ગયા. છોકરો તો સાંભળનાર હોય ત્યાં રડે છે. તમે પેલો સાંભળતો નથી તેની આગળ પણ રડો છો.

अरण्ये रूदितं જંગલમાં રોયા તો શું વળે? નિરૂપાય વસ્તુમાં રોવું શું? એવા મોહમાં મુંઝાઈ ગયા છીએ કે જેમાં દેખીએ, દાઝીએ, દવા હોય તો પણ લગાડવી નથી તેમ અહીં પણ એ સ્થિતિ છે કે જાણીએ છીએ કે મર્યો, એ સાંભળતો નથી, જોતો નથી, પાછો આવવાનો નથી. રોયા કંઈ વળવાનું નથી પણ દુનીયાની ટેવ પડી છે કે નકામા પણ રોવું તો ખરૂં. ડુંગળીની ટેવ છે કે માણસ લોય તો પણ દુર્ગંધ ફેલાવે ને ન રોય તો પણ દુર્ગંધિ ફેલાવે. તેમ મળવાનું છે કે નહિ, તે જોવું નહિં. ધમાલ મચાવવી એટલો જ ધંધો. મરતાં પણ બળેલું ખોયડું કૃષ્ણાર્પણ કરતા નથી. એટલું પણ થાય છે? મર્યા પછી પણ સંતોષ વળતો નથી. દરેક જીવો જુદા છે. દરેકના કર્મો પણ જુદા જુદા છે. દરેકના કર્મ પ્રમાણે જન્મ–મરણ થાય છે. મારા અને તેના કર્મ જુદા છે. કર્મને અનુસારેજ પરભવમાં પણ ઉત્પત્તિ થાય છે. આ બધી મોહની

દશા છે. લોઢાની બેડી એ બેડી નથી. ખરેખર બેડી હોય તો કુટુંબીઓનો મમત્વ ભાવ એજ મહા બેડી છે. આ બધું શાને અંગે ? એઠું ખાય તે મીઠાના માટે. સ્રીને આવી રીતે તિરસ્કારનું સ્થાન સમજે છે.

જાણકારને જકડે અને વિદ્વાનને વીંધે તે મોહ

આબરૂ એ રાખે તો રહે, એ કાઢે તો જાય, કુટુંબીઓ આ સ્થિતિમાં છે. પણ ઝેર ચઢ્યું હોય તે જગ્યા જુએ નહિં, એ તો ઉકરડો હોય તો ઉકરડો, ખાડો ખાઈ ગમે ત્યાં પડે છે. આ પણ નાક કપાવે છે. થુ થુ થાય છે. કાં તો વચનથી વિંધવાનું, મા, બેન, માસી, ફોઈ બધાને ભાંડવે છે. બધું છતાં નકામા ચાલ્યા જવાના ને રોવડાવાના. ખાતર માથે દીવો હોય તો પગ બગડતો તો બચે. આ તો શાયને માટે કુટુંબીઓનો સંબંધ, આમ પરાભવમાં રહેવું, બેડીમાં જકડાઈ રહેવું, સમજે છે છતાં કેમ શાણો નથી રહેતો ? મોહ એટલે હીસ્ટીરીયા, ફેફરૂં, ચકીનું દરદ હોય, જે વખતે દરદ ન હોય ત્યારે ડાહ્યો. જાણકાર પણ દરદ ચડ્યું એટલે ભાન નહીં, ડહાપણને જાણપણું બધું ધૂળ ભેગું, જાણનારને પણ જકડી નાખે છે. વિદ્વાનોને પણ વીંધી નાંખે છે. તેમ અહીં જાણકારને જકડે ને વિદ્વાનને વીંધે તે મોહ जानाति मोहयतीति शास्त्रवचनात् જાણતા એવા પ્રાણીને પણ મુંઝાવે તે મોહ કહેવાય છે. મરકી ઘણે ભાગે ડાહ્યાને હોય છે, જેને મગજની મજુરી નથી તેમને મરકીના દરદ ઘણે ભાગે હોતા નથી. કાયાની મજુરી વાળાને મરકીનું દરદ હોતું નથી. જાણકારને જકડે છે. વિદ્વાનને વિંધે છે. જેમ સ્રી તેમ મોહ પણ જાણકારને મુંઝાવે છે. તેમાં પણનો અર્થ શો ? મોહ-મદિરા જાણનારને પણ [illegible] છે. એ વિચારો તમને મુંઝવે છે. જે સ્રી વિગતનો વિચાર ન કરે તેને મુંઝારો [illegible] ? જાણે છે કે [illegible], જકડાઈશ, છતાં વિચારના વમળમાં વળે છે. કેમ ?

જઠરાગ્નિની સગડી

[illegible] દાખલો છે, રસ્તામાં નિકળ્યું છે, મુસલમાને એક હિંદુને પકડ્યો, [illegible] માટે લઈ ગયો. ખાધું હતું દુકાને જવાનું, તેમ આ જીવને ખાટલામાં [illegible] પ્રથમ આ જીવ માતાની કુક્ષિમાં આવ્યો, તે વખતે સ્વપ્ને પણ શરીર [illegible] ઈંદ્રિય બાંધવાનો વિચાર ન હતો. વિચારથી [illegible] હતો, એકજ વિચાર [illegible] કુક્ષિમાં આવ્યો ત્યાં શરીર, ઈંદ્રિયો કે વિષયો માટે વિચાર્યું ન હતું. માત્ર [illegible] ત્યાં આહાર લેવાનું છે, અગ્નિ આહાર લેવાના જ કરે છે, [illegible] કુદીને આહાર પકડે છે. આગ લાગી, પછી લાકડાને પકડે છે. [illegible] પકડે છે. અગ્નિ [illegible] પકડે છે. પાણી [illegible] નહિ. આગળ સગડીને [illegible] લઈને ફરીએ છીએ. [illegible] છે.

આ ફસા ભાઈ આ ફસા

આ વાત ખ્યાલમાં રાખશો તો જીવ અનાદિનો માનવો પડશે. અગ્નિનો બાળવાનો સ્વભાવ છે. તેથી બાળવાનું મળે તોજ અગ્નિ ટકે, બાળવાનું ન મળે તો બુઝાઈ જાય. ટકાવ દાહ્ય મળે ત્યાં સુધીજ, એ સ્વભાવે વિચારો તો આ જઠરાગ્નિ પણ તેવોજ છે. બાળવાનું મળે તોજ ટકે, બાળવાનું ન મળે તો ન ટકે. અત્યારે જઠરાગ્નિ દેખીએ છીએ માટે કેઈ દિવસથી બાળવાનું ચાલુ છે. બળતા વગરનો કોઈ દિવસ ખાલી નથી. આથી અનાદિ છે. ખાવું એટલે માંકડા ભાઈએ ગાગરમાં હાથ નાંખ્યો. બોરાની મુઠ્ઠી ભરી એટલે ચીચી કરી ચકકર મારવા પડયા. તેમ આ જીવને ખોરાકની ખંત–ઈચ્છા થઈ એટલે એને રસનો લોચો વળગ્યો, મળ નિકળી ગયો પણ રસ વળગ્યો, એમાંથી શરીર, એમાંથી ઈંદ્રિયો પણ થઈ એટલે વિષયો પણ વળગ્યા. તેના સાધનો વળગ્યા. ખોરાકના ખાડામાં પડયા તો ખળભળી ઉઠયા અને ગળે પંચાત વળગી. વાણીયો ડાહ્યો કે ફરજ પડી તો આ ફસા ભાઈ આ ફસા, ધાઉસણ ન કહ્યું વાણીયો મુસલમાનના કાબુમાં આવી ગયો. છુટકો ન રહ્યો ત્યાં કરવું પડયું પણ ત્યાં વચન ને વિચારમાં સાવચેત, તેથી આફસા ભાઈ આફસા. ખોરાકના ખાડામાં ફસાયો છું, લગીર બકરાને અડો તો બેંબે કરે. આ મનુષ્ય મેં મેં કરે. મનુષ્યમાં મમ્મો એટલે મેં મેં કરે. મેં કર્યું મારૂં આ, માલીક હું. આ ખોરાકના ખાડામાં ફસાયો તેથી મેં મેંની બૂમો મારતાં શીખ્યો. મુસલમાને મારીને મનાવ્યું તે ન માન્યું. ખાડામાં ખળભળી નું ખોરાકના ખાડામાં ખળભળી ગયો, ફસાયો તેથી મેં મેં કરવા માંડયું. બધાનું કારણ વિષય, વિષયમાં લેપાયો એટલે સ્ત્રી-કુટુંબ બંધન–બેડીરૂપ ન લાગ્યા. માટે વિષમ વિષયો એટલે ગરોળીનું ઝેર, સડાવી સડાવી મારે છે, ને સાપનું ઝેર તત્કાલ મારે છે. આ વિષયનું વિષ ગાળી ગાળી મારનારૂં છે, આ દૃષ્ટિ થાય તો આત્મા કર્મ તેના ફળ આત્માના ગુણો ને તેના આવરણને સમજી શકે. આ બધું સમજવામાં સાધન મહાપુરૂષના વચનો છે. તેમાં પણ વિશેષ કારણભૂત મહાત્માનું ગુણકીર્તન. આ ત્રણે અનુયોગ મહાપુરૂષોની પ્રમાણિકતા ને તેમના વર્તન ઉપર આધાર રાખે છે. મહાત્માઓનું ગુણકીર્તન, કલ્યાણ અને મોક્ષનું ધામ છે. એમનું કીર્તન, ચરિત્રો, વર્તનો, વેચનો, તેનું મનન કરવું તે કલ્યાણ અને મોક્ષનું ધામ છે. આથી કરીને ત્રિપષ્ઠી સલાકા પુરૂષના ચરિત્રમાં આદીશ્વર ભગવાનનો આદી ભવ ને તેમાં ધર્મ ઘોષ સૂરિ કેવી રીતે ઉપદેશ આપે છે તે અગ્રેવર્તમાન.

卐

મિલકત કેટલી ? ગુલામ છે પછી મિલકતનો સવાલ શાનો? જન્મથી મરણ સુધી પુદ્‌ગલમાં જ પ્રવર્તેલો છે, પછી આત્માનું અવલોકન ન કરનાર રખડે છે કેમ ? આ પ્રશ્ન જ ન હોય. નવાઈ તો ત્યાં છે કે અવલોકન કરનાર રખડે છે. નવતત્ત્વ જાણ્યા–માન્યા છતાં રખડે છે તે નવાઈ છે.

સ્વપ્નના સાપ જેટલો પાપનો ડર નથી

આત્માનું અવલંબન કરનાર કેમ રખડે છે ? અહીં જે ધર્મિષ્ઠો હશે તે આત્મ નિંદા કરશે; કેટલાક બીજા રસ્તાવાળા પણ હોય છે. સમકિતીની શુદ્ધ પ્રવૃત્તિવાળાની ખોટફી-નિંદા કરનાર પણ હોય છે. અંદર શ્રદ્ધા તેને નથી. જો અંદર શ્રદ્ધા હોય તો આ થાય કેમ ? મોંથી માત્ર વાતો કરે છે. પાપનો ડર લાગ્યો હોય તો પાપ કરે શાથી ? સ્વપ્નમાં પણ સાપના મોંમાં અંગૂઠો નાખ્યો? જો સાપનો ડર છે, આ વાત સમકિતીએ શીખી પરણમાવવાની છે. જેવો સાપનો ડર તેવો પાપનો ડર. સાપ શરીરને મારે છે. પાપ આત્માને મારે છે. પાપનો ડર બનાવટી કૃત્રિમ દેખાડવાનો છે. આ વાત સમકિતીએ પોતે વિચારવાની છે. સુતા છીએ. સ્વપ્નમાં છેટે સાપ નીકળતો દેખે, તે સાથે કેમ થાય છે? સાપ [illegible], વીંટાયો, બે ઓટા માર્યા. ત્યાં ભયંકરતા ભાસે છે, હવે જાગ્યા. સાપ નથી છતાં છાતીએ હાથ મૂકો. સ્વરમાં, શબ્દમાં અને કાળજામાં ત્રણેમાં તપાસ કરજો. [illegible]માં કેટલું કંપવાનું છે, સ્વરમાં, શબ્દમાં કેટલો ફેરફાર થયો છે, એજ જગા પર સ્વપ્નમાં દેવગુરુની આશાતના કરી, જાગ્યો, સ્વપ્નું છે, તે વખતે કાળજે કાંઈ થાય [illegible] કંઈ નથી. કોઈને વાત કરતાં મારે આવું સ્વપ્નું આવ્યું એમ કહે-[illegible] શબ્દ બોલે છે, પણ કાળજું કંપ્યું નથી. સમકિતીને એ વિચારવાનું [illegible] પાપનો મનેં ભય થયો નથી.

[illegible] પાપનો ડર નથી તો સમકિતી કેમ કહેવાય?

[illegible] દુનિયામાં વિવેકવાળા મનુષ્ય માત્ર પાપથી ડરે, ચોરીથી, શેઠ, ફોજદારથી, [illegible] પાપથી નથી ડરતા તેમ નહીં કહી શકો. એ પાપથી ડરે છે, તેમ પણ [illegible], પણ સમકિતી જ પાપથી ડરે છે, તેમ અને મિથ્યાત્વી જ પાપથી [illegible] છે

[illegible] પાપનો ડર કોને હોય ?

[illegible] પાપથી ડર હો તે આશાતી પાપથી ડર હો, આશાતા [illegible] દુઃખ, પીડા, નારકિક આપત્તિ અને તેનાથી [illegible] ડર હો, નરક જાતથી ડર હો, દરેક શબ્દ કાંઈ [illegible], મિથ્યાત્વીઓ અને આપણે પણ [illegible] અંદર શું ? [illegible]

લોકના દલાલ—અઘાતિ પાપોનો ઉદય એટલે દેવલોક અપાવનાર. દેવલોકના કારણો ગણાવતા વગર ઈચ્છાએ ક્ષુધા- તૃષા, બ્રહ્મચર્ય, અસ્નાન, પરિસહ-ઉપસર્ગ સહન કરવા, શીત-તાપ-સહન કરવા તેનું ફળ શું? આ અઘાતિના પાપો એ તો દેવલોકના કારણો તેથી આપણે ડરીએ છીએ. પાડોશીને ઘેરે પોક તેની પંચાત, પણ પોતાનું ઘર સળગી જાય તો જોવું પણ નહીં. 'કાજીની કુતરી મરી જાય તો આખું ગામ આભડવા આવે. કાજી મરી જાય તો કાળો કુતરો પણ નહીં. જેનો પ્રભાવ પુદ્‌ગલમાં પડે તેવા કર્મની આપણે પંચાત. વેદનીય, આયુષ્ય, નામ તથા ગોત્રનો પ્રભાવ પુદ્‌ગલમાં પડે એવા પાપની આપણે પંચાત. આત્માને આખો અવળો નાખે તેની આપણને પંચાત નથી. ચણા જેટલા ભાગમાં ફોલ્લી થાય તો ધમપછાડા. આત્માને સમયે સમયે અનંતા જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, તેમાં પરિવર્તન થાય છે તે સમજે છે કે નહિ? તો તેના ધમપછાડા કેટલા થયા? પુદ્‌ગલમાં આટલો ભય, ચિંતા તો આત્માના પરિવર્તનમાં કેટલું હોવું જોઈએ? પાપથી ડરો છો એટલે દેવલોકના દલાલી કરનાર દુઃખોથી ડરો છો, આત્માને આરપાર વિંધનાર એવા પાપોથી ડરતા નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, તથા અંતરાય એ ચાર ઘાતી કર્મ બંધાય છે તેનો વિચાર આવે છે? ઘાતી અઘાતીનો વિભાગ સમજ્યા નથી. જ્ઞાનાવરણીયઆદિ ચ્યાર તે ઘાતિ અને સીધા આત્માની સામે તીર તાકનારા છે. પુદ્‌ગલ ઉપર પાપથી આવે તેનો વિચાર છે, પાપથી ડરવું-ડરવું એમ બધા પોકારે છે, પાપથી ડર ન હોય તેમ બોલનાર કોઈ નથી પણ તે ડર કેવળ અઘાતિકર્મોમાં છે. પાપ શબ્દ કહેવા સાથે તેનું લક્ષ્ય સરખું નથી. આત્માનો ગુણ આવી રીતે અવરાય છે, એ પાપ લક્ષ્યમાં પણ નથી. હજુ સુધી સમકિતી બરોબર થયો નથી. પાપકાર્યોથી પાપનો ડર અનંત ગુણો હોવો જોઈએ, તે સરખાવટમાં પણ ડર આવ્યો નથી. સમકિતીએ આ રસ્તે વિચાર કરવાનો છે, પણ આ સાંભળી ઉદ્ધતોએ અવગણા કરવા તૈયાર થવું નહીં. પાપનો ડર છે. આટલો ડર પણ જેને ન હોય તે અજ્ઞાની, ઉન્માર્ગે ચડેલા ઉદ્ધતો બીજાને ઉન્માર્ગે ચડાવવાની ફીકર કરવામાં પડે છે. પોતાનું નાક કપાયાથી બીજાને પણ નાક કાપવા દે. બીજી બાજુ એ વાત જોવી.

સમકિતીઓ સમજવા છતાં અમલ કેમ કરી શકતા નથી?

ખસવાળો મનુષ્ય સ્વપ્ને પણ દુઃખને ઈચ્છવાવાળો નથી, ખણવામાં બાર વાગવાના છે તે જાણે છે. ખણવા સાથે લોહી નીકળશે, બળતરા ઉઠશે તે જાણે છે પણ જે ચળ ઉભી થાય છે તે ભાનને ભૂલાવી દે છે. તેથી ખણનારો, ખસની દશા જાણતો નથી, માનતો નથી, એમ કહી શકાય નહિ. જાણે છે, માને છે, ન ખણવા લાયક માને છે, બળાપો કરે છે, છતાં આ ચળ શારીરિક વિકાર એને સમજુ સહન કરે. સમજમાં ખામી હોય, સહન શક્તિમાં ખામી હોય તો સહન ન કરી શકે તેથી એ સમજતો નથી, જાણતો નથી, માનતો નથી, એ કહી શકાય નહીં. એમ સમ્યક્‌ત્વના ઘરને અંગે ઘાતિ અઘાતિ

આશ્રવ, સંવર, આદિ બધાનું સ્વરૂપ જાણે પણ જોડે ચારિત્ર મોહનીયના ચક્રાવામાં પડી જાય તો જાણ્યું ગયું બધું ધૂળમાં. બધા રોજ સાંભળીએ છીએ, બીજાને સમજાવીએ છીએ કે પાણીમાં બાચકા ભર્યે શું થાય? આ કોણ નથી જાણતું, માનતું, છતાં નદીમાં જતા હોઈએ, લગીર પાણીમાં આવી જાવ તે વખતે કાઉસ્સગ્ગ ધ્યાનમાં હાથ કેટલા રહે છે? શામાં બાચકા ભર્યા? ૫૦-૬૦ વરસ સુધી 'પાણીમાં બાચકા ભર્યા, કંઈ ન વળે' તે બોલતો હતો. અત્યારે શું કરવા માંડ્યું? જીંદગીની ચાહનામાં ચડ્યો તે વખતે ૭૦ વરસની સાન સુકાઈ ગઈ, ૫૦ની પંડિતાઈ પાણી થઈ ગઈ, જીંદગીના મમત્વભાવથી, જીવવાની ઈચ્છાથી ૫૦ની પંડિતાઈ પાણી થઈ ગઈ તો અહીં ચારિત્ર મોહનીયનો ઉદય થાય ત્યાં સમ્યક્ત્વીઓ આદરી ન શકે તેમાં નવાઈ નથી.

આવી રીતે ઘાતિ અને અઘાતિનો વિભાગ જેને માલુમ નથી, અનંતી વખત ત્યાગી થયા, સાધુપણા લીધા, તેમાં મોક્ષનું બીજ વાવ્યું નહીં તો ઉગે કયાંથી? અનંતકાળનો વ્યવહારરાશીનો જીવ એકકે એવો નથી, કે જેણે અનંતી વખત દ્રવ્ય ચારિત્ર ન લીધા હોય. છોકરો છસો વખત ગોખે, આવડે નહિ, પણ જ્યારે આવડે ત્યારે છસો વખત ગોખવાના પ્રતાપે. લાખ લીટા કર્યા પછી આખીરમાં એકડો. આ જીવને અનાદિકાળથી પુદ્ગલની પલોજણમાં પરાયણતા હોય તે એકદમ શી રીતે છોડે? પહેલી આત્મકલ્યાણની બુદ્ધિ વગર પણ અઠવાડીયા, મહીનાઓ, કાઢવા જોઈએ. બી. એ. માં બે વરસ રાખવા પડે છે.

માર્ગ ભૂલેલાને ઠેકાણે આવતા તેટલો જ સમય લાગે

આ અનંતાકાળની જડ ઊખડવી તેનો અભ્યાસ કાળ કેટલો? અનાદિકાળની જડ [illegible]માં અનંતા અભ્યાસ જોઈએ. મિથ્યાત્વ કર્મબંધન કયારનું? અનંતાપુદ્ગલ [illegible] મજબૂત બગાડ્યું છે. જેમાં [illegible] કરેલા હોય વાગે છે. સુધારવા માટે [illegible] સમય [illegible]. અનંતા પુદ્ગલ પરાવર્તથી આ આત્મા ભૂલો પડ્યો છે. [illegible] તેટલા વખત તેટલા વખત ઠેકાણે આવતા થાય. આગળ માર્ગ [illegible] તેટલા વખત સાચે માર્ગે આવતા જોઈએ.

[illegible] આવી અડે નહીં

[illegible] આત્માની [illegible] તેનું ફળ કંઈ નથી પણ આગળ માર્ગ [illegible] ચિદાનંદ તે જડ ચાલીને આત્મામાં બેઠા હતા, તે દ્રવ્ય ચારિત્રને [illegible] દ્રવ્ય ચારિત્ર પણ એવી ચીજ છે કે તેને [illegible] મહાવીર મહારાજના ચરિત્રમાં [illegible] [illegible] ત્યાં ત્યાગી; [illegible] [illegible] આવે છે. [illegible]

તેમનું કામ કરે છે. દાદરાના પગથીયા ચઢતા બધાએ ઉપયોગ રાખ્યો છે ? 'અણ-સમજમાં પણ પડેલી ટેવ એ આગળ આવે.' અજ્ઞાનપણામાં પડેલી ટેવ આગળ આવે તો પછી વિચારપૂર્વક ધારીને કરેલો ત્યાગ તે કેમ આગળ નહીં આવે ? હરિભદ્ર-સૂરીજીએ જણાવ્યું કે, ભાવચારિત્રમાં કોણ આવે ? અમુક વખત અભ્યાસ કર્યો હોય, ટર્મ ભરી હોય, તેજ પરીક્ષામાં બેસે, દ્રવ્યચારિત્ર ન લીધા હોય તે ભાવચારિત્રમાં આવી શકે નહિ. ભાવચારિત્રના સાધન તરીકે દ્રવ્યચારિત્ર હોય. આથી ચરણકરણાનુયોગ, આ જીવે અનંતી વખત કર્યો, અભવ્ય, મિથ્યાદ્રષ્ટિએ યાવત સમ્યગ્ દૃષ્ટિએ અનંતી વખત દ્રવ્ય ચરણ—કરણાનુયોગ કર્યો.

સમર્થ ગ્રંથકારો ચરિત્રો કેમ રચતા હશે ?

ધર્મકથાનુયોગ એ મોક્ષનું સ્થાન, ધામ, ધર્મકથાનુયોગ પણ અનંતી વખત આ જીવને આવ્યા પણ તેમાં મહાત્માનું કીર્તન, અંતઃકરણથી તેમના ગુણોનું બહુમાન, અનુમોદના તે પ્રાપ્તિ માટેની ઉત્કંઠા આવવી જોઈએ તે આવી નથી. તેમના ભક્તિ, સન્માન યાવત્ તેમના ચરિત્રના બહુમાનથી કીર્તન તે યાવત્ મોક્ષ દે છે. અત્યાર સુધી વ્યાખ્યા કરી તે અવધારણામાં થઈ પણ એ શબ્દ કયા અર્થમાં લેવો ? અવધારણમાં કેમ લેવો ? અવધારણમાં મહાપુરૂષોનું કીર્તન જ કલ્યાણ અને મોક્ષનું ધામ છે. આ વ્યાખ્યા કોની અપેક્ષાએ ? હવે હેતુમાં વ્યાખ્યા કરાય છે. હેમચંદ્રાચાર્ય મહારાજની અપેક્ષાએ થાય છે. તેમને પ્રશ્ન કર્યો કે તમારા જેવા સમર્થ રાજ-રાણીના ટાયલા કરવાના હોય ? પ્રૌઢ ગ્રંથકરનારને કથાઓ કરવાની હોય ? હેમચંદ્ર-મહારાજ ત્યાં કહેવા લાગ્યા કે हि हेतौ—यस्मात् જે કારણથી હિ શબ્દ હેતુમાં છે. હું પંડિતાઈ દેખાડવા માટેનો કે લોકોને ખુશ કરવાનો અર્થી નથી. હું ફકત કલ્યાણ અને મોક્ષનો અર્થી છું, ને તે ધર્મકથાનુયોગથી થાય છે, તેથી કહું છું. વ્યાકરણ, ન્યાય, કોષ, કાવ્ય, તે સઘળા કલ્યાણ અને મોક્ષ માટે કર્યા, તેમ અહીં ત્રિષષ્ઠી સલાકા પુરૂષના ચરિત્રનું વિધાન તે પણ કલ્યાણ અને મોક્ષના અર્થે જ છે. ચંદનને ઘસાય તે ઉપયોગ માટે અને બળાય તે ઉપયોગ માટે. વહેરાય તે ઉપયોગ માટે તેમ કલ્યાણ અને મોક્ષ એજ તત્વ. ચાહે ન્યાય, કાવ્ય, કોષના ગ્રંથ કરૂં તે બધું કલ્યાણ અને મોક્ષ માટે વિધાન છે. આથી મહાપુરૂષના ચરિત્રો, વર્તનના ગુણો ગાવા એ જે માટે કલ્યાણ અને મોક્ષનું ધામ છે, તે માટે ત્રિષષ્ઠીસલાકા પુરૂષ ચરિત્ર કહું છું. હેમચંદ્રાચાર્ય મહારાજની અપેક્ષાએ હિ શબ્દ હેતુમાં ને પ્રકરણની અપેક્ષાએ હિ શબ્દ નિશ્ચય અર્થમાં જાણવો. નિશ્ચય અર્થમાં લીધો તો ત્રણ અનુયોગ ઉડી ગયા. બીજથી ઝાડ થાય તેમ થડ, ડાળ, ડાળીઓ ઉડી જતા નથી. મહાપુરૂષોનું કીર્તન કલ્યાણ અને મોક્ષનું ધામ છે. તે કીર્તનદ્વારાએ પ્રમાણિકતા જાણીને કરા-વાના ત્રણ અનુયોગો ઉડી જતા નથી. થડ, અંકુરાપૂર્વક, ડાળ—ડાળી અંકુરાપૂર્વક જ,

તેમ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ-કરણાનુયોગ તે મહાત્માઓના ગુણકીર્તનપૂર્વક. અંકૂશ તરીકે અસલી જડ મહાત્માનું કીર્તન, તેમાં ઋષભદેવજીના ચરિત્રમાં ધનાસાર્થવાહને ધર્મઘોષસૂરિ ઉપદેશ આપે છે. તેમાં પ્રથમ વાકય કયું કહે છે ? નાના બચ્ચાઓ ભેદ પ્રભેદ ન જાણે. ઘોડો જાણે, લાકડાનો હો, કે ટટ્ટુ હો અગર અરબસ્તાનનો હો, માત્ર ઘોડો જાણે. તેમ ધર્મમાં પ્રવર્તેલા બાળકો, કલ્યાણ થશે, સારૂં થશે, કલ્યાણ અને સારૂ એ શબ્દ માત્ર સમજે. જે મગ જે પાણીથી ચડે તેનું આંધણ મેલવું, ચડે તે જોવું. ખારૂં મીઠું પાણી ન જોવું. પાણી ન જોવાય પણ ચડવાનું જોવાય, તેમ પ્રતિબોધ કરનારે કઇ સમજણ દઉં છું, તે જોવાનું છે. કયે રસ્તે સમજાવું ? તેજ ધર્મનો ઉપાય કે જે રસ્તે ધર્મનો પ્રતિબોધ થાય. જે જીવ જેવી રીતે સમજે તેને તેવી રીતે સમજાવવો. તો તો ઉત્સૂત્રથી સમજે તો ઉત્સૂત્રથી સમજાવવો ? સમજાવવું કોનું નામ ? માર્ગને ઉન્માર્ગ તરીકે સમજાવે તે સમજાવવું કહેલ નથી. સમજાવવાનો પ્રયત્ન કરવો પણ સમજે-માર્ગમાં આવે તેવી રીતે સમજાવવો, આ વાત એક બાજુ રાખો.

શય્યંભવ સરખા ચૌદપૂર્વીએ ધર્મ સમજાવતા દેવતાના નમસ્કારની લાલચ કેમ બતાવી ?

धम्मो मंगल मुक्किट्ठं આ ગાથા કોણ બોલે છે ? ચૌદપૂર્વધારી શય્યંભવસૂરિ [illegible] તેઓ આ ગાથા બોલે છે. અણસમજુ કહી શકે કે ચૌદ પૂર્વધારી થઈ નખોદ કાઢ્યું, આ વચન તેમને શોભતું નથી. કેમ નથી શોભતું ? પ્રભુદાસ ! (બેચરદાસ પંડિત) દીક્ષા [illegible] રાજા મહારાજા તમને વાંદશે. મહારાજ ફોસલાવે છે, લલચાવે છે. તેમ લાગે છે કે નહિ ? તમે દીક્ષા લ્યો તો રાજામહારાજા [illegible] ભાગ્ય કહેશે. આજકાલના અલ્પશો માટે [illegible] તો શ્રુતકેવલિને આ વાક્ય બોલવું કેમ શોભે ? देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो । જેનું ધર્મમાં હંમેશા ચિત્ત છે તેને દેવતાઓ પણ નમે છે. [illegible] 'ફોસલાવે છે,' મોક્ષ મેળવવા એ મહતું ફળ, તેની તો છાયા નથી. જેનું ધર્મમાં [illegible] મન છે તેને દેવતા પણ નમસ્કાર કરે છે, શ્રુતકેવલિ લાલચો આપે, [illegible] કહે, [illegible] મનક નામે જે તેનો પુત્ર છે તેને કહે છે કે [illegible] ! [illegible] તો દેવતાઓ નમસ્કાર કરે છે. આવી વાતોથી છોકરાઓને છેતર્યા [illegible] ? દુર્ગતિનો નાશ, સદ્ગતિ મેળવવાની વાત નથી. આત્માનું [illegible], ચારિત્ર તે રૂપ નથી કહેતાં અહિંસા, સંયમ, તપને ધર્મ કહ્યો. [illegible] તેને તે રૂપથી ઓળખી. તેવી રીતે છોકરાઓ દેવતાના નામે [illegible] દેવતા હંમેશા વંદના કરે. જે દ્રવ્યક્રિયા અનાદિકાળથી કરી તે [illegible] શ્રુતકેવલી ધર્મ પહેલા દીધા, છોકરાને નમસ્કાર [illegible] [illegible] તો [illegible] [illegible]

લાયકાત પ્રમાણે રમાડે છે. આમથી ડચકારા કરે તો ગાંડો ગણાય પણ છોકરો રમાડતી વખતે ડચકારા કરે તોજ ડાહ્યો ગણાય. તો ત્યાં ભક્તામર પ્રણત૦ એ શ્લોક બોલવા માંડે તો? છોકરાની યોગ્યતા લેશો એટલે અહીં સમજણ પડશે, માને મૂકીને, કુટુંબને કકળાવીને આઠ વરસનો છોકરો નાસી ભાગી આવ્યો છે. માતાના પેટમાં હતો ત્યારે શય્યંભવે દીક્ષા લીધી છે. બેજીવયાતી મા છતાં સાધુપણું લીધું હશે, તે પ્રસંગ સમજો. સબ સબકી સંભાળો મેં મેરી ફોડતા હૂં, એમ ન રાખ્યું હોત તો आत्मार्थे सकलं त्यजेत् આત્મા માટે સર્વ તજવું. તેની દરકાર ન કરવી. શય્યંભવ સૂરિએ આત્માનું શ્રેય કરવાનું વિચાર્યું, તે વખતે ગર્ભવંતી સ્ત્રીનો વિચાર ન કર્યો. રાજગૃહીમાં પ્રતિબોધ પામ્યા, ઘર બાયડી ક્યાં છે, તે તપાસ્યું નથી. હવે આ છોકરો ગર્ભમાં છે, લોકો બધા કચકચાટ કરી રહ્યા છે. ચુર્ણીકાર અને ટીકાકાર લખે છે કે—આ છોકરાવાળી બાયડીને જુવાન અવસ્થામાં મેલી ચાલી ગયા, ગર્ભમાં 'મનાક' માલુમ પડે છે. નવ મહિના ગયા. અનુક્રમે જન્મ થયો. ગર્ભ વખતે ચિંતવેલા શબ્દ ઉપરથી 'મનક' એવું તે પુત્રનું નામ રાખ્યું. પછી છોકરાએ માતાને પૂછયું કે મારા બાપ ક્યાં છે? લુચ્ચા સાધુઓ ભરમાવી ભગાડી ગયા. શય્યંભવસૂરિના ચરિત્રમાં આજ શબ્દો હેમચંદ્રાચાર્ય જણાવે છે. એ બ્રાહ્મણીને એ શબ્દ શોભતા હતા. આજે શ્રાવિકાઓ બોલે છે, ગુરુજીએ મનસુખભાઈને ભોળવ્યા છે.

કુંધવાળાને સાપનો ફુંફાડો કુંધ ભાંગે

પેલી શય્યંભવની સ્ત્રી નવ વરસે, લુચ્ચા સાધુઓ ભરમાવી ભગાડી ગયા. આ બળતરામાં બોલાએલા બોલો—વચનો છતાં પણ 'કુંધવાળાને સાપનો ફુંફાડો કુંધ ભાંગે,' આઠ વરસના મનક બચ્ચાંને માએ તો શબ્દ એવા કહ્યા કે લુચ્ચા સાધુઓ ભરમાવી—ભગાડી ગયા, છતાં એને તો મારે સાધુ થવું છે આવા વિચારો પ્રગટ્યા. આઠ વરસનો છતાં માયકાંગળો નહીં, આઠ વરસનો છોકરો માને, કુટુંબને છેતરી ૬૦ કોશ ચાલી ગયો. પરદેશ જનાર ગાડામાં આજીજી કરી ગયો. ચંપાનગરીમાં શય્યંભવ સૂરિ પાસે પહોંચ્યો. શય્યંભવસૂરિને માલમ પણ નથી કે આ મારો છોકરો છે. મહારાજ! શય્યંભવને ઓળખો છો? એમ પૂછે છે. તે પૂછે છે કે તું અહીં કેમ આવ્યો? ને તું કોણ છે? ને બાળક કહે છે કે હું રાજગૃહમાં રહું છું. હું શય્યંભવનો છોકરો છું. મારી દીક્ષા લેવાની ઈચ્છા છે. ગુરુએ કહ્યું, હું પોતે જ શય્યંભવ છું. મારી પાસે દીક્ષા લે. તે પછી ઉપાશ્રયે તેમની પાસે રહે છે. અનુક્રમે તેને દીક્ષા આપી. શય્યંભવસૂરિ ૧૪ પૂર્વી છે. પુત્રનું આયુષ્ય છ મહિનાનું છે. નથી પૂછયું તેની માને કે તેના દાદાને. પુત્રનો ઉદ્ધાર શી રીતે કરવો? તે વિચારીને દશ વૈકાલિક સૂત્ર બનાવ્યું. તેનો પ્રથમ પાદ 'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં' ખરું કલ્યાણ ધર્મમાં છે. સારું ઉંચામાં ઉંચું મંગલ ધર્મ, બાળક આટલું જ સમજે. છોકરાને રમકડાં બનાવી તેમ અહીં શય્યંભવ સૂરિ ચૌદપૂર્વી હતા છતાં છોકરાને કઈ રીતે ધર્મમાં લાવવો તે વિચાર કરીને કહ્યું કે સારામાં સારી ચીજ તેનું નામ ધર્મ. તેને દ્રવ્ય ભાવ વિગેરે ભેદો શી

રીતે સમજાવવા? પછી બીજી પાટી ગોખાવી, ત્યારે अहिंसा संजमो तवो તે ધર્મ અહિંસા, સંજમ ને તપરૂપ છે, એટલે દયા પાળવી, મન તથા ઈંદ્રિયને દમન કરવું ને તપસ્યા કરવી, તે ધર્મ છે—આમ કહે છે પણ પ્રથમથી જ તેને સમ્યગ્‌દર્શનાદિનું સ્વરૂપ નથી સમજાવતા, આશ્રવ કે સંવર પ્રથમ તેને નથી સમજાવતાં, ને તે ધર્મનું ફળ બતાવતાં શું કહે છે કે, દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો. જેનું મન હંમેશાં ધરમમાં હોય તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. બાળકને હંમેશા સીધી વાત તુરતજ ગળે ઉતરી જાય. બાળક ઉંમર દેખીને ધર્મમાં લાવવો, તેને પણ ધરમમાં ચોક્કસ લાવવો પણ કયા રસ્તે તેને ધરમમાં લાવવો? તેને પરભવ કે પુન્ય પાપની સાબિતીમાં કાંઈ નહીં. તેમ ધર્મઘોષસૂરિ ધના સાર્થવાહને પહેલાં 'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં' બાળજીવને મંગલ શી ચીજ છે, મંગળના ભેદ વિગેરે જણાવી, મધ્યમ બુદ્ધિ અને બુધને અંગે ધર્મનું લક્ષણ કયું બતાવ્યું તે અગ્રે વર્તમાન.

⁂

પ્રવચન ૯ મું

મહેસાણા, અષાડ સુદી ૪, રવિવાર, ૧૯૯૦

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન હેમચંદ્રાચાર્ય મહારાજા ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર ગ્રંથને રચતાં થકા કહે છે કે महात्मनां गुणकीर्तनं हि श्रेयो निःश्रेयसास्पदम्। મહાત્મા પુરુષોનાં ગુણોનું કીર્તન તે કલ્યાણ અને મોક્ષનું ધામ છે. હિ શબ્દનો અર્થ અવધારણ [illegible], નિશ્ચય અર્થ પણ લઈ તેને માટે હેતુ તથા અવધારણ અર્થ ઘટાવ્યો. [illegible] મહાત્માની અપેક્ષાએ પ્રકરણથી હિ શબ્દ હેતુમાં લગાડયો. તેથી ચાહે જેટલી પ્રવૃત્તિ દ્રવ્યાનુયોગમાં, ગણિતાનુયોગમાં કે ચરણકરણાનુયોગમાં કરવામાં આવે પણ તેમાં જો [illegible] ધર્માનુયોગનો રસ ન હોય તો સર્વ નિષ્ફળ જાય. અભવ્ય મિથ્યાદ્રષ્ટિ, તથા દુર્ભવ્ય [illegible] આવે ત્યારે તે વખતે દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ તથા ચરણકરણાનુયોગ [illegible] હોય જ, કારણ કે દ્રવ્યાનુયોગ વગર જીવ અજીવાદિ વસ્તુને સમજે નહિ. [illegible] દેવલોક મેળવવા છે તે ખ્યાલ જ ક્યાંથી હોય? આસ્તિક બને તેને [illegible] હોય, આસ્તિક કોને કહીએ? અસ્તિ પરલોકાદિ મતિરસ્ય સ આસ્તિકઃ [illegible] બુદ્ધિ જેની હોય તેને આસ્તિક કહીએ. જે દેવલોકને, પરભવને, પુન્ય [illegible] આસ્તિક જ હોય. આસ્તિક થયા વગર આ માન્યતા થઈ શકતી નથી. [illegible] નાસ્તિક હોય તેવો નિયમ નથી. ચાલુ અધિકારમાં દેવ- [illegible] માનેલા હોય, નાસ્તિક પરભવ દેવલોક [illegible] સમ્યક્ત્વના સ્થાન નહિ કહેવાનું આસ્તિકપણું [illegible] જણાવવાનું છે. જગતમાં કહેવાનું આસ્તિકપણું જો,

પરભવ, પુન્ય, પાપ, વિગેરે માન્યતાવાળું અભવ્યને પણ આવી જાય, પણ સમ્યકત્વના સ્થાન તરીકે જે આસ્તિકય તે છે આસ્તિકય ધ્યાનમાં લ્યો.

જીવની સિદ્ધિ

અત્થિ જીવો જીવ છે. એવી પ્રથમ માન્યતા થાય, સમજી શકીએ છીએ કે મેં સાંભલ્યું, મેં જોયું, મેં આપ્યું, મેં ફરસ્યું, આમાં મેં એમ કહેનાર કોણ? પાંચે ઈંદ્રિય સિવાયનો કોઈ મેં છે, જેને અંગે મેં કહીએ છીએ, કદાચ કહીશું કે તે મન છે. મેં તરીકે કદાચ મન લઈએ પણ તે નહીં લેવાય, મેં વિચાર્યું, મારા વિચારો ત્યાં મન જુદું પડયું. એટલું જ નહિં પણ વિચાર, શ્રવણ, દર્શન, ઘ્રાણન, સ્પર્શન, રસન એ છ વાનાં કરનાર કોઈ પદાર્થ હોવો જોઈએ. અન્યના વિષયમાં અન્યની દખલગીરી કેમ? મેં સાંભલ્યું, તો જીભ સાંભળતી નથી. મેં જોયું, બોલનાર જીભ પણ જીભ જોતી નથી. મેં ફરસ્યું. જીભ ફરસે છે? આ પાંચે પેઢીનો હિસાબ એક જગાએ ન રહેતો હોય તો મારે નુકશાન અને ફાયદો એમ કહી શકાય નહિ.એક શેઠની છ જગા પર દુકાન હોય, શેઠ એક માલિક હોવાથી કોઇ પણ એક દુકાને ઘનો ફાયદો કે નુકશાન થાય તો મને નુકશાન થયું કે મને ફાયદો થયો એમ કહી શકે, પેઢીઓ એક કંપનીની હોય તો, મજીયારાની એ પેઢીઓ ન હોય તો કલકત્તામાં થએલી કમાઇ મુંબાઇમાં બેઠેલો કેમ કહી શકે કે હું કમાયો? ત્યારેજ કહી શકે કે જયાં એ સર્વ પેઢીઓ એક માલિકીની હોય. એક માલિકીની પેઢી અહીં જીભ બોલે છે. મેં સાંભલ્યું, મેં જોયું, મેં ફરસ્યું, મેં વિચાર્યું, મેં સુંધ્યું, જીભમાં સાંભળવાની જોવાની કે વિચારવાની તાકાત નથી તો જીભ કેમ બોલે છે? આ બધાને અંગે કોઇક માલિક છે, એમ કબુલ કરવું પડશે. જો જીભથી જુદો માલિક ન હોય તો અર્થાત જીભ સ્વતંત્ર માલિક હોય તો તેને બોલવાનો હકક નથી. મેં સાંભળ્યું, જોયું, સુંધ્યું, વિચાર્યું, તે બોલવાનો હકક જીભને નથી, તેવી રીતે વાઘ આવ્યો, સાંભળ્યું કાને, નાસવાની તૈયારી પગ કેમ કરે છે? પગે કયારે સાંભળ્યું કે પગ દોડવા તૈયાર થયા. આખા શરીરના ઇન્જીનમાં અંદર ઇજનેર છે. આથી જીવ છે એમ માનવુંજ પડે. પાચ ઈંદ્રિયો અને છટ્ઠા મનથી જુદો એવો એક પદાર્થ અંદર રહેલો છે. આને અંગે શાસ્ત્રકારોએ જે જેવો હોય તેને તેવી રીતે મનાવવો. નાસ્તિક જીવ નથી એમ કહેતો હતો, તેની સામે એવો મનુષ્ય આવ્યો કે તપાવેલું લોઢું પકડી ચાંપવા માંડયું. તો ફટ ખસ્યો. જીવ નથી, એમ કહેતો હતો પણ જીવ માન્યો, સાબિત થયું કે તું જીવ માને છે. મોંથી ના કહે છે, પણ અંદરથી જીવ માને છે.

ઝાડ સાક્ષી પૂરી ગયું

એક વાણીયાના ગરાસીયા પાસે ૫૮૦ રૂપીઆ વ્યાજ ચડતા થઇ ગયા. વાણીયાને ચટપટ થઇ, ઉઘરાણી કરે, લડે - ગરાસીયો ટુંકારો સહન ન કરે પણ કરે શું? 'કયા કરે નર બાંકડા કે થેલી કા મોં સંકડા.' ઘણું લાગે, બળી જાય, પણ કોથળી ખાલી છે. કોઇક વખત

આ જીવ છે, એટલુંજ નહિ પણ 'જીવ નિત્ય છે' આ જગા પર વિચારવાનું કે જગતમાં જે ચીજો છે તે બધી અનિત્ય છે. નિત્ય હોય તો આ જીવ એક જ છે.

મેળવ્યું તે મેલવા માટે

આ ઉપર લક્ષ્ય જાય તો માલમ થાય કે મેળવ્યું તે મેલવા માટે. ચાહે ધન, કુટુંબ કે શરીર, જે મેળવો તે મેલવા માટે મેળવો છો. ચાર ચીજ, કંચન, કામિની, કુટુંબ અને કાયા. આ ચાર સિવાય પાંચમી ચીજ મેળવતા નથી પણ એ મેળવાય છે તે મેલવા માટે. જ્યારે પાછળથી લાવ્યા તેથી તો અહીંથી લઇ જવાના ક્યાંથી ? નથી પરભવથી લાવ્યા, પરભવમાં નથી લઈ જવાના, તો મેળવ્યું એ મેલવા માટે. નાગો મનુષ્ય સટ્ટા બજારમાં ગયો. કમાયો તો ઘેર લઈ આવવાનું છે. ખોવે તો આપવાનું શું છે ? તેમ આપણે નાગા આવ્યા હતા. લઈ જવાય તો ઠીક, ન લઇ જવાયું તો નાગાનું ગયું શું ? જો બજારમાંથી લઈ ગયા તો ટીક, નહીંતર હતું શું ? નાગાને સટ્ટા બજારમાં ખોવાનું નથી. નાગાને સટ્ટા બજારમાં વાંધો શો ? કમાયા તો ગાંઠે બાંધવું છે ને ખોયું તો દેવું છે કોને ? નાગો મેળવે એટલું ગાંઠે બાંધે છે. ખોયું તો ગયું શું ? એને ઘરનું કંઇ દેવું નથી. સટ્ટા બજારમાં કમાઈને સામટું ખૂવે તો એનું હતું શું કે જવાનું શું—એમ અહીં મેળવીને મેલી દેવું પડે તેની ફીકર નથી, નાગો સટ્ટાબજારમાં ૫-૨૫ હજાર કમાયો, અરે પાયમાલ થઇ, અરે લઈને આવ્યો તો શું કે જશે તો શું ? તેમ આ જીવને ગયાનો ડર ક્યારે આવે ? લઈને આવ્યો હોય તો. એને મળે, તો મજા કરવી છે, ને જાય તો, હતો ક્યાં પૈસા ?

મનુષ્યપણાની પેઢીમાં જમે કરેલી પુણ્યની ત્રણ રકમો

જેમ નાગો કહ્યો તો નાગો આવ્યો હતો તો સારૂં હતું પણ અહીં મોટી પંચાત છે. [illegible] ભવમાંથી મનુષ્યપણાની ગતિ, મનુષ્યનું આયુષ્ય, પાંચ ઇંદ્રિયો વિગેરે માલ લાવ્યો [illegible] લાવ્યા છે એ બધા અહીં સટ્ટા બજારમાં પાયમાલ થવા બેઠો છે. પૂંજીની [illegible] માટે બેઠો છે. પહેલા ભવનું પુણ્ય અહીં લાવ્યા છો, અહીંથી પણ પૂંજી [illegible] ? એ પૂંજી ન વધારી શકે તો છેવટે લાવ્યો છે તેટલી તો કાયમ રાખજે, [illegible] નથી. જન્મમાં લાડકું નથી કે આડુંઅવળું બોલે તો ગોદો વાગે. મિલકત માટે [illegible] કે, આ પુરાંત લઈને મેં પેઢી માંડી છે. મનુષ્યપણાની પેઢી [illegible] તાનુકસાયો, દાણરુચિ મજ્ઝિમ ગુણો અ' આ ત્રણ [illegible], દાનરુચિ ને મધ્યમ ગુણવાળો તે પુરાંતમાં હતી, તેથી પેઢી [illegible] માંડી, બાપના ૫૦૦ લાવે, મામાના ૫૦૦ લાવે, કાકાના ૫૦૦ લાવે, [illegible] લાવી પેઢી શરૂ કરી છે. હવે દરેક મનુષ્ય–આત્માની પુરાં[illegible] પેઢીના [illegible] પોતાની પેઢીના પુરાંતના પુણ્યનો ખ્યાલ [illegible] પુરાંત [illegible] પાળવા ક્યાલ. આ પુરાંત નામ મેલી

રાખી છે. તેનો પડછો શો? તમને ખબર હશે કે જેને અફીણનું વ્યસન પડે તેને જમવા બોલાવો, પાંચ પકવાન દૂધપાક પુરી જમાડો તો ધૂળ, તેને ગમ્મત કયારે પડે કે કસુંબો નિકળે તો કલ્લોલ. તે ન હોય તો પાંચે પકવાન, દૂધપાક પુરી બધું નકામું. આથી જેને જે ટેવ પડે તે સ્થાનનો રાજીપો હોય, અહીં તીવ્ર ક્રોધની ટેવ હોય તેને કયાં જવાનું હોય? જયાં તીવ્ર ક્રોધ હોય ત્યાંજ જવાનું હોય. જયાં આખો જન્મારો મારંમારી ચાલતી હોય ત્યાં, ક્રોધની ટેવવાળાને સ્વાભાવિક ટેવ હોય, સાપને તથા વાઘ સિંહ વિગેરેને ક્રૂર ગણીએ છીએ. એ પણ કોઈનો ગુન્હો દેખે ત્યાં પોતાની બધી સત્તા અજમાવશે. નાનો છોકરો ગાયને અડપલું કરે તો શીંગડું મારે, તેને બાળક સમજતું નથી. ગાયને ખ્યાલ નથી. જાનવરની સ્થિતિ એ છે કે ગુન્હેગારના ગજા તપાસ્યા સિવાય સજાનો અમલ કરે છે. જાનવર માત્રમાં આ સ્થિતિ છે. હવે આપણે અહીં તપાસો, મનુષ્યપણામાં ગુન્હેગારની સ્થિતિ ન તપાસે ને સત્તાનો કોયડો ચલાવે તેની સ્થિતિ ભવિષ્યમાં શી? તેવો જીવ જન્મીને આવી જગા પર ઉપજે તેમાં નવાઈ શી?

જ્ઞાનીને આમાં પૂછવું પડે તેવું નથી. મનુષ્ય અને જાનવર કેટલાક એવા હોય છે કે ગુન્હેગાર ઉપર સત્તા અજમાવતા નથી. બધી ગાયો કે કૂતરા–મારનાર, કરડનાર હોતા નથી. જેને પાછું એ જાતિમાં જન્મવું નથી તેને એ સ્વભાવ હોય કયાંથી? પહેલા ભવની પુરાંત ઉડી ગઈ છે. હવે જાનવરની ગતિની પુરાંત દાખલ થઈ છે. એક વચન ધોખા-મણનું કહયું ત્યાં ચાર આંખ. હવે નવું દેવું લઈ બેઠો. મનુષ્યપણાની પુરાંત હાજર હોય તો ચાહે જેટલું કહે, તો પણ કષાય ન કરવો, એક જ ખ્યાલ રહે. તાવને તેડું કોણ મોકલે? પણ અહીં શું થાય છે?

ક્ષણિક ક્રોધના ફળો

તાવમાં શરીર ઉકળે, આંખો લાલ થાય, ભોજનરુચિ ઓછી થાય. આ બધા ચિન્હો પણ જીવને ક્રોધ વખતે થાય છે. તો તાવને તેડું મોકલ્યું કે નહિ? કેટલીક વખત પાણી પાવ તો ટાઢો પડશે એમ કહેવામાં આવે છે. એને પાણી પણ ભાવે નહિ, આ ગણાતો તાવ, એ તો ચામડીનો તાવ, પણ આ ક્રોધ જે છે તે આત્માનો તાવ. પેલા તાવને માટે કવીનાઈનની શીશીઓ પૈસા ખરચી લાવવી પડે છે, મ્યુનિસિપાલિટી તે શીશીઓ મફત આપતી નથી. આ મેલેરીયા તાવની ગોળીઓ પૈસા ખરચી રખાય છે પણ આ ક્રોધરૂપી તાવની દવા વગર પૈસાની મળે છે તે રખાતી નથી, ગોળીઓ ભરી છે. બાટલા ભર્યા છે, પણ તાવ આવે ત્યારે બાટલા ફૂટી જાય છે. તાવ જાય ત્યારે બાટલા ખડા થાય છે. આ કમનસિબીનો છેડો કયાં લાવવો? વિચારો "ક્રોધે કોડ પૂરવ તણું સંજમફળ જાય." આ ગોળી કોની પાસે નથી? ક્ષણવારના ક્રોધમાં ક્રોડ પૂરવનું સંયમનું ફળ ચાલ્યું જાય આ વચન રૂપી ગોળી કોની પાસે નથી? છતાં ગોળી તાવ ન ચડે ત્યાં સુધી, તાવ ચડે ત્યારે ગોળી ગેપ થઈ જાય છે. ગુસ્સો આવે ત્યારે એ ગોળી કયારે ખ્યાલમાં લાવો છો? ક્રોધે

જાય, મેં ક્રોધ કર્યો. ક્રોડ પૂરવનું સંજમ તપ જાય એ બધું પછી યાદ કરે છે. ક્રોધને અંગે સમજી શકીએ છીએ, કે એક સાધુ પંચમહાવ્રત પાલનારા, માસખમણ કરનારા, અષ્ટ પ્રવચન માતા ધારણ કરનારા, તીર્થંકરના વચન આરાધના માટે જિંદગી અર્પણ કરનારા એવા મહાપુરુષ એક ક્ષણિક ક્રોધના પ્રતાપમાં કઈ દશામાં આવે છે, તીર્થંકરને કેમ મારું? જિંદગી જેને માટે અર્પણ કરી હતી, જેની આરાધના માટે કાયા ગણી ન હતી, કુટુંબ ગણ્યું ન હતું, તેવા મહાપુરુષને મારવામાં મોટાઈ માનનારો, ઘાતકીપણે મારવામાં દૃષ્ટિની જ્વાલા મેલી સલગાવી મેલવાનો વિચાર તીર્થંકર મહારાજ માટે કરે, તેના સિવાય બીજું ઘાતકીપણું કયું?

ગોશાલે મૂકેલી તેજોલેશ્યા જે ખરાબ ગણીએ છીએ તેજ ખરાબી અહીં છે. તીર્થંકરને ઘાતકી રીતે મારવા તૈયાર થનારો, ન મર્યા તેનો અફસોસ કરનાર, એક વખત બે વખત દૃષ્ટિ મેલી તો પણ તીર્થંકર મરતા નથી. મારી નાખવાના વિચારમાં ઓછાશ રહેતી નથી. તેથી કાળો નાગ તીર્થંકરને ડંખે છે. જે તીર્થંકરના વચનની ખાતર દુનિયા વિષય કષાય શરીરની મમતા છોડી, તેમના વચનને આધારે પાંચ મહાવ્રતાદિક બધું કરી રહ્યો હતો. આવો મહાપુરુષ તીર્થંકરને મારવા તૈયાર થાય છે, ન મર્યાનો પશ્ચાતાપ કરે છે, ને [illegible] મારવાનો ઉપાય કરે છે. આ ઉગલો ક્ષણિક ક્રોધનો, શિષ્યે આલોવવાનું કહ્યું ત્યારે ક્રોધ [illegible], [illegible] આવ્યો એમ કહ્યું ત્યાં મારવા દોડ્યો તેમાં કાળ કરી ગયો તેનું આ પરિણામ. એક ક્ષણિક ક્રોધ મહાવ્રતનો મૂળથી નાશ કરે છે, આઠ પ્રવચન માતાની મોકાણ કરી [illegible]. [illegible] ક્ષણિક ક્રોધની દશા. આ ગોળી ક્રોધનો તાવ ન ચડે ત્યાં સુધી, તાવ ચડે એટલે [illegible].

[illegible] બે ગોળી મારી અને પોલીસે બે ગોળી મારી, તેમાં ફેસલામાં ફરક શો. [illegible] આપતો નથી. તેમ વીતરાગ પરમાત્મા કોઈ ઉપર ક્રોધ કરવાની [illegible]. [illegible] પોતાની પ્રકૃતિમાં જાય, ત્યાં સ્વાર્થ નથી. લુચ્ચાઓ [illegible] [illegible] ફરક પડી જાય. કાયદામાં ગુનેગારને હાથ લગાડવાનો નહીં. તેમ [illegible] કરવાની આશા નહીં. પરીણામ તરફ વિચારીએ ત્યારે પાંચ મહા- [illegible] આદિના ભાગ નકામા થયા. આઠ પ્રવચન માતાની માનતા [illegible] તીર્થંકરની આરાધના કરી તે નિષ્ફળ ગઈ. આ ક્ષણિક ક્રોધનું [illegible] ગોળી મળી છે. પણ તાવ આવે ત્યારે ગોળી [illegible]. તાવ [illegible] શું કરવું?

[illegible]

[illegible] કરવી પડી છે, [illegible] કયા કારણે? [illegible] [illegible] છે. [illegible]માંથી

આવે છે. ગધેડીને પણ તડકો લાગે છે, ગધેડી ધીમે ધીમે ચાલે છે, કુંભારણને ક્રોધ ચઢે છે. ડફણું ઠોકતાંકને 'ચાલ બેન ચાલ ! સામેથી કોઈ આવતો હશે, આ શું? બેન બોલે છે ને ડફણું મારે છે. આડ આવ્યું. ખોટી થઈશ પણ મને જવાબ આપ. ડફણું ક્રોધ વગર મરાય નહીં, ને ચાલ બેન ચાલ તે શી રીતે? કુંભારણ કહે છે કે બજારમાં જઈશ ત્યારે ડોકરી આવશે, કટકટ કરશે, હાંલ્લું ગમશે ત્યારે કિંમત કરવામાં કાયર કરી નાંખશે, બે પૈસાના વેપારમાં મારી આ દશા. એમાં જો રાંડ-કભારજા. તારી મા મરે, આટલી ટેવ અહીં પડે તો. ત્યાં ઘરાક પાસે એ શબ્દો નીકળે તો શું થાય? આજકાલ રાંડ-કભારજા તમારા સંતાન માટે વાપરો છો, મૂઈ વગેરે કોને માટે આવા હલકા શબ્દો વાપરો છો? ગાંડાના હાથમાં તરવાર આવી પછી ફેરવતો જાય તો વચમાં કોણ આવશે તેનો તેને ખ્યાલ ન હોય. કોના ઉપર ફેરવશે, તેની દરકાર નથી, તેમ તમને મોંમાં એક ચાર આંગળની જીભરૂપી તરવાર પ્રાપ્ત થઈ, એટલે ગમે તેના ઉપર ચલાવો છો. છોકરી હોય તો છોકરી. ક્રોધમાં કુટુંબ ઉપર કરવત ફરી વળે છે. ક્રોધ કોના ઉપર કેર વર્તાવે છે તેનું ભાન નથી. ક્રોધના છાકમાં તેનું ભાન રહેતું નથી. એટકું ભારણ કહે છે કે જીભરૂપે કુર-કૃપાણને ચાહે જેની પર ચલાવું તો મારી શી વલે થાય? માટે આ ગધેડી ચાલતી નથી. તડકો ચડ્યો છે, ભૂખ તરસ લાગી છે, તેથી ચાલ બેન ચાલ એમ કહું છું. આ આદતજ પાડી દેવામાં આવે તો વજર ઉપયોગે પણ એજ શબ્દો બોલાય. આવી આદતથી ક્રોધાદિક પાતળા પાડવા જોઈએ, વિચાર કરવો પડે તેમ નહીં. સ્વભાવે કષાયો પહેલા ભવમાં પાતળા કર્યા છે તે પુરાંતમાં છે. મનુષ્યપણામાં આવ્યા ક્યારે? જ્યારે કષાય પાતળા કર્યા ત્યારે, મનુષ્યની પેઢીમાં પ્રથમ પુરાંત સ્વભાવે પાતલા કષાય, જેટલા પાતલા કષાય સ્વભાવે ન હોય તેની પહેલી રકમમાં પોલ. સ્વભાવે પાતલા કષાય શું કરે? કોઈકે ઓર્ડર લખી આપ્યો, જાવ આખું રાજ્ય તમને આપ્યું પણ અમલમાં મેલવાની તાકાત ચીઠી લેનારમાં જોઈએ. તેમ અહીં આયુષ્ય કર્મે તમને મનુષ્યના આયુષ્યની ચીઠી આપી, પાતલા કષાય રાખ્યા, તેના પેટે તેનો અમલ કરવામાં તમારામાં પરાક્રમ જોઈએ. જગતમાં પારકી આશાએ આયુષ્યને વહેનારા કેવળ પુરુષો છે.

છએ કાયના આધારે મનુષ્ય જીવન ટકે

પૃથ્વીકાય તમારાથી જીવે કે તમે પૃથ્વીકાયને જીવાડો? કહો તમે પૃથ્વીકાયના દેવાદાર. પાણી તમારાથી જીવે કે તમારાથી અગ્નિ જીવે? હવા અગ્નિ ને વનસ્પતિમાં પણ સમજે દોર-દાંખરથી તમે કે તે તમારાથી જીવે? દેવાળીયો દેવાળું કાઢ્યું હોય તો જે આવે તેનું જમે માંડે. દેવાવાળો ભૂલે એમ પાટીયું ફેરવવાની દાનતવાળાને પૃથ્વી, અપ, વાયુ, અગ્નિ, વનસ્પતિ તથા ત્રસકાય એ છએ કાયનો ઉપકાર જમે માંડવામાં વાંધો નથી. દેવા કોને છે? આપણે આખા જગતના દરેક પદાર્થોના દેવદાર, એના આધારે આપણું જીવન તપાસો, આપણે આધારે કોનું જીવન છે? બીજા આધાર તરીકે ન રહે તો આપણું

જીવન કેટલો વખત ટકે? કહો ત્યારે જીવન આયુષ્યને અંગે મલ્યું છતાં તેનો અમલ, જીવનનું વહેવું, ટકવું, એ આ સાધનો ઉપર આધાર રાખે છે. પ્રકૃતિએ પાતલા કષાયથી મનુષ્ય જીવન મલ્યું પણ તેનું ટકવું અન્ય સંયોગ પર આધાર રાખે છે તે ક્યાંથી મળે? પહેલાં ભવમાં તમે દાનરુચિવાળા બન્યા હતા.

દાન દેવું અને દાન રુચિનો તફાવત

દાન દેનાર અને દાનરુચિવાલાને અંગે ફરક છે. જો દાન દેનાર ઉપર રાખીએ તો માલદાર હોય તે દે. આથી માલદાર હો કે ન હો પણ દાનની રુચિવાળો હોવો જોઈએ. દેરાસરમાં કારણસર ટીપ કરો. પ્રભુદાસે ૫૦ ભર્યા, ભીખાભાઈ ધારે કે મારે ૫૦ ભરવા પડશે. તો પહેલેથી મારે આમ છે, મારે ખરચ થયું છે. જ્યાં ધરમનું કાર્ય આવે ત્યારે કકળાટ કરવો, આ દાનરુચિ નથી. ત્રણસો ઘરમાં ખરચ થયો તો અહીં કેમ ન આપવા? આ વિચાર ભાગ્યવાનને સૂઝે, ખાસડા મારીને લઈ જશે તો આ સોનાને કોદાળે વાળું કેમ નહીં? ધર્મિષ્ઠ દાન રુચિવાળો હોય તે બચ્યામાંથી બાચકો ભરે. દાનરુચિ ન હોય તો કોઠાઈ ગયેલાની કથની ધરમના કાર્યમાં કથે છે. પેલા બિચારા સંઘનું કામ કરવા આવ્યા હોય તેના પગ કેડ, ગળું બધા સરખા કરી દે છે. મારો વિચાર જ નથી એમ કરી દે. શ્રીફળ શબ્દ પહેલા બોલાય નહીં, પહેલાં જાયફળ બોલી નાખે. એમ કરતાં કરતાં કાંઈ નથી કરવું તો લ્યો ત્યારે ૧૧ માંડો. પરોપગાર કર્યો. ચાર આવનાર ઉપર પરોપગાર કર્યો, એમ કરતાં તમારાં આટલા તો બીજા શું માંડશે? છેવટે ૩૧ નક્કી થયા. છેવટે ટીપ ભરાવનાર ગયા એટલે ૨૦ બચ્યા તો લાભ; ૨૦ બચ્યા, ૩૧ માં પત્લો છૂટ્યો. આત્માનું શું થયું. આમાં મેળવો કેટલું? બધા ધરમના કામ તમે જ કરો છો, કોઈ દેવદ્રવ્યમાંથી કરવા આવનું નથી, પણ તમે મેળવો છો કેટલું તેનો દાખલો લઉં છું. પૈસા [illegible] મેળવો કેટલું ને તપાસો. "ખુદા દેઓગા તો સહી, લેકિન હગાહગાકે દેઓગા" [illegible] રકમ કઈ? દાનરુચિ પેલો પાપ કરે ત્યારે ધર્મ ઉપર દાનરુચિવાળો પાપ કરે. [illegible] ફરક છે પણ ભાવનામાં ફેર હોવાથી દાનરુચિવાળો હોય તે આમ બોલે. [illegible] તમને સંસ્કાર પડી ગયા છે, નહીંતર સાધુને કેટલા ભારી પડી જાય. દાન [illegible], પૂજા પ્રભાવનાઓ પાંજરાપોળ દેરાસરો પાઠશાળાઓના ખર્ચા ભારે [illegible] ના વિચારમાં લાગ્યા હોય, તો સત્ય લાગે, ત્યાં આમ બોલાય [illegible]. જેના ચોપડા રહેશે આત્માનું શું કરવા લાગી નાખો છો? [illegible] દીકરા બની જાય છે, દાનરુચિ એ ગુણ સમજવો ન [illegible] થાય છે. જ્ઞાનની આપના નહીં દાનરુચિ પાતળા [illegible] આયુષ્ય પાતળી તે માટે ત્રીજું પુરાવે છે. મનુષ્ય આયુ [illegible] ગુણવાળો આયુષ્ય બાંધી શકે, આ [illegible] છે. આ ત્રણ ગુણોથી આ વેદી બાંધી છે. [illegible]

પુરાંત કેટલી છે તે તપાસ્યું? પુરાંતમાં પોલ મેલીને માલ મેળવ્યો છે. કંચનઆદિ ચારનો માલ મેળવ્યો છે. આ મેળવ્યું તે મેલવાનું જ છે. સાથે લઈ જવાનું નથી. આ ભવનું મેળવેલું મેલીને જ જવાના છો. પહેલા ભવમાં મેળવેલું તે મેલીને આવ્યા છીએ. સારૂં લઈને શું આવ્યા હતા? પણ મેલો મેલો પણ ખાસડા ખાતા એ ન મેલો. હાય ગયું, અરરર મેલવું પડે છે. અરર ઓય ઓય કરી મેલે તે કરતાં વોસિરે વોસિરે કર. હસતાએ પરોણા, રોનાએ પરોણા તો રોઈને શા માટે સાચવવો? તમે રોવો કે હસો તો પણ મેલવાનું છે. ડાહ્યો હો તો હસતા જ વોસિરે કરને. જો મેલવું છે તો હસતા શા માટે ન મેલવું?

૧૯૧૪ ની લડાઈમાં બહાદુરીથી પાછા હઠીએ છીએ એમ હાંક્યું. એમ મેલતા તો બહાદુરી કર. લશ્કરને રક્ષણ કરવા પૂર્વક પાછા હઠે તે માનસર પાછા હઠયા, તો પણ બહાદુરી. તો પ્રાણથી મેલને. વગર પ્રાણે ચુંથાઈ જશે તેમાં શું? એમ આત્માના પરિણામની ધારા ન બગડે તેવી રીતે છોડ. નહીં તો પરિણામની ધારા બગડશે તો તે રીતે પણ છૂટવાનું તો છેજ. જે મેળવ્યું તે મેલવાનું છે. જો મેળવ્યું તે મેલવાનું છે તો તેમાંથી મારગ કરી લે. પણ મારગ કોણ કરે? આ શરીર ભાડૂતી ઘર છે. આ જીવને માલિક સમજે. અર્થાત જીવ નિત્ય છે ને તે સિવાય બધું અનિત્ય છે, એ સમજનારો મેળવેલું મેલતા મારગ પકડી લે. આ આસ્તિકતાનું બીજું સ્થાનક, ચોમાસામાં અળસીયા માફક આ જીવ પુણ્યથી ઉભરાઈ જાય. પણ પુન્યની પોચાશે પદાર્થો નાશ પામી જાય છે પણ જીવ નાશ પામતો નથી. માટે આત્મા નિત્ય છે. આ વિચાર કર્યો. આચાર વિચાર બીજા છે, જીવ કર્મ કરે છે, કર્મ ભોગવે છે, મોક્ષ છે, મોક્ષના ઉપાય છે. આ છ વિચાર કરે તે આસ્તિક. આ છ વિચારો સમ્યક્ત્વના આસ્તિકતાના છે. પરભવ દેવલોકાદિ માનનારો તે દુનિયાદારીની અપેક્ષાએ અનંતી વખત તેવો આસ્તિક થયો. છતાં મહાપુરુષ તરફ કીર્તન વંદન સત્કારાદિ કરી ગુણના બહુમાનના રસ્તે ન આવ્યો, માટે મહાત્માઓના કીર્તન તેજ કલ્યાણ અને મોક્ષનું ધામ છે એ રહસ્ય જાણવું. અને તે હેતુથી જ હેમચંદ્રાચાર્ય પણ ત્રિષષ્ઠીશલાકા પુરૂષ ચરિત્ર કહેતાં બાળક મધ્યમ તથા બુધ જીવોનાં લક્ષણ શું હોઈ શકે તે આગળ કહેશે.

પ્રવચન ૧૦મું

સંવત ૧૯૯૦ અસાડ સુદી ૫ સોમવાર

લૌકિક અને લોકોત્તર આસ્તિકય

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા ૬૩ શલાકાપુરુષ ચરિત્ર કરતાં થકાં આગળ જણાવી ગયા કે મહાપુરુષોનું કીર્તન તેજ કલ્યાણ અને મોક્ષનું છે. આમ દિ શબ્દનો નિશ્ચય અર્થ કરી જણાવી ગયા. આથી દ્રવ્યાનુયોગ, ગણિતયોગ તથા ચરણકરણાનુયોગ એ ત્રણ અનુયોગો આ જીવે અનંતી વખત કર્યા, કારણ એ છે કે શાસ્ત્રકાર સ્પષ્ટ કહે છે કે, દરેક વ્યવહાર રાશિવાળા જીવે અનંતી વખત દ્રવ્યચારિત્ર લીધા છે. જ્યારે ચારિત્ર દ્રવ્યથી ગ્રહણ કરે ત્યારે જીવાદિક તત્વો સહેજે માનવામાં આવે. જીવ ન માને તો દેવલોકની ઈચ્છા પુણ્યનું માનવું નરકનો ડર પાપનો ભય હોઈ શકે નહિ. જ્યારે જીવાદિક પદાર્થોની શ્રદ્ધા થઈ હોય ત્યારે અનંતી વખત દ્રવ્ય ચારિત્ર લીધા, ત્યારે જીવાદિક આઠ પદાર્થોની શ્રદ્ધા થએલી હતી જ, નહીંતર દેવલોકની અભિલાષા થઈ ન હોય ને ત્યાર ઉત્કૃષ્ટ ચારિત્રનું આચરણ થઈ શકે નહિ. તે ન થયું તો નવગ્રૈવેયક સુધી [illegible]નું સાર નહીં, અનંતી વખત નવગ્રૈવેયકે આ જીવે ઉત્કૃષ્ટ ચારિત્રના પ્રતાપે જઈ [illegible] ઉત્કૃષ્ટ ચારિત્ર પાળ્યું કેમ હશે? મોક્ષની લાગણી નથી. જો મોક્ષની લાગણી હોય [illegible] ઉત્કૃષ્ટ ચારિત્ર પાળે. જે વખતે કેવળજ્ઞાની વિદ્યમાન હતા, સમર્થ [illegible] હતા, તેવા વખતે જે ચારિત્ર આચરવાનું હોય તે મોક્ષના લાયકનું ચારિત્ર. [illegible] હોય ને કોણ તેવા દીક્ષિત થનારો ક્યા ચારિત્રમાં રહે? મોક્ષ થતો [illegible] વખતમાં શાસ્ત્રમાં સાડું ચારિત્ર કેવું આવે? જે [illegible] ચારિત્ર [illegible] જે સમુદાયમાં જે પદ્ધતિનું ચારિત્ર [illegible] ચારિત્ર પળાતા હતા. તે વખતે [illegible] ઉત્કૃષ્ટ ચારિત્ર અનંતી વખત [illegible]

આસ્તિકતા થયા વગર એ આવતું નથી. પણ એ લૌકિક આસ્તિક્ય, પરભવ પુણ્યપાપ માનવા એ લૌકિક આસ્તિક્ય છે. જૈન મતનું આસ્તિક્ય છ વસ્તુ માનવાથી આવે છે. પ્રથમ જીવ છે. આ પક્ષ વિચારીએ તો જગતમાત્રમાં બધા કહેશે કે જીવ છે. નાસ્તિક કદાચ જીવ નથી એમ કહેશે. જીવને નિષેધ કરનાર કોઈ નથી. પણ નાસ્તિક જીવ નથી અને મોક્ષ નથી એમ કહેશે તો શું માનવું? નાસ્તિક જીવ માને છે અને તે નિષેધ પણ કરે છે. जीवतीति जीवः વર્તમાનકાળે જીવિતને ધારણ કરનાર તે જીવ. આમ જીવિતને ધારણ કરનાર લઈએ તે પ્રમાણે જીવ લઈએ તો નાસ્તિક પણ આડો આવતો નથી. તેથી પાંચ ભૂતથી જીવ ઉત્પન્ન થાય છે તેને અંગે તેનું કહેવું એમ છે કે विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्पद्यते तान्यैव विनश्यति, न प्रेत्य संज्ञाऽस्तीति એ પાંચ ભૂતથી ઉત્પન્ન થાય છે ને તેમાંજ એની મેળે નાશ પામે છે. જે ઉત્પન્ન થયું તે નથી એમ કેમ બોલાય? માટે એણે જીવ છે એમ માન્યું. વાસ્તવિક રીતે જે આપણે જીવ માનીએ છીએ તેવો જીવ તે માનતો નથી. જો આપણે એણે માનેલો જીવ માનીએ તો જડ જીવનમાં જોડાઈએ. આપણે બે પ્રકારના પ્રાણ માનીએ છીએ. દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ.

દસ પ્રકારના દ્રવ્યપ્રાણ

દ્રવ્યપ્રાણ એ જડ પ્રાણ છે. શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ રસના, સ્પર્શન ઇંદ્રિયના પુદ્ગલો, મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ્ય તે પુદ્ગલના બનેલા. જીવના ઘરનું [illegible] શું? આ દશ પ્રાણ નાસ્તિક પણ માનશે. જે જતના આપણે કરીએ છીએ તે જડજીવનની. આપણને ભય જડજીવનના નાશનો લાગે છે. પાડોશીને ઘરે મરે તેની [illegible]. જે આત્માજીવન તેનું લક્ષ્યજ નથી. જ્ઞાનદર્શન ચારિત્ર આત્માનું જીવન તેનું [illegible] નથી. એમાં શું ઘટ્યું વધ્યું કે કઈ જીવની દશા છે તેનું લક્ષ જ નથી. [illegible] જડ જીવનના જતનનું જ લક્ષ છે. એ દશ પ્રાણનો જ [illegible].

[illegible] નગારૂં: હુકમ હજારો જેવી જીવની પરાધીન દશા

તમે હજુ આત્મજીવન ઓળખ્યું જ નથી. [illegible] ઓળખ્યું હોય [illegible] પાડોશીના [illegible] પૈસા મેળવવા હોય તો ભીખ માંગવી પડે તો તેની [illegible]

ખશે? છ ખંડ પૃથ્વીનો માલિક ચૌદ રત્નનો પ્રભુ, નવનિધાનનો નેતા તે થાકને બદલે બે પૈસા જોઈએ તો આખા ગામમાં ભટકે તો પણ ન મલે. તે વખતે તેના મનની દશા કઈ? તે ચક્રવર્તીને જે ગુલામી નથી તે આપણે છે. ચક્રવર્તીની ઋદ્ધિને અને બે પૈસાને આંતરૂં સંખ્યાતું. આપણા આત્માનું કેવળ, અને અત્યારે થતું મતિ, શ્રુત તેમાં કેટલું આંતરૂં? આત્મા સ્વાભાવિક કેવળજ્ઞાનનો ધણી, સિદ્ધનો જોડીયો તે મતિજ્ઞાન મેળવવામાં જિંદગીઓ ગુજારે અને ચારે બાજુ ભટકે તે પોતાની દશા યાદ કરે તો શી દશા થાય? ગાંડો હોય તો બે પૈસાના મૂળા લાવી ખાય તો ખુશ થાય, પણ મગજ ઠેકાણે હોય તો બળાપાનો પાર નહીં. તેમ આપણે કેવળજ્ઞાનના ધણી, આપણે મતિ શ્રુત માટે ભટકીએ છીએ. મતિ શ્રુત પણ કેવું? વર્તમાન રાજ્યોમાં મરી જવું એ ગુલામી કરતાં ઘણું ઉત્તમ છે. તે જગો પર આપણે બે પૈસા જેટલા મતિજ્ઞાનને મેળવવા જિંદગીઓ સુધી ગુલામી કરવાની. આત્મા સમજે છે કે હું માલિક છું. જે પેઢી ઉપર રિસીવર નીમાયા તે પેઢીનો માલિક પણ ગુલામ. અહીં રિસીવર નીમાઈ ગયા છે. ભલે પોતે [illegible] માલિક રહે. પણ રિસીવર નીમાયા પછી માલિક એ મર્યો માલિક. રિસીવરની [illegible] પોતાની મુઠી પણ મળે નહીં. પોતાની સહી પણ ન ચાલે.

[illegible]ના તાબામાં ગયેલી મિલકતનો માલીક છતાં મડદું, આપણે માટે પણ કર્મ[illegible] પાંચ રિસીવર નીમ્યા તેને તાબે ચાલવાનું. શબ્દ સાંભળવો તે કાનની મહેરબાની [illegible] નાખવું, દેખવું, સ્પર્શ જાણવો, સુંઘવું, તે બધું ઈંદ્રિયોની મહેરબાની ઉપર [illegible] તો તમને મળે. કાનનો માલિક આત્મા. ઈંદ્રિયોના [illegible] જ્ઞાન થવાનું. [illegible] આત્માના નામે ચાલે. જ્ઞાન આત્માનું [illegible] જ્ઞાનનો માલિક, જ્ઞાન કરનાર [illegible] નહીં. રિસીવરમાં પણ [illegible] મિલકત ઉપર રિસીવર [illegible] તો રિસીવર નીમાતા નથી. પણ અહીં તો [illegible] કબજે કરી છે, [illegible] સ્વભાવ, [illegible] છતાં બન્ને રિસીવરના તાબામાં.

[illegible] ?

[illegible] નથી, [illegible]

[illegible]

નથી. અહીંઆ કર્મરાજાનું રાજ્ય એવું જબરજસ્ત છે કે આત્માના એક પ્રદેશે અનંતાનંત કર્મવર્ગણાના પુદ્ગલો છે. જીવ શું જોઈને ઉંચું માથું કરે છે? એક પ્રજા પાછળ એક સીપાઈ રાખવામાં આવે તો પ્રજા માથું ઉંચું ન કરી શકે. તો આ એક જીવની પાછળ અનંતા. અહીં રક્ષણ કરનારા ભક્ષણ કરનારા પણ નીકળે. હંમેશાં લશ્કરને કોણ કોણ? માલદાર દેશ. માલદાર દેશ ન હોય તે લશ્કર ફોડી શકે નહિ. જે દેશને તાબે રાખવો હોય તેને માલદાર આપણા દ્વારાએ રાખવો.

આત્માની પરાધીનતાની પરાકાષ્ઠા

આજકાલ નવી સૃષ્ટિમાં લોન લોકોને કબજામાં રાખવાનો રસ્તો. આગળે રૂપિયાની લોન લીધી. તે લોન રાખનારા એજ વિચાર રાખે કે રાજા અમર રહો. દીકરી દઈને નખોદ જવાનું કોઈ ઈચ્છે નહીં. જમાઈનું ભુંડું કોઈ ઈચ્છે છે? તેમ લોનમાં પૈસા રોકનાર રાજ્યનું સ્વપ્ને પણ ભુંડું ઈચ્છે નહિ. અમર તપોમાંજ રહે. પહેલાં તો માલદાર બનવા ન દેવો. માલ હોય તે રાજીખુશીથી આપણે કબજે સોંપી જાય તેવો રાખવો. તે રાજ્યને ખસવાનો વખત નહીં આવે. આત્મપ્રદેશે અનંતા ચોકીદારો રોકયા પછી, માલ લીધો કબજામાં, આત્માનો માલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, આ ત્રણ તમારી મિલકત. એક બેંક કાઢી દીધી. તેમાં અનામત તરીકે મૂકો. તમે દેખો કે રક્ષણ થાય છે. તેમ તમારી જ્ઞાનાદિકની મિલકત પુદ્ગલ બેંકના કબજામાં મૂકાવી દીધી. તમને જ્ઞાન દર્શન ચારિત્ર પુદ્ગલ બેંકમાંથી મળે તેટલી મિલકત કબજે લઈ લીધી. જ્યાં લશ્કરીઓ [illegible] કરી દીધા ત્યાં આત્માનું શું ચાલે? રિસીવર તરીકે ઈન્દ્રિયોને ગોઠવી દીધી. જયારે જરૂર હોય ત્યારે અરજી કરાવીને લ્યો. તે કરતાં વધારે જુલમ કર્મરાજાએ કર્યા છે. તમારા દેશની [illegible] ઉત્પત્તિ પણ તમારા તાબામાં નહીં. આટલા દેશો છે. આટલા રાજ્યો છે. પણ દેશની ઉત્પત્તિ તે તો પ્રજાની માલિકીની હોય, સોનું આદિ ઉત્પત્તિ ચીજ પોતાની માલિકીની હોય.

યુદ્ધને આપવા દેશનું અનાજ બાળી નાંખ્યું પણ એમાં એનો ગુનો નથી. [illegible] જે ઉત્પન્ન કરે તેના માલિક તે પ્રજા હોવી જ જોઈએ. પણ [illegible] જ્ઞાન ઉત્પન્ન કર્યું તેમાં પણ પરાધીનતા, શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શનું જ્ઞાન [illegible] કર્યું તેમાં પણ પરાધીનતા. કાયા પુદ્ગલનો પિંડ તેની ઉત્પત્તિ તેમાં [illegible] ચક્રવર્તીને છ ખંડ, ચૌદ રત્નો, નવ નિધાન આટલા જાય, કે. [illegible]

તેની જેટલી ચિંતા ન હોય તે કરતાં અનંતગુણી ચિંતા આત્માની હોય. હું સિદ્ધ સરખો, મારી રિદ્ધિ, એ ઈન્દ્રિયો અને પુદ્ગલને આધીન? આ દશાનો વિચાર કોને આવે? જે જીવ પુદ્ગલ જીવન જીવે તેને એ વિચાર આવે. જડ–જીવનવાળા એ વિચાર ન કરે, દશ પ્રાણવાળાને એ વિચાર આવતો નથી.

આત્માના નિર્મલ આઠ રુચક પ્રદેશો

આટલું કર્મરાજાએ કર્યા છતાં, આદમી નવા નવા વિચારો કરે! પણ કુદરતના ગર્ભમાં કંઈ જુદું જ હોય, ચક્રવર્તીઓ પોતાના વંશમાં ચક્રવર્તી થાય, તે વિચારમાં બાકી ન રાખે, છતાં તેનું ચિંતવ્યું કામ નથી લાગતું. કુદરત કંઈ જુદું જ કરે છે. તેમ આત્માના પ્રદેશ પર અનંતી કર્મ વર્ગણાની ચોકી રાખી છે. આત્માનું સામાન્યજ્ઞાન પણ ઇંદ્રિયને આધીન કર્યું છે, કુદરત જુદું જ વિચારે છે. કુદરતે આત્માના આઠ પ્રદેશો સિદ્ધ સરખા રાખ્યા છે. નાભિના રુચક તરીકેના જે આઠ પ્રદેશો તે હંમેશાં નિર્મળ. તેની પાછળ એકે કર્મ સીપાઈ નહિ–સ્વતંત્ર. એ કુદરતે આઠ પ્રદેશની રાખેલી સ્વચ્છતા, સ્વતંત્રતા. આખા અસંખ્યાતા પ્રદેશમાં અસ્વસ્થતા, અસ્વચ્છતા સમગ્ર આત્મ પ્રદેશમાં આવે છે. જો આઠ પ્રદેશને કર્મ લાગી જાય, પુદ્ગલાધીન થઈ જાય તો જીવ ગણાય જ નહીં. તો તો [illegible] જ થઈ જાય. આઠ પ્રદેશો કર્મથી રહિત છે. તેની ઉત્પત્તિ ઇંદ્રિયના તાબામાં નથી. [illegible] પણ સ્વતંત્ર દેશ, આખા મુલકને સ્વતંત્ર કરી શકે છે. આઠ પ્રદેશ સ્વતંત્ર, [illegible] અને અસંખ્યાતા આત્મપ્રદેશને સ્વતંત્ર અને સ્વચ્છ કરી શકે છે. પણ નીતિનો નિયમ [illegible] કાર્ય થાય છે તેમ થઈ જતું નથી, પણ કારણ મેળવ્યા જ થાય. [illegible] તેનું પોતાનું કારણ જોઈએ. દોરો કરવો હોય તો સુતરથી બને. કાપડ બનાવવું [illegible] તો? માટીનો કપડો કે લાકડીથી ઘડો ન બને. બીજા કારણો કારણ [illegible] કાર્યની સિદ્ધિ થાય છે. બીજા કારણોથી કાર્યની સિદ્ધિ ન થાય. [illegible] જોઈએ. મોક્ષના કારણો ચાર [illegible] [illegible] મનુષ્યપણું [illegible] કારણો મળી ગયા છે. કામ થઈ જશે [illegible] કારણ આચારમાં ન આવે તો [illegible] [illegible] મળ્યું [illegible] મોક્ષ ન મળી જાય. [illegible]

વાણીયો અને ગરાશિયાની તરવાર જેવો ધર્મ

એક શેઠને ત્યાં ગરાસિયાની આવડ જાવડ. તેની સાથે લેણદેણ રહ્યા કરતી. ગરાસિયો એક વખતે પરગામ જવાનો હશે, ત્યારે ગરાસિયો તરવાર લઈ શેઠને ઘેર આવ્યો. શેઠે પૂછ્યું-આ શું છે? ગરાસિયાએ કહ્યું કે, તલવાર છે, આનાથી ચોર ચક્કડ ખાઈ જાય, ધાડપાડુઓ ભાગી જાય, શત્રુ શરમાઈ જાય. તો શેઠે કહ્યું કે મને એક આપ. ગરાસિયો કહેવા લાગ્યો, સાહેબ હમણાં ગામ જાઉં છું. આવીશ ત્યારે આપીશ. ગામ જઈ આવ્યો. પછી શેઠને તરવાર આપી. એક વખત શેઠને ગામ જવાનું થયું. શેઠે તરવાર બાંધી. નખ્ખોદ ગયું હોય તેમ રજપૂતે દેખ્યું. શેઠ શમશેર સજી સુભટ બન્યા છે પણ ગણું કપાવશે ને નામ મારૂં વગોવશે. ગરાસિયો બહારવટીયાનો વેશ લઈ, પાછળથી જંગલમાં શેઠ સામે આવ્યો. હિંદ બોલે તો ઓળખાઈ જાય એટલે બુકાની બાંધી છે. પેલાએ બહારવટી-યાનો વેષ લીધો છે. તરવાર મારી પાસે છે ને આવ્યો કેમ? પણ તેને ખબર નહીં હોય કે મારી પાસે તલવાર છે. પણ ગરાસિયાએ ઘોદો માર્યો, મારશો નહીં. શેઠે મ્યાનમાંથી તરવાર કાઢી. ભોંયપર મૂકી. 'તારા બાપને ઘેર કરતી હોય તેમ કર.' શેઠજીની શમશેર શું સાધે? એ તો ખેલાવવાવાળો જોઈએ. શમશેર કામ સાધે, પણ ખેલાડી બને ત્યારે. તેમ ત્રણ લોકના નાથ, અનંતા લોકોને મોક્ષ આપનાર, તેમણે આગમ આપણા હાથમાં આપ્યું. મોક્ષની નિસરણીરૂપી મનુષ્યનું શરીર આપણા કાબુમાં છે. અનંતા જીવોને ઉન્માર્ગેથી ખસેડી સન્માર્ગે લાવનાર ત્રણ લોકનો નાથ આપણો ધણી છે. રજપૂતને શમશેર મળી હતી તેમ શેઠને પણ શમશેર મળી હતી. પણ આપણને તરવાર તારા બાપને ઘેર કરતી હતી તેમ કર, તેના જેવી દશા. દેશમાં ગયા. ભગવાનને કહે છે કે તમે તર્યાં અમને તારો.

પ્રશ્ન: ભાવના ન ભાવવી?

ઉત્તર:- ખેલાડી બનવું અર્થાત જિનેશ્વર મહારાજની આગળ જે પ્રાર્થના કરીએ છીએ ને ભૂલેલા ભાનને ઠેકાણે લાવવા માટે. પણ સાધ્ય સિદ્ધ કરવા માટે ખેલાડી બનીએ ત્યારે કાર્યની સિદ્ધિ થાય. ખેલાડીપણું કર્યા વગર તરવાર બાપાના ઘરનું [illegible] નહીં કરે, છોકરાની વહુ પાસે કામ કરાવવામાં સાસુ સસરા પાસે સત્તા જોઈએ, [illegible] નહીં મળી છે પણ સત્તા જોઈએ; નહીંતર માથે બેસવા તૈયાર છે. [illegible] મૂકવા તૈયાર છે. મળેલા સાધનને શેઠની શમશેર તરીકે રાખો તો સાધ્યસિદ્ધિ ન [illegible] પણ રજપૂત હાથ ચડી રહે તો તરવાર કામ કરે. તેમ આત્મા [illegible] કરે તે સાધે.

કારામાં પલાયન થવાનું. સરવાળે શૂન્યં. જિંદગીની મહેનતે મેળવેલું. પલકમાં નાશ પામવાનું. સરવાળામાં શું રહેવાનું. ખાસડા ખાવાના ઉભા રાખ્યા છે.

વગર જોખમે માલ ખાનાર કુટુંબીઓ

આ શરીર ધન કુટુંબને અંગે જે અઢાર પાપો આચર્યા, જે મિથ્યાત્વો સેવ્યા, કષાયો કર્યા, તે બધાનું શું થવાનું? માલ ખાય માલિક, જોડીદારને માથે જુતીયા, એવા વેપારમાં ભાગીદાર થવા કેટલા તૈયાર છો? લાભ થાય તો લખપતિનો, ટોટો આવે તો ભાગીદારનો, એવી કંપનીમાં ભાગીદાર થાઓ છો? તો આખું જીવન એવી કંપનીમાં કેમ ભાગીદારીમાં ગુમાવાય છે? મિત્ર છોકરાને કહે છે કે બાપને શું આપે છે? ખાહડું મારીને ભાગ લઉં. તમારી મિલકતના હકદાર ખાહડું મારી લેનાર,તમારી નજર તળે ત્રણ છોકરા હોય, લાખ રૂપીઆ હોય, એકને ૬૦ હજાર ને બીજાને ૨૦-૨૦ હજાર આપો તો દરબારે દોડે. મ[illegible] એ, હકદાર એ તો આપણું શું? પાપ બાંધ્યું તે. તમારા ઘરમાં દસ માણસ હોય એક શાક સમારે, ચોરી નીકળે, આંગળી કપાય તો એકની, ચોરી કરી આવે તો હકદાર [illegible]? આખું કુટુંબ જેમ ચોરી કરવા જાય, ખૂની ખૂન કરે તેમાં જે મેળવે તેનું [illegible] આખું કુટુંબ. ફાંસી માત્ર ખૂન કરનારને થાય. શાક સમારનાર વેદના ભોગવે છે પણ [illegible] તેની વેદના ભોગવવા આવતા નથી. જ્યાં પ્રત્યક્ષ અનુભવો છો કે કરનારે જ [illegible] ભોગવવાનું બનુંજ નથી. આખા જન્મારામાં વિષયાદિકની પ્રવૃત્તિ [illegible] ભોગવનારા છે. કેટલાક શેર દલાલો તારવણી કરનારા હોય છે. મસીદો [illegible] મસીદો ખાઈ જાય છે. તેમ આ તમારા સંબંધીઓ વગર [illegible] ખાનારા મળ્યા છે. હરામ ખાવાનું તમારે. ખાતા મળેલા જોખમદારી વગર [illegible] માલ તો મળ્યું ને મેળવું પડે તેટલુંજ નહિ, માર ખાવાનો [illegible] આ વિચાર કોને આવે?

[illegible] આવે ત્યારે ગાણો હોન

[illegible] મુસાફરખાનું ગણે માટે આ જગ [illegible] છે. [illegible] જન્મનો ભાવ નથી, જડ જગતનું [illegible] કરી [illegible] આવે [illegible] આત્માથી ગણે [illegible]

છે. 'મોક્ષ છે' આ માન્યતા થવી મુશ્કેલ છે. સદ્ગતિ દુર્ગતિ અનુમાનથી સમજાય પણ આત્માના મોક્ષને અંગે સમજવાનું સ્થાન નથી.

સાત આઠ દશ વરસનો છોકરો ખાવા પીવા ઓઢવામાં સમજે, રૂપિયામાં ન સમજે, મહોરમાં ન સમજે, આબરૂમાં ન સમજે, એને દુધે ખાવાનું સમજેલો હોવાથી અક્કલ બહી કે ભેંસ તો ખાવાની સંજ્ઞા હોવાથી આબરૂમાં તત્વ નથી. તમારે લગીર આબરૂ વધે તો માના, ઘટે તો સૂકાવા માંડો છો. તમારે મોક્ષતત્વ સમજવું હોય તો છોકરાને આબરૂનું તત્વ સમજાવો પછી અમે તમને મોક્ષનું તત્ત્વ સમજાવીએ. આબરૂ એવો વિષય છે કે તે છોકરાની અવસ્થામાં ખ્યાલ આવે નહીં. તેમ મોક્ષ, આત્મિય વિષયો ઇંદ્રિયોના ખ્યાલવાળાને તે વિષયનો ખ્યાલ આવે નહીં. મોક્ષનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. મોક્ષના અર્થી થાય ત્યારે જ જૈનધર્મમાં આવ્યો ગણાય. તેટલાથી સરતું નથી, 'મોક્ષનો ઉપાય માને' આવી રીતે મોક્ષ માનનારો અનંતાભવ સુધી આ જીવ થયો નહીં. એ નહીં થએલો હોવાથી ત્રણ અનુયોગની વ્યાખ્યા કરી તે બધી નકામી ગઇ. કારણ? ધર્મકથાનુંયોગ હૃદયમાં આવ્યો ન હોતો, તેથી જ તીર્થંકરો ઉપર બહુમાન વૈનયિકપણું ધ્યાનમાં આવવું જોઈએ, તે દશા આવી નહીં, હવે તે કેવી રીતે સમજવી ને આગળ જણાવવામાં આવશે.

卐

પ્રવચન ૧૧ મું

સંવત ૧૯૯૦ અસાડ સુદી ૬ મંગળવાર

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા ત્રણ અનુયોગો કલ્યાણ અને મોક્ષનું ધામ છતાં એકલા ધર્મકથાનુંયોગને કલ્યાણ અને મોક્ષનું ધામ કહ્યો. જીવાદિકની શ્રદ્ધા મોક્ષ સિવાય આઠ તત્ત્વની શ્રદ્ધા અનંતી વખત થઈ છે. આથી દેવલોકની પ્રાપ્તિ માટે આ જીવે અનંતી વખત ચારિત્ર લીધા. તેના પ્રતાપે નવગ્રૈવેયક સુધી પહોંચ્યો. જીવાદિક ન માન્યા હોત તો પરભવ દેવલોકાદિક માનવાના ન હોત અને દુષ્કરણી કરત નહીં. દ્રવ્યાનુંયોગમાં આઠ તત્વો માનેલા છે. અને વ્યાખ્યા કરતી વખતે નવતત્વની વ્યાખ્યા અનંતી વખત કરી છે. ચરણ કરણાનુયોગ તેની રીતિ અનંતી વખત અમલમાં મેલી છતાં આ જીવનું કાર્ય ન થયું. કારણ દેવલોકાદિકની પ્રાપ્તિ માટે જે ચારિત્ર કરવામાં આવ્યું તે જિનેશ્વરની સર્વાંશે પ્રમાણિકતા માની નહીં. જો સર્વાંશે પ્રમાણિકતા માની હોત તો મોક્ષ સાધ્ય થાત. મોક્ષ સિવાય બીજું સાધ્ય તેને ન હોય.

બાળક માન-આબરૂની કિંમત ન સમજે તેમ તમે મોક્ષ સમજી ન શકો

નાના બચ્ચાને માનની કિંમત હોતી નથી. માન શી ચીજ ? તેમ અહીંઆ સંસારી [illegible], તેઓ પરીક્ષા કરે, તપાસે પણ તેને ચશ્મા કયા ? ચશ્મા સ્પર્શન-રસન ઘ્રાણ શ્રોત્ર [illegible] તે ઇન્દ્રિયો સિવાય તેને બીજા ચશ્મા નથી. તે તપાસે તો વિષયોદ્વારા. વાજિંત્ર [illegible] ચીજ, સુગંધી ચીજ, તે બધાનું તપાસવું ઇંદ્રિયો દ્વારાએ. ઇંદ્રિય સિવાય બીજા [illegible] સમજ કરવાની બીજી તાકાત બાળકમાં નથી. તેમ સંસારી જીવ જે જાણે [illegible] ઇંદ્રિયો દ્વારાએ. જ્યાં ઇંદ્રિયોનો વિષય નહીં, ત્યાં બાળક આબરૂને અંગે ન સમજે. [illegible] મીઠી કે ખારી, સુગંધી કે દુર્ગંધી ? તેમ બાળક પૂછે તો શું જવાબ આપો ? [illegible] આબરૂના વિષય સમજવો ? નાનાં બચ્ચાંને આબરૂની સ્થિતિ સમજવાની [illegible] આબરૂનું જ્ઞાન પણ બચ્ચા ધરાવતા નથી. તેમ આત્માના સ્વરૂપનું જ્ઞાન [illegible] જાણતા નથી. ધોળા કાળા પીળા સુગંધ દુર્ગંધ ખારા મીઠા પદાર્થમાં [illegible] તેમ આત્મા ખારું પીળું લાલું કડવું નાટક સિનેમા વિગેરે મનોરંજન [illegible] નથી, જે મોક્ષમાં નથી ખારું, નથી પીળું, નથી લાલું, નથી કડવું, નથી [illegible], તેવા મોક્ષનું શું ? [illegible] આબરૂની વાત [illegible] આવું કેમ [illegible]

ક્ષાવી દઈએ. પણ મોક્ષના સુખની પરીક્ષા તે દ્વારાએ થઈ શકતી નથી. પ્રથમ તો વિચારવાની જરૂર છે કે ખાવું એ સુખ છે. ? જો ખાવાને સુખ માનીએ તો આડો હાથ દેવો ન જોઈએ. એ સુખ છે તો ધરાયા પછી આડો હાથ કેમ દીધો ? જે ખાડો પૂરવો તે ખાડાના દુઃખનો પ્રતિકાર કર્યો, ભૂખના દુઃખનો અભાવ તેને સુખ માન્યું. તરસ મટી ગઈ પછી પાણી ન પીએ કેમ ? ? તો કહો. તૃષાની બળતરા મટાડવી તેને તમે સુખ ગણ્યું. ખરેખર ખાવામાં પીવામાં સુખ છે. ખાવા પીવા મંડો, અટકો નહીં. શરીરમાં તાપ ઠંડો ન થયો ત્યાં સુધી પીવામાં સુખ જણાયું.

ખણી ખસ કોની મટી ?

તમને ખાવાથી પીવાથી સંતોષ થયો હવે ખાવું પીવું દુઃખ લાગ્યું. જેનો કોઠો ખાલી નથી. શરીરમાં ભૂખ તરસ તાપ નથી, તેને ખાવું દુઃખ છે. જેને અંદર ખાલી નથી તેવાને ખાવું એ દુઃખરૂપ, પીવું એ પણ દુઃખરૂપ. કેટલાક કહે છે કે મોક્ષમાં બાયડીઓ નથી, રતિ નથી. આ જગતમાં વૈદ્યની કે દાકટરની દુકાને ખસ મટાડવાની દવા હોય છે, પણ ખસ કરવાની દવા હોતી નથી. તેવી દવા કેમ નથી રાખતા ? જેને ખસ થાય એને ખણતા જે રમૂજ આવે તેવી રમૂજ તમને આવવાની છે ? તો ખસ ન થાય તેટલા બધા કમભાગી? કેમ કમભાગી નહિ ? તો ખસ ખણવાવાળો, ખસની પીડાવાળો ખણવાની મોજ આવે તે વખત તે કહે કે તમે કમભાગી છો. મને સુખ થાય છે. સારી ચામડીવાળાને ખણવાની મોજ મળતી નથી, માટે ખસવાળાએ બધાને કમનસીબ ગણવા જોઈએ. કહો. ખસ વિકાર રૂપ હોવાથી એ વિકારને દૂર કરવો રહ્યો. પણ મનથી માને કે હું વિકાર દૂર કરું છું પણ ખસ ખણવી તે ખસ દૂર કરવાનો રસ્તો નથી. ખણી ખસ કોને મટી ? પરિણામ વિકાર ! ખસ ખણતા રોકે તો ચીડીયાં થાય છે. ખસ ખણવામાં કેટલી મોજ આવતી હશે કે તમને ચીડીયા કરે છે. જો કે આ બધી ગુર્જના છે, ખસ ખણનારો [illegible] માટે ઘણું છે. ખણતા રોકનારને વિરોધી ગણે. વિકારનો એને વલોપાત નથી. [illegible] વખતે, તે વખત સ્વપ્નમાં પણ ખ્યાલ આવતો નથી. ખસવાળાની [illegible] ખસવાળા નિભાંગી ખસ કે ? ખસ થઈ ન હોય તેને ખણવાની રમૂજ ન [illegible] આપણે મોહના વિકારથી વધવામાં રોપ માન્યું. તેમાં રોકે તો [illegible] પણ વધ્યાં પછી પરિણામમાં શું ?

સિદ્ધોને સુખ શું ?

તેમ આ જીવને મોહનો ઉદય થાય તે વખતે પરિણામ શું [illegible] આવે છે, પણ એની વિચારણા [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

નથી તો એને કંઈ નથી. હવે કદાચ એમ કહેશો કે ભૂખ - તરસ નથી, તેથી ખાવા પીવાનું કંઈ નથી. હવે કદાચ એમ કહેશો કે ભૂખ તરસ નથી. તેથી ખાવા પીવાનું ન હોય, સ્ત્રીની ઈચ્છા ન હોય પણ તેમને સુખ શું? શાસ્ત્ર દ્રષ્ટિએ સમાધાન આપું તે પહેલાં નાટક છે તે દુનીયાને ભેળી કરે છે.

નાટકના થિયેટરો પાસે ધર્મસ્થાનો કેટલા અને બદીસ્થાનો કેટલા ?

દુનીયામાં ખૂણે ખાચરે જે બદી હોય તે નાટકમાં હોય, નાટક તો દુનીયાનો આરીસો છે. આરીસામાં જેવું હોય તેવું દેખાય. દુનીયામાં હોય તેવું દેખાય. ધર્મ અધર્મ ન્યાય અન્યાય બન્ને નાટકમાં દેખાય. લગીર લક્ષ્ય દેવાની જરૂર છે. નાટકના થીએટર પાસે ચાવાળાની ને કંદોઈની દુકાન હોય છે કે તેની પાસે દેરા અપાસરા હોય છે? ત્યાં આવનારા ચા નાસ્તો જુગારના તથા રંડીબાજીના ખપી હોય છે. તેને રાજી કરવા માટે આ ઉભું કરેલું છે. હવે તેમાં શું હશે? જગતમાં નાટક આરીસો છે તેથી ધર્મ-અધર્મ બન્ને હોય પણ કયા મનુષ્યો માટે આ નાટક? દુનીયામાં તમામ બદીનું સ્થાન નાટક. તે સ્થાનમાં તમે જાઓ છો. ત્યાં જનારાઓ એટલું જરૂર જાણે છે કે આ જુઠું છે. બનાવટી બતાવવાનું છે. બનાવટી બતાવવામાં આવશે એટલે વસ્તુતાએ નથી. જે જોવા [illegible] તે જુઠું બદીનું સ્થાન છે. તે જોવું તે ઉજાગરો વેઠીને. બદી [illegible] બાર અને એક પછી. બાર એક વાગ્યા પહેલાં સારી પાર્ટી નહીં આવે. ઉજાગરો [illegible] ઊંઘ ભરીને બીજે દહાડે ધંધો ઓછો થાય, ધંધાને ધક્કો વાગે [illegible] થાય, બદીઓ વધે એની જગા પર કયું સુખ ધાર્યું કે પૈસા [illegible] ? માત્ર જોવાનું અમુકની જુઠી હકીકત. આટલા દુઃખમાં તમે સુખ [illegible] ને [illegible] બનાવનું દરેક સમયે દેખાવું થાય તેને આનંદ કેટલો [illegible] નાટકમાં એક નાટકમાં બે [illegible] નીકળી જાય. તેવા સર્વનાટકો [illegible] તેને સુખ કેટલું હોવું જોઈએ. સાચા બનાવો સર્વકાળના [illegible] તો તેના સુખનો પાર શો? આ તમારી [illegible] નાટક આઈ [illegible] જુઓ તો તમને કેટલો આનંદ! [illegible] આનંદ થાય, તો દરેક સમયે [illegible] દેખાય તેને [illegible]

[illegible]

ચારમાંથી એકે કર્મ આત્માના અનંતા સુખ ગુણનો ઘાત કરનાર નથી, માટે આત્માનો સુખસ્વભાવ હોય તેમ મનાય નહીં. જો કોઇ રોકનાર હોય તો તો પાંચ ઘાતી કર્મ માનવા જોઇએ, તો સુખાવરણીય કર્મ જુદું માનવું જોઇએ. પણ સુખાવરણીય કર્મ તો માનતા નથી, તો કહો કે, આત્માનો સુખ સ્વભાવ નથી. જગતમાં સાધન એ શકિતને રોકનાર નથી પણ સાધન સાધનના પ્રમાણમાં શકિત ખીલવે છે. એકના હાથમાં સોય આપી, સોયનું સાધન મળ્યું ને કામ કરે તો સોય જેટલું, તરવાર જેટલું કામ કરવાની તાકાત સોયમાં નથી. જેના હાથમાં સોય આવે, છરી આવે તેટલીજ શકિત ફોરવી શકે. તો સોય એ શકિતને રોકનારી ચીજ નથી. એ મદદ કરનારી ચીજ છે. તે મદદ પણ તેટલામાંજ કરે કે પોતાના લાયકનું કામ થતું હોય. તેમ શાતાવેદનીય પુદ્‌ગલો તે મદદ કરનારા છે. સુખમાં સહાય કરનારાં છે. પણ શાતા વેદનીયમાં તાકાત હોય તેટલી સહાય આપે. લાગેલા શાતાવેદનીય કેટલું સુખ ભોગવાવે? જેટલી શાતાવેદનીયની તાકાત હોય તેટલું વેદાવે પણ સોય પણ મુદ્દલ ન હોય તેમ મુદ્દલ શાતાવેદનીય ન હોય તો સુખ મુદ્દલ નહીં ને ? વાત ખરી પણ પણ આપણે પૌદ્‌ગલિકમાં નથી જતા, આત્મીય સુખમાં આવીએ છીએ.આ દ્રષ્ટાંત ફેરવીએ ચશ્મા ઘાલીએ, કાચમાં જેટલી તાકાત તેટલું દેખીએ, આંખનો દેખવાનો સ્વભાવ તેમ. આત્માનો સુખનો સ્વભાવ રોકાણ કરી પોતા જેટલુંજ દેખાડે. આત્માના સ્વભાવનું સુખ વેદવા દે નહીં. છોકરાને દેલણીયા ગાડી હોય તો છોકરો ગાડીના ટેકાએ...[illegible] ચાલે. દેલણીયા ગાડી ગતિમાં મદદ કરનારી છે પણ દોડ કરવાને લાયક નથી, તેમ આ શાતાવેદનીયના પુદ્‌ગલો દેલણીયા ગાડી પેઠે સાંસારિક સુખમાં મદદ કરનાર છે, પણ આત્માના સ્વાભાવિક સુખ ભોગવતી વખતે દેલણીયા ગાડી મદદ કરતી નથી. [illegible] આત્માનું અનંતુ જ્ઞાન દર્શન વીર્ય સુખ છે, આ સ્વરૂપ છે. કોઇ કાળે પણ જ્ઞાનમાં [illegible] ઓછાશ થાય નહીં. દર્શનમાં કોઇ કાળે, વીતરાગતામાં [illegible] પણ [illegible] નહીં. [illegible] સુખમાં [illegible] પણ ન્યુનતા થાય નહીં. આ [illegible] હોય તો તે [illegible] છે. [illegible]

[illegible]

[illegible]

સુખ મેળવનારા તેની આગળ કેવળજ્ઞાની મોક્ષની વાત કરે તો ગળે શી રીતે ઉતરે? અનંતી વખત આ જીવ ચારિત્ર પામ્યો અને મોક્ષનું સુખ ન માનવામાં રખડ્યો. દેવલોક માન્યા, તે માટે ચારિત્રો પાળ્યા, પણ મોક્ષનું સુખ ન માન્યું, તે ન માનવાથી અનંતા ચારિત્ર કર્યાં તોપણ રખડ્યો. આમાં અસલી એક વસ્તુ—મોક્ષની શ્રદ્ધા આવી હતે તો અનંતા ચારિત્ર નકામા જાત નહીં. મહાપુરુષોએ જે જણાવ્યું કે, સર્વાર્થ સિદ્ધનું સર્વ કાળનું સુખ એકઠું કરીએ તેના અનંતા વખત વર્ગ કરીએ तद्‌गुणो वर्गः તેનું સુખ સિદ્ધ દશાનાં સુખનું માપ પામવા માટે સર્વાર્થસિદ્ધનું સુખ એકઠું કરી અનંતી વખતવર્ગીત કરો. જે હિસાબ આવે તે સિદ્ધ ભગવંતના એક સમયના સુખની બરોબર આવે નહીં, આટલું બધું સુખ પણ માનવાનું મહાપુરુષની પ્રમાણિકતા ઉપર. તેમ આ જીવે મોક્ષના સુખની સ્થિતિ વીતરાગના વચન ઉપર સમજવાની, તે ન સમજે તો અનંતી વખત ચારિત્ર લીધા તોપણ ચકકરમાંથી નિકળ્યા નહીં. જીવાદિકની વ્યાખ્યા, સાધનોની વ્યાખ્યા, અનંતી વખત કરી, ચારિત્રો અનંતી વખત પાળ્યા પણ સંસારમાંથી કાઢનાર ન થયા. એકજ ખામી રહી કે મહાપુરુષના વચન ઉપર પૂરો ભરોસો થયો નહીં. તે શાથી આવે? મહાપુરુષોના જે તત્ત્વો ગુણો સર્વજ્ઞપણાની દશા ખ્યાલમાં રાખી મહાપુરુષોનું કીર્તન કરે તો કલ્યાણ અને મોક્ષનું ધામ થાય. તેથી હેમચંદ્રાચાર્ય મહારાજે આ બાળ ગોપાળ યાવત વિદ્વાનોને પણ તે નક્કી છે એમ કહ્યું. ગણધર મહારાજ શાસ્ત્રમાં એક અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વ બનાવનાર હતા તેઓ પણ પ્રથમાનુયોગ કેમ કરે છે.? ચરિત્રો કેમ ગુંથે છે. તેઓ પણ તેના કારણ માં નક્કી જણાવે છે કે મહાપુરુષોનું કીર્તન એજ કલ્યાણ અને મોક્ષનું ધામ છે.

અનંતી વ્યાખ્યાઓ

શ્રી ધર્મરત્ન પ્રકરણ વિષયક પ્રવચનો

પ્રવચન ૧૨ મું

સં. ૧૯૯૦, અષાડ વદી ૨, શનિવાર.

भवजलहिम्मि अपारे दुलहं मणुयत्तणंपि जंतूणं ।
तत्थवि अणत्थहरणं दुलहं सद्धम्मवररयणं ॥

વહીવટ કરવાનો અધિકાર કોને સોંપાય ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિસૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે ધર્મરત્ન નામના પ્રકરણને બનાવતા પ્રથમ જણાવે છે કે હે જીવ ! પ્રાપ્ત થએલ વસ્તુનું સ્વરૂપ પ્રથમ ધ્યાનમાં લે. બજારમાં ગયેલો માણસ હાથમાં રહેલી થેલી ન સાચવી શકે. થેલીમાં કેટલું છે તે ન જાણે, તેને બજારમાં ઉભા રહેવાનો હક નથી. નાણું કેટલું કિંમતી છે તે સમજનારાને બજારમાં ઊભા રહેવાનો હક છે. તેની સાથે લેવડદેવડ કરવાનો હક છે. નાણાની કિંમત સમજતો નથી તેવાની સાથે લેવડદેવડ કરવી તે રદ બાતલ છે. તમારો દસ-બાર-ચૌદ વરસનો છોકરો હાથમાં સોનું-ચાંદી કે મોતી લઈને કોઈની દુકાને જાય, વાત કરે તો દુકાનદાર નાચ્યો જાય. તો લેવડદેવડની વાત શી ? પરિણામ એ થાય કે રૂપિયા જાય અને માલ [illegible] આપવો પડે. કિંમત દઈ માલ લ્યો, પાછળથી વાલી કે બાપ [illegible]. કોરટમાં ઢસડી જાય તો તમારી કિંમતનો ભાગ જાય. માલ જાય [illegible]
[illegible]

હક નથી. તો અજ્ઞાની ધરમકરણી કરે તે સમજતો નથી. તેને રોકવાનો તમને હક નથી. નથી સમજતો માટે ઝુંટવી લ્યો તો તેવો તમને હક નથી. અજ્ઞાની જીવ પુન્ય–પાપ સમજતો નથી, તેથી પ્રાપ્ત થએલી ધરમકરણી લૂંટવાનો તમને હક નથી. એમ જે વિચારો જીવાદિક પદાર્થો ન જાણે તેની ધર્મકરણી બંધ કરવાનો તમને હક નથી. અગીતાર્થને સ્વતંત્ર હક નથી, પણ તેને લુંટવાનો તમને હક નથી. આપણને મળેલી વસ્તુની કિંમત આપણે પિછાણી છે કે નહિં? આપણને બીજું કાંઈ નહિં પણ આ મનુષ્યપણારૂપી મળેલો દાગીનો, હીરો, મળેલી મિલકત એની કિંમત આપણે પિછાણી છે કે નહિં? જેના હાથમાં હીરો કે કાંઈપણ આવેલું હોય પણ કિંમત ન જાણે તો વ્યવહાર ન કરાય. તેમ આપણા હાથમાં આ મનુષ્યભવરૂપી દાગીનો છે મિલકતમાં નંગ છે. તેની કિંમત આપણે શું આંકી? તે ન જાણીએ ત્યાં સુધી માણસાઈના વ્યવહારને લાયક નથી, ત્યાં મોતી, ચાંદી, સોનું, હીરો હોય પણ તેની કિંમત જેમ બાળક જાણતો નથી. તેથી તેની સાથે લેવડ–દેવડ કરે તો તમો મૂર્ખા બનો. તેમ આપણને મનુષ્યપણાની કિંમત સમજાઈ ન હોય તો આપણને માણસ કહે તો મૂર્ખ કહેવાય. આપણી સાથે મનુષ્યપણાનો વ્યવહાર કરે તો મૂર્ખ ગણાય. મનુષ્યપણાની મુશ્કેલી આપણે ન વિચારીએ તો મનુષ્ય કહે તે મૂર્ખ. મળેલી વસ્તુની કિંમત જાણે તે મનુષ્ય. વ્યવહાર માટે ઉપયોગી સમજણ માલિકને હોય. ૧૨ વરસનો છોકરો આખી મિલકતનો માલિક હોય તેની સાથે વ્યવહાર ન કરાય. તેને ઘેર રહેલો મુનીમ માલિક નથી પણ તેની સાથે લેવડ–દેવડ કરાશે. વ્યવહારમાં વહીવટને પ્રધાનતા મળે છે. જોખમદાર તો છોકરો છે. [illegible] અગર મુનીમને 'જાય તો જોશીના ને મરે તો મોચીના.' [illegible] મુનીમની ગાંઠ ગયું તો છોકરાનું. વ્યવહાર સમજદારી [illegible] સંબંધ રાખે છે. જોખમદારી માલિકી સાથે સંબંધ રાખે છે [illegible] આપણે બની શકીએ તેમ નથી. એ જવાબદાર ન [illegible] માલિક છતાં મગજ ઠેકાણે ન હોય તો તેના [illegible] અને નવો [illegible] જાય. વિચારો! માલિકી [illegible] ન [illegible] રીતે વ્યવહાર કરનાર કેમ?

[illegible] માલિક છતાં તેના ઉપયોગને [illegible] [illegible] કરવાનો હક નથી. [illegible] [illegible] મનુષ્યપણાની [illegible]

આપણા મગજમાં આવે નહિ ત્યાં સુધી માણસાઈનો વ્યવહાર કરનાર શિક્ષાપાત્ર. માલિક છતાં અણસમજુ હોય તો સરકાર રીસીવર નીમી દે છે અને માલિકને ફરજિયાત રીસીવરના કબજામાં રાખવો પડે છે. મોટા સ્ટેટમાં અધિકારીઓ નીમવામાં આવે છે. મોટા રાજ્યો પોતાની વ્યવસ્થા ન કરી શકે, કિંમત સમજ્યો પણ વ્યવસ્થા બરાબર ન કરે તો એડમીનિસ્ટ્રેટ નીમાય છે. વ્યવસ્થા સુંદર ન થાય તો માલિક છતાં વહીવટ કરવાનો હક મળે નહિ. આ વાત લક્ષ્યમાં લઈશું તો માલમ પડશે કે 'કેટલાક' હાઢારંગા તદ્દન ગાંડા નહીં, કંઈક ડાહ્યા અને કંઈક ગાંડા. કેટલાક ડાહ્યા સરકારને અરજી કરી સરકારને પોતાની મિલકત સોંપે છે. કેટલાક રાજ્યો કે ગૃહસ્થો મારી મિલકત મારાથી સંભાળાતી નથી માટે તેનો વહીવટ થવો જોઈશે. કિંમત તથા દુર્લભતા સમજ્યો છે પણ વહીવટ કરી શકતો નથી. હાઢારંગા એવું કરે છે તો આ આપણો આત્મા કેવો સમજવો.

મોક્ષની નિસરણી

આ મનુષ્યભવ મોક્ષની નિસરણી મલી. હજુ નિસરણી વગર મેડે કુદકો મારી ચડવાવાળા મળે પણ અનંતકાળની અપેક્ષાએ વિચારીએ તો આશ્ચર્ય તરીકે પણ આ નિસરણી સિવાય કોઈ મોક્ષને મેડે ચડ્યો નથી. અનંતકાળ ગયા, વર્તમાનમાં મોક્ષ પણ થાય છે પણ મનુષ્યભવ સિવાય કોઈ મોક્ષે ગયો નથી. આનું નામ શું? તો કે મોક્ષની નિસરણી. આટલા માટે જ શાસ્ત્રકારોએ મનુષ્યપણાને વખાણ્યું છે. શાસ્ત્રોમા **चत्तारि परमंगाणि** ચાર મોક્ષના પરમ અંગો છે તેમ કહ્યું છે. તેમાં **दुल्लहं माणुसत्तं** એટલે દુર્લભ એવું પ્રથમ મનુષ્યપણું જણાવ્યું. **दुल्लहे खलु माणुसे भवे** હે ગૌતમ! મનુષ્યભવ ખરેખર મળવો બહુ મુશ્કેલ છે. એક અમુક પક્ષનો ઝંડો લઈને ફરતો હોય એવો બીજા પક્ષ તરફ ઢળી જાય તો બેઈમાન કહેવો પડે, તેમ તીર્થંકર મહારાજા બેઈમાન થયા. તીર્થંકર મહારાજા ઝંડો ત્રણનો લ્યે. કરમના ક્ષયનો, ઉપશમનો, ક્ષયોપશમનો. તીર્થંકરના ઝંડાનો એકજ શબ્દ. કર્મનાશ, કૃષ્ણને અંગે ગરૂડ, હનુમાનને અંગે ધ્વજમાં વાંદરો, એમને ધ્વજમાં અમુક ચિહ્નો તેમ તીર્થંકરના વાવટામાં કર્મનાશ એ જ ચિહ્ન. આ વાત ખ્યાલમાં રાખશો ત્યારે જેમ કૃષ્ણને ગરૂડધ્વજ કહીને ગરૂડ દ્વારા શ્રીકૃષ્ણને ઓળખાવ્યા. અર્જુનને ધ્વજમાં વાંદરો હોવાથી કપિધ્વજ તરીકે અર્જુનને ઓળખાવવામાં આવ્યા.

માટે કહ્યું તેમ પુન્યવાળો તિરસ્કારપાત્ર શબ્દ ન ગણાયો, જેવો પાપ
શબ્દ ગણાયો. એક પણ જગો પર પુન્યદૃષ્ટિને હલકી નથી ગણતા.
કોઈપણ જગોપર પુન્યનો ક્ષય કરવા માટે તીર્થંકર મહારાજાએ ન
જણાવ્યું. આથી ભેદક રાજનીતિ પકડી પુન્યને પડખે પકડી પાપનો પક્ષ ન
કર્યો. એક જ સુતરની કુંડીના બે કકડા છે. સારો અને નિર્બળ એવો પુન્યનો
પક્ષ તેને પડખે લીધો. પડખે લઈને સલેપાટ કાપવો હોય તો લોઢાની કરવત
જોઈએ. લાકડું કે મોટો પાટડો હોય તો છીણી કામ નહીં લાગે. પાપના
સલેપાટને કાપવા માટે પુન્યની કરવત આગળ મેલવાની જરૂર, તે
મુદ્દાએ પાપનો ક્ષય. પાપનો ઉદય પાપી જણાવ્યો, પણ પુન્ય બંધાઈ
જવાનો ડર ન બતાવ્યો, એને પક્ષમાં લીધું છે. એ પુણ્ય દ્વારાએ મોક્ષ
સુધીનું કામ લીધું છે. એથી મનુષ્યપણું અને પંચેદ્રિયપણું મોક્ષે જવા
સુધી રાખ્યું છે. એ હથીયારને લોઢા તરીકે કોઈ નથી માનતું,
હથીયાર તરીકે માને છે. ઉદયના પ્રતાપે સારું નથી ગણ્યું. કર્મનાશનું
સાધન છે, તેને પ્રતાપે મનુષ્યપણું સારૂં ગણ્યું છે. મોક્ષ ને સર કરી દે
હીરાને તાળામાં કરી દ્યે. હીરાને બોર પેટે આપી દ્યે તો લેનાર શાહુકાર
છતાં ગોર ગણીએ. આપણને મોક્ષની નિસરણી મળેલી છે. મોક્ષ
મેળવી આપનાર મોટો પદાર્થ મળેલો તેને જાનવરની સ્થિતિમાં
મૂકો. પાંચ ઈન્દ્રિયના વિષયોની સ્થિતિ, કાવ્યકારો તેને પશુક્રીડા
કહે છે. જાનવરની ક્રીડાએ કીંમતમાં આને વટાવી દ્યો છો. તમને
[illegible] કહેવું પડે છે કે મનુષ્યપણું હરામીથી મળ્યું છે, નહીંતર
આવી રીતે પશુક્રીડામાં વટાવી ન નાખે. બાપકમાઈવાળાને પૈસાની
કિંમત ન હોય. આપણને હરામીનું મનુષ્યપણું આવેલું ગણ્યું છે. કાંતો
બ[illegible]કમાઈનું મનુષ્યપણું આવેલું છે. યાદ તે કારણથી મોક્ષની
નિસરણીરૂપી મનુષ્યપણું શાના પેટે હારી જઈએ છીએ? આનો
[illegible] કરવાની આપણને સમજણ આવી નથી. આની ઉપર એકેન્દ્રિની
[illegible]. [illegible] આ [illegible]ની વ્યવસ્થા થઈ શકે નહિ, તે માટે
[illegible] પોતાનામાં અમુક સમજણ ન આવે ત્યાં સુધી
[illegible] નહીં આગળ વધવું જોઈએ. આ આત્મામાં
[illegible] સારું આરંભના [illegible] ન રાખતા. [illegible]
[illegible] નહીં આગળ [illegible]નો ઉદ્યમ કરતો. આની [illegible]
[illegible] અનુસાર. રીતીનના [illegible]માં ન [illegible]
[illegible] છે, તેમ અહીં જ્યાં [illegible]

મનુષ્યપણાની કિંમત ઓળખી નથી, તેની દુર્લભતા કે સદુપયોગ જાણ્યો નથી, ત્યાં સુધી વહીવટી ઉપયોગ કરવાનો આપણને હક નથી. રીસીવરના તાબામાં રહી આગળ વધવાનો હક છે. પણ એ બધું મનુષ્યપણું મોંઘું સમજાય ત્યારે, મુશ્કેલી સમજાય ત્યારે જ માથું ખસેડે. અહીં આ જીવ મિલકતનો માલિક છતાં પણ સમજે કે માથું મારવામાં મુશ્કેલી છે. જરા ભૂલ થઈ તો બાર વાગી જવાના. માટે પ્રથમ મિલકત જે મનુષ્યપણું તેની કિંમત સમજો. લાકડાની કિંમત વધારે નથી. લાકડાના પાટીયાની કિંમત વધારે નથી. પણ તેની બનેલી હોડી તથા તેનું પાટીયું દરિયામાં ડૂબતી વખતે મળે તે વખતે તેની કિંમત જુદી છે. તેની કિંમત તે સમયે તે જીવ જ જાણે જગત તેની કિંમત નહીં જાણે. એની કિંમત ડૂબનાર જ જાણે. દુનિયા એની કિંમત ૨૫-૫૦ રૂપીઆ જાણે.

ઉંટના ૧૮ અંગ વાંકાં છતાં રણની મુસાફરીમાં તે ઉપયોગી

જગતની અપેક્ષાએ ચામડીની કિંમત કેટલી ? કિંમત નથી પણ ઉલટો તિરસ્કાર છે. જાનવરની ચામડી હોય તો કિંમત. મનુષ્યનું મડદું આંગણામાં પડયું હોય તો શી દશા ? જાનવરને અંગે અંગો પૈસા આપી આપીને લઈ જાય છે. મનુષ્યની ચામડીની કે હાડકાંની કિંમત નથી. જાનવરના હાડકાં પણ કિંમતવાળા. જ્યાં ચામડા-હાડકાંની કિંમત નથી ત્યાં બીજું શું ? જાનવરની વિષ્ઠા તથા મૂત્ર પણ કામ લાગે મરતું મરતું માલિકને કાંઈક ન્યાલ કરી જાય અને આ મરતું મરતું પણ મારતું જાય. જાનવર મરતું ન્યાલ કરતું જાય ને, આ મરતું મારતું જાય. તેમાં ધાગાપંથીઓ-બ્રાહ્મણોનો ધોકો વાગે તો બાપણનું ખર્ચ પુરું ન થાય તો પણ સેજની તૈયારી થાય. બારમું તેરમું તથા વરસી કરવી પડે. છેવટે વરસો વરસ શરાદ કરવા પડે. આવી દશા છતાં પણ આને ઊંચું ગણ્યું, શાના અંગે ? એક જગતની વાત ધ્યાનમાં લ્યો. ઊંટના અઢારે વાંકા પણ રણમાં રંગ રાખે. રેતીનું રણ હોય ત્યાં ઊંટ રંગ રાખે. ઘોડા, હાથી, ગાય, બળદ, ભેંસ એકકે રણમાં કામના નહીં, તેમ આ મનુષ્ય દેહને કોઈ ધર્માદે પણ ન લ્યે, આવું ઘર તમને આપ્યું હોય તો તેનું કામ કયું ? સુંદર અન્નની વિષ્ઠા, નિર્મલ પાણીનો પિસાબ અને સારી હવાને ઝેરી કરે. આ ત્રણ સિવાય શું કરે છે ? અરે ઊંટ પાણીને પાણી તરીકે રાખે છે. આપણે પાણીને પિસાબ બનાવનારા, પાંચ પક-

વાનને વિષ્ઠા બનાવનારા, હવા ગમે તેવી સારી હોય તેને ઝેરી બનાવનારા. કહો આપણે અઢારે અંગે વાંકાં. ઉત્પન્ન થાય ત્યારે ખરાબમાં, નવ મહીના ઊંધે મસ્તકે લટકે ત્યારે જન્મે. જાનવરને તેમ નથી. તેમના ગર્ભાશયો તીર્છા છે. નિર્ભાગી એક મનુષ્ય કે જેને જન્મસ્થાન (ગર્ભાશય) ઉંધામુખે છે. ઉંધામુખે લટકવાનું. બીજા જાનવરને ગર્ભાવાસ ૨ાા, ૩, ૩ાા મહીના. મનુષ્યને નવ મહિના જોઈએ. લટકે ત્યારે જન્મ મળે. મર્યા પછી પાણીનો બિસાણ વિગેરે. પણ રાખ્યું કે મેલ્યું પોસાતું નથી. નથી લીધું પોસાતું. નથી રાખ્યું કે મેલ્યું પોસાતું. ઉંટને ચરવા આપો, ખાવા-પીવા આપો તો બાંગડે. તેને બાંગડવાની ટેવ પડી હોય છે. પણ બાંગડવામાંથી ઉપયોગ કરી લેવો તે ઉસ્તાદનું કામ છે. એમ આ શરીર ઉત્પન્ન થાય, ત્યારે અવળે રસ્તે ચાલનારું, છોડતી વખતે વાપરની વખતે ઉલટું ચાલનારું પણ સુંદર ઉપયોગ કરે તો સારું નીવડે.

અક્કલ વગરનાને અધિકાર ન અપાય

[illegible] આગળ સાળો રહે છે. [illegible] બાઈજાતિનો નિયમ છે [illegible] 'માર ખાય માટીનો ને ગુણગાય વીરાના' એને ભાઈ નામ [illegible] સાસરીયાની આખી મિલકત, તેમાં દિયર જેઠ ન હોય તો [illegible] ભિખારીમાં કોઈ નિરાધાર હોય તો પાંચ પૈસા મળે [illegible] ભિખારીના બાપદાદાની ઉપાર્જેલી હોય. 'પિયરનો પોપટ તે [illegible]' ભાવીને લાવીને બેસાડી હોય ત્યાં શું થાય? [illegible] કે પણ સાળા ભાઈનું કંઈ થતું નથી. રાજા બાદશાહનો [illegible]? ને ગુમડેલો શબ્દ છે. તમે આંધળા છો. [illegible]? આટલો બાંધો. કરવું શું છે? આટલું રાજ્ય છે. એકાદ [illegible] આપવાં તેમાં તો અડચણ શી? રાજ્યમાં ભાગ ઘણે [illegible] અધિકાર માગ્યા હોઈએ, રાજા સમજે છે [illegible] આવ્યો છું પણ કદાચ પેદા કરવા નથી [illegible] ભાન ન ગમે.' રાજા બાદશાહને આખી [illegible], અક્કલવાળા કલમ ઉપાડે. મૂર્ખાની [illegible] અક્કલવાળા કલમ ચલાવે તો કટકોના ઉડાવે. [illegible] અધિકાર આપવા હોય [illegible] કુંવર કુંવરીના વિવાહમાં, [illegible] નથી. પણ [illegible]

કામમાં રાખ્યા છતાં અક્કલની પરીક્ષા કરવી પડે. રાણી ફોરમ જોડે બેઠી છે. હીરાની ડબ્બીમાં ધૂળ ભરી–બંધ કરી સાળાને બોલાવ્યો. રસાલા લે કે અમુક બાદશાહકું નજરાણા લેકર જાવ. રસાલો દીધો. સાળો ગયો. પહેલેથી ખબર અપાવી. પેલા સામે ગયા, પેશ્વાઈ કરી, આવ્યા ત્યાં દરબાર ભર્યો, ભેટ ધરી. ડબ્બીને હીરા જડેલા છે. હાથમાં લીધી. ખોલ. ખોલવા જાય છે. ધૂળ ભરાવાથી ઉઘડતા મુશ્કેલી પડી. ઉઘડી, એકદમ ધૂળ ઉડી. દાઢીમાં, મૂછોમાં, નાકે ધૂળ લાગી. બેઅદમી ! અમારી હાંસી કીયા, ક્રોધ ચડયો, ધમધમ્યા, સાળો ચટક કરી નાસી ગયો. ઘોડે બેસી દોડી રાજ્યમાં દોડી આવ્યો. રસાલા કીધર ? ગુસ્સે હો ગયા. મેં બંદા, તો ચલ આયા. દુસરાકી કમબકતી હો જાવે. જાણી જોઈને મારવા બદલ મોકલ્યો હતો. મહાઘાતકી પાસે ધૂળ લઈ મોકલો તો જીવતો શી રીતે આવે ? કહેવડાવેલ કે જીવતો રાખજ્યો. અધિકાર દેવો હોય તો દેજો. અંતે બેન તો એનીને. રાણી કહે મારે ત્યાં શા માટે મોકલ્યો ? અધિકાર કે અક્કલ રાખેલો રહે કે દીધેલો રહે ! ધૂળમાં અક્કલનું સ્થાન નીકલ્યું. ચાહે જેટલી રાણી કરી પણ બહેન એની. બીજી એના એ નમુનાની ફોરમ રાણીના દેખતાં તેવી ડબ્બી દીવાનને આપી. અમુક બાદશાહને આપી આવજે. દિવાન નીકલ્યો, પહેલા કાસદ આગ મોકલ્યો. ગફલત થઈ છે, પહેલાની બધી વાત ઉડી ગઇ છે. ગયો સામા લેવા આવ્યા. દરબાર ભર્યો. ફેર ધૂળ, હવે દીવાન ઝટ ઉઠીને રાજાને પગે પડ્યો. તાબેદાર ખડા હે, આપને અપમાન માલમ હો તો સેવક હાજર હૈ, આપકા તાબામાં હું, લેકિન કુછ સુન લીજીએજી, બોલીએ. ચિત્ત શાંત હો તો મેં કહૂં. જયાં ઉલટી થતી હોવે ત્યાં દવા નકામી હોગી. આપ શાંત હો જાવ તો કહું. વાત એમ છે કે અમારા પાદશાહ ખુદાની ખીજમતમાં હરદમ હાજર રહેતા હૈ. રાજ્યમાં બી ઈતેજામ ન કરતા હૈ, નિરંતર ખુદાકી બંદગી કરતા હૈ. ખુદા ખુદા કરતા હૈ. મધરાતકી વખત ખુદા હાજર હો ગયા. બે કલાક સુધી ખુદાને વાત કીયા, જ્યાં ખુદા ખડા હોતા ત્યાં સબ રેત–ધૂળ લેકે ફોરમકું શાહજાદાકુ દીઈ. પછી પરમ સ્નેહીને એ ચીજ ભેજી નહીં. વહેંચી ગઈ તેમાંથી લે લેકે અંગત આદમીકું દેવા કે લીયે સાળા કું ભેજા. વાત એ હુઆ કિ જીભાન ચાલી નહિં ને બાત સમજી શકાઇ નહીં. હમકું ખુલાસા કરનેકે લીયે ભેજા હે, આપ દંડ દીજીએ, હમ તૈયાર હૈ. શીરપાવ

દેના પડા. ફેરમકું સભાકી વચ્ચે સુંઘાડી. મતલબ એ હૈ કે અક્કલવાલા ધૂળકું ધમધોકાર પ્રભાવિત કરતા હૈ.

કહેવાનું તત્ત્વ એ છે કે અક્કલવાળા ધૂળને પણ કિંમતી ગણાવે તો આ શરીર કે જે મોક્ષની નિસરણી તુલ્ય છે તેની વ્યવસ્થા ન કરી શકીએ? રીસીવર કે એડમીનીસ્ટ્રેટ નીમી ઉપયોગ ન કરી શકીએ તો? મિલકતની મહત્તા સમજ્યા વગર વ્યવસ્થા કરી ન શકીએ તો આપણે પાગલ ગણાઈએ. એથી દરિયામાં જેમ એક લાકડાની કિંમત છે તેમ આ સંસાર સમુદ્રમાં હાડકાંની ચામડાની સંસાર સમુદ્ર પાર ઉતરવાને અંગે કિંમત છે. અપાર આ સંસાર સમુદ્રમાં અનંતા પુદ્ગલ પરાવર્તન થયા અને થશે, જ્યારે ત્યારે નાવડીના નાવિક બનીને નિર્યામક થઈશું ત્યારે જ પાર આવવાનો, નહીંતર દરિયાનો કાંઠો મળી શકવાનો નથી. આવા સમુદ્રમાં શાસ્ત્ર [illegible] સંયમ-વીર્ય દુર્લભ છે. તેમ મનુષ્યપણું પણ દુર્લભ છે. [illegible] માત્રને માટે આ નિયમ છે. આ વિચારશો ત્યારે આઠમા દેવલોક [illegible] દેવતા મનુષ્યપણાના ફાંફાં મારે છે. ત્યાંથી મરીને [illegible] પણ [illegible]. નવમો, દશમો, અગીઆરમો બારમો દેવલોક [illegible] મનુષ્યપણું જરૂર. બીજાગુણી એકેન્દ્રીયપણામાં પણ ઉતરી [illegible] નિયમિત ૯-૧૦-૧૧-૧૨ માં દેવલોકમાં મનુષ્ય જ જાય [illegible] ત્યાં જતા નથી. મનુષ્યપણામાં પણ નિયમિત [illegible] ૯ - ૧૦ - ૧૧ ને ૧૨ મા દેવલોક, નવગ્રૈવેયક તથા [illegible] જાતી જ છે.

[illegible] જે બીજ મુશ્કેલ તે આપણને મળી, તેની કિંમત ન ગણી [illegible] કોઈ મૂર્ખ નહીં. આ કારણથી જ જીવમાત્રને [illegible] દુર્લભ છે. વળી તેમાં દુઃખનો નાશ [illegible] મુશ્કેલ હોય તેમાં તો નવાઈ જ [illegible] દુર્લભ [illegible] આપણને મોંઘી છે. તો તેનો સદુપયોગ [illegible] જરૂર છે એમ [illegible] જે કોઈ [illegible] કરે. તે આ [illegible] કરી મોક્ષ [illegible] બિરાજમાન થશે.

પ્રવચન ૧૩મું

મેસાણા—રવિવાર ૧૯૯૦ અસાડ વદી ૩. રવિ

जह चिंतामणिरयणं सुलहं न हु होइ तुच्छविहवाणं ।
गुणविभववज्जियाणं जियाण तह धम्मरयणं पि ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને રચતાં થકાં આગળ જણાવી ગયા કે આ સંસાર સમુદ્રમાં આ જીવ અનાદિકાળથી રખડે છે. તેમાં મનુષ્યભવ મેળવવો મુશ્કેલ હતો. જગતમાં કાંતો જે ચીજની ઉત્પત્તિ મુશ્કેલ હોય તે ચીજ મળવી મુશ્કેલ હોય. અથવા જે ચીજ પરાધીન હોય તે તેની પાસેથી મળવી મુશ્કેલ થાય. અથવા કોઈ આડો આવે તો તે ચીજ મળવી મુશ્કેલ બને છે. આપણે તે ચીજ મેળવીએ તેમાં બીજાને અડચણ હોય તો તે વસ્તુ મેળવવી મુશ્કેલ કહી શકાય છે. મનુષ્યપણું પ્રાપ્ત કરવામાં આ ત્રણમાંથી કંઈ મુશ્કેલ નથી. તો મનુષ્યપણું મેળવવું મુશ્કેલ છે એમ કેમ કહ્યું ? મનુષ્યપણાની ઉત્પત્તિ જુગુપ્સા તરીકે નહિં પણ સ્વરૂપે વીર્ય અને રુધિરના બિન્દુથી. જે એક રુધિર અને વીર્યના બિન્દુથી ઉત્પન્ન થવાવાળી ચીજ તેમાં મુશ્કેલી શી ? તેમ જ મનુષ્યપણું કોઈને આધીન નથી. જેઓ જગત્કર્તા પરમેશ્વરને માને તેમને એ હોય કે પરમેશ્વરની મરજીને આધીન હોય તો મુશ્કેલ હોય, તેમાં પણ એવા પારકાના હાથમાં છે કે જેને મળવું નથી; દેખવું નથી એવાના હાથમાંથી વસ્તુ મળવી મુશ્કેલ એમાં નવાઈ નથી. એ અપેક્ષાએ એક દરિદ્ર મનુષ્યે રાજાને કહ્યું હતું કે બધા તને દેખે છે, તું કોઈને દેખતો નથી. બધા તારી પાસે આશા કરી આવે છે. ટગર ટગર બધા તને જુએ છે. તું કોઇના ઉપર નિઘા કરતો નથી. અહીં પણ પરમેશ્વરને અંગે એ દશા છે. આખું જગત પરમેશ્વર તરફ જુએ છે પણ પરમેશ્વર કોઈના તરફ જોતો નથી. જે દેશમાં ટપાલી મનુષ્યો ન જતા હોય, જાવડ આવડ ન હોય, તેવા દેશથી માલ મંગાવવો હોય તો ? તેમ અહીં પરમેશ્વર આધીન મનુષ્યપણું હોય તો ! પરમેશ્વર પાસે કોઈને જવાનું નહીં, એ પરમેશ્વર પાસેથી મનુષ્યપણું શી રીતે મેળવવું ? પણ તેવું જૈનમતમાં નથી. જો તેમ મનુષ્યપણું મળતું હોતે તો જગતમાં કોઈપણ

જાતો છો **दानं भोगो नाशः** લક્ષ્મીનું દાન, ભોગ અને છેવટે નાશ તો છે જ. તેથી દાન દ્યો, ભોગવટો કરો, નહીંતર નાશ તો છે જ. દસ હજાર ધીર્યા. વેપાર છે ત્યાં લગી વ્યાજ આપે છે. પણ દુકાનદાર બીજે રસ્તે નીકળ્યો દાનત બગડે તે વખત વ્યાજ તથા રકમ બન્ને ન મળે. હાથે ન તો ખરચાઈ. બીજાએ ખરચ્યા મીલોના શેરો, બેન્કોના શૅર, રાજ્યની લોનો લીધી. તેમાં પાંચ હજારના પાંચસો થઈ ગયા. હવે શું થયું? ધોકો વાગ્યો. હાથે ખરચ્યા? તારા હાથે ન ખરચ્યા તો પેલાએ ખરચ્યા, દાન, ભોગ પછી નાશ ન હતે તો લાખો વરસો સુધી જે લેઉ લેઉ કરી રહ્યો છે તો દુનિયામાં ધન સમાતે ક્યાં? દાન ભોગ સાથે નાશ ન હતે તો જગતમાં ધન સમાત જ નહીં. દરેક પેઢીએ નાશ વગરનો એક રૂપીઓ બાકી રાખ્યો હતે તો અત્યારે દરેકના [illegible]માં લાખો હતે. કહો નાશ વગરનો રહેતો જ નથી. ફક્ત એટલું જ કે આપણા હાથે દાન ન થાય. પારકા હાથે થાય. ૧૦૦)ના ૫૦) થઈ [illegible] છે. લોનના પારકા ખરચે, આપણા ખૂટે. એક ભૂલ, એ વિચાર [illegible] કે જે આપણી મિલકત છે તે ઉપર રજીસ્ટર નથી. જેમાં સરવાળે [illegible], તેમાં ખરચી શકો નથી. કોઈ જગો પર ધીરીએ [illegible] ના ૬૦ હજાર આવે છે. તો શું થયું? સ્થિતિ આવી [illegible] દૃષ્ટાંતમાં આવો. તમે ઉડાઉડ વખતે વ્યાજ ડબલ [illegible] પણ આજે મીળતા નથી. તો વ્યાજનો લોભ જીત્યોને? [illegible] વ્યાજ, વ્યાજ ઘેર ગયું. શું થયું? પણ નાશના ભયે લોભ [illegible] કાર્મિક જાતીએ તેથી પાતળા કષાય ગણાય નહિ. [illegible] ન મળે. તેથી સ્વાભાવિક–કુદરતી પાતળા કષાયો [illegible] આવવી રાખીએ. પાતળા કષાય રાખ્યા [illegible] તેથી જ દીન દાનરુચિ-ઠાકરાને લાભ, [illegible] તેમાં કોઈ જાતનો ફરક નથી. એ ઉપગાર [illegible] એ જગાપર લખી આપેલું એ છે કે [illegible] પાંચ, છ પેઢીના નામો યાદ કરે [illegible] ક્યાં આપણે પેઢી કરે, એ આપણને

[illegible]

ભુંસાતી પેઢીના પ્રધાન છે? આપણે ભુંસાતી પેઢીના માલીક છીએ. આપણે આપણી પાંચમી પેઢી ભુંસીએ. આપણો છોકરો એની પાંચમી પેઢી ભુંસશે. નામધારી ક્યાં છે? ભગવાન મહાવીર મહારાજ વખતે લાખો કુટુંબો હતાં અને રાજ્યો હતાં તેમનાં નામ ક્યાં છે? ફક્ત ગૌતમસ્વામી અને મહાવીર મહારાજાના નામ અખંડ છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજાના વખતે કરોડો નામ હતા, ક્યાં છે તે નામ? બીજી બાજુ વિમળશા સરખો વિચાર કર. વિમળશાએ દેવી આરાધી, પ્રસન્ન થઈ, એક દેરૂં એક છોકરો આપ, બેવાના નહીં મળે, એક મળશે. માટે તું કહે તે આપું. ત્યાં વિમળશા કહે છે કે કોહીનૂર છોડી કોયલો કોણ માગે? મંદિર છોડી બેટો માગવો તેમાં વળે શું? વિચારો છોકરાના સાટે છોકરાને છોડી મંદિર માગ્યું હશે તેનું અંતઃકરણ કઈ સ્થિતિનું હશે? એક જ કહેતા કે છોકરો થઈને શું કરશે? જો એ છોકરો સારા કામ કરશે એમ ધારીએ તો આપણા હાથે સારા કામ ન કરવા? સારા નહીં કરે એમ ધારીએ તો જન્મ આપવો શા માટે? આ સ્થિતિઓ હતી. તે જગો પર મારૂં નામ એ પણ રાખતા આવડતું નથી. લોકો ગાય તેવું તું કર. આપણું નામ આપણે જોઈએ. બીજો આપણું નામ જુએ તો નામવારી આચાર્યનું લીસ્ટ હોય તો હેમચંદ્ર મહારાજનું નામ છે કે નહિં? શ્રીમન્તોના નામ નીકળ્યા હોય તો 'મોતીશા' શેઠનું નામ છે કે નહિ? મતના નામ નીકળ્યા હોય તો મહાવીરનું નામ છે કે નહીં? તારૂં નામ તું દેખે, તેનું નામ કે વંશની નામવારી કે નામાવલી નથી. ક્યારે બને? બીજો જ્યારે આપણું નામ દેખે તો નામવારી તરીકે દેખતા હો તો ૭ મી પેઢીવાલા પણ, તમને ન ભૂલે. તમે છોકરાને ૧-૨ લાખ આપી જાઓ તો એક બે પેઢીમાં ખલાસ. ચાલુ જમાનામાં દેવચંદ લાલભાઈવાળાને ૨૦-૨૫ લાખની મિલકત હતી. પુસ્તક ઉદ્ધારમાં એક લાખ કાઢી નાખ્યા તો દેવચંદ લાલભાઈ રહી ગયા. હવે પેઢી કે લાખ કાંઈ ન મળે. એક લાખનાં પુસ્તક છપાઈ ગયા, હજુ લાખ કાયમ રહ્યા. કેસર સુખડ, સુરતમાં હાઈસ્કુલ ખાતે નગીનભાઈ ઘેલાએ કાઢ્યા તે રહી ગયા. બાકી ૮-૧૦ લાખમાંથી કાંઈ નહીં મલે. ગોકળ મૂલચંદે કર્યાં તે કામ થયા. મણીભાઈએ ન કર્યાં. ત્યારે જે ઉત્તમ કાર્ય કર્યું તે આત્માના કલ્યાણને અર્થે અને સંઘના લાભાર્થે થયું ને તેની નામવારી રહી. છોકરો હકની રૂએ એ લેશે તે નામવારીમાં ઉપકાર કે કલ્યાણ કશું રહેતું નથી. એકને પાંચ હજાર

આવી રસ્તે ચડાવો અને છોકરાને પાંચ લાખ આપો તો આ બેમાં આશીર્વાદ કોણ આપે છે? તે જુઓ. છોકરાને તો આપો તો કહેશે કે મારો હક છે. ન આપો તો નથી કહેતો કે તમે સ્વેચ્છાએ ખર્ચી શકો છો. તેમ તમો હકથી લેનારને આપવા તૈયાર છો પણ કલ્યાણ કે ઉપગાર થાય એ રસ્તે આપવા તૈયાર નથી. છોકરાને ભરણ પોષણ ખાતર આપો તે વાત જુદી છે.

પ્રશ્ન- પરભવના દેણા લેણાનો સંબંધ હોય ત્યારે પિતા-પુત્ર થાય છે ને?

પ્રત્યુત્તર- એ ગાંડાઈ છે. આપણે ખરચવા તૈયાર થાઓ પછી લેણાં-દેણાનું નામ લ્યો. એક લાખ જુદા કાઢ્યા. બીજાને ઘેર અમુક ખાતે રાખવા નક્કી કર્યા. આપ્યા એટલામાં મરી ગયો. નક્કી કરતાં વાર લાગી, એટલામાં ચાલ્યો ગયો. તો કાયદાની રૂએ પાછા મરી ગયા તો લેણાદેણીનો સંબંધ ગણાય. ખરી વાત તો એ છે કે સ્વભાવે લોભનું પાતલાપણું થયું નથી. હવે બીજાભવે મનુષ્ય [illegible] થવાના?

[illegible] મનુષ્યપણું હારી જાય તો મૂળ મુડી ટકાવી રાખનાર શાંડીશાડ

ઉપયોગ કરી શકે તો મળી બરોબર પણ ઉપયોગ ન થાય તો? ખાજાના કાણાંના વિચારમાં–કડાઈયાનું ઘી આખું બળી ગયું, તેમ આપણે આમ કરીએ કે આમ કરીએ તેમ વિચાર કરતાં ચાલ્યા જઈશું. આપણે વિચારમાં ને વિચારમાં ચાલ્યા ગયા તો તે વખતે શું થાય? કાલે કરીશ, આવતે વર્ષે કરીશ. તારા હાથમાં જિંદગીનો કયો ભરોસો છે? જે કાલે કરવાનો વિચાર છે તે આજે કર. આપણે રકમ લખવી છે જમેની, ઉધાર બાજુ લખાઈ તો બેવડું નુકસાન. ભૂલે તો એકવડું નુકસાન, અવળું લખે તો બેવડું નુકસાન. એ ન તપાસીએ, લખાયું છે કે નહીં તે જોવાનું. તેમ શાસ્ત્રની શિખામણ કાળજામાં ઉતરી છે, ક્ષણનો ભરોસો નથી. છોકરો સમજુ ન હોય ને પરણાવી દેવો, હોય તો એમ કહે કે ભાઈ આવતી કાલ કોણે દીઠી છે? એ ભરોસો પલકનો નહીં. પહોરની કોણે દેખી છે? માટે કર્યું તે કામ. આમ તે પાપના પોટલા બાંધવામાં આ વાક્ય બરોબર ગોઠવી રાખ્યું છે. કે 'કર્યું સો કામ. ભજ્યા સો રામ.' શાસ્ત્રકારે કહેલ અનિત્યપણું સમજ્યા પણ પાપના પોટલા બાંધવામાં સમજ્યા. નિર્જરામાં સમજ્યા નથી. સંસારના નાટકમાં જીવ્યા મર્યાની ભાવના આવી ગઈ. પણ ચૌદશ છે. પોસહ કરવો હોય તો આવતી કાલે ચૌદશ છે. આવતી ચૌદશે વાત. ત્યાં પણ જાણે કે રખે બંધાઈ જાઉં. આપણે ઘર લેવું છે. ઘરમાં વખતે વાંધો વળગી જાય નહીં. ત્યાં ક્ષણનો ભરોસો નથી–એમ અનિત્યતા ત્યાં છે. શાસ્ત્રની રકમ બરોબર રાખી છે. પણ કોઈના ખાતાની કોઈના ખાતામાં જમા કરે છે. જે કાલે કરવાનું છે તે આજે ઉતાવળ કરી કરો. આ ધરમને અંગે કહે છે, ત્યારે આપણે પાપમાં ઉતાવળ કરી આજ કરીએ છીએ. આપણે ખાજાનાં કાણાંના વિચારમાં કડાઇયા બાળીએ છીએ. મળેલી વસ્તુનો સદુપયોગ કેમ થાય તેનો વિચાર આવતો નથી. આત્માનું કલ્યાણ ચામડાં હાડકાંથી થાય તેવું છે. મુતરની કોથળી ને વિષ્ઠાની કોઠી રૂપે શરીર છે. તેવા શરીરથી પુન્ય નથી થતું? તો બીજે શી રીતે કરીશ? ક્ષણમાં એ શરીરની સ્થિતિનો ભરોસો નથી. અણભરોસાવાળી ચીજમાંથી ભરોસાવાળી ચીજ લઈ શકતો નથી. વિરતિ પચ્ચક્ખાણ વિગેરે કચરા પેટે કોહિનૂર મળે છે. મળેલા કચરાનો સદુપયોગ કરી લે. ચાહે જેટલું શરીરને પાપે પોષે, પણ અંતે છે રાખોડો. એ સિવાય બીજું હોય તો જો જે. જગતમાં છેવટનાં

આપી રસ્તે ચડાવો અને છોકરાને પાંચ લાખ આપો તો આ બેમાં આશીર્વાદ કોણ આપે છે? તે જુઓ. છોકરાને તો આપો તો કહેશે કે મારો હક છે. ન આપો તો નથી કહેતો કે તમે સ્વેચ્છાએ ખર્ચી શકો છો. તેમ તમો હકથી લેનારને આપવા તૈયાર છો પણ કલ્યાણ કે ઉપગાર થાય એ રસ્તે આપવા તૈયાર નથી. છોકરાને ભરણ પોષણ ખાતર આપો તે વાત જુદી છે.

પ્રશ્ન– પરભવના દેણા લેણાનો સંબંધ હોય ત્યારે પિતા-પુત્ર થાય છે ને?

પ્રત્યુત્તર– એ ગાંડાઈ છે. આપણે ખરચવા તૈયાર થાઓ પછી લેણાં-દેણાનું નામ લ્યો. એક લાખ જુદા કાઢ્યા. બીજાને ઘેર અમુક ખાતે રાખવા નક્કી કર્યા. આપ્યા એટલામાં મરી ગયો. નક્કી કરતાં વાર લાગી, એટલામાં ચાલ્યો ગયો. તો કાયદાની રૂએ પાછા મળી ગયા તો લેણાદેણીનો સંબંધ ગણાય. ખરી વાત તો એ છે કે સ્વભાવે લોભનું પાતલાપણું થયું નથી. હવે બીજાભવે મનુષ્ય કયા હિસાબે ગણાના?

જો મનુષ્યપણું હારી જાય તો મૂળ સુડી ટકાવી રાખનાર શંડીરાડ ખાઈ કરતાં મનુષ્ય નપાવટ

ઉપયોગ કરી શકે તો મળી બરોબર પણ ઉપયોગ ન થાય તો ? ખાજાના કાણાંના વિચારમાં–કડાઈયાનું ઘી આખું બળી ગયું, તેમ આપણે આમ કરીએ કે આમ કરીએ તેમ વિચાર કરતાં ચાલ્યા જઈશું. આપણે વિચારમાં ને વિચારમાં ચાલ્યા ગયા તો તે વખતે શું થાય ? કાલે કરીશ, આવતે વર્ષે કરીશ. તારા હાથમાં જિંદગીનો કયો ભરોસો છે ? જે કાલે કરવાનો વિચાર છે તે આજે કર. આપણે રકમ લખવી છે જમેની, ઉધાર બાજુ લખાઈ તો બેવડું નુકસાન. ભૂલે તો એકવડું નુકસાન, અવળું લખે તો બેવડું નુકસાન. એ ન તપાસીએ, લખાયું છે કે નહીં તે જોવાનું. તેમ શાસ્ત્રની શિખામણ કાળજામાં ઉતરી છે, ક્ષણનો ભરોસો નથી. છોકરો સમજુ ન હોય ને પરણાવી દેવો, હોય તો એમ કહે કે ભાઈ આવતી કાલ કોણે દીઠી છે ? એ ભરોસો પલકનો નહીં. પહોરની કોણે દેખી છે ? માટે કર્યું તે કામ. આમ તે પાપના પોટલા બાંધવામાં આ વાક્ય બરોબર ગોઠવી રાખ્યું છે. કે 'કર્યું સો કામ. ભજ્યા સો રામ.' શાસ્ત્રકારે કહેલ અનિત્યપણું સમજ્યા પણ પાપના પોટલા બાંધવામાં સમજ્યા. નિર્જરામાં સમજ્યા નથી. સંસારના નાટકમાં જીવ્યા મર્યાની ભાવના આવી ગઈ. પણ ચૌદશ છે. પોસહ કરવો હોય તો આવતી કાલે ચૌદશ છે. આવતી ચૌદશે વાત. ત્યાં પણ જાણે કે રખે બંધાઈ જાઉં. આપણે ઘર લેવું છે. ઘરમાં વખતે વાંધો વળગી જાય નહીં. ત્યાં ક્ષણનો ભરોસો નથી–એમ અનિત્યતા ત્યાં છે. શાસ્ત્રની રકમ બરોબર રાખી છે. પણ કોઈના ખાતાની કોઈના ખાતામાં જમા કરે છે. જે કાલે કરવાનું છે તે આજે ઉતાવળ કરી કરો. આ ધરમને અંગે કહે છે, ત્યારે આપણે પાપમાં ઉતાવળ કરી આજ કરીએ છીએ. આપણે ખાજાનાં કાણાંના વિચારમાં કડાઇયા બાળીએ છીએ. મળેલી વસ્તુનો સદુપયોગ કેમ થાય તેનો વિચાર આવતો નથી. આત્માનું કલ્યાણ ચામડાં હાડકાંથી થાય તેવું છે. મુતરની કોથળી ને વિષ્ટાની કોઠી રૂપે શરીર છે. તેવા શરીરથી પુન્ય નથી થતું ? તો બીજે શી રીતે કરીશ ? ક્ષણમાં એ શરીરની સ્થિતિનો ભરોસો નથી. અણભરોસાવાળી ચીજમાંથી ભરોસાવાળી ચીજ લઈ શકતો નથી. વિરતિ પચ્ચક્ખાણ વિગેરે કચરા પેટે કોહિનૂર મળે છે. મળેલા કચરાનો સદુપયોગ કરી લે. ચાહે જેટલું શરીરને પાપે પોપે, પણ અંતે છે રાખોડો. એ સિવાય બીજું હોય તો જો જે. જગતમાં છેવટમાં

કંઈ હોય તો તું પોતે જાણે છે, નિશ્ચય છે, દૃષ્ટાંતો છે. છતાં કાળજામાં કંઈ નથી આવતું, તો કાળજું છે કે નહિં? જેમાં અંતે શખોડો છે એવાથી સત્કાર્ય ન કરી શકે તો બીજી વખતે કયો સદુપયોગ કરી શકીશ? ઉકરડામાંથી રતન કઢાય છે ત્યાં તૈયાર નથી થતો તો ડુંગરા ખોદી શું કાઢવાનો? કુંડામાં કોહિનૂર.

સીમંધરસ્વામી પાસે ધર્મ કરીશું :

ઋષભદેવજીની વખતે દરિયામાં કોહિનૂર હતો, અત્યારે કુંડામાં છે. ઋષભદેવજી વખતે અખંડ ચારિત્ર ક્રોડપૂરવ સુધી પાલે. ક્રોડ પૂરવ સુધી ચારિત્ર પાલે ત્યારે અખંડ ચારિત્ર કહેવાય. તેની આગળ આજકાલનું ૫–૧૦–૨૫ વર્ષનું ચારિત્ર ક્યાં? ૮૪ લાખને ૮૪ લાખે ગુણીએ ત્યારે ૧ પૂરવ. આપણે મહાવિદેહમાં જઇશું ત્યારે ધર્મ કરીશું, પણ ત્યાં ૮૪ લાખ પૂર્વ નામ સાંભળી નાશી જશો. એક ૫–૨૫ વરસની વાતમાં બાળક બુઢ્ઢાનાં ભેદ પાડવા પડે છે, તો લાખ ચોરાશીમાં કેટલા ભેદ પાડશો? ખાઇ પીઇને ઉતરશો ત્યારે [illegible]. ખાઇ પીઇને ઉતર્યા હોય તેને કરવાનું, તો મંદિર સ્વામી પાસે ૮૪ લાખ પૂર્વની વાતોમાં શી રીતે કરશો? કહો કે આપણને પ્રાપ્ત [illegible] ચીજનો સદુપયોગ કરવાનો વિચાર આવતો નથી. કેટલીય [illegible] આ શબ્દ પ્રચલિત થયો છે કે મહાવિદેહ ક્ષેત્ર મળે તો કામ થાય. [illegible]માં કામ સરે છે. જાતિસ્મરણવાળાને તે કામનું છે. કમજાતવાળાને જાતિસ્મરણ કામનું નથી. પદ્‌મગુપ્ત ચારિત્રમાં એક નાસ્તિક મનુષ્યે [illegible] પ્રવર્તાવ્યું છે. કેટલાક ભવોથી કોઇક ભવમાં નાસ્તિક છે. [illegible] આવી મહાત્મા આવ્યા છે. તેણે કહ્યું કે આવી રીતે આટલા [illegible] નાસ્તિક થયા. હવે તો કંઇક કર. એમ કહેતા જાતિસ્મરણ [illegible] કોણ જાણે, આ એવો જાદુ છે કે કહ્યું તેવા જોતા [illegible] જાઉં. ઉપદેશકની ધૂર્તતા [illegible] આગમ ભલા છે. તે વખત તીર્થંકરને [illegible] માનીશું ને? અત્યારે ન માનીએ તો તે [illegible] માનીશું? [illegible] જમાલી મહાવીર વખતે થયા હતા. [illegible] સ્વામી [illegible] પણ શ્રદ્ધા વિના કાંઇ [illegible] ચારિત્ર [illegible] તો [illegible] કેવળજ્ઞાન [illegible] નથી. જ્યાં [illegible]માં [illegible],

માથું એવી દશામાં વૈરાગ્ય નથી આવતો. અત્યારે માથું ફોડીને શીરા ખાવાના છે, તેમાં વૈરાગ્ય નથી, તો દેવતાઇ સિદ્ધિ મળે તે વખતે શું થશે? શાલિભદ્રજીની માફક દેવતાઈ રિદ્ધિ આવતી હોય તો ધરમને ધક્કો મારશો. વધારે કાળ ધરમ થાય તો આત્મા અને જગતનું કલ્યાણ થશે. મહાવિદેહમાં પણ દરીયા તરફ મોં રાખે તેવો ઘડો ભરાય? અહીં યોગ્યતા મેળવી હશે તો ત્યાં તીર્થંકર મહારાજ પાસે ધર્મારાધના કરવાના.

ચિંતામણિ રત્ન ફેંકી દીધું :

એક ઝવેરીપુત્ર રત્નની પરીક્ષા શીખ્યો. ચિંતામણિનું લક્ષણ શીખ્યો ત્યારે આ બીજા બધા રત્નો કાંકરા છે એમ માલુમ પડયું. ચિંતામણી રત્નની શોધમાં નીકળી પડ્યો, ચારે બાજુ ફર્યો. ફરતાં ફરતાં કેટલોક કાળ નીકળી ગયો. કોઇ ગામ પાસે આવ્યો, તળાવ પાસે બેઠો છે. ગામ જવું છે, ત્યાં રબારી પાસે બકરી છે. તે બકરીના ગળે ચિંતામણી રત્ન છે. આ વખત પેલાને હર્ષ કેટલો થયો હશે તે વિચારો. અચાનક ચિંતામણી દેખ્યું. રબારીને કહ્યું કે મને આ આપ. જાત રબારીની પોતે ઉપયોગમાં ન લ્યે તો બીજાને ઉપયોગમાં આપી શકે નહિં. ના જ કહી, પછી શેઠપુત્રે વિચાર્યું કે મારા ઉપયોગમાં ન આવે પણ તેના ઉપયોગમાં આવે તેમ કરૂં. તેને સાફ કરી પાટલા ઉપર મેલી પૂજા કરવી, ધૂપ, દીપ, વિગેરે કરી તેની સન્મુખ અઠ્ઠમ કરી ચોથે દહાડે સવારે જે માગીએ તે મળે. શેઠપુત્ર તેની પાછળ ચાલ્યો, વિચાર્યું કે નિર્ભાગીયાના હાથમાં રહેશે નહિં. જંગલમાંથી ઘરે પાછો આવે છે. ગામ છેટું છે. કાંતો તું વાત કર, ને કાંતો હું વાત કરૂં, તો તું હુંકારો દે એમ રબારી ચિંતામણીને કહે છે. ચિંતામણી વાત કરતું નથી. પોતે વાત કહેવા માંડી. પેલો હુંકારો દેતો નથી. પણ દહાડા ત્રણ જ આડા છે. ચોથે દહાડે માગું તે આપવું પડશે. આગળ ચાલ્યો. ખરેખર તું ચિંતામણિ જ છે. ચિંતા એ જ મણિ, તેથી જ્યારથી મારા હાથમાં તું આવ્યો છે ત્યારથી ચિતા ચિતા ને ચિતા. ખરેખર તું ચિતા કરાવનાર મણિ. ઇચ્છિત દેનાર નહીં, પણ વાણીયે માગ્યું ને આપ્યું નહીં માટે વાણિયાએ હેરાન કરવાનો રસ્તો કર્યો. તું આવ્યો તેનું આ પરિણામ—એમ કરી ચિતામણિ ફેંકી દીધું. રબારીએ હુંકારાની આશા કરી તેમ આપણે આ શરીર, ખાવું, પીવું તેના ઉપયોગનું

રાખ્યું. તેના કામમાં આવે તો સારૂં નહીંતર નકામું. આ માંસની કોથલી. હાડકાના ટેકા તરીકે નસોથી સંધાએલી કોથલી ઉપયોગમાં લઈ ધર્મ સરખી અપૂર્વ ચીજ મેળવી શકીએ તેવું છે. પણ રબારીના નસીબ નથી કે ચિંતામણીની આરાધના સૂઝે. આપણે પણ રબારીના જ ભાઈ છીએ. શાસ્ત્રોમાં ભૂત કહેલા છે. ન જડતાં હોય તો શાસ્ત્રમાં જોવાની જરૂર નથી. આપણા સામું જુઓ તો ભૂતનો નમૂનો તરત દેખાશે. જેની નશીબદારી હોતી નથી તેને ચિંતામણિ રત્ન મળતું નથી. મલ્યું હોય તો પણ તેવાઓને સાધના નહીં આવડવાથી કાર્ય થઈ શકતું નથી. તેમ આ જીવ પણ ગુણવાળો હોવો જોઈએ. પણ જેનામાં ગુણરૂપી વૈભવ નથી તેને ધર્મ-રત્ન મળવું ઘણું મુશ્કેલ છે. હવે ધર્મ રત્ન મેળવવા માટે ઉદ્યમ આખા કુટુંબ માટે કરવો ક્યારે બને? તેને માટે કયા ગુણો જોઈએ, તે ગુણોથી ધર્મરૂપી રત્નની પ્રાપ્તિ કેમ થઈ શકે તે વિગેરે અધિકાર અગ્રે વર્તમાન.

★

પ્રવચન ૧૪મું

અષાડ વદી ૫ને સોમવાર, મહેસાણા.

इगवीसगुणसमेओ जोगो एयस्स जिणमए भणिओ।
तदुवज्जणंमि पढमं ता जइयव्वं जओ भणियं॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન શાંતિસૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે, ધર્મરત્ન પ્રકરણ નામના ગ્રંથને કરતાં થકાં આગળ જણાવી ગયા કે ભાગ્યહીનને ચિંતામણી રત્ન મળવું મુશ્કેલ છે. કદાચિત્ તે રત્ન મળી જાય પણ તેનો ટકાવ થવો ઘણો મુશ્કેલ છે. [illegible] કુળમાં જન્મ થવો મુશ્કેલ, તે થયાં છતાં [illegible] સ્થિતિ ટકવી એ વધારે મુશ્કેલ છે. તેવી રીતે પ્રથમ તો [illegible] મુશ્કેલ, કારણ ધર્મ સુંદર ચીજ તો તેની [illegible] મુશ્કેલી કેમ? એકેન્દ્રિય વિગેરે જીવોને તો પ્રાપ્તિની મુશ્કેલી [illegible] એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના [illegible] છે કે પણ ધર્મ સાંભળનાર [illegible]

તેને ગયા જન્મનો કે આવતા જન્મનો વિચાર
ભેંસ હોય, ઘોડી હોય, બળદ હોય, પણ કોઈને
ભવનો વિચાર નથી. આ કારણથી તે બધાને સંજ્ઞી-
આવે છે. સંજ્ઞીપંચેંદ્રિય જાનવર તમારે ઘેર આવ્યું
કે આવતા ભવનો વિચાર નથી. તો ચૌરેન્દ્રિય
પંચેદ્રિય જીવોને તો એ વિચાર ક્યાંથી હોય ? એ
હોય તે તે ભવપૂરતો જ હોય. તે ભવની અંદર,
આવવું. તેનો વિચાર હોય પણ ગયા કે આવતા ભ
આ કારણથી તેને અસંજ્ઞી ગણ્યા છે. સામાન્ય રીતે
સંજ્ઞી અને જેને વિચાર ન હોય તે અસંજ્ઞી. શ
વિચાર કયો કામનો !

વિષયોની સંજ્ઞા વિકલેન્દ્રિયો અને પશુઓને પણ

શેઠ રોજ દાતણ કરવા બેસે. સામે ગાય
શિંગડામાં પેસી નીકળી શકું કે નહીં ? એમ વિચાર ક
એક દિવસ શેઠે કછોટો મારી માથું ઘાલ્યું, ગાય
શેઠ હો હો કરવા લાગ્યા. શેઠ ! કાંઈ વિચાર કરવે
મેં છ મહિના સુધી વિચાર કર્યો છે. વગર વિચા
વિચાર અવળા પરિણામ લાવે તે વિચાર છ મહિના
તે કરનારની મૂર્ખતા ગણાય. જેવી રીતે શેઠિયાએ
ગાયના શિંગડામાં પેસવાનો વિચાર કર્યો, તેમ આ
કર્યો. એક પણ ભવ વિચાર વગરનો નથી કર્યો. અ
એકેન્દ્રિયમાંએ શાસ્ત્રકારોએ ચાર સંજ્ઞા માનેલી છે.
છે. વેલો વાડ તરફ ચાલ્યો જાય છે. ઓઘ સંજ્ઞા
ચાલ્યો જાય છે. એમ વિકલેન્દ્રિયને અંગે પણ તે
સંજ્ઞા છે. અહીં પતાસું મૂક્યું. કીડીનું દર જો કે
આવી. પતાસું લઈ ગઈ. કહો વિચાર ન હોતે તો
લઈ ગઈ ? વિષયોને અંગે મનુષ્ય કરતાં જાનવર જ
હોય છે. સાકરનો ગાંગડો સુંડીમાં રાખો. મનુષ્યને
કીડીને તરત ખબર પડશે. પોલીસ ન પહોંચે ને કી
કીડીથી પકડાય છે. ઘીના કુડલા ચોર ચોરી ગયા. પણ

સવારમાં ચોરીની બૂમ પડી. પોલીસ ચારે બાજુ ફરી. પત્તો ન ખાધો, તેવામાં એ ઘરોને કાંઠે ઝાડ ઉગેલું, કીડીઓ ઝાડ પર ચઢે છે. ઠેઠ છેડા સુધી જાય, વાયરાથી કીડીઓ નીચે નમી પડી જાય છે. પોલીસે વિચાર કર્યો કે અહીં કુલ્લા છે. અંદર માણસે ઉતરી કુલ્લા કાઢી લીધા. કીડીને તરત માલમ પડી. કુતરા અજાણ્યા સ્થાનમાં એક વખત ગયા તો ભુલા ન પડે. તમે દસ વખત જવાં છતાં ભુલા પડી જાવ છો. એને સંજ્ઞા ગણી છે. આ બધી વિષયની સંજ્ઞાઓ છે. સ્થાવરોને ઓઘસંજ્ઞા, વિકલેન્દ્રી તથા અસંજ્ઞી પંચેન્દ્રિયોને હેતુવાદોપદેશિકી સંજ્ઞા, શરીરના પોષક વિષયો તેની સંજ્ઞા, દીવેલ પર કેટલી કીડી આવે છે? ઘી પર કેમ આવે છે? કહો એને અનુકૂળ વિષય કયો? પ્રતિકૂળ વિષય કયો, તે સમજવાની, જાણવાની તાકાત છે. તેથી અનુકૂળ વિષયો પકડે છે. મસાણમાં રાખોડાના લાડવા ઉપર કીડીઓ ચઢે છે? વિષયની અપેક્ષાએ દોરાવું એ તો જાનવર પણ દોરાય છે. તાત્કાલિક વિષયો માટે વિચારો કરવા તે વિકલેન્દ્રિયમાં અને ઢોરઢાંખરમાં પણ છે. ઉંદર બેચાર ફસાયા દેખે તો સાવચેત થઈ જાય. આ જીવ અનંતાને ફસાએલા દેખે તો પણ ઝંપલાય, કારણ એક જ ને તે એ કે, એ વિકલેન્દ્રિય જીવોને, જાનવરોને વિષય કરતાં વિમાસણ વધારે છે. ભવિષ્યની વિમાસણ વધારે છે. આ જીવને ભવિષ્યની વિમાસણ જ નથી. શાસ્ત્ર-[illegible] કે જેને ભુત-ભવિષ્યના ભવનો વિચાર નથી, તેને અસંજ્ઞી [illegible] વિચાર શૂન્ય ગણવા, વગર વિચારનો અવિચારી કહો. જેને ભુત અને ભવિષ્યના ભવોના વિચાર આવ્યો નથી તે વગર વિચારનો. [illegible] મહારાજાએ જીનેશ્વર દેવ પાસેથી તત્વ મેળવ્યું. વૈરાગ્ય થયે [illegible] લીધાં પછી પેલા ગણેશ ત્યાં માંડ્યાં? કયાં?

અહીં કેટલાકને આ સંજ્ઞા હોતી નથી. પૂર્વ દિશામાંથી કે પશ્ચિમમાંથી કે ઉત્તર દિશામાંથી કે દક્ષિણ દિશામાંથી હું આવ્યો છું, [illegible] નથી. અહીં તો આવ્યો છું. આચારાંગના વનની [illegible] [illegible] આ જીવે વિચારવું જોઈએ કે, આ [illegible] અહીંથી પરલોકમાં કોણ જઈશ [illegible] [illegible] ભવનો કે ભવિષ્યના ભવનો વિચાર નથી. તેને [illegible] કયાંથી? વિચાર કેવો છે? આ જીવને [illegible] [illegible] ન એવો હોય તેને [illegible] [illegible] વિચાર અને તેના સાધનો, આ [illegible]

વિચાર સિવાય પાંચમો વિચાર જ નથી. આ ઉપરથી જગતમાં માત્ર દૃષ્ટિ કરી લ્યો. એક ઈન્દ્રિયવાલા, બે ઈન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયવાલા લ્યો. તેઓ પણ ઉપર કહેલ આહારાદિક ચારના જ વિચારવાલા, આપણે મનુષ્ય થયા તો પણ કયા વિચારો છે, આહારાદિ સિવાય બીજો કયો વિચાર આવે છે? આત્માનો વિચાર કઈ ગતિમાં? આ બધામાં આહારાદિના હરદમ વિચારો ચાલી રહ્યા છે, તેની પ્રાપ્તિ થાય ત્યારે જ પરમાનંદ. પ્રયત્ન, સાધ્ય, સિદ્ધિ ત્રણે આ ચાર વસ્તુમાં જ રહી છે. તમારે ત્યાં જન્મ્યું, તે જાનવર ગાય, ઘોડો, બળદ હોય, તે તમારે ઉત્તમ ઘેર છે. રબારીના ઘરની ગાય હોય, ભીલની ગાય હોય, કે વાણિયાની ગાય હોય. તેમાં ફરક કયો? કરવાનું કેટલું? ચારો ચરવો, મહેનત કરવી, દૂધ દેવું, આખી જિંદગી એજ. તેમ આપણે પણ આપણા કુટુંબમાં જન્મ્યા ગ્રાસ આચ્છાદન ખોરાક લેવા, લુગડાં લેવાં અને કમાઈ કરવી, જાનવર મરી જાય તો બહાર ફેંકી દે. આપણે મરીએ તો બાળી દેવાના, ફરક કયો? જાનવર અને ધર્મહીન મનુષ્યના અવતારમાં ફરક કયો? શાસ્ત્રકાર કહે છે કે ઘણો ફરક છે. જેઓ ધર્મહીન મનુષ્યપણે જન્મ્યા અને જાનવરપણે ન જન્મ્યા, તેમાં જાનવરનું ભાગ્ય છે. જાનવરનું ભાગ્ય ન હોત અને ધરમહીન માણસો જાનવર થયા હોત તો જાનવરનો ચારો પૂરો તેમને ન મળત. ઘાસ મોઘું મળત. તેથી સુકા સાથે લીલું બળી જાત, માટે તેનું નસીબ છે કે આ બધા જાનવર ન થયા. આ ઘટના કરી.

અળકતું ભવિષ્ય કોનું?

તત્વદૃષ્ટિએ વિચાર કરતાં શાસ્ત્રકાર કહે છે કે મનુષ્ય કરતાં જાનવર થયા હોત તો સારૂં હતું. એક લક્ષાધિપતિ છતાં સટોડીયો અને ઉડાઉ છે, એક દેવાદાર છે પણ વેપારી અને ખેલાડી છે. રૂપિયા ધીરો કોને? આને દેવું છતાં લાત મારી દેવું વાળે તેવો છે. આ કુંડમાં ફૂંકી નાખે તેવો છે, આપણે કુંડમાં ફુંકી દેનારા, જાનવર લાત મારી પોતાના ખર્ચો ચલાવે છે તેથી જાનવર ખેલાડી છે, જેટલું જીવે તેટલું જેટલો વખત ભોગવે તેટલો વખત પાપ તુટે; જાનવરની ગતિમાં રહ્યા થકા પાપ તોડે, આપણે મનુષ્યની ગતિમાં રહ્યા છતાં પુન્યને સળગાવી દેનારા, ને પાપ સળગાવનારા, આપણે પુન્યનો દળલો સળગાનારા, અધિક કોણ? એક રૂની ગાંસડી બાળે છે, એક ઉકરડાનો કચરો બાળે છે તેમ જાનવરના ભવમાં પહેલા ભવોનાં પાપો ભોગવીને

તોડે છે. આપણે પહેલા ભવના પુન્યો તોડીએ છીએ, શાસ્ત્રકાર પરમાર્થ દૃષ્ટિએ બીજું કહે છે કે જાનવર શાહુકારીમાં વધે છે. આપણે દેણદારીમાં વધીએ છીએ, નશીબ આત્માએ કરેલી ચીજ છે. જાનવર ઝળકતા ભવિષ્યવાળું છે. જ્યારે મનુષ્ય મંદ ભવિષ્યવાળો છે. કેમ? જાનવરને અકામ નિર્જરાના સાધનો ડગલે પગલે છે. ક્ષુધા તાપ, ટાઢ સહન કરવાથી ઊંચગતિ મેળવવા લાયક છે. મનુષ્ય 'હું અને મારૂં' –એમ મમતામાં મરી પડે છે. બકરામાં બબ્બો છે. મનુષ્યમાં મમ્મો છે. તેથી મેં મેં બોલે છે. મનુષ્ય એ મારૂં હું એનો, એ મારો, જતી વખતે જાનવરને જોવાનું હોતું નથી અને આ (મનુષ્ય) ડોળા કાઢી જુએ છે. મા, બાયડી, છોકરો, છોકરી, ભાઇ ભાંડુ તરફ આંખ ફાડી જુએ છે. એ કરતાં બકરા સારા કે નહીં? ઝળકતું ભવિષ્ય કોનું ગણવું? મનુષ્ય જીવનમાં આ દશા તો પછી કયા જીવનમાં સુધરવાનો?

સમકિતી ત્રણે કાળનો વિચાર કરે :

આચારાંગમાં જણાવ્યું કે, આત્માને ખોળવાવાળા ઘણા થોડા છે. વિચારશો તો માલુમ પડશે કે આ જીવને ધર્મવાસના કેટલી મુશ્કેલ છે? નગર શીખેલાની વાસના કેમ બેસે? આહારાદિની વાસના અનાદિથી ભરેલી છે. આત્માની અન્વેષણા ક્યારે કરી? હવે મનુષ્યભવ [illegible] ત્યાં આત્માની અન્વેષણા નહીં થાય તો ક્યારે થવાની? અપૂર્વ [illegible] વખત આત્માની ખોજમાં નહીં જાય તો પછી ક્યારે અને [illegible] મેળવશો? આ વખતનો દુરુપયોગ થાય તો ખરેખર નદીમાં તણાઈ [illegible], પૂર આવ્યું છે, વાદળમાં ચંદ્ર ચમક્યો, વાદળ વિખૂટું પડયું. [illegible] મનુષ્ય ચંદ્રમાં ચિત્ત ક્યારે ચોંટાડે? તો એક નદીના પૂરમાં [illegible] ચંદ્રમામાં ચિત્ત ચોંટતું નથી, તો અનાદિથી સંસાર [illegible] વિષયોમાં તણાતા શી રીતે મારે છે? ભાન [illegible] છે. અહીં જેનું ભાન ઠેકાણે હોય, ભાન ગએલું ન હોય, ત [illegible] આહારાદિમાં પોક નહિં મેલે. સમજે છે કે– અનાદિ- [illegible] આવ્યો છું. મરેલ પાછળ આખું જગત પોક [illegible] કોઈ મરેલો પાછો આવતો નથી. તેમ આ પાંચની [illegible] આહારાદિ [illegible] નથી. આહાર શરીર, ઇન્દ્રિય, [illegible] નકામી છે, તે માટે પ્રથમ તો [illegible] ક્રમાનના પૂરમાં અવતરવું મુશ્કેલ. આત્માને [illegible] મુશ્કેલ કરતાં અનાદિકાળના [illegible]

ભટક્તા ભવિતવ્યતાના ભરોસે સુકુળમાં પેસી ગયા, પૂરમાં તણાતા મનુષ્યને ભવિતવ્યતા યોગે લાકડું હાથમાં આવ્યું, તે લાકડાને છોડી દે તેને કેવો ગણવો ? તેમ કોઈક ભવિતવ્યતાના યોગે આત્માને ઓળખવાનો, ભૂત-ભવિષ્યનો વિચાર કરવાનો અવકાશ મળ્યો છે. દેવ, ગુરુ, ધર્મની જોગવાઈ મળી છે. તેને અંગે ત્રણે ભવનો વિચાર કરવાનો અવસર મળ્યો છે. તે માટે શાસ્ત્રકાર કહે છે કે માર્ગે ચડેલા સમકિતી કોણ ? ભૂત-ભવિષ્ય, અને વર્તમાનકાળનો વિચાર કરે તે, જેને આ સંજ્ઞા હોય, આ વિચાર હોય, હું અહીંનો વતની નથી પણ ઉત્પન્ન થવાવાળો છું, અહીંથી આગળ ચલતી પકડનો છું. કૂળમાં વસ્યા તે ભાડૂતી વસ્યા છીએ.

ભાડૂતી ઘર :

આહાર, શરીર, ઇંદ્રિય, વિષયો તેનાં સાધનો તે ભાડાના ઘરનું ફરનીચર છે, ભાડાના ઘરનું ફરનીચર મનને ખુશ કરી દે પણ તેમાં વળે કંઈ નહીં, આ શરીર તે ભાડાનું ઘર પણ જેટલું ફરનીચરવાળું ઘર તેટલું વધારે ભાડું બેસવાનું, તેમ અહીં જેટલો સારો આહાર, શરીર, ઈન્દ્રિયો, વિષયો, ને તેના સાધનો, તેટલું વધારે પુન્ય ખવાવાનું છે. પૈસાની કમાઈ ન હોય અને ઊંચા નંબરનું ફરનીચરવાળું મકાન ભાડે રાખો તો શું થાય ? પુરજા-લોન ફેરવાય છે, પુરજા લે છે, તેની વલે શી ? એમ અહીં ક્ષણે ક્ષણે, કોઈક વખત ક્રોધનો, અભિમાનનો, માયાનો અને લોભના પુરજા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના, સ્પર્શના, આરંભના પુરજા ઉપરાઉપરી જમે મંડાયા જાય છે. જ્યાં ફરનીચરથી ભરેલું ભવન (ઘર) ભાડે રાખ્યું છે, કોડીની કમાઈ નથી, અને ઉપરાઉપરી પુરજા જમે મંડાય ત્યાં દશા શી થવાની ? તે સમજે કોણ ? છકેલાને બીજું ન સૂઝે, તે તો તેમાં પણ આનંદ પામે. લાલા સાહેબ બની બહાર ફરે તેવા છકેલા સિવાય બીજું કોઈ ન નીકલે. આ જીવ પણ અત્યારે છકેલો છે. એટલું મોટું ભાડું ભર્યે જાય છે, પુરજા લખે જાય છે, તે કઈ કમાણી ઉપર ? તેનો વિચાર છે ? તે વિચાર હોય તો વિચારવાળો, નહિતર છકેલો. વિચાર કરો કે આપણો છાક ઉતર્યો છે કે નહિં ? મકાન બાંધી મુદતનું ભાડે રાખ્યું છે. તેનું ભાડું ભર્યે જ છૂટકો છે, આ (શરીર) તો બાંધી મુદતનું મકાન છે. મોંઘા ભાડાનું છે. આ પુન્ય તો ખવાવાનું જ. આહાર, શરીર,

ઈન્દ્રિયો, વિષયો, અને તેના સાધનોને અંગે હરેક ક્ષણે પુન્ય ખવાવાનું જ. પણ શાણા મોંઘા ભાવનું ભવ્ય ભવન, ભારે પડે તો પેટા ભાડુત ઊભા કરી ભાડું હલકું કરે. માથે દેવું ન પડે તેમ આ સરતી. ભાડે લીધેલું ભવ્ય ભવન (શરીર) તેનું શું થાય ?

પેટા ભાડૂત કયા ?

આહારનો ઉપયોગ, દયા, દાનમાં, શરીરનો ઉપયોગ શીલ રક્ષામાં કરો. ઈન્દ્રિયનો ધર્મની વૃદ્ધિમાં, સુપાત્રદાન, અભયદાન ને અનુકંપાદાનમાં ઉપયોગ કરો તો પેટા ભાડુતો ઉભા કર્યા. પેટા ભાડુતો ઘણા સમજાવીને લાવવા પડે છે. એ પોતાની ગરજે આવે છે છતાં ફેનીચર અને બીજી સગવડની વાત કરી પેટા ભાડૂત લાવે છે. એ સ્વાભાવિક થાય તેવા નથી. દયા, દાન, શીલ, ભાવનાને પેટા ભાડૂતો તરીકે ખડા કરો તો કંઈક જોખમ ઉતરે, આવું સરતી ભવ્ય ભાડૂતી ઘર લઈને ગળે [illegible] તેના જેવો મૂર્ખ કયો ? ડાહ્યો હોય તો પેટા ભાડૂત ઊભા કરે. [illegible] શરની ઘરનું ભાડું ઉભું કરવા ચોવીશ કલાક પ્રયત્ન કરવો જોઈએ. [illegible] પરિગ્રહમાં સાવચેતી રાખવા નથી કહેતો, પણ સંવરની કરણી [illegible] કરી નાંખો અને દાન, શીલ, તપ કરી ભાડું હલકું [illegible] મનુષ્યપણું મળ્યું છતાં સદુપયોગ કરી શકે કોણ? હીરા [illegible] ખોવાય તેનો વિચાર કરો પણ જિંદગી ખોવાય તેનો [illegible] કરતા નથી. કોઈ પણ વસ્તુ ખોવાય ત્યારે તેને શોધવા માટે [illegible] કરીને આખો પણ આખું જીવન ખોવાય તેનું કાંઈ ? તેને [illegible] ? મોતીનો દાણો કે હીરાનો ટૂકડો ખોળો છો તો આને [illegible] ? [illegible] સૂર્યોદય થયો તે વખતે મનુષ્યપણું હતું [illegible] સૂર્યોદય થયો તેમાં એટલું ઓછું થયું. મા જાણે કે દીકરો [illegible] વર્ષનો થયો પણ પચાસ વર્ષ જીવવાનો હતો તો હવે [illegible] તે ક્યાં જાય છે ? જીવવાના હતા તેમાં ઓછું થયું. [illegible] નથી. મજની મકાન રાખેલું છે, પણ પેટા [illegible] પૂરી થઈ ત્યારે પેટા ભાડૂત કરવા છે. [illegible] [illegible] ડોળે. ઘેલા, આંધળા, દવાખાના [illegible] શું ઉતારીએ ? આવી મકાન [illegible] [illegible] પણ ન ઉતારે તેવી દશામાં [illegible] ? [illegible] ત્યાંથી પેટા ભાડૂત

ઊભા કરવા જોઈએ તે સુઝતું નથી, મકાન માથે પડ્યું તો પેટા ભાડૂત ઊભા કરવા.

જે દિવસે સંસારથી કંટાળો તે દિવસે નીકળી જાવ

શ્રુતિકારોએ પણ લખ્યું છે કે જે દિવસે સંસારનો કંટાળો થાય તે દિવસે નીકળી જત. ચાહે તે આશ્રમ હોય, માથે પડેલા મકાનના પેટા ભાડૂત ખડા કરવામાં આળસ હોય નહીં. તેમ આ મનુષ્ય ભવ, કુટુંબ, આહારાદિ તથા ફરનીચરે ભરેલું મકાન માથે પડેલું છે. હવે પેટા ભાડૂત કરી ભાડુ ઉતારો તો જ કલ્યાણ છે. આ વિચાર કોને? કંઈક શાણા બને તેને. શાણા ન હોય તેને આ વિચાર આવે જ નહિં. તેવી રીતે આ અનાદિકાળથી મકાનોના ભાડા ભરતો જ આવ્યો અને ખુધવારીયો થતો આવ્યો છે, પણ આ સ્થાન તને એવું મળ્યું છે કે શાહુકાર રહેવા માગે તો રહી શકે તેમ છે. દેવાળિયાની પરંપરામાં શાહુકાર થવાની મુશ્કેલી છે. સવડ મળી છતાં તેનો લાભ લેવો ઘણો મુશ્કેલ છે. એ માટે જેમ ચિંતામણિ રત્ન મળવું મુશ્કેલ છે, વળી ટકવું વધારે મુશ્કેલ છે. જગતમાં નિયમ છે કે મેળવવાનું મિનિટમાં જાળવવાનું જિંગીઓએ. તમે બજારમાંથી પાંચ લાખનો એક નીકલેસ લીધો ને તે ઘેર આવી બાયડીને આપ્યો. મળ્યો મિનિટમાં પણ જાળવવાનો જિંદગી સુધી. માટે મેળવવામાં મહેનત મિનિટોની પણ જાળવવામાં જિંદગીની મહેનત, તેમ ચિંતામણિ રત્ન મેળવવાનું મિનિટમાં પણ જાળવવાનું જિંદગીના ભોગે. અહીં (આ સંસારમાં) નિર્ભાગીયાને એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયોમાં પણ ધર્મનો વિચાર જ આવતો નથી. ધર્મરત્ન મળવાનું જ નથી. અહીં આર્યક્ષેત્ર આદિ મળ્યા ત્યારે ધર્મરત્ન મેળવવાની તાકાત આવી. મનુષ્યભવ, આર્યક્ષેત્ર ઉત્તમકૂળ-જાતિ દેવાદિની જોગવાઈ, શ્રવણ શ્રદ્ધા એ બધું ઉત્તરોત્તર મુશ્કેલ છે. એક જગોએ લોટરી કાટી. પહેલી બધી સાગટી પાડી એક લાખે એક ટીકટ નીકળે તે બીજા રાઉંડમાં. એમાં એક હજારે એક તેમાંથી નિકળેલી ૧૦૦ તેમાંથી ૧૦ તેમાંથી પાંચે એક. તે પાંચમાંથી એક ટીકીટ નીકળે તે કેટલો નસીબદાર હોય ત્યારે નિકળે. તેમ આપણે અનંતકાયના જીવો એકેન્દ્રિય તેની સાથે આપણી ટીકીટ હતી. તે અનંતામાંથી આપણે એક નિકળ્યા. તે પંચેન્દ્રિયમાંથી મનુષ્યની ટીકીટ, તેમાંથી આર્યક્ષેત્રની, તેમાંથી પંચેન્દ્રિય સંપૂર્ણપણાની. તેમાંથી દેવ ગુરુની જોગવાઈની. પછી શાસ્ત્ર શ્રવણની

ટીકીટ, તેવાર પછી શ્રદ્ધાની ટીકીટ મળી. ચિંતામણિ રત્ન જેટલું મુશ્કેલ નથી, તેથી અનંત ગુણી મહેનત મનુષ્યપણા માટે તથા ધર્મશ્રદ્ધા થવા માટે કહેલી છે. શેલરનો વિચાર હજુ આવ્યો નથી. ઇંદ્રપણું, ચક્રવર્તીપણું પણ તેની આગળ સહેલું છે, પણ જિનેશ્વરના ધર્મનું શ્રવણ મુશ્કેલ છે. કેટલા શેલમાંથી પાસ થયા ત્યારે અહીં આવ્યા છો. તે વિચારી લ્યો. સહેજે માલુમ પડશે કે આપણે મનુષ્ય ભવમાં કેટલી ચડિયાતી હદે આવ્યા છીએ.

ભવિતવ્યતાના ભરોસે ન રહેતા હવે ઉદ્યમ કરવો :

જેટલો ઊંચે ચઢ્યો હોય તેવો જ પડતો પછડાય. આપણે જેટલા ઊંચા ચડ્યા, સાવચેતી ન રાખી તો જોરથી પછડાવાના. હવે તો ચડી ગયા પણ સાવચેતીથી ઊભા રહો. પડો નહીં તે જ તમારા માટે રસ્તો છે. તે માટે ચિંતામણિ રત્ન મળવું નિર્ભાગીને મુશ્કેલ છે. અહીં ભવિષ્યમાં આસન્ન મોક્ષગામી ન હોય તેવાને ધર્મરત્ન પામવું પણ મુશ્કેલ છે. આ ધર્મરત્ન મેળવ્યું મેળવાય કે ભવિતવ્યતા મેળવી દે છે? ભવિતવ્યતાએ દરેક વખતે ટીકીટ કઢાવી છે; ઇશ્વરે દાંત આપ્યા છે તો ચાવણું પણ આપશે, પણ એ તો ખોટાં ફાંફાં મારવાના છે. આટલી મુશ્કેલી ભવિતવ્યતાએ પાસ કરાવી તો હવે પણ ભવિતવ્યતા જ પાસ કરાવશે. બૈરાંમાં દયાની પણ કંઇક મર્યાદા છે. ગળે ઉતારવા માટે [illegible] નથી. મા લાવી દે પછી પોતાને ચાવી ગળે ઉતારવું પડે છે. તેમ ભવિતવ્યતાએ અહીં લગી લાવી નાખ્યા હવે તમારી [illegible] ખજુરના ઝાડ ઉપર માણસ ચઢ્યો, પડી ગયો. ત્યાં ધબકારાથી [illegible] ઉપર પડ્યું છે. ખેતરની પેલી બાજુ ઊંટવાળો જાય છે. [illegible], ખૂન મારી, કેમ બાપ શું કામ છે? છાતી ઉપર [illegible] [illegible] આળસુના પાદશાહ, તારે અહીં મેલવું હતું [illegible], ઊંટ પરથી મારે ઉતરવું પડ્યું. ઊંટને ત્યાં વગર [illegible] ત્યારે ઊંટવાળાને કહે છે કે હાથે પગે મેંદી [illegible] શા? તેમ આપણે ઉદ્યમ કરી શકીએ તેવી [illegible] ભવિતવ્યતા કરશે. જે શાસ્ત્રકારો ભવિતવ્યતાનું [illegible] છે. તે જ શાસ્ત્રકારો આ જગા પર ભવિતવ્યતાના ભરોસે [illegible] ધર્મરત્નની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરો. તેના સાધનો [illegible] સફળ કેવી રીતે થાય તે અગ્રે.

★

પ્રવચન ૧૫ મું

૧૯૯૦ અસાડ વદી ૧ મંગળ મેસાણા.

इगवीसगुण समेओ जोगो एयस्स जिणमए भणिओ ।
तदुवज्जणंमि पढमं ता जइयव्वं जओ भणियं ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિસૂરીજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ધર્મરત્ન પ્રકરણ નામના ગ્રંથને રચતા થકાં પ્રથમ જણાવી ગયા કે આ સંસાર સમુદ્રમાં પહેલાં તો મનુષ્યભવની પ્રાપ્તિ થવી તે દુર્લભ છે. આ મનુષ્ય ભવ સામગ્રીની મુશ્કેલીવાલો નથી, પરાધીનતાવાળો નથી. બીજાને વિઘ્ન હોય તેથી કોઈ અંતરાય કરતું નથી, તો મુશ્કેલ કેમ? કલ્પના કરીએ કે બાજરીનું બી હોય. ધાન થાય, અંકુરો થાય. ક્રોડો વરસો સુધી ધાન થાય તેમાં નવાઈ નથી, નવાઈ ત્યાં છે કે બાજરીમાંથી બીજો પદાર્થ બનવો અસંભવિત તેમ એકેન્દ્રિયપણામાં આ જીવ રખડે. તેમાં એકેન્દ્રિય મટી એકેન્દ્રિય થાય તેમાં આશ્ચર્ય નથી. પુદ્ગલનો સ્વભાવ મૂળ ઉપાદાન કારણ હોવાથી એની પરંપરા ચાલે પણ એકેન્દ્રિયપણું કે બેઈન્દ્રિયપણું તે આત્માને અંગે છે. પણ એવોને એવોજ આત્મા કેમ થાય? એને સંયોગ એકેન્દ્રિયપણાને લાયકના હોવાથી તેવા પરિણમવાવાળો છે. પરિણતિ આધારે કર્મબન્ધ ને તે આધારે ભવાંતર, તો એકેન્દ્રિયને સંયોગો કેવા હોય? એકેન્દ્રિયપણાને લાયક સંયોગોમાંથી પંચેન્દ્રિયપણું કે બેઈન્દ્રિયપણું પ્રગટાવવું ઘણું મુશ્કેલ છે. તે માટે કાયસ્થિતિ કહી. નિગોદમાં અનંતી ઉત્સર્પિણી સુધી જન્મે તથા મરે, અહીં ત્યાં આવ્યા છો ત્યાં સાવચેત થાવ. નહીંતર નિગોદમાં ઉતર્યા તો દશા શી થશે? મનુષ્યપણું પામી એકેન્દ્રિયપણામાં ગયા તો અનંતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી સુધી નીકળવાનો પત્તો નહીં ખાય: કાયસ્થિતિનો વિચાર કરીએ તો આ જીવ લટક્યો તો શું થશે, કોઈ આવેલું લાકડું ધણો વાગ્યો ને ફેર પાણીના પ્રવાહમાં ગયું તો લાકડાનો પત્તો ક્યાં? કોઈ આવતા સામો ધણો લાગ્યો. પ્રવાહમાં પડી ગયું તો લાકડાનો પત્તો નહીં. એમ આ જીવ પણ કોઈ કર્મના સંયોગે ભવિતવ્યતાના ફેરે મનુષ્ય ગતિ સુધી આવી ગયો. ને જો ઉતરી નિગોદમાં ગયે તો દશા શી થશે? એકેન્દ્રિયની કાયસ્થિતિ વિચારીએ તો મનુષ્યપણું

મુશ્કેલીમાં માલુમ પડશે. હે ગૌતમ ! એકેન્દ્રિયપણામાં–કે નિગોદમાં ગયો તો અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી ત્યાં રહેવાનો. મહાન પુરુષ સરખાને આ વાત જણાવવામાં આવે, તદ્‌ભવ મોક્ષે જવાવાળા ગણધર તેને ભગવાન જણાવે છે કે– જો અહીંથી નિગોદમાં ગયો તો અનંતિ ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી જન્મ–મરણ કરવાં પડશે.

ચૌદપૂર્વી–ચાર જ્ઞાની સરખા અનંતર ભવમાં એકેન્દ્રિ–નિગોદમાં ઉતરી જાય

મતિ–શ્રુત–અવધિ ને મનઃ પર્યવ–ઋજુમતિ નામનું મનઃપર્યવજ્ઞાન થાય. આનો ધણી પણ અનંતરભવમાં નિગોદમાં જાય. ચૌદપૂર્વી જે એક પૂર્વ મહાવિદેહના હાથી જેટલી શાહી હોય તો લખાય. બીજું–૨ ત્રીજું–૪ ચોથું–૮ યાવત્ ૧૬૩૮૩ હાથી જેટલી શાહી ચૌદ પૂર્વ લખવામાં જોઈએ. એનાથી લખાય તેટલું જ્ઞાન ધારણ કરનાર એ પણ બીજા જ ભવમાં નિગોદમાં ઉતરી જાય. મોક્ષનાં આંગણામાં પેઠેલા, વીતરાગપણું પામનારા, ૧૧ મા ગુણઠાણે ચઢેલા તેવા જીવો જોડલા ભવમાં નિગોદમાં, ઉપશમ શ્રેણીવાળા, ચૌદપૂર્વી તથા ચાર જ્ઞાની એવા પણ પડે તો નિગોદમાં ઉતરી જાય, તો આપણી શી દશા ? આ ઉત્સાહ તોડવા કર્યું નથી. રાજાને ઘેરે તિજોરી લુંટાઈ સાંભળી કોઈ ઘરનું કાંઈ [illegible] દે છે? રાજાના ઘરની લુંટ સાંભળી, ભોંય ખોદી દાટીને આપણી મિલકતનું રક્ષણ કરીએ છીએ. અર્થાત્ રક્ષણની બુદ્ધિ વધારે કરીએ [illegible] પણ નાસીપાસ થતા નથી. ચાર જ્ઞાની, ચૌદપૂર્વી, આહારક [illegible], ઉપશમ શ્રેણિવાળા પતિત થાય તે સાંભળી આપણે સાવચેત [illegible] છે. કર્મનું પરાક્રમ સાંભળી સાવચેત થવા માટે કહ્યું છે. [illegible] કે નિરુત્સાહ થવા માટે. તીર્થંકર મહારાજે ભવ્યપ્રાણીને માર્ગે [illegible] ધારણા રાખી છે, નહીં કે માર્ગથી વિમુખ કરવામાં. તો [illegible] માર્ગે ચડવામાં આવવું જોઈએ. આવો જીવ પતિત થયો [illegible] એકેન્દ્રિયપણામાં રખડી રખડી અનંતકાળે મનુષ્યપણું મેળવી શકે.

[illegible] જીવ મરીચિના ભવમાં ચારિત્ર પામી ત્યાગવાળો [illegible] તો અસંખ્ય ભવ સ્થાવરના કરવા પડ્યા. [illegible] છીએ. નાના ભવ સહિત [illegible] ભવનું [illegible] આયુષ્ય [illegible]

૩૩ સાગરોપમવાળો હોય નહીં. સર્વાર્થસિદ્ધ વિમાનના કે કોઈપણ દેવતા મરી ફરી દેવતા થતાં નથી, નારકી મરીને તરત જ નારકી થતાં નથી. તો ૨૭ એ મોટા ભવ છે. ક્રોડાક્રોડ સાગરોપમમાં બાકીનો બધો કાળ સ્થાવરપણામાં રખડવું પડ્યું તો આપણે કોને ભરોસે? આપણે માટે એ બારણું બંધ થયું છે એમ માનવું? સામાન્ય કોડીવાળો કોટિધ્વજ થાય એ કોઈક વખત બને છે, કેઈ વરસોમાં તપાસીએ તો કોઈક દૃષ્ટાંત મળી આવશે.

કેટલા કાળના અંતરે મનુષ્યપણું પામ્યા?

એકેન્દ્રિયમાં પડ્યા પછી બેઇન્દ્રિયમાં આવે તે પણ તેવું મુશ્કેલ છે. તે મુશ્કેલીઓ પાસ કરે, પાછું મનુષ્યપણાનું સાધન મેળવે. સાધન ન મળે તો મનુષ્યપણું મળે તેવું નથી. અનંત ઉત્સર્પિણીની કાયસ્થિતિ પૂરી થઇ એટલે બહાર કાઢવો જ પડે. જોડે પુન્યપ્રકૃતિ બાંધે એવા એકેન્દ્રિયપણામાં મનુષ્યપણાને લાયક કર્મ બાંધવા ઘણા મુશ્કેલ છે? મનુષ્યપણાના તેવા કર્મ બાંધવાં મુશ્કેલ તો એકેન્દ્રિયપણામાં મનુષ્યપણાના કર્મ શી રીતે બાંધવાનો? જ્યાં જાણવામાં માનવામાં કરવાની ઇચ્છા છે તેવી જગો પર તેવા કર્મ બંધાતા નથી, તો ત્યાં સંભવ શી રીતે? આથી અનંતી ઉત્સર્પિણી કેમ ચાલી જાય છે તે વિચારજો. એ સૂક્ષ્મ નિગોદમાં જે કાયસ્થિતિ છે, તેમાં મનુષ્યપણાને લાયક પુણ્યોપાર્જન ઘણું મુશ્કેલ છે. આવી કાયસ્થિતિઓ અનંતી વખત ઓળંઘી, આવી આવીને અથડાયો. આ પહેલ વહેલો આવ્યો છે એમ નથી. તો તેમાં કાંઇ ભાન આવવું જોઇએ. જે જગો પર આપણને ભાન આવવું જોઈએ જે જગો પર આપણને કાંટો વાગ્યો. માંદગીનો ખાટલો ભોગવ્યો. બીજી વખત ત્યાં જતાં કેટલાં સાવચેત રહીએ છીએ. તો અનંતી વખત કાંટા લાગ્યા, ખાટલે પડ્યા તો કેમ સાવચેત થતાં નથી? જો અનંતી વખત આવી ગયું તો મનુષ્યપણું પામવું સહેલું છે. મનુષ્યપણું અનંતી વખત આવી ગયું છતાં પામવું સહેલું નથી. અનંતા અનંતાકાળને આંતરે આવેલું છે. અનંતા કાળ સુધી આ જીવ ભટક્યો છે. બાકી મનુષ્યપણું ઘણાં અનંતા કાળને આંતરે આવેલું છે. આવી રીતે મહા મુશ્કેલીથી મનુષ્ય ભવ મળ્યો છે. તો તલવારથી તણખલું કાપ્યું તેમાં બહાદુરી કોણ બતાવે? તેમ આ મનુષ્ય ભવ ઉત્તમ મળ્યો છે. તલવાર રક્ષણ માટે, શત્રુ હઠાવવા માટે. તેવી તલવારથી તણખલું કાપી નાખ્યું તેમાં બહાદુરી નથી. તેમ આ મનુષ્યપણાથી [illegible]

ભોગવી તે જાનવરના ભવમાં પણ મોજમજાહ કરી શકાતે. મનુષ્યપણામાં વધારે શું કર્યું ? તરવારથી શત્રુ હઠાવી મન મલકાવાય. મનુષ્યભવથી મોહની કર્મ સામે મેદાનમાં પડી મોહ હઠાવાય તો મલકાવાનું. મોહને હંફાવ્યો નહીં, મોજમજાહ માની લીધી તો મલકાવાનું નથી. માટે મનુષ્યપણું મહામુશ્કેલીથી અનંતા ભવોને આંતરે મળવાવાળું, તેવું મનુષ્યપણું મળી ગયું. મળેલાનો ઉપયોગ કર્યો ?

ઉપયોગ કરી ન જાણે તો હાંસીપાત્ર બને :

ઉપયોગ કરી ન જાણે તે હાંસી પામે છે. પટેલની વસતિવાળું શહેર, પાદશાહની રાજધાની છે. પાદશાહે પટેલને ભેગા કર્યા. મોટા પટેલનો છોકરો સભામાં આવ્યો છે. અત્તર પાન કર્યા. તેમાં બધાને અત્તર આપ્યું. પટેલના છોકરાએ ચાટ્યું. પાદશાહે માનથી બોલાવ્યા તે વખતે અવળું કરે તો બોલાય નહીં. જુલમ કર્યો. મનમાં સમજ્યા. બીજો મેલાવડો થયો તેમાં મોટા પટેલ આવ્યા છે, પટેલ ! તમારો છોકરો અક્કલ પહોંચાડતો નથી. તે દિવસે સુંઘવાનું અત્તર ચાટી ગયો. પટેલ કહે છે કે તે ગાંડો ગેર લાગ્યો હતે તો રોટલામાં ચોપડીને ખાત. પટેલને અત્તર ચાટવાનું કે રોટલામાં ખાવાનું લાગે. મળેલી ચીજનો ઉપયોગ કેમ કરવો તે ખબર નથી. ખરેખર હાંસીપાત્ર થયા. તેમ મળેલી આ ચીજો તેનો ઉપયોગ ન કરીએ તો આપણે સિદ્ધોને હાંસીપાત્ર થઈએ.

આ મનુષ્યભવ મોક્ષની ઓફિસ તેમાં જઈને મેળવવાનું શું તેનું ભાન નથી. મોક્ષની ઓફિસમાં મોજમજતમાં કુચા માગીએ છીએ. જે અનંતકાળનું અનંતુ જ્ઞાનાદિ અનુપમ ગુણ આપે તેવી આ ઓફિસમાં આવીને [illegible] કરીએ છીએ ?

શું લખાય? પણ અરજીમાં સમજતો ન હોય તો તમારા મનને દોરવા માટે કામ કરવા માટે તમે લાયક બનાવો.

ધર્મને રત્નની ઉપમા કેમ આપી?

અનાજનો દાણો મોટો હોય પણ ખેડ કર્યા વગરની જમીન પર નાખીએ તો તેમાં ધાન્યની નિષ્પત્તિ ન થાય, તેમ આત્મામાં ધર્મરૂપી બીજ ચોકખું પડે છતાં આત્મા ખેડાયો ન હોય તો ધરમ બીજ તેવો ફાયદો નહીં કરે. માટે ધર્મ ગ્રહણ કરવો હોય. ધર્મરત્નને લાયક થવું હોય તો જેમ ત્યાં ખેતર તેમ અહીં ૨૧ ગુણ શ્રાવકના ઉપાર્જન કરવા જોઈએ. આ ધર્મ એ એક રત્ન છે. જગતમાં રત્નને કીંમતી ગણવામાં આવે છે. કીંમતી કેમ ગણવામાં આવે છે? ઢેખાળાને નળીયાને કીંમતી કેમ નથી ગણાતા? સામાન્ય રીતે ચાર સ્થાયી ગુણવાન વસ્તુ એ વધારે કીંમતી હોય. રત્ન તે ચીરસ્થાયી અને અધિક ગુણવાન તેથી જ ચીરસ્થાયી તેથી જ ધર્મને રત્ન તરીકે ગણીએ છીએ. સાગરોપમો સુધી કોડાકોડ સાગરોપમ સુધી આપણને જવાબ દે. તીર્થંકર નામકર્મ એક વખત બાંધેલું હોય તો અંતઃકોટાકોટિ સાગરોપમ સુધી જવાબ દેનારી ચીજ, એટલું જ નહિં પણ ગુણવાળી ચીજ છે. આત્માને ઉન્નતિ તરફ લઈ જાય, તેની ઉન્નતિમાં અવનતિમાં જવાનું ન થાય. તેથી ધર્મને રત્નની ઉપમા આપી, ચાહે તેવું સંકટ રત્ન ટાળે. લાખોનું દેવું એક રત્ન ટાળે. તેમ અસંખ્યાત ભવોનાં કર્મો ધર્મ ક્ષય કરી નાખે. કોડાકોડ સાગરોપમ સુધી ઉન્નતિના રસ્તે જોડતો હોવાથી ધર્મને રત્ન ગણ્યું. ધર્મરત્ન અનર્થને દૂર કરે. ધર્મની પ્રાપ્તિ કરાવે. મળે કોને? યોગ્યને. ધર્મરત્નને યોગ્ય કોણ? એકવીસ શ્રાવકના ગુણ કરી સહિત હોય તે જ ધર્મરત્નને લાયક છે.

૩૫, ૨૧, ૪ ગુણોનો સમન્વય:

૨૧ ગુણ જણાવ્યા પહેલાં વિચાર કરવો પડશે. કોઈ સ્થળે ૩૫ માર્ગાનુસારીના ૩૫ ગુણો બતાવીને આવવા કોઈ [illegible] ૨૧ ગુણો બતાવીને ધર્મની લાયકાત કહેવાય છે. તો લાયકાત કઈ સમજવી? યોગશાસ્ત્રને અનુસારે ૩૫ ગુણવાળો ધર્મને લાયક ગણાય. અહીં ૨૧ શ્રાવકના ગુણે સહિત હોય તે ધર્મને યોગ્ય ગણાવ્યો. એ

લલિત વિસ્તરા નામના ગ્રંથમાં તો ધર્મનો અર્થી હોય, સમર્થ, શાસ્ત્રથી અનિષિદ્ધ, મૈત્ર્યાદિ ભાવનાવાળો હોય, જેનો શાસ્ત્રકારે નિષેધ ન કર્યો હોય તે તમામ યોગ્ય સમજવા. આ ત્રણમાંથી ઉદ્યમ કોને માટે કરવો? સામાન્ય શંકા પડી જાય તો વસ્તુ ન બગાડવી. એના વિવેચનથી પણ વસ્તુ સમજવી. પણ સંશય થવાથી વસ્તુ ઉથલાવી ન નાંખવી. હમારે ઉદ્યમ કરવો કોને માટે? યથારૂચિ. ચાહે ૩૫ ગુણો માટે, ચાહે ૨૧ ગુણો માટે કે ચાહે અર્થી વગેરે ત્રણ માટે ઉદ્યમ કર, તે માટે અમારે અડચણ નથી. જ્યારે ૩૫ માર્ગાનુસારી ગુણવાળો હોય તે જ ધર્મને લાયક થાય, ૨૧ ગુણવાળો લાયક થાય. તો તે ૩૫ કે ૨૧ ગુણો ન હોય તો તેણે ધર્મને માટે ઉદ્યમ ન કરવો? ૨૧ ગુણો આવ્યા વગર ધર્મ આવતો નથી તો પછી ૩૫ આવ્યા વગર ધર્મને માટે જે ઉદ્યમ કરે છે, તેઓ ભૂલ કરે છે-તેમ માની લ્યો. તે માનવા મન થતું નથી न्यायसंपन्नविभवः પૈસો ન્યાયથી પેદા કરેલો હોય તે ધર્મને લાયક હોય, અહીં એક જ વ્રત હોય તો દેશવિરતિ ધર્મ છે. તેને પણ ધર્મી અને ધર્મ ગણ્યા. માતા પિતાનો પૂજક ધર્મ પામે અને કોણિક સરખો પણ ધર્મ પામે છે. અભિચિ કે જે ઉદાયનનો પુત્ર હલાહલ ઉદાયન ઉપર દ્વેષ છે. પિતાના કાર્યને નિંદી રહ્યો છે, છતાં ધર્મ પામ્યો છે ચોર તથા વેશ્યા પણ ધર્મ પામી છે, તો ૩૫ ગુણવાળો ધર્મને લાયક હોય તો અવગુણવાળા પણ ધર્મને પામ્યા છે. તો તે વગરનાનો ધર્મ ન ગણશો, તેમ નહીં [illegible] પંચેન્દ્રિય સંપૂર્ણ હોય નહીં, સારા રૂપવાળો ન હોય તો ધર્મ ન કરે. ચંડકોશિયા સરખા ધર્મ પામ્યા, તો તે નિયમ ક્યાં [illegible] છે કે-૩૫ માર્ગાનુસારીના અને ૨૧ ધર્મ રત્નને [illegible] ગુણોની વ્યવસ્થા કરવાની જરૂર છે. તે ન હોય તો ધર્મ [illegible] જરૂર શી? પણ તે વિચારનું સમાધાન સહેલું છે. [illegible] કૃપામાં આવ્યા? ગુરુમહારાજનો જોગ ન હોય [illegible] ભગવાન બતાવી હોય તો ૩૫ ગુણો [illegible] જોગ આવ્યો તો તરત ધર્મ આવી જશે. [illegible] ૩૫ ગુણોની જરૂર અને [illegible]

ધોઇ ચોકખું કરી ખટાશવાળું કરી નાખ્યું. ત્યાં રંગનો ચળકો દીધો કે રંગ ચોંટ્યો, તેમ ધર્મનો એક વખત સંસ્કાર થાય તો જિંદગી સુધી કુટુંબમાંથી ધર્મના સંસ્કાર ન જાય. તેવા પોતાને તથા કુટુંબને ધર્મમાટે તૈયાર કરવા હોય તો પોતામાટે ૨૧ ગુણ, કુટુંબમાટે ૩૫ ગુણની જરૂર છે. ધર્મ પામતી વખતે ત્રણ ગુણનો નિયમ, ગ્રહણ કરતી વખતે ઇચ્છા હોવી જોઈએ, છતાં અસમર્થ હોય તો ? આંધળો અણગાર-પણાની ઇચ્છા કરે, તે માટે કહ્યું કે સમર્થ હોય, તાકાતદાર હોય, અર્થી હોય, પણ જાસુસ તરીકે હોય તો, તેનો નિષેધ કરેલો ન હોય તો તરત ધર્મ પામી શકે. ધર્મપ્રાપ્તિ વખતે ત્રણ ત્રણ ગુણ જોઇએ, પોતાને ધર્મ પામતી વખતે લાયક બનેલો હોય, અને કુટુંબમાં ૩૫ ગુણો હોવા જોઈએ. ૨૧ આત્મા માટે, ૩૫ કુટુંબ માટે, ત્રણ ધર્મ ગ્રહણ કરતી વખતે. હવે ૩૫ માર્ગાનુસારીના ગુણ ન હોય તો કુટુંબમાં ધર્મ ન આવે ? ચક્રવર્તિના ચર્મરત્નના પ્રભાવે સવારે વાવ્યું ને સાંજે અનાજ તૈયાર થાય, પણ સારી રીતે વાવવું હોય તેણે ખેડ કરી તૈયાર કરવું જોઇએ. આવેલા ધર્મને ખસેડવા માટે ૨૧-૩૫ ગુણો નથી. ગુણબીજ ન પણ મળ્યું હોય ને મળે ત્યારે મજબૂત થાય. તે કુટુંબમાં ૩૫ ને આત્માને ૨૧ ગુણની જરૂર અને લેતી વખતે ત્રણ ત્રણ ગુણની જરૂર. અર્થાત્ ૩૫-કે ૨૧-ગુણો ન હોય તો પણ ધર્મ પામે તેમાં આશ્ચર્ય નથી. જગતની અપેક્ષાએ તમારો ધર્મ કથંચિત્ છે. કેટલીક વખતે નિંદા કરે છે કે, પ્રાપ્ત થએલું રત્ન નિષ્કામ બનાવી દે છે, કે ૨૧-કે ૩૫ ગુણ આવ્યા નથી ને ધર્મ કરવા નીકળ્યો છે. ધર્મ છોડવવા માટે ૨૧ કે ૩૫ ગુણો જણાવ્યા નથી. માર્ગાનુસારીના ગુણો ન આવે તો વ્રત પચ્ચખાણ ન હોય, તેમ કહી કેટલાક વ્રત પચ્ચખાણ છોડાવે છે. જિનેશ્વરના ધર્મની પ્રાપ્તિ ન થઈ હોય તેવાને માર્ગાનુસારીના ગુણો હોય તે [illegible] જરૂર ધર્મપ્રાપ્તિ કરશે. જેઓ કોઈ પણ સમજ્યા નથી તેવાને દેશ-વિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત થઈ છે. શું રોહિણીઓ ચોર માર્ગાનુસારી હતો ? તો ધર્મ કેમ થયો. કમઠ તાપસ સમ્યક્ત્વ કેમ પામ્યો ? તીર્થંકરને ઉપસર્ગ કર્યા તે શું માર્ગાનુસારીપણું હતું ? [illegible] લોગવાઈ ગણી નથી તેવા કુટુંબને ૩૫-ગુણવાળું કહ્યું. વિશેષ કંઈ પણ [illegible] હોય તો કેમ કહું, ધર્મને રત્ન માન્યું હોય તો [illegible] યોગશાસ્ત્રના ભાષાંતર ઘણાના ઘરમાં હોય છે. પણ [illegible] નથી. [illegible] હોય તો [illegible]

કેમ રાખું તે હજુ ગરજ જાગી નથી. ૨૧ ગુણો આત્મા માટે જ છે શા ઉપરથી સમજવું ?

તુચ્છતા ત્યાગે તો ગંભીરતા મેળવે :

જો ધર્મની ઈચ્છા હોય તો ૨૧–ગુણ ઉપાર્જન કરવા તારે પ્રયત્ન કરવો જોઈએ. બેંકમાંથી નાણાં લેવાં પહેલાં નાણાં ભરવાની કોથળી શીવડાવવીએ છીએ, પછી નાણાં લેવા જઈએ છીએ. તેમ ધર્મની ઈચ્છાવાળાએ ધર્મરત્ન લેવા પહેલાં ગુણરૂપી કોથળી તૈયાર કરવાની જરૂર છે. તે ૨૧ ગુણનું ઉપાર્જન શી રીતે ? એના વિરુદ્ધનો પરિહાર કરવો અને અને અનુકૂળ રસ્તો લેવો જેથી ગુણ આવે. પ્રથમ તુચ્છતા ન હોય તો તેનું રક્ષણ કરવું, સ્વભાવ તેવો હોય તો ખસેડતા જાવ, આપોઆપ અક્રૂરપણું આવી જશે. કોથળી તૈયાર કરી નાખેલાં નાણાં રસ્તામાં લૂંટાઈ નહીં જાય, તેમ લાયક બનાવી ધર્મરૂપી નાણું ભરશો નો ટકશે. કાણી કોથળીમાં જે નાણું ભરીએ તે આપણે ભરીએ પણ નીચે ગયું છે. આપણી માલિકીમાં રહેતું નથી. તેમ આ આત્મા [illegible]ગુણવાળો ન બને તો ધર્મરત્ન આવી જાય તો પણ ટકે નહીં. તેવો [illegible] નહીં કરે. એ જ કોણિક કે જે તીર્થંકરના સામૈયા કરનારો છતાં મહાવીર ભગવાનના મોઢે ચક્રવર્તી થવા ગયો કે ? ચક્રવર્તી નથી. ચક્રવર્તિને તો ૧૪ રત્ન હોય—એમ ભગવાને કહ્યું. ત્યારે કૃત્રિમ રત્નો [illegible] છે. એક બાજુ ભક્તિ, સામૈયા કરનારો મનુષ્ય, અરિહંતનો [illegible] તેવો મનુષ્ય ગંભીરતા ન હોવાથી કઈ દશામાં આવે છે ? [illegible] હું આવો નહીં ? ભગવાન ચક્રવર્તીપણાની ના કહે છે [illegible] માનતો નથી. ને બનાવટી ૧૪ રત્ન ઉભા કરે છે. આવો જીવ [illegible] ન હોવાથી [illegible] પડે છે. તેમ અભિચિ પુત્ર મહાવીર [illegible] છે. [illegible] (આજુબાજુ) [illegible] છે, [illegible] પિતાના વિવેકને વિસારનાર તેવા [illegible] [illegible] છે. [illegible] ગંભીરતાની [illegible] છે. પિતાનો વિવેક [illegible] [illegible] છે. ને ગુણ ન આવવાના [illegible] [illegible] ભક્તિ [illegible] [illegible] [illegible]

કરવું. આવો કોણિક પ્રકૃતિની તુચ્છતાને લીધે તેને તીર્થંકર ભગવાનનું વચન ગળે ઊતરતું નથી. મહારાજ કહે છે પણ ગળે ઊતરતું નથી. તે આજકાલ કહેવાય છે. આ શબ્દો શાને લીધે? પ્રકૃતિની તુચ્છતા હોવાથી, યુક્તિ પુરઃસર કહેલા શબ્દો ગળે કેમ નથી ઊતરતા? તુચ્છતાની ગરમી વ્યાપી ગઈ છે. ભગવાન તરફ આટલું માન તથા ભક્તિ પણ તુચ્છતાની ગરમીને લીધે સર્વજ્ઞ ભગવાનનું વચન ગળે ઊતરતું નથી. જો તે ઊતરી ગયું હોત તો કૃત્રિમરત્નો બનાવવાની જરૂર ન પડત. ખંડો સાધવા માટે વૈતાઢ્યે જવું ન પડત. તથા છઠ્ઠી નારકીએ જવું ન પડત. બાર વ્રત પાળનારો અભિગ્રહ એક પ્રકૃતિની તુચ્છતાને લીધે કઈ સ્થિતિ પામે છે? આથી તિજોરીમાંથી નાણાં લાવવા પહેલાં કોથળી તૈયાર કરવી. તે ચીજ તેની મેળે આવવાવાળી નથી. ભવિતવ્યતા હશે તો આવશે મહાવીર મહારાજના મતમાં રહેલા કેટલાક ગોશાળાની છત્રછાયામાં જાય છે. ઉદ્યમની બેદરકારી કરવી ઉદ્યમ કરવા તૈયાર ન થવું ને ભવિતવ્યતા માનવી, ને ગોશાળાની માન્યતા છે.

કુંડકોલિક શ્રાવક અને ગોશાલદેવનો સંવાદ :

મહાવીર ભગવાનની માન્યતા એ છે કે ક્રિયા, બળ, વીર્ય પુરુષકાર પરાક્રમ છે, માટે ઉદ્યમ કરવો એ ફરજ છે. આ [illegible] પર દશ શ્રાવકોમાંથી કુંડકોલિક શ્રાવકનું દૃષ્ટાંત દ્યો. [illegible] છે. [illegible] શ્રાવક દુકાન પર બેઠા [illegible] છે. ઘરાક હોતા નથી. ને શ્રાવકો શું દેખાતા હતા કે અત્યારે ઉપાધિની [illegible] નથી માટે [illegible] પણાનું કામ કરું. જ્યારે જ્યારે નવરો થાય ત્યારે સામાયિક કરું. અર્થાત્ એ શ્રાવકો ઉપાધિ ન હોય ત્યારે પૌષધ કરી લેતા. [illegible] ફુરસદ મળે તો પૌષધ કરું. પૌષધ માટે ફુરસદ [illegible] નથી. [illegible] તો અશોકવાડીમાં જઈ ઉત્તરાસંગ લીધી [illegible] ભગવાનના સ્મરણમાં લીન થતા [illegible]. ત્યાં ગોશાળાનો [illegible] છે. શ્રાવકને કહે છે કે, તું ગોશાળાનો [illegible] મત કેમ નથી [illegible]? ગોશાળાનો મત સારો છે. મહાવીરનો મત તો ખોટો છે. [illegible] કહે છે કે થવાનું હોય તે થાય છે. મહાવીર કહે છે કે [illegible] ઉદ્યમ કરે તો [illegible] ભવિતવ્યતા [illegible]

થયું. માટે ગોશાળાની માન્યતા સાચી છે કે થવાનું હોય તે જ થાય છે. મહાવીર મહારાજ ઉદ્યમ કહે છે, બળ–વીર્ય–પરાક્રમ કરવું એ મહાવીર મહારાજનો મત જાણવો.

ભવિતવ્યતા અને ઉદ્યમ :

અહીં દેવતા સામો કહે છે કે ગોશાળાનો મત બધે રહે છે ને મહાવીરનો મત કેટલીક જગોએ ખસી જાય છે. શ્રાવક તેને કહે છે કે તું કોણ છે? તે કહે! હું દેવતા, ત્યારે શ્રાવકે કહ્યું કે તું જ દેવતા કેમ? બધા જીવો દેવતા કેમ નહિં? ભવિતવ્યતા બધાની કેમ નહિં? દેવતાપણાનો ઉદ્યમ કર્યો ત્યારે તું દેવ થયો ને? ભવિતવ્યતા ઉદ્યમ વગરની થતી હોય તો લાવ. બધામાં ભવિતવ્યતા કેમ નથી? બધાની ભવિતવ્યતા દેવ થવાની કેમ નહિ? જેનામાં દેવપણાને લાયક ઉદ્યમ થવાનો છે ત્યાં ભવિતવ્યતા કહેવી પડી. બધામાં ઉદ્યમ થવાનો નથી અને બધાને દેવલોક થવાનો નથી માટે ભવિતવ્યા કહેવી પડી. ઉદ્યમ વગર શેકો પાપડ ભાંગતો નથી. ભવિતવ્યતા ભવિષ્યકાળ. ઉદ્યમ એ વર્તમાનકાળ. ભવિતવ્યતા એ કંઈ થયેલી ચીજ નથી, થવાની બાકી છે. ભવિતવ્યતા–ભવિષ્યની ચીજ નથી બની તો ઉદ્યમને લાવશે ક્યાંથી? [illegible] દૃષ્ટાંત દીધું. તો ભલા. કરંડિયો ન ખોતર્યો હોય તો નાગ નીકળે ખરો? કરંડિયો કાપ્યા વગર નાગ કેમ ન નીકળ્યો? આથી ઉદ્યમ વગર ભવિતવ્યતા ભાગ ભજવતી નથી. ભવિતવ્યતા–એટલે [illegible]. થવાનું હશે તે થશે. ઉદ્યમ એટલે મરદાનગી. હું બાયલો [illegible] દેખાતું હોય તો ભવિતવ્યતા ઓઢી દેવું. ભવિતવ્યતા એટલે થનાર તે વગર કારણ નહીં. માટે પેલો શ્રાવક [illegible] દેવને કહે છે કે તું એકલો દેવતા થયો તેનું શું કારણ? [illegible] દેવ કેમ ન થયા? આવી રીતે શ્રાવકે ગોશાળાના દેવતાને [illegible] નિરુત્તર કર્યો. ભવિતવ્યતા કરીને જે બડાઈ કરી તે [illegible], જૈનશાસનમાં તો જિનેશ્વરે કહેલા કર્મ ઉત્થાન [illegible] છે, પુરુષકાર પરાક્રમ છે, આ [illegible] [illegible] તીર્થંકર ભગવાને [illegible] [illegible] ભવિતવ્યતાને [illegible], કારણ [illegible], [illegible] ભવિતવ્યતાને સ્થાન નથી ને? ને

પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે ભવિતવ્યતાને સ્થાન છે. પણ ક્યાં? એકેન્દ્રિયપણામાં જાઓ ત્યાં કાંઈ સાધન નથી. તેમાંથી નીકળવામાં ભવિતવ્યતા એ સાધન છે. ભવિતવ્યતા અનંતા જીવોમાં અમુકનું નીકળવાનું થાય, અમુક જીવોના પરિણામ સુધરે, અલ્પકર્મ બંધનો ઘણી ને ઘણી નિર્જરાનો ધણી. સો સાધન સડી ગયા હોય ત્યાં ભવિતવ્યતા ઊભી કરે. આટલા માટે પ્રથમ તે ૨૧ તથા ૩૫. ગુણો ઉપાર્જન કરવા માટે ઉદ્યમ કરો. કે જેથી ઉત્તરોત્તર કલ્યાણમાંગલિક માલાની પ્રાપ્તિ થાય.



પ્રવચન ૧૬ મું

મેસાણા–૧૯૯૦. અસાડ વદી ૭ બુધવાર તા. ૧–૭–૩૪.

धम्मरयणस्स जुग्गो अक्खुद्दो रूववं पयइसोमो ।
लोगप्पिओ अकूरो भीरू असढो सुदक्खिन्नो ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરિશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથ બનાવતાં આગળ જણાવી ગયા કે સંસારમાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી તે દુર્લભ છે. મનુષ્યપણાને લાયક કર્મો કોણ બાંધે? પ્રકૃતિએ પાતળા કષાયવાળો દાન આપવાની રુચિવાળો. અને મધ્યમ ગુણવાળો હોય તે મનુષ્યપણાને લાયક કર્મો બાંધે. તે પ્રમાણે મનુષ્ય થયા, આર્ય ક્ષેત્ર, ઉત્તમકુળ જાતિ, સંપૂર્ણ ઇન્દ્રિયો વગેરે પામ્યા. દેવગુરુની જોગવાઈ પણ પામ્યા. જે પગથિયા ચઢવાના હતા તેમાંથી ઘણા ચઢાઈ ગયા છે. હવે થોડા ચઢવાના બાકી છે. એમાં જો ચૂકીએ તો ફેર નીચે જઈએ. પડવા માંડે ત્યારે અટકવું મુશ્કેલ. ચઢતાં [illegible] જગો એ અટકાય. ઉતરવાનું હોય તોપણ પગ હાથમાં રહેતા નથી. સિદ્ધાચલમાં ઉતરવા ધારીએ તો પણ ધીમા પગ પડતા નથી. તો પડવામાં રોકાણ ક્યાંથી હોય? તેથી જેટલા ચઢ્યા તેથી ઉપર ચઢવાનો ઉદ્યમ ન થયો અને પડ્યા તો અટકવું નથી રહેતું. દેવગુરુની જોગવાઈ—[illegible] ધર્મશ્રવણ મળ્યું. તે મળ્યા છતાં પાતળા કષાય. [illegible]

ધર્મને રત્ન કહ્યું તે એક જ કારણે છે. છોકરો પૂછે બાપા બાપા! દરિયો કેવડો? તો શું કહે. જે વસ્તુમાં એ સમજે તે વસ્તુથી જ તેને સમજાવવો પડે, પણ આપણે આટલો કહેવાથી આપણે મૂર્ખ ઠરતા નથી. શ્રોતાના મગજમાં એ રસ્તે જ ઉતરવાનું છે ૨૦૦૦ માઈલ કહો તે છોકરો ન સમજે. તેમ અહીં આ જગતમાં ઊંચામાં ઊંચો પદાર્થ ગણાયો હોય તો રત્ન. રત્ન જેવી બીજી ઉત્તમ ચીજ ગણવામાં આવી નથી. નરરત્ન, અશ્વરત્ન, ગજરત્ન. ઉત્તમ ચીજને રત્ન કહેવામાં આવે છે. ઉત્તમોત્તમને માટે રત્ન શબ્દ વપરાય છે. પણ ધર્મરત્નનો અર્થ શી રીતે કરવો? ધર્મ એ રૂપી રત્ન-ધર્મ એ જ રત્ન, કહેવું શું? એમાં ફરક શો પડયો? જે પહેલવહેલો માર્ગમાં પ્રવેશ કરનારો, નાના બચ્ચાંઓ નિશાળમાં જાય, નિશાળમાં બેસે પણ ચિત્ત ક્યાં છે? રમતમાં, રમત ને તત્ત્વ ગણનારો હોઈ માસ્તરને શું કહેવું પડે છે કે રમતમાં જેવું ચિત્ત રાખે છે તેવું અભ્યાસમાં રાખ. માસ્તર બન્ને સરખા ગણતો નથી. પણ છોકરાને રમતમાં તત્ત્વ લાગ્યું છે તેવી તત્વદૃષ્ટિ અહીં કર. પહેલ વહેલા માર્ગમાં પ્રવેશ કરતા હોય, પહેલ વહેલા આત્માના કલ્યાણની આકાંક્ષાવાળા થયા હોય, તેમણે 'ધર્મે ધનબુદ્ધિઃ' ધન ઉપર જે બુદ્ધિ, એવી ધર્મ ઉપર બુદ્ધિ રાખો, આત્માનો ભરોસો ખુદને પોતાને નથી. રાતના સ્વપ્નમાં બે હજાર રૂપીઆ લઈ ગયો, જાગ્યો, નથી લઈ ગયો પણ પેટી ખોલે ત્યારે નિરાંત વળે છે. આત્માનો પણ ભરોસો નથી. જોયા પછી સંતોષ વળે છે. જે ધન ઉપર આટલી મમતા ચોંટેલી છે, તેવી રીતે આ ધર્મની અંદર બુદ્ધિ થવી જોઈએ, આ પ્રથમ પગથિયું. તે માટે શાસ્ત્રીકારોએ જણાવ્યું કે–इणमेव निग्गंथ पावयणं अट्ठे નિગ્રંથ પ્રવચન એજ આત્માને તારનાર છે. જૈનશાસનમાં 'સવિ જીવ કરૂં શાસનરસી, એસી ભાવદયા દિલ ઉલ્લસી' એવી ભાવના જોઈએ, શાસન એટલે સર્વ વિરતિ, તે માટે આ નિર્ગ્રંથ પ્રવચન ત્યાગમય પ્રવચન, નિર્ગ્રન્થનું જ ઉત્પન્ન કરેલું ચલાવેલું અને ચાલતું એવું પ્રવચન–શાસન તેમાં અર્થ બુદ્ધિ થાય. આ નિર્ગ્રન્થ પ્રવચનમાં જેટલી ધનમાં પ્રીતિ તેટલી ધર્મને અંગે પ્રીતિ થવી જોઈએ. ને જેટલી ધન જવાથી અપ્રીતિ થાય તેટલી જ બલ્કે તેથી વધારે ધર્મ જવાથી અપ્રીતિ થાય. બેની સરખાવટ. જેવી ધન ઉપર બુદ્ધિ તેવી જ ધર્મ ઉપર બુદ્ધિ. ધન પર રાગ તેવો ધર્મ પર

રાગ. ધન વધારવાની ઇચ્છા, તેમ ધર્મ વધારવાની ઇચ્છા. આ હોય તો પ્રથમ પગથિયું, પ્રથમ પગથિયામાં આ બુદ્ધિ તે ત્યાગધર્મ. જેવી ધનમાં બુદ્ધિ તેવી ત્યાગમાં બુદ્ધિ ધન મળવાથી ખુશ, તેમ ત્યાગ મળવાથી ખુશ. ધનની ખામીથી અફસોસ તેમ ધર્મની ખામીથી અફસોસ. હજુ બીજા ત્રીજા પગથિયા બાકી છે, પહેલાં પગથિયામાં આવો. અંબાલાલને રાત્રિ ભોજનની બાધા આપી તો આજ અમને મહારાજે બાંધ્યા. વિચારો કે ગજ ક્યાં જગો પર જાય છે? બંધમાંથી બચાવ્યા તે શબ્દ ક્યારે નીકળ્યો? વાત ખરી છે. એણે બંધમાંથી બચવા તરીકે લીધું જ નથી. સાધુએ વાત કાઢી ત્યાં આ વાત છોડી દે તો ઠીક, છતાં બારીઓ છૂટી કેમ રાખુ ? બારીઓની છૂટી પણ સાધુએ દેખ્યું કે સ્વારીના ઘોડા નહીં તો કુંતલના ઘોડા, તે વરઘોડામાં શોભા માટેના જ, બીજા કામમાં ન આવે. સાચો આરબ નહીં તો પુતલું આરબસઈ. આરબ શેઠને ત્યાં નોકરી કરવા આવ્યો. નોકરી મિલેગી? શેઠને ચોકીદારનો ખપ હતો. ક્યા પગાર લેઓગે? પગારની વાત પહેલાં મેરી દો બાત સાંભળો. જીસ વખત આપકે વહાં ધાડ પડે, લુંટારૂં આવે, નુકશાની હોવે, ઉસ વખત હમેરી નોકરી નહીં. જીંદગીકા ભય વખત નોકરી ન ગણવી. આવા આરબને રાખી કરવો શું? જે જંગમ સ્થાવર મિલકતના જોખમ વખતે તૈયાર નથી. તેવાને કરવું શું? છૂટ માગનારો આરબ નોકરીમાં રાખવા લાયક થાય નહીં. ભય વખતે બચાવ માટે આરબ રખાય છે. ને ભય વખતે મારી નોકરી ન ગણવી તેવાને નોકરી રાખતા નથી. તેમ આપણે ધર્મની સ્થિતિ એવી રાખી છે. આ જીવ બે વાતમાં ધર્મ રહિત બને છે. કાંતો રાગના પ્રસંગમાં ને કાંતો દ્વેષના પ્રસંગમાં. કાંતો હર્ષના પ્રસંગમાં કાંતો શોકના પ્રસંગમાં. આપત્તિ પ્રસંગે ધર્મ નહીં તો ધર્મ લીધો શા માટે? કારણસર છુટી. કારણ બે હોય, હર્ષનું ને કાંતો શોકનું. બે કારણમાં ધર્મ સાથે મારે સંબંધ નહીં. એ ધરમ શું દળદર ફીટે? હર્ષ અને શોક એ બન્ને પ્રસંગોમાં આ આત્મા લેપાય. લેપાતો હોય તે વખતે છૂટ. જે હર્ષ અને અફસોસ, આ આત્માને મૂંજવે તેવા પ્રસંગો વખતે ધર્મ સાથે છૂટાછેડા. એ ધર્મ આપણું શું કામ કરે? કારણે છૂટી. એનો અર્થ શો? આથી ધરમની કિંમત ધ્યાનમાં આવી નથી. બાકી કારણ શા? કારણ બાયડીઓને, મરદને કારણ શા? આપણી સ્થિતિ એ થઈ છે કે વ્રત,

પચ્ચખાણ, નિયમ એથી જેમ છોકરો હાઉથી ડરે તેમ ડરે, શબ્દો એ જ, લાગણી એજ, વાત નીકળે ત્યારે ચારે બાજુ ચિત્ત ફરે. છૂટી મેળવી તેટલી પોતાની બહાદુરી ગણે. હુશિયારી ગણે. હુશિયારીમાં છૂટી લેવાની રહી ગઈ તો ફસાયો. તે વખતે છૂટી ખ્યાલમાં ન લીધી. છૂટી ન રાખી તો ફસાયો ગણે. આ સ્થિતિએ ધર્મ રાખવામાં આવે તો ધર્મની કિંમત કેટલી ગણી? વેપારી સોદો બતાવે તો સોદામાંથી છટકું કેમ તે વિચાર આવે છે? હજુ ધર્મમાં પ્રથમ પગથિયું આવ્યું નથી. તાત્કાલિક લાભને લાભ ગણ્યો, તો ભવિષ્યના લાભને ન સમજ્યોને? માટે ધર્મે ધનબુદ્ધિ. ધનબુદ્ધિ જેટલી જ ધર્મબુધ્ધિ કર. ધનના કારણો તરફ ધવાય છે તેટલા ધર્મના કારણો તરફ ધાયા? હજુ પ્રથમ પગથિયું મુશ્કેલ છે. ધન અને ધર્મને સરખાવ. પહેલાં અર્થની બુદ્ધિમાં આવ. અરે એમાં જેટલો રાગ-પ્રીતિ, લાગણી છે તેટલી તો ધરમમાં રાખ.

ધર્મમાં પરમાર્થ બુદ્ધિ એ બીજું પગથિયું

બીજું 'परमट्ठे' હંમેશા જગતમાં જે જેને બનાવનાર તેની કિંમત. તેથી ઘડા કરતાં કુંભારની વધારે કિંમત છે. અનાજ મળે રૂપિયાથી, રૂપિયાથી મહોર, મહોરથી મોતી, મોતીથી રત્નો મળે, પણ રત્નો શાથી મળે? જેટલા તોલા અનાજ હોય તેટલા તોલા કોઈ મોતી આપતું નથી, જેનાથી જે જે મળતું હોય તે મૂળ વસ્તુ કરતાં વધારે કિંમતી હોય, રત્નો શાથી મળે? રત્ન મળવામાં કોણ કારણ? મહોરને મેળવી આપનાર રૂપિયા. તેમ રત્નને મેળવી આપનાર જે ચીજ, તે ચીજ કેટલી કિંમતી હોવી જોઈએ. ચક્રવર્તિના ૧૪ રત્નો પણ ૧૪ રત્ન મેળવી આપનાર કોણ? ધર્મ સર્વ રત્ન મેળવી આપનાર છે. હવે અભ્યંતર વિચારો. જગતનાં રત્નો બધા ભેળા કરી ઘો તો એક પણ ઈન્દ્રિય નહીં થાય, પાંચ ઈન્દ્રિય રત્નો તેમ જ વિચાર શક્તિ જે દેવતા પણ ન આપી શકે, મનુષ્ય જીવન કોને આભારી? પાંચ ઈન્દ્રિય તથા વિચાર શક્તિ લાવી આપનાર ધર્મ જ છે. માટે પરમાર્થ ધર્મથી જ સહુ કાંઈ આવી મલે છે. ઘરડી ગાયને દૂધ દેવાની ફરજ નહીં, ઘરડો ઘોડો પણ સવારી માટે બંધ, જાનવરોને અંગે ઘડપણ થાય ત્યારે ઘરડમાં પડવાનું ન હોય, પરાધીન પણ વૃદ્ધ દશામાં વિસામો હ્યે. મનુષ્ય સ્વાધીન જિંદગીવાળો. હું

પણ ઘરડાંમાં પડું તો સ્વાધીન શા કામનો? તારો પુત્ર સપુત, વેપારમાં હોશિયાર, ભાગ્યશાળી, બહાદુર છે. તું ધન રાખી મૂકીશ તો એ કહેશે કે મારા હાથ ભાગ્યા છે. એ ન ભાગી ગયા તો મારામાં કમાવાની તાકાત છે. એવી સ્થિતિવાળાને માટે ધન સંચીને શું કરવાનું? તું ભાગ્યશાળી ને તમારો છોકરો નિર્ભાગી નાનો છે? છોકરાનું શું થશે તો રામ વગરનો છોકરો માનો છો? એનામાં રામ–કૈવત હિંમત છે. એનામાં રામ–અક્કલ, આવડત નથી તો ચાહે જેટલું સંકોચી કંજુસાઈ કરીશ તો 'મીંયો ચોરે મુઠીથી અલ્લા ચોરે ઉંટે ઉંટે.' તું આમ ગયો કે એક વરસમાં ખલાસ. કુપુત્ર માટે ધન ખંચી શું કરવાનો? પણ આવા પ્રકારની સમજણની સ્થિતિ કોઈ દહાડો આવતી નથી. ટચકાની વખત પણ બે મુઠીઓ ભરી લે. અજ્ઞાનતાથી જાનવર કરતાંએ ખરાબ સ્થિતિ. હું ચાહે જેટલો ઉદ્યમ કરી, લક્ષ્મી, મકાન વસાવું છતાં શેર અનાજ ને સાડા ત્રણ હાથ જગ્યા, એક જોડી લુગડાનો માલિક છું. આ સિવાય મારા ભોગવટાનું કશું નથી. તો આ કોના માટે? શેઠે પોતાના ખરચ માટે મિલકત રાખી બીજી મિલકત પુત્રોને સોંપી દીધી. પછી પુત્રો અજ્ઞાનતાથી વિચિત્ર વિચારો કરે છે. હવે શેઠ પાસે કંઈ વધારે નથી. શેઠનો વિનય–ભક્તિ બંધ કર્યા, શેઠની દરકાર કરીએ તો હવે શું દેવાના? ખાનગી મિલકત હોય તો ડોસાએ દેવાનું આપી દીધું છે. આપણને ધર્મે અહીં સુધી લાવી નાખ્યા છે. ઉપભોગ બધાનો કરીએ છીએ ને ધરમ શું દેવાનો છે? ડોસાએ આખી મિલકત ધરમથી લીધી છે. આપણે અપૂર્વચીજો, પાંચ ઈન્દ્રિયો, મનુષ્યપણું, વિચારશક્તિ બધું લઈ લીધું છે પછી ધરમ શું દેવાનો છે? તે કહીએ તો કેવા કહેવાઈએ? સોદામાં સરાઈ જવું કબૂલ કરીએ પણ ધરમને સરખા કાંટે રાખ્યો નથી. ધરમમાં ધનબુધ્ધિ આવી નથી, ધનબુદ્ધિ આવી તો પરમાર્થ બુધ્ધિ ક્યારે આવે? ધરમ માટે જીવન, કુટુંબ, બાયડી, ધન, છોકરા વગેરે અર્પણ કરી દ્યો. કારણ કે તે બધું ધરમથી છે.

બૌદ્ધો અને જૈનાચાર્યોનો વાદવિવાદ :

દૃષ્ટાંત તરીકે કાઠિયાવાડમાં બૌધ્ધ અને જૈનોની વસતિમાં વાદવિવાદ ચાલતા. જૈનના તથા બૌદ્ધના આચાર્યો વાદવિવાદ કરવા બેઠા તેમાં એવી પ્રતિજ્ઞા કે જે હારે તે સોરઠ છોડે. ભવિતવ્યતાના જોગે જૈના-

ચાર્ય હારી ગયા. જૈનાચાર્યો સોરઠ છોડી ભરૂચ તરફ આવ્યા. સોરઠ રહેનારા તમામ જૈનો સોરઠ છોડી ચાલ્યા ગયા. ધરમની લાગ એક આચાર્ય હારી ગયા તો કહેતાં ન આવડયું કે એમણે પ્રતિ કરી હતી, અમારે શું? જે પ્રાચીનકાલમાં જાહોજલાલીની વખત હ તે દેશ છોડતી વખત કેમ છુટયો હશે? આ તો જુનો ઇતિહા કહ્યો, હવે નવામાં આવો.

પારસીઓ અહીં કેમ આવ્યા છે?

પારસીઓ મુસલમાન તથા અંગ્રેજોની માફક દેશ તા કરવા નથી આવ્યા. પારસીઓ અહીં આવ્યા તે વેપાર કે દેશ મા નથી આવ્યા. ઈરાનમાં ધર્મને ધક્કો લાગ્યો ત્યારે ધરમ સાચવ માટે અહીં આવ્યા છે. ઈરાનની સાહ્યબીને તિલાંજલિ આપી અ આવ્યા. પારસીઓને જ્યાં જ્યાં દસ્તાવેજ કરવા પડયા તે કબૂલ ક તે ધરમની ખાતર. કુકાં સાટે કોહિનૂર જવા દ્યો? કોણ? અજ્ઞા સિવાય ન જવા દ્યે. જ્ઞાની દુનિયા માટે આત્મા હંમેશાં સ્વાધીન આ ભવ પરભવ કલ્યાણ કરવા માટેનો ધર્મ, ખરો અર્થ જ અ પરમાર્થ જ આ, બીજા બધા ગૌણ, મિલ્કતનું રક્ષણ, ધર્મનું રક્ષ થયા પછી. બાયડી કુટુંબ છોકરા એ બધું ધરમ પછી. આનું ના પરમટ્ઠે એ બીજું પર્ગાથયું ભવોભવનો સાથી ધર્મને દેખે, અપૂ વસ્તુ અર્પણ કરનાર એક ધર્મને જ દેખે તે પરમાર્થ.

સ્વત્વ ટકાવવા સાધુપણું લેવું :

ભરત મહારાજા ૯૮ ભાઈઓને દૂત મોકલે છે. કાંતો હુકમ માનો ને કાંતો રાજ્ય છોડી દ્યો. ૯૮ ભાઈઓ ભરતના એટલા વચનને ભયંકર ગણી આ વખત બીજો રસ્તો નથી, નિસ્તારક માત્ર ઋષભદેવજી ભગવાન છે તેમની પાસે જાય છે. સ્થિતિ કઈ છે? ભરતનો હુકમ માનવો કે યુદ્ધ કરવું? ૯૮ એક સરખા છે. પણ ભાઈ સાથે યુદ્ધ કરવું. પિતાને જણાવ્યા વગર યુદ્ધ કરીશું તો અનુચિત ગણાશે અને હુકમ માનવો તે તો બને જ નહીં. ઋષભદેવજી ભગવાનને સવાલ કર્યો કે ભરત સાથે યુદ્ધ કરવું કે તેની આજ્ઞા માનવી? ત્યાં ભગવાન કહે છે કે 'સ્વત્વ જાળવવા સાધુપણું લેવું,' એટલે રાજ્ય છોડી નીકળી ગયા. યુદ્ધ કર્યા, આજ્ઞા માન્યા સ્વત્વ જળવાવાનું નથી.

મુરારેઃતૃતીયઃ પન્થાઃ કૃષ્ણનો ત્રીજો માર્ગ. પૂછયું કંઈને ઉત્તર ત્રીજો જ મલ્યો છતાં ૯૮ પુત્રો રાજ્યના માલિકો એવા ક્રોધે ધમધમેલા ૯૮ના ઉપર એ હુકમ મનાવા જાય તે ૯૮ ને કેમ સહન થાય? એવું લાગ્યું છે ને ભગવાનને સવાલ પૂછે છે ત્યાં ત્રીજો જ રસ્તો બતાવે છે. સ્વત્વ બચાવવા સાધુપણું લેવું સારૂં છે. તેઓએ પણ કહ્યું કે તો તે અમોને આપો, એક પ્રભુની આજ્ઞા વહાલી છે. તેમાં મોટાભાઈની આજ્ઞા કે જૈન દેવતાને પૂજ્ય છે, જેણે છ ખંડ સાધ્યા છે, મોટાભાઈ છે, તેવાની આજ્ઞા જેને માનવી નથી એ કઈ સ્થિતિનો આત્મા હશે. આજ્ઞા માનવી તે મગજ ફેરવી નાખે છે. તેવા મગજવાળા ઋષભદેવજી ભગવાન જે ત્રીજો રસ્તો બતાવે છે તે કબૂલ કરે છે, ૯૮ ભાઈઓ ભરત ચક્રવર્તીની આજ્ઞા કબૂલ ન કરતાં ભગવાન પાસે સાધુપણું લઈ લે છે. ઋષભદેવજી ભગવાન તેઓને દીક્ષા આપે છે. સામાયિક તમે લ્યો ત્યારે ઉચ્ચરાવીએ છીએ. વ્રત પચ્ચખાણમાં એ જ નિયમ રાખ્યો છે કે, એ પોતે કહે કે સર્વ વિરતિ સામાયિક ઉચ્ચરાવો ત્યારે ઉચ્ચરાવે. અમે ઉચ્ચરવાનું નથી કહેતા. એ પોતે કહે છે કે તમે ઉચ્ચરો, ઘો. અમે લે એમ નથી કહેતા, પણ ૯૮ પુત્રોમાં ભગવાન કહે છે કે લો. એતો આ બે સલાહ માગવા આવ્યા હતા. ઉપદેશ સાંભળવા આવ્યા ન હતા. સામાન્ય સલાહ પિતાજી પાસે લેવા ગયા હતા. યુદ્ધ કે આજ્ઞા, એ બેમાંથી કોઈ સલાહ આપશે? જે આપશે તે માનીશું-આવું ધારી પિતાજી પાસે ગયા હતા. સર્વથા સાધુપણું તેની મનમાં કલ્પના પણ ન હતી. અહીં સાધુ પાસે જઈશું તો ધર્મ પામીશું. એવી વગર કલ્પનાએ આવ્યા છે. છતાં ઋષભદેવજી ભગવાન પોતાના પુત્રોને ત્રીજું કાર્ય જ ફરમાવે છે.

દીક્ષિત પુત્રને માતાની હિતશિક્ષા

આપણે તો છોકરો સાધુ થયો હોય, છોકરો કે છોકરી દીક્ષા લેતા હોય તો સાધુપણું લીધું હોય તોપણ આપણા ઘેર પાછો લઈ જવા માટે પ્રયત્ન કરીએ છીએ, મણિવિજયજી (સાગરજી મ.ના મોટાભાઈ) એ દીક્ષા લીધી, બહરખે ગયા. ડોસી કહે બેમાંથી એક ધરમમાં જાય તેમાં અડચણ શી? મા ત્યાં આવી છે, લોકો ભેળા થયા, ત્યાં આગળ વંદના કરી. કહ્યું કે મને કહેવું તો હતું? બેમાંથી

એક છોકરો ઘરમમાં જાય તેમાં અડચણ શી? સાધુપણું લીધું તે પાળજે, સાધુ હતા કુતૂહળી, આ બધું શીખજો, તમારા બાળાપો છોકરા દીક્ષા લેવા જાય ત્યારે આવી રીતે કહેવાનું શીખજો. લોકો તમાસો જોવા આવ્યા હતા. એક સાધ્વી કહે છે કે મારો છોકરો આવો ગયો હોય તો મારી છાતી ફાટી જાય. આ ઠીક છે, કદી મોહના આવેશે હું બોલું પણ તમે (સાધ્વી) મહાવીરનો વેષ લજાવો છો કે બીજું કંઈ? હાથ પગ હળવા થયા. એટલે નીકળ્યા જણાઓ છો. કહેવાનું તાત્પર્ય એ છે કે સંસાર છોડયો છે, સંસારને દાવાનળ ગણી નીકળેલા તેવાને પણ આવી દશા રહે તો વેષનો ખાલી પલટો જ છે. તો ૯૮ને ઋષભદેવજી ભગવાને દીક્ષાનો ઉપદેશ આપ્યો તે કેટલી દયાબુદ્ધિ હશે? સાચી દયા માનતા હો ને દીક્ષામાં હોતો પહેલાં પોતાની દયા કરો. દીક્ષા એ સાચી દયા હોય તો પોતે તેનો પહેલા અમલ કરો, દીક્ષા સાચી ન હોય તો બીજાને ન ફસાવો.

ભરતની પરમાર્થ બુદ્ધિ

ઋષભદેવજીના પોતાનો પુત્રો સલાહ પૂછવા આવ્યા. તેમાં સલાહ બીજી જ આપી. પોતે મુંડાયા હતા તો બીજાને મુંડીયા કરે તો તેમાં નવાઈ શું? સજ્જન દુર્જનોનું ટોળું વધારે નહીં. સજ્જનં સજ્જન-પણું વધારવામાં સંકોચ રાખે તો? ભરત મહારાજાને કઈ દશામાં રહેવું? ભાઇઓ પાસે આજ્ઞા મનાવવી, તે પણ રાજના સાટે. તે વચને તેના અઠ્ઠાણું ભાઈઓ દીક્ષા લ્યે છે. દુનિયામાં ઊભા ક્યાં રહેવું! અરે એના રાજ્ય તારે લઇ લેવા છે? તારા ભાઈ પર હુકમ કરવા ગયો. દુનિયા આમ મેણું મારે. ભરતે મહારાજાએ દૂતથી સાંભળ્યું કે એ ૯૮ ભાઈઓ તો સાધુ થઈ ગયા. ભાળ કાઢવા પણ ન આવ્યા. સીધુ દૂતથી સાંભળ્યું કે અઠ્ઠાણુંએ દીક્ષિત થયા, આપણે દુનિયાની લાજે કાકા, સસરા, મા, માસીબા વિગેરે લાગે છે, તો દુનીયાની લાજ ભરત ચક્રવર્તીને ભોળવતી નથી. ભલે પિતા હોય કે ગમે તે હોય. મારા દેશમાં ન જોઈએ, ૯૮ ભાઇઓએ એકી સાથે આ રસ્તો પકડી લીધો, એ ઋષભદેવજી ભગવાનને માનવા શી રીતે? કયે કાળ-જેથી ઋષભદેવજી ભગવાન ઉપર ભક્તિ ઉલ્લસે? ભાઈઓને ભગાડી લીધા. પોતાના પૌત્રોના કેઈને લીધા? એ કુટુંબ કેવું કહેજો. ઘરનું નખોદ કાઢવા બેઠા. ઘર માંડે એ વિચાર નહીં આવ્યો હોય? તેમના

ઉપર ભક્તિ ક્યા અંતઃકરણથી થઈ હશે ? કોલેરાનો રોગ ચાલતો હોય. કુટુંબ કોલેરામાં સપડાયું હોય. સારો ડાક્ટર આવ્યો હોય, એક બે ચારને સારા કરે તો વધારે આનંદ થાય. કોલેરામાં સપડાએલા કુટુંબને બચાવનાર ડાક્તર કુટુંબના માલિકને ઘણો જ વહાલો લાગે, બચાવનાર ભગવાન; બુદ્ધિ આવે તો પોતે સન્માન કરે, સાજા કરનારની શ્લાઘા જ કરે. જેઓ ભવને ન તર્યા તે કમભાગી. કોલેરામાંથી સાજા થયા તે ભાગ્યશાળી. એ દશામાં છે તેથી જ ભગવાનનું બહુમાન કરે છે. ભરત મહારાજા ઋષભદેવજીની પાછળ ગાંડાઘેલા થઈને ફરે છે. નહીંતર ૯૮ ભાઈઓ છોકરા તથા પૌત્રોને લઈ ગયા છે, પણ પોતે ધર્મ પરમાર્થ ગણે છે. પાદશાહ માને પ્રભુ રાજ્ય સોંપી જાત્રા ગયા છે. પ્રધાને રોજ ચિટ્ઠી લખી કે રોજ માએ આમ કર્યું. પાદશાહે છ મહિને ઉત્તર લખી દીધો કે તમામ રાજ્ય, આખો દેશ, મારું જીવન એક ત્રાજવામાં ને મારી માનું આસું એક જ ત્રાજવામાં. આ કાગળ આવ્યા પછી પ્રધાન શું કરે ? તેમ અહીં ત્રણ લોકનું રાજ્ય ઈન્દ્ર રાજાપણું એક બાજુ અને ધર્મનો બદામ જેટલો ભાગ એક બાજુ. એ ધારણા થઈ હોય તો બીજે પગથીએ.

ધર્મ સિવાય જગતમાં સર્વ અનર્થ કરનાર છે એ સમ્યક્ત્વનું ત્રીજું પગથીયું

ધર્મ એ પરમાર્થ. એ છતાં પણ ડોઘલો–એમાં પગ રાખનારો ડુબાડિયો ત્યારે સેસે અનટ્ઠે એમ કહ્યું એટલે ધર્મ સિવાય બાકીનું છે અનર્થ કરનાર એ ત્રીજું પગથીયું. ત્રણ તત્વ સિવાયની જે કાંઈ ચીજો તે બધી જુલમગાર એનું નામ ત્રીજું પગથીયું છે. સમ્યક્ત્વમાં પ્રથમ પગથીયું અર્થ, બીજું પરમાર્થ, ત્રીજું શેષ અનર્થ, એ સ્થિતિમાં અહીં ધર્મરત્ન કહે છે. માર્ગમાં પેસનારા માટે ધર્મરૂપી ધનમાં રત્નબુદ્ધિ. ત્રીજે પગથીએ આવ્યો હોય તે આ સમજે છે. પહેલા પગથીયામાં ધર્મ એ જ રત્ન છે એમ સમજે, આગળ બીજામાં પણ એ જ પ્રમાણે ત્રીજામાં ધર્મને રત્ન સાથે સરખાવવાનો નથી. ૨૧ ગુણનો ઉપદેશ કોને દેવાય છે ? હજુ અર્થ કે પરમાર્થમાં નથી આવ્યા તેવાને આ ઉપદેશ છે. હવે ધર્મરત્ન કોણ મેળવી શકે તે વિચારીએ.



પ્રવચન ૧૭ મું

૧૯૯૦ અષાડ વદી ૮. ગુરુ તા. ૨-૭-૩૪ મહેસાણા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી મહારાજા. ભવ્ય પ્રાણીઓના ઉપગારમાટે ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને રચતા થકાં જણાવી ગયા કે-આ સંસારમાં આ જીવ અનાદિકાળથી રખડી રહ્યો છે. કદાચ એમ શંકા થશે કે આ જીવને આ ભવ અને જન્મની વાતનો ખ્યાલ નથી તો અનાદિનો ખ્યાલ ક્યાંથી આવે? માટે અનાદિની વાત છોડી દ્યો. સીધો ધર્મોપદેશ આપો. અનાદિની વાત અમારી પાસે કરવી તે ભેંસ આગળ ભાગવત છે. ગર્ભમાં નવ મહીના રહ્યા પણ તે વાતનો સ્પષ્ટ ખ્યાલ નથી. જેવી રીતે સમજણની અવસ્થામાં વિંછી આદિ બીજી વસ્તુનો ખ્યાલ આવે છે તેમ નવ મહિનાની ગર્ભની દશાનો સમજણી દશામાં ખ્યાલ આવ્યો હતે, તો ફેર ગર્ભમાં ન આવું તેનો રસ્તો શોધત. કોઈને કહેવું ન પડત કે જન્મ જરા મરણના દુઃખનો નાશ કરવા પ્રયત્ન કરો. પોતાની મેળે જ તેવા રસ્તાઓ બંધ કરવા પ્રયત્ન કરતે. જો આપણને ખ્યાલ હોત તો ધર્મ ઘડી પણ છોડી ન શકીએ અને પાપમાં લગીર પણ પ્રવૃત્તિ ન કરત. ગર્ભની અવસ્થામાં મતભેદ નથી. બીજાએ ઈશ્વર માન્યો, ક્રીશ્ચિયનોએ ઈશ્વર માન્યો, તેણે બાપ ન માન્યો પણ મેરી નામની માતા માની. માને શા માટે માનવી પડી? કારણ કે ગર્ભમાં રહ્યા વગર જન્મ થતો નથી. ઈશ્વર તરીકે માતાને ગર્ભમાં રહેવું પડે છે અને જન્મ લેવો પડે છે. ગર્ભ સિવાય કે જન્મ સિવાય એકે મત ઈશ્વરને માનતો નથી. ગર્ભમાં ઈશ્વરે પોતામાટે શક્તિનો ઉપયોગ કરવો હતો કે નવ મહિના ઉંધે મસ્તકે લટકાવું ન પડે. આપણે મનુષ્ય થવાના ત્યારે ફેર નવ મહિના ગર્ભમાં રહેવું પડશે. સમુર્છીમને સમજણ નથી પણ જન્મને અંગે દુઃખસ્થિતિ તો ખરી. શરીર તૈયાર કરવું તેમાં દુઃખસ્થિતિ તો છે જ. ગર્ભમાં રહ્યા તે જાણીએ છીએ. જન્મ પામ્યા છીએ પણ તે વખતનો ખ્યાલ -સ્મરણ આપણને નથી. માતાનું દૂધ પીધું છે, ધૂળમાં આળોટ્યા છીએ પણ આ અવસ્થાઓનો મને ખ્યાલ નથી, તો પછી ગયા ભવની વાત તે તો ખ્યાલમાં હોય જ ક્યાંથી? જો ગયા ભવની વાત ખ્યાલમાં ન હોય તો અનાદિકાળની વાત કરો તે તો સમજણમાં આવે જ શી રીતે? માટે અનાદિની વાત અમારી પાસે કરો તે

'બહેરા આગળ ગીત' જેવી છે. તેમ જે અમે આ જન્મની, ગયા ભવની વાતનો ખ્યાલ ન કરી શકીએ, તેવા આગળ અનાદિની વાતો કરવી તે શું કામ આવે ? વાત ખરી પણ તે તારી વાત અમારે ઉપયોગી છે. અનાદિના જન્મ મરણ કર્યાં તેનો ખ્યાલ મને હોવો જોઈએ ને.

અનાદિ માનવાનું પ્રબલ સાધન

વકીલબંધુ કહે છે છતાં અસીલને તો તેનો ખ્યાલ પણ નથી. મરી ગયેલો પોતાનો કેસ ચલાવવા આવતો નથી પણ સરકારી વકીલને કેસ ચલાવવો પડે છે. જેમ મરી ગએલો મનુષ્ય પોતાનો કેસ ચલાવવા આવતો નથી તો સરકારી વકીલ કેસ ચલાવે છે. તેમ આપણે અજ્ઞાની છીએ, નથી સમજતા તો જ્ઞાની પુરૂષો સમજાવે છે, મરેલાની હકીકત સરકારને સિદ્ધ કરવી પડે છે. અનાદિના આપણા જન્મ મરણો આપણને ખ્યાલમાં નથી પણ આ દુન્યવી વકીલની જેમ જગતના વકીલ-જ્ઞાનીગુરૂ આપણને અનાદિનો ખ્યાલ લાવે છે, ખ્યાલ ન લેવો હોય તેનો રસ્તો નથી. કેટલીક વસ્તુ ન દેખીએ પણ અનુમાનથી જાણી શકીએ છીએ. ગાંડાપણાનો આપણને અનુભવ ન છતાં ગાંડાને ગાંડો અનુમાનથી જાણી શકીએ છીએ. જાણીએ છીએ કે અગ્નિ વગર ધૂમાડો હોય નહીં, તો ધૂમાડો દેખી અગ્નિનો ખ્યાલ આવે. ભલે સ્પર્શ રસન ઘાણ શ્રોત્રથી અગ્નિ જણાતો નથી પણ અનુમાનથી અગ્નિ જણાય છે. કારણ કે જેમ અનુમાનથી અગ્નિ કહી શકીએ છીએ તેમ આપણી પાસે એક પ્રબળ સાધન અનાદિ માનવાનું છે. એક હાથમાં ઘઉંનો દાણો લઈએ, આ ઘઉંનો દાણો દેખીએ છીએ, કયા ખેડૂતે વાવ્યો ? ક્યા ખેતરમાં તે ઊગ્યો, તે આપણે જાણતાં નથી પણ અંકુરા વગર દાણો હોય નહીં અને અંકુર બીજ વગર હોય નહીં. હવે એ ખેડુત ખેતર મજુરને કોરાણે રાખો પણ આ બીજ દેખીએ છીએ તે માટે અંકુર હતો, તેમ પહેલા બીજ હતું તે અંકુરા વગર ન થાય તો બીજ હતું એમ ઠેઠ અનાદિ સુધી જવું પડશે. પરસ્પર કાર્ય કારણ ભાવ રહેલો છે. એક વાત નક્કી થઈ કે બીજ વગર અંકુર અને અંકુર વગર બીજ ન થાય તે માન્યું, એટલે પ્રથમ અંકુર કે પ્રથમ બીજ હતું તેવો નિયમ કરી શકાય નહીં, પ્રથમ બીજ માનવા જોઈએ તો અંકુરા વગર બીજ હોય નહીં, તો માનવું પડે કે સતત ચાલ્યા કરે હવે આ બીજ અને અંકુર એકે દેખ્યા નથી, માત્ર એક દાણો દેખીએ છીએ. એની

ઉત્પત્તિ શક્તિ દેખીએ તો અનાદિની માનવી પડે, આપોઆપ બીજ અંકુર પરંપરાની અનાદિ માનવી પડે. પહેલા બીજ કે અંકુર કોઈને પણ કહી શકાતા નથી. વસ્તુ છે એમ માનવું પડે તો ઠેઠથી અનાદિથી કહેવું પડે. બીજ અંકુરને અંગે ધાન્ય દેખવાથી માનવું પડે, તેમ આપણે પ્રત્યક્ષથી આત્મા અનાદિનો છે તે માનવું પડે?

જન્મ અને કર્મની પરંપરા

ચાલુ પોતાનો જન્મ દરેકને પ્રત્યક્ષ છે. ચાલુ જન્મ પ્રત્યક્ષ છે તો શાને લીધે જન્મ થયો? કર્મને લીધે, કર્મ ન હોય તો જન્મ ક્યાંથી? જીવ મરી સીધો કોટિધ્વજને ઘેર જનમ્યો. માકુભાઈ મનસુખભાઈ ક્રોડ ક્યારે પેદા કરવા ગયા? સીધા વગર મહેનતે ક્રોડ ક્યાંથી મળ્યા? એવી રીતે એક નિરોગી માતાને પેટે જન્મ્યો, નિરોગી થયો. એક રોગી માતાને પેટે આવ્યો તે રોગી થયો. તેમાં પેલો નિરોગી કે રોગી કરવા આવ્યો ન હતો. એક દરિદ્ર, એક ધનાઢ્યને ઘેર ઉપજ્યો. કર્મ ચીજ ન માનીએ તો આ બધું વિચાર! પેલો જન્મથી મોજમજામાં, બીજો જન્મથી ધૂળમાં ઉછરે છે, તો કર્મ માનવું પડશે. આ જન્મ એક દાણાંની માફક પ્રત્યક્ષ છે. દાણા ઉપર આગળ ચાલ્યા તો અંકુર વગર કે બીજ વગર અંકુર હોય નહીં, તેમ જન્મ કર્મ વગર હોય નહીં, તો કર્મ ક્યારે હોય? ચાહે માનસિક વાચિક કે કાયિક સુંદર કે અસુંદર પ્રવૃત્તિ હોય ત્યારે જ કર્મ બંધાય, એ સિવાય કર્મ બંધાય તો લાકડા, લોઢા, આકાશને સર્વ કર્મ લાગી જાય. જે કર્મ બાંધેલા તે વખતે માનસિક, વાચિક કે કાયિક ત્રણ પ્રવૃત્તિઓ માનવી પડે. મન વગરના કાયા વચનવાળા જીવો હોય છે. વચન અને મન વગરના કાયાવાળા જીવો હોય છે, પણ કાયા વગરના કોઈ જીવ હોતા નથી. આથી મન અને વચન બન્ને કાયાને આધારે જ છે. કાયજોગે કરી વચન અને ભાષાના પુદ્ગલો ગ્રહણ થાય છે. વચન અને મન પહેલા કાયજોગ માનવાની જરૂર છે. શરીર પછી ભાષા અને મન પર્યાપ્તિ માની છે. પર્યાપ્તિના હિસાબે, જગતના દેખવાના હિસાબે, શાસ્ત્રકારે કહ્યું તે હિસાબે, કાયા સર્વને હોય છે, તો કાયજોગ જન્મ વગર હોય નહીં, જન્મનું કારણ કર્મ, કર્મનું કારણ જન્મ, તેનું કારણ કર્મ; કાંતો કર્મ વગર જન્મ થાય છે અગર જન્મ વગર કર્મ બંધાય છે. તેમ માનવું પડે. જ્યારે કર્મ વગર જન્મ, જન્મ વગર કર્મ

ન માનીએ તો બીજ–અંકૂર પરસ્પર કાર્ય–કારણ ભાવે હતા, તેમ કર્મ–જન્મ પણ કાર્ય–કારણ ભાવે પરસ્પર રહેલા છે. તેમાં એકબીજા વગર હોઈ ન શકે, તેમ પ્રથમ કર્મ કે પ્રથમ જન્મ ન માની શકાય. તો તે અનાદિની પરંપરા માનવી પડે, જન્મ પ્રત્યક્ષ સિદ્ધ છે, તો જન્મ–કર્મ. એ પરંપરા આપણે અનાદિની માનવી જ પડે.

અત્યારે સંસાર પાર પામવા શું કરવું ?

આ જીવ અનાદિનો છે એ મનાવવા માટે આ પંચાત છે ને ? પણ એનું અમારે કશું કામ નથી. અત્યારે શું કરવું ? તે બતાવો. બે મુસાફરો જંગલમાં ગયા છે. ત્યાં કૂવામાં છોકરો ડૂબતો જોયો. ત્યાં કેમ પડ્યો ? ક્યા ગામનો છે ? કેમ નીકળ્યો ? કેમ પડ્યો ? તે વિચારવાનું નથી. સીધો કાઢી લેવો જોઈએ. ચાહે જેમ હોય, અત્યારે જીવને સંસારથી પાર ઉતરવાનો છે. આદિની પંચાત શી ? દવાની કિંમત દરદની પીડા પાછળ છે. દરદ જેવું પીડા કરનાર હોય તે પાછળ દવાની કિંમત છે. સામાન્ય કાંટો કાઢવા પાછળ કોઈ ક્રોડ રૂપીઆ ખરચતું નથી. દરદની પીડા માલમ પડે તો જ દવાની કિંમત છે. દરદની પીડા માલમ ન પડે તો દવાની કિંમત હોતી નથી. નાના છોકરાને ક્ષય થયો, કોઈ વૈદ એક પૈસામાં દવા આપે પણ દવાની પડીકી ન લે. બોરાં લાવવા માટે ધ્યાન રાખ્યું છે, કારણ ક્ષયનું દરદ એના ખ્યાલમાં નથી. બોરાં પર લાગેલી લાગણી છોડી દઈ, પૈસો ખરચી ક્ષય મટાડવાની દવા છોકરો લે નહીં.

તમો હજારો પૈસા ખરચી દવા કરો છો તો એ કેમ નથી લેતો ? અજ્ઞાનતા હોવાથી બાળક દવા લેતો નથી. કહેવાનું કે દરદની ભયંકરતા ન લાગે તો દવાની કિંમત સુઝે નહીં. તેમ અહીં આ જીવ અનાદિથી જન્મ અને કર્મની જકડમાં આવેલો છે, તે ખ્યાલમાં ન આવે તો જન્મ–કર્મ નાશ કરવાનો વિચાર જ ન આવે, જેનો ખ્યાલ નથી, મૂર્છિત થએલો છે, તેને ચાહે તેટલું વાગ્યું હોય પણ તે વખતે બેભાન હોવાથી ખબર નથી, તેમ સંસારના મોહમાં મૂર્છિત થએલો માનવી બે ભાન છે, પોતાના દરદને દેખતો નથી. અનાદિના દરદને દેખતો નથી. દરદને ન દેખે તે દરદનું ભયંકરપણું શું જાણે ? તે ન જાણે તો દવા અને દાક્તરની કિંમત કેવી રીતે પિછાણે ? એટલી ચિંતા ઓછી

પણ જિંદગીનો નાશ થાય તે ભયંકર ન ગણવાથી કે પાપને ભયંકર ન ગણીએ પણ તેટલા માત્રથી દરદને અંગે થતું ભયંકર નુકશાન ચાલ્યું જતું નથી, આપણે મોહથી સંસારમાં મૂર્છિત દશા પામ્યા, મૂર્છા આવવાથી કર્મની ભયંકરતા ચાલી જતી નથી. સિંહ આવ્યો ત્યારે સસલાએ આંખ મીંચી દીધી, તેથી ગરદન પકડવાની બંધ થવાની છે? આપણે કર્મ જાણીએ નહીં, વિચારીએ નહીં તેથી કરી કર્મ રાજા દુષ્ટ ગતિઓમાં લઈ જવાનું બંધ કરશે ખરું? તેમ આ જીવ અજ્ઞાન રહે, મોહે મૂછિત રહે, કર્મનો વિચાર ન કરે તો કર્મનું ભયંકરપણું ચાલ્યું જવાનું નથી.

જન્મને અંગે ધિક્કાર વરસે :

માણસાઈ હોય તો, પ્રથમ જન્મને અંગે ધિક્કાર વરસે. યાદ રાખજે! ઊંધે માથે લટકાવીશ કહ્યું તો, અહીં ઊંધે માથે અંધારી કોટડીમાં લટકાવીશ, વધારે તોફાની કેદીને અંધારી કોટડીમાં રખાય છે. તેની આગળ માંહેમાંહે વધારે હલકી શરત બકો તો, પગ નીચેથી નીકળી જઈશ. સ્ત્રી જાતિના પગ નીચેથી નીકળવું, તેવું થયા છતાં તને શરમ ન આવે તો તેને કહેવાનું નથી. આ બધું કરાવે કર્મ. તું કર્મને ન દેખે, ન ગણે, ન માને, તેટલા માત્રથી કર્મનું ભયંકરપણું ચાલ્યું જશે? આંધળા થયા તો એરૂ–સર્પ કરડવો મટી ગયો? તેમ કર્મ ન માનીએ, આવતી દુર્ગતિ–નરક ન માનીએ તેટલા માત્રથી કર્મ–નરક–દુર્ગતિ ચાલી ન જાય. આંધળાને સાપ ન કરડે તેવો નિયમ નથી, તો માનવું જ જોઈએ કે કર્મનું ભયંકરપણું ન વિચારીએ તો, તેટલા માત્રથી બચવાના નથી. તે તો તેનું કાર્ય ભજવશે જ. દેખતો માણસ સાપ દૂર ફેંકે આંધળો દેખે નહીં તો ઉલટો ફસાય, બચવાનો લાગ હોય તો પણ અંધ બચે નહીં. કર્મના કારણો જાણી દેખીને ખસે, કર્મ કેમ બંધાય તે જાણે નહીં. જેમ અંધ સર્પને ન દેખે તો તેટલાથી અંધ અક્ષય થતો નથી. આપણે પણ કર્મ તેના વિઘાતક ન જાણીએ તો તેથી કાંઈ કર્મની ભયંકરતાથી મુક્ત થતા નથી. દેખતો સર્પથી દૂર જાય કે દૂર ફેંકે, તેમ અહીં કર્મ જાણે અને માને તે જ કર્મના કારણોથી બચી જાય, પણ કોઈ જાણે નહીં, તે કર્મના કારણોથી બચે નહીં. માટે કર્મ જાણવાની જરૂર. તે જાણવાથી અનાદિની જન્મ–કર્મની પરંપરા ખ્યાલમાં આવે.

તાવ બેચાર દહાડા લાગલગાટ આવે તો ઘર ઘાલ્યું, લાગટ દસ બાર મહિના આવે તો ક્ષયમાં પેઠા, ત્યારે બાર અને છ મહિનાના તાવની અંદર ક્ષયનો ડર લાગે છે, તો આ કષાય અનાદિ કાળથી આત્માને તપાવી રહ્યો છે, તો તે અનાદિના કર્મનો ડર કેમ ન લાગે? અર્થાત્ એનું ભયંકરપણું ખ્યાલમાં આવી જાય. છ મહિનાનો ચામડાનો તાવ ધ્રાસ્કો, ફીકીયારી પડાવે તો આત્માના તાવ માટે કેમ કાંઇ નથી થતું? આ જન્મ કર્મની પરંપરા અનાદિની છે. એમ ખ્યાલમાં ન આવે તો તે દરદ મટાડવા માટે તલપાપડ થવાય જ નહિં. એક મહિનાની ચરી પાળજો, છાતીમાં ફેફસાં બગડયાં છે. તેલને પડછાયે ન જશો. મરચાં પણ ન ખાશો રસોડામાં બધા માટે રસોઈ થાય છે પણ આપણે મોળી દાળ ખાઈએ છીએ. આ બધા ખાય તો હું કેમ ન ખાઉં? એમ કેમ નથી ખાતા? દરદનું ભયંકરપણું ખ્યાલમાં હોય છે તેથી તેમ જન્મ-કર્મ અનાદિના લાગેલા છે, કષાયનો તાપ અનાદિનો આત્માને હેરાન કરી રહ્યો છે. ત્યાંથી નિગોદમાં ગયા કે શ્રોત્ર-ચક્ષુ, ઘ્રાણ, રસના-ઈન્દ્રિય શક્તિનો નાશ, એટલે શરીરનો તાપ ક્ષય કરી પેલાને મસાણમાં મોકલે, તેમ કષાયનો તાપ આને એકેન્દ્રિયમાં મોકલે. જેઓ દરદનું ભયંકરપણું ન જાણે, તેઓ ડૉકટર કે વૈદ પરેજી બતાવે તેને ગાળ દે. દવા આપી હોય તોપણ ઢોળી નાખે. કારણ? દરદની ભયંકરતા ખ્યાલમાં આવી નથી. ઘેર ખાવા ન આપે તો બહાર જઈ કુપથ્ય ખાઈ આવે. દરદનું ભયંકરપણું ન ભાસ્યું હોય તે દવા દેનારને દબાવવા જાય, દવા દૂર ફેંકી દે, પથ્ય પળાવનારને પરમ શત્રુ દેખે. જિનેશ્વર મહારાજ આપણા ડૉકટર તે વહાલા ક્યારે લાગે? ભયંકર દરદ દેખે તો, છોકરા વૈદ ડૉકટરને દેખી નાસતા ફરે છે, તેમ આ જીવ કર્મ-જન્મને ભયંકર ન સમજનારા જિનેશ્વરનું નામ સાંભળી ભાગી જાય છે, નાના છોકરાને વેલણ ઘાલી દવા પાવી પડે છે. આપણને ઘોદાવી ઘોદાવી પરાણે દહેરે ઉપાશ્રયે લઇ જવા પડે છે. સામાયિક કરાવવી પડે છે. જેમ બાળકને ઢીંચણ નીચે દાબી દવા પાવી પડે તેમ જે કર્મનું ભયંકરપણું સમજ્યા નથી તેવાને ભાઈ-બાપુ! કહી લલચાવી, સમજાવી લજવાવી પતાસું આપી દવા પવાય તેમ તમને ધર્મ કરાવવો પડે છે.

પ્રભાવના કરીને પણ ધર્મમાં જોડવા :

લાડવા પતાસા દ્વારાએ પણ દવા પાવી. આપણે પ્રભાવના પેંડા લાડવા, નાળિયેર પતાસાની પ્રભાવના કરીને પણ ધર્મમાં જોડવા, પણ આવી રીતે જોડાય તે દરદનું ભયંકરપણું સમજ્યા નથી. પછી એ સમજતો થયો કે એનો એ વગર લાડવાએ દવા લેવાનો. એ બીજાને લાડવા આપનાર થશે. બીજા છોકરાને દવા વખતે પતાસુ આપશે એ પતાસાને લીધે ઉપાશ્રયે આવેલા લાડવા માટે પોસા-સામાયિક કરનારા. એ સમજણા થાય છે ત્યારે પોતે લાડવા જમાડી પોસા કરાવે છે. લાડવા માટે પતાસા માટે દવા લે છે, માટે લાડવા અને દવા પણ ન જોઈએ. લાડવા છોડાવે તે ઠીક પણ દવા છોડાવે તો શત્રુ ગણાય કે નહિં? દવા લેનારને રોકનાર પરમ શત્રુ છે, પણ કોઈ પ્રકારે મિત્ર નથી. લાડવાની લાલચે પોસાદિક થાય તે બા ને ધર્મ રોકનાર મોટો શત્રુ છે. વગર પતાસે કે વગર લાડવે દવા લે તે સારી વાત છે, પણ પતાસું રોકવા પહેલા દવા રોકી દે છે. અહીં દ્રવ્યથી થતી ક્રિયા કરનાર છોકરાને અણસમજણવાળો કહીશું પણ અણસમજણમાં બાળકપણામાં જે પતાસાની કે લાડવાની લાલચે દવા લે તે રોકવા જેવી નથી. આથી દ્રવ્યક્રિયા રોકવા જેવી નથી. જો કે લાલચ રોકવા જેવી છે પણ સમજણો થશે એટલે દવાને અંગે લાડવો કે પતાસું નહીં માગે, સમજણો થયો કે તમને વગર ખણરે દવા પી જશે, તેમ દ્રવ્યક્રિયામાં રોકાણ ન કર્યું તો આગળ જતાં પૌદ્‌ગલિકને ત્યાગ કરવા પૂર્વક ભાવથી ધર્મ ક્રિયા કરવાવાળો થશે. સમજણો થશે ત્યારે આ પ્રમાણે કરશે, પણ તે પહેલાં અણસમજણ દશામાં રાગ થવાના ચોક્કસ, અને પતાસા આપવા પડશે તે પણ ચોક્કસ. અનાદિ કાળની આસક્તિ ઓછી થવાથી ધર્મરૂપી ઔષધમાં જોડાયો તે સમજુ છોકરો પતાસું કે લાડવો નહીં માગે, તેમ આ જીવ દ્રવ્ય-અનુષ્ઠાનમાં પ્રવર્તેલો છે. પણ સમજણવાળો થશે ત્યારે સ્વતંત્ર ધર્મની દવામાં જોડાશે, માટે પરાણે કે લાલચે બુદ્ધિ કરાવવી પડે પણ હિતબુદ્ધિથી પ્રવર્તાવેલી છે. માતા-પિતા ભાઈઓ દવા રોવડાવીને પાય, બીજા બાળકની દયા ખાય, મૂર્ખ લોકો બે ઘડી ગોંધી રાખ્યો, નકામો પુરી રાખ્યો. કબજે કર્યો એ દેખે પણ દવા અને હિતબુદ્ધિ-દાઝને દેખતા નથી. તેમ તીર્થંકરની જગત પર જે ભાવદયા અને ભાવદવા તે અજ્ઞાની લોકો દેખતા નથી. જેમ છોકરાને બહેકાવે-કહે કે મોં ફાડીશ નહીં,

વેલણ ઘાલે, વેવણ ઘાલે તો વેલણ પકડી લેજે. છોકરા ઉપર માબાપ બળાત્કાર કરતા હતા તેનો રસ્તો બતાવ્યો. છોકરાના હિત માટે જ છે ને? છોકરાને વેલણ ન ઘાલે તેથી નિરાંત ગણે છે, પણ ફરહતું દુઃખ વિચાર્યું? દુર્ગતિમાં ક્યાં રખડશે તેનો વિચાર કર્યો? બાહ્ય પ્રવૃત્તિ દેખી જે બચ્ચાંને રોકવાનું, બચકા ભરવાનું શીખવે તે બચ્ચા મરી જાય કે બીજું કાંઇ? દ્રવ્યથી થએલી પ્રવૃત્તિ ભાવ લાવનારી છે.

પ્રશ્ન : ધર્મ બળાત્કારથી કરાવાય?

ઉત્તર : એક શેઠ ઘણો જ ધર્મિષ્ઠ હતો. તે શેઠ છતાં 'દેવનાના છોકરા કોયલા' એ કહેવત અનુસારે દેવતા બૂઝે તો કોયલા હોય, તેમ તેનો નાનો છોકરો ધરમથી દૂર હતો. તેને ઘણું સમજાવ્યો, પુસ્તકો વાંચવા આપ્યા, ગુરૂ પાસે લઈ ગયો, તો પણ કંઈ અસર નહિં. બાપ જૈની હતો, વિચાર્યું કે જેની પાસે જે હોય તે વસ્તુ વારસામાં ન આપે ને બાળકના ધર્મ જીવનનો નાશ કરે તો તે બચ્ચાઓનો ગુન્હેગાર છે. પત્થરના પુંજીપતિ એ પુત્રને પત્થર આપે. આત્માના હીરાના માલિકો અમૂલ્ય હીરા આપે, તેમ આ છોકરો મારા કુળમાં આવ્યો ને મારો વારસો ન લે તો કામનું શું? રોડા અને પત્થરનો વારસો મિથ્યાત્વીના કુળમાં પણ મળતે. તેમાં કુળમાં જન્મી વધારે શું મેળવ્યું? એ પત્થર તથા લાકડાના વારસા બીજે પણ હતાં. તો અહીં વધારે શું? આત્માની અવ્યાબાધ પદવીનો વારસો દેતો જઉં. બીજા બધા વારસા લખેલા દેવાય છે, પણ આ વારસો મહેનતથી દેવાય છે. મહેનત ઘણી કરી, અરરર! મારો વારસો નાશ પામશે. જેનો છોકરો ધર્મી ન થયો, તેનું ધરમમાંથી નામ ગયું, રાતદિવસ કામ ધરમમાં જ, તે ધરમવાલો ન થયો તો તેની સલાહ કોઈ ન લે, માટે જો ધર્મિષ્ઠ હોય તેણે નામ રાખવા ખાતર છોકરાને ધર્મિષ્ઠ બનાવવો જોઈએ. નામ રાખવાના પ્રયત્નમાં પ્રવર્ત્યા જ નથી. ધરમની બાબતમાં કોઈ ન હોય તો ફલાણાભાઈને ખબર દ્યો કે મહારાજ આવ્યા છે, પણ તે તો બહાર નીકળતો નથી, માટે તેને કહીને શું કામ છે? માટે ધર્મી સંસ્થાઓના નામ રાખવા-ટકાવવા માટે પણ ધર્મી માબાપ સંતાનોમાં સંસ્કાર પાડે

હવે પહેલા ભવે ભરોસો રાખી જન્મ લીધો છે. ચક્રવર્તીનું રાજ્ય તમારા કુળમાં જન્મવા કરતાં ઓછું ગણ્યું. હેમચંદ્રાચાર્ય મહારાજે એટલા જ માટે કહ્યું કે—

जैनधर्मविनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि ।
स्यां चेटो दरिद्रोऽपि जिनधर्माधिवासितः ॥ १ ॥

આવતા ભવમાં જૈનધર્મથી રહિત એવા ચક્રવર્તીના કૂળમાં પણ હોઉં તો હું નકામો, જૈનકૂળમાં જન્મ લઉં ને દાસપણું મળે તો પણ તેને સારૂં ગણું. દરિદ્ર અવસ્થા થાય તેને પણ શોચ ન કરું. આવી ધારણાએ આપણે ત્યાં આવેલો જીવ તે આપણે ત્યાં જૈન ધરમ ન પામે તો શરમ આવે ? કોઈ માણસ આપણે ભરોસે આવેલો હોય તેનું આપણે કામ ન કરીએ તો તે ગ્લાનિ પામે છે. અમે જૈન તરીકે જાહેર થયા તે દ્વારાએ તમોએ તેને ભરોસો આપેલો છે. કેટલી ધારણાએ તે તમારે ત્યાં આવ્યો ? ચક્રવર્તીની ઋદ્ધિની ઇચ્છા છોડી તમારા ગોત્રનો મનસુબો કર્યો. જ્યાં ચક્રવર્તીપણું હોય, ત્યાં ધર્મ ન હોય તેવું ધર્મરહિત ચક્રવર્તીપણું પણ જોઈતું નથી, પણ ધર્મ હોય ત્યાં દરિદ્રપણું હોય તોપણ જન્મવું છે, આથી ચક્રવર્તી બધા અધર્મી કે બધા દરિદ્રી ધર્મી નથી માન્યા, પણ ઉપરની ભાવના માટે એ વચન છે કે ઉત્તમ જીવ હોય તે પ્રથમ ધર્મને પસંદ કરે.

કેસરનું તિલક એટલે જૈન ધર્મનું બોર્ડ :

હવે આપણે ચાલુ અધિકારમાં આવીએ. આપણા કુળમાં આવનારો બાળક દવાખાના આગળ દાક્તરનું પાટિયું દેખે ત્યાં દવાના ભરોસે દાખલ થાય. તમારૂં આ બોર્ડ, જૈનધર્મનું બોર્ડ-કેસરનું તિલક. વકીલાત કરવાવાળો વકીલાતના બોર્ડથી શરમાય નહિં બોર્ડ ન લગાવે તો કઈ સ્થિતિ ગણીએ ? તેમ જૈની થઈ કેસરનો ચાંલ્લો ન કરે તે કઈ સ્થિતિ કહેવાય ? ઓરસીયા જેવા કપાળ રહે તેની સ્થિતિ કઈ ? કેટલાક એમ માને છે કે પૂજા કરીએ તો ચાંલ્લો કરવો, પણ તે માન્યતા નકામી છે. પૂજા કરે કે ન કરે તોપણ ચાંલ્લો કરવો જોઈએ. જૈન છું તે તરીકે બોર્ડ રાખવું જોઇએ. આપણા બચ્ચાઓ નક્કી કરી અહીં આવ્યા છે. કે ચક્રવર્તીની ઋદ્ધિને લાત મારી તમારા કુળમાં આવ્યા, તેનો બદલો કયો ? વકીલ થઈ બચાવ ન કરે, દાક્તર થઈ દવા ન આપે તો ? આપણા બોર્ડમાં આવી ધરમ ન પામે તો તેને માટે આપણને શરમાવા જેવું છે. આવું વિચારી શેઠ છોકરાને ધર્મી બનાવવા તનતોડ મહેનત કરી. ભાવઔષધ એવી ચીજ છે કે, દલીલ કરે, દાખલો દે, તો પણ પારમાર્થિક અસર આત્મા ઉલ્લાસવાળો

થાય તો જ કામ લાગે. છેવટે કાંઈ ન વળ્યું ત્યારે ઘરનું બારણું તોડાવ્યું. મોટું બારણું હતું તે નાનું બારણું કર્યું, અહીં ધરમની વાતમાં બારણું નાનું કર્યું, તેનો સંબંધ શો? એટલે આમ નીચે જોવું પડે, નીચો પડી ઊંચે જાય તો દૃષ્ટિ ઊંચે જાય. તેવી જગો પર જિનેશ્વરની પ્રતિમા ગોઠવી. આ અરુચિ-બળાત્કાર ગણો, આદર સત્કાર નથી. દેવ તરીકે માનતો નથી, તેવી જગો પર બારણું નીચું કરી પ્રતિમા મેલીને પણ પરાણે દર્શન થાય તેમ કર્યું. કેટલાક મગશેળીયા જેવા હોય. મગશેળીયો ફટકવા લાગ્યો કે કોઈની તાકાત નથી કે તેને ઓછો કરે. પુષ્કલાવર્ત મેઘ વરસ્યો તો અંદર ધૂળમાં દબાઈ ગયો. પેલો મેઘ ચાલ્યો ગયો એટલે બહાર નીકળ્યો, ભેદાયો નહીં, ભિંજાયો નહીં અને ઉલટી મશ્કરી કરી કે કેમ છે? આમ કેટલાક ધરમની રુચિવાળા થાય નહીં, ઉપાય કરનારની ધરમ પમાડવાના પ્રયત્ન કરનારની હાંસી કરે, આવા હોય તે મગશેળીયા. મશ્કરી કરી ઝળકતા થાય બાપ આટલો પ્રયત્ન કરે પણ બંદા માને તેવા નથી. અહીં કશું બાકી રહ્યું નથી. શ્રાવકના કુળમાં આવ્યો હતો, વૈમાનિક દેવતાની સ્થિતિ મેળવી શકે તેવું હતું, છતાં જાનવર થયો. અઢીદ્વીપનું જાનવર હતે તો કામનું, અસંખ્યાત જોજન ઉપર જળમાં માછલું થયો. શ્રાવકને ઘેર આવેલો આ સ્થિતિ રહેવાથી સ્વયંભૂ-સમુદ્રમાં માછલું થયો. છતાં ભગવાનની પ્રતિમાના આકારનું ત્યાં તેણે માછલું દેખ્યું. કારણ? નળીયાકાર વલયાકાર છોડી બધા આકારના માછલા હોય છે. આવું કાંઈક મેં દેખ્યું છે. તે વિચારવાથી જાતિસ્મરણ જ્ઞાન થયું. બાપે ધર્મ પમાડવા કરેલું બધું યાદ આવ્યું. ધર્મ સંભળાવેલો બધો યાદ આવ્યો. તે સમજી અણસણ કરી દેવલોકે ગયો, આથી દ્રવ્ય-અનુષ્ઠાન કોઈ દિવસ છોડવું નહિં. દ્રવ્ય અનુષ્ઠાન-ક્રિયા-ધર્મ રોકવાનો નથી પણ અવગુણનો ભાગ રોકવાનો છે. ઉધરસના માટે બીડી છોડવા માગે તો પચખ્ખાણ આપવા કે નહિં? દ્રવ્યથી કરે છે તો પચખ્ખાણ કરાવવા કે નહિં? દ્રવ્યથી પચખ્ખાણ કરાવનારા એ ભાવમાં આવશે તે માટે પણ પચ્ચખાણ કરે તો કરાવવા; દ્રવ્યને સુધારવાનું આગળ સ્થાન છે.

છોકરો રોગી થયો તો નિરોગી કરવાનું સ્થાન છે, પણ મારી નાખવાનું સ્થાન નથી. બળાત્કારે કે લાલચે દવા પાવી પડે પણ સમજમાં આવે ત્યારે કડવી દવા આપોઆપ ખાઈ જવાનો. તેમ અહીં અનાદિના-જન્મ-કર્મ વળગ્યા છે, કષાયનો તાપ વળગેલો છે, અનાદિ-

કર્મોદયમાં અબાધા કાળ :

અહીં પણ જે તીવ્ર પુણ્ય હોય તેનો આંતરો લાંબો, તીવ્ર પાપનો પણ આંતરો લાંબો હોય, અબાધાકાળ એટલે-કર્મ બાંધ્યા છતાં તેટલો ટાઈમ વચમાં ભોગવવું ન પડે; તેથી અબાધા કાળ વચમાં માનવો પડે છે. તેમાં એ નિયમ કે જેવી લાંબી સ્થિતિ તેવો લાંબો અબાધા કાળ હોય છે. પાંચ કોડાકોડિ સાગરોપમ હોય તો ૫ હજાર વર્ષનો અબાધાકાળ હોય છે. એક કોડાકોડિ સાગરોપમે એક સો વર્ષનો અબાધાકાળ ગણાય છે એટલે તેટલી સ્થિતિનું બાંધેલું કર્મ એકસો વર્ષ પછી ઉદયમાં આવે છે. જેમ લાંબી સ્થિતિ તેમ અબાધા કાળ પણ લાંબો જાણવો. લેણાના પ્રમાણમાં જ આંતરૂં હોય, એક લાખ રૂપીઆ લેણા હોય તો ચાર ચાર આનાના કાંધા કોઈ કરતું નથી, ૨-૫ હજારના જ કાંધા ત્યાં કરાય છે, ને તે પણ દરરોજ આપવાના ન હોય. વચમાં મોટો આંતરો હોય છે. અહીં પુણ્ય-પાપના હિસાબે જેમ તીવ્ર પુણ્ય-પાપ તેમ આંતરૂં વધારે. મુખ્ય સ્વભાવે અબાધાકાળ પછી સંક્રમણ કરી નાખે તો ભલે વહેલું ભોગવાય, કાંધાના હિસાબે અનુક્રમે મળે પણ લાખ રૂપિઆ ને પાંચ હજારના કાંધા કર્યા હોય ને જલદી જોઈએ તો રકમ લઈ આવો છો, એ વાત તો આ; બીજી બાજુ ધ્યાનમાં રાખવાનું છે કે પુરૂં ભરાય ત્યારે ભોગવવાનો વખત આવે. એક પાપ થયું છતાં બીજું પાપ ત્રીજું પાપ એમ સેંકડો પાપો ભેળા થાય ત્યારે એકી સાથે ભોગવવાનો વખત આવે, નહીંતર ગતિને લાયક નહીં થાય. ત્રણ પાપ ન થયા હોય તો, પહેલા પાપમાં હોંસનો પ્રસંગ ન હોય. તેવા તીવ્ર પાપના અધ્યવસાયથી સેંકડો વખત પાપનાં કાર્ય કરે ત્યારે ભોગવવાનો વખત આવે, તેમ પુણ્યમાં પણ સમજવું. જેને કર્મનો સ્વભાવ માનવો છે, તે અધર્મ અટકાવતો કેમ નથી? ધર્મ કરી દેતો કેમ નથી. ઈશ્વર કર્તા માને છે તેનો તો પ્રથમ રોકવાની જરૂર છે. એને કર્મનો સ્વભાવ માને તેને પાપ રોકવાની જરૂર નથી. પણ પુણ્યનો સ્વભાવ ન માનતા હોય તેને તત્કાલ ફળ દેશે તો સેંકડો પુણ્યવાળા જાગશે. દેરામાં એક પૈસો મેલો તો બહાર આવો તો દસ પૈસા મળે. તો તરત પૈસો મેલવા જાય. ઉલટા પૈસા મૂકનારને રોકવા પડે. પ્રત્યક્ષ ફળ ધર્મનું થતું હોય તો આપોઆપ ધરમમાં પ્રવર્તે. તેથી તો ઈશ્વરે પાપને દૂર કરવા માટે કે પાપથી બચાવવા માટે કે ધરમની પ્રવૃત્તિ કરવા માટે જગત નથી કર્યું ત્યારે પુણ્યની

દરકાર વગર પાપની દરકાર વગર ઈશ્વરે જગત કર્યું એમ હાંક્યે જ જાય છે.

સ્વભાવમાં સવાલને અવકાશ નથી :

જ્યાં ઈશ્વર જગતકર્તા ન માનતા કર્મનો સ્વભાવ માન્યો, કોઈ 'વસ્તુનો સ્વભાવ માનીએ પછી તેનું પર્યવસાન હોતું નથી.' પાણી તરસ મટાડે તેનું કારણ ? તપાવેલું સોનું પીએ તો તરસ મટાડે કે નહિં ? પાણીનો તરસ મટાડવાનો સ્વભાવ છે, સ્વભાવમાં સવાલને અવકાશ નથી. કરમનો તેવો સ્વભાવ હોય તો બંધાય અને તત્કાલ ફળ આવે જ નહિં, બીજ વાવ્યા સાથે વનસ્પતિ તૈયાર થતી નથી. નહીંતર જગતમાં કોઈ ભૂખ્યું મરત નહીં. તત્કાળ ફળ થતા હોય તો કોઈ ભૂખે મરે નહિં. વચમાં ટાઈમ જોઈએ. અનાજને પરિપક્વ દશા થતા વખત જોઈએ. રંધાતા ટાઈમ જોઈએ જ. તેમ કર્મને પણ ફળ દેતા અમુક ટાઈમ જોઈએ. થોડું રાંધવું હોય તો થોડો ટાઈમ ને વધારે રાંધવું હોય તો વધારે ટાઈમ જોઈએ. જુવાર–કઠોળ–ઘઉં કેટલા દિવસે તૈયાર થાય છે ? બાહ્ય પદાર્થોને પરિપક્વ થવામાં ટાઈમ જોઈએ પણ બાંધેલા કરમને પણ ફળ દેવાને–પરિપક્વ થવાને ટાઈમ જોઈએ. અમુક દહાડે જ પાકે તેવો નિયમ નથી. અહીં કર્મના સ્વભાવો છે કે અમુક મુદતે અમુક કર્મ ઉદય આવે. શુભ કે અશુભ કર્મ બંધાય તે કાળાંતરે પાકવાવાળું છે. આથી ધર્મથી અધર્મથી દુનિયાદારીના સંયોગોમાં સારાપણું કે ખરાબી તરત થતી નથી. પણ કર્મના સ્વભાવ કાળાંતરે ફળવાનો છે. રાયણ વાવી પણ એક સો વર્ષે ફળે. આંબો વાવ્યો તો પાંચ વરસે ફળે. તેમ પુણ્ય–પાપનો સ્વભાવ કાળાંતરે ફળવાનો છે. તત્કાળ ફળવાનો સ્વભાવ ન હોવાથી પુણ્ય કરીએ કે તરત દુનિયાદારીના સંયોગની અસર માફક ફળ થતું નથી તેથી બિનજરૂરી ચીજ ધર્મ ગણી છે. ધર્મ કરવાથી કાંઈ હાજતો પૂરી પડે છે ? પાપ કરવાથી કાંઈ હાજતોને અડચણો આવે છે ? પુણ્ય કરવાથી હાજતમાં સુધારો થતો નથી ને ન કરવાથી બગાડો થતો નથી. તેમ પાપથી પણ હાજતોમાં અડચણ થતી નથી, તેથી ધમ 'બિનજરૂરી લાગે છે. આ જ કારણથી આત્મા અનાદિકાળથી ધર્મ વગરનો રહ્યો છે, ધર્મ જો હાજતો પૂરી પાડનાર હતે, પાપ સીધી રીતિએ હાજતોમાં નુકશાન કરનાર હોતે, તો ધર્મ તરફ દોડી જતે ને પાપથી નાસી જતે.

પ્રશ્ન–દુનિયામાં જૂઠું બોલવાથી તથા ચોરી કરવાથી વિશ્વાસ ઊઠી જાય છે. તો તરત નુકશાન ફાયદો દેખીએ છીએ. તો તે કેમ ?

ઉત્તર : જેમ કોરટમાં જુગતું જૂઠું બોલે, યુક્તિસર જૂઠું બોલે, ગુનો થાય તેની ફિકર નહિં, સાબિતીએ ગુન્હાનો દંડ છે. જગતમાં દંડ ગુન્હાનો નથી, સાબિત ગુન્હાનો દંડ થાય છે. જૂઠું બોલવું પણ શાહુકારી દેખાડવી પડી. પાપ હાજતમાં નથી નડતું. ગુન્હાની સજા ક્યારે ? સાબિત થાય ત્યારે–બિલાડી ઉંદર ઉપર ત્રાપ મારે તો તેને ખોટું કરેલું લાગતું નથી, કારણ તેને અહિંસા વસી નથી. જાનવરો ખેતરમાં ફોલી ખાય છે, પણ પાપ સમજતું નથી. પાપ પોકારે કોણ ? જે ધમ અને પાપ સમજે તે ને ? આતો દુનિયાદારીની વાત કરી. ધાર્મિક લાઈનમાં ઝાડ પાણી પીએ તો પણ હિંસા માનીએ. આપણું બચ્ચું ચીભડા ચાવી ખાય તેને હિંસાની રૂંવાડે પણ કલ્પના નથી. આપણે મોટાને પણ તે કલ્પના આવતી નથી, તેમ અજ્ઞાનથી જૂઠું બોલાય છે, વાગ્યા છે દસ ને દેખ્યા અગિયાર તો રૂંવાડે પણ તે જૂઠાનો ડંખ નથી, એક રૂંવાડે પણ શંકા નથી. લીલફૂલની અજ્ઞાનતા હોય, તેમાં જીવ માનતા નથી. તે લીલ ઉપર ચાલે તો તેને હિંસાનો ડર હોતો નથી. વાઘને શિકાર કરતાં મનમાં શું થાય ? કંઈ જ નહિં. અંતઃકરણમાં ધર્મ અધર્મ જાણે તેને, સત્યમાં ધર્મ ને અસત્યમાં અધર્મ માને તેને અંતઃકરણમાં ડંખે.

પ્રશ્ન : એ બેમાં કરમનો બંધ કોને વિશેષ ?

ઉત્તર : અધ્યવસાય ઉપર તેનો આધાર છે. અજ્ઞાન એ પાપ છે. બચાવ ગણ્યો નથી. કાયદામાં કાયદો નથી જાણતો તે અજ્ઞાન બચાવ નથી. તેમ જૈનશાસ્ત્રમાં અજ્ઞાન એ બચાવ નથી. ફેકત કરમમાં ફેર પડે. પેલો એમ માને કે પાપનો ત્યાગ લેવાતો નથી, શું કરું ? એટલે સમ્યગદૃષ્ટિ જીવ મુખ્યતાએ પાપથી દૂર રહે; પણ તેવા બધા વિરતિવાળા ન હોય તો પણ પાપ કરે તો અલ્પ બંધ હોય. તમે દેવ–ગુરૂ–ધર્મ માન્યા પછી તમારો ગુન્હો ઓછો છે એમ નહિં. અર્પણ સમજવાવાળા ધન આપે તો પાપ ઓછા કરનારા થાય છે તેમ નહીં, પણ લેપાતા નથી. જે પાપ ઓછું કરવાનું–થવાનું માનીએ છીએ તે દેવ–ગુરૂ–ધર્મ માન્યા તેથી નહીં, પાપથી નિરપેક્ષ નથી

થતો, પણ પાપ થાય છે, તે ખોટું છે. તે પાપ તરીકે વર્યું છે, માટે પાપ ઓછું છે. ઘર લૂંટે અનાજ લૂંટે તેને સજા, ઘેરા ઘાલ્યા વખતે યોગ્ય કિંમત આપ્યા છતાં માલ ન આપો તો માલ લૂંટી લે તો ગુન્હેગાર નહીં. કારણ દાનત લૂંટવાની ન હતી, દાનત વેચાતી લેવાની હતી. દાનત સર્વવિરતિ કરવાની હતી; પણ ઘેરાઈ ગયો તેથી સર્વ વિરતિ કરતો નથી, તેથી મન કચવાતું રહે, તેથી અલ્પબંધ છે. કચવાતું મન કોનું રહે ? જે ધર્મ-અધર્મ માનતો હોય. તેને, ધર્મ-અધર્મ જાણતો નથી તેવાને કચવાટ હોતો નથી.

સાચું બોલનારની શાખ પડે છે. તેથી ધંધાની જમાવટ થાય છે. જો જૂઠાની શાખ પડે તો વાત કરવા પણ માગતા નથી. તો ધરમે જરૂરી હાજતમાં સહાય કરી. પાપે જરૂરી હાજતમાં નુકશાન કર્યું, તો ધર્મ ફાયદો કે નુકશાન તત્કાળ નથી કરતો તે કેમ ? આ વાત વ્યવહારિક પણ હજારો સાચાજૂઠા કરતો હોય પણ દુનિયામાં જાહેર થયા ન હોય તો કંઈ ફાયદો કે નુકશાન કરતું નથી, દુનિયાદારીની છાયા છે.

અનાદિની તૈજસ ભઠ્ઠી

અનાદિ કાળથી આપણે ચાર વસ્તુ ધ્યેય તરીકે રાખી છે. કોઈ પણ ભવ હોય ત્યાં મુખ્યતાએ એક જ વસ્તુ. “ અખો વસ્તુ પામવા ગયો નવું પણ પેટે પડયું એટલે ભોગવવું પડયું. ” મુખ્યતાએ લક્ષ ખાવાનું હતું. કારણ દરેક જીવ સાથે એકત ભઠ્ઠી છે તે ખાઉં ખાઉં કરે છે. અગ્નિનો ભડકો જે હોય તે લેવા માંડે. અહીં સળગતી ભઠ્ઠી છે, તૈજસ શરીર એ સળગતી ભઠ્ઠી આત્મા સાથે જ છે. તે કદી બૂઝાતી જ નથી. અગ્નિ કોઈ દહાડો લાકડા-ઇંધણોથી સંતોષ પામતો નથી, તેમ આ તૈજસ અગ્નિ-જઠરાગ્નિ જગતના સર્વ પુદ્ગલોને પરિણમાવી ગયો તો પણ શાંતિ નથી. પેલાના સામટા લાગેલા પુદ્ગલો હોવાથી ચાલે છે, અગ્નિ તો સળગે જ છે એ ભઠ્ઠી જોડે હોવાથી જ્યાં પહેલ વહેલો જાય ત્યાં પહેલાં ભઠ્ઠીમાં કોલસા નાખે, પ્રથમ જે ગતિમાં આવે ત્યારે ‘ જ્યોતિષા ’ તૈજસે કરી આહાર કરે, આહાર કર્યો. એટલે ‘ વસ્તુ પામવા ગયો નવી, પેટ પડયા લે ભોગવી ’ આહાર કર્યો એ પુદ્ગલોથી શરીર વળગ્યું. વળગ્યો લોચો, આહાર ન કર્યો હોત તો જીવને લોચો

ન વળગત, આહાર કરતી વખતે શરીર બનાવું તેમ ધારણા ન હતી. કોલસો-આહાર પડ્યો કે લોચો (શરીર) થયું. શરીર થયું કે ઇન્દ્રિયો ફુટી, ઇન્દ્રિયો થઈ કે વિષયો પકડવા માંડ્યા, વિષયો પકડવા માંડ્યા ત્યાં સાધનો લેવા પડ્યા, ચાર હાજતો થઈ, પછી વિષયોના સાધનોની પંચાતમાં પડ્યો.

આહાર, શરીર, ઇન્દ્રિયો અને વિષયો તેની પંચાતમાં પડ્યો, આખો જન્મારો તેમાં ગયો. વિષયોનાં સાધનોની પંચાતમાં ધર્મ કરવાથી સવડતા ને પાપ કરવાથી પથરો અગવડતા નથી-એમ જાણ્યું, ત્યાં ધર્મ કરવાની દરકાર રહે શાની? ગયો ભવ કે આવતો ભવ એ બે સમજે ત્યારે ધર્મ મદદગાર સમજાય. ધર્મ જાણનાર જીવોને કોરાણે મૂકો. બાકીના મનુષ્યો કે જાનવર લ્યો. તેને સ્વપ્નમાં પણ આવતા ભવનો વિચાર આવતો નથી. ગણધર મહારાજને શાસ્ત્રો બનાવતાં પ્રથમ એ જ કહેવું પડ્યું. પ્રથમમાં પ્રથમ સૂત્રમાં એ કહ્યું, આચારાંગના પ્રથમશ્રુત સ્કંધમાં, પ્રથમ અધ્યયનમાં, પ્રથમ ઉદ્દેશમાં પ્રથમ સૂત્ર છે.

કેટલાકને આ જ્ઞાન જ નથી કે હું કોઈ ભવમાંથી આવી ઉત્પન્ન થયો છું. મારે અહીંથી જવાનું છે તેનો ખ્યાલ નથી. સંસ્કાર વગરના બધા જીવો, જાનવરો સર્વ આ ભવ તરફ દૃષ્ટિ કરવાવાળા પણ નથી. આપણે દૃષ્ટિ કરવાવાળામાં પણ કેવળ ઉપાશ્રયના પગથિયે ચડીએ તેનો પ્રભાવ છે. અહીં લીલી જમીન કરી છે. આ ઉપર સૂર્યનો તાપ આવે તો બધે સૂર્ય દેખાય, આ લીલો રંગ સ્વતંત્ર લીલો રંગ નથી. અહીંથી ઊઠો પછી હતા એના એ જ. લીલી આભા બધે મારી એમ દહેરા ઉપાશ્રયમાં દાખલ થઈએ. તે વખતે જિનેશ્વર તથા ગુરુને ચિંતવો તેમાં ધરમના રંગો તેની છાયા આપણા પર પડે, ત્યારે જન્મ-મરણના દુઃખો ક્યારે મટવાના? આ ભાવના માત્ર દેવ ગુરુની છાયાનો રંગ છે, જ્યાં દહેરા ઉપાશ્રયમાંથી બહાર નીકળી તપાસીએ તો એક જ શબ્દ પકડી રાખે કે હું અહીં બાહુતી, પાપ શબ્દ પાપ કરતી વખતે બાહુતી મનમાં આવે તો પાપ નહિં કરે, અહીં આસ્તિક નાસ્તિક બે ભેદ પડશે. એક વસ્તુ ચોક્કસ છે, બન્ને મેલવાનું ચોક્કસ કબૂલ કરશે. જે મેળવો આદિ ધન-કુટુંબ-શરીર-સ્ત્રી-પુત્ર કંઈ પણ મળ્યા હોય તે બધું મેલવાનું છે. વિચારો આસ્તિક કે નાસ્તિક આ

બાબતમાં એક જ છે, મેલવાની બાબતમાં એક જ છે, તેમાં બે મત નથી. ભાકૂતીપણામાં બે મત થશે પણ મેલવામાં બે મત નથી. બહાર નીકળી ફરતા ફરતા આ શબ્દ યાદ રહે છે કે મેળવેલું મેલવાનું છે? મેળવવાનું યાદ દરેક વખતે રહે છે.

દૂધ દેખાય છે ડાંગ દેખાતી નથી :

બિલાડો દૂધ બરફી તરફ ધ્યાન દે છે પણ ડાંગ તરફ ધ્યાન દેતો નથી, તેમ આ જીવ મેળવવાનું દેખે છે, મેલવાનું દેખતો નથી. ભીંતમાં લીલી છાયા પડે પણ તે લીલો રંગ થએલો નથી. ઉપાશ્રયમાં બોલાય છે કે મેલવાનું છે. ઘેર તે પાપ કરતાં યાદ આવે છે? મેળવ્યું તે મેલવા માટે જ. તમે જે કંઈ મેળવો તે મેલવા માટે જ. એતો જગતનો રિવાજ પડી ગયો, પણ આપવા માટે પણ મેળવી શકાય છે. આ જીવ એવો વિચિત્ર છે કે જાનવર ચારો ચરે, બચ્ચાનું શું? એનો વિચાર જાનવરને ચારામાં હોય નહીં. તેમ આપણે મેળવવા બેઠા છીએ, તેમાં જે નથી રહેવાનું, જે મેલવાનું છે તેમાં ચિત્ત ખૂંચ્યું છે, તેથી રાખવાનું કયું? તેનો વિચાર આવતો નથી. અંતઃકરણથી ઉત્કૃષ્ટ ભાવથી કાચી બે ઘડીમાં એટલું મેળવો તો અનંતાકાળ જાય તોપણ તે ખૂટે નહીં. જેમ માતા મરુદેવીએ મેળવ્યું. બે ઘડીમાં પહેલે ગુણઠાણેથી ચૌદમે ગુણઠાણે. ત્યાં જે વીતરાગતા–કેવળજ્ઞાન મેળવ્યું તે કોઈ દહાડો મેલવાનું નહિં માટે એવું અનંતાકાળ સુધી જોડે રહે તેવું મેળવો. જે મેળવીએ છીએ તે મેલવું પડે તેવું મેળવીએ છીએ, પણ મેલવું ન પડે તેવું મેળવવું તેવો વિચાર થતો નથી. આપણે પાંચની પંચાયતમાં પડયા છીએ. 'પંચાતીયાના છોકરા ભૂખે મરે' અહીં આ પાંચની પંચાયતમાં પડયો તેથી મેલી દેવાનું જ મેળવે છે. રહી શકે તેવું મેળવતા આવડતું નથી. એવું શું? તો કે ધર્મરત્ન એ માટે ધર્મ મેળવ્યો તે મેળવ્યો જ, મેલવો જ ન પડે, ધર્મ અવિનાશી ચીજ છે. ધર્મથી કંઈ પડી ગયા ધર્મીના અધર્મી થયા, ચૌદ પૂર્વીઓ પણ ધર્મથી પતિત થઈને નિગોદમાં ગયા, તે તમે જ કહો છો. તો જોડે અવિનાશી ચીજ ધર્મ છે તે કહો છો તે શી રીતે? હવે ધર્મ કેવી રીતે અવિનાશી છે. તે આગળ જણાવાશે.

☆

પ્રવચન ૧૯મું

સંવત ૧૯૯૦. અષાડ વદી ૧૧. શનિ

શાસ્ત્રકાર મહારાજા શ્રી શાંતિસૂરીશ્વરજી ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને રચતાં થકાં આગળ જણાવી ગયા કે આ જીવ અનાદિકાળથી સંસારમાં રખડી રહ્યો છે. તેમાં પ્રથમ મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ હતી. ચોરાશી લાખ જીવાયોનિમાં ચૌદ લાખ ગઈ. સીત્તેર લાખમાં તો મળતું હતું ને? મનુષ્યભવમાં વધારે શું છે કે તે દુર્લભ છે. ચોરાશી લાખ જીવાયોનિમાં ધર્મરત્નનું સ્થાન હોય તો કેવળ મનુષ્યભવમાં જ છે. બીજી યોનિ ધર્મને લાયક નથી. ઉત્પત્તિ સ્થાનમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શે કરી ફરક પડે તે સ્થાન. મનુષ્યભવની મુશ્કેલી જણાવવાનું કારણ એ છે કે ધર્મરત્નની બીજે સ્થાને પ્રાપ્તિ નથી. તિર્યંચ-નારકીમાં ધર્મરત્ન પ્રાપ્ત ન થાય તે વ્યાજબી પણ દેવતામાં ધર્મરત્ન કેમ ન મળે? તિર્યંચગતિ-પરાધીનતાનું સ્થાન, રાત્રિભોજનનો ત્યાગ કરવો હોય પણ માલિક રાત્રિના જ ચારો મૂકતો હોય તો શું કરે? રાત્રિભોજનનો ત્યાગ કેવી રીતે કરે? આપણે ભોજનમાં સ્વાધીન છીએ, તો રાત્રિભોજન આદિનો ત્યાગ કરી શકીએ છીએ. પરાધીન દશામાં છોડી શકાતું નથી. કંદમૂળ, લીલોતરી, રાત્રિભોજન, કશું પરાધીનતામાં છોડી શકતા નથી. આમ તિર્યંચ ગતિમાં પરાધીનતા તે સાથે વધારે ક્ષુધાવાળી તિર્યંચગતિ. બીજું પોતાનો વિચાર જણાવી શકવાની સ્થિતિ નહીં. આ બધાં કારણોથી તિર્યંચ ગતિમાં ધર્મ મળવો મુશ્કેલ. કદી સમવસરણથી સાંભળે, માને પણ આદરવાનું ન બને. ત્યાં ૧૦૦ હાથ ભર્યું પણ એક તસુ ફાડ્યું નહીં, તો વેપાર કેટલો થવાનો? લાભ કેટલો થવાનો? ૧૦૦ હાથ ભરે. તસુ ફાડે નહિં તો લાભ ન થાય. તેમ ભાગ્ય યોગે તિર્યંચ તીર્થંકરની વાણી સાંભળી જાય.

તીર્થંકરની વાણી સાંભળનારને મારી ભાષામાં કહે છે એમ થાય

ભગવાનની વાણી નીકળે છે તે દેવતાઓ સાંભળે તો કે મારી ભાષામાં કહે છે તેમ થાય, જંગલીઓ તિર્યંચો સાંભળતી વખતે-એમ સમજે કે મારી ભાષામાં જ ભગવાન કહે છે. આ અતિશય તીર્થંકરનો છે.

તીર્થંકરની વાણીનો અતિશય

બીજા સામાન્ય કેવળજ્ઞાની અને તીર્થંકર કેવળજ્ઞાની એ બે કેવળજ્ઞાનીઓના જ્ઞાનમાં કશો ફરક નથી. જેમ તીર્થંકર મહારાજ, દેવતાને દેવતાઇ ભાષા, જંગલીઓને જંગલી ભાષા, તીર્યંચને તીર્યંચિની ભાષામાં સમજાવે છે, તો બીજા કેવળી તેવી ભાષા કેમ નથી કહેતા? બીજા બોલે તો તીર્થંકરની વાણીનો અતિશય કેમ કહેવાય? એકલા તીર્થંકરનો જ એ અતિશય છે. પોતપોતાની ભાષાપણે પરિણમે તે શબ્દ કેવળીઓ જાણે છે, કેવળી છતાં કેમ નથી કહેતાં? આ શંકા સાહજિક છે, પણ શંકાના સમાધાનને અંગે ભાષાના પરિણમનની જરૂર છે. કઈ વખતે કઈ શંકા થાય તેમાં વકતાનું જ્ઞાન કામ ન લાગે, સમાધાનમાં વકતાનું જ્ઞાન કામ લાગે. ઉપદેશકનું જ્ઞાન શંકાકારોના સમાધાનમાં, પણ શંકા ઉઠવામાં વકતાનું જ્ઞાન કામ ન લાગે. શંકાકારોના જેવા સંયોગ હોય તેવી જ તેને શંકા હોય. ઝવેરાતના વેપારીને ઝવેરાતની શંકા હોય, સોનાના વેપારીને સોનાની શંકા હોય, કાપડિયાને જગન્નાથી કે મલમલની શંકા હોય, ઉત્પન્ન થએલી શંકાના સમાધાનમાં કેવળજ્ઞાની શંકા સમાધાન બંને જાણે. કહો કે કેવળજ્ઞાની મહારાજ શંકા-સમાધાન જાણે પણ શંકા કઈ થવી તે તેમના હાથમાં નથી. જ્યારે અહીં તો તીર્થંકરનો અતિશય એવો વિચિત્ર કે જે શબ્દ તીર્થંકર બોલવાના હોય, તેવી જ શંકા શ્રોતાને થાય, તીર્થંકરના નીકળતા વચનમાંથી શંકા થાય.

એક ભીલ હતો. તેને ત્રણ સ્ત્રીઓ હતી, એક જણીએ કહ્યું કે મને તરસ લાગી છે. બીજીએ કહ્યું કે-ગાયન સાંભળવું છે. ત્રીજીએ કહ્યું કે-માંસ ખાવું છે. ત્રણે જુદી ચીજ છે ને? ભીલે ઉત્તર દીધો કે सरो नत्थि. આ એક જ ઉત્તરમાં એમ જણાવ્યું કે-સરોવર નથી, સ્વર નથી, તેમ બાણ નથી. ત્રણેના પ્રશ્નનો એક જ શબ્દમાં ઉત્તર આપ્યો. सरो એ શબ્દ બોલવાનો હોય તે વખતે પેલીને પાણીની જ શંકા થાય. પેલીને ગાયનની જ ઈચ્છા હોય, ને પેલીને ખોરાકની જ ઈચ્છા હોય, આ અતિશય કેવળીને આધીન નથી. જે શંકા શ્રોતાને થાય તે તીર્થંકરના વચન નીકળે તેવી જ શંકા થાય. તેવી જ શંકા ઉઠાવી તે તીર્થંકર નામ કર્મનો અતિશય છે. તેવા વખતમાં કદી જઈ ચડયા તો પ્રતિબોધ પામીએ.

ધર્મપ્રવૃત્તિનો કાળ કેટલો ?

એક કોડાકોડ સાગરોપમના વખતમાં તીર્થંકરનો ટાઈમ. ક્રોડાક્રોડ સાગરોપમ સિવાયનો ટાઈમ તીર્થંકર વગરનો. દરિયામાં સોય બોળી, કેટલું પાણી આવ્યું ? જે પાણી આવ્યું તેના કરતાં ધર્મની પ્રવૃત્તિનો વખત અને તીર્થંકરનો કાળ, તેમનો લાભ મળવો તે દરિયામાં સોય બોળો તેટલો ટાઈમ. દરિયો-તીર્થંકર વગરનો ટાઈમ, સોય પર પાણી લાગ્યું તે તીર્થંકરની હયાતીનો ટાઈમ, તેમ મનુષ્ય માટે ક્રોડાક્રોડી સાગરોપમ સુધી લાભનો, કેવળી કે તીર્થંકર ન હોય તો પણ શાસન પ્રવર્તે. મનુષ્યને ધર્મપ્રાપ્તિ માટે ક્રોડાક્રોડ સાગરોપમનો આખો ટાઈમ ને જાનવર માટે સોય જેટલો ટાઈમ. ધર્મશ્રવણ અને માનવાનો ટાઈમ સોય જેટલો, તે પણ તીર્થંકર મહારાજના ટાઇમમાં હોય તો, તેમાં તે જાનવર તેટલી હદમાં આવી ચડ્યું હોય, સાંભળે, જાણે, માને છતાં પરાધીન એટલે કરી ન શકે. પરાધીનતાના વખતમાં ન બને તે માનીએ.

કુટુંબીઓનો એકરાર

હવે નારકી ભવનો વિચાર કરીએ. અહીં સારા શરીરે ધર્મની મુશ્કેલી તો ત્યાં રૂંવાડે રૂંવાડે પીત્તજ્વર હોય, ત્યાં તપસ્યાનો તડાકો ક્યાં લાગે ? સારા શરીરે તપસ્યાની મુશ્કેલી ત્યાં નારકીમાં જે અનંતગુણો જ્વર ત્યાં આગળ શી રીતે તપાસ્યાનું નામ લેવાય ? એક વાત ચોક્કસ છે; સહન કરવાનું નસીબમાં લખાયેલું છે. હું કેટલીકવાર કહું છું કે કુટુંબીઓએ જન્મ્યો એટલે કકળાટ લખેલો જ છે. આડે પગે જાય કે ઊભે પગે જાય તો પણ તેમને કકળાટ કરવાનો એકરાર છે. ઊભા પગે જાય તો સમાચાર પણ આવે. જેને અંગે કકળાટ કરો તે દેખતો નથી, જાણતો નથી, જોવામાં નથી છતાં કકળાટની તમને ટેવ પડી છે. વગર દેખી વસ્તુ માગે, તેનો કકળાટ કરે તો છોકરાને ટેવ પડી ગણીએ છીએ. તેને અંગે જુઓ તો રૂવે પણ છોકરો કંકાસિયો છે, તેને ટેવ છે, એમ માનીએ છીએ, તેમ જેને દેખીએ નહીં, જોઈએ નહીં, પોતે આપણને જોતો નથી. એવાને અંગે હાઈ દોઝ કરીએ છીએ, કારણ-લખત કરી આપ્યું છે કે તારે અંગે એક વખત કકળાટ કરીશું. ઊભા પગે જઈશ તો કકળાટ કરશું, આડે પગે જઈશ તો પણ કકળાટ કરીશું, જે વસ્તુ મળવાની નથી તેને અંગે કકળાટ શા કામનો ?

છોકરાને પણ કહીએ છીએ કે રોવા દે, જે કૂટવું-રોવું દેખતો નથી, એ મરી ગએલો સાંભળતો નથી, તો કૂટો છો, રોવો છો શા માટે? એકરાર છે કે મારે રોવું કૂટવું. ગમે તેમ જાય તો પણ હવે એ સ્થિતિમાં અહીં જન્મ લીધો એને અંગે કરાર, તેમ નારકીમાં જન્મ લેતા એક કરાર, અનંતગુણી ભૂખ તરસ, અનંતગુણી વેદના, તાઢ, તડકો તાપ એ વેઠવાનો એકરાર. જ્યાં કરાર થએલો છે ત્યાં બીજો કરાર નથી. કુટુંબીઓ રોવાનો કરાર રાખે છે. વ્રત પચ્ચખાણ કરવાના સ્વાધીન છે, અહીં સ્વાધીનતામાં તપ કરી સ્વેચ્છાએ દુઃખ ભોગવીએ છીએ. ત્યાં પરાધીનતામાં અનંતુ દુઃખ ભોગવવાનું જ છે.

બાપ દેખાડ નહીંતર શ્રાદ્ધ કર :

અહીં વ્રત પચ્ચખાણ કરી શરીરનું દુઃખ ભોગવો, નહીંતર ત્યાં પરાણે અનંતગણું છે તે ભોગવો, આ ભોગવો કે પેલું ભોગવો. સ્વાધીનપણે, રાત્રિભોજનનો, લીલોતરીનો કંદમૂળનો ત્યાગ કરી શકતો નથી, એ નક્કી કર્યું તો પછી એ નરકનું દુઃખ લખેલું જ છે. બાપ દેખાડ; નહીંતર શ્રાદ્ધ કર. એમ આ ભવમાં સહન કર, નહીંતર નરકમાં સહન કરવાનું જ છે, અહીં સહનશક્તિ, દેવ ગુરુની જોગવાઈ, સાધર્મિકનો સંયોગ એવી વખતે તપસ્યા કરતા મુશ્કેલ તો જ્યાં અનંતગુણી ક્ષુધા, તરસ, ટાઢ તડકો ત્યાં શી રીતે કરી શકવાના?

નરકમાં સમકિતીને વધારે વેદના

અહીં ૧૦૦ વરસ ધરમથી ચૂકી જાવ તો ત્યાં સાગરોપમ સુધી ભોગવવાનું. ત્યાં એવી સ્થિતિ છે કે વ્રત પચ્ચખાણ સ્મરણમાં પણ નહીં લેવાય. સમકિતી હશો તો પણ વલે ભુંડી. શાસ્ત્રોમાં લખે છે કે નારકીમાં સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ હોય? તો કે હોય. વેદના વધારે કોને? સમકિતીને તો સમ્યગ્દર્શન નારકીમાં પણ હેરાન કરે છે. વાત ખરી પણ જગતમાં આબરૂની અડચણ કોને? સમજુને. આખલાને આબરૂની અડચણ કેટલી? માટે આખલા બનવું સારૂં ગણો છો? તો અહીં સમકિતીને વધારે વેદના સાંભળી સમકિતીપણું ખરાબ શી રીતે? તમે દેખો છો કે માલ ન લીધો હોય કે નફો ન થાય તો બળતરા ન થાય, પણ માલ લીધો એ માલ પાણી મૂલે ફૂંકી દીધો, બીજાને અઢળક એ માલની કિંમત આવી દેખી, પણ એમ માનો કે જાનેવારીમાં માલ લીધો ને ફેબ્રુઆરીમાં ફૂંક્યો,

માર્ગમાં મોંઘો થયો, તેવાને શું થાય? તેમ બજારમાં ન આવે તેને કંઈ છે? સમ્યગ્દૃષ્ટિ માલ પામ્યો ને ફૂંકી દીધો. મનુષ્યપણું પામ્યો હતો. મોક્ષની નિસરણી મેળવી હતી, તે વિષય કષાયમાં ફૂંકી દીધી. ત્યાં નરકમાં દેખે કે મોક્ષની નિસરણી ગઈ ત્યાં પશ્ચાતાપ થશે કે અરરર આવો મનુષ્યભવ નકામો ગયો, આમ પશ્ચાતાપ બળાપો હાય હાય રે મનુષ્યપણું ગયું. 'વાંઝણીને મોકાણ માંડવાની ન હોય, જનેતાને છાતી કૂટવાની હોય' તો જનેતાને છાતી કૂટતી દેખી વાંઝણી નિરાંતે બેસી રહે. લાલ સાડલો પહેરેલો હોય. કાળો સાડલો વાંઝણીને ન હોય, તેમ અહીં સમ્યગ્દૃષ્ટિને પશ્ચાતાપ થાય, તે કાંઠે આવેલો હોય તેથી. મિથ્યાદૃષ્ટિ રખડતો હોય તો પણ પશ્ચાતાપ ન થાય. અહીં ચૂક્યા તો ત્યાં બળીને ખાખ થવાના. ત્યાં બળીને ખાખ થવું ન પડે માટે અહીં ચેતો. સ્વાધીનતા કે પરાધીનતાએ બેમાંથી એક વખત ભોગવવાનું એ તો લખાવેલું જ છે.

દેવો વિબુધો કે ગાંડા?

એવી નારકીની સ્થિતિમાં ધર્મ ક્યાંથી? માટે તિર્યંચના ભવોમાં ધર્મ ન હોય, નારકીના ભવોમાં ધર્મ ન હોય, પણ દેવતાના ભવોમાં ધર્મ કેમ ન હોય? તે શક્તિવાળા પુન્યશાલી તે ધારે તે કરી શકે. તેમને તીર્થંકરનું દર્શન હાથમાં, આપણે તીર્થંકરનું દર્શન હાથમાં નથી. જેને ઉત્તમ પુરુષોનો જોગ મેળવવો હાથમાં હોય તેને ધરમ મળવો મુશ્કેલ શી રીતે? દેવતા ધાર્યો સંજોગ મેળવી શકે છે, વાત ખરી, મહાનુભાવ! સિંહમાં આળસ ન હોય તો જગતમાં જીવવા કોઈ ન પામે, એવો આળસુ હોય સૂતો રહે, શિકારે જાય, હમણાં લઉં છું એમ સેંકડો શિકાર નીકળી જાય. તાકાત છે પણ જોડે તત્પરતા જોઈએ. તાકાત હોય પણ તત્પરતા ન હોય તો કામ શું લાગે? દેવતામાં તાકાત બરોબર પણ ખાટલે મોટી ખોડ કે ચોથો પાયો નથી. માંચો સુંદર પણ ચોથો પાયો ન હોય તો એ સૂવા બેસવા કામ ન લાગે. તેમ દેવતામાં મોટી ખોડ કે તે ગાંડા છે. દેવતાને વિબુધ કહ્યા છે ને? ગાંડા કેમ કહેલા છે તે સમજો, આ જગતમાં ગાંડા અને ડાહ્યામાં ફરક કેટલો?

એ બલા પગે વળગી છે

એક શ્રીમંત શેઠ હતો પણ તે એમ ધારતો કે મારે એકલા

શેઠ રહેવું. કુટુંબને શેઠ થવાની જરૂર નથી. જે કોમને શેઠિયામાં લાવતો નથી, તે શેઠ કુટુંબને શેઠાઈમાં રાખતો નથી. પોતે જાય તે વખતે શેઠાઈ લઈ જાય છે. જણેલાને જોડવાના એ ચોકકસ. છોકરો જન્મ્યો તો વહુ બહારથી લાવવાના. વહુ દાઢા રંગી આવી તો શેઠાઈમાં સરો પેસવાનો છે. છોકરીને પારકે ઘેર મોકલવાના, ત્યાં શેઠાઈ ન હોય તો છોકરીને છોતરા ખાંડવા મોકલે. કાંતો વહુ છોતરા ખાંડે. કુલીન છોકરી વહુ તરીકે ન આવી તો શું થવાનું? રૂના રાતીયા. કુલીનને ઘેર તમારી છોકરી ન ગઈ તો શું થવાનું? 'જે શેઠ કોમમાં શેઠાઈ લાવતો નથી તેની કુટુંબમાં શેઠાઈ રહેવાની નથી' પેલો દેખે કે કોમને શેઠ બનાવીશ તો મારી શેઠ તરીકે ખ્યાતિ નહીં થાય. કોઈને કોડીની મદદ કરતો નથી. જે જમીનમાં આંબો ઊગે છે તે જમીન કીંમતી બને છે. જમીનમાં ઘઉં, ડાંગર, થાય તો તેનો આકર કીમતિ હોય. જે કુટુંબમાં આપણે ઉત્પન્ન થયા, તે કુટુંબની કિંમત ન વધે, એકલી આપણી કિંમત વધી તેમાં વળ્યું શું? એમ આપણે જે કુટુંબમાં ઉત્પન્ન થયા તેની કિંમત ન થઈ તો વધ્યા કામના શા? તેને મારા જેવો બીજો કોઈ નહીં. તેવી સ્થિતિમાં કોઈ કુટુંબી સાધારણ દશામાં આવ્યો. તાણતા તાણતા વેલો થડે આવે; દુઃખી પ્રથમ દૃષ્ટિ કુટુંબ તરફ કરે, સંબંધી પાસે જ મદદ લેવા જાય. તેમ ધારી મારા કુટુંબના શેઠ પાસે જાઉં, છેટેથી આવતા દેખ્યો, જરૂર કંઈ મદદ માટે આવતો જણાય છે. પોદળો પડે તો ધુળ લેશે પણ લોઢાનું પતરૂં મેલો કે લોઢાના પતરામાં પણ પોદળો મૂકતો જાય. પેલાએ વિચાર્યું કે તેને મળીએ જ નહીં. આવતો દેખ્યો કે ઓઢીને સૂઈ ગયો. ત્યાં પેલાને ખબર નથી કે મને દેખીને સૂતો છે. શેઠ સૂતા છે એમ કહ્યું, પણ આવેલો નસીબનો પાતલો, દાનતનો પાતલો નહીં અહીં બેઠા કરતાં ઊઠીને શેઠની બરદાસ કરૂં. પગ દાબવા લાગ્યો, પગ ચાંપે છે. નોકર શેઠને હંમેશા સૂવે ત્યારે પગ દાબે છે. તેથી શેઠ સમજ્યા કે નોકર પગ દાબે છે. એ રીતે જ શેઠને પગ દાબે છે. અંદર ઢાંકેલું છે. પેલો બોલતો નથી એટલે નોકર ધારી બોલે છે કે બલા ગઈ? આ મને જાણી સૂતા જણાય છે, આપે એમ લાગતું નથી, એ બલા તો પગે વળગી છે, શેઠની બે આબરૂ થઈ, દેવું પડે માટે સૂવાનો ઢોંગ કર્યો હતો. ત્યારે પણ ગુન્હાનો બદલો ગુસ્સામાં આવે પણ નિર્ભાગીને ક્ષમામાં બદલો ન વળે, એને ગુસ્સો આવ્યો, બેઠો થયો, અરે તારામાં અને સૂર્યમાં ફરક કેટલો?

મનુષ્ય સિવાય દેવતા, તિર્યંચ કે નરકગતિ. આ ત્રણે ગતિમાં પાંચ ઇંદ્રિયે સંપૂર્ણ અને મનવાલા છતાં પણ ધર્મરત્ન મેળવવાને લાયક નથી, કેટલીક વખત આપણે કહીએ છીએ કે, ઘેર બેઠા કયાં ધર્મ નથી થતો ? જો ઘેર બેઠા ધર્મ થતો હોય તો દેવતા-નારકીમાં માત્ર સમ્યગજ્ઞાન-દર્શન છે, વિરતિનું નામ નિશાન નથી. પણ તિર્યંચની ગતિમાં વિરતિ થઈ શકે છે, શ્રાવકો વિરતિ કરી શકે તેમ, તિર્યંચો પણ વિરતિ કરી શકે છે. કારણ જે વખતે તીર્થંકર સરખા જ્ઞાનીઓ વિદ્યમાન હોય ત્યારે તેમની દેશના સાંભળી અણુવ્રતવાળા થઈ શકે, અવિદ્યમાન હોય ત્યારે, સ્વયંભુ સમુદ્રમાં રહેલા મત્સ્યો, પ્રતિમાના આકારના મત્સ્યો દેખી જાતિ સ્મરણથી પૂર્વક્રિયાઓ દેખી સમ્યકત્વ પામે છે. કેટલાક તિર્યંચો દેશવિરતિ પણ અંગીકાર કરે છે ને તેથી તિર્યંચને દેશવિરતિ ગુણઠાણું માનવામાં આવે છે. પણ તે સર્વથી વિરતિવાળા ન હોવાને લીધે તે ગતિમાં સાધુપણું ન હોવાને લીધે તેમાં મોક્ષમાર્ગ છૂટો હોતો નથી. મોક્ષમાર્ગ તો ત્યાં બંધ જ છે. તિર્યંચો એકલા દેશ થકી પાપના પચ્ચખાણ કરે છે તેમ નહીં.

જેમ માછલાને પાણી વગરનું સ્થાન, તેમ ગૃહસ્થને સ્થાવરની અહિંસા અકળાવનાર થાય

શ્રાવકો વ્રત લ્યે ત્યારે સમજે છે કે, સર્વહિંસા એ પાપ છે, છતાં મારાથી પૃથ્વી, પાણી, વાયુ અને વનસ્પતિની હિંસા છોડી શકાતી નથી. કેમ ? તો કે જેમ પાણીમાં રહેલું માછલું પાણીના સંઘટ્ટાને વર્જી શકે જ નહિં, તેવી રીતે ગૃહસ્થપણામાં રહેલો પાંચકાયની હિંસા વર્જી શકે નહિં, માછલાનો આધાર પાણી, રહેવાનું, ચાલવાનું, ઉંચે નીચે આવવા જવાનું પાણીથી, માછલાને સર્વજગોપર પાણી પાણી, પાણી વગરની જગ્યા ઉલટી અકળાવનાર. જેમ માછલાને પાણી વગરની જગ્યા અકળાવનાર, તેમ સ્થાવરની અહિંસા ગૃહસ્થને અકળાવનાર; માટી, મીઠું, પાણી, અગ્નિ, વનસ્પતિ કે વાયરા સિવાય વ્યવહાર શી રીતે કરવો ? જેમ માછલાને પાણી સિવાય અકળામણ, તેમ ગૃહસ્થોને સ્થાવરની વિરતિ કરવી એ અકળામણ. આ વાત ઊંડી સમજશો તો સમજશે કે-શાસ્ત્રકારે સાધુને ભિક્ષાવૃત્તિ કેમ કહી ? સાંભળવા આવે તેની પાસેથી ચપટી ચપટી લોટ માંગી લેવો, રાંધેલાની ભિક્ષાવૃત્તિ કરવી તે કરતાં કોરાની ભિક્ષાવૃત્તિ કરો. કોરાની ભિક્ષા કરે તો મીઠું

મરચું પાણી અગ્નિ સળગાવવો એ બધું કરવું પડે, ભિક્ષાવૃત્તિ ન હોય તો છકાયની હિંસા રોકી ન શકીએ. તેમ ગૃહસ્થને ભિક્ષાવૃત્તિ નથી તે સ્વાભાવિક છે. પોષધ લે તો પણ ગૃહસ્થને ભિક્ષાવૃત્તિ નથી. કુટુંબને પ્રથમથી જ સાવચેત કરી રાખો, અથવા ઘેર જાય, ગૃહસ્થને અનુમોદનની બંધી નથી, ચાહે જેમ હોય તેમ શ્રાવકને ભિક્ષાવૃત્તિ ખપતી નથી. દરિદ્ર, અંધ, પાંગળો હોય તેવા શ્રાવકને ભિક્ષાવૃત્તિ ખપતી નથી. ત્રણ પ્રકારે ભિક્ષા કહી છે-૧. સર્વસંપત્કરી, ૨. પૌરુષઘ્ની, ૩. વૃત્તિભિક્ષા.

ભિક્ષા કોણ માગી શકે?

પ્રથમ તો માગવાનો હક-પારકાની ચીજ મળે એ વિચારવાનો હક શો? મને આપો એ વિચારવાનો હક શો? એ હક તેને જ મળે કે જેણે પોતે છોડ્યું હોય, તમારો ઘોડો બાંધી રાખો ને પારકો ઘોડો ગામ જવા માટે લેવા આવો તો? અને જેને ઘેર ન હોય તે માગવા આવે તો આપો છો. તેમ જેઓ પરિગ્રહ રાખવાવાળા છે, આરંભના ત્યાગી નથી, તેવાને માગવાનો હક નથી. જેણે આરંભાદિક ત્યાગ કર્યા છે, રાખવું બંધ કર્યું છે, કુક્ષીસંબલ રાખ્યું છે, કેટલાક જાનવર બાકીનું રાખી મૂકે છે. પણ જાનવર ખાય તેટલું ખાય બાકીનું સંઘરી રાખે છે, માટે તેમ નહીં, પણ પંખીની ઉપમા આપે છે. યતિ હોય, સંનિધિ રાખવાનો નિષેધ હોય, બીજા દહાડા માટે રાખે નહીં, તેવાને માગવાનો હક છે. આ પાપારંભનો પોતે ત્યાગ કર્યો છે. રાત્રે રાખવાનો ત્યાગ છે, એ છતાં ધ્યાન, અધ્યયન, સ્વાધ્યાય, વિનય વૈયાવચ્ચ સમિતિ ગુપ્તિપાલન આદિ કરવાનું તે માટે ભિક્ષાની જરૂર છે. એવો છતાં ગુરુઆજ્ઞા બહાર હોય તેને સર્વસંપત્કરી ભિક્ષા નથી. કારણ છઠ્ઠ-અઠ્ઠમ-દસમ-દુવાલસ-માસખમણ-પાસખમણ વિગેરે કરી નિર્વાહ કરતો હોય અને ગુરુમહારાજની આજ્ઞામાં ન હોય તો અનંત-સંસારી છે. હવે ગુરુની આજ્ઞા માનતો હોય છતાં પણ પાંચ મહાવ્રતવાળો, ધ્યાનાદિક કરનારો હોય, આજ્ઞામાં છતાં અંદર પોલું હોય તો? અભવ્યમિથ્યાદૃષ્ટિઓ દિક્ષિત થતા હતા તે પંચમહાવ્રતાદિક કરતા હતા, પણ આ ભિક્ષા કરું છું તે પ્રથમ નંબરે ગૃહસ્થીના ઉપગાર માટે, બીજા નંબરે દેહ ઉપગાર માટે, આ ગાડા નીચે ચાલે ને બધો ભાર મારા ઉપર-એવી વાત કરવી છે. દાન લેવું છે, ક્ષુધા પોતાને શમાવવી છે, આહાર છ કારણે

ફળ કહે પણ એ કઈ દશામાં હશે કે હવે પધારો એમ ચોખ્ખું કહી દીધું. ઘોડાની જે ફીકર ન હતી તે કરતાં મહાપુરુષ લેપાયા તેની ફીકર થઈ. આ સ્થિતિએ દાન દેવાનું તેનું નામ મુધા દાઇ.

ગૃહસ્થના પરિચયની વિચિત્ર સ્થિતિ

તમારે ઘેર છોકરાને તાવ આવ્યો હોય કેમ? રીતિમાં આવો, આપણે કરીએ છીએ એ વાત છોડી દ્યો. **મુધાજિવી** પણામાં વાંધો છે? નહીંતર ચાહે તે સ્થિતિ જગતની હો, નાટક થઈ રહ્યું છે, કોઈ કેવો પાઠ કાઢે. તેમાં તારે શું? પણ જીવની વિચિત્ર સ્થિતિને લીધે ભગત ખબર રાખવાનું કહેતો નથી તો પણ પરિચયની સ્થિતિ ખેંચે છે. **મુધાદાઇ** પણું ગયું. દુનિયાદારીના લાભની દરકાર વગર જે લેવું-આપવું તે **મુધાદાઇ મુધાજીવી** છે. પરિચય એવી વિચિત્ર ચીજ છે, કે તેને ઘેર છોકરો આવ્યો, ઠીક થયું. આખા સંસારની અસંજમની અનુમોદના ગળે વળગાડી. શું લેવાદેવા હતા? તેમણે પરભવનો સંબંધ બાંધ્યો હશે તો ત્યાં જન્મ્યો. ગૃહસ્થપણામાં એક ઘર રોવાનું હતું, હવે ૧૧ ઘર પકડ્યા. શાથી? **મુધાજીવી**પણું બરોબર નથી. જન્મ-મરણ થાવ, દુનીયાના સ્વભાવ છે તે ચાલ્યા કરે છે. શાતા-અશાતા બાંધ્યા છે તે તે પ્રમાણે ભોગવવાનો, તેમાં કરમના નાટક યાદ ન લાવતા આ વસ્તુ આવે છે તે ખામી છે. ખામીને ખામી ન સમજે તો માર્ગ સમજ્યા નથી.

મુધાદાયી કરતાં મુધાજીવી દુર્લભ છે

મુધા-ફોગટ દેવાવાળા દુર્લભ છે તે કરતાં મુધા-ફોગટ જીવવાવાળાં નાગાપુગા સમજે છે. તે દુનિયાદારીની આશા ન રાખે તે મુધાદાઈ સહેલું છે પણ મુધાજીવી ઘણું મુશ્કેલ છે. મહારાજ ભણાવે છે, વખાણ વાંચે છે, એ લાઈન સારી હોવાથી દાનને અંગે સારી હતી પણ આ મુનિ મહારાજ તો ઘરની ગાંઠ ખોઈ ધંધો કરે છે. ગૃહસ્થના વ્યાપારમાં ચિત્ત લગાડવાનું તે સાધુપણાને શૂન્ય બનાવનાર છે, છતાં ચાલુ અધિકારમાં ગૃહસ્થપણું તેમાં પ્રથમ મુધાદાઈપણું હોય, તેથી ગૃહસ્થનું કલ્યાણ પહેલું, અને સાધુને ગોચરી લઈ સ્વાધ્યાય આદિ કરે ત્યારે મુધાજીવીપણું છે. મુધાદાઈપણું હશે તો કલ્યાણ છે. ગૃહસ્થે મુધા દેવાનો વિચાર કર્યો ત્યાંથી કલ્યાણ. જીરણ શેઠે દાણો પણ

દીધો નથી, છતાં બારમો દેવલોક બાંધ્યો. શાના પ્રતાપે? એક સુધાદાઈના પ્રતાપે. આપણે બારમો દેવલોક દેખીએ છીએ, પણ એ ક્રમ દેખજો. ચોમાસીને બીજે દહાડે ભગવાન પાસે ગયા, બાર વાગ્યા સુધી બેઠા. ભિક્ષા માટે ભગવાન નીકળ્યા નહીં. મહારાજ કાઉસિગ્ગ ધ્યાનમાં શબ્દ બોલતા નથી, સામું જોતા નથી, તૈયારી નથી કરતા, પોતે પૂછતા નથી કે ઉપવાસ છે કે ખાવાનું? પણ મહાપુરૂષને ધ્યાનમાં વિઘ્ન થાય માટે એ ન પૂછાય. ત્રીજો પહોર ખતમ થયો એટલે ઉપવાસ જણાય છે. બીજે દહાડે ૧-૨-૩ વાગ્યા સુધી ન નીકળ્યા તો છઠ્ઠ જણાય છે. ત્રીજે દહાડે વિચારે છે. ખરી ખૂબી અહીં દેખવાની છે. તે બોલતા નથી વાતચીત કરતા નથી. ગોચરી ટાઈમે નથી નીકળ્યા તો ઉપવાસ હશે. એમ ૧-૨-૩-૪ દિવસ સુધી સ્થિરતાથી બેસી રહે છે. 'જીરણ શેઠજી ભાવના ભાવેરે મહાવીર પ્રભુ ઘેર આવે.' એમ આપણે સહુ બોલીએ છીએ, પણ વાત લક્ષ્યમાં આવી? રોજ બોલે નહીં, ચાલે નહીં અને ગોચરી પધારે એ ભાવનાએ કેમ બેસી રહેવાય? એમ ચાર મહિના સુધી દરરોજ સ્થિરતા કરી. એમ ચોમાસી પૂરી થઈ. હવે જરૂર પારણું કરશે. કાઉસ્સગ્ગ પાર્યો. તે દિવસે પાર્યો તેથી આજે ગોચરી કરશે એમ જીરણશેઠ વિચારે છે. મહાવીર મહારાજા ચાર જ્ઞાનવાળા છે. ભાવના જાણે તે સ્વાભાવિક છે. આમ જીરણશેઠ ચાર મહિનાની ભાવના ભાવવાવાળો જાણવો, તેણે ભાવનાથી બારમા દેવલોકનું આયુષ્ય બાંધ્યું.

આજના દાતારની સ્થિતિ

આજકાલ અશન, કંબલ, પાત્ર બધા દુષિત લે તેવી સ્થિતિ ઊભી કરી છે. હું શુદ્ધ લઉં દઉં છું તેમાં અતિશયોક્તિ લાગે છે. પદ્ધતિ કેવી કરી દીધી છે તે વિચારો. અમુકના ઘરે છોકરો, વહુ, માણસ કેટલા? ફલાણો ત્રણ રોટલી ખાય છે—એમ ગણીને ચૌદ રોટલી જોઈએ તેટલો આટો બાંધે. તેમાં વાસી રહે કયાં ને કુત્તા ખાય ક્યાં? તમને અનુભવ નહીં હોય પણ પોસહ લે તો આજ ફલાણા નથી આવવાના એમ કહી ફટ પાંચ રોટલી ઓછી કરે, હવે કહો. સાધુને આ ખ્યાલ આવતો નથી તેથી દોષિત ગોચરી લેવાય છે. મહેમાન જમવા કદાચ ન આવે તો ગારું રાંધ્યું બગાડયું એમ કહો. ગણતરી બંધ રંધાય છે. પછી કહો અરધી રોટલી લઈએ તો અંતરાય. નવી કરો તો પશ્ચાત્કર્મ. તો-તી-તુંના માપનું હતું.

પહેલા કાળમાં દરેક ઘરમાં ભાત પાણી પ્રચૂર વધેલા જ હોય. ત્યાં શુદ્ધ ગોચરીનો વખત રહેતો. અનુકંપા–મહેમાન સમાવાનો વખત છે, અહીં અનુકંપા મહેમાન કે શુદ્ધનો વખત ક્યાંથી લાવવો? હવે પાણીમાં ચાલીયે. પ્રાચીનકાળમાં ગાયોના ગોકુળ ઉપર રિદ્ધિ ગણાતી. ફલાણાશેઠને આટલા ગોકુળ; દસ હજાર ગાયનું એક ગોકુળ તે ગોકુળવાળાને ઘેર જોઈએ તેટલું ગરમ પાણી હોય, કારણ? છાસમાં નાખવા, ગોળી સાફ કરવા ઉનું પાણી જોઈએ. જાનવરને ધોવા માટે ઊના પાણી હોય, પાંચ–સાત હાંડા તો તૈયાર હોય, પછી તેમાં દોષિતનો સંભવ નથી. પણ અહીં તમારે ઉનું પાણી પીવું મુશ્કેલ, પાડોશી પાણી માંગે તો પાણી પીવા જેટલું છે ત્યાં શું થાય? કોઈ એકાસણું કરવા આવ્યું હોય તો પહેલેથી કહેવું હતુંને? વધારે ઉકાળત.

ખાદિમ. સ્વાદિમનો સાધુએ ઉપયોગ કરવાનો નથી, પણ કદાચ જરૂર પણ પડે. પણ મહેમાન આવે ત્યારે ફલાણી દુકાનેથી લઈ આવો! તેમ કહો છો. ગૃહસ્થીના ઘરમાં અગાઉ બધી વસ્તુ સૂઝતી મળતી હતી.

હવે વસ્ત્રપાત્રને અંગે વિચારીએ. તમારે ત્યાં માટીના લાકડાના કે તુંબડાના પાત્ર પણ ન રહ્યાં, કપડાને અંગે તમારે કોરવાળા કપડા કરી દીધા. જે પ્રાચીન કાળમાં આખો પહેરવેશ કામ લાગતો હતો. ૫૦ વરસ પહેલાં કોર કઈ? તે સમજો. કસણી કોરો ચોડેલી હોય કે જે કામ પડે ત્યારે ઉખેલી નંખાય તેવી. તે જગોપર આજે બાઈઓને તથા ભાઈઓને ફેન્સી કોર છાપેલી વિગેરે જોઈએ છીએ. તો તે વસ્ત્રદાનની શુદ્ધિ શી રીતે સચવાય તે વિચારો. આવી રીતે અશન, પાન, ખાદીમ, સ્વાદીમ, વસ્ત્ર, પાત્ર વિગેરેમાં દોષોનો સંભવ આજકાલ વિશેષ જોવાય છે, તેથી સાધુઓને તે તે વસ્તુઓ નિર્દોષપણે મળવી મુશ્કેલ કરી દીધી છે.

જીરણ શેઠની સ્થિતિ અને ભાવના

પ્રાચીન કાલમાં જીરણ શેઠનું બગડયું ન હતું? પેલા મૌનદૃષ્ટિ કરે, જેવા આવ્યા તેવા પાછા જાય. ચાર મહિના સુધી જાય તે કેમ ટકાતું હશે? આજકાલ તો અહીં વંદન કરવા આવ્યા. તે વખતે મહારાજ સામું ન

જુએ તો મહારાજ અભિમાની છે. એમ કહી દ્યો છો, શ્રેણિકે પ્રસન્નરાજર્ષિને વંદન કર્યું. પ્રસન્નચંદ્રરાજર્ષિએ સામું ન જોયું તો અહો કેવા ધ્યાનમાં મગ્ન છે–તેમ ધ્યાનનું અનુમોદન કર્યું. શ્રેણિક સરખા રાજાએ સંધ્યાકાળે પોતાની નગરીમાં આવેલા પ્રસન્નચંદ્રરાજર્ષિને વંદન કર્યું ને તેણે સામું ન જોયું તો તે તરફ અનુમોદના કરી. આપણે વંદન કરવા જઈએ ને મહારાજે સામું ન જોયું હોય તો મહારાજને ન્યાલ કરવા જઈએ છીએ. વસ્તુસ્થિતિ કેમ લક્ષ્યમાં આવતી નથી ? વિચાર કરો ! જીરણ શેઠ ચાર ચાર મહિના સુધી આંટા ખાય છે, બેસે છે, ભગવંત સામું જુવે નહિં; વાત પણ નહીં, પણ તે પારણાની તૈયારી દેખી ઘેર ગયો. મહાવીર ભગવનના ચાર જ્ઞાન પર તેને ભરોસો હતો. પરિણામ સંપૂર્ણ ભગવાને જાણ્યા છે. ગોચરી જાય છે છતાં મહાવીર મહારાજે નવીન શેઠને ત્યાં પારણું કર્યું–તેમ સાંભળ્યું છે. આ વખતે શું થાય ? મહારાજને બોલાવવા આવ્યા, તમારે ત્યાં ન આવ્યા ને બીજે ગયા તો તમને તે વખતે કેમ થાય છે ? તે વિચારો ને જીરણ શેઠની હકીકત વિચારો. મનઃપર્યવજ્ઞાની ઉપયોગ મેલે તો તે જાણી શકે. જીરણ શેઠનું ઘર ક્યાં તે જ્ઞાનથી જોવાની જરૂર નથી. ઉપયોગ મૂકવાની જરૂર નથી એ સુધાદાઈ છે કે કેમ ? તે સાધુએ જોવાનું નથી. નવો શેઠ સુધાદાઈ ન હતો તેથી તેને દ્રવ્યવૃષ્ટિનો જ માત્ર લાભ છે. બીજો લાભ નથી. અહીં મહાવીર ભગવાન નિરપેક્ષતાથી નીકળ્યા છે. પારણું થઈ ગયું. ચાહે ત્યાં જવાય, ચાહે ત્યાં પારણું થાય, છતાં આ સ્થિતિ છે. જીરણ શેઠની ભાવના સમયે દેવદુંદુભિ વાગી. જીરણ શેઠે સાંભળી. મહાવીર મહારાજ, મહારાજ નહીં–એમ જીરણ શેઠના મનમાં આવ્યું ન હતું. પારણું થઈ ગયું સાંભળ્યું તો જ્ઞાની મહાપુરુષો ભાવ જાણી શકતા હતા તેમ વિચાર્યું, આપણામાં ને જીરણ શેઠમાં કેટલો તફાવત છે, તે આ કહેલી હકીકત ઉપરથી વિચારી લેજો. આપણે એક વખત આપણું ધાર્યું ન થયું તો કેવા મહારાજના વિરુધ્ધ થઈએ છીએ ? મહારાજે આટલુંએ ન માન્યું. પરિણતિઓ ક્યાં રહે છે તે તપાસો, આપણી છાછરી સ્થિતિઓ થાય છે. અહીં ત્રણ ત્રણ પહોર સુધી ચાર મહિના તક મુંગા બેસી રહેવું. તેઓ જ્ઞાની હતા તેથી પૂછવાનું ન હતું. સીધા જઈ શકે તેવા હતા. શ [illegible] ભેવું જબરૂ હોય કે અજાણ્યા ભાતુ મૂકે તો પણ [illegible] સી [illegible] લ્યું આવે. નાકથી તરત માલમ પડે, આ દૃષ્ટાંત [illegible] જ [illegible] વાનને

જ્ઞાન હતું છતાં તેને ઘેર ન ગયા, અમે તો ઘર માલમ નથી એમ કહીએ. ભગવાનને તેમ ન હતું, પણ સાચા ભગતને કાંઇ ન લાગે, એને તો એક જ કે મારી ફરજ ભકિતની છે.

સર્વસંપત્કરી ભિક્ષા

મુધાજીવી મુધાદાયકો નિષ્કામ વૃત્તિવાળા મુશ્કેલ, કદી એ મળી જાય તો પણ મુધાજીવીપણું મળવું મુશ્કેલ. પહેલો લાભ મુધા દાઇ મેળવે, મુધાજીવી પછી મેળવે, તે કારણથી गृही देहोपकाराय એટલે ગૃહસ્થના ઉપગાર માટે તીર્થંકર મહારાજે ભિક્ષા-વૃત્તિ કહેલી છે. આવા પવિત્ર આશયથી ભિક્ષા ફરે તો સર્વસંપતકરી ભિક્ષા જાણવી.

ગૃહસ્થને ભિક્ષા નથી

દીક્ષા લીધી. દીક્ષાના આચાર ટોલ્લે મૂકી ફરે તે પૌરૂષઘ્ની, બીજું કંઇ કામ ન થઇ શકે તેવા અપંગ ભિક્ષા માગે તો વૃત્તિ ભિક્ષા. હવે પૌષધવાળા ભિક્ષા માગે તો કઈ ભિક્ષા ? માટે ગૃહસ્થને યાચના કલ્પતી નથી, તો પછી માગવાનો અધિકાર તેને જ છે કે જે ઘર ત્યાગ કરી નીકલ્યા છે. શ્રાવકની બાર પ્રતિમા છે તેમાં અગીઆરમી પ્રતિમામાં ભિક્ષા કહેલી છે. તે પોતાના કુટુંબમાંથી ભિક્ષા કહેલી છે પણ બહાર નહીં, કહેવા કોઈ આવે તો સાધર્મિક ભકિતમાં ગણાય, પણ યાચના નથી.

ગૃહસ્થપણું માછલા સાથે જળનો સંબંધ તેમ છ કાયના કૂટાના સંબંધવાળું છે. તિર્યંચો સર્વવિરતિ પામી શકતા નથી તો તેમને મોક્ષ નથી માટે મનુષ્યપણામાં તે સર્વ વિરતિ રૂપ ધર્મ છે. તિર્યંચને ભવાંતરમાં દેશ વિરતિ હોય, જાતિ સ્મરણ થાય ત્યારે પચ્ચખાણ કરી લે ખરા ૧૧-વ્રત તિર્યંચમાં માનો. ગૃહસ્થપણામાં જેમ ધર્મ તેમ તિર્યંચમાં પણ ધર્મ છે તેમ માનવું જોઇશે. તિર્યંચમાં સર્વ વિરતિરૂપ ધર્મ નથી. આથી સંસારમાં મનુષ્યપણું દુર્લભ છે. મનુષ્યપણામાં તે ધર્મરત્નની પ્રાપ્તિ તેની વૃદ્ધિ તથા તેનું સંપૂર્ણ ફળ મેળવી શકાય છે, તે માટે તે મનુષ્યપણાની દુર્લભતા જણાવી. તે તમોને મલ્યું છે. હવે ધર્મરત્ન માટે કયો પ્રયત્ન કરવો તે શ્રાવકના ૨૧ ગુણો કયા તે વગેરે અધિકાર અગ્રે બતાવવામાં આવશે.

☆

પ્રવચન ૨૧ મું

શં. ૧૯૯૦ અષાડ વદી બીજી ૧૨ સોમ

ધર્મરત્ન માટે ત્રણ ગતિ નકામી

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને કરતાં કથાં આગળ જણાવી ગયા કે આ અપાર સંસાર સમુદ્રમાં મનુષ્ય ભવની પ્રાપ્તિ જ દુર્લભ છે, અહીં શંકા કરી ગયા કે આ ગ્રંથમાં ધર્મરત્નનું નિરૂપણ કરવું છે, તો ધર્મરત્નની યોગ્યતાનો નિર્ણય કરવા ૨૧ ગુણો કહેવા વ્યાજબી હતા. વચમાં મનુષ્ય ભવની દુર્લભતા લાવવાની જરૂર ન હતી, પણ ચારે ગતિમાં ધર્મરત્નને લાયક કોઈપણ ગતિ હોય તો કેવળ મનુષ્યની જ ગતિ છે. બીજી ત્રણ ગતિમાં સમ્યગ્દર્શન કે જ્ઞાન એ બે જ રહેલા છે ને તે મોક્ષમાં ઉપયોગી છે. સમ્યગદર્શન અને જ્ઞાન વગર કોઈપણ ચારિત્રવાલો મોક્ષે જતો નથી. તેથી ચારિત્રની માફક સમ્યગદર્શન અને જ્ઞાન ઉપયોગી છે, નિરૂપયોગી નથી, છતાં તેને લાયક નારકી તિર્યંચ અને દેવતા છે. એ કબૂલ્યું યાવત્ તિર્યંચની ગતિમાં દેશવિરતિ રૂપ પાંચમું ગુણઠાણું નક્કી કરો છો, તિર્યંચગતિમાં જ્ઞાન દર્શન અને દેશ વિરતિ કબૂલ કરો તો એ ત્રણમાં ધર્મ કેમ ન માનવો? જો જરૂર ન હતી તો અહીં અપાર સમુદ્રમાં મનુષ્યભવ દુર્લભ છે, એ કહેવું અપ્રાસંગિક હતું. ધર્મરત્નને એકલા મનુષ્ય સાથે સંબંધ નથી, સમ્યગજ્ઞાન, દર્શન પણ ધર્મરત્નનો એક ભાગ છે. દેશવિરતિ તિર્યંચ ગતિમાં હોય, એ પણ ધર્મરત્નનો અંશ છે, માટે મનુષ્ય માત્રની દુર્લભતા ન રહી, આ શંકાના સમાધાનમાં ઈસારો કર્યો હતો. છોકરો સ્કૂલમાં નામું શીખે, રકમો સાચી ઉતારે, પણ નામું ખોટું ઉતારે હજાર-પાંચસો બેંતાલીસ, સુડતાલીસ, વિગેરે જમે ઉધારમાં મેળવવાની બરોબર, પણ જેને ખાતે જમે કર્યા હોય કે ઉધાર્યા હોય તેમાં આપવા લેવાના હોતા નથી. જોખમદારી કે જવાબદારી એ લેતો નથી. શીલક સરવાળો સાચું હોય, આંકડો, રકમ સાચી પણ નામું શીખવા તરીકે હોવાથી ખોટું, તેમ દેવતા, નારકી, તિર્યંચમાં નામું આંકડા બરોબર પણ નામે બરોબર નથી. એમ નારકી, દેવતાની ગતિમાં, સમ્યગદર્શન અને જ્ઞાન છે, પણ પ્રવૃત્તિની જોખમદારી, જવાબદારી બની શકતી નથી. આશ્રવ

છોડવા લાયક ગણે, પણ એકે આશ્રવ છોડે નહીં, સંવર આદરવા લાયક ગણે પણ એકે સંવર આદરે નહિં. સમ્યગદર્શન જ્ઞાન–ચારિત્રને મોક્ષના કારણ માને પણ આદરે નહીં, હિસાબથી સાચું પણ આશામીની અપેક્ષાએ ખોટું. માત્ર શ્રદ્ધા અને જાણવાની અપેક્ષાએ સાચું પણ આદરવાની અપેક્ષાએ સાચાપણું નથી. માટે તે ત્રણ ગતિ છોડી અને માત્ર મનુષ્યગતિ જ ધર્મરત્ન મેળવવા માટે કામની કહી.

ક્ષાયિક ગુણો મનુષ્ય ગતિમાં જ ઉત્પન્ન થાય

જ્યાં રાંધવા માંડયું અને રંધાયું નહીં, ત્યાં બાયડી રસોઈ કરી ઊઠી; એમ બોલે નહિં. જ્યારે રસોઈ પૂરી થાય ત્યારે પૂરી ગણાય. તેમ સમ્યગદર્શન, જ્ઞાન–ત્રણ ગતિમાં જે થાય તે અધુરા કેમ? સમ્યગદર્શનમાં મોક્ષનો માર્ગ કયો? ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયોપશમિક તો ક્ષાયિકનું કારણ, મોક્ષની પ્રાપ્તિ ક્ષાયિક ગુણોથી થાય. ક્ષાયિક સમ્યકત્વ ચારે ગતિમાંથી માત્ર મનુષ્ય ગતિમાં જ થાય, અહીંથી લઈને બીજે જાય, જો કે નારકી, દેવતામાં ક્ષાયિક હોય, પણ તે એની ઉપાર્જન કરેલી મિલકત નહીં. વડીલોપાર્જિત મિલકત હોય તેમાં અને ભુજોપાર્જિત મિલકત હોય તેમાં ફેર પડે છે. તેમ દેવતા નારકીમાં ક્ષાયિક સમ્યકત્વ હોય છે પણ તે મનુષ્યભવનું ઉપાર્જન કરેલું હોય છે. મનુષ્યભવ સિવાય ક્ષાયિક સમ્યકત્વ થતું નથી. પહેલો જ પાયો ક્ષાયિક સમ્યગ્દર્શનનો, તે ત્રણ ગતિમાં થતો નથી, હોતો નથી એમ નથી કહેતા. તિર્યંચ ગતિમાં હોતું નથી. આપણે તત્વ કેટલું? જે મૂળ પાયો ક્ષાયિક મનુષ્યગતિ સિવાય બીજે બનતો નથી, પણ બીજે હોય છે ખરો, પણ કેવળજ્ઞાન રૂપી પાયો તે મનુષ્યપણા સિવાય બીજે હોય નહીં. કેવળજ્ઞાન એ આત્માનો ધર્મ છે. તે ગમે ત્યાં આત્મા હોય ત્યાં પોતાનો ધર્મ પ્રગટ કરે તેમાં અડચણ શી? દીવો જ્યાં હોય ત્યાં અજવાળું કરે ચાહે મેડે હોય, ચાહે ભોંયતળીયે હોય કે ભોંયરામાં હોય, દીવાનો સ્વભાવ અજવાળું કરવાનો છે, તેથી જ્યાં હોય ત્યાં અજવાળું કરે, તેમ આત્મા કૈવલ્ય સ્વરૂપ છે, ગમે ત્યાં અજવાળું કરે, પણ વાદળામાં ઢંકાયેલો સૂર્ય શું કરે? દીવાનો સ્વભાવ ઉદ્યોતમય પણ આગળનું કમાડ ન ઉઘડે તો શું થાય? કમાડ ઉઘાડવા જોઈએ, વાદલા વિખેરવા વાયરો જોઈએ. તેમ આત્માનો સ્વભાવ કૈવલ્યમય છે, ચારે ગતિમાં સરખો આત્મા છે,

પણ લાગેલા કર્મ તોડવાની તાકાત મનુષ્ય ભવ સિવાય બીજા ભવમાં છે નહિં. કેવળજ્ઞાન અવરાયેલું છે. કેવળજ્ઞાનાવરણીય કર્મ ખપાવવાની તાકાતે જે ભવમાં હોય તે ભવમાં ચોક્ખું બહાર પડે. પવન જોસભેર ચાલે ત્યાં વાદળાં ખસી જાય, ત્યાં ઉદ્યોત થાય. અહીં પણ આત્મા શુદ્ધ ચિદાનંદ કૈવલ્ય સ્વરૂપ થતાં જ્ઞાનાવરણીય રૂપી વાદળા લાગેલા છે તેને ખસેડવાનાં સાધનો જ્યાં હોય ત્યાં જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય અને કેવળજ્ઞાન થાય. વાદળાં ન ખસે તો સૂર્યનો તડકો પડે નહીં. કમાડ ન ઉઘાડાય તો ઉદ્યોત સ્વભાવ છતાં અજવાળું પડે નહિં. નારકી–દેવતા–તિર્યંચમાં આત્મા જ્યોતિ સ્વરૂપ છે, પણ ત્રણ ગતિમાં જ્ઞાનાવરણીય દૂર કરવાનું સાધન નથી, અહીં જ્ઞાનાવરણીય દૂર કરવાનું સાધન કયું? વીતરાગપણું, યથાખ્યાત ચારિત્ર તે તો દૂર રહ્યું, પણ ચારિત્ર નામ પણ દેવતા નારકી કે તિર્યંચ ગતિમાં નથી, એ નહીં હોવાથી દેવતા નારકી અને તિર્યંચ ગતિમાં ધર્મરત્નની સંપૂર્ણ પ્રાપ્તિ થઈ શકતી નથી, તેથી મનુષ્યભવમાં જ તેની પ્રાપ્તિ છે.

મગરુબીથી બોલાતો સંસારી શબ્દ

આ અપાર સંસાર સમુદ્રની અંદર, ભવસમુદ્ર, સંસાર સમુદ્ર એટલે જન્મ, મરણ, જરા, કરવાનું જ ખાતું. સંસાર શબ્દ બોલીએ છીએ; પણ તેનો વિચાર આવતો નથી, નાનો છોકરો ગાંડો કે ડાહ્યો ન સમજતો હોય તો કહીએ કે તું ગાંડો છું. એમ બોલ તો અર્થ વિચાર વગર બોલી દે, તેમ આપણે ભવ–સંસાર બોલીએ છીએ. પણ તેના અર્થો વિચાર્યા નથી. કોઈને રખડેલ કે રખડું કહે તો કજીયો થાય. તો સંસાર શબ્દનો અર્થ રખડતો, ભમતો, ભટકતો, અમે સંસારી છીએ–એમ ઘણીવાર કહો છો, આ શબ્દો બોલાતા જાણે મગરૂબી થાય છે. પણ અર્થનો ખ્યાલ નથી કર્યો, તેથી આ શબ્દો બોલાય છે, ગાંડાપણાનો, ભટકતો છું, રખડતો છું, એવો એકરાર કોણ કરે? બાળક બાળકપણું હલકું સમજતો હોય તો, બાળક પણ તેનો એકરાર કરવા તૈયાર ન થાય. તેમ સંસાર–શબ્દના અર્થમાં વિચાર કર્યો હોય તો પોતાની જીભે એ કહેવા તૈયાર નહીં થાય. તમે સંસારીપણાની ભૂલ સમજ્યા હો તો ભૂલનો પોકાર કરતાં વિચાર આવવો જોઈએ. ભૂલનો એકરાર કરતાં કાળજું ધડકે છે ખરું? તેમ સંસાર શબ્દનો

ભાવાર્થ વિચાર કર્યા વગર બોલાય છે, રખડઉ ને રખડઉ કહે તો બચાવ કરવા ઊભો થાય છે, પણ પોતે રખડઉ ઠરવા માગે એવું નહીં બને, અહીં પોતે રખડઉ કહે છે.

પુણ્યશાળીને મરણ એ મહોત્સવ છે :

'सृ' ધાતુનો અર્થ સરકવું, લપસી પડવું, ખસવું, 'सम्' અત્યંત, એકલો મૂર્ખ નહીં પણ મૂર્ખનો શેખર, તેમ અત્યંત સરકવું, અનાદિકાળથી જેમાં સરક્યા કરવાનું છે. જે જે સ્થાનકેથી તમો ગયા ત્યાંથી, ત્યાંથી ખસ્યા, તેમાં દલાલ ઘેર-ઘેર ભટકે. તેને રખડઉ ન કહીએ, કારણ કંઈક મેળવે છે. કાંઈ પણ મેળવી લાવે તો રખડઉ ન કહેવાય. જો ભવેભવથી કંઈ કંઈ લેતો હોત તો રખડેલ ન કહેવાત, આ તો મેળવે એ મેલે, ભવોભવ નીકળે ત્યારે બધું મેલે. 'મીંયા ચારે મુઠ્ઠી મુઠ્ઠી, અલ્લા ઉઠાવે ઉઠે.' આપણે જે મહેનત કરી મેળવ્યું તે મૂકવાનું પલકારામાં, દરેક ભવે શું કર્યું ? કયો એવો ભવ છે કે જેમાં મેળવી મેલ્યું નથી. મેળવતા, મેળવતા ચાલ્યા જાવ છો. ખાલી આવો છો તો ખાલી ફરનારને રખડતો-ભટકતો જ કહેવાય. દરેક ભવમાં આહાર કરી શરીર બાંધ્યું. ઈંદ્રિયોએ આપણને વધાર્યા, પાળ્યા, પોષણ કર્યા. કયા ભવમાં શરીર તથા ઇંદ્રિયનું પોષણ નથી કર્યું ? આનું પોષણ કર્યા વગરનો એકપણ ભવ નથી, તેમ એકપણ ભવમાંથી મેલ્યા વગર નીકળ્યો નથી. શરીરાદિ દરેક ભવે મળ્યું અને મેલ્યું, કસ્તુરીની દલાલીમાં કંઇ ન કમાએ તો સુગંધીની મોજ તો કરી, અમે કંઈ ન મેળવ્યું પણ ત્યાં ભવમાં મોજ તો કરીને, તેમ મેળવી મેલ્યું પણ તેટલો ટાઇમ મોજ તો કરીને ? જે મેળવેલું મેલ્યું તેમાં પાછળ અડચણ ન હોય તો ઠીક પણ મેળવેલું મેલ્યું પણ ખાસડા ખાતા મેલ્યું, એક પણ વખત હાય હાય કર્યા વગર મેલ્યું છે ? વોસિરે વોસિરે કહ્યું છે ? મેળવેલું મેલ્યું તે પણ ખાસડા ખાતા મેલ્યું છે. મરણ પુન્યશાળીને પણ ઓચ્છવ છે. ગરીબના છોકરાને રાજગાદીનો અધિકાર લેવા મહેલમાં જવું એમાં અફસોસ હોય નહીં, આ મનુષ્ય ગતિ કે તિર્યંચ ગતિમાંથી દેવતાની ગતિમાં જવાનું છે. તેમાં અફસોસ હોતો નથી. મને સારી ગતિ મળવાની છે, મેં પાપ કર્યું નથી, સારૂ કામ કર્યું છે. ફોજદાર આવે ત્યારે ચોરની છાતિ ધડકે છે, મોગતવાલાને હર્ષ થાય છે. પુન્યના પવિત્ર કાર્યો કર્યા છે તેમને

આનંદ આવે છે, આખી જિંદગી તપાસતાં સત્કાર્ય થયા નથી. દુષ્કાર્ય થએલા છે તો મોતરૂપી સિપાઈ આવે તો છાતી કેમ ન ધડકે? એમ વોસિરે વોસિરે કરી ઓચ્છવ સહિત ક્યારે છોડયું? દરેક વખતે ખાસડા ખાધા છે. ભાડુતીઘર લીધું અને કોરટમાં નુકશાની કરવી પડી. તો જે ભવ અનુભવીએ છીએ તેમાં આપણી પુન્યાઇ ખવાય જાય છે, મરતી વખતે પાછલા મોંકાણ પછી માંડે પણ પેલી મોંકાણ આપણે મરનાર કરીએ, કોઇ પ્રકારે બચું, અરરર-પાછળનાનું શું થશે, હું કંઇ ગતિમાં જઇશ, મેં ઘણા પાપ કર્યા છે આવી રીતે દરેક ભવમાં ભમતો આવ્યો. તો ભમતો, રખડતો, ભટકતો ન કહેવો તો કેવો કહેવો?

ધર્મરત્ન બે બાજુ કાર્ય કરનાર

સંસાર રખડવાનું સ્થાન છે. તેમ નહીં પણ અત્યંત સાર છે જેમાં એવો અર્થ છે, સમ્યગ્ અર્થ હતે તો શું ન બને? સમ્યગ્દર્શન કહીએ પણ સંજ્ઞાન કે સંદર્શન કે સંચારિત્ર નથી કહેતા. सं. ઉપસર્ગ ધાતુના યોગે હોય તે सृ ધાતુને सं ઉપસર્ગ લાગવાનો, તેથી અત્યંત ભટકવાનું–એવો જ અર્થ થાય. કહેવાનું તત્ત્વ એ કે સંસાર શબ્દ આપણી સ્થિતિ જાણવાને બસ છે. હું ભટકતો ભૂત જંગલમાં ભૂલા પડયા હોઇએ ને કોઇને હું ભૂલો પડેલો છું એમ કહીએ છીએ તેમ જિનેશ્વર આગળ હું સંસારી રખડતો છું, તેને જન્મો વારંવાર લેતા લેતા મનુષ્યનો જન્મ મળવો મુશ્કેલ હતો. તે જન્મ મલી ગયો છે, છતાં નાના બચ્ચાના હાથમાં આવેલો હીરો કાંતો ટીચવા, કાં તો ચાટવા કામ લાગે, તેમ આપણા હાથમાં આવેલો મનુષ્યભવ ચિંતામણિરત્ન સમાન છતાં કયા કામમાં લાગે છે? પેલા બાળકને નેત્ર કે રસના ઇન્દ્રિય પ્રબળ, આપણે પાંચે ઇન્દ્રિયો પ્રબળ, તો પાંચમાં કામ લાગે છે, આ જીવ ચિંતામણિ રત્ન સરખા આ ભવનો સદુપયોગ કરવા તૈયાર થતો નથી. માટે આ ભાવ મળવો મુશ્કેલ હતો એટલું જ નહીં પણ આ સંસારમાં ધર્મરત્ન પામવું અત્યંત મુશ્કેલ છે. તલવાર શત્રુનો નાશ કરે ને આપણું રક્ષણ કરે, તેમ આ ધર્મરત્ન બેધારી તરવાર બે બાજુ કાર્ય કરે, ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટિનો નાશ કરે. એક ઘામાં બે કામ કરે, તેમાં પણ શાસ્ત્રકાર કહે છે કે ઇષ્ટપ્રાપ્તિ એ આત્માની સ્વાભાવિક ચીજ છે. ઇષ્ટની

કરો એ દ્વારાએ પ્રવર્તિ કરાવતા નથી. ઇષ્ટ સાધન જણાવી પ્રવર્ત્તિ કરાવે, અનિષ્ટ સાધન જણાવી નિવૃત્તિ કરાવે, દાન, શીલ, તપને ભાવ કરો એમ કહેવાની જેટલી જરૂર નથી, તેટલી જરૂર તેના ફળ દેખાડવાની છે. હિંસાદિકથી જે ફળ મળે તે દેખાડી તેની નિવૃત્તિ કરાવાય છે. ફળ દેખાડી પ્રવૃત્તિ-નિવૃત્તિ કરાવે છે, ધર્મરત્ન લ્યો એમ નથી કહેતા, આ ધર્મરત્ન અનર્થને હરણ કરનારૂં છે. જો તમારે અનર્થનો નાશ કરવો હોય તો ધર્મની જરૂર છે. જગતમાં કિંમતીપણું સમજ્યો કે લાલચ થઈ, કિંમતીપણું ન સમજે તો લેતો નથી. લેવામાં કિમતીપણું કારણ, તેમ અહીં ભવ્ય જીવે ગ્રહણ કરવા લાયક હોય તો શું બતાવવાનું? ઇષ્ટ પ્રાપ્તિનું કારણ અથવા તો અનિષ્ટ નિવારણના નામે ગ્રહણ કરાવે છે, આત્માના સ્વરૂપની અપેક્ષાએ ઇષ્ટ પ્રાપ્તિ કોઈ ચીજ નથી.

દીવો તૈયાર છે અજવાળા માટે માત્ર બારણું આડું છે. તેને દીવાસળી, કોડિયા, દીવેલ, દીવેટની જરૂર નથી, કમાડ ખોલ્યું કે અજવાળું, તેમ આત્માના સ્વભાવે દર્શનજ્ઞાનનું ક્ષાયિકપણું, વીતરાગપણું વિગેરે પ્રગટ થાય.

સ્વરૂપે સર્વ આત્મા કેવલ જ્ઞાનાદિકવાળા છે :

ચાહે અભવ્યનો, મિથ્યાત્વીનો કે નિગોદનો આત્મા હોય, એક પણ આત્મા એવો નથી કે જેને સત્તાથી કેવલજ્ઞાન, દર્શન કે વીતરાગપણું નથી. જેવું સિદ્ધમાં તેવું નિગોદીયામાં અભવ્યમાં કે મિથ્યાદૃષ્ટિમાં છે. તો સિદ્ધ અને નિગોદીયા સરખા? ખાણમાંથી સોનું નીકળ્યું તેની લગડી કરી. તે સોનું રેતમાં ભળેલું છે. સોનું તેની જાત એક, જાતમાં ફરક નથી, ફરક માત્ર પેલામાં માટી કે ઇતર ધાતુ ભળેલી છે, આ લગડીમાં માટી ભળેલી નથી. સિદ્ધનો આત્મા કરમના કચરાથી ભળેલો નથી. ને આ આત્મા કરમના કચરાથી ભળેલો છે. જેમ જાતથી સોનામાં ફરક નથી, તેમ સિદ્ધ અને નિગોદના આત્માની જાતમાં ફરક નથી. કદાચ કહેશો કે ભવ્યના આત્મા કોઈ દહાડે સિદ્ધિ પામશે તેથી તેમાં કેવળ છે—એમ માનીએ પણ જાતિ ભવ્ય કે અભવ્યના આત્મામાં તે પ્રગટ થવાનું નથી, તો છે એમ કેમ માનવું? ભલા જે મોક્ષે જવાના નથી તેને અંગે જણાવવાનું કે જ્યાં ત્રસપણું જ કોઈ વખત પામતા નથી તેવાને માટે તેમાં અનંત-જ્ઞાન-દર્શન-ચારિત્ર માની શકે નહીં?

ચાહે જાતિભવ્ય હોય અભવ્ય હોય કે નિગોદનો આત્મા હોય, દરેક આત્મા કૈવલ્યજ્ઞાન વીતરાગ સ્વરૂપ જ છે.

તેમા નવું શાથી ? અભવ્યને કેવલજ્ઞાનવરણીય, માનીશ કે નહિં ? અભવ્યને જ્ઞાનાવરણીયની ચાર પ્રકૃતિ માનીશ કે પાંચ ? તો કે પાંચ જરૂર માનવી પડશે. તેમ દર્શનાવરણીયમાં કેવલ દર્શનાવરણીય માને મોહનીયને અંગે સમ્યકત્વ વિગેરે માને, તો કેવળજ્ઞાનાવરણીય છે, નહિ તો રોકશે કોને ? કેવળ સ્વભાવ માનીએ તો જ કેવળ રોકાયું મનાશે. અપ્રત્યાખ્યાની કષાયે પ્રત્યાખ્યાનને રોકયું. કયાં ? સંજવલન કષાયે વીતરાગપણું રોકયું. કયાં ? જો વીતરાગપણું નથી તો રોકયું કયાં ? માટે અભવ્યનો આત્માપણ કેવળજ્ઞાન–દર્શન વીતરાગતા સ્વરૂપે છે.

દરિયાના તલે પડેલી સોનાની ખાણુ, તે સોના તેનો ઘાટ–ઘડામણ નહીં તેમ અભવ્યના આત્મામાં સ્વરૂપે કેવળજ્ઞાન રહ્યા છતાં તે કર્મ ખસવાના નથી અને પ્રગટ થવાના નથી. તે છતાં સ્વરૂપે છે એમ કહેવું પડશે. આથી આત્માનો સ્વભાવ–કેવળજ્ઞાન, દર્શન–વ્રત, પચ્ચખાણુ, વીતરાગપણું તો આત્માને નવું પામવાનું નથી. માત્ર આવરણુ ખસેડવાની જરૂર છે. માટે સત્ય ધર્મરૂપી રત્ન–અનર્થ હરણુ કરનાર તે પામવું મુશ્કેલ છે. હવે તેનું કંઇ સાધન ? કેટલાક સાધનો સ્વભાવ અને લાયકાત પર આધાર રાખે છે. કોલેજમાં ઊંટ, ગધેડા મોકલી આપો તો પ્રોફેસર શું કરે ? એ ત્યાં બાર વરસ રહે તો પણ કંઈ ન વળે, તો પ્રોફેસરની દાનત ખરાબ છે ? ના, કંઈક તો પાત્ર જોઇએ. પ્રોફેસર શિક્ષણુ આપવા માગે તેમાં શિક્ષણુ લેનારની લાયકાત જોઈએ. તેમ ધર્મરત્ન મેળવવામાં પણુ લાયકાત જોઇએ. તે કઈ લાયકાત ? તો કે ૨૧ ગુણોની. તે ગુણોથી લાયકાત કેમ આવે છે તે વિગેરે અધિકાર આગળ જણાવવામાં આવશે.



પ્રવચન ૨૨ મું

અષાડ વદી ૧૩ મંગળવાર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને રચતાં થકાં આગળ જણાવી ગયા કે–આ અપાર સંસાર

સમુદ્રની અંદર મનુષ્ય ભવની પ્રાપ્તિ થવી બહુ દુર્લભ છે. કાલે કહી ગયા કે ધર્મનું સ્વરૂપ ધર્મને લાયક ગુણો બતાવે તે પ્રતિજ્ઞાનુસાર હતું. પણ મનુષ્ય જન્મની દુર્લભતા જણાવવાની જરૂર શી હતી? અનર્થ હરણ કરનાર ધર્મરત્ન મળવું દુર્લભ છે એ પ્રકરણને અંગે બોલવું વ્યાજબી હતું. પણ સંસાર સમુદ્રમાં મનુષ્યપણું દુર્લભ છે. આ હકીકત કહેવાની જરૂર ન હતી. કારણ પ્રથમ કહી આવ્યા છો કે ધર્મરત્નના અર્થી જીવોને કંઈક ઉપદેશ આપું છું, તો પછી મનુષ્ય ભવ અને ભવ સમુદ્રને અંગે સંબંધ શો હતો? જેથી પહેલાં **वभजलहिम्मि अपारे** એ પદ કહ્યું? વાત ખરી, એટલા માટે જ **अपि** શબ્દ મૂક્યો છે, **अपि** શબ્દથી મનુષ્યપણું નવું પામવાનું નથી, પ્રાપ્ત થએલું છે, પણ પ્રાપ્ત થએલાની કિંમત બતાવીએ છીએ. અર્થાત સામાન્ય દૃષ્ટાંત કહ્યું હતું.

ખાવાનું ન મળે તો ખાજાનો ભુક્કો ખાય

પાદશાહે પૂછ્યું કે આ દૂબળો દૂર્બળ કેમ? તો ઉત્તર આપ્યો કે તેને ખાવાનું મળતું નથી. પાદશાહે કહ્યું કે ખાવાનું ન મળે તો ખજાનો ભૂકો ખાય. પાદશાહે સાચું કહ્યું પણ પોતાની અપેક્ષાએ સાચું છે. કેમ? તો કે એને ખાજાનો ભૂકો ફેંકી દેવાની ચીજ, બાળપણથી ખાનદાનીમાં ઉછર્યો છે, તેથી ખજાનો ભૂકો એણે ખાધો નથી. મહેમાન આખો લાડવો ખાવાના નથી પણ આખો પીરસવો પડે છે. ટુકડા પીરસાતા નથી. કારણ એજ કે ઉચિતતા એ હતી કે અખંડ વસ્તુ આપવી. તેમ પાદશાહ ખાજાના કકડા કરી ખાય, આખું ખાજું કોઈ ખાતું નથી, છતાં ભાણામાં આખું ખાજું અખંડ પીરસાય. ખાતાં જે ભૂકો પડે તે લે નહીં. પાદશાહની અપેક્ષાએ ખાજાનો ભૂકો ફેંકી દેવાની ચીજ, તેથી પાદશાહ પોતાની અપેક્ષાએ સાચું જ કહે છે, કે ન મળે તો ખાજાનો ભૂકો ખાય. પણ પોતાની દૃષ્ટિ ન રાખતાં આખા જગતની દૃષ્ટિએ જુએ તો ખાજાના ભુક્કાની દુર્લભતા માલમ પડે. જ્યારથી સમજુ થયો ત્યારે ખાજાનો ભૂકો એ કંઈ ચીજ જ નહીં. પણ જગતની દૃષ્ટિએ જુએ તો ખાજાનો ભૂકો દુર્લભ માલમ પડે. જ્યારથી સમજણા થયા ત્યારથી મનુષ્યપણાનું ખોળીયું જોઈએ છીએ, આ જીવ પણ જ્યારથી સમજણો થયો ત્યારથી શરીરને જ દેખે છે. તેથી આ

ની કિંમત નથી વસી પણ તે ક્યાં સુધી? જેમ પોતાની
ને અંગે વિચારે ત્યાં સુધી જ ખાજાની કીંમત નથી, પણ જગતની
ની અપેક્ષાએ વિચારે તો ખાજાનો ભૂકો મળવો મુશ્કેલ દેખવો
ુશ્કેલ આપણે પોતાની વર્તમાન દૃષ્ટિએ દેખીએ ત્યારે મળેલા
પણાની દુર્લભતા માલમ નહીં પડે. સમજણ સાથે ખોળીયું મળેલું
ી આપણને આપણી દૃષ્ટિએ માલૂમ પડવાની નહીં, પણ જગતની
માલમ પડે ત્યારે દુર્લભતા સમજે, ઘઉંનું કે ઘીનું નામ
ાવાનું નથી, તેવાને ખાજાની દુર્લભતા કેટલી તે માલમ પડે; તો
ાવની દુર્લભતા કેટલી તે માલમ પડશે.

માં આપણે જ કેમ અપૂર્વ વસ્તુ મેળવી?

આપણે પણ જીવ છીએ, ઝાડના ફળ, ફૂલ વગેરે પણ જીવ છે.
ે અહીં કેમ આવ્યા? તે ત્યાં કેમ ઉત્પન્ન થયા? કહો કે
ે કંઈપણ પુન્ય કરેલા, તે પુન્ય સહેજે બને તેવા હોય તો તે
ને પણ પુન્ય થઈ ગયા હતે, તે જીવોએ પુન્ય નથી કર્યાં, તેથી
ડ વગેરેમાં ગયા, તો આપણે તેથી વધારે અને મુશ્કેલીવાલા
ર્યાં ત્યારે અહીં આવ્યા છીએ. સર્વ જીવોના પ્રયત્નથી જે ચીજ
ની તે પહેલા ભવના પુન્યથી બની ગઈ, અસંખ્યતા બે ઇદ્રિયવાળા,
યવાળા ચઉરિંદ્રયો, સમુર્છિમ મનુષ્યો, અનંત નિગોદીયા જે
મેળવી શક્યા નથી તેવી વસ્તુ આપણે પૂર્વના પુન્યથી મેળવી
છીએ, જે અનંતાને ન મળી, અસંખ્યતાને ન મળી તે આપણે
ાથી મેળવી શક્યા. જેમ પાદશાહે લાખો અને કરોડોના
ોના નશીબ કરતાં ચડીયાતુ નશીબ મેળવ્યુ, ત્યારે જ પાદશાહ
લાખો કરોડોના માલિકરૂપે રાજા થયા, તેમ અસંખ્યાત જીવો
ે નશીબ ન મેળવાયું તે નશીબ આપણે મેળવ્યું છે. આ ચડતી
ે નવી કરવાની નથી, कृतस्य करणं नास्ति સિદ્ધ વસ્તુને
ની હોતી નથી, તેથી તે બાબતનો ઉપદેશ કરવાની જરૂર નથી.
મનુષ્યપણાનો ઉપદેશ કરેલો નથી. મનુષ્યપણું તને મલ્યું છે,
ું છે તે અનંતા જીવોની પુન્યની રાશિ કરતા અત્યંત ચઢિયાતી
ની રાશી થઈ ત્યારે મનુષ્યપણું મળેલું છે.

ી પદાર્થનું રક્ષણ સાવચેતીથી કરવાનું હોય

આવું મનુષ્યપણું મલ્યું, તો શાક લાવી જેટલું જતન કરીએ,

વળી તે કરતાં ચાંદી, સોનું-ઝવેરાતની વધારે સાવચેતી કરીએ, મોંઘી વસ્તુનું રક્ષણ પૂરા પ્રયત્નથી કરીએ. જે વસ્તુનું રક્ષણ અશક્ય છે, ચાહે તે કરો, આ વસ્તુનું રક્ષણ છે જ નહીં, ચાહે તીર્થંકર, ગણધર, કે કેવળીની તાકાત મેળવો તો પણ આ વસ્તુનું (શરીરાદિનું) રક્ષણ નથી, તીર્થંકરોની પણ જિંદગી પૂરી થઈ, અર્થાત્ આ મનુષ્ય જીવન એવી ચીજ છે કે તે રાખી શકાય તેવી ચીજ નથી, જે મુશ્કેલીથી મળી, કીંમતી છે, રાખી રહે તેવી નથી તો તેનું શું કરવું? નદીમાં ચોમાસામાં આવેલું પૂરનું પાણી કીંમતી છે, પણ રાખેલું રહે તેવું નથી, તેની વ્યવસ્થા નહેર ખોદી કરી લેવી પડે. એ તો દરિયા તરફ ચાલ્યું જ જવાનું છે.

સુદેવમાં ૧૮ દોષો ન હોય

તેમ મનુષ્યજીવન દુર્લભ છતાં ચાલ્યું જવાનું છે, તીર્થંકર, ગણધર, કેવળીઓ મનઃપર્યવ જ્ઞાનીઓની જિંદગી અમર રહેવા પામી નથી. આથી દિગંબરોમાં અને આપણા શ્વેતાંબરોમાં ફેરક પડ્યો છે, આપણે દેવને માનતા શું જણાવ્યું? કે દેવપણું ન જોઈએ એટલે જેને દેવ માનીએ તેમાં કુદેવના લક્ષણો હોવા ન જોઈએ, **अन्नाण कोह मयमान०** ઈત્યાદિક કુદેવના લક્ષણો તે લક્ષણો શું દેવમાં ન જોઈએ? આ અઢાર દૂષણો ન હોય તે સુદેવ એમ નહીં. ત્યારે સુદેવમાં આ અઢાર દૂષણો ન હોય. કુદેવ સાથે વ્યાપેલા અઢાર દોષો તે અઢાર દોષો સુદેવમાં ન હોય, મહાવીર મહારાજામાં સર્વજ્ઞપણું વીતરાગપણું હતું, સરાગીપણું છદ્મસ્થપણું ન હતું, જે જે વીતરાગ જે જે સર્વજ્ઞ તે બધા મહાવીર નહીં, સરાગીપણું અને છદ્મસ્થપણાનો અભાવ તે દેવપણું નહીં, જે જે સર્વજ્ઞ જે જે વીતરાગ તે બધા મહાવીર નહીં પણ મહાવીરમાં સર્વજ્ઞપણું અને વીતરાગપણું ખરૂં, છદ્મસ્થપણું અને સરાગીપણાનો અભાવ, તે મહાવીરમાં છે. રાગવાળા અમારા દેવ ન હોય, બ્રહ્મા, મહાદેવ હરકોઈ હોય, રાગાદિક એ કુદેવનું ચિહ્ન છે. અને સુદેવમાં રાગાદિક ન હોય, પણ જ્યાં જ્યાં રાગાદિક ન હોય ત્યાં સુદેવપણું છે એમ નહીં. પછી જેટલા વીતરાગો કેવળીયો, બધા દેવ થઈ જાય કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યાં શૈત્ય છે ત્યાં ધૂમાભાવ છે, ત્યાં બધે શૈત્ય છે એ નિયમ નથી, અગ્નિ છે ત્યાં ધૂમાભાવ નિયમિત નથી. ત્યાં ધુમાડો હોય. તો કહો કે અગ્નિ અભાવ કે ધૂમાભાવ એ

શૈત્યને અંગે કહી શકીએ કે શૈત્ય છે ત્યાં અગ્નિ અને ધૂમાભાવ છે, પણ જ્યાં ધૂમાભાવ ત્યાં શૈત્ય છે એ નિયમ નહીં. જળ છે ત્યાં અગ્નિ-ધૂમનો અભાવ છે. ચંદ્રકાન્ત અગ્નિજવાલનનો પ્રતિબંધક થાય છે. અહીં કેટલા પૂરતું છે, જ્યાં અગ્નિ ધૂમાભાવ છે ત્યાં જળ છે, શૈત્ય છે એમ નહીં કહી શકીએ. જળમાં અને શૈત્યમાં અગ્નિ ધૂમાભાવ છે. તેમ અહીં ૧૮ દોષનો અભાવ, દેવત્વ છે ત્યાં છે. જ્યાં ૧૮ દોષનો અભાવ ત્યાં દેવત્વ હોય કે ન હોય. ૧૮ દોષ નાશ પામ્યા, તે દેવને દેવ તરીકે માનું છું. સિદ્ધ ને દેવાધિદેવ માનીએ છીએ. ૧૧મે ગુણઠાણેથી આગલ બધામાં ૧૮ દોષનો અભાવ છે.

કુદેવમાં આ અપલક્ષણ છે. સામાન્ય રીતે જગતનું દૃષ્ટાંત લ્યો. વ્યવહારિક પ્રમાણિક આદમી જુગાર ખેલનાર ન હોય, જુગાર ખેલે તે અપ્રમાણિક, તેથી જુગાર ન ખેલે તે બધા પ્રમાણિક નહીં, જુગાર ન ખેલે અને ચોરી કરે તો? જુગાર ખેલવો તે અપ્રમાણિકપણું કરનાર છે.

૧૮ દોષરહિત બધા દેવ ન કહેવાય

જુગારની બદી અપ્રમાણિકમાં હોય, પ્રમાણિકમાં બદી ન હોય તે ચોક્કસ, પ્રમાણિકમાં જુગાર ન હોય તે ચોક્કસ. તેમ અજ્ઞાન, ક્રોધ, માન, વગેરે હોય તે કુદેવ કહેવાય, તે અપલક્ષણો સુદેવમાં હોય નહીં. પણ તે ન હોવા માત્રથી સુદેવપણું થઈ જાય નહીં. તીર્થંકર મહારાજામાં ૧૮ દોષમાંથી એક પણ દોષ હોય નહીં. એક પણ દોષ હોય તો કુદેવ, અઢાર અપલક્ષણોમાંથી એક પણ અપલક્ષણ સુદેવમાં ન હોય. તેથી અઢાર દોષ ન હોય ત્યાં સુદેવપણું છે એમ નહીં, આથી કુદેવને ઓળખાવનાર અઢાર અપલક્ષણો રાખ્યાં, તે દોષો તીર્થંકર ભગવાનમાં હોય નહીં, એ માટે આપણે કુદેવના અઢાર અપલક્ષણો જણાવી એ દ્વારાએ દેવનું લક્ષણ જણાવ્યું. ખાનદાનીમાં બેઈમાનીપણું ન હોય તે ચોક્કસ. તેમ બેઈમાની ન હોય તે બધા ખાનદાન છે એમ નહીં. અષ્ટાપદથી આવતા પંદરસો તાપસ કેવળી થયા. તેમાં અઢારમાંથી એક પણ અપલક્ષણ ન હતું, તેથી તેમને તીર્થંકર નહીં કહીશું. સુદેવમાં અપલક્ષણ ન હોય તે જરૂર, તેથી તેમને તીર્થંકર નહીં કહીશું. કુદેવના ૧૮ અપલક્ષણો-દોષો નાશ પામ્યા છે જેમના તે દેવાધિદેવને નમસ્કાર કરું છું. કુદેવનાં અપલક્ષણોનો અભાવ ગમક-દેવપણાના ઓળખાવનાર નહીં, આપણે જે મનુષ્યને જે પ્રયોજન

હોય, તેટલા પૂરતું તેને ઓળખાવીએ જગતમાં કુદેવ તરફ દોરવાયેલા હોય તેને જણાવવા માટે અઢાર દોષો જણાવ્યા.

દિગંબરોની વિચિત્ર માન્યતા

દિગંબરોએ ઊંડા ઉતરીએ તો જેમ મનુષ્ય અફીણ ખાઈને ઠંડા પવનની લહેરમાં સુતો હોય, બાપ-દીકરો બન્ને સુતા હોય, બાપને ખણુજ આવે તો છોકરાને ખણે, પછી મારી ચેળ કેમ નથી મટતી? તો અફીણના નસામાં દારૂના ઘેનમાં સુતેલો પારકે બરડે ખણે, પોતાના બરડાની ચેળ મટાડવા માગે તે મટે નહીં, તેમ મિથ્યાત્વમાં માચેલા કદાગ્રહમાં રાચેલા હોવાથી સિદ્ધ ભગવંતના ચિહ્નો ત્યાં લાવી મૂકે છે

કેવળી સર્વજ્ઞ આહાર ન કરે, તેથી તરશ-ભૂખ ન હોય જે એ કેવળીઓ. તો વિવાદની વાતમાં આપણાથી બોલાય નહીં, પણ નિર્ણય કરી શકીએ તેમ છીએ. બાયડીઓ જાણે છે કે પર્યાપ્તિમાં પ્રથમ પર્યાપ્તિ કઈ? શરીર પર્યાપ્તિ, તે આહાર વગર છે? આહાર ન લે તો શરીરનો વખત ક્યાં છે? જ્યાં સુધી જીવન ત્યાં સુધી આહાર ન કરે તો શરીર ક્યાંથી વધવાનું? ત્રણ ચાર મહિનાના ઉપવાસ કર્યા પછી પડી જાય તેનું કારણ? તૈજસનો સ્વભાવ કે નવું જોઈએ, ખાધું એ તો હજમ. જેમ અગ્નિએ રાખોડો કર્યો તે રાખોડો મણોબંધ હોય, પણ કોલસો નહીં. નવો આહાર આવે એ જ કોલસો જુનો રાખોડો કામ ન લાગે. ગતિ અને આયુષ્યમાં તો ત્યાં સુધી શરીર માનવું પડશે. શરીર એટલે તેને ખોરાક જોઈશે. ૯ વર્ષે કેવળ જ્ઞાન થાય, પછી ક્રોડ પૂરવનું આયુષ્ય છે, તો ત્યાં સુધી અણાહારી રહેશે? એમણે તીર્થંકરના અતિશયમાં ભોજન નથી, તેથી બાકીના કેવલીને આહાર કરવાનું રહેશે. એમણે એ અતિશય માન્યે તો સાબિત થયું કે સામાન્ય કેવલીને આહાર લેવો પડે છે. સામાન્ય નિયમ છે કે તૈજસ-જઠરાગ્નિ બાળ્યા સિવાય નહીં રહે. લે અને બાળે. જ્યાં સુધી જીવન આયુષ્ય, શરીર ત્યાં સુધી આહાર માનવો પડશે. એ વાત રહેવા દો નવી વાત છે. બે આશામી તળાવ પર ન્હાવા ગયા, એકની પાસે ઘરેણું રહેવા દીધું. પેલો કહે લાવ મારૂં છે, તારૂં નથી, નહીં મારૂં છે. હવે એનો નિકાલ ક્યાં આવે? ચોપડે ક્યાં ક્યારે લીધું તે બતાવો, એણે પોતાના મત પ્રમાણે કહ્યું કે, આહાર નહીં માનીએ, જોડે માની લીધું છે કે જન્મ, મરણ, દોષ માન્યો, અઢાર

દોષમાં જન્મ-મરણના દોષ માન્યા? અહીં પકડાયા. પ્રથમ એ વિચારવાનું કે જન્મ વગર કોઈ હોતું નથી. લક્ષણ પદાર્થ વખતે જોઈએ. વર્તમાનને અંગે જોઈએ તો વર્તમાનમાં જન્મનો આખા જગતને અભાવ છે. અભાવની અપેક્ષાએ તીર્થંકરને પણ જન્મ છે. તે ભવની અપેક્ષાએ જન્મ વગરના સિદ્ધ મહારાજ અને મરણ લીધું એટલે ઘાણ વળી ગયો. મરણ કયું ન હોય? આ ભવનું કે આવતા ભવનું? આ ભવનું મરણ તીર્થંકરને ગયું નથી. નિર્વાણ કલ્યાણક માનો છો, જન્મ-મરણનો અભાવ, તે સિદ્ધનું લક્ષણ છે, નહીં કે દેવનું. તેથી સિધ્ધપણામાં શરીર ન હોય તેથી ખોરાક, પાણી, જન્મ, મરણ, ત્યાં ન હોય, સિધ્ધપણાને અંગે, અપલક્ષણનો અભાવ જોઈએ, તે તીર્થંકર દેવમાં નાખી દીધું.

અંધ અને દેખતામાં ફરક માનો તેટલો દિગંબર અને શ્વેતાંબરમાં ફરક મનાશે, એ લોકો નિર્વાણ સમયે શરીર કપૂર માફક ઉડી જાય છે, માત્ર નખ અને કેશ બાકી રહી જાય છે, એ બે રહ્યા પછી ઇન્દ્ર આવી નવું શરીર બનાવી તેમાં નખ-વાળ જોડી પછી મહોત્સવ કરે છે. આમ દિગંબરો માને છે.

જગતમાં કહે છે કે વાત ન કરીશ. માખને હસવું આવશે. આવી વાતો કરે છે. નખ વાળ જોડી પછી મહોત્સવ કરે, ઇન્દ્ર આવું શરીર બનાવે, પછી નખ અને વાળ જોડી નિર્વાણ મહોત્સવ કરે, તો ઓચ્છવ કોનો? નવા શરીરનો કે ભગવાનના શરીરનો મહોત્વ. તમારે વસ્ત્રના તાંતણાથી પાપ માનવા છે, ત્યાં વસ્ત્ર ઓઢાડે છે તે કેમ મનાશે.

તેરાપંથીના પ્રકાર :

પ્રશ્ન : દિગંબર અને તેરાપંથી એક કે બીજા?

ઉત્તર : તેરાપંથી બે પ્રકારના. એક તેરાપંથી શ્વેતાંબરના ને એક દિગંબરના. તેરાપંથી દિગંબરના તેરાપંથી તેમને પૂજા નહીં. તમારા તેરાપંથીની એક જ સ્થિતિ, કોઈપણ મરતો હોય તો મરવા દેવો, એના નશીબ. કોઈપણ મારતો હોય તો મરાતા જીવને છોડાવવાનું ચિંતવવું નહીં અને છોડાવવાનું નહીં. તેમને પહેલા બીજામાં લઈ જઈએ. એક જૂઠું બોલવા એક ચોરી કરવા તૈયાર થયો, તેને બીજાથી દબાવીને રોકી શકાય નહિં. પરસ્ત્રી ગમન કરવા તૈયાર થએલાને

બૂમાટો મારી રોકયો વ્યાજબી કે નહિં ? એક માણસે હલ્લો કરી રોક્યો, રંડીબાજી-કુકર્મ ન કર્યું, તે ગુન્હાને પાત્ર ખરો કે નહિં ? જો બચ્યો તો કાયાથી બચ્યો, તો એટલું પાપ ઓછું લાગે કે નહિં ? નિષેધ ન કરે તો કરાવનાર થયો, અનુમોદનમાં ત્રણ ભાગ છે, એવાની સાથે રહેવું, નિષેધ ન કરીએ અને પ્રશંસા કરીએ તે પણ અનુમોદના છે, એ પાપથી બચ્યો. કાયાના પાપથી બચવા પૂરતું ગણીએ તો નુકશાન નથી. તે જગો પર એ લોકો નુકશાન માને છે. અગ્નિમાં ગાય પડી, ગાયને બચાવે તો પાપ લાગે. આવું માનનારા એ તેરાપંથીઓ છે. આ શ્વેતાંબર તેરાપંથીઓ.

દિગંબર શબ્દથી જ વસ્ત્રની સિદ્ધિ :

વીર સંવત. ૬૦૯ માં દિગંબર મત નીકળ્યો, દિગંબર શબ્દ શા માટે ? નિષ્પરિગ્રહ, નિરારંભ શબ્દ નહીં ને દિગંબર શબ્દ શા માટે ? સંસાર છોડ્યો, અસંસાર–નિષ્પરિગ્રહ–સંસારના ત્યાગને સૂચવનાર શબ્દ ન લેતાં નિષ્કંચન વિગેરે શબ્દ ન કહેતાં દિગંબર શા માટે ? જ્યારે પૂછ્યું કે લુગડાં કેમ નથી ? ત્યારે જવાબ મળ્યો કે અમારે દિશા એ જ વસ્ત્ર કહી વસ્ત્રનો બચાવ કરવો પડયો. આ વિચારશે તો વસ્ત્રનો ઉત્તર શા માટે દીધો ? પહેલાં વસ્ત્ર હતાં. બૌદ્ધો લાલ વસ્ત્ર પહેરતા હતા, તેથી તેને રક્તાંબર કહેતા. તેની ભિન્નતા માટે શ્વેતાંબર શબ્દની જરૂર છે. પાર્શ્વનાથજીના વખતમાં પાંચે વર્ણનાં વસ્ત્ર રાખતા, તેથી શ્વેતાંબર શબ્દ રાખવાની જરૂર પડે.

૪૫ આગમમાં શ્વેતાંબર શબ્દ નથી

શ્વેતાંબર આખા પિસ્તાળીસ આગમમાંથી નહીં નીકળે. નિર્ગ્રંથ શબ્દ દરેક જગોએ છે. શ્વેતાંબર શબ્દ આગમિક નથી, શ્વેતાંબરમાં ઘણાં વર્ણ હોય તેમાંથી જુદો પાડવો હોય ત્યારે દિગંબર-બૌદ્ધ બન્નેની વ્યાવૃત્તિ હોય ત્યારે ને ? બૌદ્ધોની વ્યાવૃતિને અંગે શ્વેતાંબર શબ્દ લેવો પડે, દિગંબરમાંથી નીકળે તો સાંબર કહેવાય. ત્યાગીમાંથી નીકળેલો ઘરબારી કહેવાય, તેમ દિગંબરમાંથી શ્વેતાંબર નીકળ્યો તો સાંબર કહેવાતે. બૌદ્ધોની કટાકટી વખતે શ્વેતાંબર શબ્દ રાખવો પડ્યો.

બૌદ્ધ અને જૈનનું ભેળસેળપણું હતું, ત્યારે આ લાલ અને ધોળા વસ્ત્ર કહેવા પડે, મહાવીર મહારાજા વખતે, નિર્વાણ પછી બૌદ્ધને

ભેળસેળ થયા, આર્યસુહસ્તીસૂરી વખતે દુર્બળિકાપુષ્પના સગાવહાલાં બૌધ્ધ હતા તે વખતે શ્વેતાંબર શબ્દ થયો હોય, સિધ્ધસેનને અંગે શ્વેતાંબર શબ્દ વળગાડાય છે, ભદ્રબાહુ સ્વામી આર્યરક્ષિત સૂરિમાં, એ શબ્દ લગાડતા નથી. ભેળસેળ ખાતામાં, જુદા પાડવા માટે, જુદું કંઈક કરવું પડે છે. ગોશાલકનો સરક શબ્દ થયો હોય એમ લાગે છે, ગોશાલકો, પાર્શ્વનાથજીને માનનારા છે. ચોવીશમો હું, તેવીશ ખરા, તેથી તેના અનુયાયીઓ છે, ત્રેવીશ માનેલા હોવાથી, પાર્શ્વનાથજીની માન્યતા હોય તેમાં નવાઈ નહીં.

મરતી ઘોડીનું મૂલ્ય ઉપજાવી લેવું :

મૂળ હકીકત એક જ લેવાની, આ જિંદગી મળેલી છે. પણ એ જિંદગી અક્ષય રહી નથી, રહેલી નથી, રહેવાની નથી. ક્ષય રજીસ્ટર થએલો તો દુર્લભ, કીંમતી–માની છતાં એ જિંદગીનું રક્ષણ અશક્ય જ છે. એ ઉપર આ વાત કરી. દિગંબરોએ મરણ દોષ માન્યો ને ખોટો ઠર્યો. દેવને મરણ દોષ માની ન શકાય. કેવળી સરખા મરણથી ન બચી શકે તો આપણે શા હિસાબમાં ? તીર્થંકરાદિ, જિંદગી અમર રાખી શકયાન થી. તો આપણે અમર રાખવાની વાત કરીએ, તે ક્યાં શોભે ? એક માણસને ઘેર ગાય હતી. સવાર–સાંજ શેર દૂધ આપે છે, એક મહિના પછી અમુક ટાંકણું આવવાનું છે. તે વખતે દોઢ મણ દૂધ જોઈશે, માટે આજથી ગાય દોહું નહિં તો ત્રીસદુ સાંઠ શેર સામટું દોહીશ એમ કરી ગાય દોહી નહીં. જ્યાં મહિનો ગયો. દોઢ મણનો ખપ પડયો, એટલે મોટો હાંડો લઈ બેઠો. તો બશેર આવતું હતું ને પણ ન નીકળ્યું, માટે રોજ દોતા રહે તો, રોજ ભોગવીએ તો ભોગવાય, એકઠું કરવા માગીએ તો ન થાય, ગામમાં રિવાજ કે બશેર કાઢો ને બશેર ખાવ. જેવી રીતે બગીચામાંથી ફૂલ, કુવામાંથી પાણી રોજ કાઢો ને વાપરો. એકઠું કરવા ધારો તો થતું નથી. એતો જેટલું નીપજે તેટલું વાપરો તો કામ લાગે. તેમ ૨૪ કલાકનું આયુષ્ય. જેટલું મળે તેટલું ભોગવો, એકઠું થતું નથી, નથી જતું બચાવી શકાતું, માટે જીવન કીંમતી દુર્લભ જાણ્યું, હવે કરવું શું ? નાશ અટકવાનો નથી, કરવું શું ? મરતી ઘોડીનું મૂલ લઈ લે; ટાંટીયા પછાડે તે વખતે મૂલ આપનાર મળે, તે છતાં મૂલ ન લે એ જેમ મૂર્ખ ગણાય, તેમ આ ૨૪ કલાકની મરતી ઘોડી છે, એનું મોં માગ્યું

વધારે સંસાર હોય તો મોક્ષનો આશય જ ન થાય. મોક્ષ માન્યો, સારો ગણ્યો, ઇચ્છયો એ છેલ્લા પુદ્ગલપરાવર્ત સિવાય ન બને, આજ કારણથી શાસ્ત્રકારોએ અન્યમતે પણ માર્ગાનુસારિતા માની. અન્યમતની ક્રિયા કરે છે. મોક્ષની ઇચ્છાએ અન્યદર્શનવાલો ક્રિયા કરે તો પણ અંત્ય પુદ્ગલપરાવર્ત હોય. નિરૂપાધિ આત્મસ્વરૂપ આવા રૂપે મોક્ષ માને તો પણ અંત્ય પુદ્ગલપરાવર્ત.

આભિગ્રહિક મિથ્યાત્વ અભવ્યને હોય ?

જો કે તેમાં મતભેદ છે. છતાં અભવ્યને આભિગ્રહિક મિથ્યાત્વ ન હોય. કહેવાવાળા શા મુદ્દાથી કહે છે. કુદેવાદિકને સુદેવાદિકની બુદ્ધિથી માને, આ આભિગ્રહિક મિથ્યાત્વનું લક્ષણ રાખ્યું. જેને મોક્ષ જેવી ચીજ નથી, તેને સુદેવાદિક માનવા નથી, તો કુદેવને તો સુદેવ માનવા ક્યાં જવાનો છે? કુદેવને દેવ માનવા કોણ જાય ? અમારો સંસારતારક, કલ્યાણ કરનાર તરીકે માને ક્યાંથી ? એને ભવ નિસ્તારની ઇચ્છા ન હોય. કેટલીક વખત કહેવાય છે કે આભિગ્રહિક મિથ્યાત્વ હોય છે, શ્રાવકના પાંચ વરસના છોકરા જિનેશ્વરને દેવ, સાધુ ને ગુરૂ ધર્મને ધર્મ માને, માબાપના કહેવાથી દેવાદિક માને છે, તેમ બીજામાં જન્મ્યો હતે તો માબાપના કથનથી તે ધર્મ માનતે. તમે જેમ દ્રવ્ય સમ્યક્ત્વ કહો છો તેમ દ્રવ્ય મિથ્યાત્વ કહો તો વાત જુદી છે. પણ સંસારથી પાર ઉતરવા માટે ખોળ્યા સુદેવાદિ પણ મલ્યા કુદેવાદિ. આપણે કહીએ છીએ કે स्वयं दरिद्रः अन्यमिश्वरीकर्तुं कथमिश्वरः પોતે દરિદ્ર છે તે બીજાને ઐશ્વર્યવાન્ કરવાને કેમ સમર્થ થાય? અર્થાત્ ન થાય.

વિનીત વિદ્યાર્થી દાખલા વગરની રકમ માને-ઉધ્ધત દાખલાવાળી કબૂલ કરે. તેથી ભવ્યમાં અંત્ય પુદ્ગલપરાવર્ત સિવાય મોક્ષનો વિચાર પણ ન થાય. તેથી જ આભિગ્રહિક મિથ્યાત્વ અભવ્યને ન હોય એમ કેટલાકે કહ્યું છે. મોક્ષના સ્વરૂપને વિશેષ ન સમજે પણ સંસારથી અલગ, નિરૂપાધિક આત્મા એ રૂપે માને તે પણ મોક્ષ માને છે. મૂળ વાત એ છે કે, સુદેવાદિક ત્રણ તત્વ ગુણ સમુદાય તરીકે, અભવ્ય પણ માને છે. વાંધો ક્યાં છે ? ગુણીમાં મિથ્યાત્વ વિચારીએ તો ગુણમાં જતું નથી, પણ ગુણીમાં જાય છે, સુદેવપણું માન્યું પણ ગોઠવ્યું કુદેવમાં સુધર્મ માન્યો પણ ગોઠવ્યો કુધર્મમાં, ગુણ કબૂલ પણ ગુણી ન કબૂલ્યો

તેથી ગયો. કોઈ પણ મનુષ્ય દેવ અજ્ઞાની હોય તેમ માનવા તૈયાર નથી. ક્રોધી, માની, માયી હોય, તેમ માનવા તૈયાર નથી. માને તો જે સુદેવ હોય તે જગતનું હિત-સુખ કરનાર પવિત્ર-સરલ ક્રોધાદિક રહિત સર્વજ્ઞાનવાળા આવાજ સુદેવ હોય, ગુણમાં વિવાદ ન હોવાથી હરિભદ્ર-સૂરિજી કહેવાને હિંમત ધરાવે છે કે **યઃ પૂજ્યઃ સર્વદેવાનાં** ઈત્યાદિ જે તીર્થંકર મહારાજ સર્વદેવોને પૂજ્ય છે, સર્વયોગીને ધ્યાન કરવા લાયક છે, તમારૂં શાસ્ત્ર દેવતાનો અસંખ્યાતમો ભાગ સમકિતીને પૂજે છે, ૯૯ ટકા નહીં પૂજનારા તેને ૧૦૦ ટકાથી પૂજ્ય શી રીતે બનાવો છો? જિનેશ્વર મહારાજ સર્વ દેવોને પૂજ્ય છે, તે શી રીતે? શાસ્ત્ર અસંખ્યાત ભાગે પૂજ્ય ગણાવે, તમે સર્વ દેવોને પૂજ્ય કહો. ગુણી વ્યક્તિ તરીકે અસંખ્યાતમો ભાગ પૂજનારો છે, પણ સર્વદેવતાઓ કુદેવને પૂજે છે તે ગુણો ધારીને પૂજે છે. ગુણ માનવા એમાં સમ્યક્ત્વ નથી, સમ્યક્ત્વ ગુણીની માન્યતામાં આવવાનું, જમાલી, ગોશાળો, સર્વજ્ઞ-તીર્થંકરપણું ન માનતો હતો તેમ નહીં. મહાવીર સર્વજ્ઞ કે તીર્થંકર નહીં-તેમ માનતો હતો. ગુણ માનવાથી સમ્યક્ત્વ થતું હતે તો ગોશાળો અને જમાલી મિથ્યાત્વી ગણાતે નહીં. દેવતા બધા મિથ્યાત્વી ગણાતે નહીં. ગુણમાનવાળા છતાં ગુણીને ગુણી તરીકે ન માને ત્યાં સુધી મિથ્યાત્વ રહે છે, એ માટે વ્યક્તિને તપાસવાની જરૂર રહે છે. જે કુદેવાદિને પણ સુદેવાદિ તરીકે માનનારા છે તે ગુણ માનનારા છે. તેથી એ જીવો અભવ્ય ન હોય તેમ કેટલાકોએ માન્યું. કેટલાએક વ્યવહાર પ્રવૃત્તિએ અન્યમતમાં જન્મ્યો હોય, વસ્તુ ન સમજ્યો હોય ત્યારે કુદેવાદિને સુદેવાદિ માની લ્યે, સુદેવ, કુદેવપણું શું તે ન સમજે તે અપેક્ષાએ આભિગ્રહિક મિથ્વાત્વ છે એમ કેટલાક માને છે. ઓઘ દૃષ્ટિએ આભિગ્રાહિક મિથ્યાત્વ હોય, તત્વદૃષ્ટિએ આભિગ્રહિક મિથ્યાત્વ અભવ્યમાં ન હોય-આમ માનવામાં અડચણ આવતી નથી.

જૂઠું બોલે તે બેઈમાન ખરો, પણ સાચું ન બોલે તો એ બેઈમાન નહીં, દાભડીને ઈમાનદાર કહેવી કે બેઈમાનદાર કહેવી? સાચું બોલતી નથી. 'મોક્ષને માને, મોક્ષને ઈચ્છે છે તે 'ભવ્ય'. આ નિયમ પણ મોક્ષને ન માને, મોક્ષને ન ઈચ્છે તે 'અભવ્ય' આ નિયમ નથી.

એવી જ રીતે ભવ્યાભવ્યની શંકા થાય તે ભવ્ય. આ નિયમ ખરો પણ તેવી શંકા ન થાય તે અભવ્ય આ નિયમ નહીં કરી શકાય. ભવ્યાભવ્યપણાની શંકા ન થાય તે અભવ્ય નહીં. તે શા ઉપર? એ શંકા ક્યાં હોય? સંજ્ઞી પંચેદ્રિય મનુષ્યપણું મળ્યું હોય, શંકા થાય, જાણે ત્યારે ભવ્યપણું, પણ અભવ્યને એ શંકા ન થાય. આચારાંગ ટીકામાં લખ્યું છે કે ભવ્યનો નિયમ માન્યો. ટીકાકારના લખવામાં તત્વ છે કે કેમ? તે સમજવા માટે આગળ ચાલીએ. 'જગતમાં બે વસ્તુ જાણ્યા માન્યા સિવાય, તે બેમાંથી એકને ઈષ્ટ અનિષ્ટ ગણ્યા સિવાય શંકાને સ્થાન નથી.' તેમ અહીં જેઓ ભવ્યપણું અને અભવ્યપણું જાણે તેને જ શંકા હોય, ભવ્યપણું અભવ્યપણું જાણ્યા સિવાય શંકા થાય જ નહિ, જાણ્યા સિવાય માન્યું ન હોય તો શંકાને સ્થાન નથી. નહી ઉપર ગોળના ગાડા ખાલી થાય છે. કોઈકે માન્યું નહીં તેથી શંકા થતી નથી, એકે ઈષ્ઠ ગણ્યું હોય તો તે ન મળવાને અંગે શંકા થાય, એકે અનિષ્ટ ગણ્યું તો મળવાને અંગે આપત્તિ થાય. સર્પ જાણ્યો હોય તેને દોરડામાં સાપની શંકા થાય. જાણ્યા પછી માને તો સાપ અનિષ્ટ કરનાર છે, એમ માને તો જ દોરડું કે સાપ શંકા થાય, ઇષ્ટ ગણ્યો હોય તો તે મળશે કે નહિં તે શંકા થાય. માન્યા ન હોય તેને શંકા ન થાય જાણ્યા પછી માને તો, સાપ અનિષ્ટ કરનાર છે, એમ માને તો જ દોરડું કે સાપની શંકા થાય. ઈષ્ટ ગણ્યા હોય તો તે મળશે કે નહિં તે શંકા થાય, તેમ અહીં હું ભવ્ય છું કે અભવ્ય છું, એ શંકા કોને થાય? પ્રથમ ભવ્ય અને અભવ્યપણું જાણવું જોઈએ. મોક્ષ પામવા લાયક તે ભવ્ય, ન લાયક તે અભવ્ય. હવે જાણે તો શંકા થાય. ભવ્યાભવ્યપણું ચીજ છે, એમ માને તો જ શંકા થાય. કહો વસ્તુતાએ માન્યું તો જ હું ભવ્ય કે અભવ્ય છું—એમ શંકા થશે, માન્યા છતાં ભવ્યપણું સારૂં ગણ્યું. મારા જીવમાં મોક્ષ મેળવવાની લાયકાત ન હોય તે ખરાબ. તેમ થાય ત્યારે તે ભવ્ય જ છે મોક્ષ માનવાવાળો છે માટે ભવ્ય છે. પાંચમા સ્થાનમાં મોક્ષ છે એમ માને ત્યારે આસ્તિક થયો.

જૈનનો આસ્તિક ક્યારે?

જૈન મત પ્રમાણે આસ્તિક ક્યારે? ચાર સ્થાનક માનવા સાથે મોક્ષ છે એમ માને ત્યારે જ આસ્તિક. મોક્ષ માન્યો છતાં મોક્ષ છે, તેના ઉપાયો નથી—એમ માને તો આસ્તિકતા પૂરી માની નથી. મોક્ષ

માન્યા પછી પણ મોક્ષ મેળવી શકાય છે. સમ્યગદર્શન, જ્ઞાન ચારિત્ર મોક્ષના ઉપાય માને ત્યારે જ આસ્તિકતા. આ થઈ એટલે સમ્યક્ત્વનો પ્રથમ પાયો. કદાચ કહેશો કે આસ્તિકતા છેલ્લું કહ્યું અને તમે પ્રથમ પાયો કહો છો? એને પાયો ક્યા હિસાબે કહો છો? તેના પ્રત્યુત્તરમાં જણવાનું કે ઉત્પત્તિની અપેક્ષાએ કહ્યું છે. ઉત્તરોત્તર ઉતરવાની અપેક્ષાએ. શમ સંવેગાદિ ક્રમ કહો છો પણ ઉત્પત્તિ ક્રમ આસ્તિક્યથી.

નિર્વેદ :

દ્રવ્ય અનુકંપા જીવ અને તેનું નિત્યપણું માનવાનું ન હોય. કર્મ મોક્ષ ન માને તો દ્રવ્ય કે ભાવ અનુકંપા થવાની નથી, એ સ્થાનકોથી અનુકંપાની ઉત્પત્તિ. મોક્ષ સિવાય ચૌદ રાજલોક કર્મથી બંધાએલો જણાય. નિર્વેદ-ચારે ગતિનો કંટાળો કેમ આવે? ચૌદ રાજલોકને દ્રવ્ય અનુકંપા અને ભાવ અનુકંપાથી દુઃખી દેખે, સર્વાર્થ સિદ્ધના દેવો પણ સુખનું સ્થાન નહિં, એટલું નહીં પણ દુઃખી દેખે, રાજા મહારાજા દેવતાના અને ઈન્દ્રોના સુખો પણ દુઃખો લાગે. ભાવ અનુકંપાથી તપાસે ત્યારે બધાને ઘાયલ દેખે. એકે સાજો નહીં, બધા ઘવાયેલા, ખાટલે પડેલા, માંદાની હોસ્પિટલ દેખાય. જ્યાં બધા ખાટલા દરદીના ત્યાં એકે ખાટલામાં સુવાનું મન ન થાય તે કહો નિર્વેદ. ચારે ગતિમાં એકે સ્થાન એને આશ્વાસનનું નહીં. મોક્ષને છોડીને કશી દરકાર નહીં.

इणमेव णिग्गंठे पावयणे अट्ठे परमट्ठे सेसे अणट्ठे ઈત્યાદિ.

આ જૈન શાસન, ત્યાગમય પ્રવચન એ જ અર્થ, એ જ પરમાર્થ, તે સિવાય બાકીના બધા પદાર્થો અનર્થ. મોક્ષ સિવાય બીજી પ્રાર્થના નહીં, એ સિવાય બધું અનર્થ. આમ સમજે અને ક્રોધ, માન કશા તરફ દોરવાય નહીં, મા દીકરી, બાપ દીકરો બોલાય, રૂપિયા, આના, પાઈ, બોલે તેમ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યતા બોલાય છે. તત્ત્વ એ હતું કે શમ એ મોટી ચીજ તે પ્રથમ કહી, આના તરીકે બીજું આગમ તેમ ત્રીજું પઈ તરીકે આ નિર્વેદ. મુખ્યતાની અપેક્ષાએ આ ક્રમ પણ ઉત્પત્તિ ક્રમે પ્રથમ આસ્તિક્ય થાય પછી અનુકંપા થાય પછી નિર્વેદ સંવેગ ને શમ થાય.

માનવા તૈયાર થયા. જન્મથી અત્યાર સુધી જે માથે લઇ ફર્યા તે અમે ખોટી કહીએ તે સાંભળી શી રીતે શકો ? સ્ત્રી, છોકરા, ધન, હાટ, પ્રાણ કરતાં અધિક ગણો, 'નારી નરકની દીવડી' કહીએ તે તમારાથી સહન થયું કેમ ? ગંભીરતા ન હોય તો સાંભળી શી રીતે શકે ? કહો પ્રથમ ધર્મ સાંભળનારમાં આશ્રવનાં કારણો, આશ્રવ તરીકે સાંભળવાની ગંભીરતા એ મુશ્કેલ છે. ઉદયના કારણોને દુર્ગતિના કારણો કહીએ તો જી સાહેબ કહો છો. જો ગંભીરતા ગુણ ન હોય તો શું થાય ? તે ખામી હોવાથી સુધારકો ધર્મથી દૂર રહ્યા. પહેલા ગુણમાં ખામી ન હોત તો વિચારમાં ઉતરત, સાચું ખોટું તપાસતે, તો ધર્મ પામી જાત તુચ્છતા–ગંભીરતા શું કામ કરે તે સમજો, સાંભળવામાં તુચ્છતા જવી જ જોઈએ. જિનેશ્વરના વચનો સાંભળવાની ગંભીરતા લાવવી જોઈશે. અનાદિકાળથી જેને તમે ઇષ્ટ–અનિષ્ટ ગણ્યા છે તેને ઉલટા સાંભળવા પડે છે, જુલ્મીઓ તોપ બંદુકથી જે કામ ન કરે, તે અક્કલવાળા અક્કલથી કામ કરે છે. અનાદિકાળની વાસના એક કલમે ફેરવી નાખે છે. દુઃખરૂપ તપસ્યા કરીશું તેમ પરીસહ ઉપસર્ગ સહન કરીશું તો કલ્યાણ થશે, આમાં ભટકવાનું છે. સમ્યક્ત્વ પામતા પહેલાં ગ્રંથીભેદ તે વિપર્યાસ, અનાદિકાળની પુદ્ગલમાં સુખબુદ્ધિ પલટાવવી, એટલું જ નહીં પણ ઈષ્ટ વિષયોમાં અનિષ્ટ બુધ્ધિ રાખવી, જે વિષયો સુખના સાધન ગણ્યા હતા તે દુઃખના સાધન ગણવા. ભૂખ, તરસ, તડકો જે અનિષ્ટ ગણ્યા હતા, તે ઈષ્ટ ગણવા, કહો ગ્રંથી ભેદાઈ કે નહીં ! આ ગ્રંથી ભેદ વખતે જે ઉપદેશ અપાય, સુખને દુઃખરૂપ ગણવાનું કહ્યું. તે કાનમાં શી રીતે ઉતરે ? સુખને દુઃખ શી રીતે ગણે ! અનાદિની ભડક હતી તે કરણીય છે. તે સંભળાવવું તે સાંભળવું. જો તુચ્છતા હોય તો તે શી રીતે બને ? પણ આ સાંભળી શક્યો, માની શક્યો તે પૂરેપૂરી ગંભીરતા હતી, તે માટે ધર્મરત્નને લાયક, અક્ષુદ્ર-ગંભીરતાવાળો, જિનવચન સાંભળે, માને વર્તે માટે ધર્મરત્નના ૨૧ ગુણમાં અક્ષુદ્ર ગુણ બતાવ્યો. હવે તેનો વધારે અધિકાર આગળ જણાવવામાં આવશે.



પ્રવચન ૨૪ મું

સં. ૧૯૯૦ અષાડ વદી ૦))

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિસૂરીશ્વરજી મહારાજા ધર્મરત્ન પ્રકરણ રચતા આગળ જણાવી ગયા કે, દરેક મતવાળા કહે છે કે, સંસારચક્રમાં મનુષ્યભવની મુશ્કેલી છે, તે શાથી? કહો કે નથી બીજા પાસેથી લેવાનો; નથી બીજાને તેમાં અડચણ, તેમ નથી તો ઉત્પત્તિને અંગે દુર્લભ, અનાદિ સ્વભાવને લીધે કર્મ બાંધ્યા હોય ત્યાં તે પ્રકારે તેની ઉત્પત્તિ થઈ જાય છે. મુશ્કેલી શાથી? એના કારણભૂત શુભ કર્મ બાંધવું. તે જ મુશ્કેલી છે, આપણા માટે પણ મનુષ્યભવની સામગ્રી એકઠી કરવી ઘણી મુશ્કેલ છે. દુર્વ્યસન રહિતપણું, મધ્યમસરના ગુણો, સ્વભાવે પાતળા કષાય, દાનરૂચિ, આટલી વસ્તુથી મનુષ્યભવ પ્રાપ્ત થાય છે. આવી સારી દશામાં તે વસ્તુ મુશ્કેલ તો અજ્ઞાન-દશામાં ક્યાંથી મળી જાય? દેખતા, બાહોશીવાળાને, સંપૂર્ણ ઈંદ્રિયવાળાને ભુલા પડ્યા પછી માર્ગે આવવું મુશ્કેલ છે. તેમ આપણને આટલી ઊંચી દશામાં એ દશા લાવવી મુશ્કેલ છે. તો અજ્ઞાનપણામાં એ દશા મુશ્કેલ તેમાં નવાઈ શી? જ્ઞાનદશામાં ન બની શકે તો અજ્ઞાનદશામાં તેવાં શુભ કર્મ બાંધવા તે મુશ્કેલ છે, પ્રકૃતિએ પાતલા કષાય, દાનરુચિ, મધ્યમગુણો, સમજુ દશામાં પ્રાપ્ત થવા મુશ્કેલ તો અણસમજમાં શી રીતે મળે? જ્યાં મનુષ્યપણાની ઈચ્છા, પ્રયત્ન નથી તેવી જગોએ મનુષ્યપણાના કારણ મળી જાય, મનુંષ્યનું આયુષ્ય બંધાઈ જાય ત્યાં ભવિતવ્યતાના યોગે જ થઈ જાય છે. કોઈ પણ મનુષ્યને કે જાનવરને પાણીના પ્રવાહમાં તણાયો :છતાં આયુષ્યની પ્રબળતાથી નીકળેલો દેખીએ તેથી ડૂબવાથી નિર્ભય બન્યા ખરા? ભરોસો રખાય નહીં, જ્યારે આ પ્રત્યક્ષ દેખીએ છીએ છતાં ભરોસે રહેતા નથી. એ તો કથંચિત્ પુન્યસંયોગે બની જાય, તેથી કોઈ દિવસ ભરોસે રહેતા નથી. તો આ મનુષ્ય જિંદગી ચાલી ગઈ, તો એકેન્દ્રિયપણામાંથી, અસંજ્ઞીપણામાંથી મનુષ્યપણું મળી જશે એવો ભરોસો શી રીતે રાખી શકાય? જેવડું જળાશય તેવડું ચક્કર થાય છે. અહીંથી ચૂક્યા તો અનંત ઉત્સર્પિણી,-અવસર્પિણીનું એક કાળ ચક્કર, તેના ચક્કરમાં જઈ પડવાના. બાદર અને સૂક્ષ્મ નિગોદમાં જવાના. કદાચ બચી

જાય તે ભરોસે કોઈ દહાડો નિર્ભય બનતા નથી, તો પછી અહીં કહી નીકળી જાય પણ ત્યાં નિર્ભયપણું કેમ થાય ? જેમ પાણીથી ડરીયે, તેમ રખેને અનંતકાયમાં ઉતરી જઈએ, તેથી ડરવું જોઈએ, તે ભરોસે કોઈ દિવસ રહેવાય નહીં. તે અંગે ભગવાને ગૌતમ સ્વામીને જણાવ્યું કે જો નિગોદમાં ગયો તો અનંતી ઉત્સર્પિણી ચાલ્યા કરવાની. જે કાંઠામાંથી અનંત ઉત્સર્પિણીના ચક્રમાં જવાનું થાય તે કાંઠા ઉપર નિર્ભય રીતે કેમ બેઠો છે ? તે કાંઠા પર સાવચેતી કેમ નથી રાખતો ? તળાવના કાંઠા પર સાંકળો નાખે છે, કદાચ કોઈ પડી જાય તો, તેવાં આત્માને માટે કાંઈ બંદોબસ્ત કર્યો ? કાંઠા પાસે ઘરો હોય ત્યાં દરેક મનુષ્ય જતા ડરે, જનારો સાવચેતી રાખે, આ મનુષ્યપણું એ પણ નિગોદના ઘરોનો કાંઠો છે. આ સૂક્ષ્મ બાદર પૃથિવી કાયાદિકમાં નિગોદમાં જવાનો કાંઠો. ત્યાં સાવચેતી ન રહે તો શી દશા થાય ? આ મનુષ્યપણું ધરાવાળા જળાશયોનો કાંઠો છે.

' જીસ્કે ઘેર જૈસા વધામણા તેસી પોક :

રાજાને ઘેર કુંવર જન્મે તો આખા દેશમાં વધામણા, ને કુંવર મરે તો ધોળી પાઘડી બધાને માથે. જેમ મનુષ્યપણાને અંગે મોક્ષ પામવાની લાયકાત, તેમ નિગોદમાં જવાના કાર્યો પણ અહીં જ છે. સારા માણસે વધામણા માટે તૈયાર રહેવું. પોકનો વખત હડસેલી દેવો. ફેર મળશે એ ભરોસે ન રહેવું. આપણને ભવિતવ્યતાના યોગે અજ્ઞાનપણામાં મનુષ્યના કર્મ બંધાઈ ગયા પણ ફેર એ ભરોસે ન રહો, નાનું બચ્ચું એક વાર ઘોડેથી પડી ગયું પછી ઘોડો દેખે ત્યાંથી ભડકે, મોટો માણસ સાપ, વીંછી, એક વખત કરડયા પછી, સાપ-વીંછી દેખે ત્યાંથી ભડકે. આ જીવ અસંખ્યાતી—અનંતી ઉત્સર્પિણી રખડયો, છતાં આ જીવને ભાન નથી. કાં તો માન્યું નથી, કાંતો ભાન નથી. દારૂની ઘેલછામાં ઘોડાથી પડયો હોય, તેને ઘોડાની ભડક ન હોય, આ જીવ કાંતો ઘેલછામાં છે, કાંતો ભાન નથી, કાંતો માનતો નથી, તીર્થંકર મહારાજે કેવળજ્ઞાનથી દેખી જીવને ભટકવાનું જણાવ્યું છે, તે કાં તો માન્યું નથી, કાંતો ઘેલછામાં છે. જાણ્યું હોય તો ભડક કેમ ન રહે ? પાણી, અગ્નિની ભડક જેમ રહે છે, તેમ અહીં ભવની ભડક કેમ નથી ? તીર્થંકરના વચનો માનતો નથી-એમ કબૂલ કરવા કોઈ તૈયાર નથી, તેમ જ ઘેલછા નથી, પણ

દારૂડિયો હોય તેને સોટી વાગે કે દારૂડિયાને ભાન આવી જાય, તેમ આ જીવને પણ શાસ્ત્રવચનરૂપી સોટી પડે એટલે ભાન આવી જાય છે. તો નથી ઘેલછામાં, જિનેશ્વરના વચનો માને છે, અનંતી વખત ભવમાં રખડયો છે, હજુ સાવચેત નહીં રહે તો બારણા ખુલ્લા જ છે, જિનેશ્વરને માનીએ તો અનંતકાયમાં અનંતકાળચક્ર રખડયા તે માનીએ છીએ. ઘેલછામાં પણ નથી, તો જીવ સાવચેત કેમ નથી થતો ?

ઇન્દ્રિયોનો હડકવા :

પાંજરામાં પુરાએલા સિંહનું શુરાતન ચાલી ગયું નથી, નથી અક્કલ ચાલી ગઈ, શુરાતન ને અક્કલ છતાં પણ પાંજરામાં પૂરાએલો કરે શું ? તેનાથી કાંઈ બનતું નથી. તેમ આ જીવ મોહનાં પાંજરામાં પુરાઈ ગયો છે, જિનેશ્વરના વચનો માને છે, ઘેલછા નથી, સાવચેતીમાં છે, હજુ નહીં ચેતું તો આવી દશા થશે. ભૂત, ભવિષ્ય માન્યા છતાં મોહના પાંજરામાં પુરાએલો હોવાથી એનું શુરાતન, ચાલાકી તેના શરીરમાં જ રહે છે, અનંતી વખત અનંતાકાલચક્ર સુધી એકે એક કાયામાં રખડયો છે. તે જાણ્યું માન્યું છતાં મુલક કબજે કર્યો. પછી લોકો રેં રેં કરે તેમાં વળે શું ? તેમ મોહરાજાએ આખો મુલક કબજે કર્યો છે. હવે સિંહનું શુરાતન ક્યાં કેળવાવું જોઈએ ? અહીં પણ આ આત્માને પાંજરામાં નાખનાર, આત્માનો કબજો લેનાર તે મોહને તોડી નાંખો, તોડી ન નાંખો તો કબજો લ્યો. ક્ષપકશ્રેણિ ન માંડી શકો તો ગુણઠાણાની અનુક્રમે શ્રેણિ ચઢો, તે કબજો. વિચારો આત્મા પાપને પાપ તરીકે જાણે માને ડરે છે છતાં પાપમાં કેમ પ્રવર્તે છે ? એનું શુરાતન, એની અક્કલ બંને એમાં ઘેરાઈ ગયા. જીવ પાપ જાણે માને દુર્ગતિનો ડર રાખે છતાં એમાં કેમ પડે છે ? દરેક શ્રાવકો પાપને પાપ માને છે, પાપ જાણે, ફળ જાણે દુર્ગતિમાં રખડવાનું થશે તે ચોક્કસ છે, જાણે છે, માને છે, વિચારો થાય છે, છતાં વ્યાખ્યાનમાંથી ઉઠ્યા પછી વિચારો બધા ધોવાઈ જાય છે, પણ તે દશા જ્યાં ઉઠ્યા, ઘેર કે દુકાને ગયા ત્યાં ભૂલી જવાય છે, તેનું કારણ ?

એક માણસને ઉધરસનું દરદ છે. વૈદે નાડી દેખી કહ્યું. કે કફ વધી ગયો છે, તેલની ગંધ આવશે તો કફની ખરાબી છે. માટે તેલ,

મરચાંને અડશો નહીં, દરદી આ વાત માને છે. મારી તબીયતને તેલ, મરચું અનુકૂળ નથી. એના માબાપ, ભાઈ, બાયડી, છોકરા બધા માને છે કે આને તેલ–મરચું અનુકૂળ નથી. બધા બચાવવા પણ માંગે છે. તે માટે જુદી રસોઈ પણ કરી દે છે. પેલો આ દરદ ભયંકર જાણે છે, પણ જ્યાં જમવા બેસે, જોડે પેલાને દેખે તે વખતે કેમ થાય છે? તે વખતે ટેસ આવી જાય છે. તેને અંગે મા–બેન, બાયડી, છોકરા આડા પડે તો પણ જાણે છે કે મને બીજા રોકે છે છતાં જીભનો હડકવા ચાલે છે ત્યાં એ જાણ્યું, માન્યું છતાં કુટુંબને હિતૈષી ગણે છતાં તે ઉપર ચીડીયા કરે છે. જ્યાં એક ઈન્દ્રિયનો હડકવા આ દશા કરે છે, તે પ્રત્યક્ષ દેખીએ છીએ. તો જિનેશ્વરના વચન જાણ્યા, માન્યા છતાં પાંચે ઈન્દ્રિયોનો હડકવા ચાલે ત્યાં શું થાય? ખસ થાય તેમાં દરેક ખણવાની મનાઈ કરે છે, પોતે જાણે કે નખ અડકયો કે વિકાર મુદત વધશે, વૈદ ઠપકો દેશે, હેરાન થશે. એમ જાણે છતાં હાથ પકડી તો જુઓ. કેમ શું થાય છે? ખસને અંગે એવો પરાધીન થયો, કે બધું હિત જાણ્યું, માન્યું છતાં હિતૈષી કડવા લાગ્યા. તેમ આરંભ પરિગ્રહ વિષય કષાય બધા ખસ તરીકે વળગેલા છે. ભવચક્રમાં રખડાવનાર છે, ગુરુઓ તમને રોકે છે, છતાં ગુરુઓ પણ કડવા ઝેર લાગે છે. જગતમાં ખસવાળાને અપ્રીતિ થાય. પણ જોડેવાલાને અપ્રીતિ ન થાય, છતાં પણ આપણામાં એ દશા કે ખસવાળો પોતે રોકાવા તૈયાર છે કે ખસ ન ખણું. પણ જોડેવાળા અરે ખણતો શું કરવા રોકે છે? આ દુનિયા કેવી ગણવી? ખસ ખણવા રોકાવા તૈયાર પણ બીજાઓને એ પાલવતું નથી. મોહના વિકારને દાબવા તૈયાર થાય ત્યારે બીજાને એ થાય કે જુલમ થયો, અનર્થદંડમાં પણ એને નાંખે, એને કંઈ ફળ નહીં. આ મોહના ઉદયની ચેળને પેલો સહન કરવા માગે છે, ત્યારે બીજાઓ હાથ પકડી ખણાવે તે કેવા ગણવા? કહો જગતમાં અજ્ઞાનમાં કહો, અણસમજુમાં કહો, અહિતમાં કહો, પોતે ધર્માચરણ કરી શકતો નથી. મોહના વિકારને મેલી શકતો નથી, તેનો પશ્ચાતાપ તો દૂર રહ્યો પણ બીજો કરે તેની અનુમોદના દૂર રહી, પણ ઉલટો વિઘ્ન કરનાર થાય છે. અહીં અવળી રીતિ છે ખસ નહીં પણ ખણનારની વારે ઊભા રહે છે, આખી દશા પલટી છે. પોતે ન રોકી શકે, ખણતો પોતે બંધ ન રહે તો; બીજાને રોકવાનું જરૂર કહે.

સ્ત્રીઓની ગંભીરતા :

બાયડીઓ કેટલી ગંભીર છે તે વિચારો. આ ઘેર મોત થયું, ત્યારે આ ઘરવાળા રૂવે ત્યારે શિખામણ દે કે જગત અનિત્ય છે, અમરપટો કોણ લાવ્યું છે? બીજે દહાડે અહીં કારણ બને તો આ ઘરવાળા આવે અને એ જ શબ્દો કહે, એકે બાઈ એમ કહેવા ન નીકળી, કે રાંડ તારે ઘેર હતું ત્યારે કેમ કરતી હતી, એ કોઈ બાયડી ન બોલી. આપણે મોહના જોરે પાપ કરીએ છીએ છતાં સાચી વાત પર લક્ષ રાખીએ છીએ. બાયડીઓ સાચી વાત પર લક્ષ રાખે છે, છતાં સાચી બાયડી ઉત્તર વાળતી નથી. આટલું ડહાપણ બાયડીમાં છે, સાચી વસ્તુ આ છે. હું મોહના ઉછાળાથી કરૂં છું, અવળા ચાલનારા છતાં સાચી વાત ઉપર લક્ષ રાખે છે.

મોહમાં પ્રવર્ત્યા છતાં સાચી વાતને બાયડી પણ લક્ષમાં રાખે તો પોતે મોહમાં પ્રવર્તે અને સાચી વાત ધ્યાનમાં ન રાખે તો બાયડીથી ગયા. મોહના વિકારમાં જાણેલું, માનેલું, મટી થઈ જાય છે. શાથી? મોહના જોરમાં. આપણું જાણવું મટી જાય, છતાં બીજાને અંગે કેમ કરીએ? કોઈ પણ રોનારો બીજાને રોવડાવવામાં મદદગાર નહીં થાય. એ સમજુપણાની-સમકિતીની લાઈન નથી. પોતે જાણે છોડવા માગે છે, છતાં ચેળ વખતે હાથ સખણો રાખી શકતો નથી. જીભના ટેસ વખતે વર્જી શકતો નથી, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ આરંભાદિકને પાપરૂપ હલકી-દુર્ગતિએ લઈ જનાર માને છે છતાં મોહના ઉદયમાં જાય ત્યારે ટકી શકતો નથી. આથી ખસ ખણવાની ન રહે તો, સમજુએ હાથે કોથળી બાંધવી. શાસ્ત્રકારો એ જ કહે છે કે ખણ્યા સિવાય ન રહેવાય તો કોથળી બાંધો. તમે જાણો માનો તો, સવળે રસ્તે ન ટકી શકો તો આત્માને કોથલીઓ બાંધો, પચ્ચખાણ રૂપી કોથળીઓ બાંધો. પચ્ચખાણ કરનારો. વિરતિમાં જોડાયેલો, પવિત્ર સ્થાનકે રહેનારો, અપવિત્ર સ્થાનકની ગંધ ન લેનારો આપોઆપ બચી જાય, રસોડામાં ઘુસે તો ઉપવાસને ધક્કો વાગવાનો. પ્રસંગે-ઉપાશ્રયમાં ચરવળો લઈ બેસી જાય તો ધક્કો વાગશે નહીં. પવિત્ર સ્થાનકો ધક્કાથી બચાવનાર કોથલીઓ. જેમ ખણ્યા વગર ન રહેવાય તો કોથળી બાંધી દેવાય. પવિત્ર સંસર્ગો સ્થાનો મોહના વિકારને બંધ કરનાર કોથળીઓ. તે વખતે સારૂં ન માને તો પણ પછી સારૂં માને. કેટલીક વખત પચ્ચખાણ

ભાંગવા ચાલ્યો જાય પણ પચ્ચખાણ પૂરૂં કરે પછી અટકાવનારને આશિર્વાદ દે છે. મહારાજ પચ્ચખાણ કર્યું તો ઠીક થયું, નહીંતર ન થતે. આ જીવ અનંતાકાળચક્ર સુધી એકેન્દ્રિયપણામાં રખડ્યો, છતાં તેનો ડર લાગતો નથી. છતાં લાગે તો અમલ થતો નથી, અહીં મનુષ્યપણું મુશ્કેલ તો એકેન્દ્રિયપણામાં કઈ રીતિએ, મનુષ્યને લાયક કર્મ બાંધ્યા હશે ? તે મુશ્કેલી વિચારવાથી માલમ પડશે.

તલવારથી તણખલા કાપવાના ન હોય :

હવે મળેલા ભવને ઉપયોગી કરવો તે તમારૂં કામ. ક્ષત્રિયના હાથમાં તરવાર આવી, ઘાસ કાપી નાખ્યું, મુછે હાથ દે. બેવકુફ ! તરવારથી તણખલું કાપ્યું તેમાં વધારે શું ? આ શમશેર તમારા હાથમાં આવી તેમાં જાનવરને લાયક બધાં કાર્યો કર્યાં, સ્પર્શન, રસન, ઘ્રાણ શ્રોત્ર ને ચક્ષુ ઇંદ્રિયોના વિષયો જાનવરને પણ છે, તો જાનવર અને તમારામાં અધિકતા શી ? મનુષ્ય સરખો ભવ મલ્યો અને કામ જાનવરના ભવનું કર્યું ? મનુષ્યના ભવનું કામ કયું કર્યું ? પાંચે ઇંદ્રિયોના વિષયો જાનવરના ભવમાં પણ છે, મનુષ્યને લાયક શું કર્યું ? શૂરો સરદાર શમશેર પામે તો દેશનું રક્ષણ કરે, શત્રુનો નાશ કરે, તો ઠીક પણ તણખલું કાપે તો શૂરા સરદારની કે શમશેરની શોભા નથી. શૂરા શરદારના હાથમાં આપેલી શમશેરની શોભા દેશના રક્ષણમાં થાય છે. આત્મા કર્મનો નાશ કરે તો મનુષ્યભવની શોભા. શોભા ધર્મરત્ન પ્રાપ્ત કરવામાં કેમ ? તે જે કોઈ અનર્થો, જુલમો, પ્રતિકૂળ સંયોગો, નુકશાનો, બધાને હરણ કરનાર ધર્મરત્ન જ છે. પહેલા વિચારો કે આપણે જીવતા કોને જોરે રહ્યા. મરણને પણ અત્યારે લટકાવી રાખ્યું છે. પુન્યનું જોર છે ત્યાં સુધી મનુષ્યગતિનું આયુષ્ય છે, ત્યાં સુધી જમ આંટા મારે છે, અત્યારે જમનું જોર ચાલતું નથી. પાંચે ઇદ્રિયોનાં પરાક્રમ પ્રસરી રહ્યાં છે તે કોના જોરે ? જે વખતે ધર્મની ખામી હશે તે વખતે બીજી ગતિઓમાં સાંભળતા બંધ થઈએ છીએ.

સજ્જનો શિખામણે, દુર્જનો દંડે ડાહ્યા થાય :

પાંચે ઇદ્રિયોનું પરાક્રમ કોને આધીન ? બાહ્ય જુલમથી તમને બચાવે તેને ટેક્સ આપો છો. મેળવવાનું તમારી મેળે, રાજા માત્ર બચાવે છે. બકરીથી બચાવે છે, સિંહથી નહીં બચાવે, રાજાઓના

રાજ્યો, લશ્કરના જોર, બાહ્ય સંયોગો ઉપર, અભ્યંતર સંયોગ પર જો રહેતે તો રાજા એના બાપને તથા માને મરવા શું કરવા દેત? પણ બધું જોર બહાર ઇંદ્રિયોના વિષયોમાં, રાગ કરે તો જ કર્મબંધ, આસક્તિવાળી ઇંદ્રિયો કર્મ બંધાવે. નિર્જરા-સંવર તરીકે પ્રવર્તાવો તે કર્મ બંધ નહીં કરાવે. રાજાને ટેક્સ આપો છો તે બાહ્ય બચાવ માટે. બહારના બચાવ કરે તે પણ તમારી સ્થિતિ હોય ત્યાં સુધી, તે માટે તેની આટલી તાબેદારી માન-સન્માન તો અભ્યંતર સંયોગથી બચાવ કરે એવું પુન્ય, તેવો ધર્મ, તેની મહત્તા કેમ ખ્યાલમાં લાવતા નથી? એક જ વાત, સજ્જનો શીખામણથી શાણા થાય, દુર્જનો દંડે શાણા થાય, એમ બહારની સત્તા દંડે શાણા બનાવે છે. અભ્યંતર સત્તા શિખામણથી શાણા બનાવવા માંગે છે. બાહ્ય રાજા, લશ્કર, ડાક્ટર, વૈદ્ય એ તો ગુલામી, એ એના હુકમ પ્રમાણે રક્ષણ કરી રહ્યા છે. મુખ્ય મુરબ્બી પુણ્ય-ધર્મનું મોં જોવામાં પણ પ્રમાદ થાય છે. આ વસ્તુ ટકાવી રાખનાર મેળવી આપનાર કોણ? રક્ષણ કરે છે, વૃદ્ધિ કરાવે છે, નાશથી બચાવે છે. આટલું કરે છતાં દુર્જનને ૧૫૦ ઉપકાર કરો તો પણ ઊંધો જ ચાલે. એવી રીતે નશીબ, ધર્મ, રત્ન સેંકડો ઉપકાર કરે છે છતાં આપણને સીધા થવાનું સૂઝતું નથી.

ચૌદ રત્નો કરતાં ધર્મરત્નની અધિકતા :

ધર્મરત્ન એ જ અનર્થને હરણ કરનાર છે, એવું ધર્મરત્ન આપણને મળ્યું છે પણ તેનો ઉપયોગ શામાં કરો છો? બાળક બે વાતે ભરપૂર. સાંભળવામાં અને ચાખવામાં. પુરુષને પાંચ બાબત, પણ ધર્મરત્ન મળ્યું તેનો ઉપયોગ કયો કરવો તે વિચારતો નથી. ચક્રવર્તીના ૧૪ રત્નો જે બહાદુરી ન કરી શકે તે ધર્મરત્ન કરી શકે છે. ૧૪ રત્નો આ ધર્મરત્નના ગુલામ છે. પાણીના પ્રવાહમાં તણાઈ જતાં સુભૂમ ચક્રવર્તિ ૭ મો ખંડ સાધવા નીકળે છે, તે વખતે લશ્કર સહિત દરિયામાં ડુબી જાય છે. ૧૪ રત્ન હાજર હતા, ચૌદ રત્ન શું કરે? જ્યાં સુધી નશીબદારી હતી ત્યાં સુધી ચૌદ રત્નો કામ કરી રહ્યા હતા. નશીબદારી નાઠા પછી ચૌદ રત્નનું કંઈ ચાલતું નથી, પણ તે ધર્મરત્ન કરી શકે છે. હવે ધર્મરત્ન મળવા પહેલા જેમ ગાય દોહવા પહેલાં દોણી તૈયાર જોઈએ, તેમ ધર્મરત્ન પ્રાપ્ત કરવા માટે રક્ષણ માટે કાર્યો ઉપજાવવા માટે ૨૧ ગુણોની જરૂર છે. ૨૧ ગુણો રૂપ

માટે દોણી સમાન છે. આ સાંભળી જગતમાં બને છે. તેમ આબરૂદાર વરો કરે અપજશથી સાવચેત રહે. છતાં કદાચ રસોયાની ભૂલથી લગીર મીઠું-મરચું વધારે પડયું તો દુર્જનો-મુરખાઓ મીઠાઈઓ ન જુવે, કઢીમાં ખારાપણું હતું તે જ જુએ. અરરર! તીખી- ખારી કઢી કરી. જમણ ધૂળ કર્યું જે પેલી ખોડ હોય તે જ દુર્જન જુએ. અહીં પણ ધર્મરત્નની યોગ્યતા માટે પ્રથમગુણ અક્ષુદ્રનું તત્વ ન સમજતા ધર્મ કરતો હોય ત્યાં તોછડાઇથી બોલી જવાયું હોય. કરી સામાયિક-પૂજા જોયા-પોસા દેખાવ દોષનો દુર્જન કરે, માત્ર દોષનો દેખાવ કરે પણ અક્ષુદ્રતું સ્વરૂપ સમજવાની જરૂર છે. અક્ષુદ્ર કહ્યો અને ગંભીર કેમ ન કહ્યો? સામાન્ય અર્થ ગંભીર આવી ગયો છે. તો ગંભીર ચોકખું કહેવું હતું ને? કારણ છે. ગંભીરતા ગુણ તે આચાર્ય પદવીની લાયકાતમાં અક્ષુદ્રતા એટલે દોષનો અભાવ, તે દોષ તેટલા પૂરતો ગુણ થાય એટલે બસ. જો આચાર્યના ગુણમાં ગંભીરતા રાખી તો અહીં **गम्भीरो** એવું રાખવું હતું ને? અક્ષુદ્ર ગુણ સર્વત્ર સંબંધ રાખે છે. અક્ષદ્ર ગુણ ધર્મરત્ન પૂરતો વિચાર રાખે છે. મહાશતક રેવતીના ઉપદ્રવથી ઉછળી ગયા, સાતમે દહાડે મરી નરકે જવાની છે તેમ કહ્યું. ગંભીરતા ગઇ તો મહાશતક અધર્મી થયો, આણંદ શ્રાવક અવધિજ્ઞાન થયું છે-એમ બોલવાની જરૂર શી? પોતાના ગુણ પોતાના મ્હોંથી કહ્યા તેથી તુચ્છ કહી દેવા. કહો એ તુચ્છતા નથી ગણી. તેમ ગંભીરતાનો અભાવ નથી ગણ્યો. તુચ્છતા છે તે ક્યાં ગણાય? ધર્મરત્ન પામવામાં તુચ્છતા નુકશાન કરનાર છે. તે તુચ્છતાનો અભાવ અહીં લેવાનો છે. માટે તુચ્છતા-ગંભીરતા કેમ સમજાય તે આગળ જણાવવામાં આવશે.



પ્રવચન ૨૫મું

સંવત ૧૯૯૦ શ્રાવણ સુદી ૧ શનિવાર તા. ૧૧-૮-૩૪.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન શાંતિસૂરીશ્વરજી મહારાજા ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને રચતાં થકાં આગળ જણાવી ગયા કે આ અપાર સંસાર સમુદ્રમાં વહેતાં વહેતાં મનુષ્યનો ભવ મળવો ઘણો મુશ્કેલ હતો. કારણ મનુષ્યભવ કોઈ પાસેથી માગીને મેળવવાનો નથી. જેથી

મેળવતાં મુશ્કેલી પડે. તેમ બીજાને અડચણ હોય તેથી વિઘ્ન કરે, તેથી પણ મનુષ્યપણું મુશ્કેલ નથી. તો મુશ્કેલી કેમ છે? જગતમાં જે મનુષ્યો ભૂલા પડેલા હોય તેને માર્ગ પર આવવું તેમાં કોઈ આડ કરનાર હોતા નથી. માર્ગની પ્રાપ્તિ મુશ્કેલીથી નથી. છતાં આપણે માર્ગેજ આવવું. ઉન્માર્ગને છોડી દેવો. તે સમજણ જાણપણા–ભવિતવ્યતાને આધીન હોવાથી મુશ્કેલ પડે છે. માર્ગ બીજો છે તેવું સ્મરણમાં નથી તેવી જગો પર માર્ગે આવવું ઘણું મુશ્કેલ છે, અજાણ્યો પુરૂષ માર્ગ–ઉન્માર્ગ જાણતો નથી. માર્ગ તરફ પ્રયત્ન કરવા આત્માને પ્રેર્યો નથી. તેવા હજારો ઉન્માર્ગની કેડી છોડી માર્ગ પર આવી જાય તે કેટલું મુશ્કેલ છે? આપણે જે વખતે અનાદિ નિગોદમાં રખડયા. ઘોડા, ગાય, બળદો બધા જાનવર પણ જીવે છે. તેને સ્વપ્નમાં પણ તિર્યંચનો ભવ નકામો છે, એ કલ્પના નથી. મનુષ્યનો ભવ મેળવું એ માંહેલો વિચાર નથી. હજારો ઉન્માર્ગની કેડીઓ છે. તેમાં ભટકતા જીવને માર્ગનો વિચાર નથી. અને માર્ગે આવવું થાય, તે કોઈક વખત ભવિવ્યતાના જોરે જ થાય. ધર્મની અપેક્ષાએ આપણે અત્યાર સુધી ઉન્માર્ગે હતા, આપણે ઘેર ઘોડો, ગાય, બળદ હોય તો વધારે શું કરે છે? જીવન જીવે, મજુરી કરે, આપણે જીવન જીવીએ અને કુટુંબનો નિર્વાહ કરવા મહેનત કરી જાનવર માફક ચાલતા થઈએ. બીજી જાતમાં મનુષ્યપણાનું જ્ઞાન ઈચ્છા ન હતી, સુંદરપણું જાણ્યું ન હતું તેમાંથી મનુષ્યપણું કેટલું મુશ્કેલ હતું?

ધન એ અનર્થનું મૂળ :

બીજી બાજુ વિચારીએ તો મનુષ્યપણું દેવપણા કરતાં પણ મુશ્કેલ. આગળ વધીને કહું કે દેવતાપણું પામવું સહેલ પણ મનુષ્યપણું પામવું મુશ્કેલ છે, અધિક પુન્યાઈએ મળનારું દેવતાપણું સહેલું કેમ? ઓછી પુન્યાઈએ મળે તે મુશ્કેલ કેમ? તમે તો એક અપેક્ષાએ દેવતા કરતાં મનુષ્યપણું દુર્લભ છે, તે અપેક્ષા ધ્યાનમાં લ્યો. ત્રીજો ભાગ અને ચોથો ભાગ એ સરખા, ત્રણ છોકરા ને ચોથા ભાણેજ માટે સરખા ભાગ આપવાનું નક્કી કર્યું. છોકરા હકદાર, તેને માટે કંઈ કરવાનું રહેતું નથી. હું હકદાર નથી. ભાણેજે વિચાર્યું કે હું નિરાધાર થયો. ડોસાએ કહ્યું કે, ત્રણેનો જેવો ત્રીજો ભાગ મળશે, તેવો તને ત્રીજો ભાગ મળશે. ભાણેજ શું કહે છે? જેટે બેઠેલા સાક્ષી છે. ત્રીજો

ભાગ આપવાનો દાદાજીએ કહ્યો છે, પેલા ત્રીજો ભાગ કહે છે, પૈસો હોળીનું નાળીયેર છે, માથા ફોડવા જાય, લઉં એની કિંમત. આ પૈસો શું કાર્ય કરશે તેનો વિચાર મનુષ્યને આવતો નથી, પણ પૈસાના રાગને લીધે છોકરો બાપથી, માથી, ભાઈથી ખાનગી રમત રમે, બાયડી ધણીથી ખાનગી રમત રમે. આટલા માટે ચોક્ખું કે જગતમાં अत्थो अणत्थ मूलं. પૈસો અનર્થનું મૂલ છે. બે ચોક વચ્ચે નાળીયેર મૂકે ત્યારે ચોકવાળાને લડાઈ જામે, તેમ મોહરાજાએ જીવોને માંહોમાંહે લડાઈ જમાવવા માટે પૈસો હોળીનું નાળીયેર મૂક્યું છે. હોળીમાં નાળીયેરનું કોપરૂં મળે છે. એ ખાવા પણ કામ લાગે છે, પણ આ પૈસો ખાવા સુંઘવા કશા કામમાં ન આવે, એટલું જ નહીં પણ તેને લીધે આખા જગતનો અણુભરોસો. ચાહે, જેવા પ્રીતીવાળા-સ્નેહવાળા તેમાં વિષમતા પૈસાથી આવે. જે ભાણેજ અહીં જન્મ્યો છે, પળાયો છે, વધ્યો છે તે ભાણેજ ચોથા ભાગથી સંતોષ ન પામતા મામા પર ફરિયાદ કરે છે. હરામનું આવે છે તે પણ ઓછું પડે છે. નાના તરફથી જે મિલકત મળે તે મફતીયો માલ છે. તેમાં ઓછું પડયું, ફરિયાદ કરી.

પહેલાં કાળમાં કજીયા દલાલો કજીયાની ના ન કહેતા. અત્યારે કયો વકીલ કહે છે કે–'ના લડીશ.' દાકટરો હજુ કહે છે કે–દરર ભયંકર છે. છતાં જુએ છે, હજુ દાક્તર ખરું કહે છે ને ? ત્યાં પણ કજીયા દલાલો હારી જાય, તોપણ ઉપલી કોરટ છે ને ? ત્યાં હારે તો હજુ પણ ઉપલી કોરટ છેને ? ચાહે તેવા કેસ હોય, તેમાંથી પેટ ભરે છે. કેસ ચાલવા માંડયો. ન્યાયાધીશને ૯૦ કેસ આવે કે ૯૯ કેસ આવે તોપણ પગાર ઘટવા વધવાનો હોતો નથી. તેમ ન્યાયાધીશે દેખ્યું કે નકામા લડી મરે છે કેમ ? અમે તો ન્યાય માગીએ છીએ, દાદાએ આપ્યો એ હક છે. હરામનું નથી લખી આપ્યું, એટલે હકને અંગે ન્યાય માગીએ છીએ. :તમારા ઘરનું પોષણ કરવા આ બેનું શું કરવા નખોદ વાળો છો. 'વર વરો (મરો) કન્યા વરો (મરો) પણ ગોરનું તરભાણું ભરો.' વરવાનું બેને પરસ્પર છે. તો વરની ફાવટનું લગ્ન થાય તો વર વર્યો, વહુની ફાવટનું લગન હોય, મોટા ઘરનો વર હોય તો કન્યાની ફાવટનું લગન હોય, ચાહે તે હોય. તો પણ ગોરનું તરભાણું ભરો. તેમ વકીલમાં વાદી કે પ્રતિવાદીમાં હુકમનામું થાય. કોઈ પણ ફાવે તેમાં કજીયા દલાલ (વકીલ) નું

ગજુ ભરાવવાનું જ. તમારા ગજા ભરવા આ બિચારાઓને હેરાન કરો છો. જે ત્રીજો ભાગ એજ ચોથો ભાગ, ને ચોથો ભાગ એજ ત્રીજો ભાગ છે. કજીયા દલાલે સીધો રસ્તો સુઝાડયો તો પણ સુઝતો નથી. ત્રીજા ભાગની વાત બરોબર ચોથો ભાગ લખ્યો તો પણ બરોબર શી રીતે? રૂપીએ ૧ દોકડાનો ફેર આવે, સમુદાયનો ચોથો એ શેષનો ત્રીજો ભાગ ને સમુદાયે ૧૦૦, તેનો ચોથો ભાગ ૨૫-પચીસ. બાદ કરી પછી: ૭૫નો ત્રીજો ભાગ તરીકે એજ મુદ્દાએ કહ્યું કે ત્રણ ભાઈ વહેંચી લેશે એટલે તને પણ ચોથો ભાગ આવશે. ત્રણને ત્રીજા ભાગ તરીકે આવે એવું તેને આપો તો ચોથો ભાગ આપોઆપ આવી જશે. જેમ અપેક્ષા ન સમજ્યો હોય ત્યાં સુધી સમુદાયનો ચોથો એ શેષનો ત્રીજો ભાગ થાય તે સમજાય નહીં.

તેમ મનુષ્યપણું દેવતાથી દુર્લભ, તે અપેક્ષા ન સમજાય ત્યાં સુધી સમજાય નહીં. જેમ જે વસ્તુના ઉમેદવાર વધારે તેમ તેમ તે સ્થાનમાં ચાન્સ ઓછો. દેવગતિના ઉમેદવાર કેટલા? ને મનુષ્ય ગતિના ઉમેદવાર ઘણા. નારકી-દેવતા મરી દેવતા થાય નહીં. એકેન્દ્રિથી ચૌરેંદ્રિયજીવો દેવતામાં ન જાય, અસંજ્ઞી પણ દેવતા થાય નહિં. સંજ્ઞીપંચેદ્રિયનો અમુક ભાગ દેવલોકે જાય, દેવતા માટે અરજદાર ઓછા. હરીફ ઉમેદવાર માત્ર સંજ્ઞી પંચેદ્રિમાં ગણ્યા ગાંઠયા, જ્યારે મનુષ્યો, નારકી, દેવતા બધા મનુષ્ય થાય. એકેદ્રિય-બેઈદ્રિય, તેઈદ્રિય ચૌરેંદ્રિય અસંજ્ઞી પંચેદ્રિય સંજ્ઞી પંચેદ્રિય બધા મનુષ્યો થાય. મનુષ્યપણા માટે હરીફ ઉમેદવાર બધા. દેવતા માટે હરીફ ઉમેદવાર ગણ્યા ગાંઠયા. મનુષ્યપણા માટે જે ઉમેદવાર છે, તેનો અનંતમો ભાગ પણ દેવતાપણાની લાયકાત ધરાવતા નથી. તો દેવતાપણું પામવામાં હરીફ ઘણા ઓછા. મનુષ્યપણામાં હરીફો અનંતા, તેમાંથી પાસ થવાનું, એવી જ રીતે બીજી બાજુ જેમાં ઘણી જગ્યા હોય ને મળવાનો ચાન્સ સહેજે જગા ઓછી હોય, તે મળવાનો ચાન્સ ઘણો ઓછો. મનુષ્ય કેટલા? ગર્ભજ મનુષ્ય સંખ્યાતા, ઓછામાં ઓછી સંખ્યા હોય તો મનુષ્ય જીવોની. તે કરતાં વધતી વધતી અસંખ્યાત ગુણી વધતી જાય. તો ૪૦-૪૫ નંબરે જાય તો દેવતાની સંખ્યા આવે. ગર્ભજ મનુષ્ય કરતાં અસંખ્યાતગુણા કરતાં જઈએ. ૪૦-૪૫ આંકડા આવે, આથી દેવતાપણાના સ્થાન અસંખ્યાત અસંખ્યાત ગુણા છે. મનુષ્યના સ્થાનકો સુકીબર છે. જેના ઉમેદવાર

મુનીભર અથવા જેના ઘણા ઉમેદવાર તેના સ્થાન ઓછા. ઘણા ઉમેદવાર અને સ્થાન ઓછા તે બેમાં મુશ્કેલ કયું ? તો કે મનુષ્યપણું.

રેતીની રમત સરખું આપણું મનુષ્યજીવન :

મૂળ વાતમાં આવો. મનુષ્યપણું હરીફની અપેક્ષાએ ઘણું જ ઓછું મળે તેવું છે. તે સાથે દુનિયામાં સમધારણ રહેવું મુશ્કેલ છે ? પ્રકૃતિએ પાતળા કષાય તે સમધારણા મુશ્કેલ, જ્યારે દેવતા માટે અકામનિર્જરા–વગર ઈચ્છાએ દુઃખ વેઠવું તે સ્વાભાવિક છે, પણ પ્રકૃતિએ પાતળા કષાય કરવા તે વધારે મુશ્કેલ છે. દેવતાપણાના કારણ પરાધીનતાએ પણ મળી જાય, મનુષ્યપણાના કારણ પરાધિનતાએ મળતા નથી. આથી મનુષ્યપણું દેવતાપણા કરતાં પણ મુશ્કેલ છે. તો જવા દો, શી જરૂર છે ? ધૂળ–રેતી માટે છોકરા લડે, કે મોટા લડે ? કાંકરી–રેતી નાખી હોય, કોની જમીન, કોની કાંકરી, છોકરાને ઘેર લઈ જવી નથી, છતાં એકની કાંકરી બીજો કાંકરી લઈ જાય તો બચકે બચકે પથરાથી લડે. ધૂળો ઉછાળે, સામસામી મારે, આપણને હાંસી આવે પણ આપણી સ્થિતિ દેખ્યા વગર બીજાને હસવું તે મૂર્ખતાની નિશાની છે, 'આ જાયગા' 'જાઊંગી નહિ' મારો ઉપરી માલિક જવાનો. હું જવાની નહીં, મેં જવાવાલી નહિં. એનો માલિક થશે વો જાયગા. જગ્યા પોતે કહી રહી છે, માલિક જશે હું જવાની નથી. એ જગા છોકરાની ન હતી. જ્યાં બંગલા બનાવીએ છીએ તે જગ્યા જવાની છે. બે ચાર ઘડી રમવાની ધૂળ તેમ આ મકાનમાં ઈંટ, લાકડા, લોહું નાંખ્યું તે આ જિંદગી રમત કરવા માટે, છોકરા રમી ઘેર ગયા કે રેત રેતના ઠેકાણે, એમ આપણે જ્યારે જિંદગી પૂરી કરી ચાલ્યા જઈશું, ત્યારે બંગલો, ઘર, હાટ, હવેલી ત્યાંના ત્યાં પડી રહેવાના, વળાવા જવાનું એ નહિ.

રજા અને રાજીનામું કોને કહેવાય ?

બે પ્રકારે જવાનું; કાં તો રાજીનામાથી, કાં તો રજાથી જાય, રહેલો નોકર બે પ્રકારમાંથી એક પ્રકારે જવાનો છે જ, એમ અહીં આ જીવને અહીંથી રાજીનામાથી, કાંતો રજાથી જવાનું થશે. ફરક એટલો રહે કે શેઠ કહે રહે, નોકર કહે નથી રહેવું, તો રાજીનામાની નિશાની. શેઠ કહે નથી રાખવો ને નોકર કહે શેઠ રાખો તો રજા કહીએ

છીએ. તેમ અહીં આપણે જ્યારે સંસારનો ત્યાગ કરીએ છીએ ત્યારે સંસારીઓ રહે રહે–એમ કહે. તેથી જગો જગો પર દીક્ષા લેવાનું ચિહ્ન તે જ. रुदतो रुदति वा लोके प्राव्राजीत्. પોક પડી એ મર્યાની નિશાની, એ દૃષ્ટાંત અહીં નથી દેતા. ત્યાં એનો અનાદર નથી, મરનાર અનાદર કરી મરતો નથી. વ્યાકરણકાર પાણિની તથા હેમચંદ્રાચાર્ય મહારાજ વિગેરેના ચાર ઉદાહરણો છે. કૌમુદી ભાષ્ય, સિદ્ધહેમ બધા વ્યાકરણમાં આ ઉદાહરણ છે. કે 'લોકો રોતાં છતાં કુટુંબીઓ આક્રોશ કરતા છતાં બધાનો અનાદર કરી તેણે દીક્ષા લીધી.' શેઠ રહે રહે કહે ને નોકર નથી રહેવું કહે તો રાજીનામું. ત્યાં લોકો પણ પ્રતિકૂળ થાય છે. જે માણસ એક છત્રમાં હોય તો રાજ્યની વફાદારી ખાતર પણ દ્રોહીની વિરૂદ્ધ વર્તવું પડે. દ્રોહીના સામા થવું પડે. જે મોહરાજાની છત્રછાયામાં છે, મોહરાજાના બળવાખોર સામે બળવો જગાડે, તેણે મોહરાજાની ખાતર દીલગીરી દર્શાવવી પડે. મુસલમાની રાજ્ય, મોગલાઈ પરાણે ઠોકવા આવે પણ રહ્યા છીએ મુગલાઈમાં પણ પેશ્વાઈને મદદ કરનાર હોય. દુરાનીના તાબામાં છતાં પેશ્વાઈની પરોપકારી વૃત્તિ જાણીતી હતી. જેણે દિલ્હીમાં મોગલોના બંગલા બાળી નાખ્યા, તેમ મોહમાં બેઠા બેઠા પણ મોહને કોચે, બેઠા બેઠા પણ મોહરાજાની ખાતર દીલગીરી દર્શાવવી પડે.

મરતો નથી કે મારો મેલતો નથી :

મૂળ વસ્તુમાં આવો, રાજીનામે જાવ કે રજાએ જાવ. જવું છે એ ચોક્કસ. ઘરધણી હાંકી કાઢે તો જવું પડે. કાં તો પોતાનું મન થાય તો જવું પડે. તેમ બે પ્રકારે ઘરમાંથી જવું પડે. એ પોક મૂકે, રહો રહો કહે, તો પણ રાજીનામું દઈ નીકળીએ, એક જલદી કરો કાઢો, કેમ વાર લગાડી ? ઝટ કરો, પોતાને રહેવું છે અને પેલાઓ કાઢે છે. મરતી વખતના પરિણામની વાત કરૂં છું, રોટલા પેટે, લુગડા પેટે, મજુરી રાખે છે. તેઓ મજુરી કરે તો કિંમત ગણે છે. મજુરી ઓછી કરતો લાગે તો રોટલાને લુગડાં પણ ભારી પડે છે. અહીં આ પણ રોટલા ખોરાક પેટે, એક મજુર મળેલો છે, બાઈ કે ભાઈ હોય, કંઈ કામકાજ કરે તો ઠીક પણ સાસુ હોય કે મા હોય, માંચે પડેલો

કે, તરત કહીએ કે 'મરતો નથી કે માંચો મેલતો નથી.' આ શું? આ રોટલા ને લુગડાં પેટે રાખેલો મજુર પણ ભારે પડયો, નહીંતર એ સંકલ્પ ક્યાંથી નીકળ્યો? એના રોટલા ને લુગડાં ભારે પડયા. માવજત કરવી પડે છે, આપણુને કેડમાં લઈ ફર્યા તેનું કંઈ નહિં. કંડોલીયા ગોર જાણીએ છતાં ચોરીમાં એવા ગોરને બોલાવીએ છીએ. જે બોલવાના છે કે 'મરતો નથી ને માંચો મેલતો નથી.' તેવા ગોરને ચોરીમાં લાવીએ છીએ. ક્યારે જાય તેવું કહીએ છીએ. છોકરાઓ પણ બોલતા શીખે છે કે તમારા લાડવા ક્યારે ખવડાવશો? આવી દાનતવાળા જાવ જાવ કરી રહ્યા છે. મરતાં ઉતાવળ કરો એમ કરી રહ્યા છે તે વખતે પણ આ દશા છે. ત્યાગી થઈ રાજીનામું દઈ નીકળે તે અને રજા લઈ નીકળે તે, એટલે એ વાત નક્કી છે. રાજીનામું દઈને કે રજા આપવાથી નીકળે પણ રાજીનામું દઈ નીકળે તો બીજી દુકાને કિંમત વધે, આવતા ભવે સારી કિંમત કરાવવી હોય તે રાજીનામું આપી દેવું. રજા આપ્યા પછી નીકળે તો ૧૦૦ ના ૬૦, રાજીનામું આપી નીકળે તો ૧૦૦ ના ૨૦૦.

તેમ મનુષ્યભવમાંથી જો આપણે રાજીનામું દઈ નીકળીએ તો સદ્ગતિમાં કિંમત છે અને રજાથી નીકળે તેને પછી આગળ પણ દુર્ગતિ છે. રજા લઈ નીકળે તેની કિંમત વધવાની નથી. નાના છોકરા બે ઘડી પારકી રેતમાં રમ્યા, મોજ કરી, સમજ્યા, પણ લુગડા શરીર મેલા થયા, ઘેર ગયા સાથે જ મા ધોકો લઈ મંડવાની, ત્યાં માર ખાધો. ત્યાં નિશાળે ગયા, લેશન નથી કર્યું, ત્યાં સોટીઓ તૈયાર. રમતમાં વખત કાઢ્યો તો એનો માર ખાવો પડયો, તેમ આ જગ્યા આ પુદ્ગલો જે અહીં પડયા રહેવાના છે તે ખાતર રાગદ્વેષ કરી મોજ માની, મર્યા એટલે દુર્ગતિ થઈ, અહીં માણસો કહે છે કે કર્યું શું? આવ્યો ને ગયો. પાછા દુર્ગતિમાં દંડિકા છે. આટલું છતાં વિવેક ન આવે તો? 'બાળલીલા ઘર લીલા સરખી.'

ટોપલે ઘર :

ધરમની પરિણતિ આવે તો છોકરાની ધૂળની રમત સરખી ભાસે. તેમ સંસારમાં જર-જોરૂ અને જમીન કોના? ફળ-પરિણામ શું? આપણે ૫૦-૬૦ વરસ સુધી રમત કરીએ અને બે કલાકની છોકરાની રમતને હસીએ તો કેવા ગણાઈએ? પાંચ, સાત મિનિટનો જેમાં

માર પડે, તેવી લીલા–ક્રીડાની હાંસી કરીએ અને સાગરોપમો સુધી ધોકા પડે તેવી ધુળની ક્રીડા કરીએ, તેવી ક્રીડા કરવાવાળા છોકરાની ક્રીડાને હસીએ એનો અર્થ શો ? કુંડું કલાડાને હસે તો વ્યાજબી, પણ કલાડું કુંડાને હસે તો ? તેમ આપણે એક મનના રાજીપાને માટે સાગરોપમોનાં દુઃખ સહન કરવા તૈયાર થએલા બે પાંચ મિનિટનાં દુઃખને શું જોઈ હસીએ છીએ ? અહીં મનુષ્યપણામાં શું મેળવવાનું છે તેનો ખ્યાલ નથી. દુરૂપયોગનો ખ્યાલ નથી, તેથી આપણે આપણા જન્મો એમ ને એમ ગુમાવીએ છીએ. માટે અનાદિ ભવચક્રમાં રખડતા જીવને દેવતાની ગતિ સુલભ હતી પણ મનુષ્યની ગતિ સ્થાનની ઉમેદવારીની અપેક્ષાએ દુર્લભ હતી તે મળી. હીરામોતીની વધારે કિંમત હોવાથી લૂંટના ભય વખતે તેવી ચીજો વધારે રખાતી. કારણ ? ઘર ટોપલામાં ઘાલી ઉપાડી રાખવું મુશ્કેલ, મેવાડમાં પ્રતાપના વખતથી પેશ્વાઈ સુધીમાં કોઈને પૂછે કે ક્યાં રહો છો ? ટોપલે, પર્વતની ખીણમાં વસ્તી જામે; શત્રુને ત્યાંની જમાવટ માલમ પડે, હલ્લો કરે ત્યારે ટોપલા ભરી ચાલવા માંડે, આવી સ્થિતિમાં ટોપલે ઘર કહેવાનું. ત્યાં કિંમતી ઝવેરાત કામ કરે. ત્યાં લોઢા, ત્રાંબા, પીત્તળ અને ચાંદી સોનાના ઢગલા પણ પડયા રહે. શું કામ લાગે ? હીરા, મણિ, મોતી, માણેક, મુગીયા કામ લાગે તેથી એ કિંમતી ગણ્યા. તેમ આપણે પણ ટોપલે ઘરવાળા છીએ, મહેલાતો પણ કામ નથી આવતી. હીરા, મોતી જ કામ લાગે છે, ટોપલે ઘરવાળાઓ, હલ્લા વખતે વાડી–બાગ, બગીચા, મહેલોની કિંમત ગણતા નથી પણ હીરાદિકની કિંમત ગણે છે. તેમ આપણે ટોપલે ઘરવાળા છીએ. અહીં ૫૦–૬૦ વરસ થયા, હલ્લો આવ્યો તો ચાલવા માંડવાનું. બીજા ભવમાં ગયા. પાછો મહેલ, વળી મહેલાત છોડી ચાલતા થવાનું. આપણે કઈ વસ્તુ વસાવવી ? બાયડી, બાપ, બા, બાગ, બગીચા કંઈ પણ જવાબ નહીં દે, ટોપલે ઘરવાળા નગદ માલ છેડામાં બંધાય તેવો રાખે, આ ઉપરથી કુમારપાલ મહારાજા વખતે દરિદ્ર દેખાતા મનુષ્ય પાસે સવાસવા ક્રોડ રૂપિયાના ચાર રતન હતા. દેખાય ત્યારે દરિદ્રશંકર, આથી સમજશો કે પાંચ ક્રોડ પોટલીમાં ક્યા મુદ્દાએ બાંધ્યા હશે ? ટોપલે ઘરોની ધારણાએ, તેથી મોંઘા રત્નો છેડે બંધાયા છે. આપણે પણ ટોપલે ઘરવાળા છીએ, જે ઘરોમાં, ભવોમાં જાવ ત્યાં પાછળ હલ્લો તૈયાર છે. ત્યાં મોતસાઈ સાઈ, અહીં મરણ સાઈ હલ્લો છે. હવે એ હલ્લા વખતે હાટ, હવેલી

કામ કરતા ન હતા. આ મરણ સઈ હલ્લામાં કુટુંબાદિક કંઈપણ લઈ જઈ શકવાના નથી. જો બીજે ભવ લઈ જઈ શકીએ તો ધર્મરૂપી રત્ન, એ જ બચાવી ભવાંતરમાં સાથે લઈ જઈ શકીએ. બીજી કોઈપણ વસ્તુ લઈ જઈ શકતા નથી. મોગલાઈ હલ્લામાંથી નીકળેલો મોંઘા મૂલના રત્નો લઈ નીકળે તો આગળ બચે છે. ધર્મરત્ન લઈ નીકળેલાને આગળ અનર્થને હરણ કરનાર તે રત્નો થાય છે. દુઃખ-આપત્તિથી બચાવનાર કોઈ ચીજ હોય તો ધર્મરત્ન છે. તેથી તે મનુષ્યપણામાં ધર્મરૂપી રત્ન મેળવી શકો છો.

ત્રણ ગતિમાંથી સાથે કંઇ લઇ જઇ શકાતું નથી :

રાજાનો કિંમતી હાથી, ઘોડો, કૂતરો કે પોપટ પણ હલ્લામાંથી ખાલી હાથે જ જાય, તેની પાસે કંઈ ટકે નહિં, તિર્યંચની ગતિ-દેવતાની ગતિ-નારકીની ગતિનાં મરણના હલ્લામાં ખાલી હાથે જ નીકળે. તે મરણ સઈ હલ્લામાંથી કંઈ પણ લઈ નીકળી શકતા નથી. કેવળ મનુષ્ય જ ધર્મરત્ન લઈ નીકળી શકે છે. હલ્લા વખતે ધર્મરત્ન લઈ નીકળી શકાય. મરણના હલ્લા વખતે બીજું કંઈ પણ લઈ નીકળી શકાતું નથી. તીર્થંકર નામગોત્ર ઉપાર્જન કરવાની ખરી તાકાત, ચારિત્રની આરાધના; આ બધું મનુષ્યપણામાં થઈ શકે છે. તેવા મનુષ્યભવને આપણે પામ્યા છીએ, આપણે અહીં ધર્મરત્નની ગવેષણા ન કરીએ તો 'તળાવને કાંઠે ગયો ને તરસ્યો આવ્યો.' તો તેને મૂર્ખો કહીએ. આ દુર્લભ ધર્મરત્ન હરેક ભવ માટે રજીસ્ટર કરવા લાયક સ્થાન. મોક્ષને અંગે સારું કરી શકાય તેવું સ્થાન મળ્યું. તેવા સ્થાનમાં તરસ્યા રહીએ તો પશ્ચાત્તાપ થશે. માટે તે ધર્મરત્ન સોનાનું પાત્ર હોય તો વાઘણનું દૂધ જામે. તેમ ધર્મરત્ન મળે ક્યારે, સ્થિર થાય ક્યારે ? ઉત્તરોત્તર વૃદ્ધિ પામે ક્યારે ? લાયકાત આવે ત્યારે. માટે ૨૧ ગુણોવાળો થાય ત્યારે ધર્મરત્નને લાયક થાય. હવે તે ૨૧ ગુણો કેવી રીતે આવે તે આગળ જણાવવામાં આવશે—



સં. ૧૯૯૦ શ્રાવણ સુદી ૨ રવિવાર

धम्मरयणस्स जोग्गो, अक्खुद्दो रुववं पयइसोमो ।
लोगप्पिओ अक्कूरो भीरू असढो सुदक्खिन्नो ॥ ५ ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી મહારાજા ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને કરતા થકાં આગળ જણાવી ગયા કે આ અપાર સંસારમાં ભમતાં ભમતાં મનુષ્યભવ પામવો દુર્લભ હતો. ઓછામાં ઓછા ૨૯ આંકમાં–એટલા તો મનુષ્ય હોવા જ જોઈએ. અમુક સંખ્યામાં મનુષ્ય હોવા જ જોઈએ તેમ બતાવ્યું છે. જઘન્યથી ૨૯ આંક જેટલા ને ઉત્કૃષ્ટા ૩૨ આંક જેટલા; અમુક સંખ્યામાં મનુષ્ય હોવા જ જોઈએ એટલે ઉત્પત્તિ દુર્લભ છે તેમ પણ નથી. તેમ ઉત્પન્ન થવામાં જોઈએ એ છાંટા–માતાનું રુધિર અને પિતાનું વીર્ય. મુશ્કેલી શાથી છે ? મનુષ્ય-પણાને લાયક જે કર્મ બાંધવા તે મુશ્કેલ છે. પંદર કર્મભૂમિ સિવાય મનુષ્ય થાય નહીં. જુગલીયામાં એક જોડલું જન્મે, ને એક મરે. હવે પંદર કર્મભૂમિમાં વધારેમાં વધારે ઉત્પત્તિક્ષેત્ર નથી જેથી વધારે ઉત્પત્તિ થાય. મનુષ્યપણાની મુશ્કેલી બાહ્ય સંજોગોને આભારી નથી. અભ્યંતર સામગ્રીને લીધે જ તેની મુશ્કેલી છે, અભ્યંતર સામગ્રી કઈ ? સોનું બની જાય પછી ખાણ ખોદી કાઢ્યા જાવ પણ સોનાપણે પુદ્ગલો પરિણમવા એ જ મુશ્કેલ, તેમ મનુષ્યપણું મેળવવામાં પરાધીનતા, ઉત્પત્તિમાં મુશ્કેલી નથી. આટલી ઊંચી સ્થિતિમાં આવ્યા છીએ. મનુષ્યભવ મોક્ષની નીસરણી ગણી, એ છતાં મનુષ્યપણાના કારણો ટકાવવા ઘણા મુશ્કેલ છે. સ્વભાવે પાતળા કષાય, દાનરુચિ અને મધ્યમ ગુણો આ પરિણતિ સમજુપણામાં ટકવી મુશ્કેલ તો અજ્ઞાન-દશામાં આ કારણો શી રીતે ટકશે ? પ્રોફેસરને જે હિસાબ કઠીન પડે તે બાલ, કોળી શી રીતે કરી શકે ? કોઈ દેવતા આવીને કરી આપે તો જ આવડે. મનુષ્યપણું કેમ મળે ? મેળવવું છે એવો વિચાર કર્યો નથી, તેવાને મળતાં કેટલી મુશ્કેલી ?

પાતળા કષાય ન હોય તો તીવ્ર કષાયવાળાને નારકી તિર્યંચનું આયુષ્ય બંધાવે. લીન કષાય હોય તો દેવલોકે જાય. મનુષ્યપણામાં ક્યારે રહે ? સંધો ત્યારે જ મધ્યમ કહેવાય જો જમણી કે ડાબી બન્ને બાજુ પડે નહિ

ન હોય. મધ્યમાં જ રહે, તેમ ન ઉત્કૃષ્ટ કે ન જઘન્ય. અવગુણો ન જોઈએ તેમ ઉંચાગુણો પણ ન જોઈએ, અવગુણથી નારકી તિર્યંચમાં જાય, ઊંચા ગુણથી દેવ લોકમાં જાય, પાતળા કષાયપણું રહેવું જ જોઈએ.

અંત સમયે નમો અરિહંતાણં કોને યાદ આવે ? :

બીજા લોકોમાં કહેવાય છે કે અંત અવસ્થાએ હરિનું નામ લે તે દુર્ગતિએ ન જાય, તો છેલ્લી અવસ્થાએ **नमो अरिहंताणं** બોલી દઈશું. વાત ખરી. શત્રુનું લશ્કર ચઢી આવે તે વખતે શમશેર ફેરવવાવાળો તે શૂરો સરદાર, પણ કોઈ તેમ ધારે કે શત્રુ આવે ત્યારે શમશેર ફેરવીશું. પણ જેણે કવાયતની તાલીમ લીધી નથી તે વખતે શમશેર ફેરવવા માંગે તો તે વખતે ફેરવી શકે જ નહિં. કવાયતના વખતમાં વિલંબ થઈ ગયો હોય તો પણ ફેરવતા મુશ્કેલી પડે છે. નવેસર પરેડ કરાવે ત્યારે કામ લાગે. કોઇ એ વિચાર કરે કે શત્રુનો હલ્લો આવશે તે વખતે કાર્ય કરીશું, માટે જર્મન-ઇટાલી-હિન્દી સરકાર ભૂલ કરે છે કે પહેલાથી હથિયારની કવાયત કરાવે છે. હંમેશા લશ્કર નિભાવવું ખરચો આપવો તે મૂર્ખાઈ છે ? જે લશ્કરી તાલીમ જે કવાયત પહેલા ભરપૂર લીધી હોય તો શત્રુના હલ્લા વખતે કામ લાગે. તેમ અભ્યંતર શત્રુની સામે તાલીમ લીધી હોય તો જ કામ આવે. અહીં રૂંવાડે રૂંવાડે વેદના થઈ રહી હોય તો અરિહંત ભગવંતને કયાંથી યાદ કરશો, એવો શૂરો સરદાર હોય કે ડોકું કાપી નાખે તો પણ તરવાર લઈ ઘુમે-આપણે દૃષ્ટાંતમાંથી તત્વ લેવાનું છે. રૂંવાડે રૂંવાડે શૂરાતન વ્યાપેલું હોવું જોઈએ.

આપણે નસો તૂટવા માંડે. મરણ સમુદ્ઘાત વખતે શરીર તડ તડ કરતું આત્માથી જુદું પડે, તેવા વખતે **नमो अरिहंताणं** નીકળવું તે કેટલું મુશ્કેલ છે. તત્ત્વ એ છે કે શૂરા મનુષ્યને રૂંવાડે રૂંવાડે શત્રુનો તિરસ્કાર દેશનું અભિમાન વ્યાપેલું છે, તેથી ડોકું કાપી નાખે તો પણ ધડ કામ કરે છે, તેમ કર્મથી ડરવાવાળાને તીર્થંકરને ઉપગારી માનનારાને તેવા વખતમાં **नमो अरिहंताणं** ક્યારે આવે ? કેટલો અભ્યાસ જોઈએ ? અહીં આપણે વિચારીએ તો આપણી દશા શી છે ? દુનિયાદારીની જંજાળ સરવાળે શૂન્ય છે, મા, બાપ, ભાઈ, ભાંડુ બધાની સ્થિતિ

સરવાળે શૂન્યતામાં છે. તમારા સામાયિક પૌષધ પૂજા, પ્રભાવનામાં સરવાળે શૂન્ય છે, કેમકે અંત અવસ્થા વખતે શરીરની અવસ્થા એવી ખરાબ હોય છે કે તમે સામાયિક પૂજા-પ્રભાવના કરવાને લાયક હોતા નથી, ચાહે ૪૦, ૫૦, ૬૦, ૮૦, ૧૦૦ વરસ તમે સામાયિક પડિકમણા પૌષધ પૂજા કરી પણ ત્યાં છેલ્લી અવસ્થાએ શું થાય છે? સરવાળે શૂન્ય. કહો દુનીયાનું મેળવેલું મેલવાનું, તેમ ધર્મનું પણ મેળવેલું મેલવાનું, ચાહે જેવા ત્યાગી મહાવ્રતધારી આવતે ભવે મોક્ષે લઈ જનારા એવા અગીઆરમે ગુણઠાણે ગએલા એવા સાધુઓ પણ સાધુપણું, વ્રત, પચ્ચકખાણ અહીં મેલીને જવાના, ગત્યંતરમાં અવિરતિ જ હોય, ચાહે ૪ જ્ઞાનવાળા થએલા હોય પણ અહીંથી નીકળે ત્યારે ચોથું ગુણઠાણું ગત્યંતરમાં સમ્યકત્વ સિવાય સાથે કંઈ નથી આવતું. ક્રોડપૂરવ સુધી પાળેલું ચારિત્ર, પાળેલી દેશવિરતિ બધી મેલી દેવાની, કંચન-કામિની-કુટુંબ-કાયા તે મેલવાના તેમ દેશવિરતિ સર્વવિરતિ જે મેળવેલા તે પણ મેલવાના. બેમાં ફરક શો ?

સંસ્કારોની મહત્તા :

દુનિયામાં સત્કૃત્ય કરે તે પણ મરી જાય, દુષ્કૃત્ય કરે તે પણ મરી જાય. મોત કોઈને છોડતું નથી. છતાં જે સત્કૃત્ય કર્યા તેના સંસ્કારો દુષ્કૃત્યના સંસ્કારો જગતમાં જાગતા હોય છે. કુમારપાળ રાજા સંપ્રતિ રાજા, વસ્તુપાળ, વિમળશા, જાવડશા, પેથડશા, બધા મરી ગયા, તેમ મહમદ ગીઝની, અલાઉદ્દીન ખૂની, પણ મરી ગયો છે. નથી જુલમની જાળ જકડાવનાર જુલમગાર જીવ્યા. કે જગતને જાનને જોખમે જીવાડનાર પણ નથી જીવ્યા. પણ જગતમાં સત્કાર્ય-અસત્કાર્યના સંસ્કારો જીવતા છે. બન્ને ચાલ્યા જાય છતાં પણ તેના સંસ્કારો જગતમાં જીવતા હોય છે. કંચન આદિના કારમા કચરામાં ખુંદાયેલા તેઓની કાળી સ્થિતિ આત્મામાં જીવતી રહે છે. સત્કૃત્યનાં કાર્યોમાં સ્નાત્ર કરનારા તેની સતક્રિયા આત્મામાં સંસ્કાર કરનાર થાય છે, સત્કૃત્યોવાળા સદ્ગતિમાં મુસાફરી કરે છે. કાયા કે સત્કૃત્ય નાશ પામે છે, પણ દુષ્કૃત્યની કાલીમા અને સત્કૃત્યની સુગંધ આત્મામાંથી નાશ પામતી નથી. તે જ કાલીમા અને સુગંધ એ જ આત્માનાં કાર્ય કરનારી છે. કુંભાર દંડ લેઈ ચક્ર પૂર્ણ ઘુમાવે છે, પણ ઘડાનું બનવું

દંડ ફેંકયા પછી જ. દંડ એ ભ્રમી ઉત્પન્ન કરી દે છે. વેગ ઉપજાવી દે પછી દંડ ચાલ્યો જાય તો પણ ઘડો થવામાં અડચણ નથી. પછી દંડ બળી જાય તો પણ ઘડો બનવામાં અડચણ આવતી નથી. તેમ સત્કૃત્ય–દુષ્કૃત્ય નાશ પામે તો પણ તેણે ઉત્પન્ન કરેલાં પરિણામો લેશ્યા સદ્ગતિ, દુર્ગતિ ઉત્પન્ન કરે તેમાં અડચણ આવતી નથી, સંસ્કારથી થએલાં કાર્યો જરૂર થાય છે, આથી સમજશો કે કાર્યોમાં મહત્તા નથી તેટલી તેના સસ્કારોમાં મહત્તા છે. પુન્યના કાર્યોમાં મહત્તા નથી એમ ન ગણશો પણ જેટલી તે કાર્યોમાં મહત્તા નથી તેટલી મહત્તા તેના સંસ્કારોમાં છે.

ભવ્યત્વ પરિપકવ કરવાનાં સાધનો :

આપણે સદ્ગતિના સાધનો તરીકે સત્કાર્યો ગણીએ તે વાત નાની સુની છે પણ ભવ્યત્વનો પરિપાક કરવો હોય તેને માટે 'ભવસ્થિતિ પરિપાક થયા વિણ કોઈ ન મુગતિ જાવે' પણ એ ભવસ્થિતિ પરિપકવ કરવાનાં સાધનો વિચાર્યા? ભવ્યત્વ પરિપકવ કરવાનાં સાધનો શાસ્ત્રકારે કહ્યા તે તમારે અમલમાં મેલવા નથી. ભવ્યત્વને પરિપકવ કરવાનાં સાધનો કયાં તે જાણનાર જ ઓછા છે. જંગલનાં ઝુંપડામાં ઝવેરની પાસે, રત્નની, ઈન્દ્રનીલમણિની કિંમત ૧૪ કોડી કરતા તેનો આત્મા દુઃખી થઈ જાય, તેમ 'ભવસ્થિતિ પરિપકવ થયા વિણ કોઈ ન મુગતિમેં જાવે' તે બધાએ ગોખ્યું છે પણ ભવસ્થિતિ પરિપકવ કરવાનાં સાધનો માલૂમ ન હોય તો તેનો અમલ કરવાની વાત જ કયાં રહી? શાસ્ત્રકારો કહે છે કે જેને ભવ્યત્વ પરિપકવ કરવું હોય તેણે તેનાં સાધનો ત્રણ છે તે સજ્જડ પકડવા. તે માટે પંચસૂત્રકાર લખે છે કે ભવ્યત્વને પરિપકવ કરવાના ત્રણ સાધનો આ પ્રમાણે છે. ભવસ્થિતિ પરિપકવ કરવા માટે ત્રણ ચીજ.

पावकम्मविगमो तहा भव्वत्ताइभावओ, तस्स पुण विवागसाहणाणि चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाण सेवणं ।

ચાર શરણ :

દરિયામાં ભરપટે ભરતી આવી તેમાં તણાઈ ગએલાના હાથમાં પાટીયું આવે તે વખતે તેના અંતઃકરણને પૂછો કે પાટીયા ઉપર વીંટી

હોય તે કરડે તો પણ તે ડંખ હીસાબમાં નહીં લે, ને પાટીયું નહીં છોડે. ફાંસ વાગી જાય તો પણ પાટીયું નહીં છોડે, સજ્જડ પકડે, સમજે છે કે એક જ આધાર છે. આ ભરતીના જુવાળમાં, આ દરિયામાં આ સિવાય બીજો મારો કોઈ આધાર નથી. તેમ સંસાર સમુદ્રમાં જન્મ-મરણ આદિના જુવાળમાં આધાર હોય તો, અરિહંત, સિધ્ધ, સાધુ અને કેવળિ પ્રરૂપિત ધર્મ. આ ચાર સિવાય જગતમાં બીજું કોઈ શરણ નથી. હિત કરનાર અહિતથી નિવારનાર, કેવળ આ ચાર જ છે. આ 'ચાર શરણ ગમણં'. તારા આત્માને નિરાધાર સમજ. તેને દુઃખમાં ડૂબવાની દશામાં અરિહંત, સિધ્ધ, સાધુ અને કેવલીએ કહેલ ધર્મ આ ચાર શરણ. ચૌદ રાજલોકમાં આત્માને બચાવનાર તારનાર નિરૂપદ્રવ કરનાર હોય તો કેવળ આ ચાર શરણ. આ ધારણા ભવસ્થિતિને પકવી દે.

દુષ્કૃત નિંદન :

કેરી ઝાડે પાકે કે પરાળે પાકે? તેમ અહીં ભવ્યસ્થિતિનું પરિપકવપણું મરૂદેવી માતા સરખાને સાહજિક થાય અને આપણે પરાળ પણ પકડીયે. આ ચાર શરણ અંગીકાર કર્યા તેમાં સહજાનંદને શરણે આવ્યો. તન, મન, ધન તેમને સોંપી દીધા તેમાં વળે નહીં. દુષ્કૃત નિંદન, મગરમચ્છોથી સુસુમારોથી પાટીયું પકડનાર જરૂર સાવચેત રહે. નહીંતર પુરૂષ અને પાટીયું બંને જળચર પકડી જાય, બંનેનો ઘાણ કાઢી જાય. તેમ અરિહંત, સિદ્ધ, સાધુ, કેવળીકથિતધર્મ આ ચારેનું શરણ અંગીકાર કરીએ છતાં પાપનો ધિક્કાર ન કરીએ તો ચારના શરણ છતાં સદ્‌ગતિ થવી મુશ્કેલ પડે.

શત્રુ તરફ ધિક્કારની લાગણી કેવી હોય ?

સં. ૧૯૧૮માં જર્મન પ્રજાને એના મિત્રો રણાંગણમાં હોડી ચાલી ગયા, ત્યારે જે વખત એના કિલ્લા ઉજ્જડ કરવા માંડયા, તેના હથિયાર ઉપર મિત્ર રાજ્યોએ કબજો કર્યો, ત્યારે જર્મન ચાન્સેલરે જાહેર કર્યું કે અમારૂં એક અમોઘ હથિયાર છે, એ કોઈ દિવસ મિત્ર રાજ્યોથી કબજે થઈ શકવાનું નથી. એ હથિયાર ખુલ્લું થયું નથી ને થવાનું પણ નથી. ને કબજે પણ થવાનું નથી. ભલે કિલ્લા તથા આયુધો લઈ લીધા, પણ એક અમોઘ હથિયાર એ કોઈ દિવસ

આરંભમાં કૂણીકી જેને ગેર રાજ્ય કારભારની કેટલી લગામ છે, શ્રેણિકના અઘોર કૃત્યોમાં સાગરિત થએલા, ચેલણાને ચોરી લાવવી હતી, તેમાં ૩૨ પુત્રો સાગરિત થયા હતા, તે સુલસાને શી રીતે વખાણી? અંબડદ્વારાએ ધર્મલાભ કહેવડાવ્યા. કાળીસાઇડ જેવી હોય તેને नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं એ પાઠ લેવાની જરૂર નથી. પ્રરૂપણાનો એક ભાગ ઉજળી બધી સાઈડને ઢાળી નાખે છે, સમ્યક્ત્વ વગર ગુણ એ ગુણ નથી. સમ્યક્ત્વ ભૂમિકા પ્રથમથી જ છે.

આચાર્યો કયે ગુણઠાણે? છટ્ઠે કે સાતમે, ઉપાધ્યાયો, સાધુઓ છટ્ઠે કે સાતમે. નિયમિત છટ્ઠે હોય. સાતમું તો વિજળીના ઝબકારા જેવું છે. છટ્ઠું બારણે બાંધેલું, વિષય, કષાય, નિદ્રા, વિકથા તથા પ્રમાદમાં ઘેરાએલા, સકષાયવાળા કબૂલ કરશોને ? છેલ્લા ત્રણ પદોને વીતરાગ તો કહી શકાય તેવા નથી. તો જગતમાં ગુણને અનુમોદવાનું સ્થાન નહીં રહે. સર્વજ્ઞ સિવાય ગુણવાળી સ્થિતિ કોઈ જગોએ મનાશે નહીં, ઉપબૃંહણ, વાત્સલ્ય, પ્રભાવના માત્ર સર્વજ્ઞની જ માનવી પડશે.

ગુણ અનુમોદના વખતે અવગુણ ધ્યાનમાં લેવાનો ન હોય :

બીજા અધર્મમાં પ્રવર્તનારા તેવા અનુમોદના કરી જાય તો મોટો ફાયદો માનો-ગણો, અનુમોદના થાય તે ખાતર પ્રભાવના થાય, તેમાં કાળી સાઈડ કેટલી છે ? તેમાં ધોળી સાઈડ ક્યાંય ખેંચાઈ જાય ! કાજલના કુલ્લામાં દૂધનો છાંટો છે, પ્રભાવના કરી, દર્શનાચારનું નામ આપી પ્રશસ્ત વસ્તુ કરો, જૈનદર્શનવાળાને અનુમોદના કરવાની છે, પરધર્મીને પ્રભાવના કરવાની છે. કાજળના કુલ્લામાં એક દૂધનો છાંટો તે બાવના ચંદનનો એક છાંટો છે. આઠ હજાર મણનો લોઢાનો તપેલો ગોળો તે ઉપર એક બાવના ચંદનના રસનો છાંટો શાંત શીતલ કરી દે, અધર્મમાં ભરાએલાઓ અનુમોદના કરે તો બસ, અનુમોદનાને અંગે કાજળના કુલ્લા તરફ ન દેખીએ તો જ વાત્સલ્ય ગુણ કહી શકીએ, માટે ગુણો દોષવાળામાં હોય તો પણ અનુમોદવા લાયક છે, તેથી ભરત, બાહુબલ અગીતાર્થ હતા, ધોરી-નાયક ન હતા, છતાં વૈયાવચ્ચ ગુણની પ્રશંસા કરી. જ્યાં ગુણની ઉપબૃંહણા હોય ત્યાં અવગુણની વાત ધ્યાનમાં રાખવાની હોતી નથી પણ સમ્યક્ત્વ

ઘડિયા તરીકે હોવું જ જોઈએ, અનુમોદના જે કાર્યથી થાય તે કાર્યનું અનુમોદન છે, ગુણ અપૂર્વ ચીજ છે કે ચાહે જેવાની પાસે તે હોય તો પણ વખાણવા લાયક, આઠ પ્રભાવકોમાં, આઠમાં જે તપસ્વી તે પૂર્વધારી ને વિશિષ્ટ જ્ઞાનવાળા હશે? અજ્ઞાનીનું તપ વખાણી શું કરવું છે? વાદી સંપૂર્ણ વીતરાગ હશે? વીતરાગ હોય તો વાદીપણું નહીં, વાદીપણું હોય તો વીતરાગ નહીં. ચોથું પ્રભાવક નિમિત્તજ્ઞાન દૂષણ માન્યું વળી તેને પ્રભાવક માન્યું, નિમિત્તનું કથન કરવું તે સાધુને અંગે દોષ, એ જ નિમિત્તને અંગે શાસનપ્રભાવના. સમોહના સકષાયના અવિરતિના ગુણો વખાણવા લાયક ન ગણીએ તો નિમિત્તક નામનો પ્રભાવક વંદનીય બને શાનો?

જુના રાજ્યની વફાદારી–લાગવગવાળાને શોધી શોધીને ઠાર કરાય છે, રાજ્યસંક્રાંતિમાં ટકી શી રીતે રહેવાય? શ્રેણિક મહાવીરના ભક્ત છતાં શ્રેણિકની અપ્રીતિ ખાતર મહાવીર તરફ શું થાય? એ ધર્મોપદેશક છે, વીતરાગ છે, શ્રેણિકની સંપત્તિ સાથે ભગવંતને લેવાદેવા નથી, આ કેટલું ઠસેલું હશે? તો જેવો શ્રેણિક ભક્ત, તેવો કોણિક ભક્ત રહી શકયો, રાજ્યના કાવાદાવામાં આ મહાવીર ભગવાન ભાગ લેનાર નહીં થાય, તેવો ભરોસો આવે તો જ ટકી શકે, મહાવીર ઉપર રૂવાડું ફરકતું નથી. કઈ માન્યતા હોવી જોઈએ? કઈ ધારણાએ મહાવીર તરફ કાળજું સીધું રહ્યું હશે? કોણિકના એક ગુણને અંગે પ્રશંસા કરી તે બરોબર, સુકૃતની અનુમોદના. આક્રમણને અંગે ખરચ ખૂવારીનો હિસાબ ગણાય નહીં. સુકૃતની દશા ખ્યાલમાં લઈએ, મોહની દશા ખ્યાલમાં લેવાય નહીં. નહીંતર વસ્તુપાળ–તેજપાળને કેમ વખાણી શકો? મહારાજ્યો પર આક્રમણ કરનાર ખુદ કુમારપાળે કેવી રીતે રાજ્યો લીધા? ઘોર સંગ્રામ કરનારને દાતા તરીકે વખાણું તો કાળી સાઈટ નહીં આવે? ગાડીની ચોરી ને સોયનું દાન કર્યું છે. પરાર્ધો લૂંટયા છે ત્યારે કરોડો ખર્ચ્યા છે. લાખો લૂંટી કરોડ. ખરચ્યા નહીં, આવાનાં દાનો શી રીતે વખાણો છો? એટલે નક્કી કહું કે શ્રદ્ધાવાળાનું અલ્પ પણ સુકૃત વખાણવા લાયક છે.

સત્કૃત્ય કરતા તેની અનુમોદના બલવાન :

ભવ્યત્વ પરિપક્વ કરવા માટે, ચાર શરણ, દુષ્કૃતનિંદન, સુકૃત અનુમોદન આ ત્રણ વસ્તુ છે. સત્કૃત્યને દીપે એટલી સત્કૃતિ [illegible]

નથી. તપ ધાતુને પણ તપાવી નાખે, બહારનો તડકો ચામડી તપાવે, આવી રીતે રસાયણાદિક ખાઈ શરીરને પુષ્ટ કર્યું, તેના તમે બાર વગાડી દીધા. શાના નામે ? તપના નામે. જે મોજ શોખના સાધનો હજારો માઈલથી લાવીએ. આખી દુનિયાનું તત્ત્વ મોજ શોખ. મહાનુભાવ ! આચાર સુધારો. પવિત્ર આચાર કરો. તેથી સુખસંપત્તિ મેળવી શકશો. આત્મા સાથે અભેદ રહેલ શરીર શેકાવો છો. દોલતને દફેણાવી નાખો છો. વિષયોને વિખૂટા પાડો છો. આ સ્થિતિ ક્યાં સુધી ચલાવી શકીએ ? ધર્મ જેવી ચીજ હોય તો ચલાવી લેવાય. ધર્મ ન હોય તો અમારા શરીરને સૂકવો. પૈસા પર પાણી ફેરવો, મોજનાં સાધનો મૂકાવો, આ જુલમ થઈ જાય તેવું છે. એક જ રસ્તે એ કબૂલ કરી શકીએ કે ધર્મના અર્થી હોય, પૈસા પાણીની માફક ખરચીએ છીએ. તપસ્યા કરવામાં પાછા હઠતા નથી. કેવળ ધર્મ વસ્તુના લીધે. ધર્મના અર્થીપણાને લીધે. ધર્મ વસ્તુ નહોય તો સ્વપ્નમાં પણ પૈસો જાય શરીર સુકાવું દેખીએ, મોજનાં સાધનો જતા દેખીએ તો ઝબકી ઉઠીએ, તે આનંદથી ઉછળી ઉછળીને પૈસો પાણી માફક ખરચીએ છીએ. શરીરને સુકાવીએ છીએ. દરિદ્ર માફક રહીને મોજ-શોખ છોડીએ છીએ. તે ધર્મ જેવી અપૂર્વ ચીજ છે, તેને અંગે.

આ ભવનું સુખ રુસિયાના રૂબલ માફક રોડવનાર થશે :

જગતમાં જે દેશમાં વ્યાપાર કરવા જવું હોય તે દેશની બેંકમાં નાણું જમા કરાવવું જોઈએ. તે દેશ લાયક હુંડી ચાહે તે ભાવે પણ લેવી જોઈએ. બાબાશી ચલણ આખું તૂટી ગયું. શામાં? શું બાબાશીમાં ચાંદી ન હતી ? બાબાસાઈ રૂપીઆમાં ચાંદી કલદાર કરતાં ઓછી ન હતી, છતાં કેમ તૂટી ગયું? એક જ મુદ્દાથી, માલની આવક જે જગો પર હતી, તેની સવડ કામ ન લાગી. પેદાશની જગો પર એની કિંમત ઓછી થઈ એટલે દેશવાળાએ આપોઆપ કિંમત ઓછી કરી. વિચારજો ! ચાહે જેવું ચાંદીવાળું, ચોકખી ચાંદીવાળું નાણું હોય, તો પણ જે જગો પરનો માલ આપણો લેવો છે તે જગો પર પોષણ ન થાય તો તે નાણાંને ગાળી દેવું પડે, આપણે ભવાંતરે જવું છે એ ચોક્કસ. પરભવ છે કે નહીં તેમાં નાસ્તિકને મતભેદ હોય, પુન્ય, પાપ, સ્વર્ગ, નરકમાં નાસ્તિકની સાથે મતભેદ

હોય, પણ અહીંથી ઉઠાવગીરી કરવાની છે તેમાં નાસ્તિક, આસ્તિકનો મતભેદ નથી. અહીંની સ્થિતિ રુશિયાના રૂબલના જેવી છે. છેવટે કાગળિયા રહ્યા ને ? રુશિયાના રૂબલમાં રોકેલું નાણું ચેત્યા નહીં તો રોવડાવનાર થયું. તેમ આ ભવની સ્થિતિ રુશિયાના રૂબલ જેવી છે. આ જગતમાં પોષેલું શરીર, મેળવેલી સત્તા-મતા, મોહક વિષયો રશિયાના રૂબલમાં ડુબેલીઓ દેખતા હતા. આ ભાવે શા ખોટા ? એમ આપણે પાંચ ભૂતના પૂતળામાં આ ધાતુનો ખનીજ પદાર્થ, સોનું-રૂપું, તેમ જડ પદાર્થોથી મળતી મજા, તેમ આપણે રૂબલની માફક મોટી આશામાં રહ્યા છીએ. રૂબલમાં મોટી આશા રાખનારાઓએ બહતર ભાવે ન વેચતા અંતે રોવાનું ઊભું કર્યું. આ શરીરથી, પૈસાથી, મોજથી, ભલે મહામનોરથ રાખી બેસીએ, પણ આ વાત ચોક્કસ છે કે આ ભવનું ભૌતિક સુખ, રશિયાનાં રૂબલ પેઠે રોવડાવનારૂં છે. જે દેશના નાણાંની કિંમત પડતી-અવમુલ્યાંકન થાય, તો ચડતી તે તે દેશનાં નાણાંનો સંઘરાવો કરવામાં છે. પાઉન્ડ, ફ્રેન્કો ખરીદી લીધા. કીંમતી નાણું હોય તેવા દેશનાં નાણાંમાં રોકી દેવું જોઈએ. કંચન કામિની-કુટુંબ અને કાયા રૂબલની માફક રોવડાવનારા છે.

સધ્ધર ધર્મબેન્ક :

ચડતી સ્થિતિવાળું નાણું કયું ? એક જ એવું સાધન છે. [illegible] કાળમાં જે હંમેશા જવાબ દે છે. ફ્રાન્સને દેવાને અંગે. જર્મનીને [illegible] દેવાને અંગે ડૂબાવવાનું પાલવ્યું પણ એવી [illegible] છે. જે કોઈ દિવસ દગલબાજી કરતી નથી. [illegible] નથી બેંકમાં નાખ્યું ન મૂડીમાં ના બીજે [illegible] બેંકમાં મૂકેલું [illegible] ભવાંતરમાં પણ પાછું માગવાનો નથી. ધર્મરૂપી [illegible] પુણ્ય પ્રમાણે શરીર, ઈન્દ્રિય, આયુષ્ય, [illegible] જન્મમાં એ જ બેંકમાંથી શરીરાદિ મળ્યા [illegible]

મેનેજરની પ્રમાણિકતા ક્યારે ? જ્યારે કલ્યાણ સ્વરૂપ માનીએ તો જ ધર્મ મેનેજરનું પ્રમાણિકપણું ને કર્મ બેન્કનું પ્રમાણિકપણું.

આંધળો વણે ને વાછરડો ચાવે :

એક અંધ મુંજની દોરડી વણી રહ્યો છે. આ બાજુ જેટલી વણે તેટલી વાછડો ચાવ્યે જાય છે. તો આંધળાનું વણવું નકામું થાય છે, તેમ ત્રણ પ્રવૃત્તિ વગર કર્મ આત્માને લાગી જાય તો સત્‌ચિદાનંદ સ્વરૂપ માટે કરાતો ઉદ્યમ આંધળાના વણવા જેવો થશે. માટે કબૂલ કરવું પડશે કે માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિ સિવાય આત્માને કર્મ લાગતું નથી. આથી મન, વચન, કાયા એ કર્મના ફળરૂપ ભોગ, વળી ભોગ વગર કર્મ બંધાતા નથી. મન, વચન, કાયાના પુદ્‌ગલો લેવાના ન બને, જો તે યોગો નથી તો માનસિક, વાચિક ને કાયિક પ્રવૃત્તિ કેમ બને ? આથી ભોગથી જ કર્મ, અને કર્મથી ભોગ. કર્મો વગર પણ મન, વચન, કાયા, બની જાય તો, કર્મક્ષય શા કામમાં આવે ? આથી કર્મ સિવાય ભોગ નથી, ભોગ સિવાય કર્મ નથી. તો પહેલાં કર્મવાળો કે પહેલાં ભોગવાળો ? એમાંથી પહેલાં કશું કહી નહીં શકીએ, તેને જ લીધે બીજ અંકુરની પરંપરા અનાદિની, તેમ કર્મ અને ભોગની પરંપરા અનાદિની માનવી પડે.

અન્ય મતોમાં પણ આત્માનું અનાદિપણું માનેલું છે :

તેને અંગે વ્યાસજીને બ્રહ્મસૂત્ર કરતાં કહેવું પડયું કે બીજાંકુર ન્યાયે સંસારનું અનાદિપણું છે તે યુક્તિથી ઘટે છે ને શ્રુતિમાં પણ અનાદિપણું જણાવ્યું છે, 'सूर्याचन्द्रमसौ' એક વાત લક્ષ્યમાં લેશો કે વેદો નિત્ય માનેલા છે, એકે એવો કલ્પ નથી જેમાં વેદ ન હતા. જે કલ્પમાં વેદો ન હતા તેવો એકે કલ્પ ન હતો. વેદના વાક્યો નિત્ય માનવામાં આવ્યા છે. વિધાતાએ પહેલા કલ્પની માફક સૂર્યચન્દ્ર બનાવ્યા. હવે જો અનાદિ સંસાર ન હોય તો પહેલા માફક સૂર્યચન્દ્ર બનાવ્યા તે કહેવાનો વખત જ આવત નહીં. જગત નિત્ય હોવું જ જોઈએ, એ કહી આપે છે. ગીતાનો પૂરાવો આપી જણાવે છે કે આત્માની શરૂઆત કે છેડો નથી. જો આત્માની શરૂઆત કે છેડો ન હોય તો આત્મા અનાદિનો માનવો પડે. આ જીવાત્મા જો કર્મ ન હોય તો હંમેશનો જીવાત્મા મનાય નહીં, નહિતર બ્રહ્માત્મા કહેવાતે. જીવાત્મા

પ્રતિવાદીની હકીકત કોરટ આગળ રજૂ કરે, તેમ જીવ, અજીવ, પુન્ય, પાપ આશ્રવાદિ સર્વની હકીકત આ જગત આગળ શાસ્ત્રકાર રજૂ કરે છે. દરેક જીવો અનંતી વખત આ સાધારણના અનંતકાળના ચક્રમાં રખડ્યા કરે છે. આપણે તેના અસીલ છીએ, આ શાસ્ત્રકાર વકીલ રજૂ કરે તેમાં આપણે કહીએ કે એ વાત મારી તરફની નથી, અસીલ જે વાત કહેતો નથી, તે બાબત આ વકીલ તરીકે રહેલા શાસ્ત્રકારો ક્યાંથી રજૂ કરે છે? શાસ્ત્રકારનું કામ વકીલાત સિવાય બીજું કંઈ નથી, વકીલને ઓર્ડર કરવાની સત્તા ન હોય. વકીલનું કામ હકીકત રજૂ કરવાનું, શાસ્ત્રકાર માત્ર રજુઆત કરે છે. શિક્ષા કરનારા નથી.

જિનેશ્વરો-કેવળીઓએ કરેલો નહીં પણ કહેલો ધર્મ :

ખુદ જિનેશ્વરો આપણા વકીલો છે, ન્યાયાધીશ નહીં, ચાહે જિનેશ્વર, ગણધર, ચૌદપૂર્વી લ્યો બધા વકીલો; કોઈ પણ ન્યાયાધીશ નહીં. તેથી જ આપણે શાસ્ત્રોમાં કહીએ છીએ કે जिणपण्णत्तं तत्तं જિનેશ્વર દેવે કહેલું તત્વ, केवलि कहिओ सुहावहो धम्मो કેવળી-મહારાજાએ કહેલો સુખ દેનારો ધર્મ, તેમણે કરેલો ધર્મ નહીં, આ જગો પર અવળો અર્થ ન લેશો. જિનેશ્વરે કહ્યું પણ પોતે જ આચર્યું ન હતું. માત્ર એ તો કહેનારા, કરનારા નહીં, એવો અવળો અર્થ લેવો નહીં. કારણ તીર્થંકર બનાય જ ત્યારે, કેઈ ભવોમાં ધર્મની અવ્યાબાધ વાસના હોય, કેવળી બનાય જ ત્યારે કે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ધર્મનું આચરણ થાય, અનેક ભવોની ધર્મની વાસના થયા સિવાય ઉત્કૃષ્ટ ધર્મીપણું મળતું નથી. जिणकयं केवलिकयं કેવળીઓએ તથા જિનેશ્વરોએ કરેલું તે તત્વ, કહેલું તે તત્વ ન કહો.

બીજા માને છે કે ઉત્તમ પુરુષો જે આચરે તે આચાર અને તે જ ધર્મ. તમે અહીં તીર્થંકરો કહે, કેવળીઓ પણ કહે તેનું નામ ધર્મ કહો છો, બીજાઓ-એ કરે તે ધર્મ કહ્યો, ઉત્તમ પુરૂષ જે જે આચરે તેનું નામ જ ધર્મ, પોતાના દેવોને, ગુરૂઓને, આચારમાં મેલવાનું રાખ્યું તેનું નામ ધર્મ. તમે દેવ-કેવલીને બધાને કોરાણે કરી દીધા. લગીર ઊંડા ઊતરીને તપાસીશ તો માલમ પડશે કે તીર્થંકર ધર્મને કરતા જ નથી. કેવળીઓ ધર્મને કરનાર નથી, પણ કેવળીઓ તીર્થંકરો ધર્મ આચરનારા છે, આ સમજાયું નહીં, આમાં ફરક માલમ પડતો નથી. તે જાણવા માટે કેટલીક વખત એવું બને છે

કે સોનાનું ચોક્ખાપણું જાણવું હોય તો સામું પિત્તલ ધરવું. અહીં મોટાએ આચરેલો ધર્મ તો અધર્મ ક્યાં? અધમોએ આચરેલો અધર્મ, ઘણી સારી વાત, ઉત્તમ અધમ શાથી માન્યા? જ્યારે ઉત્તમના આચરવા પછી ધર્મ થાય, અધમના આચરવા પછી અધર્મ બને તો ઉત્તમ-અધમ શાથી? તો ધર્મના માર્ગે ચાલવાવાળા થવાથી જ ઉત્તમ, અધર્મના માર્ગે ચાલવાવાળા થવાથી જ અધમ, તો ધર્મ ચીજ પહેલાં હોય, અધર્મ ચીજ પહેલાંથી જ હોય તો ઉત્તમ-અધમપણું હોય, ધર્મ-અધર્મ ચીજ પહેલાં ન હોય તો ઉત્તમ અધમપણું ક્યાં રહ્યું? અધમોએ આચર્યું તે અધર્મ પણ અધર્મ હોય ત્યારેને? અધર્મ તો અધમ આચરે તે. અધમ હોવાથી અધર્મ પછી થાય. તો ધર્મ, અધર્મ શી રીતે માનવા? લક્ષ્યમાં લેજો કે ધર્મ-અધર્મ બન્ને નિયમિત છે.

ધર્મ અધર્મ તીર્થંકરોએ બનાવ્યા નથી, પણ બતાવ્યા-કહેલા છે :

તીર્થંકરોએ ધર્મ આચર્યો છે, પણ ધર્મપણું બનાવ્યું નથી. તીર્થંકરોએ અધર્મ છોડ્યો છે પણ અધર્મ બનાવ્યો નથી. કેમ કે જો તીર્થંકરોએ ધર્મમાં ધર્મપણું, અધર્મમાં અધર્મપણું બનાવ્યું હોત તો, જગત પર જબરજસ્ત આફત વરસાવી. અનંતાનંત જીવોમાં માત્ર અમુક જ જીવો કરે, એવો ધર્મ બનાવ્યો અને અનંતાનંત જીવો દુઃખી થાય તેવો અધર્મ બનાવ્યો. થોડાને સુખી કર્યા. [illegible] દુઃખી કર્યા. તેમણે ધર્મ કર્યો હોય તો સર્વ જીવ સુખી થાય [illegible] અધર્મપણું તીર્થંકરોએ ગોઠવ્યું છે—એમ નથી. જે [illegible] સ્ત્રીગમન, ને પરિગ્રહમાં અધર્મપણું તીર્થંકરોએ [illegible] ગોઠવ્યું હોય તો તીર્થંકરોએ ભૂંડામાં ભૂંડું કર્યું. [illegible] ન હોય, પાછળથી તેમણે ગોઠવી દીધું હોય તો તેમને [illegible] પણ તેમ તીર્થંકરોએ કર્યું નથી. જૂઠ ન [illegible] તેમાં ધર્મપણું તીર્થંકરોએ કર્યું નથી શું? તીર્થંકર [illegible] હિંસાદિક [illegible] શું પાપથી બચાતા ન હતા? [illegible] પછી તેમણે નવું શું કર્યું? તો એમ માનવામાં [illegible] નામના [illegible] તે બનશે જ નહીં. [illegible] તેમાં અતીર્થસિદ્ધ નામનો ભેદ નહીં બને. [illegible] [illegible] ન હોય અગર તીર્થંકરોએ [illegible]

હોય, તે વખતે જેઓ સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર પામી જાતિસ્મરણાદિકથી મોક્ષે જાય, ઉપદેશથી નહિ. એ પોતાના બોધના પ્રતાપે, સમ્યક્ત્વાદિ મેળવે; તેની ભાવનામાં કેવળ પામે ને મોક્ષે જાય, આવાને અતીર્થસિદ્ધ કહો છો, જે વખતે તીર્થંકરો ઉત્પન્ન થયા નથી, તીર્થ સ્થાપ્યું નથી અથવા સ્થાપેલું વિચ્છેદ ગયું છે, તે વખતે મોક્ષે જાય તો અતીર્થસિદ્ધ કહો છો, તે અહીં માની શકાશે નહીં. કારણ તીર્થંકરોએ ધર્મ અધર્મ ચીજ બનાવી નથી. તો તેઓ બોધ પામ્યા કયાંથી, આદર્યું કયાંથી, અને ફળ મેળવ્યું કયાંથી? તીર્થંકરોએ હિંસા જુઠાદિકને અધર્મ ને અહિંસાદિકને ધર્મ બનાવ્યા હોય તેમ છે જ નહિં. જે હિંસાદિકથી પાપ થતું હતું, અહિંસાદિકથી જે પાપ રોકાતું હતું અને ત્રુટતું હતું, તે માની જણાવેલું છે પણ એમણે ધર્મ-અધર્મ બનાવ્યો નથી. ત્યારે સદાકાળ હિંસાદિકને અંગે અધર્મ થતો હતો, દયા વગેરેને અંગે ધર્મ થતો જ હતો. તો તીર્થંકરે નવું શું કર્યું? કંઈ જ નહિં.

દીવાએ હીરો બતાવ્યો પણ બનાવ્યો નથી :

એક ઝવેરીની વીંટીમાં દશ હજારનું નંગ છે. એવી વીંટી પહેરી દુકાનેથી ઘેર આવે છે, નંગ નિકળી પડયું. ત્યાં દીવો લાવ્યા, દીવાથી કાંકરા કાંકરારૂપે, હીરો હીરારૂપે દેખાયો, દીવાએ નથી કર્યું હીરાપણું, નથી કર્યું કાંકરાપણું. ત્યારે શું કર્યું? કહો-દીવો ન હોત તો હીરાપણાવાળો હીરો પણ ગયો જ હતો. જો દીવો ન આવ્યો હોત તો હીરો ગયો હતો. કાંકરાપણું હજુ દીવા વગર જાણત, પણ હીરાપણું તો દીવા વગર જણાત જ નહીં. તેવી રીતે અધર્મ એ દુનિયામાં પ્રવર્તતો રહેત, પણ ધર્મનું જાણપણું તો થાત જ નહિં. અથવા કોઈ એમ કહેવા માગે કે દીવો બન્નેને જણાવનાર, જેમ ધર્મને જણાવે તેમ અધર્મ પણ જણાવે તો केवलि कहिओ सुहावहो धम्मो એમ કહ્યું તેમ અધર્મ પણ જણાવે તેમ પણ કહેવું હતું, જિનેશ્વર તત્વ જણાવે તેમ અતત્ત્વ પણ જણાવે, ધર્મનું નિરૂપણ કરે, તેમ અધર્મનું પણ નિરૂપણ કરે, તેથી સુખ દેનાર ધર્મ કેવળીએ કહ્યો, તેમ દુઃખ દેનાર અધર્મ પણ કેવળીએ કહ્યો-તેમ કહોને? હીરો જેમ દીવે દેખાડયો, તેમ કાંકરો પણ દીવે દેખાડયો છે. તેમ અધર્મ પણ દુઃખને દેનાર એ પણ કેવળીએ કહ્યો છે તે કેમ બોલતા નથી? તો

કે ખરી વાત કહો છો. પણ અધર્મ એ પણ કેવળીએ કહ્યો કે બીજાએ? પાપથી દુઃખ થાય છે, તે કેવળીએ જ જાણ્યું. પાપ–અધર્મથી થાય છે તેથી દુઃખ થાય છે, તે કેવળીએ જાણ્યું અને કહ્યું છે. જ્યારે પુન્ય ધર્મ કેવળીએ જાણ્યો, સુખ થાય છે, સુખ દેનારો ધર્મ કેવળીએ કહ્યો, તેમ પાપથી અધર્મથી દુઃખ થાય છે, તે કેવળીએ જાણ્યું અને દુઃખદેનારા છે તે પણ કેવળીએ કહ્યું. બન્ને કેવળીએ કહ્યા તો એક જ વસ્તુ કેમ ગવાય છે. केवलि कहिओ सुहावहो धम्मो, આ માત્ર કેમ કહેવાય છે. દીવો આવ્યો તો હીરો દેખાયો. તે સાથે દીવો આવ્યો તો કાંકરા દેખાયા–તેમ બોલો છો? કહો! જે વસ્તુ કીંમતી હતી, કિંમતીનો જેણે દેખાવ કરાવ્યો, તેણે કિંમતી ચીજ મેળવવામાં મદદ કરી. દીવા વગર પણ કાંકરા જણાતાં હતા. તેમાં દીવાના ઉજાશમાં કાંકરમાં કાકરાપણું દેખાય શાથી? દીવાથી? દીવા વગર હીરાનું હીરાપણું દેખાતું નથી. તેની માફક કાંકરામાં કાંકરાપણું પણ દેખાતું નથી. બન્ને દીવાએ દેખાડયા, છતાં હીરાની કિંમત હોવાથી દીવાની ઉપયોગિતા જણાવવા માટે દીવો હતો તો હીરો જડ્યો, મેળવવો હતો હીરો, કહો! હીરો દીવા વગર દેખાત જ નહિં, કાંકરો દીવા વગર ન દેખાત, તો હતું શું? કાંકરો ખોવાવાવાળી ચીજ ન હતી, એમ કેવળી અને તીર્થંકર ભગવાનોએ જગતને બન્ને વસ્તુનાં સ્વરૂપ બતાવ્યા. તત્ત્વ અતત્ત્વનું સ્વરૂપ, ધર્મ અધર્મ પણ કેવળી તીર્થંકરોએ જ કહ્યા. બન્નેવાના બન્નેએ કહ્યા છતાં, બન્નેએ દેખાડ્યા છતાં, દીવાની ઉપયોગિતા હીરો દેખાડવામાં ગણીએ છીએ, એવી રીતે અહીં, તીર્થંકરો અને કેવળીઓ તત્વ અને અતત્વ, ધર્મ–અધર્મ બન્ને બતાવે છે, પણ ઉપયોગિતા ધર્મની હતી, તેથી તત્ત્વ અને ધર્મ બતાવવા દ્વારાએ જિનેશ્વર–કેવળીનો ઉપગાર ગણ્યો.

માયાને અંગે સુખ–દુઃખની માનસિક લાગણી :

આ વાત આપણે મન ખેંચનાર ચીજને અંગે લીધી છે. કાયિક સંબંધને અંગે લીધી નથી. માયામાં સુખ મનાય તે મન ખેંચાવાને લીધે, માયા પોતે સુખ કરનાર નથી પણ મનમાં આવ્યું કે ધન આવ્યું તો સુખ, મનને ન ગમ્યું તે દુઃખ, દરદ ગયું તો મોજ. શેઠ સુતા છે, તે વખતે ચોર ધન ઉઠાવી ગયા તો દુઃખ ક્યારે? જાગે ને ખબર પડે ત્યારે દુઃખ થાય છે. તો ધન જતી વખતે ઊંઘમાં દુઃખ થતું નથી.

ડામ નહીં વેઠે. ઉલટી અનુકંપાને સ્થાન થશે, દયા મેળવશે, વધારે શાથી થયું? દેખતો થયો તેથી, માટે દેખતા ન થવું તેવો વિચાર આવે ખરો? કારણ દેખવાપણાની કિંમત જુદી જ છે. તેવી રીતે જાણપણાની કિંમત જુદી છે. માટે ડામ અને દુઃખ બે આવે તો પણ જાણપણું છોડાય તેવું નથી. આ વાત દાખલાથી કહી, ઉપદેશ માલાની ગાથાથી દૃઢ કરી, તેમ વિચારવાવાળાએ વિચારી પણ છે, ઉપદેશમાળામાં કહેલું છે કે બાહુબળજી ત્યાગી થયા તે વખતે ભરત મહારાજા કહે છે કે મારા કરતા નાસ્તિક સારો, જે સારા કામમાં પુન્ય માનતો નથી, આશ્રવ માનતો નથી; મોક્ષ અને તેનાં કારણો તરીકે સમ્યક્ત્વાદિ માનતો નથી; તે ન આદરે તે સ્વાભાવિક છે. આંધળો સાપના ઉપર પગ મેલી દે તેમાં નવાઈ નથી પણ સાપને દેખનારો સાપ ઉપર પગ મેલે તો ખરેખર શોચનીય છે, તેમ અહીં જેઓ ભગવાન ઋષભદેવના ઉપદેશને સાંભળી જાણી શક્યા નથી, માનતા નથી ને આશ્રવ છોડે નહિં, સંવર આદરે નહીં, મોક્ષના માર્ગનો મુસાફર ન બને, ભવથી ન ભડકે તે નવાઈ નથી, પણ હું ભગવાન કેવળી તીર્થંકરનાં વચન સાંભળનારો, આશ્રવાદિના સ્વરૂપને જાણનારો છતાં આશ્રવના અવટ-કૂવામાં ઊંડો ઊતરૂં તો મારા કરતાં ન જાણનારા શ્રેય છે. ત્યાં એક વાત મૂકી.

ઝવેરી અને રબારીમાં મૂર્ખ કોણ?:

ઝવેરીની દુકાને કોઇક હીરો લઈને આવ્યો, તે જાતનો રબારી, તેને આ હીરો છે કે શું છે તે સમજ નથી. તેણે ઝવેરીના હાથમાં આપ્યો, ઝવેરીએ હીરો જાણ્યો, પૂછ્યું કે શું લેવું છે? પેલાને તે દહાડે પાંચેક રૂપીઆનો ખપ હશે તેથી કીધું કે પાંચ રૂપીઆ લેવા છે. લાખો રૂપીઆની કિંમતના પાંચ રૂપીઆ લેવા છે. હીરો છે એમ રબારી જાણતો નથી, પાંચની જરૂર છે માટે આમ કહે છે, ઠીક છે, તપાવીએ, અઠી કહીએ, પથરો ગણે છે, લઈને ક્યાં જવાનો છે? બીજી દુકાને બેઠેલો વેપારી વિચારે છે કે-પાંચમાં દે છે તો હજુ પેલો લેતો નથી. ક્યારે ત્યાંથી ઉતરે ને ક્યારે લઉં? પેલાએ હાથમાં પાછો આપ્યો, પેલો ઉતર્યો, જઈને આવશે એટલે ફેર આવશે, પેલો ઉતર્યો એટલે બીજા ઝવેરીએ બોલાવ્યો, શું છે? શેઠે શું કહ્યું? પાંચમાં રાજી છે, લાખોનો માલ છે, મારે પાંચથી કામ છે, પેલાએ પાંચ આપ્યા. પછી પ્રથમ ઝવેરી કહે લાવ લાવ, લીધા લીધા તેં, એ તો આપ્યો, અરે મૂર્ખા! એ તો હીરા હતો.

તમે શેઠ છો; મહાજન છો. પણ મૂર્ખા તમે કે હું? તેનો ન્યાય કરાવીએ, પાંચ પચીસ માણસો જતા હતા, તેઓને ઊભા રાખ્યા, ન્યાય કરાવ્યો, બધી હકીકત જણાવી, હવે અમારા બેમાં મૂર્ખો કોણ? બજાર ઝવેરીને મૂર્ખ કહે કે ગમારને મૂર્ખ કહે? પત્થર ગણનાર રબારી તેમાં ગુન્હેગાર નથી, પણ હીરો ગણનાર હઠ પકડે તો હાંસીને પાત્ર બને. તેમ ભરત મહારાજા પોતાના આત્માને કહે છે કે હું ઋષભદેવ ભગવાનનો ઉપદેશ સાંભળનારો, મોક્ષ ને ભવની બાજી સમજનારો છતાં રખડું તો ખરેખર મૂર્ખ ઝવેરી જેવો ગણાઉં. આ ઉપરથી તીર્થંકર ભગવાનના ઉપદેશને જાણનાર ને માનનારા છતાં જે આદરનારા ન થાય, તે જેમ દેખનાર દુઃખ ને ડામ બે ખમે તેમ દુર્ગતિ તો પામે પણ સાંભળી સાંભળી દાઝે.

નરકમાં સમકિતી ઊભા ઊભા સળગે છે :

નરકે ગયા ને સમકિતી થયા છે તે ઊભા ઊભા સળગી રહ્યા છે, બચવાનો રસ્તો મારા હાથમાં હતો, કોહિનૂરને કોડીના મૂલે વેચી નાખ્યો. કોહિનૂર જણાતાં બળતરા થાય તેમ મળેલા મનુષ્યભવ કે જે મોક્ષની નિસરણી મળી હતી તે સફળ ન કરી, તેથી સમકિતીઓ નરકમાં સળગી રહ્યા છે. આ મુદ્દાથી જાણી માની આદરવાની જરૂર. તીર્થંકર મહારાજા માત્ર જણાવનારા છે, તે ધર્મને અધર્મ કરવા બેઠેલા નથી, તેમ અધર્મને ધર્મ કરવા બેઠેલા નથી. દીવો હીરો બનાવતો નથી કે કાંકરા કરતો નથી, અજવાળું કાંટા કરતો નથી કે ખસેડતો નથી, માત્ર દીવો તથા અજવાળું પદાર્થ દેખાડે છે. તેમ અહીં જિનેશ્વરો તથા કેવળીઓ ધર્મ–અધર્મનું સ્વરૂપ માત્ર બતાવનારા છે. તેથી જ जिणपण्णत्तं तत्त्ं કહીએ છીએ. તેવો ધર્મ કે જે તીર્થંકરો એ પ્રરૂપેલો તે પામવો ઘણો જ મુશ્કેલ છે. માટે અહીં ધર્મ તે રત્ન કહેવાય છે, સર્વ અનર્થને હરણ કરનારો ધર્મ છે. તે ધર્મરત્ન પામવું મુશ્કેલ છે ને તે ૨૧ શ્રાવકના ગુણો આવે ત્યારે પમાય. તે ગુણો ક્યા તે અગ્રે જણાવવામાં આવશે.

વ્યાખ્યાનનો સારાંશ—૧. ધર્મ ન જાણે ને ન કરે તે કરતા જાણી ન કરે તે વધારે મુર્ખ. ૨. ઝવેરી માફક આપણે મુર્ખ. ૩. આજની આપણી સંસ્થાઓ. ૪. જિનેશ્વરે ધર્મ અધર્મ બનાવ્યા નથી પણ પ્રરૂપ્યા છે.



ચારિત્ર નહીં પામો તો પણ તમારા આત્માના મોક્ષ માટે ઉદ્યમ કરવો પડશે. મહાનુભાવ! ધર્મરત્નનો વખત ઘણો મુશ્કેલ છે, માટે ધર્મરત્ન પામ્યો છે તે તું સફળ કર, ઉદ્યમ કર, તે શી રીતે કરવો? હીરો હોય તો સોનામાં જડી પહેરાય, હાડકામાં ન જડાય. તેમ ધર્મ આત્મારૂપી સોનામાં મૂકી કુંદને ઘડ, હાડકારૂપી શરીરમાં એ ધર્મરત્ન ન જડાય. હવે તેનો ઉપયોગ કેમ કરવો તે અગ્રે વર્તમાન.

વ્યાખ્યાનનો સારાંશ—૧ **पढमं नाणं तओ दया**ની સચોટ યથાર્થ વ્યાખ્યા. ૨ ભવિતવ્યતાના ભરોસે ક્યાં સુધી રહેવું?



પ્રવચન ૩૧ મું

૧૯૯૦ શ્રાવણ સુદી ૭ શુક્રવાર મહેસાણા

વિચારશૂન્ય આત્મા કોને કહેવાય? :

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને કરતાં થકાં સૂચવી ગયા કે, જગતમાં જેઓને વિચાર નથી, તેઓને માટે ઊભા રહેવાનું વાસ્તવિક નથી. વિચાર વગરનો મનુષ્ય છે એમ કહ્યું તો ખલાસ. ખાય, પીયે, હરે, ફરે, પણ પાંચની અંદર જો એ નિર્ણય જાહેર થયો કે અમુક માણસ તો વિચાર વગરનો છે, મૂર્ખ શબ્દ ડાહ્યા પુરુષો ન વાપરે, ગતાગમ નહીં કહ્યા પછી શરીરે સુંદર હોય, મજબૂત હોય, લુગડાં સારા પહેર્યાં હોય, ઊંચા કૂલમાં જન્મ્યો હોય, પણ-ગતાગમ નથી–વિચાર શૂન્ય છે, તેને માટે બીજો શબ્દ જોઈતો નથી. છેલ્લામાં છેલ્લી દશા વિચારશૂન્ય ગણવામાં આવે એટલે ખલાસ. શું એ ખાય તો ગળ્યું હોય તો ગળ્યું નથી લાગતું? ટાઢ, તડકો શું તેને નથી લાગતા? પાંચે ઇંદ્રિયોના વિષયમાં પ્રવર્તેલો, તેમાં નિપુણ છતાં વિવેક વગરનો હોવાથી વિવેકશૂન્ય કહો છો, વર્તમાન વિષયમાં ગતાગમ ન રહી. વિષયના પરિણામમાં ઓઢવું હરવું ફરવું દેવું લેવું તેનું પરિણામ શું આવશે તે વિચારે તેનું નામ વિવેક. જેને ગતાગમ નથી તેને પણ વર્તમાનનો વિચાર રહેલો જ છે, ત્યારે કહો! વર્તમાન વિચારથી વિચાર સહિતપણું આપણે કહેતા નથી.

વિચાર એવું નામ, ગતાગમ એવું નામ, કોને અંગે આપીએ છીએ ? પરિણામનો વિચાર કરે તેને અંગે. દેવું કરીને દાન કરે તો ઉડાઉ કહો છો, લેણદાર આવશે ત્યારે જોઈ લેવાશે, અત્યારે બડેજાવ મહેરબાન બનો-એવા માણસને કેવા ગણો ? દેવું કરી મોજ કરતાં કોને આવડતી નથી, ૧૦૦ વરસ જીવવું છે. ૧૦૦ અક્કલ પુટેલ, અક્કલવાળાને નહીં મળે તેમ નહીં બને, શા માટે લાંબો વિચાર કરો છો ? ખરચ કરતાં બધામાં ભવિષ્ય વિચારો છો. જેનું દેવું મુદતે ડૂબી જાય છે, દેશાંતર જતાં, રાજ્યાંતર થતા જેના દેવાની દાદ કોઈ દેતું નથી, કાળાંતર થતાં દાદ નથી એવું દેવું ખટકે છે. જે વિચાર અને વિવેકવાળો છે, તેને પણ આ બધા દુનિયાદારીના ભીંત વચ્ચેના વિચારો છે, ભીંત ઓળંગીને વિચારો આવ્યા નથી. જેમ આ ઈંટ-રોડાની ભીંત, તેમ આ જન્મ અને મરણની ભીંત, એ બે ભીંત વચ્ચે વિચારો છે. જન્મથી મરણ સુધીના વિચારો કરીએ છીએ. આગલા ભવના કે પાછલા ભવના વિચાર ક્યારે આવ્યા ? આપણને કોઈ નાસ્તિક કહે તો ચીડાઇએ છીએ પણ ચાલચલગતમાં નાસ્તિક છીએ. यावत् जीवेत् तावत् ऋणं कृत्वा घृतं पिबेत् નાસ્તિક કહે છે કે મોજમાં જીવાય ત્યાંસુધી જીવો, દેવું કરીને પણ ઘી પીધે જાવ. મોજનાં સાધન ન હોય તો ઘી પીવા માટે પણ દેવું કરો. અનાજ માટે કદાચ દેવું કરાય, જો આપણે અહીં મરી ગયા, શરીરનો રાખોડો થયો તો ફેર ક્યારે આવવાના છીએ માટે આગળનો વિચાર ન કરવો, આ ભીંતની બે બાજુનો આગલ-પાછલનો વિચાર ન કરે તે નાસ્તિક, જે સદ્ગતિ પરભવ, પાપ, પુન્ય, માનનારો હોય તો તે તરફ જુએ તો ખરો ! જે જુએ નહિં અને માનું છું એમ કહે. પગ ઉંચો કરવો નથી અને સાપ આવ્યો તે જાણું-માનું છું, તેમ કહે કોણ ? આ ભવમાં દેણદાર હેરાન કરશે, આબરૂ લેશે, રાજ્યમાં દોરશે, આ વિચારો આવે છે. આ ભવની હેરાનગતિ કરનારા સાચા, પરભવનું દેવું દેણદાર તરીકે ગણતા જ નથી. એની હેરાનગતિ મગજમાં લીધી છે ? કઈ ગતિએ લઇ જશે તેનો વિચાર કર્યો ? પરમાધામીઓનો, નિગોદના દુર્ગતિના દુઃખોનો ડર નથી, તેનો ડર હોય તો જેમ દેવું કરતાં ડરીએ છીએ, બાપનું દેવું પણ સારૂં ગણતા નથી. બાપનું પણ દેવું કાગતું નહીં. દુનિયાદારીને અંગે, શાહુકારીને અંગે લોકવાયકા ખરાબ બોલાય તો ડરીએ છીએ. જન્મની, મરણની, ભીંત વચ્ચે આટલો ડર છે. પણ ભીંતની બહારને અંગે કયો વિચાર છે ?

નહિં તો તમારા નિયમ પ્રમાણે વર્તુલને જાણ્યું નહીં ને? વર્તુલ જાણવા છતાં તેનો છેડો કે શરૂઆત જાણતા નથી. તેમ સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં સર્વકાળ જાણવાની તાકાત હોવાથી અનાદિના જ્ઞાનથી બીજ–અંકુરની પરંપરા અનાદિ જાણીને શરૂઆત કે છેડો નાહ કહેવામાં આવે તે વ્યાજબી નથી–એમ કહેવાય જ નહીં. આપણે માની લઈએ કે, સર્વજ્ઞના જ્ઞાનની અપેક્ષાએ પ્રથમ અંકુર દેખ્યો તો સર્વજ્ઞના જ્ઞાને બીજ વગર અંકુર થયો, સર્વજ્ઞના જ્ઞાનમાં બીજ કે અંકૂર વગર અંકુર કે બીજ દેખાયા તે કઈ કલ્પનાથી માનવું? તે માની શકાય નહીં, છે નહિં અને યુક્તિયુક્ત નથી, બીજની ઉત્પત્તિશક્તિ વિચારતાં બીજાંકુર ન્યાયથી ઉત્પત્તિશક્તિ અનાદિની માનવી પડે.

શરીરમાં સુખદુઃખ અનુભવનાર જુદી વ્યક્તિ છે :

વર્તમાન જીવન કોઈને પ્રત્યક્ષ નથી એમ કહેવાય નહીં. ‘**अहं नास्मि**’ એમ કોઈ બોલનાર, જાણનાર, માનનાર, નીકળશે નહીં, જે અંદર છે તે જ પોતાને હું સુખી દુઃખી કહે છે. હું એટલે જીભ એમ માનો તો જીભને સુખદુઃખ નથી. જે કંઈ સુખ કે દુઃખ ભોગવનાર તે આખી અંદરની વ્યક્તિને અંગે છે. તે વ્યક્તિને થતું સુખદુઃખ એ હું સુખી કહી જીભ કેમ બોલે છે, દુઃખી કહી જીભ કેમ બોલે છે. જુદી પેઢીવાળો કમાયા કે ખોટ ગઈ એમ ક્યારે બોલે? બે પેઢીના માલિક એક હોય તો, અમદાવાદની પેઢીમાં ગએલી નુકશાનીને અંગે, વીરમગામની પેઢીવાલો અમને નુકશાન ગયું બોલે નહીં. જો કંઈ સંબંધ ન હોય તો સ્વતંત્ર પેઢીને અંગે ન બોલતા માલિકને અંગે બોલે તો? તેમ આ જીભ એક પેઢી છે. પગમાં થએલા દુઃખને અંગે હું દુઃખી, હું સુખી એ કેમ બોલી શકે? જીભ સ્વતંત્ર જવાબદારીથી બોલતી હોય, માત્ર જીભના સુખને અંગે સુખી બોલી શકે. પણ બીજા કોઈના અંગે થયેલા સુખ, દુઃખને અંગે હું સુખી–દુઃખી બોલવાનો હક જીભને નથી, તે છતાં બોલે તો, જૂઠું બોલે છે. પગને વેદના થઈ તો હું દુઃખી તે જીભને શું લાગેવળગે? ધ્યાન રાખજો. શરીરથી ભિન્ન આત્માને ન માને તે ડગલે ડગલે મૃષાવાદી બને. સર્વના સર્વ અવયવને અંગે, હું સુખી, દુઃખી જીભ બોલે છે. જીભ સુખદુઃખ વેદનારી ચીજ નથી. મરણ પછી પણ જીભ હોય છે. ઊડી જતી નથી, તો જીભને પણ જે સુખ–દુઃખ ગણીએ તે વાસ્તવિક રીતે

જીભને નથી, જીભ એ દુકાન પર બેઠેલો મુનિમ છે. એક દુકાન કાઢી છે. તેમાં બેઠેલો મુનિમ તેની જેમ સુખ-દુઃખનો જવાબદાર જીભ નથી. ખરાબ, સારી,-ગંધ આવી, આને દુઃખ, સુખ થયું, નાક ભીડે છે, આ પેઢીમાં એક નોકર છે. જે પેઢીમાં આ નોકર છે તે જ પેઢીમાં આ નોકર છે, આના સુખદુઃખને અંગે આને પ્રયત્ન કરવો પડે છે. સર્વ શરીરના અવયવને અંગે કોઈ મહેનત કરે છે, સ્વતંત્ર સુખ-દુઃખવાળા કોઈ અવયવ નથી, જવાબદારી જોખમદારી તેની નથી, લાભ-નુકશાનની જવાબદારી, જોખમદારી માલિકને છે. મુનીમને લેવાદેવા નથી. વકીલ અરજી કરે, બોલે, બધું કરે પણ અસીલના જોખમે. વકીલના ઘેર હુકમનામાની બજાવણી નહીં અને ઠામડા ફેરવવાના નહીં અને જપ્તિમાં આવે તે નાણું વકીલના વાડામાં ન પૂરાય, લેણદારને ઘેર રકમ જાય. જવાબદારી, જોખમદારી વગર વકીલ કરતો હતો, તેમ અહીં માથાથી માંડી પગ સુધી જે સુખ અગર દુઃખ અનુકૂળ કે પ્રતિકૂળ થાય તેમાં શરીર જડ તરીકે, વચમાં જવાબદારી જોખમદારી ઉઠાવનાર બીજો જ છે. મેસાણાની કોરટમાં કેસ ચાલ્યો, અપીલ વડોદરે ગઈ, ત્યાં નવો વકીલ કર્યો છતાં પહેલી કોરટે અમને અન્યાય કર્યો, પેલી કોરટે અમારું સાંભળ્યું નહીં. આ બધું વકીલ પોતાના તરફથી એ કહેતો જ નથી, વકીલ અસીલ તરફથી કહેતો હોવાથી અહીં અસીલને થએલો અન્યાય તે પણ ત્યાં બોલે છે કે અમે આમ કહ્યું છે, અહીં અસીલને ન્યાય ન મળ્યો તેથી વકીલ પણ અમને ન્યાય ન મલ્યો એમ બોલે છે. તેથી ગયાભવનું પાપ, અત્યારે શું બોલીએ છીએ, મેં પાપ કર્યાં છે, ગયા ભવવખતે આ જીભ કયાં હતી? પુન્ય કરતી વખતે, પાપ કરતી વખત આ જીભ ન હતી, તો આ જીભ કેમ બોલે છે? કે 'મેં પુન્ય-પાપ કર્યાં હશે. મારા પુન્ય, પાપનું આ ફળ.' મેં શાનું બોલે છે?

વકીલોના ધંધા

ચાહે મેસાણાનો વકીલ બોલે, ચાહે વડોદરાનો વકીલ બોલે, જવાબદાર-જોખમદાર વકીલ નથી પણ અસીલ છે. તેમ અહીં આ જીવ અસીલ આ શરીરને વકીલ તરીકે ભવમાં ઊભો રાખે છે તે જીવ દ્વારા એ બોલી શકે છે, 'મેં પાપ કર્યાં, મેં પુન્ય કર્યું,' જેમ આ શરીરમાં જીભને સુખ નથી થયું છતાં હું સુખી છું એમ જીભ બોલે છે. જવાબદાર

કોરટમાં ઊભા રહેતા નથી. વકીલ સિવાય સાંભળવું નહિં. જો વકીલ સિયાય કદાચ ઊભો રહે તો પછી વકીલ રખાય નહીં. તેમ આ ભવની કોરટમાં અસીલને વકીલ સિવાય ઊભા રહેવાનો અધિકાર નથી. અસીલ કેવો દબાયો છે તે સમજજો. વકીલ સિવાય બોલવાનો હક નહીં, સાક્ષીની અરજી વહેલી મુદત, રજા લેવી હોય તો વકીલદ્વારાએ, કોરટ અને વકીલ બે મળેલા, અસીલ અથડાતો, વકીલનું ઘર ભરનારો, તેમ આ ભવે આ વકીલદ્વારાએ વ્યવહાર રાખ્યો છે. અસીલને પૂછે નહીં, ખૂનની સજાનો ગુન્હો હોય તો વકીલને સાંભળવાનો. નરક, નિગોદની સજા આ ઈન્દ્રિયોદ્વારાએ, સ્વાર્થસિદ્ધ જવાનો હોય તો આ શરીરદ્વારાએ, સંસારે આ શરીરની પીછાણ રાખી છે. આપણે એવા મૂર્ખા કે મુખત્યારનામું રદ્દ કરવાની પણ સૂઝ પડતી નથી.

મુખત્યારનામું રદ્દ કરાવો :

જીસ દિન આપ દેઢ રૂપીઆ બચાવેંગે, ઓ દિન જુતિ લાવેગા. 'વો દીન કબ કે મીયાંકે પાઉંમે જુતિયાં.' વકીલે દેખ્યું કે આ આંધળો અસીલ છે તેને દોરવા દે. પાંચે ઈન્દ્રિયો આ અસીલને પકડી બેઠી છે. ખુવાર મેળવ્યા વગર ઇદ્રિયો છોડવાની નથી. આ વકીલો પણ જ્યાં સુધી આત્મા દુર્ગતિએ પહોંચે ત્યાં સુધી અથડાવશે, બચવાનો એક જ રસ્તો, મુખત્યારનામું રદ્દ કરી, નિસ્પૃહ પરોપગારી વકીલને પકડે. કોરટની સત્તામાંથી, રાજની સત્તામાંથી બહાર નથી જવાતું ત્યાં સુધી વકીલ કર્યા સિવાય છુટકો નથી, પણ આ તડ પડયા તરકડા મોંઘા થાય તેની જગોએ નિસ્પૃહ પરોપગારી કોઈક મલે તો? ગુંદર રહ્યો થકો સાંધણુ કરે છે. કાચની કણી અંદર જાય તો ફાટ કરે. પેટમાં ગએલો ગુંદર હાડકા–નસોની ચીકાશ લાવે, પેટમાં કાચની કણી ગઈ હોય તો આંતરડા કોતરી નાખે. એ તરકડા કાચની કણી જેવા જ્યાં નાખો ત્યાં ફાડે. તે જગો પર ગુંદર જેવા મહાનુભાવો ખોળી લ્યો, એ પણ પરોપગારી હોય, ઘર ભરનારા ન હોય, તે વિચાર અસીલ કરી લે કે આ વકીલ કાચની કણી છે કે ગુંદરની કણી છે? આપણી પાંચે ઇદ્રિયો, આરંભ, વિષય, કષાયમાં દોરાય ત્યારે વિતરાગતાનો નાશ કરે, જ્ઞાનાદર્શનનો નાશ કરે, આવા વકીલને મુખત્યારનામું આપી ચૂકયા તે રદ્દ કરાવો, સારા માણસ પાસે જઈ સમજાવો, એવી રીતે શાસ્ત્રકારે એ જ કહ્યું કે–આ ઈન્દ્રિયોના ઉપર દાબ મૂકો, આ ધર્મને અનુસરી

ચાલીશ ત્યાં સુધી જ ખોરાકાદિ આપીશ. વાંકો ચાલીશ તો ભૂખે રાખી મારી નાખીશ. તને ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, મકાન બધું આપીશ, પણ આ સારાની સલાહે ચાલવું, તારા મુખત્યારનામાને અંગે મૂર્ખા બન્યા છીએ પણ તારી આબરૂ ખાતર અમે તે ખેંચતા નથી, પણ કોઈના તાબામાં વકીલને સોંપીએ છીએ, જે પોઈટો બારિષ્ટર બતાવે તે પ્રમાણે આ વકીલ ચાલે. નહીંતર મુખત્યારનામું લઈ મૂર્ખ બનાવ્યા, અને વળી માલ લઈ વધારે મૂર્ખ બનાવશે.

જવાબદાર-જોખમદાર આત્મા :

પાંચે ઇંદ્રિયો, ભવ-સંસાર કોરટે પાસ કરેલા વકીલો છે, મન-વચન-કાયા-તેના વકીલો છે. વકીલ કહે હું દુઃખી, મુખત્યારનામાના પ્રભાવે વકીલ અમે, હું-એમ બોલે છે. તેમ અહીં પણ પાંચ ઇંદ્રિયો ત્રણ જોગ તે તમારા મુખત્યારનામાવાળા છે. જવાબદાર, જોખમદાર નથી, તેથી જીભ-હું સુખી-દુઃખી વર્ણન કરે છે, તે પોતે મુખત્યારીથી બોલે છે પણ જોખમદાર નથી. મુખત્યારીથી બોલવું તેનો અર્થ પાંચ ઇંદ્રિય, ત્રણ બળ તમારા વકીલ છે, જવાબદાર, જોખમદાર તમારો આત્મા છે, એ દ્વારાએ વિષય કષાય પરિગ્રહમાં પ્રવર્તવાના. વકીલ ચાલ્યો જવાનો ત્યારે ડીક્રી ભરવાની, ભોગવવાની અસીલને. આ શરીર-વચન-મન વકીલની ઓફિસ છે. જવાબદારી, જોખમદારી આત્માની છે હવે તેને અંગે વિચારીએ તે જવાબદારી શરૂ ક્યાંથી થઈ? કર્મ ઉપાર્જન થાય તે જવાબદારી, ભોગવવી પડે તે જોખમદારી. આ આત્મામાં જવાબદારી પહેલી શરૂ કે જોખમદારી પહેલી શરૂ થઈ? અહીં અત્યારે જોખમદારી વહોરી છે, તેની જવાબદારી પહેલા ભવમાં ઊભી કરી છે.

કર્મપુદ્ગલનો સ્વભાવ :

આ ઉપરથી બીજો નિકાલ થશે કે ઈશ્વર જગતનો કર્તા ન હોય તો પુન્ય પોતાની મેળે ભોગવી લ્યે, પણ પાપના ફળ ભોગવવા પોતાની મેળે કોણ તૈયાર છે? દુઃખી થવા કોઈ પોતાની મેળે તૈયાર નથી. સજા કરનાર જેમ મેજીસ્ટ્રેટ હોય તેમ પાપની સજા કરનાર કોઈ હોવો જ જોઈએ. અહીં સમજવાનું કે આ જવાબદારી-જોખમદારી પોતાની સ્વયં છે. ઝેર ખાય એમાં મરવાનું કોણ કરે છે? સાકર ખાય

એમાં શાંતિ કોણ કરે છે ? હરડે ખાય તેમાં રેચ કોણ કરે ? મરચાં ખાય તો આંખ અને મુંઠે ગરમીની બળતરાં કોણ કરે છે ? કહો કે પુદ્‌ગલનો સ્વભાવ છે, ઝેર આદિના પુદ્‌ગલનો સ્વભાવ છે કે પ્રાણ વિયોગ કરે, શાંતિ કરે, વિરેચન કરે, બળતરા કરે, એમ અનુક્રમે ઉપર કહેલી બાબતોમાં પુદ્‌ગલોનો સ્વભાવ માનવામાં અડચણ નથી, તો કર્મ પુદ્‌ગલોનો સ્વભાવ માનવામાં અડચણ શી ? કેટલાક આકસ્મિક બનાવો બને છે, તેમાં પેસાબ કરવા બેઠો, નળીયું પડયું ને માથું ફૂટી ગયું, મરી ગયો, કોણ નળીયું ફેંકવા આવ્યું ? આખા જન્મમાં આપણે આપણા કર્મ પ્રમાણે ફળ મેળવીએ છીએ.

ફળ આપનાર ઈશ્વર કે પોતાના કર્મ ? :

સારા યા ખોટા કાર્ય ઈશ્વર કરાવતો હોય તો કર્મને તિલાંજલી આપો, જવાબદારીના મૂળમાં જોખમદારી છે, જોખમદારીના મૂળમાં જવાબદારી છે. કસાઈ બકરીને મારવા તૈયાર થયો, અહીં કસાઈ મારે છે કે ઈશ્વર ? ઈશ્વર કસાઈ પાસે મરાવતો હોય તો જલ્લાદ ખૂની ગણાય નહીં, કોરટની આજ્ઞાથી કરનાર હોવાથી ગુન્હેગાર ઠરતો નથી, તેમ કસાઈ પણ ઈશ્વરના હુકમથી મારે છે તે કસાઈ ગુન્હેગાર નથી પહેલા ભવમાં ઈશ્વરના હુકમથી માર્યા તો ઘોલ મારી, ઈશ્વરે મરાવી, ઘોલ મારનાર બે ગુન્હેગાર છે, તો બે ગુન્હેગાર બીજા ભવમાં કેમ માર્યો જાય છે ? મારનાર પણ ઈશ્વર, જૂઠું બોલનાર, ચોરી કરનાર, લુચ્ચાઈ લફંગાઈ કરનાર ઈશ્વર, એકનું ફળ એકનું કર્મ, ફળ કરનાર ઈશ્વર થાય, તો કર્મ કરનાર છે એમ કહી ઘો, ઈશ્વરકર્તૃત્વની વાત જુદી છે, અત્યારે કર્મ અને ફળની વાત કરીએ છીએ. કોરટ–કર્મના સિદ્ધાંતને ઉપર રાખી બીજા સિદ્ધાંતે વાત કરે છે, ‘ ગુન્હેગાર છૂટી જાય તેની ફીકર નહીં, પણ બેગુન્હેગાર માર્યો ન જવો જોઈએ.’ એનો અર્થ એ કે, ભવાંતરના ભોગવવા પર છોડો, બેગુન્હેગાર માર્યો ન જવો જોઈએ. બીજી બાજુ જે સરકાર ખૂનીઓનો કબજો મેળવી શકતી હોય, તેમાં ક્ષણ પણ વાર કરે તો જગતના હિસાબે સરકાર ગુન્હેગાર થાય. ઈશ્વર–પાપીઓનો કબજો લઈ શકે છે કે નહિં ? તેમાં ક્ષણ વિલંબ કરે તો ઈશ્વર ગુન્હેગાર છે

જે માસ્તર તરીકે હોય તે ૩૩ ટકા વિદ્યાર્થીઓ પાસ ન કરે તો ગ્રેડ ઉતરી જાય, તેમ જ્ઞાનીપણું લીધું તો ત્રીજા ભાગે પોતા જેવા ન બનાવે તો

ગ્રેડ ઉતરી જાય, એમ ઈશ્વર કેવળ ધર્મોપદેશક, અજવાળા કરનાર તરીકે માનીએ તો અમને ઈશ્વર તરીકે માનવામાં હરકત નથી. કર્મનાં ફળ ઈશ્વર ભોગવાવે છે તેમ અમે માનતા નથી. કર્મ કરેલા હોય તેના ફળો ભોગવાવે તે વખતે નવા બંધાવે કે નહિં? અનાર્યોને અંગે જવાબદારી સાથે જોખમદારી નથી, પણ આર્યોમાં નવાં કર્મ ભોગવવા સાથે નવાં કર્મનો બંધ. ફળ અને કર્મ તેમાં પહેલવહેલું ફળ ભોગવ્યું કે કર્મ બાંધ્યું? બીજ અંકુર ન્યાયે કર્મ ફળની પરંપરા અનાદિની છે. જ્યારે કર્મ અને ફળ બન્ને અનાદિના લઈએ તો જીવરૂપી અસીલ અનાદિનો છે.

તિર્યંચ, નારકીના શરીરરૂપી વકીલોને જિનેશ્વર મહારાજરૂપી બારિષ્ટરો મળવા મુશ્કેલ છે. કાયદાને આધીન થાય તો માત્ર મનુષ્ય શરીર. આ અપાર ભવ—સંસારસમુદ્રમાં મનુષ્યપણું મળવું મુશ્કેલ, કેસ ક્યારે સુધારી શકો? બારિષ્ટરની સલાહ પ્રમાણે ચાલો ત્યારે. તીર્થંકર મહારાજના આડતિયા ગુરુઓ જગો જગો પર છે, તે આડતીયા ગળે નથી પડતા. આ વકીલ ગળે પડે છે. પાંચ ઈન્દ્રિયો ત્રણ બળ ગળે પડે છે. તમે આજીજી કરો, આજીજી કરતાં એ તમને સલાહ દે. અહીં દેવ ગુરૂ ધર્મ બારિષ્ટર તરીકે બધે મળે પણ અસીલ સીધો થાય ત્યારે. અસીલ સીધો ન થાય ત્યાં સુધી બારિષ્ટર ઊંચું પણ જોવે તેવા નથી. હવે કેમ જુએ? આજીજી કરીએ, આપણી હકીકત સમજાવીએ. અહીં ધર્મરત્ન ક્યારે મળે? સંસારની અનાદિકાળની ટેવ છોડવાની કહે તે છોડીએ, આદરવાની કહે તે આદરીએ, ત્યારે ધર્મ આપણી બારિષ્ટરી કરે. તો કુટેવ, સુટેવ કઈ તે જાણીને પછી છોડીએ, સુટેવ આદરીએ, માટે ધર્મરત્નને લાયક ૨૧ ગુણો છે તેમાં પહેલો અક્ષુદ્ર ગુણ તેનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે આગળ જણાવવામાં આવશે.



પ્રવચન ૩૩મું

શ્રાવણ સુદી ૯ ને રવિવાર, મહેસાણા

સદ્ગતિ મેળવવી એ પોતાના પ્રયત્નને આધીન છે :

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિસૂરીશ્વરજી મહારાજા ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને કરતાં થકાં આગળ જણાવી ગયા કે, આ અનાદિ

કુટુંબને કલ્પના પણ ન હતી કે વડોદરાની ગાદી તમને મળે. એ કલ્પનાની સ્થિતિ કોણે ઊભી કરી ? ચિંતામણિ પાસે માગીએ, જાણીએ, ઇચ્છીએ ત્યારે મળે. જ્યારે આ ધર્મરત્ન નહીં જાણેલું, નહીં ઈચ્છેલું, ન ચિંતવેલું, પલકારામાં કરી દે છે. હવે પરભવને અંગે વાત કરીએ, દેવલોક શા ચીજ, કેમ મળે ? તે વિચાર નથી. છતાં ધર્મનો પ્રભાવ હોય તો વગર જાણેલી, વગર ઈચ્છેલી, વગર માગેલી ધર્મરત્નથી મેળવી શકાય છે. એ નહીં પણ રત્નપ્રાપ્તિનું પણ કારણ કોણ ? આખા જગતને રત્નની ઈચ્છા છતાં અમુકને જ રત્ન મળે, અમુકને પથરા પણ ન મળે તો કહેવું પડશે કે રત્નપ્રાપ્તિમાં પણ મૂળ ધર્મ જ કારણ છે.

ધર્મને રત્નની ઉપમા કેમ આપી ?

એવા ધર્મને રત્નની ઉપમા કેમ દેવાય છે ? જે ધર્મ અસંખ્યાત રત્નોને મેળવી આપનાર, આવા ધર્મને રત્ન કેમ ગણો છો ? કોઈ હીરાને પત્થર કહે છે ? હીરારૂપી પત્થર એમ કોઈ કહે તો તેને મૂર્ખ કહીએ છીએ, તો પછી અહીં ધર્મ અને રત્નની વચ્ચે આકાશપાતાલનું આંતરૂં છે તેવા વખતમાં ધર્મરૂપી રત્ન કેમ કહો છો ? પથરા સાથે ધર્મ સરખાવવો તે ધર્મનું અપમાન છે, પણ ઉપદેશ સાંભળનારાને જે ઉત્તમ ચીજ ભાસેલી હોય બીજી ચડિયાતી ચીજ ન હોય ત્યાં ઉપમા કઈ દેવી ? ચંદ્રમા પુનમનો આસો પુનેમની રાત્રે ઉગ્યો ત્યાં કેવો ? ત્યાં ઉપમા કઈ દેવી ? અહીં દર્પણને ચંદ્રની ઉપમા દ્યો પણ ચંદ્રને કઈ ઉપમા દ્યો ? ત્યારે કહો કે ચાટલા જેવો, ચોકખા આરીસા અને ચંદ્ર વચ્ચે રાતદિવસનું આંતરૂં છે, પણ બીજો સૌમ્ય ગોળ, ચકચકાટીવાલો પદાર્થ તમારી ધ્યાનમાં નથી, ત્યાં આરીસાની ઉપમા દીધા સિવાય છૂટકો નથી. આ જગતમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ધર્મથી ઉતરતો પદાર્થ ધ્યાનમાં આવ્યો હોય તો કેવળ રત્ન. રત્ન સિવાય બીજો પદાર્થ શ્રોતાને જાણવામાં આવ્યો નથી. તેથી અત્યંત આંતરાવાળો પદાર્થ છતાં તેની ઉપમા આપી છે. અર્થાત્ આ ઉપમા શાસ્ત્રકારોએ વાસ્તવિક ગણી આપી નથી, પણ શ્રોતાને તે સિવાય બીજો ઉત્કૃષ્ટ પદાર્થ ધ્યાનમાં નથી આવ્યો. દરિયો ન દેખ્યો હોય તેવા આગળ મોટા તલાવને બડા દરિયો કહેવાય, તેણે જળાશયમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ માન્યું હોય તો તળાવ, આ મોટું તળાવ છે. તેના જેવો દરિયો,

કેટલો ફરક છે? ત્યાંના વતનીને બીજી વસ્તુ પ્રસિદ્ધ નથી, તેથી જગતમાં રત્ન સિવાય ઉત્કૃષ્ટ પદાર્થ ગણવામાં આવ્યો નથી. તેથી અવ્યાબાધ પદવી પમાડનારી, જ્ઞાનાદર્શનાદિનું રજીસ્ટર કરનારી ચીજ છતાં રત્નની ઉપમા આપ્યા વગર છૂટકો નથી. માટે ધર્મરત્ન કહ્યું તેથી હલકી ઉપમા ન સમજવી.

પ્રભુને સિંહ હાથી કમળની ઉપમા કેમ આપી?

આથી પરમેશ્વરની સ્તુતિ કરો છો તે ધ્યાનમાં લો, **पुरिस सीहाणं** એટલે પુરૂષોમાં જાનવર એમ? શૌર્ય અપરાભવનીય સ્થિતિ જણાવવા માટે જગતમાં કંઈ પણ પદાર્થ લેવામાં આવે તો કેવળ સિંહ છે. આ તીર્થંકરની અવજ્ઞા નથી, માટે ત્યાં સિંહની ઉપમા આપી છે. गंघहत्थीणं, હાથીની, કમળની ઉપમા. કચરામાં થવાવાળું કમળ તેની ઉપમા ભગવાનને શીરોધાર્ય તરીકે આપી છે. કચરામાં થએલું છતાં કમળ શીરોધાર્ય ગુણને લઈને, કમળ ભગવાનની અપેક્ષાએ નહીં ગણતરીનું છતાં ઉપમા થઇ જાય છે. સિંહ, હાથી, કમળ એ બધી તેના ગુણોને લીધે જગતમાં પ્રસિદ્ધ હોવાથી ઉપમાઓ દેવામાં આવી છે, તેમ જગતમાં રત્ન સિવાયની ઉત્કૃષ્ટ ચીજ ગણવામા આવી નથી, માટે ધર્મરત્ન કહેવામાં આવ્યું છે.

ઉપમાના અવગુણો ગ્રહણ ન કરવા :

અન્ય મતોમાં કહે છે તેમ ન ગણશો, કૃપણે રાધાને કહ્યું કે, **चंद्रमुखी**, તેને સૌમ્યતા ગુણને માટે કહ્યું, હે ચંદ્રના જેવા મુખવાળી! ચંદ્ર તો રોજ ક્ષય વૃદ્ધિ પામે, તેવું મારું મોં છે? ચંદ્ર ઘટે વધે છે મને **चंद्रमुखी** કહી કેમ બોલાવો છો? મૂળ સૌમ્યતા આદિ ગુણોને લીધે ઉપમા આપી છે, તે કલંક સહિતપણામાં, રાહુ ગળી જાય તેમાં લીધી. ઉપમાના અવગુણ જોડવામાં ભૂલ ન થવી જોઈએ, ગુણોની ઉત્તમતાને અંગે ઉપમા અપાઈ છે. રત્ન જેમ દરિયામાં રહેતો નથી, મંથન કરી ધર્મ કાઢવાનો નથી, માત્ર ઉપમા આપી છે. તેના ઉત્તમ ગુણોને અનુસરી આપી છે. ' धर्मे धनबुद्धिः ' માર્ગપ્રવેશની દશામાં જણાવ્યું ' धर्मे धनबुद्धिः ' ધનમાં જેવી બુદ્ધિ તેવી ધર્મમાં થાય તો ધર્મમાં પ્રવેશ થયો સમજવો, તેમ ધર્મમાં જ્યારે ઉત્તમતાની બુદ્ધિ હોય તો ધર્મમાં પ્રવેશ સમજવો, ધર્મરત્ન જેવો ઉત્તમ છે, પ્રથમ માર્ગ

પ્રવેશ કરનારા જીવો માટે ધર્મરત્ન જેવો–આ અર્થ કહેવો. પણ ધર્મમાં આગળ વધ્યા હોય તેવાઓને ચિંતામણી, કાંકરા જેવો છે. ધર્મરત્નમિત્ર ગણીએ તે કામ ન લાગે. પંડિતના છોકરા જેવું ન કરો. પઢો બચ્ચા! ફરમાઈએ, **मातृवत् परदारेषु** ઓર ઓરતોં કી સાથ માતા જેસા વર્તન, જગતમાં સબ ઓરતની સાથે માતા જેવું વર્તન રાખવું, છોકરો ગોખીને નીકળ્યો, પાડોશીને ઘેર બાઈઓ બેઠેલી. ઝટ જઈને ખોળામાં પડ્યો, પેલી ચમકી. ઘરવાળાએ ઠપકાર્યો, શું છે? આવી રીતે બેઠી હતી ને ખોળામાં ઝટ દઈ પડ્યો, આઘા પાછા હાથ કરવા લાગ્યો. બેવકુફ શું કર્યું? તમે શીખવ્યું હતું કે **मातृवत् परदारेषु** માતા માફક બીજી સ્ત્રીઓ સાથે વર્તાવ કરવો. માતાના ખોળામાં પડતો હતો. **परद्रव्येषु लोष्टवत्** – જેવી ઢેફામાં બુદ્ધિ તેવી પરદ્રવ્યમાં બુદ્ધિ રાખવી, વિકાર બુદ્ધિ ન થવી જોઈએ, પારકું દ્રવ્ય પત્થરની માફક ગણવું જોઈએ, બજારમાં પારેખોની પૈસા – રૂપીઆની ઢગલી પડેલી, તે ફેંકી દેવા માંડ્યો, **परद्रव्येषु लोष्टवत्** ઘરમાંથી કાંકરા ફેંકી દ્યો છો તો આ કાંકરા છે, આ જેમ પંડિતનો છોકરો અવળો વિદ્યાર્થી હતો. તેમ રત્ન અસાર છે, ભય સમાન છે. તેમ ધરમ અસાર જંજાળમય જણાય છે, તો પંડિતના છોકરાની તોલમાં આવીએ કે બીજું કંઈ? માટે જ્યાં સુધી સંસારમાં માયામાં લપટાયો છે, ત્યાં સુધી ધર્મને રત્ન જેવો સમજે. ધર્મ જ રત્ન ધર્મ एव रत्नं ધર્મ સિવાય રત્ન ચીજ નથી એવી બુદ્ધિ થાય. ધર્મ રત્નસમાન તે માર્ગ પ્રવેશમાં, આગળ વધ્યો ત્યારે **धर्म एव रत्नं** એ ધર્મરત્ન માટે ઉદ્યમવાળો થાય તો આ વકીલ બધા કેસ સુધારવા તૈયાર છે. માટે તેવા ધર્મરત્ન માટે કેવી રીતે લાયક થવાય તે આગળ જણાવવામાં આવશે.



પ્રવચન ૩૪ મું

સં. ૧૯૯૦, શ્રાવણ સુદી ૧૦ ને સોમવાર, મહેસાણા.

સંસાર-ચકડોળ

શાસ્ત્રકાર મહારાજ શ્રીશાંતિસૂરીશ્વરજી ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને કરતા થકાં જણાવી ગયા કે આ સંસાર ચક્રમાં આ જીવ અનાદિ

કાળથી રખડે છે, નાનાં બચ્ચાંઓ પૈસા આપી ચકડોળ પર બેસી રાજી થાય છે. આ સ્થિર જમીન પર રહેલો હતો, તે કરતાં અસ્થિર ઉપર ગયો. ચક્કર ભમવામાં ગયો છે, તાં પૈસા ખરચી આનંદ માન્યો પણ એ બચ્ચાંને શોભે, સમજુ પૈસા ખરચી ચકડોળના ચકાવે આનંદ માને નહીં, તેમ આ જીવ સંસાર ચક્રના ચકડોળે ચડ્યો છે, છોકરો ચકડોળમાં હસે, આનંદ માને તેમ આ જીવ ચારે બાજુની નારકી, તિર્યંચ દેવતા, મનુષ્યની બેઠકોમાં બેસી આનંદ માને છે. કુતૂહળ હોવાથી બચ્ચાને આનંદ થાય છે, તેમ આ જીવ સંસાર ચક્રમાં ચડ્યો છે, તેમાં જ આનંદ માને છે, પણ બચ્ચાઓ ૧૫–૨૦ આંટા જોરમાં ચાલે તો બિચારાને ચક્રી આવે છે પણ આ જીવ બચ્ચાં કરતાં પણ ચડ્યો, અનંતા કાળ સુધી ચક્રમાં ચડ્યો છતાં ચક્રી આવતી નથી, ઘાંચીનો બળદ એને એ જગાએ ફરે તો પણ તેને ચક્રી ન આવે, મનુષ્યને ત્યાં ચક્રી આવે, કારણ એક જ. આંખે પાટા બાંધેલા હોય તેથી ઘાંચીના બળદને ચક્રી આવતી નથી. મનુષ્યને આંખ ખોલેલી હોય તેથી ચક્રી આવે છે, તેમ સંસાર ચક્રની ચક્રી કોને હોય? મનુષ્યને હોય, જ્યાં સુધી જીવ અજ્ઞાનથી અંધ છે, જ્ઞાન–નેત્ર ખુલ્યાં નથી ત્યાં સુધી સંસાર ચકડોળમાં ચક્રી પામતો નથી. ચક્રી આવવાનું ક્યા ભવમાં બને? જ્ઞાન હોય તે ભવમાં, જ્ઞાન કેવળ મનુષ્યભવમાં, મનુષ્યભવ સિવાયમાં જન્મ લેવો તે માલિકની મજુરી કરવી, પેટમાં ઓરવું, જીંદગી પૂરી થાય કે ચાલતા થવું. ચાહે કૂતરા, ઘોડા, ઉંટ વગેરેને, જ્ઞાનરૂપી ચક્ષુ ખુલવાનો વખત જ ક્યાં? લાયકાત ક્યાં? કેટલીક વસ્તુઓ લાયકાત ઉપર જ આવે છે. ગાયન ગધેડાને શીખવવા માટે ચાહે જેવો ઉસ્તાદ હોય તો પણ નહીં શીખવી શકે. ગધેડામાં ગાયન શીખવાની લાયકાત નથી, તેમ મનુષ્ય સિવાય બીજા ભવમાં આત્માના ગુણો–અવગુણો, સ્વરૂપ જાણવાની, ગુણો વધારવાની, અવગુણો કાઢવાની શક્તિ જ નથી દેવતા એટલે શિકારે નીકળેલો શાહેનશાહ. રખડ્યા જ કરે. મનુષ્યભવ સિવાયના જે ભવો તે ભવોમાં જ્ઞાનશક્તિ એવી નથી, કંઈક જ્ઞાનશક્તિ જાગે તો પશ્ચિમની કે ઉંચેની સીટ પર બેઠેલા હોય તો પણ મુંબાઈને બેસી રહેવું પડે. જમીનની પાસે બેઠેલા હોય તેને જ ઉતરવાનો વિચાર કામ લાગે, નારકી, તિર્યંચ, દેવભવમાં કદી ભવ-ચક્રથી કંટાળો આવે પણ તે ભવચકડોળમાંથી નીચે ઉતરી શકાય નહીં. ચકડોળમાંથી નીચે ઉતરવું હોય તો નીચેની બેઠકમાં બેઠેલો હોય

જોઈએ. આત્માના ગુણો જાણવા હોય, મેળવવા હોય, અવગુણ નાશ કરી ગુણ ઉત્પન્ન કરવા હોય તો મનુષ્યભવ સિવાય બીજે મળતા નથી.

બળવાન સાથે મૈત્રી તે ગુલામી સમજવી :

ગઈ કાલે કહ્યું કે, એવો કયો વકીલ મળવાનો કે પોતાનું નુકસાન કરી અસીલનું હિત કરે? એવો પરોપકારી વકીલ ક્યાં મળવાનો? તેમાં રોટલા અને લુગડાં પેટેનો વકીલ, વર્તમાનકાળમાં લુગડાં અને રોટલા પેટેનો વકીલ થાય. પોતે ઘસાતો જાય તેની દરકાર નહીં. પોતે સદા માટે નાશ પામે તેની દરકાર નહીં. માત્ર અસીલને કેમ ફાયદો થાય એવો વકીલ કયો? આ મનુષ્યભવનું શરીર. લીગ ઓફ નેશનમાં એમ ધારણા રાખી હતી કે, દુનિયામાં કોઈ બખેડો જાગે નહીં, પણ તે ધારણા ફળીભૂત ક્યાં થાય? બધાં રાજ્યો સરખા બળવાળા રહેતાં, બળવાનની સાથે મૈત્રી કરવી તે ગુલામીની જડ છે. સમાન સાથે મૈત્રી ઠેઠ સુધી મૈત્રી રૂપે ટકે પણ આપણે ન્યૂનબળવાળા હોઈએ, અધિક બળવાળા સાથે મૈત્રી કરીએ તો તેનું પરિણામ ગુલામીમાં આવે. અત્યારના રજવાડા એ પોકાર કરે છે કે, અમે મિત્ર તરીકે સંધિ કરી છે, પણ નિર્બળનું દોસ્તપણું ક્યાં પરિણમ્યું તે જોઈ લ્યો, હૈદરાબાદ, ગાયકવાડ કે ઉદેપુર ગમે તેવા મોટાં રાજ્યો હો, તે દોસ્તીનું પરિણામ ગુલામીમાં જ આવે, માટે નેશનલ લીગે કહ્યું કે, સમાન કરો. સમાનતાના નિયમો ટકાવવા માટે, સમાનબળનો નિયમ રાખવો જ જોઈએ. કંઈપણ તોફાન ન થાય ત્યાં સમાનબળ ન જોઈએ, બળહીન થતું જાય તો લીગ ઓફ નેશનના કરારો ચોપડામાં રહી જાય. એક જાપાને ખાસડું માર્યું ને ખસ્યો. કારણ બળવાન થયો. કહેવાનું તત્વ એ છે કે, સંપની અંદરની જડ બળવત્તામાં છે. પોતાની લાયકાતની બળવત્તા દરેકે રાખવી જોઈએ. એ હોય તો જ સંપ બરોબર રહે, તેમ આત્મા કંઈક જોર રાખે તો આ વકીલ સારી દાનતનો છે. આત્મા અક્કલ ફૂટેલ નીકળે તો જાણી જોઈ ખુવાર કોણ મળે? આ વકીલ (શરીર) એવું આત્માને ક્યારે કહેવા જવાનો કે, તું મને ખુવાર મેલ, હું તને જોઈએ તે આપું, આનો ઉત્તમ સ્વભાવ તેનો લાભ લેવાની શકિત આત્મામાં જોઈશે, સાવચેત થઈ સમજી સારૂં માગે તેને કલ્પવૃક્ષ કે ચિંતામણી રત્ન આપે છે. તે

ઘેરઘેર ફરી બોલાવી આપતું નથી. સાવચેત હોય, સમજે માગે તો આપો ! સાથે શરત કરી લ્યે કે આ લુગડાં અને ખોરાક ક્યારે આપવાના ? મારા કેસમાં બરોબર મહેનત કરે તો, ઉકરડામાં આંકડાની ખેતી કરનાર કોઈ જણાયા નહીં. પડતર જમીનમાં પણ ખેતી નથી કરતાં તો આત્મા માંસના હાડકાનાં પીંડને પોષે તેનો અર્થ શો ? આ શરીરનું સ્વરૂપ હાડકાનો માળો, વિષ્ટાની ગુણપાટ, પેસાબની કોથલી છે, સરકારી કાયદો છે કે મેલાની ગાડી બજારમાંથી ખુલ્લી ન જઈ શકે, મુસલમાન ખરાબ ચીજ લઈ જાય તો પણ બજારમાં જતી વખતે રેશમી રૂમાલ ઢાંકી લઈ જાય છે. બંધ છે ત્યાં સુધી તેની મનોહરતા, બારણું ખૂલે તો દુર્ગંધ ઉછળે. તેમ આ શરીર પર ચામડી છે ત્યાં સુધી જ સારૂં દેખાય છે, ગાડીનું મેલાની બારણું ખોલે તો એટલે બેસવું મુશ્કેલ પડે, ઓપરેશન વખતે ભલભલા સગાને ઊભા રહેવું મુશ્કેલ પડે છે. જ્યાં કાપ મેલે, અંદરથી લોહી નીકળવા માંડે ત્યાં ચક્રી આવે છે. અંદરની મત્તા આ છે. આ તો ઢાંકેલો ભાગ છે ત્યાં સુધી જ ઠીક છે એવા મ્યુનિસિપલની ગાડી જેવા મુસલમાનના થાળ જેવા આ શરીરને પોષવું પડે છે. આ સચ્ચિદાનંદ સ્વરૂપી આત્માને એમાં કેદ રહેવું પડે છે. એનું પોષણ-રક્ષણ તેનું કંઈ ફળ ? સુધરાઈ ખાતાને ગાડીઓ ભરાવવી પાલવે છે, કેમકે સ્થાન તો સુધરે છે. કોઇ મ્યુનિસિપાલિટી જંગલના મેલાને લાવી શહેરમાં લાવી નાખતી નથી. કારણ સુધરાઈ ખાતું છે. આ આત્મા પોતાનો સુધારો ન કરે તો તેનું કહેવું શું ? એવા શરીરને પોષણ કયા મુદ્દાએ આપે ? જેટલો સુખાકાર આપે તેટલા પ્રમાણમાં ખરચ હોય, આ મેલા શરીરનું ખોરાક પોષાક દ્વારાએ પોષણ કરે તેટલો સુખાકારી સુધારો થવો જોઈએ. હવે તે જ જગા પર સુખાકારીનું લક્ષ્ય ઉડી જાય તો સુધરાઈ ખાતું ન કહેવાય. જે આત્માને સચ્ચિદાનંદમય થવાની ઈચ્છા ન હોય તેવાને હાડકાંની, માંસની, વિષ્ઠાની, મુતરની કોથળીને પોષવાનું હોય નહીં, આ અપાર સંસાર સમુદ્રની અંદર મનુષ્યપણું મુશ્કેલીથી મળેલું છતાં પણ જગતમાં અક્કલવાલાને મળેલી શમશેર સાધ્યની સિદ્ધિ કરે. શત્રુને સંહાર કરી ઇષ્ટપ્રાપ્તિ કરાવે, પણ પાગલના હાથમા આવેલી શમશેર પોતાનું, કુટુંબીનું કે શત્રુનું શરીર કાપે. આપણને આ મનુષ્ય ભવ અપૂર્વ કીંમતી, દુર્લભ યાવત્ મોક્ષ અવ્યાબાધ પદ સાધી આપનાર ભવ મળવા છતાં પણ ફળદાયી ક્યાં નિવડે ? શાણાની

સત્તામાં આવેલી શમશેર સાધ્યની સિદ્ધિ કરે. આ આત્મા પણ જો શાણો બને તો જ મનુષ્યપણાની શમશેરથી સકલ દુરિતનો નાશ કરી ઈચ્છિત વસ્તુ મેળવી શકે

પારકા પાડોશી સાથે પ્રીતિ કરનાર વહુ જેવો અજ્ઞાની આત્મા :

કેટલીક વખત નાનાં બાળકો કે નવી વહુઓ, સાસુ સાસરા ધણી દીયર જેઠ કરતાં પણ પાડોશી સાથે પરંપ્રીતિ કરે. અણસમજુને ઘર અનુકૂળ ન લાગે, તેમ આ ચૈતન્યસ્વરૂપ આત્મા પણ ચૈતન્યમાં પ્રીતિ નહિં કરે પણ પુદ્ગલ રૂપી પડોશીમાં પ્રીતિ કરે. સાસુ સસરા વિગેરે વિસામાનું સ્થાન નહીં, પાડોશી વિશ્રામનું સ્થાન માને. આ આત્મા ચૈતન્યમાં શાંતિ ન પામે, પાડોશીમાં જ પ્રીતિ રાખે. મોટા છોકરા થાય એટલે પાડોશી તે પાડોશી ને ઘર તે ઘર, તે જ વહુ જેની સાથે પ્રીતિ હતી તેની સાથે લડવા માંડે, પછી પલટો ખાય છે, આટલું પાણી ઢોળી જાય તો લડે છે, કેમ ભાઈ ! સાસુ–સસરા કરતાં વધારે વહાલા લાગતા હતા ને ? તે જ અત્યારે પાણી નાખવાના કામમાં ન રહ્યા, એંઠવાડામાં લડાઈ કરવા લાગી, કારણ ઘર સમજી છે, અત્યાર સુધી ઘર સમજતી ન હતી, નાના છોકરા પણ માબાપની દૃષ્ટિ ચૂકવી પડોશીના ઓરડામાં ઘૂસી જતા હતા, એ જ છોકરા આંગળ જમીન માટે, લાકડી લઈ પાડોશી સાથે લડે છે, કારણ-પોતાનું ઘર સમજ્યો, તેમ આ આત્મા અણસમજુ દશામાં હોય ત્યારે આ પુદ્ગલ, ઇંદ્રિયો, કુટુંબ, ધન માટે એવી દશામાં હતો કે તેના માટે નરક નિગોદમાં જવું પડશે તે સમજતો ન હતો. એ જ આત્મા પોતાનું શુદ્ધ ચિદાનંદસ્વરૂપ ઓળખે કે આંગળીથી નખ વેગળા તેટલા વેગળા, સારા પડોશી હોય તો સારા નરસામાં ભાગ લ્યે છે, વિવાહ વખતે જમવામાં, મર્યા વખતે મોકાણમાં આવે, તેમ આ પાડોશી આ આત્માની સાથે એટલા સંબંધમાં છે કે એના સુખે સુખી એના દુઃખે દુઃખી. એને ઘેર કારમું મોત હોય તો, લગન પોતાને ત્યાં હોય તો લગીર ખમવું પડે, એટલી માંહોમાંહે સુખની દરકાર છે, તેમ આ આત્માને અને શરીરને માંહોમાંહે પડોશીપણું છે, આના સુખે આને સુખ, આના દુઃખે આને દુઃખ, આત્મા આનંદમાં હોય તો શરીર લાલચોળ, આત્મા ચિંતામાં પડ્યો તો શરીર ગળવા બેસે. આ શરીર

આત્માનો સજ્જન પાડોશી છે, પાડોશીના વ્યવહાર રાખનારા છે પણ વ્યવહાર ક્યાં સુધી જળવાય ? ઘરને નુકશાન ન થાય ત્યાં સુધી. તેમ આ આત્મા નાના બાળક જેવો, નવી વહૂ જેવો બેવકુફ ન બને, પોતાના સ્વરૂપને સમજે, શરીર રૂપી જડ પાડોશી, પરનાતનો બ્રાહ્મણ અને મુસલમાન પાડોશી હોય તો પાડોશીપણું જાળવી લ્યે પણ પોતાનો આચાર વિચાર કાઢી ન નાખે. તેમ સાવચેત આત્મા સમજી લ્યે કે, આ ઢેડવાડા સરખા શરીર સાથે મારે રહેવું પડે છે. બીજે ઘર ન મળે ત્યાં સુધી નભાવી લેવો પડે, સિધ્ધિરૂપી ઘર ન મળે ત્યાંસુધી આ આ શરીર–પાડોશીને નભાવી લેવાનો છે, દાના પાડોશી નુકશાન વેઠી બીજાનું ભલું કરે છે.

પોલીસ–દાદા સરખું શરીર :

શરીર બધી ગતિમાં બળવાન પાડોશી છે. શરીર કોઈ દિવસ ઘરનું થયું નથી. તમે રહેઠાણ ફેરવો તો બાયડી છોકરા સાથે આવે પણ પાડોશી સાથે ન આવે, જો પાડોશી ન હતે ને ઘર ના હતે તો એક ભવથી બીજા ભવે શરીર સાથે આવતે ? આ શરીર તો સાથે આવતું જ નથી. આ શરીર પોલીસ–દાદો છે. કેટલાક શ્રીમંતો પોલીસને વરસ દહાડે બોણી આપે છે. બોણીનો ફાયદો કંઈ નહીં પણ જે વરસે ન આપી તે વરસે તગાદો કરવા તૈયાર. વેપારમાં ફાયદો ન કરે, પણ ન આપી તો તગાદો કરે, ૨૦ વરસ આપી, બે વરસ ન આપી તો કંઈ નહીં, આને ૨૫–૫૦ વરસ પોપો ને બે ચાર દહાડા ખાવા ન આપો તો નિર્માલ્ય કરી નાખે, દીધું એટલું બધું ગયું. ગળે પડતા વાર નહીં, એવો આ દેહ–પુદ્ગલ પોલીસ–દાદો છે, એને ૫૦ વરસ સુધી ત્રણ ત્રણ બાણા દઈ પોસો છો, છતાં આપત્તિ વખત અળગો રહે છે. સાવચેત શ્રીમંતો બોણી દે તે પહેલાં બાર ગણું કામ કરાવી લ્યે. તેમ આ પોલીસ–દાદા ને રોજ ત્રણ ત્રણ વખત પોપીએ છીએ, પણ તેની પાસે જે કામ કરાવવું હોય તે કરાવી લેજો, ક્યું કામ કાઢવું છે ? એક જ–ઉકરડે હીરા છે, લેવાવાળો જોઈએ, એ લાવી ઘરમાં નાખો તો પોલીસ દાદો અત્યારે તમારી બોણી ખાય છે તે વખતે ઉકરડેથી હીરા વચ્ચી લો નો બોલે તેમ નથી, ઉલટું મદદ કરશે, પોલીસદાદાને રોજ બોણી દઈ રહ્યા છો, છતાં બોણીના ફળ તરીકે ઉકરડામાં ધર્મ તો પોલીસની

અને હીરાની કિંમત ? મનુષ્યભવના ઉકરડામાં ધર્મરત્ન વિખરાએલા પડેલા છે, ઉકરડો આ પોલીસ (શરીર) મદદ કરે તેવો છે, છતાં ઉકરડેથી હીરા લેવાની પણ અક્કલ આવતી નથી. માટે શાસ્ત્રકારે કહ્યું કે આ મનુષ્યપણું મલ્યા છતાં, પાપી આત્માઓ ધર્મની લહેજત લઈ શકતા નથી. એક જ કારણ છે કે ઢોરઢાંખરને રતનના ઢગલામાં ઉભા રાખીએ તો પોદળો નાખે, પેસાબ કરે કે લાત મારે તેને રત્નમાં રત્નબુદ્ધિ થઈ નથી. આ જીવ ધર્મરત્નના ખેતરમાં, ચાહે ઉપાશ્રયે દેહરાસરે, પાઠશાળે જાય ત્યાં બધે રત્ન ભરેલા છે, પણ ઢોરને ઉકરડે રત્ન હોય તો પેશાબ અને પોદળો જ કરવાના. તેમ આ આત્માને જડ ચેતનનું ભાન ન થાય ત્યાં સુધી ધર્મરત્ન ઉકરડે પડ્યા હોય તો પણ પેસાબ અને પોદળો કરવાનું મન થાય છે, તેમ મનુષ્યપણું, લાયક ક્ષેત્ર મલ્યા છતાં ધર્મરત્નમાં રતિ થવી ઘણી મુશ્કેલ છે. ઢોર ઢોળાએલા ધાન્યને દેખે પણ રત્નને ન દેખે, રત્નના ઢગલા વચ્ચે રહેલા માત્ર ધાન્યના કણીયા ભલે તે એંઠા હોય તે જ દેખે. આ જીવ રત્નના ક્ષેત્રમાં આવ્યો, છતાં જાનવરની પદ્ધત્તિથી વિષય કષાયને જ દેખે છે. જેમ જાનવરમાં રત્ન ઓળખવાની, લેવાની, રત્ન માટે ભોગ આપવાની બુદ્ધિ આવતી નથી, તેને એંઠવાડાના દાણા માટે શીંગડું મારવાનું થાય છે. વચ્ચે કુતરું ખાવા આવે તો શીંગડું મારવા જાય, એંઠવાડાના અનુસારે બધું કરવા તૈયાર છે, પણ રતનને અંગે કશું કરવા તૈયાર નથી. તેમ આ જીવ વિષયરૂપી એંઠવાડા માટે શીંગડા ભોંકવા તૈયાર છે, પણ રત્ન માટે આ જીવને દરકાર જ નથી, તેથી પાડોશીને પોતાના ગણે છે, એંઠવાડા માટે લડકવા હાલે છે, પોતાની કે પર-જાત હોય તે દરેકને કરડવા જાય છે, એક જ કારણ છે. જાનવરને રત્નની પરીક્ષા નથી, તેથી રત્નનું ભાન નથી, તેથી ભોગ આપવાને તૈયાર ક્યાંથી થાય ?

પોતાના ઘરને જોતો નથી. આ આ આત્મા અનાદિકાળથી વિષય, કષાયને જ કીમતી ગણતો આવ્યો છે, તે માટે શાસ્ત્રકાર કહે છે કે જગતમાં રત્ન સમજનાર, તેમાં રતિ કરનાર, ઉદ્યમ કરનારા ઘણા ઓછા હોય છે, તેમ મનુષ્યપણું મલ્યા છતાં ધર્મરત્ન તરફ દરકાર કરનાર ઓછા છે. એ મળ્યા છતાં અનર્થ હરણ કરનાર, અલગ રહ્યું રત્ન અનર્થ દૂર કરે છે, દીવો અલગ રહ્યો અંધારું દૂર કરે છે. તેમ

ધર્મરત્ન એ પણ તેના પ્રભાવ દ્વારાએ, દારિદ્રય દુઃખ સર્વને નાશ પમાડે છે. અંધારાને પલાયન કરાવે તેમ ધર્મ–જ્યોત પાપ–અંધકારનેદૂર કરે છે.

કિંમતી વસ્તુની નકલો ઘણી હોય :

હવે ધર્મરત્નની પ્રાપ્તિ કરવા માટે વિચાર કરવાની જરૂર છે. જે ચીજ જેટલી કિંમતી તેટલી તેની બનાવટો. બનાવટી હીરા, મોતી, સોના, ચાંદી એ જાતજાતના નીકળ્યા પણ બનાવટી ધૂળ કે લોઢા કેમ ન નીકળ્યા? નકલ મોંઘી ચીજની થાય છે, શાણો એટલામાં સમજે કે જેની નકલ ઘણી તેની અસલ વસ્તુ ઘણી કિંમતી. મૂર્ખ નકલો દેખી ગભરાઈ જાય, આટલા નકલી છે. હવે સાચી વસ્તુ ક્યાં તપાસું? શાણો નકલ દેખી અસલની કિંમત સમજે. બધા ધરમ પોકારે છે. ઘણી નકલ દેખી મૂર્ખ અસલથી ઉભગ્યો પણ શાણો તે તરફ દોરવાય, જો તેમાં કિંમત ન હોત તો જગત આટલી નકલ ન કરત. અણસમજુ ધર્મના ભેદો દેખી મુંઝાય. તરવાર, તોપો બંદૂકોએ જે નુકશાન નથી કર્યું તે ધર્મે કર્યું છે, ધર્મ ઉખેડી નાખવો છે તેથી કાઠિયાવાડી રસ્તો લીધો છે. કાઠિયાવાડનો એક શ્રીમંતનો છોકરો હતો શ્રીમંતે પોતાના છોકરાને જરીયાનનો ફેંટો બંધાવ્યો. છોકરો બઝારમાં ગયો. તેના ત્રણ ગોઠિયા હતા વિચારે છે કે આ કસબી ફેંટો પહેરી ફરે તે ઠીક નહીં. છોકરાઓ પકડી પાછા પાડે. દોડી પાછા ન પાડે. છોકરા દોડે, ન આગળ જવાય તો ઝભલું પકડે. તેમ ફેંટો લાવી સરખામણી કરી શકે તેમ નથી. ત્યારે તેનો ફેંટો ફાડવો શી રીતે? માંહોમાંહે સંકેત કર્યો. હું અહીંથી આવું, તું અહીંથી આવ; અરે આ ફેંટો કોણ લાવ્યું? મારા કાકા! આ તો જરજરકંથા છે. ત્રણ દહાડામાં ફાટી જશે. મારા ફેંટાને જો, ફાટે છે? જૂનો છતાં આ મજબુત છે; તારો જરજરકંથા છે. એટલામાં બીજો છોકરો આવ્યો, અરે જર જર જુનો ફેંટો કોણે લાવી આપ્યો? પેલાને તો સાચું જ લાગ્યું, ફેંટો ઉતાર્યો, કીનાર પરથી તપાસો, પેલો કીનાર ઉપરથી જર જર ગણાવી, જણાવી ફેડાવી નખાવ્યો, બાપ કહી ન શકે કે આમણે ફાડી નાખ્યો પણ છોકરે ફાડી નાખ્યો. તેમ આજકાલના ધર્મહીનો, ધર્મમાં તમારી જોડે દોડી શકતા નથી. તમારામાં બેઠા તેમને પાલવતું નથી. તમે ૨૫ ધર્મીષ્ઠ બેઠા હો, તે આચારહીનને તેમાં બેસવું પાલવતું નથી. ધર્મ કરી તમને પાછા નહીં પાડે, પણ

હાથીને ઉડાડી જાય, ત્યાં પૂણીબાઈ પોકારે તો શું કામ લાગશે! ત્યાં જન્મથી સમ્યકત્વ, ત્રણ જ્ઞાનવાળાને એ ધારણા છે કે, સંસારના પાપનું રાજીનામું આપ્યા સિવાય બચવાનો નથી, કાજળની કોટડીમાં કોરા રહેવાવાળા પણ અવિરતિના કાજળથી ખસ્યા આપણે વખાણથી વિખૂટા પડ્યા એટલે ખંખેરી નાખીએ એવા પુણીબાઈ જેવા કેવી રીતે સ્થિર રહીએ? માટે જૈન શાસનના હિસાબે કરે તે ભરે નહીં, પણ ન કરનારા ન વિરમે તે બધા પાપથી-અવિરતિ કર્મથી બંધાય છે. મેનેજર બિચારો માથાફોડ કરે છે ને તમે ઘેર બેઠા લાભ લ્યો છો. તો ભાવ ઉતરે તો નુકશાન પણ આવે છે. વગર મહેનતે નુકશાન લાભમાં ભાગીદાર છો. જેમ પાપમાં ભાગીદાર તેમ પુણ્યમાં ભાગીદાર કેમ નહીં? વાત ખરી. જગતના પુણ્યમાં ભાગીદારીનો વાંધો નથી. કમાણી વધારે થાય તે કારખાનામાં શેર હોલ્ડર સાવચેત ન હોય તો મેનેજર ખાઈ જાય. રીઝર્વ-અનામત ખાતામાં કમાણી લઈ જાય છે, એમાં શેર-હોલ્ડરોમાં સાવચેતી હોવી જોઈએ, એમ અહીં સંસાર કંપનીમાં, પુણ્યની કંપનીમાં ફાયદો થાય પણ સાવચેત હોય તો થાય. ધર્મકાર્યમાં અનુમોદન કે સહાય કરો તો મળે, નહીંતર ઓઈયા કરી જાય.

પ્રશ્ન—તીર્થંકરના કલ્યાણક વખતે જેમ નારકીને તેમ નિગોદના જીવને સુખ થાય કે નહિં?

જવાબ—તે વખતે બે ઘડી સુધી દરેક જીવો સુખ-આનંદમાં રહે. અર્થાત્ જેમ નારકીના જીવોને તેમ આ મહાપુરૂષના જન્મના અતિશયને લીધે નિગોદીયા જીવને પણ કાયમી જે દુઃખ ભોગવાતું હોય તે બેઘડી સુધી ભોગવાય નહીં, રાહત મળે.

પુણ્યોદયથી મળનારી વસ્તુના પચ્ચકખાણ હોય :

પુણ્યકાર્યરૂપી કલ્યાણ માર્ગમાં શેરહોલ્ડર સાવચેત રહે તો કમાણી કરે. તેમ પવિત્ર કાર્યોમાં, અનુમોદન, પ્રેરક સહચારી હોઈએ તો જ પુણ્ય મેળવી શકીએ. કરે તેજ ભરે તેમ નથી. ત્યારે કરનાર પણ ભરે અને ન કરનાર પણ ભરે. સોનેરી ટોળીમાં કરનારને જે શિક્ષા થાય છે, તેટલી ન કરનારને નહીં થાય. પણ ચાંલ્લો મળશે, તેમ અવિરતિવાળા ન કરે તે ચાંલ્લો તો જરૂર લેશે. તો આ

સંસારમાં વ્રત ન કરીએ, નિયમ ન કરીએ, ન કરવાની પ્રતિજ્ઞા ન કરીએ તો પણ પાપ છે. તેથી તીર્થંકરોએ ઘરનો ત્યાગ કરી, સાધુપણું લીધું. તેઓ કાયર ન હતા. કહો કે કંપનીમાંથી નીકળ્યા સિવાય અણગારિતા આવતી નથી. પાપની સ્થિતિ આ જગતમાં પરાણે વળગવાવાળી છે. એમાં પ્રતિજ્ઞા કરી રાજીનામું દઈએ તો બચીએ. પુણ્યના ઉદયે મળનારી ચીજોની પ્રતિજ્ઞા કરવાની, ધન, ધાન્ય, સુવર્ણ, રજત, દ્વિપદ, ચતુષ્પદ, વગેરે પરિગ્રહના પચ્ચકખાણ, તેમ ચોથા વ્રતના વિષયોનાં પચ્ચકખાણ, પુણ્ય જોગે મળનારી વસ્તુના પચ્ચકખાણ ન થાય તો ક્ષણે ક્ષણે પાપથી ભરાઈએ. પાપ ન કર્યાં છતાં પચ્ચક્ખાણ ન કરીએ તો પાપથી ભરાઈએ, એ જગો પર પાપના ઉદયે થતી વસ્તુના પચ્ચક્ખાણ નથી, ઉપવાસ કરવાના પચ્ચખ્ખાણ હોય, પણ ૨૪ કલાક. ભૂખ્યું ન રહેવાની પ્રતિજ્ઞા કરી. આને પચ્ચક્ખાણ ગણો એવું આને કાં ન ગણો ? તમે સ્ત્રી ગમનનો ત્યાગ કર્યો. એકે જરૂર સ્ત્રીગમન કરવું તેવો નિયમ કર્યો, તો કહો પુણ્ય ઉદયે મળનારી ચીજના પચ્ચક્ખાણનો નિયમ. પાપ ઉદયે મળનારી સહન કર, ક્ષુધા પરિષહ રાખ્યો પણ, ભોજન-પરિષહ ન રાખ્યો. શીતપરિષહ રાખ્યો પણ ગોદડા પરિષહ રાખ્યો ? પુણ્યને ઉદયે મળેલી સામગ્રીને દૂર કરો, પચ્ચક્ખાણ કરો તો બંધાતા-આવતા કરમથી બચો. પાપના ઉદયે પાપના અંગે જે ચીજ મળે તે કાયમ રાખો, સહન કરો તો જ ધર્મ, પાપના ઉદયે થએલી ચીજને ન ખસેડવામાં ઉત્તમતા, આ બે જમે ઉધારના ખાતા વિચિત્ર છે.

સંપત્તિ ફસાવનાર, વિપત્તિ પાપ નાશ કરનાર છે :

શ્રીમંતોને સદ્ગતિ આપનાર હોય તો કેવળ માગણો. માગણો ન હોય તો શ્રીમંતોને સદ્ગતિ છે જ નહિં. તેમ આ આત્માને પાપથી હલકા કરનાર આપત્તિઓ છે, શ્રીમંતોને દુર્ગતિમાં રખડાવનાર શ્રીમંત ગોઠીઆઓ, તેમ આ આત્માને રજળાવનાર પુણ્યના સ્પર્શાદિકના સુખો. આ તો લલચાવી ફસાવનાર સંપત્તિ. સર્દ્દ ધૂતારો, સંપત્તિ સર્દ્દ ધૂતારા, જે પુણ્ય લૂંટી લે છે, જ્યારે વિપત્તિ પાપ નાશ કરનાર છે, તે સમજ પડતી નથી તો સામા ક્યારે જઈશું ? મહાવીર પરમાત્મા મગધદેશમાં વિચરી રહ્યા છે, તેમનો મહિમા ત્યાં છે, ત્યાં

સંવચ્છરી દાનો આપેલા છે, કુટુંબાદિક સંબંધો મગધમાં છે, તેથી મગધ દેશમાં તેમને આપત્તિ પડતી નથી. અર્થાત્ ઉપસર્ગ થતા નથી. મહાવીર પ્રભુ વિચારે છે કે હવે આ મગધદેશમાં કમાણી નથી, માટે અનાર્ય દેશ કે જ્યાં કોઈ ઓળખે નહીં, એટલું જ નહીં પણ દેખી દ્વેષ કરે, કુતરા કરડાવે તેવા દેશમાં હું કરમ ખપાવવા જાઉં, આપણે આવેલી આપત્તિઓ, શિયાળો-ઠંડીઋતુ સ્વભાવિક આવે, એટલા ટાઢના દુઃખમાં ઓ બાપરે ! ખમાતું નથી. વાયરો બંધ હોય, વાદળા ચઢ્યા હોય તો ગભરાય જાય. તેવી આપત્તિ વખતે આ આત્મા ગભરાય છે, તો સંપત્તિમાંથી વિપત્તિમાં જવાનો વખત ક્યારે આવે ? મહાવીરનો ખીલો સાચવ્યો ? સંપત્તિથી શરમાઈ વિપત્તિમાં વીર્યોલ્લાસ ફોરવવો તે કયો જાળવ્યો ? બીજી બાજુ વિચારીએ તો સંપત્તિનો સ્વભાવ કયો ? કર્મને કેળવવાનો, વિપત્તિનો સ્વભાવ, આત્માનું કલ્યાણ કરવાનો, વગર ઈચ્છાએ દુઃખ વેઠનારાને અકામ નિર્જરા ગણી, દેવલોક ગણ્યો, વિપત્તિએ સ્વર્ગનો દરવાજો ખુલ્યો, એમ વગર ઈચ્છાએ સુખ ભોગવી અકામ નિર્જરા ગણી દેવલોક ગણ્યો છે. બે જગોએ નિર્જરા સરખી છતાં દેવલોક સદ્ગતિ પુણ્યથી કેમ નહિં ? ક્ષુધા-તૃષા, બ્રહ્મચર્ય, વનવાસ કરી દેવલોકે ગયા તેમ અકામ-સ્પર્શાદિક સુખથી દેવલોક કેમ ન ગણ્યો ? ગંધહસ્તી રાજાને ઘેર છે, રાજસુખ ભોગવે છે, દેવલોકે મોકલી દ્યો, સંપત્તિ રાખનાર પોતાને નરકે મોકલે છે, વિપત્તિ દેવલોક મેળવી આપે છે, વિપત્તિ સહન કરનાર કેવળ સુધી પહોંચી શકે, જ્યારે સંપત્તિ ભોગવનાર કેવળ પામી શકતો નથી. ઘર લૂંટાય ત્યારે આત્મા સહન નથી કરી શકતો, તો શાંતિના ઉપાય કરો. પુણ્યને બેડી કહીએ છીએ, આ મનુષ્યપણામાં આપત્તિઓ કાંટારૂપ સમજાયા છતાં, પડેલા કાંટા પરોપકાર કરશે તેમ આપત્તિ દુર્ગતિથી બચાવશે, ભવાંતરે વાસી રહેલા પાપનો નાશ કરવા પ્રયત્ન કરવાનું તે મનુષ્યપણામાં જ બને, વિપત્તિઓ સહન કરવી એ મનુષ્યની ફરજ છે. તેમાં આ મનુષ્ય ભવનો બેટ મળવો મુશ્કેલ તેમાં ધર્મરત્ન, શ્રેયસ્કર કામની ઇચ્છા થવી મુશ્કેલ છે, અક્ષુદ્રતા વગેરે જેનામાં ગુણો હોય તે ધર્મરત્ન પામી શકે. હવે તે અક્ષુદ્રતા ગુણ કેવો છે તે આગળ જણાવવામાં આવશે.

卐

પ્રવચન ૩૬ મું

સંવત ૧૯૯૦, શ્રાવણ સુદી બારસનો ક્ષય, ૧૩ બુધવાર

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને કરતાં આગળ જણાવી ગયા કે આ સંસાર સમુદ્રમાં રખડતાં રખડતાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે. એટલું જ નહિં પણ પ્રાપ્ત થયા પછી ટકવી ઘણી મુશ્કેલ છે, મળ્યા પછી તે ચીજ હંમેશાં ટકી શકતી હોય તો તેના ભરોસે રહી ન શકાય. અર્થાત્ મનુષ્ય મરીને મનુષ્ય થતો હોય તો હવે નિર્ભય, કંઈ ફીકર નહીં, આવતે ભવે કરીશું, પણ એ ક્યારે રહે? મુશ્કેલીથી પ્રાપ્ત થયેલું મનુષ્યપણું ટકી શકતું હોય તો પણ તે ટકતું નથી, તે ભવની અપેક્ષાએ ચંચળ-જીવનવાળું, તેથી ભગવાને ૯૮ પુત્રોને ઉપદેશ કરતાં એ જણાવ્યું કે આ મનુષ્યો ભલે મનુષ્યપણું પામ્યા છે પણ નાનાં નાનાં બાળકો પણ ઉપડી જાય છે. જે બિચારો ઉત્તમ કુળ-જાતિમાં ઉપજ્યો, બધું મેળવ્યું અને પાંચ સાત વરસની ઉંમરમાં મરી ગયો તો શું મેળવ્યું? કહો પહેલે દહાડે સટ્ટામાં કમાયો, પાંચ, સાત દિવસમાં ખોઈ નાખે તે શું વસાવે? કહો છાતીએ બળતરા વસાવે. લક્ષ્મી આવી ન હોત તો તેટલી બળતરા ન રહેત, જેટલી આવી અને ગઈ. તેમ 'डहरा' નાના બાળકપણાની અવસ્થા મહિના અગર બે ત્રણ વર્ષની ઉંમરમાં ચાલી ગયો, અમુક ઉંમરે મરણ નહીં એવો નિયમ નથી. સરકારી કાયદામાં કહી શકીએ કે આઠ વર્ષ પહેલા સજાનું સ્થાન નથી. એક વખતે તેના હાથથી ઝેર દેવાઈ જાય, કોઈ તેના ચપ્પુથી મરી જાય, સાચો હીરો ઉપાડી લાવે તો પણ તે સજાપાત્ર નથી, મનુષ્ય સાત વરસ નિર્ભય, પણ કુદરતી મોતની સજા માટે ક્ષણ પણ નિર્ભય નથી. સાતથી ચૌદની અંદર જુવો. બુદ્ધિપૂર્વક ગુન્હો કર્યો છે કે કેમ? બુદ્ધિપૂર્વક ગુન્હો કર્યો હોય તો સજા પાત્ર, તેવો ચૌદ વર્ષની અંદર હોય છતાં કાયદો ગુન્હો કહે તો પણ તે બેગુન્હેગાર. મનુષ્યના પંજામાંથી ચૌદ વરસ સુધી બચી શકે પણ મોતના પંજામાંથી કોઈ વખત બચે તેવું નથી. બાળકો પણ મરી જાય છે. કેમકે બાળક દવા, કુપથ્ય સમજતો નથી તેથી તે વખતે ક્યાંય ચાવી

જાય, પણ વૃદ્ધ થયો એટલે પીઢ થયો, તે ઉપર તો મોતનો પંજો ન આવે ને ?

મૃત્યુનો પંજો ક્યાંય ખાલી જતો નથી :

ઝાડ નાનું હોય ત્યાં સુધી જોખમ પણ મોટા થયા પછી જાળી, કાંટાની વાડ ન જોઈએ, નાના ઝાડ હોય ત્યાં સુધી જ જાનવરનો ભય, મોટા થયા પછી નિર્ભયપણું. તેમ મનુષ્ય મોટો થયો પછી તો નિર્ભય ખરો કે નહિ ? ના, કારણ મોતનો પંજો એ કોઈ જગો પર ખાલી જતો નથી. ચાહે જેટલા વૈદ્યો, દવાઓ રાખી હોય છતાં મોતના પંજા ખાલી જતા નથી. દરિયામાં ડુબેલા બચી જાય છે અને ઠોકર માત્રમાં કંઈ મરી જાય છે, છતાં જ્યાં સુધી મૃત્યુનો પંજો ન આવે તો દરિયામાં ડૂબેલો બચી જાય છે. જાહેર વ્યાખ્યાનો દેતાં હૃદય બંધ થઈ જાય છે, ચાહે જેટલા બુદ્ધિ, બળ, રિદ્ધિ સત્તાવાળા થાવ પણ બધું આ દુનિયા ઉપર. મોતના પંજા આગળ કોઈનું ચાલતું નથી.

આપણા પ્રજાજનને મારનાર કોણ ?

સમરાદિત્ય ચરિત્રના ૯ મા ભવમાં કુંવર અને રાજાની જે સ્થિતિ જણાવી છે, કુંવર વૈરાગ્ય પામેલો હોવાથી રાજાને સમજાવવો શી રીતે ? રાજા-કુંવર બંને બજારમાં જાય છે, કોઈ મરણ થયું છે તેને લઈ જાય છે. રથ ઊભો રાખે છે. શું છે ? આ મરી ગયો, આપણા રાજ્યના માણસને મારનાર કોણ ? મારનારને સજા કરવી જોઈએ, નહીંતર આપણે રાજા શાના ? આ લોકો આપણને રાજા તરીકે રાખે છે, તે તેમના બચાવ માટે, મારી નાખે તો પણ બચાવ ન કરીએ તો રાજા થયા શા કામના ? શરણે આવે એટલે ખલાસ ! કંઈ પણ ન આપે તો પણ બચાવ કરવો જોઈએ. તે જગો પર આ તો આપણને પોષે છે, માટે મારનારને પકડી લાવવો જોઈએ. અરે કુંવર ! એ કોઈનો પકડયો પકડાતો નથી, ત્યારે કુંવર જણાવે છે કે જે બહારવટીઆઓ પ્રજાને હેરાન કરે તેનું દુઃખ ન નિવારે તો રાજા શા કામનો ? એ તો સર્વ માટે પંજો મેલે છે, એ તો આપણા બાપ-દાદા ઉપર પંજો મેલે તો પણ ચૂપ રહેવું પડે. બળહીન આગળ બળવાન બનવું છે અને

બળવાન આવે તો બકરી બનવું પડે છે. બળવાન આવે તે વખતે બકરી બને છે. તો મૂછ મરડવાનું, આવી ગાદીઓ શોભાવવાનું કામ નિર્લજ્જો માટે છે. લાજ હોય તેને નહિ; નિર્બળ ઉપર સતામણી, બળવાન આગળ બકરી, તો રક્ષકપણાનું નામ શા માટે વહે છે? આપણે તો બળવાનને બાંધવો એ રસ્તે ઉતરો, નિર્બળને બાંધવામાં બહાદૂરી શી? ત્યાં રાજાને કહેવું પડયું કે હમે નિર્બળ છીએ. નિર્બળ ઉપર સત્તા કરીએ છીએ. ત્યાં કુટુંબની ઋદ્ધિની છાયા પડતી નથી. અક્કલની હોંશિયારી પણ મૃત્યુ આગળ ચાલતી નથી.

સત્તાધીશોથી કર્મનો હલ્લો રોકી શકાતો નથી :

આવી સ્થિતિ હોવાથી, એટલું જ નહિં પણ બાળક થયો તો દુનિયાની હવા ખાધી, વૃદ્ધ થયો તો દુનિયાનો અનુભવ કર્યો. એટલું જ નહિં પણ ગર્ભમાં રહેલા પણ ચવી જાય છે, મરી જાય છે. એક પણ એવો વખત નથી જેમાં મોતનો પંજો ન લાગતો હોય. જે મનુષ્ય જે હલ્લાને રોકી ન શકતો હોય તે હલ્લાને સામા થવામાં રોકી શકે નહિં. જે રાજ્ય ધાડને વાળી શકે નહિં, તેની સામે પ્રજાજન થાય તો ન્યાયી રાજાથી રોકાય નહીં. ધાડપાડુને ન રોકે ને પ્રજાજનને રોકતા અટકાવે તો બહારવટિયાના ભાઈઓ છે, એમ અહીં પાપ અને પુણ્યનો હલ્લો કહો કે પુણ્ય–પાપનો પ્રચાર કહો, આ જીવ ઉપર કઈ વખતે નથી? ચાહે ગર્ભમાં કે બાલ્ય, યૌવન કે વૃદ્ધ–અવસ્થામાં આ જીવ ઉપર પાપનો હલ્લો, અનુભવ, પરાક્રમ ન ચાલતું હોય તેવું છે જ નહિં. આ જીવ ઉપર પાપનું પરાક્રમ ૨૪ કલાક ચાલે છે, તેમાં કોઈ સત્તાધીશોની આડખીલી વચમાં ચાલતી નથી. પાપનો આવતો હલ્લો સત્તાધીશોની સત્તાથી રોકાતો નથી. તો પાપનો પરિહાર કરવા માટે તૈયાર થાય તેને રોકવાની સત્તા સત્તાધીશો શી રીતે રાખે? જેઓ પાપ ભોગવવાનો, આડા પડવાનો સંબંધ ધરાવતા નથી તેઓ આડા પડી શકતા નથી, આમાં ગુન્હો કઈ દૃષ્ટિએ?

ઢેઢીયા પાસે ન્યાય કરાવ્યો :

હિંસા ન કરવી તેમાં ગુન્હો શો? જૂઠું ન બોલવું, સ્ત્રી ગમન, ચોરી નથી કરવી તેમાં ગુન્હો શો? એ કરતા કાયદા કરનારની અક્કલ

નાપાસ થાય. તેમ ધર્મોપદેશ સાંભળતી વખતે દુર્ગતિનો રસ્તો એક પણ ન લઉં, એવો અભિપ્રાય થાય પણ ઠોઠ નિશાળીયાને અભિપ્રાય કલાસ પૂરતો હતો. કલાસમાંથી ઉઠ્યો કે ગોઠીયા સાથે રમવા ચાલ્યો, તેમ ગુરુ મહારાજે સદ્ગતિ અને મોક્ષ પ્રાપ્તિનો ઉદ્યમ કહ્યો હતો તે વ્યાખ્યાન સુધી અંતઃકરણમાં રહે. ઠોઠ નિશાળીયાને લેશન કરવાનું કહેનાર કડવો ઝેર લાગે. તેમ આપણે પણ ધર્મ કથામાંથી ઉઠીયે, પાપમાં પ્રવર્તીએ ત્યારે હિતેષી કહે-કેમ મહાનુભાવ! મહારાજે કહ્યું તે ધ્યાનમાં નથી? આમ કહે તો કડવો ઝેર લાગે, તેમ ધર્મસ્થાનકના અભિપ્રાયો ત્યાં જ રહે છે, બહાર તેમાંના કશા અભિપ્રાય રહેતા નથી. આવા ઠોઠ નિશાળીયા જેવા દુર્ગતિમાં રખડે તેમાં નવાઇ શી? વિદ્યાર્થીને પાસ થવું, તે પોતાની મહેનત-ચીવટને આભારી છે. હરેક પાસ થવાની ઇચ્છા રાખે છતાં હરેક પાસ થઈ શકતા નથી, તેમાં માસ્તર કે ડેપ્યુટીનો વાંક નથી. તેમ શાસ્ત્રકારો સર્વને અંગે સરખો ઉપદેશ આપે છે, સદ્ગતિ માટે આવા રસ્તા લેવા જોઈએ, આ બધું કહ્યા છતાં જેઓ ધર્મકથામાંથી ઊઠી ગયા પછી રમતિયાળ ઠોઠ વિદ્યાર્થી માફક કરે તો શ્રોતા સદ્ગતિ ન પામે, તેમાં શાસ્ત્રકાર કે ઉપદેશકોનો લવલેશ પણ દોષ નથી. શ્રોતાઓમાંથી જે ભાગ દુર્ગતિએ જાય તેનો દોષ શાસ્ત્રકાર અને ઉપદેશકને લાગે તો તેમણે કરેલો ઉપદેશ ક્યાંઈ તણાય જાય, તેમને સદ્ગતિ થવાનો વખત ન આવે. ઠોઠ અભ્યાસ ન કરે તો માસ્તરને ઠપકો દેવાતો નથી, તેમ ઉપદેશકો સદ્ગતિ માટે ઉપાયો બતાવે છે. તેનો અમલ ન કરો તો શાસ્ત્રકારનો દોષ નથી, જીવ દુર્ગતિના ઉપાયથી દૂર રહે, સદ્ગતિના રસ્તે ચાલે તેવાને ચોક્કસ સદ્ગતિ મળે. આ વસ્તુ જણાવવાનું કારણ એક જ હતું કે મનુષ્યપણું તમારા વિચાર કે યત્નને આધીન ન હોય તો મનુષ્યપણું મુશ્કેલ છે, તેનું ફળ કંઈ ન હતું, મનુષ્યપણું તમારે આધીન છે, તે મેળવવું હોય તો તમારે મનુષ્યપણાને લાયકની રીતમાં પ્રવર્તી કરવાની જરૂર છે.

મનુષ્યપણું ધર્મનો પાયો છે, મોક્ષની નિસરણી છે, વિવેકનું એક જ સ્થાન છે. ઉનાળામાં આપણે કોઈને કહી દઈએ કે-ચંદ્ર એવો ઠંડો છે, એ અહીં આવે તો ઉકળાટ, ગરમી, ઘામનો છાંટો ન રહે, વાત સાચી પણ ચંદ્રમાને લાવવાનો ઉપાય? જો લાવવાનો ઉપાય

નથી. તો ચંદ્ર લાવવાનું ફળ બતાવવું વ્યર્થ છે. એથી શાસ્ત્રકારો અશક્ય અનુષ્ઠાનમાં એવા વાક્યો જણાવે છે. તાવ કોઈને આવ્યો છે એમ વૈદે કહ્યું, તેણે કહ્યું કે ઉપાય બતાવો, શેષનાગની મણી લઈ પાણીમાં નાખી તે પાણી પી જાવ તો તાવ તરત ચાલ્યો જશે, ઉપદેશ સાચો છે, તાવ જાય, પણ અશક્ય ઉપદેશ. શેષનાગને પકડવાનો અને મણી લેવાનો કોઈ ઉપાય છે? છતાં તે મેળવવાની રીતિ બતાવવામાં ન આવે તો ઉપાય બતાવવાનું નકામું છે. તેમ તમે જણાવ્યું કે મનુષ્યભવ મળી જાય તો વિવેકનું વૃક્ષ, ધર્મનો ધોરી મળ્યો. વાત ખરી, પણ મનુષ્યપણું મેળવવાનો ઉપદેશ શા કામનો? તે માટે જણાવ્યું કે મનુષ્યપણું મેળવવાના કારણ છે. વગર કારણે મળનારૂં નથી. તમારા પ્રયત્નથી મનુષ્યપણું મેળવી શકો છો? જગતમાં જાણીએ છીએ કે કેટલીક અલ્પ કીંમતવાળી વસ્તુ હોય છતાં તેનો ફાયદો જબરજસ્ત હોય છે. તે મનુષ્યભવ પ્રાપ્ત થવાના ઉપાયો જાણીએ નહીં ત્યાં સુધી અમલ કરીએ નહીં, માટે મનુષ્યભવ પ્રાપ્ત કરવાના ઉપાયો જાણવાની જરૂર છે.

પાતળા કષાય કોને કહેવાય?

पयइय तणुकसाओ दाणरुइ मज्झिमगुणो अ।

તે માટે કહે છે કે—સ્વભાવથી પાતળા કષાય હોવા જોઈએ, કૃત્રિમ રીતિએ કષાયો પાતળા આણી દુનિયા રાખે છે. કોપનો કડકો હોય, ક્રોધમૂર્તિ દેખાતા હોઈએ, પણ અમલદાર રાજા કે પ્રધાનની ઠેબે ચઢે. તો પોષ મહિનાનું પાણી થઈ જાય છે. કેમ કષાય પાતળા છે? ના, મત બોલ, માર ખા જાયગા, બોલ્યો કે માર ખાધો. ત્યાં પરમ શાંતિ રાખે છે. શાના લીધે? સ્વભાવે કષાય પાતળા નથી, દેખે છે કે ક્રોધ કરીશ તો ફાયદો–માર ખાવો પડશે. પણ કોઈ દુર્બળ ગુનેગાર બને તો શાંતિ કેટલી રહે છે? તે વખત આંખ તથા મુખ લાલચોળ થઈ જાય છે. અહીં ફાયદાનો ડર નથી. દુર્બળને સતાવવામાં જેનો ક્રોધ તૈયાર થાય, બળીયા આગળ ક્રોધ કબજામાં રાખી જાય, તેટલા માત્રથી સ્વભાવે પાતળો ક્રોધ ગણાય નહીં. એ નિર્ણય કે બળવાન છે તે વિચાર ન કરતાં મારે ક્રોધ કરવો વ્યાજબી નથી. આ અનર્થના ઘરમાં આગ હું પોતે સળગાવું છું. બીજો નિમિત્ત માત્ર છે. બીજે

નિમિત્ત બન્યા છતાં પોતે ક્રોધપર કાબૂ રાખે તો ગાળગે નહીં. એવો કો હોય કે પોતાના ઘરમાં આગ લગાડે? એને નુકશાન કરીશ તો પણ નહીં થાય પણ મારા આત્મામાં લાઈ લાગીને જરૂર નુકશાન થશે, તાવને તેડું કોણ મોકલે પણ આપણે તાવને તેડું મોકલીએ છીએ.

તાવ અને ક્રોધની કેટલીક સમાનતા :

તાવ અને ક્રોધનાં ચિહ્નો મેળવો, તાવ અને ક્રોધ વખતે શરીર ગરમ ને આંખ લાલચોળ, હોઠ ફડફડે, ગળું સૂકાય, કેડ તૂટે, ફરક એટલો જ કે તાવમાં માત્ર શરીર તપે, ક્રોધ આવે ત્યારે શરીર અને આત્મા બેએ તપે. ક્રોધરૂપી તાવનો ઉપાય ઘણો સહેલો છે. ક્રોધ સજ્જન છે, એની સામા આપણી નજર જાય તો સજ્જન અકાર્યમાં ન પ્રવર્તે, તે સજ્જનની સ્થિતિ છે. સામાન્ય બાઈઓની જાત પેસાબ કરવા બેસે. કદાચ કોઈ પુરૂષ આવી ગયો તો લાજથી ઝટ ઊભી થઈ જાય. તેમ ક્રોધ ઘણો સજ્જન શરમાળ છે, જે વખતે ક્રોધ ચડયો હોય કે મને ક્રોધ ચડયો, આટલું તમે ધ્યાનમાં લાવો તો તરત ક્રોધ ખસી જાય, પણ તમારે તે ક્રોધની વખત ઠોઠ નિશાળીયા કરતાં ભુંડા થવું છે. ઠોઠ એક બે ત્રણ વરસ નાપાસ થાય તો રોવા બેસે. ત્રણ વરસની મહેનત જાય તો ઠોઠ હોય તો પણ રોવા બેસે. સારો એક વરસે નાપાસ થાય તો આપઘાત કરે છે. પણ ઠોઠ ત્રણ વરસ નાપાસ થાય તો જરૂર ચિંતા થાય, તેમાં લેશન, ચોપડીઓની ચોપડીઓ હોય. આજે સ્કૂલમાં કેટલી ચોપડીઓ હોય છે, તમારે માટે એક જ વાક્ય છે. બધા તે વાકયો જાણો છો. 'ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમ ફળ જાય રે' આ વાક્ય કોના ધ્યાન બહાર છે? એક અંતરમુહૂર્તના ક્રોધથી ક્રોડ પૂરવનું સંજમ જાય. આજના કાળે પાળી પાળીને કેટલું સંજમ પાળવાના? ૨૫—૫૦ વરસનું. અહીં અંતમુહૂર્તના ક્રોધે ક્રોડ પૂરવનું સંજમ જાય. ૮૪ લાખ વરસને ૮૪ લાખ ગુણા કરીએ ને વર્ષની જે સંખ્યા આવે, તે ક્રોડગુણી, આટલા વરસ સાધુપણું પાળ્યું હોય તે આટલા ક્રોધથી ચાલ્યું જાય, તો પછી આપણું ૫૦–૬૦ વરસનું ચારિત્ર કેટલી ગણુતરીમાં? ગંજીમાંથી એક તણખલું પણ નહીં. તેટલું પણ અત્યારે આપણું સાધુપણું નથી, તેવી દશામાં આપણને ક્રોધ

થવાનો. આ ઓઘાથી દુર્ગતિ ડરતી નથી. તમે सव्वं सावज्जं जोगं पच्चक्खामि એમ કહો છો,તેથી દુર્ગતિ ડરતી નથી. દુર્ગતિ તેના ભાઈબંધ–ક્રોધને લાવો તો આવવાની. એ ભાઈબહેન જુદા પડવાના નથી. ક્રોધને નોતરું દીધું કે દુર્ગતિ બેન જોડે આવવાની જ. હું તો શાંત રહેવા માગું છું પણ નાથાભાઈ અડપલા કરે છે કે મારી શાંતિનો ભંગ કરે છે. બીજાઓ પુષ્ત કારણો મેળવી ઘે તો પણ તમારા આત્મામાં ક્રોધ દાવાનળ સળગ્યો તો કોઈ પ્રકારે તમારો બચાવ નથી. ક્રોધને અંગે કાળોનાગ કહીએ છીએ પણ આ વાત આખા જગતને કબૂલ કરવી પડશે કે, કાળો નાગ ખોળી ખોળી કોઈને કરડતો નથી. ખોળી કરડવા માગે તો જગતમાં એક પણ માણસ જીવવા પામે નહીં. કાળોનાગ પણ કરડવામાં ક્રૂર છે, નજરે ક્રૂર નથી. આપણે નજરે ક્રૂર છીએ. એક દૃષ્ટાંત ધ્યાનમાં લ્યો.

સવારે પાદશાહને જોનારને ફાંસી :

એક પાદશાહ હતો, સવારે જાજરૂ ગયો, ભંગી જાજરૂ વાળવા ગયો, પાદશાહનું જાજરૂં વહેલું સાફ કરી લઉં. પાદશાહનું જાજરામાંથી નીકળવું ને ભંગીનું આવવું થયું. 'ફજરમે મુઝે મું બતાયા. પકડ ઉસકું, જલ્લાદકું કહ દો કે ઉસકું ફાંસી દે. બદમાશ ! સુબેહ મેં મુહ બતાયા–એમ હુકમ કરી પાદશાહ ગયો. પાદશાહનો ભંગી એટલે ભંગીની નાતમાં આગેવાન. મોટા ઘરના ધણી, હજામ, ભંગી આગેવાન હોય, પેલાને સખત થઈ. ભંગી ભેગા થયા. જુલમ થયો. પાદશાહની સવર ખાતર પેલો ગયો ને આમ થયું. પછી બીરબલને ત્યાં ગયા. બીરબલ કહે કે ઉંધા કર્મો કરી નાખો કંઈ નહિં. હું પાદશાહ પાસે જાઉં છું. પાદશાહના જરૂખા નીચે પંચ બેસાડો. સંકોચ ન કરશો. લોકો કહેશે. હું પૂછું કે શું છે ? ઠરાવ કરવો છે. સવારે કોઈએ પાદશાહનું જાજરૂ ન વાળવું. કેમ ? પાદશાહનું મોં દેખે તે ફાંસીએ જાય. આ વાત કહેવી મુશ્કેલ. છતાં કહેતાં સંકોચ ન રાખશો. બીરબલ બાદશાહ પાસે ગયો. બીજી ત્રીજી વાત ચાલી. પંચમાં શું પૂછવું. ધમાલ કરી મૂકી. આજે વાણિયાની પંચાતમાં પણ એવી બાબત બને છે. મહારાજનાં પગલાં જોવા હોય છે, જોરે ભગત ટોળા ભરાવ્યા હોય તો પણ પકડ ન પડે

તે જગો પર ૫૦ ઘર સુધી હોહા સંભળાયા કરે. આ મહાજન દીર્ઘ દૃષ્ટિવાળા, ગંભીરતાવાલા. મહાજનનું પંચ એટલે જ્યાં શબ્દ ઊંચાનીચી ન હોય. જેને નાતના મણકા ગણો છો, તેની સામે તુંતાં કરો છો. આ મહાજનની રીતિ-શિસ્ત, મહાજનનાં પંચમાં આ સ્થિતિ તો પેલાને શું પૂછવું? જેને જનમથી વિચારની શ્રેણિ નથી, તેને બોલવાનું શું? હોહા શરૂ થઈ, ઢેડીયાનું પંચ એકઠું થયું છે. રાજા પાસે ઘોંઘાટ ગયો. શાંતિથી વાત કરતા હતા. પાદશાહે કહ્યું કે ઘોંઘાટનું કારણ શોધો. માણસને બોલાવ્યો. સાહેબ! ભંગીની નાત ભેળી થઈ છે, કેમ? એ હડતાલ આકરી પાડે છે. તમારી હડતાલ બહુ આકરી પડે છે, તો પહેલા કાળમાં તેની હડતાલનું શું પૂછવું? એવી સ્થિતિમાં હડતાળ પડે તો શું? મને જવા દો, અરે કેમ? પંચ ભેળું થયું છે. શા માટે? ઠરાવ કરવા, શાનો ઠરાવ? પાદશાહને ત્યાં સવારે વાળવા ન આવવું. પાદશાહનું મોં જુએ તો ફાંસીએ જાય, કેમ આજ ફાંસી દીધી છે તેથી. તો મેરા મુખ બુરા કે? આપ જ કહો છો. સવારમાં આપનું મુખ જોયું તો ફાંસી મલી. તરત ફાંસી માફ કરી. કહેવાનું તત્ત્વ એ છે કે, ભંગીનું મુખ દેખવાથી પાદશાહને થવાનું હતું તે થતે, પણ ભંગીનું ભૂંડું થયું.

વગર નિમિત્તે નાગ પણ કરડતો નથી :

કાળાનાગનો ડંખ પડે તો ઝેર ચડે, આપણે દૃષ્ટિમાં ઝેરવાળા છીએ. આંખમાં આપણને ઝેર છે. કાળોનાગ પણ કરડે ભૂંડો, કોઈને ખોળી ખોળી કરડતો નથી. નિમિત્ત મલ્યા કરડે છે. ચંપાય, હડફેટમાં આવે તો કરડે છે, કારણ મલ્યે કરડે તો અધમ ગણીએ, આપણે કારણ મલ્યા ક્રોધે ચઢ્યા તો શાના ડાહ્યા? કારણ મલ્યા ક્રોધે ન ચઢીએ તો ડાહ્યા. વગર કારણે ક્રોધે ચઢી કાળોનાગ પણ કરડવા દોડતો નથી, પણ કારણ મલ્યા કરડે છે. હંમેશાં જેના હાથમાં જે ઓજાર હોય તેનો તે ઉપયોગ કરે. નાનો છોકરો મા ઉપર ક્રોધે ચઢે તો બચકું ભરે, વલુરા ભરે, જેની પાસે જે ઓજાર; ગાય, ભેંસ પાસે શીંગડું કે લાત ઓજાર, રોષે ચડે ત્યારે બચ્ચાને શીંગડું કે લાત મારે છે. બાળક મરી જશે તેનો વિચાર એને નથી, એને તો માત્ર વિચાર એટલો કે મને અડપલું કેમ કર્યું? તેમ આ સર્પ, એને પણ રીસ

ચડે તેથી સામો મરી જશે તેનો વિચાર નથી. માત્ર હથિયારનો ઉપયોગ કરવો તેટલી જ સમજણ. બીજાના નુકશાનનો વિચાર કરે નહીં. જે હંમેશા કતલથી ટેવાયા, ખાટકી, કસાઈઓને ગાળ બોલી જાય તો ફટ છરો કાઢે, ગરાસીયાને ગાળ દીધી હોય તો જમાઈયો કાઢી પ્રાણ લે. વિવેકશૂન્ય હથીયારનો ઉપયોગ કરી નાખે છે. તેમ આપણને કારણ આપ્યું. ક્રોધ કર્યો તો આપણે પરિણામ ન વિચાર્યું, તો આપણામાં ને કાળાનાગમાં ફરક શો? તેમાં પણ અણસમજુ ગુન્હેગારીમાં આવે તે બમણા ગુનેગાર બને છે, તેમ ઓઘા મુહપત્તી આવી ગયા તેથી નહિં બચી જઈશું. દુર્ગતિને આનો ડર લાગતો નથી. ડર જનતાનો લાગે છે, ડશીથી દુર્ગતિ નથી ધ્રુજતી. જેના વચનને આધારે દેવતાઓ કાર્ય કરી દેતા, જે મહાત્માના પ્રભાવે નગરના જળ પ્રવાહ ઉલટા વહેવા માંડયા હતા. તે ક્રોધમાં ચઢ્યા તેવા તપસ્વી મહાત્મા સાતમી નરકે જવાવાળા થયા. જેના વચનને આધીન દેવતા, જેના પ્રભાવથી નગરની ખાળો બીજે વહેવા લાગી. તેવા પ્રભાવશાળીને સાતમી નરકે જવાનો વખત આવ્યો, તમારી પ્રતિજ્ઞાથી દુર્ગતિ ડરવાની નથી. જેમ સાધુ સાધ્વીઓએ તેમ શ્રાવક શ્રાવિકાઓએ ધ્યાનમાં રાખવાનું કે તમારા ચરવળાથી દુર્ગતિ ડરતી નથી.

હવે આપણે ચાલતા વિષયમાં આવીએ. તપાસવાનું કે જે અંતર મુહૂર્ત્તના ક્રોધમાં ક્રોડ પૂરવનું સંજમ બળી ભસ્મ થઈ જાય તો આપણે કઈ સ્થિતિમાં? જે અગ્નિમાં પહાડોનાં પત્થરો બળી ખાખ થાય ત્યાં પુણીનો શો હિસાબ? જે ક્રોધમાં ક્રોડ પૂરવનું સંજમ બળી ખાખ થાય, તો અત્યારનું સંજમ તેના કરતાં માત્ર. ૫-૧૦-૫૦ વરસનું, તેનો શો હિસાબ? 'ક્રોધે ક્રોડ પૂરવનાં સંજમ ફળ જાય.' આ વાક્ય બોલો છો પણ ક્રોધ ચઢે ત્યારે આ વાક્ય કેમ ભૂલી જવાય છે? વિદ્યાર્થી સવાલ પૂછે ત્યારે પરીક્ષામાં જવાબ ન દે તો ભણેલું શા કામનું? તેમ આ વાક્ય શાસ્ત્રકારે ક્રોધ કરી ફળ હારે. ખસેડવા માટે કહ્યું. આપણે તેનો અમલ ન કરીએ. ક્રોધ સળગતા છે તેની ઉપર નજર જાય તો ઉભો રહેવા તૈયાર નથી. ક્રોધ કેવો, સળગતા છે કે તેના ઉપર નજર નાખો કે— 'ક્રોધ આવ્યો.'—તેમ નજર નાખો તો તરત ભાગી જાય. પણ આપણે નજર નાખવાની આપણી સજ્જન હોય, ચોરી કરવા આવ્યો ત્યારે જો દેખે. ડરે. ભાગે, તો સ્થિતિ શી થાય? તેમ ક્રોધ આવે ત્યારે સાહું નજર ન કરીએ.

આગ્રહ કરીને ફેર આવ્યો ત્યારે કહ્યું કે, માલમત્તા રહેતી હોય તેમાં રાખો. ત્યાં રાખ્યું. તિજોરીમાં મેલ્યું તો ઉઘાડતા સાથે કૂચો જાણીને કોઈ ફેંકી દેશે. શેઠ તમને વારંવાર તકલીફ આપવી પડે છે. અમારો જીવ એનામાં જ છે, ત્રાપડું શીવડાવી ફકીરનું નામ લખાવ્યું ને મેલી ગયો, પેલો વહાણમાં બેસીને ગયો, શેઠને વિચાર થયો કે આટલું બધું શું ? ઓરડામાં તીજોરીમાં મૂકો, શીલ કરાવો વગેરે શું ? માન ન માન પણ લખાયો નથી. ખોલ્યું તો અંદરથી હીરો નીકલ્યો. જગતમાં નોકર હોય પણ ચોરીમાં ગુંજાશ રૂપીઆ બે રૂપીઆની, શેઠ બે પાંચ હજારની શાહુકારી રાખે, પણ લાખમાં દાનત બગાડે. સીપાઈ પાવલાની લાંચ લે, મોટા અધિકારી ૫૦ હજાર લાખ લાંચ લે, જેવો અધિકારી તેવી લાંચ, નીચે ઈમાનદારી રહી. હજારોની ઈમાનદારી હતી તે અહીં ગૂમ. શેઠે શું કર્યું ? પ્રાચીન કાળમાં રોકડામાં ન રાખે. દાટી રાખે, ઘરબાર મોટા ન વસાવે. ઘર તદ્દન સામાન્ય રાખે, મોતીશા શેઠના ખંભાતમાં ઘર કેવા હતા ? મોટો શેઠ પણ મકાન સામાન્ય રાખે. માલ ફેરવ્યો, ઘરને લાઈ લગાડી દીધી. છ મહિને ફકીર શેઠનું ઘર પૂછતો આવ્યો, શેઠ સાહેબ ! ભાઈ ઘર જલ ગયા, તુમેરા કોતા કયા ? જે હતા તે જલ ગયા. પેલા ફકીરને તો જે વિચાર વાયુ થયું કે ગાંડો થઈ ગયો. 'એ શેઠજીએ જલા દીયા એ શેઠજીએ જલા દીયા. તેની દાદ કોઈ સાંભળે નહીં, ચાર મહિના થયા એટલે મરી ગયો, એટલે શેઠજીએ દેખ્યું કે દાદ લેનારો ગયો. આ જગો પર પંચાવન વરસની શેઠની ઉમર થઈ છે. છોકરૂં એકે પાછળ નથી, છોકરૂં છૈયું કાંઈ નથી, માત્ર તો અને તી બે જ, છે. નિર્વાહનું બાનું છે, નિર્વાહમાં બેનો શો વાંધો હતો ? કહો લોભ સંજ્ઞાએ કાર્યો કરવા છે ને નિર્વાહ લોભના નામે કરવો છે, રોટલા પોષાક નથી મળતા ? નિર્માલ્ય છે તો એવા સંઘરીને શું કરવા છે, લાખ ચોર્યા તો ફાવ્યા. તેમાં બાઈને ગર્ભ રહ્યો, અરે શેઠજી કહે કે હું ભાગ્યશાળી, પુન્યનો પાર નથી, લાખની રકમ મળી, લુંટ મળી, અને લાડકણો મલ્યો, શેઠ હર્ષઘેલા થાય છે, ત્યાં લોભને લજવાવી લખલૂંટ ખરચ કરવા મંડી ગયો. મુનીમે દેખ્યું કે માન ન માન દાળમાં કાળું છે. મુનિમે ચોપડો નવો બનાવ્યો. હીરાના પૈસા જમે કરી જે ખરચ થાય; જન્મ, નિશાળ, માસ્તરનો, બધો ખરચ ઉધારમાં

ગયો, જ્યાં નવાણું હજાર ખરચાયા, શેઠજી ! એક વાત કહું દુઃખ લાગશે, દુઃખસહન કરવાની તાકાત રાખો તો કહું. વલોપાત કરો કે કહેનારને કરડવા દોડો તો નથી કહેવું. મુનિમ જુના વખતના મુનીમ એ શેઠ રૂપ હાથીના માથે અંકુશ હતા, તે સ્થિતિમાં મુનીમ કહે તે સહન કરવું પડે. માણસે કબૂલાત કરી કે વલોપાત નહીં કરૂં, મુનીમે કહ્યું કે છોકરો છ મહિના જીવવાનો છે. કુંવર વધારે ટકવાનો નથી, એકાએક છોકરો આટલા ભવિષ્ય ઉપર, આઘાતમાં બાકી શું રહે? મુનીમે કહ્યું એટલે સહન કરી ઊઠવું પડ્યું, મન મુનીમ પરથી ઉતરી ગયું. જોગાનુજોગ જ્યાં પાંચ સાડાપાંચ મહિના થયા કે તાવ આવ્યો ને જીવ ઉડી ગયો, પછી ખબર પૂછી કે તમને કેમ માલમ પડી, ત્યારે ચોપડો રજુ કર્યો, ખાનગી હીરાની કિંમત જમે કરી ઉધાર્યો હતો, ખરચ વધારતો ગયો હતો, હવે વ્યાજમાં વહુ મેલી, તે જીંદગી સુધી છાતીએ શલ્યા ઉંચકી, કાળી પાઘડી પહેરી ફર્યા કરો, તમારે નાતમાં જમવાનું બંધ, આ ત્રણ વાના વ્યાજમાં, લાડી, કાળી પાઘડી ને નાતમાં જમવાનું બંધ.

તેમ મનુષ્યો કપટ પ્રપંચ કરી રાજી થાય છે કે અમે કમાયા. પણ 'મીયા ચોરે મુઠીએ, અલ્લા ઉપાડે ઉંટે', કેમ શેઠજી ઉદાસી? નથી મળ્યો કોઈ વિશ્વાસી, દુકાન પર બેસીએ ૧૯ × ૫–૯૬ સમજનારો કોઇ મળતો નથી, તેથી ઉદાસીન બેઠા છે, તેવી માયા-પ્રપંચો કરી, દીકરા એકઠા કરી દુર્ગતિએ જવું પડે. આથી મનુષ્યપણાની ઉમેદવારી ન થાય, સ્વભાવે પાતળા કષાય રાખે, તે જરૂર મનુષ્યપણું મેળવે, સ્વભાવે પાતળા કષાય કરવા તે તમારે આધીન છે, તે અમલમાં મૂકો તો તમે પોતે મનુષ્યપણું મેળવી શકો છો, માટે કષાય પાતળાપણું કરવું આપણને કેટલું મુશ્કેલ છે. તે શાસ્ત્રકાર [illegible] વ્યાજબી છે કે નહીં? તે આપોઆપ વિચારી લેજો. [illegible] આવી તો પણ શત્રુ ધોલ મારી જાય. તો બોલનારને [illegible] જોઇએ, અહીં ધર્મની ધ્વજા આપણા હાથમાં આવી છે. હવે તેનો ઉપયોગ ન કરીએ તો આપણે કેવા કહેવાઇએ તે વિવેકે અધિકાર કરે.

પ્રવચન ૩૮મું

૧૯૯૦ શ્રાવણ વદી ૧, શનિવાર, મહેસાણા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી મહારાજા ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને રચતાં થકાં જણાવી ગયા કે આ સંસારસમુદ્ર અનાદિ અનંત હોવાથી તેમાં આ જીવ અનાદિથી રઝળે છે. તેમાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી મુશ્કેલ હતી. તેમાં જોઈ ગયા કે યોગની, જ્ઞાનની અને શકિતની સ્થિતિ વિચારી, સૂક્ષ્મએકેન્દ્રિયમાં કાયયોગની શી સ્થિતિ હતી? અનંતા જીવો વચ્ચે એક આંગળના અસંખ્યાતમાં ભાગનું શરીર હતું. હવે આવા નાના શરીરમાં અનંત જીવો હોવાથી એક જીવનું સ્વતંત્ર શરીર લઈએ તો ભાગ શાનો આવે? તેમ સ્પર્શ ઇંદ્રિયનો માત્ર સૂક્ષ્મવિષય, સૂક્ષ્મ એકેન્દ્રિય એવી સ્થિતિના છે કે ન પોતે કોઈની હિંસા કરે, ન કોઈની હિંસાનું કારણ પોતે બને, જગતમાં મોટા જીવો બીજાની હિંસા કરે અને તેથી પોતે કર્મથી લેપાય, સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો ન કોઈની હિંસામાં આવે, ન કોઈ એની હિંસા કરે, તો કે સૂક્ષ્મ હોવાથી બાદર કરતાં સૂક્ષ્મ વધારે મરવા જોઈએ, પણ તે હિંસાના વિષયમાં ન આવે, પણ બાદર જોગવાળાને સૂક્ષ્મ જોગવાળા એવાં બારીક છે કે બાદરના છિદ્રોમાં બારોબાર પસાર થઈ ચાલ્યો જાય છે.

પુદ્ગલનું વ્યાઘાત વગરનું સૂક્ષ્મપણું

અજવાળા વચ્ચે કાચ મૂકીએ તો તેજના પુદ્ગલો કાચને રોકતા નથી ને કાચ તેજના પુદ્ગલને રોકતા નથી, કોઈ કોઈને અથડામણ નહીં, કારણ તેજના પુદ્ગલો ઘણા બારીક છે. તેજના પુદ્ગલો બારીક હોવાથી તેજના અને કાચના પુદ્ગલનો વ્યાઘાત થતો નથી, માટીના ઘડામાં ખળખળતું પાણી નાખીએ ને બંધ કરીએ તો વરાળ માટીમાંથી બહાર નીકળે છે, કહો વરાળ બારીક છે, ન ઘડાથી રોકાઈ, ઘડો તેને રોકનાર નહીં, સામે કોઈ પણ ગરમ ચીજ ભરી હોય તો બહાર ગરમી આવે, ગરમીને ધાતુનું ઠામ રોકતું નથી, તેજ, કાચ, વરાળ અને ઘડાની સ્થિતિ વિચારીશું તો બારીક ચીજ સ્થૂળથી રોકાતી નથી. તેજ વરાળ કે ગરમી મજબૂત રીતે પણ રોકી શકાતા નથી, સ્વતંત્ર

પચ્ચક્ખાણમાં વધારે લાભથી ચૂકો, બેઈમાન બનો, કાયદાપૂર્વકની મગજમાં છૂટ રાખી હોવાથી વધારે લાભ મેળવો, બેઈમાન નહીં બનો, કાયદાના પચ્ચક્ખાણમાં બારી છે, સર્વસમાધિપ્રત્યયિક મનના પચ્ચક્ખાણ કહેનારા મૃષાવાદીના મુગટ છે, કાયદા સિવાય જે પચ્ચક્ખાણ લેનારા તે પોતાની જિંદગીની સત્તા નહીં રાખનાર, વીલ કરવામાં વહી જતા મારી હૈયાતી બહાર મૂકી આપી ગુલામ નહીં બને. કાયદાથી વીલ કરનારો મૂકી આપી ગુલામ નહીં બને. તેમ સર્વજ્ઞના હિસાબે પચ્ચક્ખાણ કરનારા સપડાશે નહીં, મન માંકડાનો તમને ભરોસો છે? મૌકડાને પાંજરામાં ઘાલીએ તો, ૧૭૯૦ ભુસ્કા મારે, તેમ પચ્ચક્ખાણના પાંજરામાં પૂરીએ તો પણ, કોડાકોડ સાગરોપમ ઊભા કરનારો, ભરોસાનું પાત્ર બન્યું નથી. શાસનની આજ્ઞાનો અણભરોસો, દસ્તાવેજ ખોટો અને બોલું છું તે સાચું, તે કોણ માનશે? ગાડાનું પૈડું ફરે તેમ બોલ ફરે તેની કિંમત કેટલી? મન-માંકડું સાચું ને સર્વજ્ઞનું વચન વ્યર્થ ગણનારની કીમત કઈ? સર્વજ્ઞના વચનો વિસરાય છે

બાઈઓ કરતા બેવકૂફ :

કેટલાક એમ કહેતા હોય છે કે કદી કંઈ પ્રસંગ બને તો? તો પરણનારીએ ભૂલ કરી કે જિંદગી સુધી તારી સાથે બંધાઈ, વખતે તું ઉઠ્યો કે ન ઉઠ્યો તો? મહાનુભાવ! વિચારી લે. પરણનારીએ પ્રાણના ભોગે પ્રતિજ્ઞા કરી, ચોરીમાં [illegible]. તો પણ [illegible] જીવન એને અર્પણ, એણે આપણા મરણને અંગે વિચાર ન કર્યો. [illegible] બાઈઓ કરતા બેવકૂફ. બાયડીજાત એ પાણ [illegible]! [illegible] કિંમત રાખી જીવન અર્પણ કરી શકી તો [illegible] ભોગ-ત્યાગ કરવો તેટલું કરી શકતા નથી? [illegible] વખત [illegible] [illegible] આ નિર્માલ્યપણું છે. [illegible] નિર્માલ્યપણે ન [illegible] આપણું નિર્માલ્યપણું [illegible] [illegible] પ્રતિજ્ઞા [illegible] પણ [illegible] નહીં

પચ્ચક્ખાણ ન લે તે પાપી, ત્યારે તે [illegible]

બાળીબારી કરતા [illegible] [illegible] બાળીબારી [illegible]

ગુરૂઓને ઊભા રાખ્યા છે. પાટીયાથી અજાણ ન બનો. તેમ વિરતિ કરવાની જરૂર, અવિરતિ ટાળવાની જરૂર. આ માન્યતા રાખી, બને તેટલી વિરતિ કરો. વિરતિ કરવાની જરૂર નથી એ માનવું, બોલવું તે ગુન્હેગારી છે. શું આમાં લખેલા પ્રમાણે બોલ્યા એટલે જ પચ્ચક્ખાણ? મનથી ધારી લીધું તો બસ. એમ નહિં સૂત્ર બોલવું જોઈએ. 'અભિગ્ગહં પચ્ચક્ખાણ પચ્ચક્ખાઈ' બોલે તો જ પચ્ચક્ખાણ, મહાનુભાવ! ઘર દે છે, લે છે, એમાં રાજ્યના કાયદા પ્રમાણે દસ્તાવેજની જરૂર પડતી નથી ને મોંઢે આપ્યું ને લીધું કેમ નથી ચાલતું? કોર્ટમાં મેજીસ્ટ્રેટ પાસે ફરીયાદ કરી આવ. મારા ફલાણા પાસે આટલા લેણા છે. ફોજદારીમાં દીવાનીમાં હુકમનામામાં કાયદા પ્રમાણે અરજી જોઈએ અને અવિરતિથી બચવા માટે આ કાયદાની જરૂર નહીં, મરજી કામ લગાવો છો. કોયડાવાળાનો કાયદો કબૂલ. ભાંગી જવામાં પાપ લાગશે તેથી નથી લેતા તો ન લેવામાં પાપ નહીંને? મફત અરજી લેતા નથી. સ્ટાંપ લેવો પડે છે.

સીધા દૂધ ન પીશો તો વાંકા મૂતર પીશો.

કોરટના કાયદા કબૂલ અને સર્વજ્ઞ મહારાજ તારા આત્માના ફાયદા માટે કાયદો સમજાવે, તે કડવો લાગે છે. આ જીવ કહે છે તે, કહેવત કડવી લાગે છે. 'સીધા રહી દૂધ નહીં પીએ અને વાંકા રહી મૂતર પીશે'. કોયડાના કડપથી ફુંકા કાઢી કરગરીએ, આ કબૂલ કરીએ પણ સર્વજ્ઞના સીધા કાયદાને કબૂલતા નથી. આ જીવ સીધો રહી દૂધ નથી પીતો, આ કાયદો કર્યો શા માટે? મૃષાવાદના મુંગા મનથી પચ્ચક્ખાણ કહેનારા તે મનથી રાત્રિભોજન ત્યાગ કરનાર રસ્તામાં જતા હોય, કંદોઈની દુકાનમાંથી છાંટો ઉડી પડ્યો તો તેનું ભાંગ્યું, આનું રહ્યું, પચ્ચક્ખાણનો કાયદો કર્યો તેમાં અનુપયોગ, સહસાકાર, બારણા રાખ્યા છે. એકે વીલ કર્યું કે અત્યારથી અમલ. એકે જીંદગી પછી અમલ, તેમાં ફરક ખરો? અત્યારથી અમલ કર્યો તેના હાથ-પગ બંધાઈ ગયા. અત્યારથી કહેનારો વીલની કલમ પણ ફેરવી શકતો નથી. તેમ મનથી પચ્ચક્ખાણ કરનારો અત્યારથી વીલવાળો છે, મારી જિંદગી પછી અમલ થાય તેમ લખનારો જિંદગી સુધી છૂટો છે. તેમ અનુપયોગે કંઈ થઈ જાય તો છૂટ, પચ્ચક્ખાણ ન ભાગ્યું અને મનવાળાનું પચ્ચક્ખાણ ભાગ્યું. વધારે લાભનું કારણ છે, મનના પચ્ચકખાણમાં છૂટ છે જ નહીં, વધારે લાભમાં છૂટ રાખી છે, મનના

પચ્ચકખાણમાં વધારે લાભથી ચૂકો, બેઈમાન બનો, કાયદાપૂર્વકની મગજમાં છૂટ રાખી હોવાથી વધારે લાભ મેળવો, બેઈમાન નહીં બનો, કાયદાના પચ્ચકખાણમાં બારી છે, સર્વસમાધિપ્રત્યયિક મનના પચ્ચકખાણ કહેનારા મૃષાવાદીના મુગટ છે, કાયદા સિવાય જે પચ્ચક્ખાણ લેનારા તે પોતાની જિંદગીની સત્તા નહીં રાખનાર, વીલ કરવામાં વહી જતા મારી હૈયાતી બહાર મૂકી આપી ગુલામ નહીં બને. કાયદાથી વીલ કરનારો મૂકી આપી ગુલામ નહીં બને. તેમ સર્વજ્ઞના હિસાબે પચ્ચક્ખાણ કરનારા સપડાશે નહીં, મન માંકડાનો તમને ભરોસો છે ? મૌકટાને પાંજરામાં ઘાલીએ તો, ૧૦૯૦ ભુસ્કા મારે, તેમ પચ્ચક્ખાણના પાંજરામાં પૂરીએ તો પણ, કોડાકોડ સાગરોપમ ઊભા કરનારો, ભરોસાનું પાત્ર બન્યું નથી. શાસનની આજ્ઞાનો અણભરોસો, દસ્તાવેજ ખોટો અને બોલું છું તે સાચું, તે કોણ માનશે ? ગાડનું પૈડું ફરે તેમ બોલ ફરે તેની કિંમત કેટલી ? મન-માંકડું સાચું ને સર્વજ્ઞનું વચન વ્યર્થ ગણનારની કીમત કઈ ? સર્વજ્ઞના વચનો વિસરાય છે

બાઈઓ કરતા બેવકૂફ :

કેટલાક એમ કહેતા હોય છે કે સ્ત્રી કંઈ પ્રસંગ બને તો ? તો પરણનારીએ ભૂલ કરી કે જિંદગી સુધી નારી સાથે બંધાઈ. વખતે તું છૂટ્યો કે ન છૂટ્યો તો ? મહાનુભાવ ! વિચારી લે. પરણનારીએ પ્રાણના ભોગે પ્રતિજ્ઞા કરી, ચોરીમાં રંડાપો. તો પણ માટે [illegible] એને અર્પણ, એણે આપણા મરણને અંગે વિચાર ન કર્યો. [illegible] બાઈઓ કરતા બેવકૂફ. બાયડીજાત એ પણ [illegible] ન [illegible] ! [illegible] કિંમત રાખી જીવન અર્પણ કરી શકી તો [illegible] ભોગ-ત્યાગ કરવા જેટલું કરી શકતો નથી ? [illegible] વખત [illegible] આ નિર્માલ્યપણું છે. [illegible] આપણું નિર્માલ્યપણું [illegible] કે પ્રતિજ્ઞા [illegible] પણ [illegible] નહીં

પચ્ચક્ખાણ ન લે તે પાપી, ત્યારે તે [illegible] ?

બાયડીઓ કરતા જિંદગી સુધી [illegible]
[illegible] બાયડીઓ [illegible]

અને યોગ એ ચાર આત્માના ગુમડાં છે. તેમાં રસી તરીકે કર્મબંધ રહેવાનો. એક જ રસ્તો, ઉપરની રસી કાપી નાખે, અંદર પાવડર નાખી જંતુ બાળી નાખે તો નવી રસી ન થાય, સ્થિતિ કાપવા તરીકે સંવર, કાષ્ટિક તરીકે નિર્જરા, તેનો ઉપયોગ કરવામાં આવે ત્યારે જ કર્મબંધ-નથી બચી શકે, રસી ન ભરૂં. એમ ધારવાથી રસી આવતી અટકતી નથી. વિકાર આપોઆપ બનાવશે. તેમ જે કર્મો તેથી થતા વિકારો તારે કરવા પડતા નથી, સ્વાભાવિક થાય છે. અહીં વિરતિ-સંવરરૂપી ઓપરેશન કરી સત્તામાં રહેલા કર્મો તોડવા માટે તપસ્યા, નિર્જરા, આ સાધનો સૂક્ષ્મએકેન્દ્રિયને ન હોવાથી અનાદિ કાળથી સૂક્ષ્મએકેન્દ્રિયમાં રખડ્યા કરે છે, અવિરતિને લીધે જ કર્મોથી બિચારા બંધાઈ રહ્યા છે. અકામ નિર્જરા વધારે કરે ને કર્મબંધન ઓછા કરે તો આપોઆપ ઊંચો આવે

પ્રતિજ્ઞા ન કરો તો ટીપાઈ જશો

સામાન્ય કૂતરા, ગાયો, બળદોમાં બે પ્રકાર દેખીએ છીએ, સ્વાભાવિક આવેશ, કરડવું તે ઓછામાં હોય, કોઈકમાં અધિક હોય, જેમ જાનવરનું દૃષ્ટાંત તેમ મનુષ્યમાં ત્યાંના જીવ વિશેષ લ્યો. આવો સ્વાભાવિક આવેશ હોય, કર્મબંધ ઓછો હોય તો ઊંચો આવી જાય. જિનેશ્વરો અને તેના વચનો જેને માનવા છે. જીવવિચાર ભણેલાને ચૌદ ભેદ માનવા છે, તેને અવિરતિથી કર્મબંધ છે એ માન્યા સિવાય છૂટકો નથી. ન કરવું માત્ર કરમથી છોડાવનાર છે તેમ નહીં, ન કરવામાં પચ્ચક્ખાણ ન લેવાનું કારણ? કહો અમે પચ્ચક્ખાણની જરૂર દેખતા નથી. કાંતો પચ્ચક્ખાણ કરવું જરૂરી નથી—એમ ધારણા હોય. આમ હોય તો સાક્ષી પૂરવા પાંજરામાં ગયો. પછી કહે મારે સોગંદ લેવાની જરૂર નથી તો શું થાય? જે કેસ સાક્ષીનો હોય તે કેસ કોરાણે રહે ને પ્રતિજ્ઞા કરવા ના પાડી તેનો સ્વતંત્ર કેસ ચાલે. છ મહિના ટીપાઈ જાય, તેમ સર્વજ્ઞ મહારાજે નક્કી કર્યું કે પ્રતિજ્ઞા કરવાની જરૂર છે, ને પ્રતિજ્ઞા ન કરો તો ટીપાઈ જાવ, અમુક સભા કાયદો કરે, ધારાસભા કાયદો કરે, જ્ઞાનીની અપેક્ષાએ તેઓ ઢીંગલા જમાલીયા જેવા છે, કાયદા એટલા અપૂરણ કે કાયદાની સુધારાની બિલો, નિકળી પડી છે, એટલી અપૂરણતા. તે અપૂરણ જ્ઞાનવાળા

ાઓનો કરેલો કાયદો ' નથી માનતો ' કહો તો ગુન્હેગાર, ફોજદારી
ન્હો, દીવાની નહીં. ક્રોડ રૂપીઆ લીધા હોય ને ન આપો તો દીવાની,
ાગન ન લો તો ફોજદારી, તેમ સત્તર પાપસ્થાનક છોડે અને
ચ્ચક્‌ખાણની જરૂર નથી એમ કહે તો મિથ્યાત્વી, ક્રોડ આજ લ્યો ને
લથી આપવા કહો તો દીવાની, સોગદ નથી ખાતો તો ફોજદારી, ક્રોડ
ીઆનો ગુન્હો જે નથી બન્યો તે ગુન્હો સોગદ ન લેવાથી બને છે. તેમ
ત્તર પાપસ્થાનક ન છોડવાથી જે ગુન્હેગાર તેના કરતાં 'પચ્ચક્‌ખાણની
રૂર નથી.' એમ કહો તો મોટા ગુન્હેગાર–મિથ્યાત્વી. હવે એમ કહો
, પચ્ચક્‌ખાણનું જ્ઞાન નથી તો કાંટા, છરા, ચપ્પુ, તરવાર, ઝેર, સાપ,
ીંછી, એ બધામાં જ્ઞાન ન હોય અને તેના ઉપર પગ મૂકો તો ન વાગે
કરડે? જ્ઞાન નથી એ બચાવ ચાલતો નથી. તેના સ્વભાવે તમારા જ્ઞાન
ગરની દશામાં કામ કરે છે. તરવાર વાગતા, વીંછી કરડતા, કોઈ દિવસ
ામોશ કરતું નથી. આ મને જાણે તો નુકશાન કરૂં, ન જાણે તો ન
રૂ–એમ ખામોશ ખાય છે? રોગ તમને કહીને આવે છે કે કેમ?
મારા શરીરમાં રોગો જાણપણું કરીને આવતા નથી. તો કર્મ સગુ
ાગતું હશે કે, જાણો તો જ કર્મ આવે ને કહીને આવે કેમ? આ
અવિરતિનો સ્વભાવ કર્મ લગાડવાનો છે. તેમાં નથી જાણતો તે બચાવ
ામ ન લાગે. એકેન્દ્રિયો કશું જાણતા નથી તેથી કર્મથી બચી જતા
નથી. સૂક્ષ્મએકેન્દ્રિય પચ્ચક્‌ખાણ કે અપચ્ચક્‌ખાણ, સાંભળતા કે
જાણતા નથી, તો કર્મની કણી પણ ન લાગવી જોઈએ, તેઓ જ્ઞાનની
લાયકાત વગરના જીવો. તમે તો લાયકાતવાળા છો પણ એ રસ્તે
ઉતર્યા નથી.

પાટીયું વાંચ્યા વગર સાહેબના મહેલમાં પેસી જાવ. દેખ્યા વગર
પેસી જાવ તો એ દંડિકા વધારે ખાવ, તમને અવિરતિ ને વિરતિ
જાણવાની લાયકાત છે કે નહિં? જણાવનાર ગુરુઓ છે કે નહિ? છતાં
જાણો નહીં ને અમને કાંઈ નહીં, આ બચાવ કોની આગળ? તેમ અહીં
તમને વિરતિ, અવિરતિ જાણવાની તાકાત જણાવવાનો પ્રવાહ તીર્થંકર
મહારાજે ચલાવ્યો. જણાવવા માટે ગુરુઓ રોક્યા છતાં પણ અવિરતિ
તરફ લક્ષ્ય જ ગયું નથી. અમે જાણીએ નહીં તો અમને કર્મબંધન કેમ
થાય? આ બચાવ કામ ન લાગે. વિરતિ–અવિરતિનું સ્વરૂપ જણાવવા
માટે વાણીરૂપ ગંગાનો પ્રવાહ વહેવડાવ્યો છે, જણાવવા માટે કાંઠે

પ્રવચન ૩૮મું

૧૯૯૦ શ્રાવણ વદી ૧, શનિવાર, મહેસાણા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી મહારાજા ધર્મરત્ન પ્રકરણ ગ્રંથને રચતાં થકાં જણાવી ગયા કે આ સંસારસમુદ્ર અનાદિ અનંત હોવાથી તેમાં આ જીવ અનાદિથી રઝળે છે. તેમાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી મુશ્કેલ હતી. તેમાં જોઈ ગયા કે યોગની, જ્ઞાનની અને શક્તિની સ્થિતિ વિચારી, સૂક્ષ્મએકેન્દ્રિયમાં કાયયોગની શી સ્થિતિ હતી ? અનંતા જીવો વચ્ચે એક આંગળના અસંખ્યાતમાં ભાગનું શરીર હતું. હવે આવા નાના શરીરમાં અનંત જીવો હોવાથી એક જીવનું સ્વતંત્ર શરીર લઈએ તો ભાગ શાનો આવે ? તેમ સ્પર્શ ઇંદ્રિયનો માત્ર સૂક્ષ્મવિષય, સૂક્ષ્મ એકેન્દ્રિય એવી સ્થિતિના છે કે ન પોતે કોઈની હિંસા કરે, ન કોઈની હિંસાનું કારણ પોતે બને, જગતમાં મોટા જીવો બીજાની હિંસા કરે અને તેથી પોતે કર્મથી લેપાય, સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો ન કોઈની હિંસામાં આવે, ન કોઈ એની હિંસા કરે, તો કે સૂક્ષ્મ હોવાથી બાદર કરતાં સૂક્ષ્મ વધારે મરવા જોઈએ, પણ તે હિંસાના વિષયમાં ન આવે, પણ બાદર જોગવાળાને સૂક્ષ્મ જોગવાળા એવાં બારીક છે કે બાદરના છિદ્રોમાં બારોબાર પસાર થઈ ચાલ્યો જાય છે.

પુદ્ગલનું વ્યાઘાત વગરનું સૂક્ષ્મપણું

અજવાળા વચ્ચે કાચ મૂકીએ તો તેજના પુદ્ગલો કાચને રોકતા નથી ને કાચ તેજના પુદ્ગલને રોકતા નથી, કોઈ કોઈને અથડામણ નહીં, કારણ તેજના પુદ્ગલો ઘણા બારીક છે. તેજના પુદ્ગલો બારીક હોવાથી તેજના અને કાચના પુદ્ગલનો વ્યાઘાત થતો નથી, માટીના ઘડામાં ખળખળતું પાણી નાખીએ ને બંધ કરીએ તો વરાળ માટીમાંથી બહાર નીકળે છે, કેમ કે વરાળ બારીક છે, ન ઘડાથી રોકાઈ, ઘડો તેને રોકનાર નહીં, સામે કોઈ પણ ગરમ ચીજ ભરી હોય તો બહાર ગરમી આવે, ગરમીને ધાતુનું ઠામ રોકતું નથી, તેજ, કાચ, વરાળ અને ઘડાની સ્થિતિ વિચારીશું તો બારીક ચીજ સ્થૂળથી રોકાતી નથી. તેજ વરાળ કે ગરમી મજબૂત રીતે પણ રોકી શકાતા નથી, સ્વતંત્ર

ગતિ કરે છે. આ સ્થૂલદૃષ્ટિમાં, પુદ્ગલનું સૂક્ષ્મપણું વ્યાઘાત વગરનું દેખી શકીએ છીએ તો સૂક્ષ્મ એકેન્દ્રિય વ્યાઘાત વગરના હોય તેમાં હરકત નથી આ વાત કરતાં નવી વાત જણાશે.

જ્ઞાનપૂર્વક હિંસા વર્જન તે અહિંસા

ધર્મ હિંસા ન કરવાથી કે નિવર્તથી? જો હિંસા ન કરવી તે ધર્મ લઈએ, તો જગતભરમાં ખરામાં ખરા ઉત્કૃષ્ટ સૂક્ષ્મએકેન્દ્રિય સિવાય હિંસા ન કરવારૂપ ધર્મ બીજાને હોય નહીં. ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪મે ગુણસ્થાનકે ગએલાને શરીરથી જીવની વિરાધના થાય, પડેલા જીવના શરીરથી, વાયરાથી પણ હિંસા થાય છે. ત્યાં તેમનું બનાવેલું શરીર એકલી હિંસાનું કારણ બને છે. હિંસા કરનાર બને નહિં, હિંસા થાય નહીં, તે મનુષ્યપણામાં અશક્ય કહીએ તો ચાલે, હિંસાનો ત્યાં સંભવ જ નહિ, તે પૂરા દયાળુ. દયાળુ–દયા ધર્મનો ડંકો બજાવનાર ખરેખર સૂક્ષ્મએકેન્દ્રિયો. બાકીના બધા બાદર એકેન્દ્રિય. બેઈંદ્રિય યાવત્ સયોગી, અયોગી સુધી આવો તો પણ હિંસાનો અસંભવ નથી, હિંસાનું કારણ પોતે બને છે. અગર બીજાને હિંસાનું કારણ પોતે બને. પોતે હિંસા કરે નહીં, બીજાને પાપનું કારણ બને નહીં, તેવું માત્ર સૂક્ષ્મ એકેન્દ્રિયમાં જ છે. હવે જો હિંસા ન કરવી તેટલા માત્રમાં ધર્મ ગણીએ તો ધર્મના ધોરી સૂક્ષ્મ એકેન્દ્રિયો માનવા પડે. કદાચ કહેશો કે એને જ્ઞાન ક્યાં છે? હવે હિંસા ન કરવી તેટલા માત્રનું નામ ધર્મ નહીં, પણ જ્ઞાનથી આગળ આગળ વધેલો હોવો જોઈએ. ચૌદ ગુણઠાણાવાલા કરતાં સૂક્ષ્મ એકેન્દ્રિય વહેલા મોક્ષે જાત. ક્યારે ? જો હિંસા ન કરવી એટલા માત્રમાં ધર્મ ગણીએ તો, પણ જ્ઞાન નહીં હોવાને લીધે એની એ હિંસારહિત–પણાની સ્થિતિ રદ ગણીએ છીએ. તો કર્મબંધ નહીં ને? જો તેમ હતે તો વેલા મોક્ષે આવ્યા જાતને. 'જ્ઞાનપૂર્વક વધનું વર્જવું તે અહિંસા ગણી છે.' 'જ્ઞાન પૂર્વક ન હોય તો, અહિંસા છતાં હિંસા છે,' એ વાત જૈન–મગજવાળાને પણ ઠસવી મુશ્કેલ છે. આપણે માનીએ છીએ જૈનધર્મ પણ બોલવાની, રહેણીકરણી તો બીજા મતની આગળ આવીને ઊભી રહે છે. પરમેશ્વરને ગમ્યું તે ખરૂં.' બીજાઓ જે કહેણી બોલે છે, આપણે કેટલોક રીવાજ બીજાનો ઘાલી દીધો છે. વિચારો કે તમે તેવા

પરમેશ્વરને માનો છો ? પારકું વચન ઘરમાં ઘાલી દીધું છે. કહેણી, રહેણી પારકા વ્યવહાર એવા ઘરમાં ઘાલી દીધા છે કે, તમારા અનિષ્ટ પ્રસંગે જેને અંગે રોદણા રડવામાં આવે છે, કાળજા કંપે એવા કાર્યો પરમેશ્વરના ઘરના કહી દ્યો છો.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો પાપ ન કરવા છતાં કેમ પાપથી બંધાય છે ? :

અહીં સૂક્ષ્મ એકેન્દ્રિય માટે વિચારીએ, તો કોઈ પણ જીવની હિંસા કરતા નથી, કોઈ જીવ એને મારી શકતા નથી, જેથી બીજાને પણ હિંસાનું કારણ બનતા નથી. આવા જીવો જગતમાં જોયા નહીં જડે, જેને અનાદિકાળથી બોલવું નથી, વચન યોગ નથી. મૂંગાને સાક્ષીમાં ઉભો રાખીએ તો પછી, ન બોલે તો, અગર આપણે બહાર કહીએ કે, મૂંગો છે ને સાક્ષી પૂરી ગયો, શું જોઈને કહે છે ? આ બીચારા યાવત્ અનાદિ કાળના મૂંગા. તેને મૃષાવાદનું પાપ લાગ્યું ક્યાંથી ? નથી હિંસાનું પાપ, નથી જૂઠાનું પાપ, તો ચોરીનું પાપ હોય જ ક્યાંથી ? તેને ગ્રહણ કરવા લાયક કે ધારણ કરવા લાયક ચીજ નથી, સ્થાવર ચીજ કોઈ ઉઠાવી લઈ જતું નથી. ધારણીય અને જંગમ મિલકતની તેમને ચોરી હોતી નથી, સૂક્ષ્મ એકેન્દ્રિયને ગ્રહણ કરવા લાયક કે ધારણ કરવા લાયક કોઈ ચીજ નથી. સર્વ ચોરી કરતા નથી, તેમ મૈથુનને અંગે તેમને એ બાબતની કલ્પના નથી, પરિગ્રહમાં દુનીયામાં ગણાતી સચિત્ત, અચિત્ત કે મીશ્ર કોઈ ચીજ લેવી નથી, તો ઉત્કૃષ્ટા પંચમહાવ્રતપાલક. અનાદિકાળથી રખડી કેમ રહ્યા છે ? શાથી ? જો જૈન સિધ્ધાંત માનવો હોય અને વસ્તુસ્થિતિ સારી રીતે સમજવી હોય તો તે હિંસાદિક નથી કરતાં તોપણ તેના કર્મોથી બંધાય છે. જો કર્મો ન બંધાતા હોય તો એકેન્દ્રિયમાં શાથી રખડ્યા ? જો તેઓ સિદ્ધ થઈ જાય તો ત્રસજીવો બાકી રહે કેટલા ? ક્રિયાથી કર્મ નહીં પણ અવિરતિથી કર્મ, વિરતિ ન કરી એટલે કર્મ લાગી જાય, કાયદામાં અજ્ઞાનપણું એ બચાવ નથી, ખૂન કરીને અજ્ઞાન હતો. કાયદો જાણતો ન હતો, તે બચાવ નથી, બાળકને રોગ મરણનો બચાવ નથી, કરમને અંગે બાળકપણું ચાલતું નથી. કર્મના ઉદયને અંગે બાળકપણાનો બચાવ ન ચાલે તો, બંધને અંગે શાનો ચાલે ?

તો બાળકને અંગે બચાવ ન ચાલે તો ત્યાં અજ્ઞાનપણાનો બચાવ ચાલતો નથી. જ્ઞાન નથી તે જ ગુન્હો છે. શા માટે અકામનિર્જરા ન કરી, ઉંચે કેમ ન આવ્યો ? પોતાની ભૂલથી આવેલું પરિણામ એ બચાવ નથી, જ્ઞાનાવરણીય એવા દરેક ભવે એણે જ બાંધ્યા છે, જીવત્વ તરીકે જ્ઞાનનો અધિકારી છે. ત્યાં સાધન નથી તો મેળવવું જોઈએ, ઘણાએ સાધન મેળવી ઉંચા આવ્યા છે. નિર્ધનને ત્યાં હેરાન થાય, એ દરિદ્રતામાં હેરાન થાય, તો ધન મેળવવાનો વખત નથી આવ્યો. તો હેરાન શાથી થાય છે ? કહેવાનું તત્ત્વ એ છે કે, સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવો હિંસાદિક પાંચ પાપ કરતા નથી, છતાં પાંચે પાપોથી ભરાય છે. આપણે એ વમળમાં ન ઘુસી જવાય તેમ ડરીએ છીએ, પણ એ વમળ અવિરતિની જોડે છે, એ વમળમાં શાના લીધે રહ્યા છીએ ? એકેન્દ્રિય-પણામાં સૂક્ષ્મમાં શાથી રહ્યા છે ? માત્ર એની વિરતિ ન કર્યાને અંગે, જે સંબંધી અમારું મન નથી, વચન–કાયા નથી, અમે સુતા છીએ, ઊંઘીએ છીએ, જાગતા કદી વિચાર ચાલતો હોય, નથી મન, નથી વચન, માત્ર કાયા છે તેમાં અમને કરમ લાગે, આતો પરાણે વળગાડવા હોય તો વળગાડો, અમારું મન–વચન ને કાયા નહીં ને વળગાડો એમાં નવાઈ નહીં, ચમકી ન જા. અહીં ગુમડું થયું. તું સુઈ ગયો, હવે આમાં રસી ભરાવાનું, મન, વચન, કે કાયાનો ઉદ્યમ છે નહિં, છતાં રસી ભરાય છે, તારી કાયામાં મન, વચન, કાયા વગર શું થાય છે તે વિચાર, રસોળી વધારવાનું મન–વચન–કાયામાં ન હોય છતાં તે વધ્યા જ કરે છે. કહો કે અંદર સંચો બગડ્યો હતો, તેણે બગાડ શરૂ કર્યો, તેમાં જે બગાડ આવે તેમાં એનો ભાગ જાય, બગડેલા ભાગમાં બગાડ થયા સિવાય રહે જ નહિં. તેમ આત્મા જ્ઞાન વગરનો શાથી ? એ કૈવલ્ય વીતરાગ સ્વરૂપ કેમ નહિ ? કહો તેમના આત્મામાં, અવિરતિ, મિથ્યાત્વ, કષાય વિગેરેનો વિકાર છે, તેમાં મન, વચન–કાયાના યોગ વિકાર વૃદ્ધિ કરવાના, જડ ઉખેડી કાષ્ટિક નાખીને, બાળી ન નાખીએ ત્યાં સુધી એ વિકાર વધ્યા જ કરે. તેમ આત્મામાં મિથ્યાત્વ, અવિરતિનો વિકાર ન ફેંકી દઈએ ત્યાં સુધી અવિરતિનું પોષણ થયા વગર રહે નહિં, આ સ્થિતિએ સૂક્ષ્મ એકેન્દ્રિયો પણ સાત આઠ કર્મો બાંધ્યા જ કરે છે, મૂળ ધણીની મરજી ઉપર આધાર ન રહે. શરીરમાં રહેલો આત્મા 'ગુમડા મટાડું' કહેવાથી, બોલવાથી, બીજા, ત્રીજા પ્રયત્નોથી ગુમડાની રસી બંધ ન રહે, તેમ મિથ્યાત્વ, અવિરતિ, કષાય

અને યોગ એ ચાર આત્માના ગુમડાં છે. તેમાં રસી તરીકે કર્મબંધ રહેવાનો. એકજ રસ્તો, ઉપરની રસી કાપી નાખે, અંદર પાવડર નાખી જંતુ બાળી નાખે તો નવી રસી ન થાય, સ્થિતિ કાપવા તરીકે સંવર, કાષ્ટિક તરીકે નિર્જરા, તેનો ઉપયોગ કરવામાં આવે ત્યારે જ કર્મબંધ-નથી બચી શકે, રસી ન ભરૂં, એમ ધારવાથી રસી આવતી અટકતી નથી. વિકાર આપોઆપ બનાવશે. તેમ જે કર્મો તેથી થતા વિકારો તારે કરવા પડતા નથી, સ્વાભાવિક થાય છે. અહીં વિરતિ-સંવરરૂપી ઓપરેશન કરી સત્તામાં રહેલા કર્મો તોડવા માટે તપસ્યા, નિર્જરા, આ સાધનો સૂક્ષ્મએકેન્દ્રિયને ન હોવાથી અનાદિ કાળથી સૂક્ષ્મએકેન્દ્રિયમાં રખડ્યા કરે છે, અવિરતિને લીધે જ કર્મોથી બિચારા બંધાઈ રહ્યા છે. અકામ નિર્જરા વધારે કરે ને કર્મબંધન ઓછા કરે તો આપોઆપ ઊંચો આવે

પ્રતિજ્ઞા ન કરો તો ટીપાઇ જશો

સામાન્ય કૂતરા, ગાયો, બળદોમા બે પ્રકાર દેખીએ છીએ, સ્વાભાવિક આવેશ, કરડવું તે ઓછામાં હોય, કોઈકમાં અધિક હોય, જેમ જાનવરનું દૃષ્ટાંત તેમ મનુષ્યમાં ત્યાંના જીવ વિશેષ લ્યો. આવો સ્વાભાવિક આવેશ હોય, કર્મબંધ ઓછો હોય તો ઊંચો આવી જાય. જિનેશ્વરો અને તેના વચનો જેને માનવા છે. જીવવિચાર ભણેલાને ચૌદ ભેદ માનવા છે, તેને અવિરતિથી કર્મબંધ છે એ માન્યા સિવાય છૂટકો નથી. ન કરવું માત્ર કરમથી છોડાવનાર છે તેમ નહીં, ન કરવામાં પચ્ચક્ખાણ ન લેવાનું કારણ? કહો અમે પચ્ચક્ખાણની જરૂર દેખતા નથી. શાંતો પચ્ચક્ખાણ કરવું જરૂરી નથી–એમ ધારતા હોય. આમ હોય તો સાક્ષી પૂરવા પાંજરામાં ગયો. પછી કોર્ટે મારે સોગંદ લેવાની જરૂર નથી તો શું થાય? જે કેસ સાક્ષીનો હોય તે કેસ કોરાણે રહે ને પ્રતિજ્ઞા કરવા ના પાડી તેનો સ્વતંત્ર કેસ ચાલે. છ મહિના ટીપાઈ જાય, તેમ સર્વજ્ઞ મહારાજે નક્કી કર્યું કે પ્રતિજ્ઞા કરવાની જરૂર છે, ને પ્રતિજ્ઞા ન કરો તો ટીપાઈ જાવ, અમુક સભા કાયદો કરે, ધારાસભા કાયદા કરે, જ્ઞાનીની અપેક્ષાએ તેઓ તુરીયા જમાલીયા જેવા છે, કાયદા એટલા અપુરણ કે કાયદાની સુધારાની શિરૂઓ, શિરૂથી પડી છે, એટલી અપૂરણતા. તે અપુરણ જ્ઞાનવાળા

તેવાઓનો કરેલો કાયદો 'નથી માનતો' કહો તો ગુન્હેગાર, ફોજદારી ગુન્હો, દીવાની નહીં. કોડ રૂપીઆ લીધા હોય ને ન આપો તો દીવાની, સોગન ન લો તો ફોજદારી, તેમ સત્તર પાપસ્થાનક છોડે અને પચ્ચક્ખાણની જરૂર નથી એમ કહે તો મિથ્યાત્વી, ક્રોડ આજ લ્યો ને કાલથી આપવા કહો તો દીવાની, સોગદ નથી ખાતો તો ફોજદારી, ક્રોડ રૂપીઆનો ગુન્હો જે નથી બન્યો તે ગુન્હો સોગદ ન લેવાથી બને છે. તેમ સત્તર પાપસ્થાનક ન છોડવાથી જે ગુન્હેગાર તેના કરતાં 'પચ્ચક્ખાણની જરૂર નથી.' એમ કહો તો મોટા ગુન્હેગાર–મિથ્યાત્વી. હવે એમ કહો કે, પચ્ચક્ખાણનું જ્ઞાન નથી તો કાંટા, છરા, ચપ્પુ, તરવાર, ઝેર, સાપ, વીંછી, એ બધામાં જ્ઞાન ન હોય અને તેના ઉપર પગ મૂકો તો ન વાગે કે કરડે? જ્ઞાન નથી એ બચાવ ચાલતો નથી. તેના સ્વભાવે તમારા જ્ઞાન વગરની દશામાં કામ કરે છે. તરવાર વાગતા, વીંછી કરડતા, કોઈ દિવસ ખામોશ કરતું નથી. આ મને જાણે તો નુકશાન કરૂં, ન જાણે તો ન કરૂ–એમ ખામોશ ખાય છે? રોગ તમને કહીને આવે છે કે કેમ? તમારા શરીરમાં રોગો જાણપણું કરીને આવતા નથી. તો કર્મ સગુ લાગતું હશે કે, જાણો તો જ કર્મ આવે ને કહીને આવે કેમ? આ અવિરતિનો સ્વભાવ કર્મ લગાડવાનો છે. તેમાં નથી જાણતો તે બચાવ કામ ન લાગે. એકેન્દ્રિયો કશું જાણતા નથી તેથી કર્મથી બચી જતા નથી. સૂક્ષ્મએકેન્દ્રિય પચ્ચક્ખાણ કે અપચ્ચક્ખાણ, સાંભળતા કે જાણતા નથી, તો કર્મની કણી પણ ન લાગવી જોઈએ, તેઓ જ્ઞાનની લાયકાત વગરના જીવો. તમે તો લાયકાતવાળા છો પણ એ રસ્તે ઉતર્યા નથી.

પાટીયું વાંચ્યા વગર સાહેબના મહેલમાં પેસી જાવ. દેખ્યા વગર પેસી જાવ તો બે દંડિકા વધારે ખાવ, તમને અવિરતિ ને વિરતિ જાણવાની લાયકાત છે કે નહિં? જણાવનાર ગુરુઓ છે કે નહિ? છતાં જાણો નહીં ને અમને કાંઈ નહીં, આ બચાવ કોની આગળ? તેમ અહીં તમને વિરતિ, અવિરતિ જાણવાની તાકાત જણાવવાનો પ્રવાહ તીર્થંકર મહારાજે ચલાવ્યો. જણાવવા માટે ગુરુઓ રોક્યા છતાં પણ અવિરતિ તરફ લક્ષ્ય જ ગયું નથી. અમે જાણીએ નહીં તો અમને કર્મબંધન કેમ થાય? આ બચાવ કામ ન લાગે. વિરતિ–અવિરતિનું સ્વરૂપ જણાવવા માટે વાણીરૂપ ગંગાનો પ્રવાહ વહેવડાવ્યો છે, જણાવવા માટે કાંઠે

ગુરૂઓને ઊભા રાખ્યા છે. પાટીયાથી અજાણ ન બનો. તેમ વિરતિ કરવાની જરૂર, અવિરતિ ટાળવાની જરૂર. આ માન્યતા રાખી, બને તેટલી વિરતિ કરો. વિરતિ કરવાની જરૂર નથી એ માનવું, બોલવું તે ગુન્હેગારી છે. શું આમાં લખેલા પ્રમાણે બોલ્યા એટલે જ પચ્ચક્ખાણ? મનથી ધારી લીધું તો બસ. એમ નહિં સૂત્ર બોલવું જોઈએ. 'અભિગ્ગહં પચ્ચક્ખાણ પચ્ચક્ખાઈ' બોલે તો જ પચ્ચક્ખાણ, મહાનુભાવ! ઘર દે છે, લે છે, એમાં રાજ્યના કાયદા પ્રમાણે દસ્તાવેજની જરૂર પડતી નથી ને મોંઢે આપ્યું ને લીધું કેમ નથી ચાલતું? કોર્ટમાં મેજીસ્ટ્રેટ પાસે ફરીયાદ કરી આવ. મારા ફલાણા પાસે આટલા લેણા છે. ફોજદારીમાં દીવાનીમાં હુકમનામામાં કાયદા પ્રમાણે અરજી જોઈએ અને અવિરતિથી બચવા માટે આ કાયદાની જરૂર નહીં, મરજી કામ લગાવો છો. કોયડાવાળાનો કાયદો કબૂલ. ભાંગી જવામાં પાપ લાગશે તેથી નથી લેતા તો ન લેવામાં પાપ નહીંને? મફત અરજી લેતા નથી. સ્ટાંપ લેવો પડે છે.

સીધા દૂધ ન પીશો તો વાંકા મૂતર પીશો.

કોરટના કાયદા કબૂલ અને સર્વજ્ઞ મહારાજ તારા આત્માના ફાયદા માટે કાયદો સમજાવે, તે કડવો લાગે છે. આ જીવ કહે છે તે, કહેવત કડવી લાગે છે. 'સીધા રહી દૂધ નહીં પીએ અને વાંકા રહી મૂતર પીશે'. કોયડાના કડપથી કુંકા કાઢી કરગરીએ, આ કબૂલ કરીએ પણ સર્વજ્ઞના સીધા કાયદાને કબૂલતા નથી. આ જીવ સીધો રહી દૂધ નથી પીતો, આ કાયદો કર્યો શા માટે? મૃષાવાદના મુંગા મનથી પચ્ચક્ખાણ કરનારા તે મનથી રાત્રિભોજન ત્યાગ કરનાર રસ્તામાં જતા હોય, કંદોઈની દુકાનમાંથી છાંટો ઉડી પડ્યો તો તેનું ભાંગ્યું, આનું રહ્યું, પચ્ચક્ખાણનો કાયદો કર્યો તેમાં અનુપયોગ, સહસાકાર. બારણા રાખ્યા છે. એકે વીલ કર્યું કે અત્યારથી અમલ. એકે જીંદગી પછી અમલ, તેમાં ફરક ખરો? અત્યારથી અમલ કર્યો તેના હાથ-પગ બંધાઈ ગયા. અત્યારથી કરનારો વીલની કલમ પણ ફેરવી શકતો નથી. તેમ મનથી પચ્ચક્ખાણ કરનારો અત્યારથી વીલવાળો છે, મારી જિંદગી પછી અમલ થાય તેમ લખનારો જિંદગી સુધી છૂટો છે. તેમ અનુપયોગે કંઈ થઈ જાય તો છૂટ, પચ્ચક્ખાણ ન ભાગ્યું અને મનવાળાનું પચ્ચક્ખાણ ભાગ્યું. વધારે લાભનું કારણ છે, મનના પચ્ચક્ખાણમાં છૂટ છે જ નહીં, વધારે લાભમાં છૂટ રાખી છે, મનના

પચ્ચકખાણમાં વધારે લાભથી ચૂકો, બેઈમાન બનો, કાયદાપૂર્વકની મગજમાં છૂટ રાખી હોવાથી વધારે લાભ મેળવો, બેઈમાન નહીં બનો, કાયદાના પચ્ચકખાણમાં બારી છે, સર્વસમાધિપ્રત્યયિક મનના પચ્ચકખાણ કહેનારા મૃષાવાદીના મુગટ છે, કાયદા સિવાય જે પચ્ચક્ખાણ લેનારા તે પોતાની જિંદગીની સત્તા નહીં રાખનાર, વીલ કરવામાં વહી જતા મારી હૈયાતી બહાર મૂડી આપી ગુલામ નહીં બને. કાયદાથી વીલ કરનારો મૂડી આપી ગુલામ નહીં બને. તેમ સર્વજ્ઞના હિસાબે પચ્ચક્ખાણ કરનારા સપડાશે નહીં, મન માંકડાનો તમને ભરોસો છે ? મૌકડાને પાંજરામાં ઘાલીએ તો, ૧૭૯૦ ભુસ્કા મારે, તેમ પચ્ચક્ખાણના પાંજરામાં પૂરીએ તો પણ, ક્રોડાક્રોડ સાગરોપમ ઊભા કરનારો, ભરોસાનું પાત્ર બન્યું નથી. શાસનની આજ્ઞાનો અણભરોસો, દસ્તાવેજ ખોટો અને બોલું છું તે સાચું, તે કોણ માનશે? ગાડાનું પૈડું ફરે તેમ બોલ ફરે તેની કિંમત કેટલી ? મન–માંકડું સાચું ને સર્વજ્ઞનું વચન વ્યર્થ ગણનારની કીમત કઈ ? સર્વજ્ઞના વચનો વિસરાય છે.

બાઈઓ કરતા બેવકૂફ :

કેટલાક એમ કહેતા હોય છે કે કદી કંઈ પ્રસંગ બને તો ? તો પરણનારીએ ભૂલ કરી કે જિંદગી સુધી તારી સાથે બંધાઈ, વખતે તું જીવ્યો કે ન જીવ્યો તો ? મહાનુભાવ ! વિચારી લે, પરણનારીએ પ્રાણના ભોગે પ્રતિજ્ઞા કરી, ચોરીમાં રંડાપો, તો પણ મારું જીવન એને અર્પણ, એણે આપણા મરણને અંગે વિચાર ન કર્યો, તો આપણે બાઈઓ કરતા બેવકુફ. બાયડીજાત એ પણ જે થશે તે ખરૂં ! તે હિંમત રાખી જીવન અર્પણ કરી શકી તો અવિચળ શાસનને માટે ભોગ–ત્યાગ કરવો તેટલું કરી શકતો નથી ? મરદ શી રીતનો ? કોઈક વખત રાંડે રાંડનાં રોદણાં કરે કે મારે કેમ વર્તવું તે મારા ધ્યાનમાં છે, આ નિર્માલ્યપણું છે. અબળાજાત નિર્માલ્યપણું ન દેખાડે તે જગો પર આપણે નિર્માલ્યપણું દેખાડીએ કે કોણ જાણે ક્યો વખત આવે, હવે કોઈક કહે કે પ્રતિજ્ઞા લઈએ પણ તૂટી જાય તો ? આકરૂં લાગશે, પણ ચમકશો નહીં

પચ્ચકખાણ ન લે તે પાપી, તોડે તે મહાપાપી તે ક્યારે બોલાય ?

ભાગીદારી કરતા જિંદગી સુધી તુટવાની નથી તેવો ભરોસો છે ? છતાં ભાગીદારી કરાય છે, મુનીમને બેઅદબીથી ન કાઢવો તે ધારણાથી

કંઈક એમાંથી ખરચશે, પણ સુધારક કે જૈનેતર એ ભાવનાવાળો નથી, નથી પરભવની માન્યતાવાળો. એ હોય છતાં કલ્યાણ થશે તે ભાવનાવાળો નથી, કહો કે ખળતામાંથી ઓછું કરવાનો નથી. ફુંકો કે રોડું એક ઓછું થવાનું નથી, મિથ્યાત્વીને ત્યાં બધા ફુંકા-ધન બધા રોડા-મકાન મળત, તમારા કરતાં મિથ્યાત્વીને ત્યાં બધા કે વધારે પૈસો ને ઘરહાટ મળતે, વારસો તમારે ત્યાં ઓછો મલ્યો, છતાં એ વારસો ત્યાં પણ મળત, તેમાંયે ત્યાં આવી વધારે શું મેળવ્યું? જીવ માનવો કે ન માનવો? પુણ્ય-પાપ સદ્ગતિ કે દુર્ગતિ, સ્વર્ગ કે નરક, માનવી કે ન માનવી, આમાં નાસ્તિક આસ્તિકનો મતભેદ હોય પણ મેળવેલું મેલવાનું છે, તેમાં નાસ્તિકને મતભેદ નથી. ત્યારે મેલવાની ચીજ એને મેળવવાનો વિચાર કરે છે, જે ચીજ અખંડ, કોઈ કાલે નાશ નહીં પામવાની, એવી ચીજ વારસામાં સોંપી જવાનો વિચાર કયો કર્યો?

દાનાદિ જ્ઞાનાદિ ધર્મો વિનાશી કે અવિનાશી?

કદાચ કહેશો કે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર નાશ નહીં પામવાવાલી ચીજ, અવિનાશી ક્યાં છે? દાન, શીલ, તપ કે ભાવ ધર્મનો એકે પ્રકાર અવિનાશી નથી, નાશ પામવાવાળા છે. દાનને અંગે વિચારીએ, તો દાન નાશ પામવાવાલી ચીજ, દાન પ્રવર્તિ રૂપ લઈએ તો ક્રિયાનો છેડો છે. દાનના ફળ તરીકે લ્યો તો દાનનું પુણ્ય ચાહે તે લ્યો પણ ભોગવી લે એટલે પુણ્યનો છેડો છે. છેવટે દાનશક્તિ ઉપર આવો, આત્મામાં ઉત્પન્ન થએલી દાનની તાકાત અવિનાશી નથી. નાશ પામવાવાલી છે. અવિનાશી માત્ર એટલું જ કે

औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः । तत्त्वार्थ. ૧૦-૪ ઈતિ તત્વાર્થે ઔપશમિકાદિક ભાવ ભવ્યત્વ, બધું ઊડી જાય. માત્ર રહે કેટલું? ચાર ચીજ જ રહેવા પામે. આ ચાર ચીજ સિવાય ઔપશમિકાદિક ભાવોમાંથી કંઈ રહેવા પામતું નથી તો દાન વિગેરેથી થએલી આત્માની લબ્ધિ સિદ્ધપણા વખતે રહેતી નથી, તેથી જ દાનાદિક લબ્ધિને ક્ષાયિક ભાવની છતાં સાદિ સાંત ગણી, દાનાંતરાયનો અર્થ માગનાર કુશળ હોય, દેવાની ચીજ હોય છતાં દઈ શકે નહિં, દાનની ક્રિયા અવિનાશી નથી તેથી થએલું પુણ્ય, અને તેથી આવેલી શક્તિ અવિનાશી નથી. તો અમે અવિનાશી કહેવાનો કેમ?

સિદ્ધો ચરિત્તી કે અચરિત્તી :

હવે શીલનો વિચાર કરીએ, સિદ્ધ મહારાજા नो चरित्ती नो अचरित्ती' ચારિત્રવાળા નહીં, અચારિત્રવાળા પણ નહીં, નહીં ચારિત્રવાળા, નહિં અવિરતિવાળા. ચારિત્રમાં મુખ્ય, પાંચે ચારિત્રોમાં જડમૂળ વ્યાપાર સ્વરૂપ કયું ચારિત્ર ? સામાયિક ચારિત્ર, તેમાં जाव ज्जीवाए ઉચાર્યું હતું તે ભવના જીવન સુધીની પ્રતિજ્ઞા હતી, મનુષ્ય ભવથી આગળની પ્રતિજ્ઞા જ ન હતી. જીવ એટલે જીવ લેવો. ભવ ન લેવો, તો દરેક ચારિત્ર લેનારા મોક્ષે ન જાય, તો ચારિત્રના ખંડક-તોડનારા બીજે ભવે મોક્ષે જાય તો ઠીક પણ ન જાય તો કોઈ પણ જીવને અપર્યાપ્ત અવસ્થામાં દેશવિરતિ પણ માનેલી નથી, તો બીજા ભવે ચારિત્ર લઈ જવાનો તે વાત બની શકે નહિં, તેથી જાવજ્જીવનો અર્થ ભવ પૂરતો હતો. તો સિદ્ધ થયા ત્યાં જાવજ્જીવ ક્યાં રહ્યો ? જો ભવ નથી રહ્યો તો પ્રતિજ્ઞા પૂરી થઈ. ઉપવાસ નવો ન પચ્ચખ્ખો ત્યાં સુધી પહેલા દિવસનો ઉપવાસ બીજે દહાડે ગણાતો નથી. તેમ પહેલા ભવનું ચારિત્ર, સિદ્ધિમાં ગણાય નહીં. તે અપેક્ષાએ સિદ્ધોમાં ચારિત્ર નથી. કેવળજ્ઞાન થયા પછી બીજા ભવમાં જવાનું છે જ નહીં, કેવળજ્ઞાન થાય ત્યારે યાવત્ જાવજ્જીવદ્રવ્ય સુધી ઉચરી લેની ? સિધ્ધના ભવમાં ચારિત્ર રહેવામાં અડચણ નહીં આવે, હજુ આપણે ચારિત્રનું સ્વરૂપ વિચાર્યું નથી. સિદ્ધપણામાં હિંસાદિક કરવાના નથી પછી વાંધો શો છે ? ખ્યાલ રાખજો ! આ પાંચનું નામ, એકલાનું નામ ચારિત્ર નથી, સર્વથા હિંસાદિકનો ત્યાગ તિર્યંચો પણ કરે છે. કેમ ? જે તિર્યંચો અણસણ કરે છે, તે તિર્યંચો અણસણ કરતી વખતે, સર્વથા હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહનો ત્યાગ કરે છે, શ્રાવકમાં પણ સમજુ શ્રાવકો રાત્રે સૂતી વખતે, આંખ ન ખૂલે ત્યાં સુધી સર્વથા અઢાર પાપસ્થાનકનો ત્યાગ કરે છે, પાંચ મહાવ્રતથી ત્યાગ કે ચારિત્ર આવી જતું હોય, તો તિર્યંચો, શ્રાવકો સૂતી વખતે ૧૮ પાપ સ્થાનકો વોસરાવે. અણસણ વખત ૧૮ પાપસ્થાનક વોસરાવે તેને ચારિત્ર કેમ ન માનવું ? પાંચ પાપસ્થાનક છોડવા માત્રમાં જો ચારિત્ર હોય તો તિર્યંચમાં પણ, ગૃહસ્થને પણ રાત્રે ચારિત્રવાળો છે એમ માનવું પડશે, અણસણ વખતે ૧૮ વોસરાવે તે પણ ચારિત્રવાળો છે, પણ તેને ચારિત્ર

આ શરીરના છોડા ઉતારવાના, અનંત કર્મ વર્ગણાના પુદ્ગલોના છોડા ઉતારવાનું લક્ષ્ય રહે તો ઝવેરીનો પુત્ર શીખવા બેઠો ગણાય.

જેને આત્મગુણોના વિકાસ ઉપર લક્ષ્ય નથી, તેવાના નવગ્રૈવેયક લાયકના ચારિત્રમાં નિર્જરા નથી, મિથ્યાત્વ અથવા મોહની જે ગ્રંથી વખતે અંતઃકોટાકોટિ સ્થિતિ છે, તેમાંથી હીન થાય નહીં, અનંતી વખત ચારિત્ર પાળો તો પણ તે ચારિત્ર આગળ તમારી ભગવાનની પૂજા કીસ ગણતરીમાં? પણ આ લક્ષ્ય હોય તો પૂજામાં નિર્જરા કરે. જગતમાં નિયમ છે કે, જાણ્યું તે મેળવવા માગે, જાણ્યું ન હોય તે મેળવવા શું માગે? જાણ્યા પછી સારૂં લાગે પછી તેની ઈચ્છા. પછી તેનો પ્રયત્ન કરે, પ્રયત્ન ન કરે તો મળવાનું ક્યાંથી? તેમ આત્માનું કૈવલ્ય સ્વરૂપ જાણ્યું ન હોય તો માને કયાંથી? માને નહીં તો સારું લાગે ક્યાંથી? અને ઈચ્છા પ્રયત્ન ક્યાં હોય, પ્રયત્ન ન હોય તો મળે જ કયાંથી? કોઈ પણ પદાર્થ જાણો, માનો, સારો ગણો, પછી ઈચ્છા થાય, પછી મેળવવાની પ્રવૃત્તિ કરો તો મળે તેમ સર્વ મતવાળા માત્ર જીવને જાણે છે, જીવ તો મેળવવાનો નથી અને જીવનું સ્વરૂપ જાણ્યું નથી. સ્વરૂપ ન જાણે ત્યાં સુધી સ્વરૂપ માને ક્યાંથી? ન જાણે માને ત્યાં સુધી ઈચ્છા થાય કયાંથી? પ્રયત્ન કયાંથી થાય? તો મળવાનું ક્યાં? વળી સમ્યક્ત્વ વગર ચાહે તેવી નાની કરણી છાર પર લીંપણ છે. જે આ નિસરણી બતાવી, જીવનું સ્વરૂપ, તેનું જ્ઞાન, જાણવું, માનવું સારું લાગ્યું, ઈચ્છા થવી, પ્રવૃત્તિ કરવી, મેળવવું, આ આખી નિસરણી નથી, તો એ પ્રાપ્તિ ક્યાં છે, મેડી દેખ્યા કરે, નિસરણી નથી પછી શું થાય? તેમ અંત્ય પુદ્ગલ-પરાવર્તમાં મોક્ષની ઈચ્છા થઈ, મોક્ષ જાણ્યો, માન્યો, સુંદર ગણ્યો, ઈચ્છા થઈ, પ્રવૃત્તિ કરી પણ નિસરણી વગર મેડાની પ્રવૃત્તિ કરવી નકામી છે. તેમ છેલ્લા પુદ્ગલપરાવર્તમાં મોક્ષ જાણ્યો, માન્યો, પ્રવૃત્તિ કરી છતાં આ નિસરણી આવી નથી. કોઈ પણ વસ્તુની ઈચ્છા, જાણ્યા માન્યા પછી થાય, જે નિસરણી કહી તે જ્યાં ન હોય ત્યાં કાર્ય સિદ્ધ થતું નથી. જો આત્માનું સ્વરૂપ જાણે માને, સુંદરતા સમજે, ને પ્રગટ કરવાની ઈચ્છા થાય, તેની પ્રવૃત્તિ કરે ત્યારે જરૂર સિદ્ધિ મેળવી શકે. દુર્ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વીઓ ઉપરના કારણોથી રહિત હોવાથી સિદ્ધિ મેળવી શકતા નથી.

ગુરુ અને દેવની સેવા કયાં સુધી કરવાની ?

આત્માને અનંત જ્ઞાનાદિક સ્વરૂપવાળો માની, તે માટે તેમની સેવામાં આ નિશ્ચય થાય તેને અંગે સમ્યક્ત્વ. સમ્યક્ત્વ ધોળો, પીળો, કાળો સુગંધી, સુંવાળો પદાર્થ નથી. આ વસ્તુ જીવાદિક તત્વોને તેના સ્વરૂપથી જાણો, નહીંતર નવે તત્ત્વો આખી દુનિયા માને છે, સ્વરૂપે માન્યતા નથી થતી, ત્યાં સુધી સાચી માન્યતા નથી કહેતા. જિન-સેવાથી, ગુરુભક્તિથી, કૈવલ્યની ઈચ્છા સમકિતીને હોય, સમ્યક્ત્વ વગર એ ઈચ્છા ન થાય. શાસ્ત્રકાર કહે છે કે **गुरुत्वं स्वस्य नोदेति,** પોતાનામાં ગુરુપણું, શિક્ષાની તન્મયતા ન આવે, ગુરુ રસ્તો બતાવે તે રસ્તે તન્મયપણે વધવું, પોતાનામાં ગુરુપણું ન આવે ત્યાં સુધી ઉત્તમ ગુરુની સેવા કરવી. સાથે આતમતત્વનો પ્રકાશ લક્ષ્યમાં રહેવો જોઈએ. આતમતત્વનો પ્રકાશ થાય તે વખતે આત્મપ્રકાશ ઝળકે. માત્ર વચન નહીં ઝળકે, આત્મા આપોઆપ ઝળકશે, જે વખતે તત્વ ઝળક્યું તે વખતે દેવ-ગુરુની સેવા દુષ્કૃત-પાપ તરીકે, જે વખત આત્મતત્વનો પ્રકાશ થઈ જશે, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વીતરાગ ક્ષીણકષાયી થાય તે વખતે ગુરુ-દેવની સેવા પાપરૂપે થશે. ચૂલે હાંલ્લા ચડાવીને રાંધતી બાઈ રંધાયું નથી ત્યાં સુધી અગ્નિ સળગાવે તો ડાહી. એની એ બાઈ રંધાઈ ગયું પછી અગ્નિ સળગાવે તો સળગાવવું એ જ ગાંડાઈ. જે સળગાવવામાં ડહાપણ હતું તેમાં જ ગાંડાઈ છે. નિષ્પ્રયોજન છે. ફળ થઈ ગયું પછી લાકડા સળગાવવાને લીધે ડાહી ગણાતી હતી તે જગો પર સળગાવે તો પણ ગાંડી ગણાય. તેમ અહીં પણ જે આત્મતત્વ પ્રકાશ માટે પ્રવૃત્તિ હતી, જ્યાં સુધી સર્વજ્ઞતા, વીતરાગતા ન આવી હોય ત્યાં સુધી જે દેવગુરુની સેવા નિર્જરા અને ભક્તિ તરીકે ગણાતી. તે જ ગુરુ-અરહંતની સેવા પોતાને સર્વજ્ઞાદિ ગુણો થયા પછી કરે તો આશાતના થાય. તું ગુરુમહારાજની, અરિહંતની ભક્તિ કર-એમ કહેનાર ગૌતમ-સ્વામી માફક આશાતના કરનાર થાય અને મિચ્છામિદુક્કડં દેવું પડે.

કેવલીને વંદન કરો એવા પ્રેરણાવચન એ આશાતના છે

તમને ધ્યાન હશે, કે ગૌતમસ્વામી મહારાજને ભગવાન મહાવીર ઉપર ભવાંતરોનો રાગ છે. તેને અંગે કહેવામાં આવ્યું છે કે-**चिरसंसिट्ठिओसि गोयमा !** હે ગૌતમ ! તું મારી સાથે ઘણા ભવોનો

સંસર્ગવાળો છે, પરિચયવાળો, સંબંધવાળો છે. ઘણા ભવોનો પરિચય-સંબંધ હોવાને લીધે તારો મારા ઉપરથી રાગ ખસતો નથી, વીતરાગ-પણાનો રાગ જોડે છે, પણ તે સાથે આ છે. સાધ્વીપણાની બુદ્ધિ સાથે નગીનભાઈની છોકરીપણાની બુદ્ધિ હોય છે. તે ઘરમાં હતે તો એટલો સત્કાર નથી, એમ અહીં તીર્થંકરપણાનો રાગ તેમ સાથે ભવાંતરનો પણ રાગ છે, તેને અંગે ગૌતમસ્વામીજીએ સાંભળ્યુ કે આમ ભવાંતરનો રાગ છે, તો મારૂં થશે શું ? ગૌતમસ્વામીને નિશ્ચય થએલો કે, મરૂં ત્યાં સુધી આ રાગ ખસવાનો નથી, એટલો મને રાગ છે કે મરી જઉં તો પણ મને રાગ નહીં છૂટે. મને બાળશે ત્યારે મારી ચિતામાંથી રાગ નીકળશે, તો મારૂં શું થવાનું, રાગ છૂટતો નથી અને મોક્ષની આકાંક્ષા જબરજસ્ત છે. ગૌતમસ્વામી સરખા ગણધર આમ ગણધર મહારાજા મોક્ષે જવાના છે તે નક્કી છે, છતાં નક્કી કરવા અષ્ટાપદ ચડ્યા છે, શું ગણધરપણામાં મોક્ષ ન હતો ? ગણધર ચરમશરીરી નક્કી હોય, તે શાસ્ત્રથી તથા ગણધર પદવીથી મોક્ષ થવાનો હતો, છતાં અષ્ટાપદ પર્વત પર ચડી નક્કી કરવાનું કામ શું ? ભગવાન મહાવીરના ફરમાવવાથી જાણતા હતા. હે ગૌતમ ! જે જમીન ઉપર ચાલનાર મનુષ્ય આત્મલબ્ધિથી અષ્ટાપદની જાત્રા કરનાર તદ્ભવ મોક્ષે જાય, તો કે હું જાઉં ? ગણધરપદ શાસ્ત્રથી નિશ્ચય છતાં વલોપાત કેમ ઉઠ્યો ? વસ્તુસ્થિતિમાં આવો ! કાપીને મને કટકા કરે તો ! વીર ! વીર શબ્દ નીકવાના છે. આટલો મને રાગ છે અને મોક્ષની પરમ આકાંક્ષા છે. વીર વગર ન રહી શકું, આ મારો રાગ છૂટવાનો સંભવ નથી અને તેથી કેવળ થવાનું નથી, અને ગણધર હોવાથી કેવળ થવાનું છે, તો અષ્ટાપદજી ગયા ત્યાં અન્ય-મતીની ત્રણ તાપસ ટુકડીઓ ઋષભદેવજીને પરમ પરમાત્મા માનનારા હતા. નહીંતર અષ્ટાપદજી પર શું હતું કે, એટલી તપસ્યા કરી ચઢવા માંગતા હતા. ઋષભદેવજી ભગવાન બાવાજી, તેમની સાથે બાવાને હતું શું ? કહો કંઈ ચોટ હતી, તેથી કેટલાક છઠ્ઠ-અઠ્ઠમ કરી ઉપર ચઢવાના નિશ્ચયમાં આવેલા. એમને લબ્ધિ થઈ ને કોઈ એક, કોઈ બે પગથીયા ચડ્યા, પણ તે લબ્ધિ થતા પાડકાં ઓગળી ગયા. છતાં બાવાજીને ચઢવાની બુદ્ધિ બદલાઈ નથી અને તેને જ અંગે ગૌતમસ્વામીને દેખીને શું વિચારે છે, ગુરુજીને લાકડા થઈ ગએલા હોએ છતાં જવાનું નહીં, તો આ હૃષ્ટપુષ્ટ ગૌતમસ્વામી શું જવાના ? આમ [illegible] ભેગા થયા ત્યારે, અકળાએલા બાવાઓ દેખતા સાથે વિચારે

છે, અમે ચઢી શકતા નથી તો આ શું ચઢવાના? છતાં ગૌતમ-સ્વામી ચઢ્યા.

વજસ્વામીને વૈરાગ્ય કેમ થયો?

વજ્રસ્વામીનો જીવ–તિર્યક્જૃંભકદેવને પ્રતિબોધ કર્યો અને વજ્રસ્વામીએ જન્મતા જ જયજયકાર કર્યો. જન્મની સાથે સર્વવિરતિની બુદ્ધિ થવી, તીર્થંકરોને પણ શક્ય નથી. તે પણ શામાં? પથરાના ઢગલામાંથી, પથરો હીરો થઈ કેમ મળ્યો? જે વખત વજ્રસ્વામીના પિતાએ દીક્ષા લીધી છે, અહીં વજ્રસ્વામીની માતા સુવાવડમાં હતી. જન્મ સાથે ત્યાં આગળ બાયડીઓ સામાયિક, પોસા કરનારી ને મરણ થયું હોય તો બરાબર રોતા કકળતા ન હોય તો પોતે માસ્તર બને, આંખમાં આંસુ પણ છે, કૂટવાના માસ્તર બને, એના એ જ સામાયિકના માસ્તર; તે જ કૂટવાના માસ્તર, રોવું ન આવે તો રોવડાવે, સમજુ હોય ને સમજે તો નાનો છોકરો હિતૈષી દેખે ત્યાં રૂવે, બજારમાં પડી જાય, છોલઈ જાય, પણ બાપ કે મા દેખી પોક મૂકે. દાદ સાંભળે ત્યાં દાદ ગવાય, તો પછી મર્યા પાછળ રોવાય તો કોની પાસે દાદ લેવાય છે તેનો પત્તો છે? મરી ગયો તે રોવું, કૂટવું, છાજીયા દેખતો નથી. કોની પાસે આ દાદ છે? કુટુંબીઓને કરાર થયો છે કે અમારે એક વખત રોવું, ચાહે ઉભે કે આડે પગે જઈશ તો અમે રોઈશું, ઉભે પગે જાય તો ઘરના રૂવે, આડે પગે જાય તો નાત રૂવે, પરગામના આવી મોકાણ માંડે છે, દીક્ષા લે તો નજીકના ઘરના રોવે, પેલાનાં મરણમાં આખી નાત રૂવે પણ કરાર થયો છે, કે અમારે તારે માટે રોવું ખરૂં, ચાહે રાજીનામું દઈશ, ચાહે રજાથી જઈશ તો પણ રોઈશું, દાદ સાંભળે તો છોકરું રૂવે છે. તેના કરતાં નપાવટ થઈ રૂવે તો, કરાર કરેલો હોવાથી રૂવે છે, એ જ વજ્રસ્વામીના જન્મ વખતે બાઈઓ એકઠી થઈ છે, વાતો કરે છે, જો આના બાપે દીક્ષા ન લીધી હતે તો, પુત્ર જન્મનો ઓચ્છવ કરત, જન્મનો ઓચ્છવ થાત, ધનગિરિએ દીક્ષા લીધી તેમાં પડોશીને ઘેર પોક. ધનભાગ્ય કે આત્મકલ્યાણમાં કટીબદ્ધ થયો, ગર્ભવતી નિરાધાર બાઈને છોડતા રાગ ગણ્યો નહીં, બાઈઓને એ ન આવ્યું, ત્યાં મળેલી બાઈઓએ એકઠી થઈને એક જ શબ્દ કહ્યો, પારોશણોએ લગ્નની ચાર

ઉપાધિરૂપ અનર્થોને દૂર રાખનાર ધર્મરત્ન. એની કીંમતી આત્માને આવતા અનર્થોથી બચાવવા ઉપર ધર્મની કીંમત છે, તેથી અનર્થ હરણ કરનારા જગતમાં રત્નો છે, તેથી રત્નની ઉપમા દેવી છે, તેથી તે સમાન અહીં બની શકશે નહીં, સામ્યનું કથન ન હોવાથી, અહીં ધર્મ અને રત્નમાં જે સરખાવટ તે તો અહીં જણાવી છે, ધર્મ અને રત્ન અનર્થ હરણ કરનાર છે. સરખાવટ જણાવવાથી સમાસ નહીં થાય. પણ મયૂર–વ્યંસકાદિમાં સમાસ થશે. તેથી धर्म एव रत्नं ધર્મ જ રત્ન. તે કેમ? જે મનુષ્ય વસ્તુની કિંમત સમજે ત્યારે તેના મનમાં એ જ વસી રહે, બીજી વસ્તુ—અહીં જેને ધર્મરત્ન સમજાયું, બીજાને અંગે રત્ન શબ્દ વાપરવાનું ન થાય, ધર્મ એ જ રત્ન ગણનારો, દુનીયાના રત્નને પથરા ગણે. તેમાં દૃષ્ટાંત જણાવ્યું કે—

અનાર્ય રાજા ધર્મરત્ન પામ્યો :

એક શ્રાવક ઝવેરી છે. પ્રાચીનકાલમાં દેશ–દેશાંતરોથી માલ લેવાવાળાની આવક–જાવક થતી હતી. શ્રાવકને ત્યાં અનાર્ય દેશનો રાજા, નામ સાંભળી આવ્યો છે, ત્યાં શ્રાવક અને રાજા વાત કરી રહ્યા છે, એવામાં રાજા ઝરૂખામાં ઉભેલા હોવાથી લોકના ટોળેટોળાં ક્યાં જાય જાય છે? એમ પૂછયું, પહેલો કહે છે કે રત્નનો વેપારી બહાર આવ્યો છે ત્યાં જાય છે. તમારે ત્યાં આવેલો વેપારી પ્રશ્ન કરે તો કયો ઉત્તર દ્યો? અનાર્ય રાજા આગળ જે આ શબ્દ બોલાયો હશે તેનું અંતઃકરણ કઈ સ્થિતિનું હશે? હવે પેલો રાજા કહે છે—ચાલો આટલા બધા જાય છે તો આપણે પણ જઈએ. રત્ન બે પ્રકારના છે, પત્થર રત્ન, પત્થરની જાતના, અને પત્થરના ભાઈ પત્થર વાગે તો લોહી નિકળે, તે રત્ન વાગે તો પણ લોહી નિકળે, એક તો રત્ન. પત્થરના ભાઈ. એક રત્ન ઝળહળતા ચેતનમય રત્ન છે, ચેતન રતન ઝગઝગે એવું રતન, એવા રતનવાળો વેપારી બહાર આવ્યો છે. તેમાં જિનેશ્વરનું વર્ણન જણાવ્યું, જગતના રત્નો દુર્લભ હોવાથી કીંમતી. આ ગુણને લીધે જ કિંમતી, એમની પાસે, રત્ન એવા કે, જે રત્નો આપો ને તેની પાસે ખૂટે નહીં, આપણે બીજાને આપીએ તો પણ ખૂટે નહીં. બીજા રતન આપતાં વેપારીને ખાલી થવું પડે. આ રત્ન આભૂષણમાં જડવાનું, ત્યારે આ રત્ન આત્મામાં આવેશના–આરોપણના [illegible]. પરિણામમાં મહાવીર પાસે ગયો, પ્રતિબોધ પામ્યો

ને અનાર્ય રાજાએ દીક્ષા લીધી. અનાર્યે રત્ન સમજી દીક્ષાધર્મરૂપી રત્ન ગ્રહણ કર્યું. તો સમજુ માટે શું કરવું? માટે ધર્મ તેજ રત્ન. પહેલાં આ બુદ્ધિ આવવી મુશ્કેલ, ઉપમિતિમાં કહેલો દ્રમક-મારૂં આ ભોજન જાય નહીં અને વધે. કુભોજન વધારે તેમાં જ આનંદ, પૌદ્ગલિક સંયોગનું રક્ષણ-વૃદ્ધિ થાય તો જ ધર્મ, કુભોજન જેવા સંયોગમાં વૃદ્ધિ-રક્ષણ ન થાય તો દ્રમકને આનંદ આવતો નથી, તેમ આ જીવ રૂપી દ્રમકને પૌદ્ગલિક સંયોગો તત્ત્વરૂપ લાગ્યા છે, તેના માટે જ રાતદિવસ ચિંતવન, તે માટે તે જ દ્રમક આગળ જતા સમજ્યો છે. તે પહેલા નંબરે ભાજન ધોઈ સાફ કરી નાખ્યું છે. જ્યારે ધર્મરત્નની ખરી કીંમત સમજશે ત્યારે જ ખ્યાલ આવશે કે આ બધું શું છે? ક્ષણવાર પણ સંઘરવા લાયક નથી, માટે ધર્મ એજ રત્ન છે. તે માટે ધર્મ એજ રત્ન છે એવી બુદ્ધિ હોય તેવાઓ ગ્રંથને અંગે અધિકારીઓ છે. તેવા મનુષ્યોએ પ્રથમ પોતાના આત્માને કંઈક લાયક બનાવવો જોઈએ. ઘી લેવા જવાવાલાએ પ્રથમ તપેલી લેવી પડે છે, તેમ ધર્મ રત્નની ઈચ્છા હોય તેઓએ ૨૧ ગુણરૂપી ભાજન લેવું જોઈએ, ઠામ વગર ઘી લેવા આવે તો ઠામ ન દેખે ત્યાં સુધી ઘી લેવા આવ્યો છે તેમ માનો નહી, તેમ ૨૧ ગુણો ન હોય તે ધર્મત્ન લેવા તૈયાર થએલા ન ગણાય, માટે શાંતિસૂરીજી મહારાજ ધર્મરત્નને લાયક, તે મળવાની વાર હોય તો પણ તેને લાયક કોણ? ૨૧ ગુણવાળો હોય તે. તેમાં પહેલો અક્ષુદ્ર ગુણ કોને કહેવો ને તે આવવો કેટલો મુશ્કેલ છે તે અધિકાર અગ્રે વર્તમાન.

*

પ્રવચન ૪૨ મું

શ્રાવણ વદી ૫ (પંદરનું ઘર) મહેસાણા

શાસ્ત્રકાર મહારાજા શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથ રચતાં થકાં જણાવી ગયા કે આ સંસાર સમુદ્રમાં રખડતાં રખડતાં આ જીવને મનુષ્યભવની પ્રાપ્તિ થવી દુર્લભ હતી. જંગલમાં ભૂલો પડેલો, પગ વગરનો, મૂંગો, બહેરો, આંધળો, દારૂડીયો એ રસ્તો કેવી રીતે મેળવે? પગે અપંગને, મૂંગાને, આંધળાને, બહેરાંને, દારૂના

ઘેનમાં છાકેલાને, માર્ગની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે, તેવાને ભવિતવ્યતાના જોરેજ માર્ગની પ્રાપ્તિ થાય છે. મનુષ્યપણું શું તેના ગુણો ફાયદા વગેરે તેની સમજણમાં ન હતું, તેથી તે તરફ ડગલા ભરે શાનો? વસ્તુ જાણી હોય, સારી ગણી હોય તો તે તરફ કાંઈ પણ પ્રયત્ન કરે, અનાદિથી તિર્યંચની ગતિ, તેમાં મનુષ્યપણાનો ખ્યાલ ન હતો તો તેનું સ્વરૂપ, ફળ, સુંદરતા, ઈચ્છાનો અંકુરો પણ ક્યાંથી થાય? ઈચ્છા વગર ઉપાયો શું કરવા કરે? આવી સ્થિતિ હતી તો પગે અપંગ હતો, એમ કહેવું જ પડે, માર્ગે આવનારાને પગની મજબૂતી જોઈએ, તેમ મનુષ્યભવમાં આવનારાને, સાવચેતી પૂરી જોઈએ. હજુ પણ જેમ માર્ગે આવેલો ભૂલો ન પડે તેવું રજીષ્ટર નથી. અહીં પણ આપણું મનુષ્યપણું મેળવી લીધું. મેળવેલાને પણ શાસ્ત્રકાર દુર્લભ કહે છે, તે દુર્લભ, વાંદરાને દારુ પાવા માટે કહ્યું નથી. નારકીમાં ક્રોધનો કટકો, તિર્યંચમાં માયા, દેવતામાં લોભતો દરિયો, મનુષ્યની ગતિમાં સ્વભાવે માનનું માંકડાપણું હોય, જગતમાં ન મળે તેવું તને મલ્યું તો તે ઘણું સારૂં થયું. વઢકણી વહુએ દીકરો જણ્યો પછી બાકી ન રહે, તેમ મનુષ્ય મૂળમાં માનનું માકડું, તેને કહેવામાં આવ્યું કે, જગતમાં દુર્લભ તેવી વસ્તુ તને મલી, પણ માન કરવા માટે દુર્લભ નથી જણાવ્યું.

જૈનશાસનના જુગારી અને શાહુકાર કોણ?

અત્યારે સાધવું હોય તો સાધી લે, આમાં વાયદાનું કામ ચાલે તેમ નથી. કાલાન્તરે માલ મળી શકે તેનો વાયદો હોતો નથી, ખરેખર જુગારની જડ વાયદો, સરકારે બચાવ રાખ્યો છે કે, જેમાં માલની લેવડ-દેવડ હોય તે જુગાર ન ગણવો, પણ એક મીલના બે હજાર શેર છતાં, પાંચ હજાર શેરનો વાયદો કરે તો જુગાર. મૂળમાં બે હજાર છે, તો પાંચ હજારની લેવડ, દેવડ શા ઉપર? કહો કે માલ વગરની લેવડ, દેવડ, તેનું નામ જુગાર. જુગારની જડ કઈ? માલની માલિકીના નિયમ વગર જે વાયદો કરવો. અહીં મનુષ્યભવમાં આવ્યા છો અને વાયદો કરો કે આવતે ભવે વાત, જિનેશ્વરના શાસનમાં પણ જુગાર રમવા બેઠા છો? અહીં મનુષ્યભવનો માલ તારા હાથમાં છે. જ્યારે તે માલ તારા હાથમાં નથી તો શા ઉપર વાયદો કરે છે? આવતે ભવે વાત, આ ભવમાં કંઈ થાય તેવું નથી. જૈન શાસનના જુગારીઓ આ વાક્ય બોલે છે, શાસનના શાહુકારો આવું બાનની

વાત કરે, આ વાત ખ્યાલમાં લેશો! જેઓ આવતા ભવે કરીશું તે વાયદો કરનારા જૈન શાસનના જૂગારી છે, પણ શાસનના શાહુકાર નથી. આ સમજશો ત્યારે ધર્મદાસ ગણીએ જણાવેલું વચન ગળે ઉતરશે, અત્યારે જૈનધર્મની પ્રાપ્તિ થઈ છે, તેને અંગે ઉદ્યમ કરવો નથી, તેને અંગે આળસ મોખરે ચઢે છે, કુટુંબાદિકની મમતા મોં મચકોડાવે છે અને પ્રાપ્ત થએલા ધર્મને સફળ કરતો નથી. 'તીર્થંકર ભગવાનનો સમય હોય, અવધિ, મનઃ પર્યવ, ચૌદ પૂર્વધરો વિચરતા હોય ત્યારે આત્માને તારીશું.' આમ કહેનારા ઘણા નીકળશે, પણ વિચારવાની જરૂર છે કે, આ અવસ્થામાં આરાધતા નથી તો, તીર્થંકરાદિકનો સંજોગ, રસ્તામાં પડયો છે ખરો? કઈ કીંમતે મળવાનો 'હાથ નહીં કોડી ને ઉભી બજારે દોડી' તે દોડે તેમાં વળે શું? તેમ આ ભવમાં મળેલો ધર્મ-સંયોગ સફળ કર્યો નથી, છેવટ્ઠા-સંઘયણ પ્રમાણે પણ ઉદ્યમ કર્યો નથી, પછી કઈ કીંમતે પામવાનો? બજારમાં માલ લેવા જવું હોય તો ખીસામાં પૈસા રાખવા પડે, તેમ તીર્થંકર, પૂર્વધર, ગણધરનો સંયોગ જોઈએ તો તે માટે પુણ્યનું ખીસું ભર, અત્યારે આરાધન નહીં કર્યું હોય તો ખૂદ તીર્થંકર, કેવલી, મનઃ-પર્યવજ્ઞાની, અવધિજ્ઞાની મળશે તો પણ અંતે મોચીડા ને મોચીડા. આપણે તે સંયોગોમાં કંઈ પણ લાભ મેળવી શકવાના નથી. શાસ્ત્રકારની વાત એક બાજુએ રાખીએ ને દુનીયાદારીનો વિચાર કરીએ. શહેનશાહનો ઢંઢેરો આવ્યો, શેરીફે વાંચ્યો, સભામાં એવા નીકળતા નથી પણ કોઈ એમ કહે-શહેનશાહ હોય, તે વાંચે તો આ ઢંઢેરો માનીએ, એ માણસની કઈ સ્થિતિ થાય? શહેનશાહે કહ્યો અને શહેનશાહ પોતાને મોઢે કહેતો જ કબૂલ, નહીંતર હું વર્તવાને બંધાએલો નથી.-આમ કહેનારની શી વલે થાય? તો પછી અહીં સર્વજ્ઞ ભગવાને જે શાસન થાપ્યું, ગણધર મહારાજાએ તીર્થંકર મહારાજ તરફથી ઢંઢેરો બધે મોકલ્યો છતાં, તેના ઉપર જેને ભરોસો નથી, તે કહે કે તીર્થંકર જાતે આવી કહે તો માનું, તો તે વગર ભાડાની કોટડી-જેલમાં જાય, તેમ સર્વજ્ઞ ભગવાને ગણધર દ્વારાએ, ઢંઢેરો મોકલ્યો, તે તો હીસાબમાં નથી. શહેનશાહ મળે તો જ મારે કબૂલ,-એમ કહેનાર ગુન્હેગાર જ બને છે, તેમ જિનેશ્વરનું શાસન વિદ્યમાન, શાસ્ત્રો હાજર છતાં, હમણા કાંઈ નહીં, ભગવાન મળે ત્યારે વાત, તે કહેનારા ભગવાનના શાસનની અવજ્ઞા કરનારા ને

દુર્ગતિમાં જનારા સમજવા. તેમ ભગવાનના શાસ્ત્રો તથા શાસનને વફાદાર રહી તેમાં કહેલી ક્રિયાનો અમલ કરનાર કેવળી, તીર્થંકર, પૂર્વધર, ગણધરના સમાગમમાં આવી શકે છે.

પ્રભુ દેશના સફળ ક્યારે ગણી ?

જેઓ એમ કહેનારા છે કે ભગવાન મળશે ત્યારે ધર્મ કરીશું. આપણા નસીબમાં ફક્ત એમનાં વચનો જ છે. એમનું વિતરાગપણું, સર્વજ્ઞપણું, એમના આત્મામાં રહેવાનું છે. આપણી આંખે આવવાનું નથી. તો તીર્થંકર મહારાજની વખતે, આખું જગત એક સરખું થઈ જતે, આખું જગત દૂર રહ્યું પણ તીર્થંકરનું ઘર પણ એક ન થયું. ગોશાળો ભગવાનના સંબંધવાળો છદ્મસ્થ અને કેવલીપણામાં બન્ને સંબંધવાલો છે, જમાલી પણ સંસારી અને છદ્મસ્થ તથા કેવળીપણામાં સંબંધવાળો છે, પછી તેના આત્મામાં ભગવાનનું સર્વજ્ઞ અને વીતરાગપણું કેમ ન વસ્યું ? વિચારજો ! સર્વજ્ઞની હાજરીમાં પણ ભવ્ય જીવો લાભ મેળવી શકે તો તે કેવળ વચન દ્વારાએ જ, વચન સિવાય તીર્થંકર મહારાજની હાજરીમાં બીજો લાભ મેળવવાના નથી, પ્રાતીહાર્યો અતિશયો દેખી શકશો, પણ વીતરાગના વચનથી ક્રિયા કરી પહેલા ભવમાં તૈયાર નહીં થયા હશો તો તેમના અતિશયો, પ્રાતિહાર્યો દ્વેષ ઉત્પન્ન કરાવનાર થશે. જુઓ આ લુચ્ચાઈનો પાર છે, લોકોને ભરમાવવાનો કેવો ધંધો છે ? ગોશાળો શું બોલતો ? મહાવીર વીતરાગ પરમાત્મા જો હોય તો લોકોને ભેળા કરવાનું કામ શું હતું ? કેવળજ્ઞાન થયા પછી ભગવાન મહાવીરે પ્રથમદેશના આપી તે માત્ર કલ્પ છે, તે ધારી થોડી મુદત દેશના થવી જોઈએ, તેથી ઋજુવાલુકાએ સમવસરણમાં અલ્પદેશના દીધી. જો દેશના બરોબર આપે તો કહેનારા મળત, કે 'ગધેને ખાયા ખેત ન પુન્ય ન પાપ' ભગવાને દેશના ઘણી દીધી પણ ફળ શું બેઠું ? સર્વજ્ઞોની દેશનાનું ફળ કયું ? પાપ બંધ થાય, પાપને પાપ જાણે, પાપને પાપ તરીકે માને તેવું સમ્યગ્જ્ઞાન ને દર્શન થઈ જાય તો પણ સર્વજ્ઞની દેશનાના ફળ તરીકે ગણાય નહીં. ફળ હોય તો મહાવીરની દેશના નિષ્ફળ હતી જ નહીં. કોઈ જીવો સમ્યગ્દર્શન ને જ્ઞાન પામ્યા છે, પહેલી દેશનામાં સમ્યગ્દર્શન ને જ્ઞાન કોઈ જીવો પામ્યા છે, છતાં દેશના ખાલી ગણાઈ, કારણ? અના-

જમાંથી ભલે ઘાસ થાય છે, પણ અનાજ ન થાય તો દુકાળ કહેવાય છે. અનાજ વાવ્યું ને માત્ર ઘાસ થયું તો દુકાળ કહેવાય છે. અનાજ ન ઉગવાના હીસાબે દુર્ભિક્ષ કહીએ છીએ, કારણ? ચાહે જેટલું ઘાસ ઉગ્યું, પણ ખેતી અનાજના હિસાબે કરેલી, તેથી ઘાસ થયા છતાં અનાજ ન થયું હોવાથી દુષ્કાળ કહીએ છીએ. તેમ ભગવાને દેશના દીધી, તે દુનીયાને પાપથી પાછા હઠવા માટે હતી, તેથી પાપને જાણનારા, માનનારા થયા છતાં, દેશનારૂપી અમોઘ વરસાદનું ફળ તો આવ્યું નહીં. પાપની વિરતિરૂપ–પાપ ત્યાગ કરવારૂપ જે ફળ તે ન આવવાથી પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. નિષ્ફલ માનવાથી આશ્ચર્ય ગણ્યું.

પ્રથમ દેશના ટૂંકાવી કેમ !

કેટલાક લોકો આશ્ચર્ય શબ્દથી, હું મુંગો છું એવા વાક્યની પેઠે, વદતો વ્યાઘાત ગણે છે. ન બનવાનું બન્યું, આવું બોલીએ છીએ તેથી. ત્યારે 'અનંતી ઉત્સર્પિણી ને અનંતી અવસર્પિણીમાં જે ન બન્યું તે બન્યું, તે આશ્ચર્ય.' આપણે ત્યારે કહીએ કે ન બનવાનું તો બન્યું ન કહેવાય, પણ આશ્ચર્યનો અર્થ કલ્પસૂત્રમાં સાંભળો છો છતાં તે સૂત્ર કઈ રીતે સંભળાતું હશે? તે કહી શકાતું નથી, 'અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી જાય ત્યારે, આવો બનાવ કોઈ વખત બને તેનું નામ 'આશ્ચર્ય.' 'ન બનવાનું બને તેમાં આશ્ચર્ય નહિં' એ અપેક્ષાએ તીર્થંકરની પ્રથમ દેશના પાપ છોડાવ્યા વગરની થાય તો, આશ્ચર્ય કહેવાય નહીં. આશ્ચર્ય ગણ્યું હોવાથી નક્કી માનવું પડે કે, પ્રથમ દેશના પાપનો પરિહાર કરવા વગરથી હોય નહિ. અનંતી ચોવીસીઓ ચાલી ગઈ, તેમાં આદ્યદેશના સમયે પાપનો પરિહાર કરનાર કોઈ ન હતો, તેથી કેઈ જીવોને સમ્યગ્દર્શન, જ્ઞાનનું કારણ હતું છતાં પોતે જ નિષ્ફળ ગણી. શાથી? પાપનો પરિહાર ન થયો તે માટે, પાપનો પરિહાર કરનાર કોઈ તૈયાર ન થયો, તેથી દેશના સંકોચી, કલ્પ પૂરતી દેશના દઈ બંધ કરી. પહોર દેશના દેવાની, તે પહોર સુધી ન દીધી, કલ્પને અંગે અંતમુહૂર્ત દેશના દઈ ચાલ્યા. સર્વજ્ઞ વીતરાગ તેઓ પણ પાપનો પરિહાર થતો ન દેખે તો દેશના બંધ કરી દે. જો દેશના બંધ ન કરે તો, તે દેશના દીધાનું તત્ત્વ શું? ફોગટ ગળું ફુંકાવ્યું તે પણ સર્વજ્ઞને લાંછન છે, માટે સર્વજ્ઞ પ્રભુએ પાપનો પરિહાર થતો ન દેખ્યો તેથી દેશના સંકોચી લીધી.

જીવની શ્રદ્ધાવાળા જ છે, વિનયરત્નને જયણાની બુદ્ધિ જ ન હતી. તેમ **पढमं नाणं तओ दया** શા માટે મૂકયું ? શાસ્ત્રકારે જયણાનો જયકાર બતાવ્યો, તેમાં વાદીએ ઝાંખરૂં વળગાડયું હતું, એ ઝાંખરૂં કાઢી નાખ્યું. જયણાવાળો જ્ઞાન દર્શન વગરનો હોય નહીં, પહેલાં જ્ઞાન થાય પછી જયણા થાય, શ્રાવકનું નાનું બચ્ચું કીડીથી ચમકે છે, કયારે ? કીડીને જીવ માને છે એવું જ્ઞાન થયું છે પછી કીડીથી ચમકે છે. એ બચ્ચુ કીડીના જીવથી ચમકે છે અને અનંત જીવમય અનંતકાયથી નથી ચમકતું, કહો તેનું જ્ઞાન નથી, તો ચમકે છે, ત્યાં જ્ઞાન જરૂર છે. નાના બચ્ચાંઓ કીડીના જ્ઞાનવાળા છે, તો જે મહાનુભાવો છકાયની જયણા પાલે છે, તે જરૂર જ્ઞાન અને છકાયની શ્રદ્ધાવાળા છે, જયણાથી ચાલે યાવત્ બોલે છે. તે છકાયના જ્ઞાન અને શ્રદ્ધાવાલા છે. તેથી **एवं चिट्ठइ सव्वसंजए** જયણા કરનારાઓ તમામ સાધુઓ, જ્ઞાનવાળા અને દર્શનવાળા છે, આથી જયણા આવી ત્યાં તે આવેલા જ છે. ત્રીજુ પાદ કહ્યું કે—**अन्नाणी किं काही** ? અજ્ઞાની શું કરશે ? જો જીવાજીવના સ્વરૂપથી અજ્ઞાત હોય, પાપથી અજ્ઞાત હોય તો અજ્ઞાની કરે શું ? એ વાકય કહી આપે છે કે, કરે છે તે જ્ઞાની છે, નહીંતર **अन्नाणी किं काही** ? એ કહેવાનો વખત ન હતો. જયણા કરે તેનું ફળ શું ? એ બોલવું જોઈતું હતું, **अन्नाणी किं काही**, જો અજ્ઞાની હતે, જીવાદિકની શ્રદ્ધા-જ્ઞાન ન હતે, તો જયણા કરત શાનો ? કહો કે જયણા કરવા દ્વારાએ જ્ઞાન-દર્શન સિદ્ધ કરે છે.

મનુષ્યપણા સુધી ઊંચે આવ્યા તે કોને આભારી ?

આગળ ચોથા પાદમાં એની એ જ વસ્તુ જણાવે છે. આપણે ક્રિયાના દુશ્મન, કે જ્ઞાનનું નામ લેતા ક્રિયાને ઉઠાવી દઈએ છીએ, જો અજ્ઞાની હોત તો જયણા કલ્યાણ કરનારી છે, માટે જયણા કરૂં આ સ્થિતિમાં આવત શાનો ? જયણાને જાણી શી રીતે ? કોઈકને 'દુધ લાવ' તો આપોઆપ સાથે ભાજન લાવવાનું જ છે, ભાજન વગર દશ શેર દુધ આવતું જ નથી દુધનો ઓર્ડર આપવાથી ઠામનો ઓર્ડર આપોઆપ થઈ ગયો. જયણાને અંગે જીવનું જ્ઞાન અને શ્રદ્ધા આવી જ ગઈ, તે માટે જ્ઞાનનું નિરૂપણ કર્યું, તેથી એ ગાથા પછી શું જણાવ્યું કે જ્ઞાન ન હોય તો સંજમ નકામું, એ જણાવવું હતું. જે જીવને, અજીવને જીવાજીવને જાણે, તે જ સંજમ જાણી આચરે છે,

સંજમ જાણનારો જરૂર સંજમ આચરનારો હોય. આ વાત पढमं नाणं तओ दया એ વાક્ય પર લીધી છે. ત્યાં જ્ઞાન સમજી લેવું, જ્ઞાન વગર દયા હોય નહીં. जया जीवे. જ્યારે જીવ અજીવ જાણે, ત્યારે બંધ-મોક્ષ બધું જાણે. પુન્ય પાપ બંધ મોક્ષ જાણવામાં આવેલા જ છે, દેવતાઈ ભોગોથી કંટાળેલો છે તેથી જ ત્યાગી થએલો છે. અધ્યયન પ્રકરણ સંબંધ દેખવાં નથી, ક્રિયાને કાઢી મેલવા માટે જેને એક જ પાઠ કહેવું છે, તેમાં અર્થ પૂરો નથી પકડવો. ततः શબ્દ શા માટે કહેલો છે? प्रथमं ज्ञानं ततो दया, જ્ઞાનથી દયા એટલું જ કહેતે તો ચાલતે, પણ જ્ઞાન ન હતે તો દયામાં પ્રવૃત્તિ થાય નહીં. पूर्वकालिनं ज्ञानं ज्ञानजन्या च दया एषा એટલે પૂર્વકાલનું જ્ઞાન અને આ દયા જે છે તે જ્ઞાનજન્યા છે, તેથી બીજા પાઠમાં एवं चिट्ठइ सव्व संजए ને ત્રીજામાં વળી अन्नाणी किं काही એમ કહ્યું. જો આમ છે તો મનુષ્ય બન્યા કેમ? જો જ્ઞાનથી જ બધું થાય તો અહીં મનુષ્ય થયા શી રીતે? અજ્ઞાની હોય તો પણ જેટલું કર્મ તોડે તેનું ફળ તો મેળવે જ, અજ્ઞાનપણામાં વગર ઈચ્છાએ જે દુઃખ ભોગવે તેનું ફળ જરૂર મેળવે, અજ્ઞાનદશામાં, સૂક્ષ્મ એકેન્દ્રિય, અસંજ્ઞી પંચેદ્રિય, સંજ્ઞી પંચેદ્રિયજાનવરમાં, મનુષ્યપણાની ઉત્તમત્તા, મનુષ્યપણાના શુભ કર્મો કરે એ જ્ઞાન હતું જ નહિં, તો અજ્ઞાનપણામાંથી આટલા ઊંચા ક્યાંથી ચડ્યા? કહો અજ્ઞાનપણામાં પણ સમ્યગ્ક્રિયાનાં ફળ ચાખીએ છીએ, વગર ઈચ્છાએ, અજ્ઞાનપણે અકામ નિર્જરા કરી તેનું ફળ પ્રત્યક્ષ મનુષ્યપણું અનુભવીએ, તો દુઃખ સહન કરવાનું, દૂર કરવાનું કે અજ્ઞાન દૂર કરવાનું રહ્યું. દુઃખ સહનના ફળ પ્રત્યક્ષ ચાખી રહ્યો છે, બધા જીવો અકામનિર્જરાથી મનુષ્યમાં આવે છે. નારકી દેવતામાં ઘણો ભાગ સમજુ, તિર્યંચમાંથી પણ ભોળાને દેવલોક કે નરક જવાનું નથી. એ છતાં અસંજ્ઞીપંચેંદ્રિય સિવાયના મનુષ્યપણામાં આવે તો અકામનિર્જરાથી આવ્યાને? અકામનિર્જરાનું ફળ પ્રત્યક્ષ દેખવા છતાં નિર્જરાનું કારણ કેમ છોડે છે? નિર્જરાના કારણો કાતરવા કેમ બેસાય છે? पढमं नाणं तओ दया કહી, પહેલા જ્ઞાન કહેનારા દયા કાતરનારા છે. ક્રિયાના શત્રુને પૂછો કે. તમે મનુષ્યમાં આવ્યા તે જ્ઞાનનું ફળ કે અજ્ઞાનનું ફળ? આથી અજ્ઞાનવાળી ક્રિયા પણ આટલો ફાયદો કરે છે તેથી ક્રિયાથી ન કંટાળતા જ્ઞાનની ઉપયોગીતા, ઉત્તમતા સમજવી વ્યાજબી છે. ન હને

મનુષ્યપણાનો બોધ, ન હતો તેના કારણોનો બોધ, કહો અટવીમાં અટવાઈ રહેલો આંધળો માર્ગે આવે તે તો જબરજસ્ત પુન્યનો જોગ હોય તો જ માર્ગે આવે. બહેરો, મુંગો, અપંગ, અંધ, જે માર્ગે આવે તેને માર્ગ મળી જાય તે અસંભવ જેવું સંભવિત છે. આતો હજારોમાં બને છે. આતો અનંતમાંથી આટલા મનુષ્યો થાય છે.

ગાંડા હાથીને હટાવવા માટે કૂતરો ઉપયોગી :

આ ભવચક્રમાં ભમતા ભવ્યજીવને મનુષ્યપણું પ્રાપ્ત થવું મુશ્કેલ છે, અનાદિઅનંત સંસાર–સમુદ્રમાં મનુષ્યને મનુષ્યપણું મળવું મુશ્કેલ છે, આ જીવને હવે ધીરજ છે કે, મનુષ્યપણું મળી ગયું છે પણ ગાંડા હાથીની સાથે સાઠમારીનો પ્રસંગ આવ્યો, હાથમાં હથિયાર રાખવું મુશ્કેલ તેવી વખત કૂતરું હાથમાં આવે એટલે બસ. બીરબલ અને પાદશાહને અમુક પ્રસંગે વાત ચાલતાં 'હાજર સો હથિયાર' વાડીમાં છોકરા પાછળ હાથી મૂકયો, છોકરાએ કૂતરું દેખ્યું, ટાંટીયો વીંજતા હાથીના કપાળમાં ફેંકયું, જ્યાં ભસવા લાગ્યું ત્યાં વિચારમાં પડ્યો. કમાડ તોડતાં બહાર નીકળી પડ્યો, હાથીની હડફેટમાં આવેલાને કૂતરું બસ છે. તો પછી તારા જેવા ભવ્યજીવને મનુષ્યપણા સરખી અપૂર્વચીજ મળી છે તેનો ઉપયોગ ન કરે તો હોડીમાં બેઠેલો હાય, હાય કરે છે. તણાતો હોય તો હાય, હાય થાય. કહો મનુષ્યપણારૂપી ભરદરિયામાં તારનારી આ શરીરરૂપી હોડી મલી છે, છતાં હલેસાં ન મારે તે હોડી ડામાડોળ થાય તો વાંક કોનો? હલેસાં દઈ કિનારે લાવવામાં હાડકા હરામ થાય છે અને એ હોડી અટવાઈ જાય તો વાંક હોડીનો, દરિયાનો કે હલેસાં ન દેવાવાળાનો? તેમ ભવ સમુદ્રમાં ભરદરિયે પડેલા જીવને હોડી મળી ગઈ છે, આ હોડીએ અનંતાને તાર્યા છે, અસંખ્યતાને તારે છે અને અનંતાને તારશે, તેવી હોડી તને મળી ગઈ છે, છતાં હલેસાં દઈ હલાવતાં તારી મેંઢી છૂટતી નથી, નવી વહુને મેંઢી મૂકી હોય તો કામ ન કરે તેમ ભવરૂપી ભરદરિયે પડેલો છે, હોડી મળી છે. હલેસાં પૂરતો હાથ હલાવવો છે, તે હલાવતો નથી તો વલે શી થશે? આ મનુષ્યપણું અનાદિકાળથી આવું દુર્લભ તે મળી ગયું છે. તેમાં ધર્મરત્ન મેળવવું મુશ્કેલ છે, નવી વહુને કામ કરતાં ન આવડે તો, સાસુ જેઠાણી, નણંદ, કાકીજી, પડોશણ બતાવે તો પણ મેંઢી હોશણ મેલતી

નથી. તેનું શું થાય? તેમ અનાદિકાળથી જ્ઞાન, દર્શનમાં ફૂણકી મારનાર ન હોય તો તેને મુશ્કેલી પડત, તને જો તીર્થંકર મહારાજા પેઠે સ્વયં કરવું પડત તો મુશ્કેલી પડત, પણ શીખડાવનાર છે તેમ માર્ગે લાવનાર મહાનુભાવ ગુરુ મહારાજ મલ્યા છે, છતાં ધર્મરત્ન ન પામે તેમાં બીજાનો ઉપાય શો? હવે ધર્મરત્ન પામવું શી રીતે? શાસ્ત્રકારો ધર્મરત્ન પમાડવા માટે જે અક્ષુદ્રતા આદિગુણો ઉપયોગી છે તે વિગેરે હકીકત આગળ બતાવવામાં આવશે.

આ વ્યાખ્યાનનો સારાંશ—૧ पढमं नाणं तओ दया, ૨ દયા-જયણા પાલનારામાં જ્ઞાન સમ્યક્ત્વ હોય જ, ૩ સાત ભયનો ભય ગણે તે અવગુણ ૪ પાપનો ભય રાખવો તે ગુણ,



પ્રવચન ૪૪ મું

૧૯૯૦, શ્રાવણ વદી ૭ મહેસાણા

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી ધર્મરત્નપ્રકરણ ગ્રંથને રચતાં આગળ જણાવી ગયા કે આ અનાદિ સંસારમાં અનાદિકાળથી રખડતાં આ જીવને મનુષ્યપણું પ્રાપ્ત થવું મુશ્કેલ હતું, લુલો, આંધળો, બહેરો, અટવીમાં અટવાઈ ગયેલો હોય તો અટવીમાં રસ્તે કેમ આવે? તેમ આપણે પણ મનુષ્યપણું શું છે, તે જાણતા ન હતા, મનુષ્યપણું કયા કર્મોથી મળે છે તે જાણતા ન હતા, તેના ઉપાયોની પણ આપણને ખબર ન હતી, તેવી સ્થિતિમાં રખડતા રખડતા ભવિતવ્યતાના યોગે અકામનિર્જરામાં ચડયા અને પડ્યા. એમ અનંતી વખત ચડયા અને પડયા એમ અનંતી વખત ચડતા પડતાં આયડતા કોઈક સંજોગ મળી ગયો કે આયુષ્ય બાંધતી વખતે કષાયની પરિણતિ તીવ્ર ન રહી, કષાય મંદ હોય તો મનુષ્યપણાનું આયુષ્ય બાંધે છે. જો આમ છે તો પાતલા કષાય શા માટે કહો છો? આયુષ્ય બાંધતી વખત પાતળા કષાય હોય તો જરૂર મનુષ્યપણાનું આયુષ્ય બાંધે અને આયુષ્ય બંધ સિવાય બીજા ટાઈમે પાતલા કષાય હોય અને મરતી વખત મંદ કષાય ન હોય તો મનુષ્યનું આયુષ્ય ન બાંધે, તો સ્વભાવે પાતળા કષાયની વાત કરી નકામા ભડકાવી માર્યા. કેમકે તમે સ્વભાવે પાતળા કષાય કહ્યા એટલે મનુષ્યપણાને અંગે અસંભવ પડ્યો.

સિંહ અને કૂતરાના સ્વભાવ સાથે કોની સમાનતા?

મનુષ્ય કે તિર્યંચ કોઈ પણ જીવ લાગણી વગરનો નથી, જેને જેટલી વધારે સમજણ તેને તેટલી વધારે લાગણી, લાગણીનો સંબંધ સમજ સાથે વધારે છે. સમજુ ઈસારામાં સમજી જાય, અણસમજુને ડફણા મારે તો પણ કંઈ નહીં. જેને જેટલી સમજણ તેને જ બીજાની ક્રિયા વચન વિચારોથી તેટલી જ લાગણી ઉભી થાય. મનુષ્ય યાવત્ જાનવરમાં લાગણી રહેલી જ છે. તે છે તો કષાય જરૂર થવાનો, જો કષાય થવાનો તો તમે પાતળા કષાયપણું કહો છો તે તદ્દન અસંભવિત, પણ જેનામાં સમજણ પૂરેપૂરી છે, તેને લાગણી બરોબર થવાની, લાગણી થઈ તો આવેશ થવાનો, ઉપદેશથી આવેશ તો દબાવીશું, શાસ્ત્રકાર કહે છે કે–કોઈએ આપણને આક્રોશ કર્યો, જગતમાં બે પ્રકારના જીવો છે, એક બુદ્ધિશાળી, એક બુદ્ધિ વગરના કૂતરાને પથરો મારે તો પથરાને કરડવા જાય, પણ સિંહની ઉપર બાણ માર્યું હોય તો સિંહ બાણ સામું નહીં જુએ પણ મારનાર કોણ? તેની તરફ નજર કરશે. બાણની ઉત્પત્તિ દેખશે, કુતરો પત્થરને કરડવા દોડશે, કોઈ પણ શ્રોતા–વક્તા મનુષ્ય પોતાને કુતરાની પંક્તિમાં બેસાડવા માગતો નથી, છતાં જગતની વિચિત્રતા એ છે કે કરવું કુતરા પેઠે અને તેની પંક્તિમાં બેસવું નથી. ક્ષણે ક્ષણે દરેક પ્રસંગે કૂતરાવેડા કરવા તૈયાર છે, સિંહની સ્થિતિ એક વખત પણ જાળવવા તૈયાર નથી. સિંહ બધાને થવું છે. કોઈને કુતરા થવું ગમતું નથી. પણ કુતરાવેડા કર્યા તો કોઈ મોંઢે નહીં કહે, તો પણ લાઈન તે ગણાશે અને પાછળ તે જ કહેવાશે. શી રીતે? તમને બીજા મનુષ્યે તિરસ્કાર કર્યો, માર્યા, બીજાએ તમને ગાળ દીધી, એ બધામાં તમે કઈ વસ્તુને પકડો છો? તિરસ્કાર, મારની ગાળની વાતને પકડો છો પણ એના કારણને પકડયું? અરે આટલા છે તેમાં મને જ તિરસ્કાર કેમ? આટલા બધામાં મને જ કેમ ગાળ દે છે? તેનો વિચાર કર્યો? કેમ તિરસ્કાર કરે છે, ગાળ દે છે તેનો વિચાર કરવા તૈયાર નથી, તો કયા કારણથી દે છે તેનો વિચાર તો કરો જ ક્યાંથી?

તરીને તારનારા, ડૂબીને તારનારા કોણ?

દડો જમીન ઉપર પડ્યો, ઉંચેથી પડેલો દડો ઉછળ્યો કેમ? તો સવાલ કરનાર કેટલો ગાંડો ગણાય? ઉછળવામાં સવાલ હોય જ નહીં.

તેમ તેં અપજશના વેદનીયના એવાં કર્મો બાંધેલા છે, તેથી બીજાને તિરસ્કાર કરવાનું મારવાનું ગાળદેવાનું મન થાય છે, તારા કરેલાં છે તેનો જ આ જવાબ છે. તારા અપજશ કે તારા અભ્યાખ્યાન દેવાથી બંધાએલા કર્મો એજ જવાબદાર છે. એતો બિચારો નિમિત્ત માત્ર છે. એ તો બિચારો ડૂબી તારે છે, તરીને તારનાર તીર્થંકર પણ મળશે, તરતા-તારનાર તીર્થંકર મળશે પણ ડૂબતા તારનાર ક્યાં મલશે ? તારા અશાતાના કર્મો ક્ષય કરવામાં આ બિચારો કારણ-સહાયક બની પોતે ડૂબી જાય છે. પોતે કર્મો બાંધી તારા કર્મો તોડાવે છે. તારા આત્માને હલકો કરનાર કોણ મળવાનો ? તેની કરુણા કરવાની છે. તને કેટલો ફાયદો છે ? પોતાની સુંદરતા ન કરે, તે પરની કરુણા શી રીતે કરે ? પહેલાં એ વિચાર કર. તને આક્રોશ કરનાર, મારનાર, ગાળો દેનાર, તારો ખરેખર ઉપગારી છે. કેમ ? પોતે હેરાન થવાનું નોતરું લઈ તને બચાવી લીધો, જેને તું ઉપગારી માને છે તે તીર્થંકરો તરીને તારનાર છે.

શેઠ, અને મુનીમ બે જણા તાપી રહ્યા છે. મુનીમજી ક્યા ઇસમેસે એક તણખા ઉડે, દોનોંકી દાઢીમાં તણખા પડે, જલે તો કીસકી દાઢી પ્રથમ બુઝાવે ? ઘાસ જેસા એ જલ જાતા હૈ, મુનીમજી કહે કે સાબ ! આપકી બુઝાવે. ઝલનેકા મોખા નથી આવ્યા ત્યાં સુધી આ કહે છે, વખત આવે ત્યારે કોઈ બીજાને બચાવવા જતું નથી. એટલામાં શાણા મુનીમને એવો જ પ્રશ્ન કર્યો. મેરી દાઢીકું બે લડરકા મારકે પીછે આપકી બી બુઝાવું. એમ તીર્થંકર મહારાજ, ગણધર, કેવલી, આચાર્યાદિક સબ પોતપોતાના બે લહરકા મારી પછી બીજાની વાત. ભવ્યજીવોનો ઉદ્ધાર કરયો, પણ પહેલાં પોતાનું કલ્યાણ કરે, તીર્થંકર મહારાજે પણ પહેલાં પોતાનું કેવળજ્ઞાન ઉપજાવ્યું, પછી બીજાને ઉપદેશ દેવા લાગ્યા, ઘાતી કર્મનો ક્ષય કર્યો હવે અઘાતીયા ચાર કર્મ બાકી રહ્યા. જિંદગીના અંત સુધી અઘાતી જતા નથી તેથી ભવોપગ્રાહી કર્મ નામ રાખ્યા છે, ભવની સાથે લાગ્યા છે, જિંદગી ખતમ ન થાય ત્યાં સુધી તેમાંથી એક પણ ખતમ થતું નથી. નામ, આયુષ્ય-ગોત્ર, વેદનીય બધાનો જિંદગીનો અંત થયા પછી અંત થાય છે. બાપનું કરવાનું સર્વ કરી લીધું, રહ્યા તેને જલાવી શકાતા નથી. અપના બુઝાકે પછી નક્કી કર્યું છે કે હવે ભવ્યજીવનાં કર્મ બુઝાવું, જિનેશ્વરને કેવળ

થયું તે પહેલાં, જગત કર્મથી બંધાએલું છે તે જાણતા હતા ન જાણતા હોય તો સમકિત નથી. તો જાણતા હતા ને સમકિત હતું તો તે વખત ભાવદયા કેમ ન આવી? તીર્થંકર મહારાજને તીર્થનું નિરૂપણ કેવળજ્ઞાન થયા પહેલાં ન હોય, સર્વ પદાર્થ જાણ્યા વગર તીર્થંકર દેશના દેતા નથી, ચાહે તેમ પ્રથમ પોતાનું કરી લીધું. તરીને તારનાર થયા.

ઉપદેશનો અધિકાર કોને ?

સાધુઓએ પણ એ રાખ્યું કે સ્વયં પરિહાર, અરે તમે લબાડ ન બનશો. 'પોતે કરે નહીં, ને બીજાને કહેવા જાય તે લબાડ કહેવાય' તમો કહો છો ને 'ડાહી સાસરે જાય નહીં' ને ગાંડીને શિખામણ દે.' પોતે સાવદ્યનો ત્યાગ કરે નહીં અને બીજાને સાવદ્ય ત્યાગનો ઉપદેશ કરે તો શું થાય? તેથી સાધુને ઉપદેશ દેવાનો હક કયારે? શાસ્ત્રકારે નિયમ કર્યો કે, ધર્મ એ ઉત્પન્ન કોણે કર્યો? આદિમાં પહેલવહેલો ધર્મ તીર્થંકર મહારાજાએ કહ્યો હતો, છતાં શહેનશાહનો ઢંઢેરો લંગોટીઓ ન વાંચે, શહેરનો શેરીફ, શહેરનો નગરશેઠ ઢંઢેરો સંભળાવે, તેમ અહીં જિનેશ્વર મહારાજનો ઢંઢેરો, ધર્મ એટલે જિનેશ્વર મહારાજનો ઢંઢેરો, પણ ઢંઢેરાનો લખોટો કોણ વાંચે? જ્ઞાન અને ક્રિયા પણ જોઈએ, એકલા જ્ઞાનવાળો એવી સ્થિતિમાં આવે કે ચતુરીબાઈના બહોંતર કીલ્લા ચતુરીમાં જાય, રાણીને રાજ્ય મળ્યું છે, ચરપુરુષોએ આવી કહ્યું કે, પાડોશીના રાજ્યો સુદ્ધાની તૈયારી કરે છે, હાં સુણ્યા, જાણ લીયા, લશ્કર એકઠું થયું, ખબર લાવ્યો, તેને જાણ લીયા કહ્યું, વાકેફ કીયા, અચ્છા કીયા, લશ્કર ચાલ્યું—એમ ખબર આવી, સુણ લીયા, અરે એનો સીમાડો ઓળંગી નીકળવા માંડયું. તો સૈન્ય તમારા સીમાડામાં પેઠું, સુણ લીયા, અરે તમારા શહેર ઉપર હલ્લો કરી કબજો કર્યો, જાણ લીયા, અરે દેશના મધ્ય ભાગમાં આવ્યું. અચ્છી બાત, શહેર નજીક આવ્યું. ઠીક! આવી રીતે દેખાવે છે, જાણ લીયા, ઠીક છે, કહેતા ગઈ. ચતુરીબાઈના હુકમ. મોજ-મઝામાં જકડાઈ રહ્યા ને બહોંતેર કીલ્લા પાડોશી રાજાએ લઈ લીધા. તેમ કર્મ આમ બંધાય છે તે જાણ્યું, હિંસાદિકથી નરકનાં આયું બંધાય છે તે જાણ્યું, અરે તેથી દુર્ગતિ ભોગવવી પડશે જાણ્યું, તેથી જૈનશાસન એકલા જ્ઞાનમાટે એક કાવડું પણ દેતું નથી.

જૈનશાસન શબ્દથી કહી આપે છે કે, જીતો, ક્રિયામાં પ્રવર્તો, તેમ, જિનેશ્વરના ઢંઢેરાના લખોટાને વાંચનાર પ્રકલ્પ-યતિ, જે નિશીથસૂત્રને ધારણ કનાર યતિ, સાધુ જ્ઞાન-વૈભવવાળો અને શેરીફ વફાદાર બને તેમ અહીં નિશીથસૂત્રના જ્ઞાનવાળો અને સાધુપણાવાળો. પ્રકલ્પ એટલે નિશીથસૂત્રના જ્ઞાનવાળો સાધુ, જિનેશ્વરનો સંદેશો કહેવાનો તેને હક છે, નહીં કે પાઘડી અને પાટલુવાળાને, જૈનધર્મમાં મુખ્ય પાયો છએ કાયાની દયા. ગૃહસ્થ છકાયની દયા કહેશે કે નહિં ? જો છકાયની દયા ન કહે તો પાયા વગરની ઈમારાત, તેનું ધર્મકથન પાયા વગરનું, તો પાયા વગરની ઈમારત. જો છકાયની દયા કહે તો પોતે પાળતો નથી ને બીજાને પાળવાનું કહે તેનું પરિણામ શું આવે ? લોકોમાં સારી સ્થિતિમાં હોય, ટીપમાં પોતે ન ભરે, ને બીજાને કહે કે ભાઈ ! આ ખરેખર સોનાને કોદાળે વાવવા જેવું છે. એ વચનની શી અસર થાય છે ? એ જ પ્રમાણે પોતે છકાયની દયામાં પ્રવર્તેલો નથી, તે બીજાને છકાયનો ઉપદેશ શી રીતે આપશે ?

વંઠોને કેમ ઉપદેશ માટે મોકલ્યા :

નંદીષેણજીને છેલ્લાએ શું કહ્યું ? કે તમે કેમ બેઠા છો, બીજાએ દરગુજર કરી પણ સોનીએ દરગુજર ન કરી, છએ કાયની દયા પોતે પાળે નહીં અને બીજાને જે કહેવા જાય, તેની કિંમત નથી. પાયા વગરની ઈમારત તરીકે ચાહે તે કરી લે, તેથી ધર્મનું કથન નિર્ગ્રંથ મુનિ સિવાય નહીં, મહારાજા સંપ્રતિને અનાર્ય દેશમાં ધર્મનો પ્રચાર કરવો હતો, ત્યાં વેશધારી ભાંડોને મોકલ્યા, દ્રવ્યમાંએ વર્તણુંક જોઈએ. વ્યવહારમાં વર્તણુંક રાખવી પડે. ત્યાંપણ સાધુપણું દ્રવ્યથી-વ્યવહારથી પાળવાની ફરજ, રાજા પોતે ખોટા સીક્કા પાડે પછી નીતિનું સ્થાન ક્યાં ? સંપ્રતિરાજાએ એક રીતિએ જુલમ કર્યો, ભેખધારી જુઠા ઉભા કરે તેનો અર્થ શો ? જુઠા સીક્કાઓ રાજા ઉભા કરે, આવો શાસનનો ઉદ્યોત કરનાર. શાસનનો ભગત, આચાર્યના કહેવામાં રહેનારો ભેખધારી સાધુ ઉભા કરવા તે તેને શોભતું હતું ? કહો ગૃહસ્થદ્વારાએ ધર્મ કહેવડાવવો. તે કરતાં ભેખધારી સાધુ પાસે ધર્મ કહેવડાવવો સારો ગણ્યો, છકાયના કૂટામાં પ્રવર્તેલા, બારવ્રતવાળા પાસે ધર્મ કહેવડાવવો તે કરતાં જુઠા ભેખધારી પાસે ધર્મ કહેવડાવવો સારો ગણ્યો. તે જગો પર સમકિતધારી, બારવ્રતધારીને મોકલવા હતા ને !

વેષધારી એટલે લુચ્ચા ન હતા, તે વખતે સાધુપણામાં જ વર્તવું પડે, વિરૂધ્ધ વર્તે તો રાજાનો કોયડો પડે, નહીંતર છાપ શી રીતે પડે? આમ કરવું જોઈએ, અમારા કહ્યા વગર કર્યા કરવું જોઈએ, અમે હવે નહીં બોલીએ, અમને દેખો ત્યારથી આમ-કરવાનું, આમ કરી દાતારો તૈયાર કર્યા. વંઢપુરૂષને ધર્મોપદેશ આપતા ધર્મની લાઈનમાં વર્તવું પડયું, જ્યારે અનાર્યદેશમાં ધર્મપ્રચાર કરવો હતો ત્યારે આચાર પ્રવર્તાવવો પડતો હતો.

દીક્ષા આપવાની કે લેવાની ?

તમારે તો મારે ઘેર બેઠા ગંગા, ઘેર આવે તો લાભ લઉં, હું ગંગા પાસે ન જઉં. ભેખધારીને લુચ્ચા માને છતાં રાજથી ગુરુ માનવા પડે, રાજનો અધિકારી લુચ્ચો અન્યાયી છતાં સાહેબ કહેવો પડે છે, સત્તાથી ગુરુ માનતા. અહીં વાત કેટલી છે? લુચ્ચા વંઢોને, વેષધારી-વ્યવહારી વર્તન સાધુનું રાખી ઉપદેશ અપાયો છે, માટે જ કહેવું પડયું કે, ગાંડી શિખામણ દે એવો ધંધો અહીં નથી, તેથી હરિભદ્રસૂરીજીએ ' સ્વયં પરિહારઃ ' કહી દીધું, પોતે કેસરીયા કરવા ન નીકળે ને બીજાને, 'ચડો બેટા શૂળીપર, દો ખુદાકા નામ.' અમારી-દીક્ષા આપી દેવાતી હતે તો આખા જગતને દઈ દઈએ, અમારી આપી થતી નથી. તે આવીને સર્વવિરતિ લે છે, તેને લેવાના ભાવ થયા, તેણે કહ્યું ત્યારે દીધું, એને કરેમિ ભંતે બોલીએ, એને કરાવિએ એમ નથી બોલતા, બીજામાં પચ્ચક્ખાઈ બોલીએ, આમાં પચ્ચખાઈ ન બોલીએ, એમાં પચ્ચક્ખામિ બોલીએ છીએ, હું એ સામાયિકમાં છું, તેમાં તું પણ આવ, હું બોલું છું તેનો તું અનુવાદ કરે છે, કરેમિ કહો છો, કહો કે અમે આપી જ નથી, અમે તો અમારો આચાર હતો તે બોલ્યા, તેનો તેણે અનુવાદ કર્યો, તેથા હું બોલું તે પ્રમાણે બોલ, તારે લેવું હોય તો લે, આપી દેવાતી નથી, દીક્ષા લીધી લેવાય છે, આપી દેવાય તો તમે બધા અણખામણા છો? તમને કેમ ન આપું? લીધી લેવાય છે, इच्छाकारि भगवन् सर्वविरति सामायिक उच्चरावोजी એ તમે બોલો ત્યારે ઉચ્ચરાવીએ છીએ. દીક્ષા લીધી છે, દીધી નથી, દીક્ષા મને આપો તેટલો શબ્દ બોલતા નથી ત્યાં સુધી તેને દીક્ષા કોઈ આપતું નથી. આજકાલ આ સવાલનું સ્થાન નથી. પ્રાચીન કાળમાં કેમ સ્થાન હતું? પ્રાચીન કાળમાં કુળમાં

ધર્મ ન હતો. ભાઈ બુદ્ધ ને બાઈ જિનેશ્વરને, છોકરો વિષ્ણુ ને છોકરી શીવને માનતી હોય, ત્યાં કુલાચારે ધર્મ ન હતો, તે વખતે કુલના સંસ્કાર ન હતા, તમારે તો કુલાચારે ધર્મ થઇ ગયો છે, તેથી નાનામાં નાનો છોકરો હોય, રેલમાં સાધુ બેઠા હોય તો બાપા! સાધુ-ગાડીમાં બેઠા. તે સમજે છે કે સાધુને ન અડકાય. છોકરો સાધ્વીને ન અડકે. કુલાચારથી ખબર છે કે સાધ્વીથી પુરૂષને અડકાય નહીં. તમારા છોકરાને અંગે દીક્ષામાં શું જાણે તે બોલાય નહીં કોળી-કાછીયાના છોકરાને દીધી હોય તો શું જાણે તેમ કહી શકાય. બંગાળ તરફ સાધ્વી હોય. ત્યાં કોઈ કહે કે આ બધું વાંજણીનું ટોળું ફરે છે; એકેને છોકરૂં નથી, પછી બધું સમજાવે કે તેઓ તો બ્રહ્મચારી હોય છે. સમજે પણ આવી સ્થિતિના પચાસ વરસવાળા પૂછે, એવા મોટા ન સમજે તો તેના બચ્ચાં ક્યાંથી સમજે? તેવાના છોકરા દીક્ષા લે તો કોઇ બોલી શકે કે બાલક શું સમજે? તો અજ્ઞાન કેમ કહેવાય છે? જે વખતે શાસ્ત્ર રચાયા તે વખતે કુલાચારે ધર્મ ન હતો. તે વખતે શાસ્ત્રો રચાય તેમાં નવાઈ નથી. તેમાં સામાયિક, વ્રત, પચ્ચક્ખાણ આઠ વરસ પહેલાં ન હોય. 'આઠ વરસની નીચે દેશથી કે સર્વથી વિરતિના પરિણામ ન હોય.' આચારમાં સમજી ન શકે, સમજે નહીં ત્યાં કુલાચારે ધર્મ ન હોય. પહેલાં કાળમાં કુલાચારે ધર્મ ન હતો. એક કુટુંબમાં બે ચાર ધર્મ હોય છે, અત્યારે કાઠિયાવાડમાં દશાશ્રીમાળીમાં વૈષ્ણવ, સ્વામીનારણ, સ્થાનકવાસી ને શ્રાવકોમાં માંહોમાંહે સંબંધ છે. ત્યાં મોટાભાગે જાણપણું નથી હોતુ. કુલાચારે ધર્મ ન હોય ત્યાં આ વાત. શાસ્ત્રમાં બાળક કહ્યો છે તેથી કુલાચાર કહ્યું; કુલાચારની વાત ન સમજીએ તો ઉલટું એ વચન જુઠું પડશે, માટે કુલાચારનો વખત ન હતો તે વખતની વાત કરીએ છીએ અત્યારે છ સાત વરસના છોકરાઓ ઉપવાસ, પોસહ પ્રતિક્રમણ કરતા દેખીએ છીએ. તો શાસ્ત્રનાં વચન ખોટા લાગશે. પણ કુળાચારે ધર્મ ન હતો તે વખતનાં શાસ્ત્રનાં વચનો છે. પણ અત્યારે કુલાચારે ધર્મ હોવાથી બાળકનાં પણ વ્રત-પચ્ચખાણ કરતાં નજરે જોઈએ છીએ. 'વજ્રઋષભનારાચ સંઘયણ નથી ત્યાં સુધી બકુશ-કુશીલ ચારિત્ર કહ્યા છે.' તપસ્વી, વૃદ્ધ માફક બાળક માટે ધ્યાન રાખવું. ગોચરીમાં જે સારૂં આવે તે બાળકને દેવું, બીજાને એમ કહેવું કે અમારે ગોચરી ફરીને ખાવાનું

પાંચ અને છની પંચાત :

ધર્મ કલ્યાણ કરનાર તે વગર આ ભવ-પરભવ સારો નથી મળવાનો, તે કબૂલ પણ મનુષ્યપણું પામ્યા તેઓને તે ધર્મની સ્થિતિની સાચી પીછાણ નથી, તો જેઓ ધર્મ સમજ્યા નથી, મનુષ્યપણું પામ્યા નથી, તેઓની શી દશા? છોકરાને ભયંકર આદમી હોય તો માસ્તર, તેમ આ જીવને મનુષ્યપણા સિવાય એક ધંધો જડયો હતો, પાંચની પંચાત વગરનો જીવ કોઈ ભવમાં ન હતો. આહાર, શરીર, ઇંદ્રિય વિષય અને વિષયના સાધનો. કોઈ પણ ગતિમાં વિચારી લો, એની અંદર જન્મથી માંડી મરણ સુધી પંચાત માત્ર આ પાંચની હતી. આ પાંચની પંચાતમાં પર્યટન કર્યા જ ગયો. તેમાં વળી મનુષ્યપણામાં છના છક્કામાં આવ્યો. ઉંદરોને પકડવા માટે પાંજરામાં ખાખરાનો કટકો મૂકે, ઉંદર દેખે કે ખાખરો મળે, પણ ખાખરો-કાસળ કાઢી નાખશે, તે ઉંદરને ખબર રહેતી નથી. તેમ આ જીવરૂપી ઉંદરડાને છકીયું ખાખરાવાળું દરેક ભવે નડે છે. વિષયો તરફ વહ્યો જાય છે. તેની લાલચે છના છક્કામાં ગોંધાઈ જાય છે. મનુષ્યને આબરૂ, જસ, કીર્તિ એ છટ્ઠું દરેક જન્મમાં આ પાંચની પંચાતમાં અથવા મનુષ્યપણામાં છના છટકામાં એમ દરેક ભવે આ જીવ સપડાએલો જ ચાલે છે. બચ્ચાંને રમત લુગડાં મેલાં કરનાર, અભ્યાસનું આંધણ મેલનાર, મારને નોતરું આપનાર છે. બચ્ચાંને રમત પ્રાણ કરતાં અધિક વહાલી લાગે છે, તેમ દરેક ભવમાં પાંચની પંચાત વિષમ છતાં આ જીવને વહાલી લાગે છે. ઉંદરને ખાખરો છોડવો મુશ્કેલ પડે છે, તેમ આ જીવને છના છક્કામાં પડે ત્યાં મોટાઈમાં સુખમાં દોરાઈ જાય છે. ત્યાંથી છૂટવું મુશ્કેલ પડે છે. મનુષ્યપણાનો આત્મા તેના સમ્યકત્વ, નિષ્કષાયતાદિક ગુણો સમજીએ છીએ, છતાં તે ગુણો તરફ ધસી શકતા નથી. આ જિંદગીમાં સમજવા છતાં ન પ્રયત્ન કરીએ તો તે જીવનું સ્વરૂપ તથા સંસારનું અનિત્યપણું ન સમજ્યે, તે વખતે ધરમ શી રીતે સમજશું? જ્યાં જૈનશાસન, ધર્મ, કેવળીનું કથન પામ્યા, એ જગો પર આંખો ન ખૂલી તો ક્યાં કંઈ નથી. જીવ-જડનું ભાન નથી, કર્મબંધો, નિર્જરા, આસ્રવ, સ્વપ્નમાં પણ સમજવાનું નથી, તેવી જગો પર સમજ આવે તે કઈ મુરાદે માનો છો? જેમ અંધને માર્ગે આવવું મુશ્કેલ તો તેવી

મુશ્કેલીથી મળનારૂં મનુષ્યપણું મળી ગયું. શૂરા સરદારના હાથમાં શમશેર આવી ગઈ પણ પોતાનું બજાવવાનું કાર્ય ન બજાવે તો કહો કે શમશેર નથી પણ લોઢાનો ખીલો છે, કાંતો શૂરો સરદાર નથી. તેમ આ જીવ અનંત શકિતનો ધણી, શૂરો સરદાર, તેના હાથમાં આ ધર્મ શમશેર આવી છતાં કર્મના ઘોદા-માર ખાય, મિથ્યાત્વનો હલ્લો, અવિરતિનો ઉપદ્રવ, કષાયનો કેર સહન કર્યા કરે, તો શૂરો નથી, કાં તો તે શમશેર નથી. શત્રુનો એક તિરસ્કાર શૂરો ન ખમી શકે, આ જીવ મનુષ્યપણામાં આવ્યો, તે મળવાની સાથે તેમાં શૂરો સાધન વગર શૌર્ય સમજી ન શકે. તેમ મનુષ્યપણામાં અનંત વીર્યવાળો છતાં, સાધન ન મળ્યું હોય તો? સાધનહીન મોટા જનરલો કેદમા પડે, ત્યાં કાંઈ પણ ચાલતું નથી. દુનિયામાં કહેવાય છે કે 'કયા કરે નર બંકડા કે થેલીકા મોં સંકડા.' તેમ શૂરો સાધન વગર કાર્ય ન કરી શકે. પણ અહીં તો મનુષ્યપણામાં આવ્યો છે. ઢોર ઢાંખર કે પશુ નથી, તેથી શૂરા સરદાર તરીકે ઉંચી સ્થિતિમાં આવ્યો છે, શમશેર આવ્યા છતાં શત્રુનું સહન કરવું તે શૂરાને શોભતું નથી. ધર્મ સાધનથી સંપન્ન થયા તેવા વખતમાં મિથ્યાત્વનો હલ્લો, અવિરતિનું અંધારૂં, કષાયનો કેર ચલાવી લઈએ તે કેવું ગણાય? આત્માના અખિલ ગુણોને ઉજ્જડ કરનાર આ મિથ્યાત્વાદિક તેનો પરાભવ શૂરો કેમ સહન કરી શકે! 'તરવાર બા! તારા બાપને ઘેર જે કરતી હોય તે કર'-એમ અહીં આપણને પ્રાપ્ત થએલ ધર્મરત્ન તેનો ઉપયોગ કરીએ તો અવ્યાબાધ પદવી મેળવી દે, પણ ઉપયોગ ન કરીએ તો શી રીતે પ્રાપ્ત કરાવી દે? ધર્મરત્ન ઉપયોગમાં લેવું ઘણું મુશ્કેલ છે.

મોહરાજાની લડાઇનું સ્થાન :

અનાદિની મિથ્યાત્વની ગાંઠ વિંધે, તે વખતે વાસ્તવિક ધર્મ આવ્યો ગણાય. અનાદિની ગાંઠ હોય તે અમને કેમ માલમ પડતી નથી? પણ તારા પેટમાં ગાંઠ થઈ હોય તો તને માલમ પડે છે? જેમાં તું આખો રહ્યો છે તે માલમ પડતી નથી તો અરૂપી આત્મામાં ગાંઠ અમને દેખાતી નથી એ શું જોઈને કહે છે? અજ્ઞાન, સમકિત, મિથ્યાત્વ આત્મામાં રહેલા માલમ પડતા નથી. આંધળાને દેખેલા અનેક વ્યાધિ વેદે ખરો પણ જાણે નહિં, જેમ આંધળો અનેક વ્યાધિવાળો

વેદે છતાં જાણે નહિં, તેમ આત્મામાં અનાદિની ગાંઠની વેદના છે, વેદે છે, પણ જાણતા નથી, ધરમ સમજતા હશે તેને અનાદિની ગાંઠ એટલે શું? કર્મની અંતઃ કોટાકોટિ સાગરોપ સ્થિતિ બાકી રહે ત્યારે ગાંઠ નજીક આવે, ૬૯ આગળ ગાંઠ નહિં ને એક કોડાકોડિ સ્થિતિ બાકી રહે ત્યાં કેમ ગાંઠ આડી આવે છે? તેનું કારણ? જ્યાં બચાવના બાંધકામ હોય ત્યાં આગળ જ શત્રુ સાથે મારંમારી હોય, બચાવ સિવાયનો ભાગ તેમાં શત્રુ આવે તેમાં હરકત નથી. કિલ્લાની જગા કોતરાવી ન જોઈએ, ચિતોડના અને ભરતપુરના કિલ્લાને કાણાં પડ્યાં તે વખતે મુશ્કેલી થઈ. તેમાં ૭૦ થી માંડી ૧ કોડાકોડી સાગરોપમ સુધી મોહનીયને બચાવનું બાંધકામ નથી, બચાવનું બાંધકામ એક કોડાકોડ ઉપર કર્યું છે. મજબૂત કિલ્લા સરહદ ઉપર હોય છે, રાજ્યમાં ઠેકાણે ઠેકાણે કિલ્લા ન હોય, સરહદ પર હોય, તેમ મોહરાજાની સરહદ એક કોડાકોડ સ્થિતિ આગળ છે. તેથી અનંતી વખત અહીં સુધી આવી પાછા ગયા, ભવી કે અભવી બધા તે સરહદ સુધી આવે છે, ભવ્યો પણ ત્યાં આવી અનંતાકાળ પડી રહે છે. પણ સરહદ ભેદવી મુશ્કેલ છે. અહીં ૬૯ કોડાકોડ કર્મસ્થિતિ ખપાવી, તે તો પુદ્ગલાનંદી હતો છતાં ખપાવી, પુદ્ગલ તરફ આનંદ હતો, સારા વિષયોની ઇચ્છા, ખરાબ વિષયો દૂર કરવામાં હતો, છતાં અહીં આનાકાની વગર, વગર લડાઈએ અહીં આવી શક્યો, વેરાનનો ભાગ વગર લડાઈએ વશ કરાય, પણ જ્યાં મજબૂત બાંધકામ હોય ત્યાં તસુ સર કરવામાં સેંકડોનાં, હજારોનાં શિર જાય, તેમ અંતઃ કોટાકોટિ સાગરોપમ આગળ મોહરાજાનું મજબૂત બાંધકામ છે, ત્યાં જીવો અનંતી વખત આવી ઘેરો ઘાલી બેઠા પણ ફાવ્યું નહીં, પાછા હઠ્યા. એ સરહદ ભેદવી મુશ્કેલ. ૧૪ની લડાઈમાં તુર્કસ્તાનનું ગેલીપોલીનો કિલ્લો ભેદતા મુશ્કેલી પડી, તેમ મોહનું બાંધકામ ખસેડવું, તેને ઉજ્જડ કરવો એ જ મુશ્કેલ પડી છે. આથી એક કોડાકોડી આગળ મોરચા છે, મોહ અને ધરમની સરહદ ત્યાં છે. ત્યાં આગળ મોરચા મંડાયેલા છે ને હઠાવવા મુશ્કેલ છે. મોરચાં શું? ન સમજવો. ધરમરાજા કે મોહરાજા પાસે દારૂગોળો દેખાતો નથી. વગર અવાજની મોટર જાય તે જોઈ સૂતેલાને માલમ ન પડે, તો દરેક આત્મામાં મોરચા મંડાયા છે, ને મોરચાથી પોતપોતાનું કાર્ય બન્ને કરી રહ્યા છે, છતાં માલમ પડતું નથી. આ સૂક્ષ્મયુદ્ધ પાંચ ઇન્દ્રિયના વિષય બહારનું ને શી રીતે માલમ પડે. ધુમ્મસમાં, આકાશમાં ઝેપેલીન માલુમ પડતા ન હતા.

ઇષ્ટને અનિષ્ટ અનિષ્ટને ઇષ્ટ ગણવા—આજ ગ્રંથીભેદ :

અહીં સ્પર્શ, ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જીભ પાંચ ઇંદ્રિયોનાં સારા વિષયોને સુખ ગણવું, આ મોહની સરહદ. ધર્મની સરહદ એ કે પાંચેને ઝેર ગણવાં. આમાં શી રીતે જીત મેળવવી. અવળચંડો આત્મા કહ્યા વગર શ્રોત્રની સુંદરતા તરફ ધસી જાય, તેમ રસનાદિની સુંદરતા તરફ ધસનારો, મૂળમાં દોડનારો ને તેને ઢાળ મળે તો પોતે ઉભો રહેવા માગે તો ઉભો ન રહી શકે. તેવી રીતે મૂળમાં પોતે પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં તલ્લીન થયો છે અને મોહે હથીયાર બનાવ્યું, પછી શું બાકી રહે? અહીં જે ધર્મરત્નને અંગે કહ્યું તો ધર્મરત્ન ક્યાં આવે? અક્ષુદ્રતા આદિ ૨૧ ગુણો હોય ત્યાં ધર્મરત્ન આવે, જ્યાં સ્પર્શાદિના વિષયો માટે ભમી રહ્યો છે તેને ખરાબ માનવા કઇ બુદ્ધિ તૈયાર થાય? અહિં તુચ્છતા ન હોય તો તે બુદ્ધિ આવી શકે. કેટલી ગંભીરતા હોવી જોઈએ? આવા વિષયોને અનિષ્ટો ધારવા તેનો ઉથલો મારવો, શ્રવણ થવું મુશ્કેલ છે. અમાવસ્યાની અંધારી મધ્યરાત્રિ હોય, વરસાદ આવ્યો હોય, તારા ઢંકાઇ ગયા હોય, તે વખતે સૂર્યની કલ્પના કરવી હોય તો કેટલી મુશ્કેલ પડે છે. તો પછી અહીં જે અનાદિથી વિષયોને અંગે રાગ–વ્યામોહ થએલો, જિંદગી ખતરો કરેલી એવી જિંદગીમાં વિષયોનું અનિષ્ટપણું સાંભળવા કોણ તૈયાર રહે? ગંભીરતા ન હોય તો વહાલામાં વહાલા ગણાએલા, જેને માટે જિંદગીની જોખમો હોદેલી તે અનિષ્ટ છે, એટલું સાંભળવું, હજુ ધારવું તે માટે ઉદ્યમ કરવો દૂર [illegible] પણ માત્ર સાંભળવું કે વિષયો અનિષ્ટ છે, તો ગંભીરતા કેટલી [illegible]. ઝવેરીના હીરાને કાચ તરીકે સાંભળવો શલ્ય લાગે, તેમ અનાદિથી લાગેલા ઇષ્ટ વિષયોને અનિષ્ટ વિષયો સાંભળવા, એટલું જ નહીં [illegible] ઝવેરી કાચ માને છે, તેને હીરા કહે તે કેમ સાંભળાય? [illegible] ન રહે તો કાને હાથ દે. તેમ આ જીવને વિષયો [illegible] અને અનિષ્ટ લાગેલા વિષયો, પ્રતિકૂળ વિષયોને નિર્જરાના [illegible] દોસ્ત ગણવા. તેમાં કલ્યાણ શી રીતે સાંભળી શકાય? અનાદિના [illegible] ગણાએલાને અનિષ્ટ અને અનિષ્ટને ઇષ્ટ વિષયો ગણો. [illegible] મર્મમાં ખંજર જેમ હૃદયમાં ભોંકાય, તે સાંભળતાં [illegible] [illegible]. વિષયોનું ઇષ્ટપણું વોસરાવો, અનાદિકાળથી વિષયોમાં [illegible] [illegible] હીણો નથી અટકો અને સ્વપ્નમાં જે વિષયો ખરાબ [illegible]

તેને શ્રેયઃ ગણો. વિચારો કેટલી મુશ્કેલી? ઈષ્ટ વિષયો કર્મબંધના હથિયાર અને અનિષ્ટ વિષયો કર્મનિર્જરાનાં સાધન ગણવા એ સાંભળ્યું કેમ જાય? જે વસ્તુનો પાંચ-દસ વરસનો અનુભવ તેની વિરૂદ્ધ સાંભળી ન શકીએ, પણ જે અનાદિનો અનુભવ તે વિરૂદ્ધ ગુરુ સંભળાવે તો કેમ સંભલાય? કહો કે અક્ષુદ્રતા આવી. જો અહીં ગંભીરતાની ખામી હોય, તુચ્છતા હોય તો તરત ઉઠી જાય, ભલે હું અનાદિથી ઈષ્ટ માનું છું, તો પણ સાંભળવા દે. આટલી પણ ખામોશ હોય તે સાંભળી શકે, આટલી ખામોશ ન હોય તેને સાંભળવાનો વખત ન આવે, તેમ દરેક ચીજમાં આવો, તમે માબાપ માટે મરી પડો. યુધ્ધમાં જાવ, જંગલમાં ભટકો, કેટલો પ્યાર હોવો જોઈએ, આટલા બધા વહાલા, અનુભવથી પ્યારનું પાત્ર, તેને અહીં દુર્ગતિમાં લઈ જનાર તેમ અહીં શી રીતે સાંભળ્યું જાય? એક જ મુદ્દાથી, કંઈક ખામોશ હોય, એ શા મુદ્દાએ કહે છે તે સાંભળવા તો દે. તે જ અક્ષુદ્રતા.

૧૧ મો પ્રાણ અર્થનું અનર્થપણું કયારે સંભળાય?

તમે તમારા પ્રાણ કરતાં પ્યારો પૈસો એ પ્રથમ પ્રાણ. દસપ્રાણનો ભોગ પ્રથમ પૈસા માટે આપે છે. વીશલાખના આસામીને કેનસર થયું છે, વીલાયત જઈ પાંચહજાર કયાં ખરચ્યું? બે વરસ પછી મરવું જ છે ને? ૧૧ મો પ્રાણ ધન. તે ચીજને અંગે જગતમાં અનર્થની જડ પૈસો છે એ કેમ સાંભળ્યું જાય, अर्थो अनर्थ मूलं. દુર્ગતિનો ડંકો, અનર્થનું મૂળ અર્થ, તે શી રીતે સંભળાય? તે વમનારા મહાત્મા, અર્થ રાખનારા અધમ, તેને છોડવામાં સદ્ગતિ, રાખવામાં દુર્ગતિનો ડંકો. આ કેમ સાંભળ્યું જાય? કહો હૃદયમાં કેટલી ખામોશ હોય? કેટલો બીજાના વિચાર વચનોને સાંભળવા પોતે તૈયાર હોય, અનુભવ વર્તનથી વલ્લભતાથી વિરૂદ્ધ વિચારો કાને સાંભળવા કેમ બને? આદિ જેવો વિચારભેદ હોય તો પણ બીજાનો વિચાર સાંભળી વિનિમય કરો, વિચારશૂન્ય વિચાર વિનિમય કરવા તૈયાર હોતો નથી, આ તો આખું ઉથલાવનાર, ઉપાશ્રયના પગથીઆની બહાર જેટલી તમારી ગમત ને અહીં અહીં ઉથલાવવાની, પોતાના વિચાર પર કાબુ ન હોય, તેને વિચાર સાંભળી શકાય નહીં. સાંભળવા પૂરતી અક્ષુદ્રતા તમારામાં આવી છે, કબીર આગળ વધીએ. સર્વ પદાર્થ કરતા જીવને વહાલનારો

ચીજ જીવન, જે જીવન માટે સ્વપ્નમાં તું મરી ગયો કે સ્વપ્નમાં શોક કરવા બેસીએ, પૈસા, માબાપ, સ્ત્રીઓ, પુત્ર કરતાં જીવન વહાલું છે, મર શબ્દ પણ ખમાતો નથી, તે અહીં અરે માનવી! આ ક્ષણમાં મરણના ડંકા વાગી રહ્યા છે તે સાંભળો છો. મરવું પગલાને હેઠ, તમે અમારી પાસે બોલાવો કઈ સ્થિતિએ? ઉંચે સ્વરે વારંવાર, 'જીવને આશા ડુંગર જેવડી, મરવું પગલાને હેઠ' આ કઈ સ્થિતિએ બોલાવો છો? એક અંશ એક ડગલું પણ સાંભળી શકીએ તેમ નથી. તો કેમ સંભળાય છે? એક જ વસ્તુ હૃદયમાં ગંભીરતા આવેલી છે કે, વિષયો કુટુંબ જીવને અંગે ચાહે તે અનુભવ હોય પણ સાંભળવા તો દે, આ ગંભીરતા ન હોય તો ધર્મ પણ સાંભળી શકે ખરો? માટે અક્ષુદ્રતા ગુણ પ્રથમ નંબરે, એ ગુણ આવવો જ જોઇએ, છોટો કે ન છોટો પણ સાંભળતો તો થાય, કાન ઢાળતો તો થા! કાન ઢાળવામાં પણ ગુણની સ્થિતિ જોઈએ છીએ. દુનિયાદારીમાં માગેલા મેલવાની વાતમાં કાન કેમ ઢળાય? તેમાં કાન ઢળાય તે ગંભીરતાના અંગે આ તો દેશનાને અંગે ગંભીરપણું કહ્યું. તેમ દેવાદિ, દાનાદિક નિષ્કષાયપણાને અંગે ગંભીરપણું જોઈએ. હવે તે અક્ષુદ્રતાનું સ્વરૂપ અને ધર્મ સાથે તેનો કેવો સંબંધ છે તે આગળ જણાવવામાં આવશે.

卐

પ્રવચન ૪૭મું

સંવત ૧૯૯૦ શ્રાવણ વદી ૧૦ સોમ, મહેસાણા

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી ધર્મરત્ન પ્રકરણ [illegible] જણાવી ગયા કે, આ અનાદિ અનંત સંસારની અંદર રખડતા રખડતા મનુષ્યભવની પ્રાપ્તિ થવી જ દુર્લભ હતી. જાણેલી વસ્તુનું [illegible] ખરાબપણું માલમ પડે, પછી સારાની ઇચ્છા થાય અને [illegible] ખેંચાય. કોઈ કારણ મળી આવે ને પ્રવૃત્તિ કરીએ તો કોઈ વખત ધારેલી વસ્તુ મળી જાય, પણ મનુષ્યપણાનો મનુષ્ય સિવાય બીજાને ખ્યાલ આવતો નથી. પંચેન્દ્રિય તિર્યંચોની સાથે મનુષ્યનો વ્યવહાર છે. [illegible] પણ મનુષ્યપણાનો ખ્યાલ નથી. ત્યાં મનુષ્યના સુંદર કે ખરાબ [illegible] ખ્યાલ ન આવે. તે મેળવવા

નહીં તો કારણો જડે ક્યાંથી? કારણની પ્રવૃત્તિ નથી અને તેથી સિદ્ધિ પણ નથી. સારૂં લાગ્યું નથી, પ્રવર્તવાનું બન્યું નથી, તે બને શી રીતે? આ વિચારીશું તો આપોઆપ ખબર પડે કે મનુષ્ય-પણું મુશ્કેલ કેમ? એકેએક ચીજ દુર્લભ, એ જ અપેક્ષાએ વિચારીએ કે પ્રથમ કઈ દીશા હતી? છોકરૂં જન્મે ત્યારે ઊંઆ ઊંઆ કરે છે, ઘટના કરે છે. એ પૂરા શબ્દો બોલી જાણતું નથી, અધૂરા શબ્દોમાં ઊંઆ કરે છે. નવ મહિના પ્રાર્થના કરી કે હું તને નહીં ભૂલું, તારા સિવાય બીજું રટન નહિં કરૂં, નવ મહિના પ્રાર્થના કરી, પણ જન્મ્યો, બંધ નથી છૂટ્યો, એટલે હું અહીં, તું ત્યાં, તો એ છોકરો નવ મહિના સુધી ગર્ભમાં રહ્યો પણ જન્મ્યો તે સાથે હું અહીં, તું ત્યાં.

આપણી ઉંટવિદ્યા :

આપણી વાત કરીએ. ઠેસ વાગી ચામડું ઉતરી ગયું, ન રૂઝાય ત્યાં સુધી રૂ અડકે તો પણ ડરીએ, પણ ક્યાં સુધી ડર? જ્યાં સુધી એ વેદના રહે. રૂઝ આવી એટલે ઉંટવિદ્યા આગળ છે. ઉંટ વિદ્યા એટલે ઉંચું જોઈ ચાલવું, આપણે પણ દરેક ગતિમાં દુઃખો ભોગવીએ તે વખતે એમ થાય કે આ જીવે પાપ કર્યું. હવે પાપને છાંયડે ન જવું. પણ પાપનાં ફળ ભોગવીએ ત્યાં સુધી. મસાણમાં વૈરાગ્ય આવે, ક્યાં સુધી? મસાણથી નીકળી ઘેર આવ્યા પછી કંઈ નહિં. રોગ આવે તો પાપનો ઉદય. પાપ પીપળે ચડી પોકારે છે. પાપનો પડછાયો ભૂંડો પણ હેરાન થઈએ ત્યાં સુધી, હેરાનગતિ ગઈ પછી પાપનો પડછાયો ભૂંડો લાગતો નથી. કેટલીક વખત જીવોને એમ થાય છે કે અમે નિગોદ, નરક, તિર્યંચગતિના દુઃખો ભોગવ્યાં તો તે વાતનો ખ્યાલ કેમ નથી લઈ શકતા? આ ભવની વાત ભૂલી જાય તેનું શું? આંખે ચટકા મારતા હતા તે અત્યારે એમાંનું શું યાદ છે? રૂઝાઈ ગયા પછી આ ભવની વાત ભૂલી જાય છે, ભાળીને ભૂલે છે, પણ તે કરતાં આ ભોગવી ભોગવીને અનાદિથી ભૂલે છે. તો વિચારો! જ્યાં નાના બચ્ચાંઓ દુઃખની દશા વખતે લોકોના કહેવા પ્રમાણે પરમેશ્વરની પ્રાર્થના કરતો હતો તે ભૂલી ગયો. દરદ ગયા પછી વૈદ વેરી. તેમ પાપ ભોગવીએ તે વખતે ધરમની ધગશ થાય, સ્મશાનમાં, રોગ આપત્તિ વખતે ધરમની ધગશ થાય પણ ઘેર આવી મોં વીંછળી નાખ્યું એટલે કંઈ નહિ. તેમ પાપના ફળો અનંતી વખત

ભોગવ્યા, તે વખતે પાપથી કંપ્યા પણ ભોગવવાનું ગયું એટલે હતો એવોને એવો જ, ફટકા પડે તે વખતે હવે ચોરી નહીં કરૂં પણ ફટકો ચમચમે ત્યાં સુધી, કેદમાંથી ચોર નીકળ્યો કે માસ્તરના હાથમાંથી છોકરો છૂટયો એટલે હતું એમ ને એમ. જો ભોગવેલું યાદ રહેતું હોય તો પાપને પડછાયે ન જઈએ.

જાતિ સ્મરણ સમયે પાપ પરિહાર બુદ્ધિ જુદી જ હોય :

પ્રાચીન કાલમાં જાતિસ્મરણ થતા સાથે પાપ છુટતું સાંભળીએ છીએ. આપણે ભોગવેલું ભૂલ્યા, તે ભોગવેલું યાદ કરે છે. ભોગવેલું યાદ કરે તે તો એ રસ્તે ફેર ન જાય, ભોગવેલું ભૂલીએ છીએ ને જાતિસ્મરણવાલાને ભોગવેલું યાદ આવે છે, આ રસ્તે જવામાં ફાયદો નથી, પોતાની જવાબદારી અને જોખમદારી બરોબર સમજે છે. તે તો ભૂલમાં દસ્કત કોઈ જગો પર કરી દીધા, તેથી હજાર ગળે પડ્યા. તે હજારરૂપીઆ ધમકાવી લીધા પછી ભૂલે નહિં, કોઈ દસ્કત કરાવવા આવે તો ફેર કરો છો? જેને દસ્કતને લીધે હજાર ગયા તેનું કેમ થાય? કલમ બોળો ત્યાં યાદ આવે, પછી કલમ બોળાય, યાદ પહેલું આવે, તેણે જવાબદારી જોખમદારી ખ્યાલમાં લીધી છે, તેમ ચારે ગતિના જન્મ, મરણ, રોગ, શોક યાદ આવે, તે કરતાં પોતાની જવાબદારી, જોખમદારી જાતિસ્મરણથી માલુમ પડે, તે સ્વાનુભવથી થાય છે, તે જુદી જ છે. તેમ જાતિસ્મરણવાલાને પહેલાની સ્થિતિ ખ્યાલમાં આવે તે બીજામાં ઘણો વિચાર કરે, જાતિસ્મરણવાલો એક પાપ કરતાં વિચાર કરે. આથી જગોજગો પર જાતિસ્મરણ થયું કે ત્યાગી થયો, જાતિસ્મરણવાલો સાક્ષાત્ જવાબદારી જોખમદારી. નુકશાન કેટલું થયું તે સમજી લ્યે. હવે નવી જવાબદારી જોખમદારી ન લે. માટે જાતિસ્મરણવાલો તેથી મુક્ત થવા માટે સર્વ પાપને ત્યાગ કરે છે. એને જવાબદારી જોખમદારી આબેહુબ ખ્યાલમાં આવે છે. પહેલાં જાણતો માનતો હતો. એક હજારમાં પોતે દબાયો હોય તો વિચાર થાય છે. પોતે જાણતા માનતા હતા, જાણ્યા માન્યા છતાં દબાઈને દેવા પડે તેની અસર જુદી જ થાય. દુનીયામાં દેવા પડે હોય તે જાણે માને, જુદું ન ગણે તે છતાં બીજાની અસર કરતાં સ્વાનુભવની અસરમાં રાતદિવસનો ફરક છે. તેમ નરક, પાપના દુઃખો પીડાઓ સાંભળી છે, છતાં પોતાને વીતેલી પીડા ખ્યાલમાં આવે તો

છે, નવી તૈયાર કરાવી છે, આમ છતાં નવી શાળામાં હાથી જતો નથી ને જુનીમાં પાછો ભરાઈ જાય છે. જુની પડી ગઈ છે. ટાઢ વાય છે, વરસાદ આવે છે, છતાં જ્યાં ધૂળનો ભાગ હોય ત્યાં બેસવું જોઈએ, ચોરસાનો સુંદર ભાગ છોડી કચરામાં કૂતરાને આનંદ, તેમ પેલા હાથીઓ જુની શાળામાં આનંદ માને છે, જેમાં ત્રણે ઋતુના દુઃખો છે, નવીમાં એકે ઋતુનું દુઃખ નથી, મહાવત પરાણે લઈ જાય તો પણ ગોઠતું નથી. આપણે ઓલામાં પગ ચૂલામાં માથું છે. છતાં વાગેલાને શીરો ખવડાવે છે, બીજો ભાઈ કહે કે માથું ફુટે તો શીરો મળે છે. તેણે પણ ફોડયું. માથું ફોડી શીરો ખાવો. તેમ આપણે પલપલની પલોજણ વેઠીને દુનીયામાં ડાહ્યા બનીએ છીએ. જેને પલપલની પલોજણ કરવી છે તેને વૈરાગ્ય માર્ગ સૂઝતો નથી; તો નવનિધાન ને છ ખંડની સાહ્યબી હતી, ચૌદ રત્નો હતા તેણે વૈરાગ્ય માર્ગ કેમ લીધો? રત્નની સમાન ગણે તો, રત્નો ચક્રવર્તી પાસે હતા. ધર્મ એ રત્ન જેવો, ધર્મ રૂપી રત્ન નહીં પણ ધર્મજ રત્ન એનું કારણ? રતન એ પથરાના ભાઈ છે. જાત ઉપર ભાત પડવાની, જાત પત્થરની, જડ જાતની ઉપર જહેમત કોણ ઉઠાવે? શાણો નહીં ઉઠાવે. તે માટે એક જ જચેલું. ધર્મ જ રત્ન, આ બુદ્ધિ થાય ત્યારે રત્ન પણ ધર્મનો ગુલામ છે. ધર્મ ગુલામ નથી તો પછી એવો કોણ હોય કે શેઠને છોડી ગુલામને પકડે? તેથી ધર્મ એ જ રત્ન. આ રત્ન રાખીએ ત્યાં સુધી રક્ષા કરે, ખસ્યુ ખાસડા મારે. એક વખત કાચી ઘડી ધર્મની પ્રાપ્તિ થઈ ગઈ તે મોક્ષ મેળવી દીધા સિવાય રહે નહિં, ખસેડયું પણ ખસતું નથી, કોને? જગતના લૂંટારૂઓ ભોળાપણાનો, અનુપયોગનો, જોવાવરીનો લાભ લે છે, આ લૂંટારૂઓએ દાન સારૂં ગણાવ્યું, અમારી પાસે દાનનું ફળ જણાવ્યું તેથી રાજી થઈ દાન દેવા માંડયું. લૂંટારૂઓ લાકડીથી લૂંટે, આ લોકો ફુસલાવીને લૂંટે, પાંચ પૈસા બગાડે તો બાયડી-મા-બેન-છોકરાના છોતા કાઢીએ. એ હમે અહીં ૨૦૦-૫૦૦-૧૦૦૦ દાનમાં દઈ રાજી થઈએ, કઈ દશા છે? પણ આ વિચાર કોણ કરે? તૃષ્ણા ન હોય તો જ દાન આપી ખુશ થાય, અસંખ્યાત, અનંત જીવોની વિરાધના થઈ, બ્રાહ્મણ ચંડાળ બની ચોરી મેળવી તેમાં શો ચમત્કાર કર્યો? તેમ ચૈતન્યસ્વરૂપ, શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્મા

પુદ્ગલ પરિણતિમાં ગયો ત્યારે પૈસો મેળવ્યો. પૈસો પેદા કર્યો એટલે સ્વરમણતા કરી, બ્રાહ્મણ ચંડાલ થયો. એક પૈસો પેદા કર્યો એટલે સ્વરમણતા છોડી પરરમણતામાં ગયો, ત્યારે પૈસો પેદા કર્યો, તેનો સદુપયોગ બતાવે. એટલું જ નહીં પણ દુનિયાદારી પ્રમાણે અહીં મેળવ્યું તે આગળ મેળવવું છે કે નહિ ? ખેડૂતો ખાવા કરતાં બીજના દાણા મોટા રાખે. લોકજાત એ પણ ભવિષ્યમાં મેળવવા માટે તૈયાર. માલદાર મત્તા મેળવે, તો આવતા ભવે જોઈતું હોય તો, માલદાર મત્તા મેળવવી જોઈએ, મમતાનો મર્કટબંધ છોડાવવો, તે નિપુણનું કામ છે, આ બુદ્ધિ આવે કોને ? 'દાન પરભવની સંપત્તિ છે.' જેનામાં અક્ષુદ્રતા ગુણ હોય તે જ દાન દેવાનું શ્રેષ્ઠ ગણશે, ને તે જ ધર્મને લાયક ગણાશે, તેવી જ રીતે શીલ, તપ, ભાવ, દેવ, ગુરૂ ને ધર્મને અંગે સરખી રીતે અક્ષુદ્રતાનો ગુણ જોઈએ. તે બધામાં તે ગુણ કેવી રીતે ઘટાવવો તે વિગેરે અધિકાર અગ્રે વર્તમાન.

★

પ્રવચન ૪૭ મું

શ્રાવણ વદી ૧૧ મંગળવાર મહેસાણા

धम्म रयणस्सजुग्गो अक्खुद्दो रूववं पयइसोमो ।
लोगप्पिओ अक्करो भीरू असढो सुदक्खिन्नो ॥ ५ ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી ધર્મરત્ન પ્રકરણ [illegible] કરતાં જણાવી ગયા કે, અનાદિકાળથી રખડતાં રખડતાં મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ હતી. આ જીવ મનુષ્યભવ મેળવી શક્યો ન હતો. મહા-મુશ્કેલીથી મનુષ્યભવ મળી ગયો. જેમાં વિચાર કર્યો ન હતો કે મનુષ્યપણાનાં ફળો કેવાં છે એ વિચાર્યા ન હતા. તેની [illegible] ખ્યાલ આવ્યો ન હતો. તેના કારણો જાણ્યા ન હતા તો [illegible] ક્યાંથી જ કરે ? આવી દશામાં તે મળી ગયું તે ભવિતવ્યતાના [illegible] જ મળી ગયું, પણ હવે તેને સફળ કેમ કરવું ? મળવાની મુશ્કેલી કરતાં તેના ઉપયોગની મુશ્કેલી વધારે હોય ? [illegible]

છતાં તેનો ઉપયોગ ન આવડે તો હથીયાર મળ્યાનું ફળ શું ? મળેલા હથીયારમાંથી ફળ ક્યારે મેળવી શકાય ? જ્યારે એ હથીયારનો ઉપયોગ થાય. હથીયારનો ઉપયોગ કરે તો મળવા માત્રથી ફળ થઈ જતું નથી. એટલું જ નહિં પણ દુરુપયોગ થાય. જે હથીયાર ફાયદો કરનાર હોય, તે દુરુપયોગમાં આવે તો સજ્જડ ખેવડું નુકશાન કરે છે. તરવારને મુઠીથી ન પકડી અને ધાર ઉપરથી પકડી તો ? જેટલું જોર દઈએ તેટલું વધારે નુકશાન. આ મનુષ્યપણું એ પણ એક નાગી તલવાર છે. તલવાર મળેલી હોય, મુઠીથી પકડે તો સદુપયોગમાં કામ લાગે, અણીથી પકડે તો પોતાની મેળે જ દુરુપયોગ કરે, નહીંતર બીજો ખૂંચવી મારે, ફક્ત છેડા ઉપરથી પકડવાનુ જ કામ, તેમ મનુષ્યપણું મોક્ષની નિસરણી, આ સિવાય મોક્ષે જવાનું કોઈ ભવમાં નથી. દેવતાનો ભવ જે સુંદર ગણાય તે ભવમાં પણ શીવ સધાઈ શકતો નથી. મોક્ષ મેળવી આપનાર કેવળ મનુષ્યભવ. આ મનુષ્યભવનો સદુપયોગ કરે તો કરમનું કાસળ કાઢી નાખે, જો તેનો સદુપયોગ કરવામાં ન આવે, આરંભ સમારંભ કરવા દૂર રહ્યા, પણ તરવાર ઊંધી પકડવામાં હાથ કપાયો એમ અવિરતિમાં રહ્યા એટલે માર્ગથી છૂટા પડ્યા, આ વાત લક્ષ્યમાં લેશો ત્યારે જ તીર્થંકર મહારાજા, કેવળીઓએ, ગણધરોએ વિરતિ માટે કેમ કટીબદ્ધ કર્યા તે માલમ પડશે, ગૌતમસ્વામી પાસે કોઈકે દીક્ષા લીધી. મારું કુટુંબ પ્રતિબોધ પામે તેમ છે, તો કહે છે કે ત્યાં પહોંચ્યો, મહાવીરને લોભ માતો નથી. એક ઉદાયનને દીક્ષા દેવા માટે ભેરા મુલતાન તરફ લાંબો વિહાર કર્યો, ઉદાયન રાજાને દીક્ષા આપી, પાછા ત્યાં આવી ચોમાસું રહ્યા. ચંપાથી નિકળી ભેરા ગયા. પાછા રાજગૃહીમાં ચોમાસું કર્યું. ૧૨૦૦ માઈલ ગયા, ૧૨૦૦ માઈલ આવ્યા, જેવા ચશ્મા પહેરે તેવું દેખે, લાલ ચશ્મા પહેર્યા તો બધું લાલ દેખે, દીવા સાથે લાલ કાચ મેલ્યા તો આખા હોલમાં લાલ દેખાય, તેમ આપણે આપણા જ્ઞાન સાથે લોભનો લાલ કાચ ધર્યો છે, તે હોવાથી આપણને બધું લાલ દેખાય. આપણને કલ્યાણનો રસ્તો લોભમય લાગે છે, વૈરાગ્યનો ઉપદેશ દીધો, તે હમણાં જ ફળીભૂત થશે તેવો નિયમ નથી. લોભવાળાએ તો પાકે તેટલા પાછળ મહેનત કરવી. બીજા પાછળ શું કરવા મહેનત કરવી ? મહાવીર મહારાજે ચાર ત્યાં ચોમાસા કર્યા. ત્યાં જે દીક્ષિત થવાના તે તેમના

નામના, કઈ સ્થિતિએ લોભ ગણાવો છો? કોઇ પણ પ્રકારે માર્ગને મચડી નાખવો, લોભના નામે માર્ગને મચડી નાખે છે, આજે ત્યાગનો ઉપદેશ તે પણ લોભ જ છે. માર્ગને મચડી નાખવાનો રસ્તો છે, પોતે લોભના ચશ્મા પહેર્યા છે તેથી લોભ જ દેખે છે. પણ ચાલ ભાઈ લોભ છે. ડાકટરને જશની ઈચ્છા હોય ને દરદીને વધારે સારૂં કરે તો, પરોગગારીપણે દરદીને સારા કરે. પણ તેઓ પારમાર્થિક નથી, પણ જસની ઈચ્છાએ દરદી સારા કરે તેમાં ભુંડું શું? એમાં ભુંડું એકલો કાઈટીયો ગણે.

બે પ્રકારના રીપોર્ટરો :

કાઇટીયાને ઘેર સામાન્યથી મરણની નોંધ હોય. ગોરને ઘેર લગન જનમની નોંધ હોય, ગોરના ચોપડા તપાસો તો ફલાણે દહાડે લગન, ફલાણે દહાડે છોકરો જન્મ્યો. મરી ગયાની નોંધ ગોરને ત્યાં ન હોય. તેમ કાઈટીયાઓ ડાક્તર ઉપર કકળે, એને મળતર મરવામાં, તે વિઘ્નભૂત છે. નિરોગી રહે તો મળતર નથી, તેમ આપણા શાસનમાં પણ બે પક્ષ છે, એક ઓચ્છવ, મહોત્સવ, દીક્ષા પ્રતિક્રમણની નોંધ રાખે છે, ને બીજો પક્ષ–કયો દીક્ષાથી પડયો, કયો નાસી ગયો તે નોંધ રાખે છે, આજકાલ બે પ્રકારના ખબરપત્રીઓ છે, કાઈટીયા અને ગોર ખબરપત્રીઓ છે, કયા ચોપડામાં તમને રસ છે?

આરંભાદિક પાપમાં જોડેલું મનુષ્યપણું ગાંડાના હાથમાં આવેલી તરવાર માફક પોતાના અંગને છેદનાર થાય છે:

હવે આપણે મૂળવાતમાં આવો. ડાકટર જસની ઈચ્છાએ દરદીનું દુઃખ દૂર કરે, તેમાં કોના પેટમાં દુઃખ કરે? કાઇટીયાના પેટમાં, તેમ હું તો કહું છું કે, સાધુઓએ લોભથી દીક્ષાનું કાર્ય કર્યું, પણ કર્યું શું? અવિરતિ, આરંભ, સમારંભ વિષયનો ત્યાગ કરાવ્યો, પણ તમારે બાપને બોલાવવો છે, ભીખાભાઈ હાથીભાઈ એમ બાપાનું નામ બોલાવવું છે, સાધુને કયો બાપ બોલાવવાનો છે, જીવતા ગુરુને પણ એમાં નથી ગણતા, તમે મુવેલા બાપને પણ બોલાવો છો, જેને જીવતા ગુરુને પણ બોલાવવાનું નથી, તો લોભની દૃષ્ટિ કયાં? તમારૂં નામ શું? તમે કોના ચેલા? તો માત્ર નામ. તમારૂં નામ પૂછે તો ભીખાભાઈ હાથીભાઈ, સાથે વારસાઇ હક નથી, તમારે વારસાઈ હક છે. અહીં

લંગોટીના ચીંથરડા ફાડી લે, તેમજ તમારે છોકરાની કમાઈ ખાવી છે? કઈ દૃષ્ટિએ લોભ કહો છો? લોભનાં ચશ્મા હોવાથી લોભ બોલાય છે. જગતનો લાભ દેખ્યો છે તે ત્યાં લગાડવો છે, આપણે ઘરબાર ને મહારાજને ઉપાશ્રય, આપણે છોકરા તો મહારાજ ને ચેલા, શંખણી શું જોઈને સતીની સરખાવટ કરવા જાય છે? જેને આરંભાદિકમાં ડૂબવાનું, પોતાનો તેથી જ નિભાવ થાય તે નિરારંભ નિષ્પરિગ્રહીને શું જોઈને કહી શકે કે લોભ છે. કહેવાનું તત્ત્વ એ છે કે, તરવારને માત્ર અવળી પકડી તેટલામાં આંગળા કાપ્યા, શત્રુના હાથમાં જાય અને ગળું કાપે તે વાત જુદી. તેમ મનુષ્યપણું અવળું પકડી અવિરતિમાં મનુષ્યપણું રાખ્યું, તે અવળી તરવાર પકડતા છોકરાને રોકવો તેમાં નુકશાન નથી, તીર્થંકર, ગણધર, કેવળીઓ બધા અવિરતિ બંધ કરે તેમાં નવાઇ શી? કેવળ સામાન્ય અનુપયોગે મનુષ્યપણું ધારણ કરાય તો, મનુષ્યપણું નુકશાન કરે. તો શત્રુના હાથમાં દીધેલી શમશેર નુકશાન કરવામાં કેટલો વખત લગાડે? તેમ આરંભાદિકના તાબામાં મનુષ્યપણું દઈ દઈએ તો શું થાય? આપણી શમશેરે આપણું શીર કાપી નાખ્યું. આપણને મનુષ્યપણું ન મળ્યું હોય તો આરંભાદિક વધારે ન થાત, આપણે દુર્ગતિએ ન જાત, આરંભાદિકમાં જોડેલું મનુષ્યપણું એટલે શત્રુના હાથમાં આપણી શમશેર આપી આપણું ગળું કપાવીએ છીએ. એથી સાંભળીએ છીએ, એક મનુષ્યભવમાં જેની સ્થિતિ ક્રોડ પૂરવની પૂરી ન હોય, તેવી સ્થિતિમાં ઉપાર્જન કરેલાં પાપો નરકમાં તેત્રીશ સાગરોપમ સુધી ભોગવે છે, વિરતિ, વિનય, વૈયાવચ્ચ સમાધિને અંગે મનુષ્યપણું જોડ્યું હોય તો કામ કરી નાખે. મોક્ષ મેળવાવી આપે, વિષયાદિકમાં જાય તો સાતમી નરકમાં પણ સપડાવે. શાના લીધે? મનુષ્યપણાના દુરૂપયોગને લીધે. જે મોક્ષની નિસરણી હતી તેનો દુરૂપયોગ થયો તો સાતમી નરકમાં સપડાયા. તેમ હથીયાર મળવું મુશ્કેલ, મળ્યા છતાં તેની તાલીમ લઈ તેનો ઉપયોગ કરવો ઘણો મુશ્કેલ. તે મળ્યા છતાં અનર્થ હરણ કરનાર ધર્મરત્ન મળવું ઘણું મુશ્કેલ.

ચોથા આરામાં જગતના સરદાર રાજ કરતા હતા :

આગમવીસ આંકડાલાને મનુષ્યપણું મળ્યું તેનો દુરૂપયોગ કરનારા કેટલા? હંમેશાં પ્રાતઃ સ્તુતિ કરો છો. कोडिसहस्सा नव साहू

गम्मइ ૨૯ આંકની અપેક્ષાએ નવ હઝાર ક્રોડ કઈ ગણતરીમાં? સદુપયોગ કરનારા कोडि सहस्स :નવહઝાર ક્રોડ માત્ર. તેતો શૂરો સરદાર જાગતો છે તેના આધારે. અહીં અંધેર ખાતું છે, ત્યાં વીસ સરદાર જાગતા છે, વીસ વિહરમાન તીર્થંકર છે, અને નવ ક્રોડ કેવળિઓ છે. સરદારના હાથ નીચે આટલા લેફ્ટેનંટોની સંખ્યા હોય, જ્યાં આટલા જનરલો હોય, ત્યાં નવહઝાર ક્રોડ સાધુઓ હોય તેમાં નવાઈ શું? અહીં બુટેરાયની પાસે શાંતિ સાગરીયો ભક્ત આવ્યો હશે. આજકાલ સાધુપણું ક્યાં છે, નહિં વિનય, તપસ્યા, પડિકમણા એકેના ઠેકાણા નહીં. સાધુપણું તો ચોથા આરામાં, બુટેરાયજી કહે છે કે, ચોથા આરાના સાધુની અવજ્ઞા નથી કરતો, પણ પાંચમા આરાની અવજ્ઞા કરે છે તેથી કહું છું. બોલ! એક રાજ્ય એવું હતું, જેમાં રાજા અને પ્રધાન ચારે બાજુ ફરતા હતા. લશ્કરીઓ સીપાઈઓ પણ ચારે બાજુ રોન દેતા હતા. તેની પ્રજા તેને વફાદાર રહેતી હતી. તે જગો પર પ્રજા વફાદાર રહેતી હતી. બીજી બાજુ એવું હતું કે આખા દેશમાં રાજા ગણાય પણ રાજાનું મોં પણ જોયું નથી. પ્રધાનની વાત પણ ઉડી ગઇ છે, લશ્કરી તો અદશ્ય થયા છે. સીપાઈનું નામ નથી, તે છતાં ત્યાની પ્રજા વફાદાર રહે છે. તે બેમાં અધિકતા કઇ પ્રજાની ગણવી? એકમાં રાજા–પ્રધાન સેનાધિપતિ, સીપાઇઓ રોન ફરે છે અને બીજામાં તેઓનું નામ નિશાન નથી. ત્યાંની પ્રજા વફાદાર રહે છે. આ બેમાં વધારે વફાદાર કઇ ગણવી? તેમ ચોથા આરામાં તીર્થંકરે રોન લગાવી. મહાશતક શ્રાવક ક્રોધથી રેવતીને સાચા પણ કડવા વચનો કહે છે. રેવતી ઉપદ્રવ કરવા આવે છે, તે વખતે કહે છે કે શું માતી ફરે છે? સાત દિવસમાં મરી નરકે જઈશ. મરીને નરકે જવાની એ વાત ચોક્કસ છે, પણ જૈનશાસ્ત્રનો નિયમ એ છે કે–ખરૂં કહેવું તે નિયમ નથી, હિતનું કહેવું તે નિયમ. આટલા ખાતર ગૌતમ સ્વામીજીને મોકલ્યા. મહાશતક શ્રાવકને કહો કે, પૌષધમાં તારે માટે આમ ભયવચન કહેવું તે વ્યાજબી નથી, માટે મિચ્છામિદુક્કડં દે, રાજા કેવી રોન કરી રહ્યો હતો, એક શ્રાવક ઘેર પોસામાં બેઠેલો, મર્યાદા બહારની પોતાની બાયડીને સાચી હકીકત કહે છે કે સાત દિવસમાં રોગ થશે ને મરી નરકે જશે, માટે કાંઈ ભાન લાવ. આટલું કહેવું છે ભાન લાવવા માટે, ક્રોધથી કહેલું સર્વથા સાચું વચન, તેમાં પણ શ્રાવક–પાપ

અત્યારે કેમ ચાલી ગયું, જો પાંચમાં આરામાં અધિક કહો છો, તો દરિદ્ર દેશો નામથી વફાદાર રહે, આયપદ (આવક) ન આપે, માલદાર ન હોય તો આવક ન થાય. ત્યારે વજ્રઋષભનારાચસંઘયણ હતા, સાધન સામગ્રી ન હોવાથી કેવળ ન મળે, જ્યાં આગળ ઈનામ મળતું હતું ત્યાં બહાદૂરી કરતા હતા તે વધારે કે, જ્યાં ઇનામ મળતું નથી છતાં ત્યાં બહાદૂરી કરે તે વધારે? ચોથા આરામાં અંતરમુહૂર્તમાં કેવળ જ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન. ચૌદ પૂર્વનું જ્ઞાન ઇનામ તરીકે મલતા હતા. પાંચમા આરામાં નથી થતું એ જ કહું છું. પાંચમા આરામાં નથી ઇનામ છતાં વફાદારી રાખી રહ્યા છે, ચોથા આરામાં શિક્ષાની સત્તા સાબીત હતી. એક સાધુ પ્રમાદી રહ્યો. તેથી ખાળે નગરનો જક્ષ થયો. ત્યાં સાધુ જાય એટલે જીભ કાઢે. આ શું? ફલાણા આચાર્ય જે રસ ગૃધ્ધિવાલા હતા, તે મરી જક્ષ થયા છે, શિક્ષાની સાબિતી હતી. સાધ્વીઓની પણ શિક્ષાની સાબિતીઓ હતી. આજે શિક્ષાની સહેલાણી પણ નથી. માન અકરામનું ઓળીયું–પ્રમાણપત્ર નથી. શિક્ષાની સાબિતી નથી. રાજદ્રિક રોન ફરતા નથી. વિષયોનાં વેલા વહી રહ્યા છે. શહેનશાહ જેટલી સાહ્યબી મજૂર ભોગવી રહ્યો છે, એવા વખતમાં વૈરાગ્ય થવો કઇ સ્થિતિએ? પાંચમા આરામાં ચારિત્રની દુષ્કરતા છતાં શ્રધ્ધા રહિતને તે સૂઝે નહીં.

મહાનુભાવ! ચોથા આરા કરતાં આપણે પાંચમો આરો સારો છે. તે માટે કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજે કહ્યું કે, કળિયુગ એ સોનાની પરીક્ષા કરવા માટે કસોટી છે. આ કળજુગ વગર જીવ સોનું કસાત જ નહીં.

> बहु दोषो दोषहीनात्त्वत्तः कलिरशोभत ।
> विषयुक्तो विषहरान् फणीन्द्र इव रत्नतः ॥

આ કળિયુગ ઘણા દોષવાળો છે, પણ તમારાથી શોભે છે. શેષ નાગ ઝેરીલો છે, છતાં પણ જે મણીથી શોભી રહ્યો છે, તેમ બહુ દોષવાળો કળિયુગ તમારી કૃપાથી શોભી રહ્યો છે. તેમ કહી આઠમા શ્લોકમાં હેમાચાર્ય મહારાજે કળિયુગનું સ્તવન કર્યું છે, તેમ ચારિત્રમાં [illegible] ખરેખર ચારિત્ર દુષ્કર કાર્ય છે, પણ ક્યારે? [illegible] ચીધા ચડે ત્યારે, ચરમા ઊંધા પહેરે તો? ક્રોડોઆદના કાળમાં

માથુ નીચે, પલાંઠી ઉપર હોય. તેમ ઊંધાને ઊંધું દેખાય. જેમ કાઇટીયાને ઘેર મરણની નોંધ હોય, તેમ દુષમકાળમાં, ધરમથી પતિત થાય તેમાં જ રાજીપો હોય, ચડતાનું કે ચડેલાનું વાંચવાનું ન હોય. તેમ આ મનુષ્યભવ મલ્યો, તેને કાઈટીઓ બનાવવો છે કે ગોર? શમશેર હાથમાં આવી છે, તેનો સદુપયોગ કરે તો સર કરે. દુરૂપયોગ કરે તો હાથ કાપે. એવા કેટલાક જીવો છે, જે જીવો અહીંથી કાળ કરી નવમે વર્ષે કેવળ પામે, તે પણ આજ કાળમાં જીવો છે, એવા એકાવતારી જીવો પણ આ જ કાળમાં છે. સત્યયુગમાં પણ બધા માટે સીધી સડક ન હતી તો અત્યારે તો ક્યાંથી હોય?

પરણનારની જવાબદારી

અનાદિ અનંત સંસારમાં રખડતા આ જીવને મનુષ્યભવ મલ્યો છતાં સદુપયોગ આવવો ઘણો મુશ્કેલ છે, તેમ મનુષ્યપણું મળ્યું તેનો સદુપયોગ ક્યારે થયો ગણાય? અનર્થહરણ કરનાર એવું ધર્મરૂપી રત્ન મેળવે તો જ સદુપયોગ. બાકી તરવારથી તણખલું કાપી મૂછે હાથ મૂકે તો મૂછમાં હીમ પડે, તેમ મનુષ્યભવ સરખો અપૂર્વભવ પામ્યા ને તેની અંદર જાનવરની ક્રિયા કરી, સ્પર્શનાદિક ઈન્દ્રિયોના વિષયો જાનવરના ભવમાં સોંઘા હતા. તમારે વિષય માત્ર મોંઘા છે, હું કહું છું કે, કુતરો-કુતરી તેમને જોખમદારી કઇ? કુતરીને પોષવાની. લુગડાની કઈ જોખમદારી છે? વગર જોખમદારીએ વિષયો મળે છે, તમારે ભરણ પોષણની જોખમદારી એટલી છે કે જિંદગીના તમે કેદી છો. બીજી શિક્ષામાં કાયદામાં હદ છે, આમાં હદ નથી, આમાં હુકમનામું મહિનાનું, પણ આ મહિનો ન ભરો તો આવતે મહિને કેદમાં બેસો, તેમ જિંદગી સુધી કેદમાં બેસવાનું. કેટલીક વખત કહીએ છીએ કે દીક્ષા લેનારને સમજાવવું જોઈએ, પણ લગન કરનાર કેટલા સમજ્યા કે જિંદગીના કેદી બને છે? જે દહાડે ભરણ નહીં કરે તે દહાડે કેદમાં મોકલશે તે લગન કરનારને કહ્યું?

અઇમત્તામુનિ :

સભા કહે છોકરો ભડકી જાય, અહીં એક જ વાંધો છે, 'વસ્તુને ઓછી કરવી હોય તેની મોંઘવારી બનાવી દેવી' અફીણ ખાતા ઓછા કરી અફીણની મોંઘવારી કરી એટલે વપરાશ ઓછો કર્યો, તેમ દીક્ષાને તોડી પાડવી હોય તો રૂપક મોટું આપી દેવું. અઇમત્તાજીને મહાવીર ભગવાને દીક્ષા આપેલી, વરસાદના પાણીમાં કાચલી નાખી, નાવડી

વહાલો લાગે તેને કોઈ ધરમ કહે છે. વહાલો ક્યારે લાગ્યો ? લોકપ્રિય હતો ત્યારે વહાલો લાગ્યો. અક્રૂરને ધર્મ કહેવાય. ક્રૂરને કોઈ ધરમ કહે નહીં. જવાલા શમી હોય તો જ ધર્મ સાંભળ્યો કે કર્યો હોય. પાપથી ડરનાર ન હોય તો ધરમ તરફ ધ્યાન જ ક્યાંથી હોય ? લુચ્ચાઈ હોય તો દાન દેવાની બુદ્ધિ ન થાય. દાક્ષિણ્યતા દ્રવ્યથી થાય તેમાં જ ધર્મની ટોચ છે, પ્રભુદાસના કહેવાથી પોસહ કર્યો, પ્રભુદાસની દાક્ષિણ્યતા ન લાગી હોત તો પોસહ કરતે શાનો ? દાક્ષિણ્યતાની હદ છે. દાક્ષિણ્યતા ન હતે તો 'મારાથી નહીં બને' એમ કહી દેતે. ધર્મના બધા ગુણ લેવા છે, દુનીયાદારીના નથી લેવા. હવે ભાવવાળામાં દાક્ષિણ્યતા કેમ હોય છે ? પહેલ વહેલો ધર્મ સાંભળ્યો, તે સાંભળતી વખતે પહેલા દાક્ષિણ્યતાથી સાંભળે છે. દાક્ષિણ્યતા ન હોય તો અજ્ઞાનતામાં સાધુ પાસે તથા દેહરામાં મર્યાદાએ શી રીતે રહ્યો ? અહીં પાન ખાતા તરત દાક્ષિણ્યતાથી અટકે. લજ્જાળુએ–આંખમાં શરમ વગર કોઈ માગે ચડતું નથી. મારગ તો ચડ્યા પછી મળે છે. દયાળુ–કાંઈક દયાના પરિણામ હોય ત્યારે જ ધરમમાં પ્રવર્તે છે. તીવ્રરાગ, તીવ્રદ્વેષ હોય તો ?

બાવાના ટોળામાં એક અંધ બાવો હતો, આખો જમાત–સંઘ ગામ ગયો, ભક્તે તેને નોતરું દીધું, આંધળાને કોઈ જમવા ન લઈ ગયું. જમણ દૂધપાક પુરીનું હતું. પેલાં અંધે રોટલો ખાઈ લીધો, પૂછ્યું-શું જમ્યા ? દૂધપાક પુરી, જન્મથી અંધે પૂછ્યું કે દૂધપાક શું કહેવાય ? દૂધ બગલા જેવું ધોળું હોય. બગલો કેવો હોય ? પેલો બગલાના આકારને પકડે. આવું તમારા પેટમાં ગયું શી રીતે ? અરે તેથી તો મારૂં પેટ ફાટી જાય, એવી સ્થિતિનો હોય તેને શું કરો ? ધર્મો નખોદ વાળ્યું તેવું કહેનારા કેવા ? જેટલા ધર્મમાં જોડાય તેટલા, સૌમ્યદૃષ્ટિવાળા છે. ધરમને ધરમ ગણવાનું ત્યારે જ થાય. ગુણરાગી ન હોય તો દેવ, ગુરૂને માનત ક્યાંથી ? સારી વાર્તામાં ન પડ્યો હોત તો ધરમની વાત તેને ક્યાંથી ગમતે. આત્માની ભૂમિકા સારી હોય તો ધરમ આવે. દીર્ઘદૃષ્ટિ ન હોય તો આ ભવના મોજ–શોખ છોડી પણ ભિન્નરત ક્યાંથી ? એકાસણું કરનારને ખાવાનું મળતું નથી ? છોડ્યું શાથી ? કલ્યાણ થશે એવી દીર્ઘદૃષ્ટિ ન હતે તો છોડતે ક્યાંથી ? આ ભવ કરતાં પરભવની વિશેષતા જાણી ત્યારે છોડે છે. નહીંતર દેરે

ક્યાંથી આવતે? વૃદ્ધને અનુસરનારો-કોઈપણ ધર્મ કરનાર પહેલ વહેલા સામાયક ન આવડે ત્યારે, ભીખાભાઈ કરે તેમ કરવા લાગ્યો. વિનયવાળો-કાનથી સાંભળનારો. વિનયવાળો ન હતે તો હાથ જોડત ક્યાંથી? માથું નમાવત ક્યાંથી? કૃતજ્ઞ-કરેલા ગુણોનો જાણ. તે ન બને તો ભગવાન મોક્ષે ગયા, હવે તેને શું કરવા માનતે, ગુરુને ખોરાક પોષાક દઈ ઉલટા પગે લાગીએ. ફક્ત ધરમનો ગુણ જાણતો હોવાથી પગે લાગે છે. પરહિત કરવાવાળો-અહીં ઘોંઘાટ નથી કરતા. પરહિત હોવાથી પરહિત બુદ્ધિ ન હોત તો ઘોંઘાટ કરવાંમાં ડર શાનો હતો? આંગી કરાવે છે, તે પરહિત માટે. મૂળ નાયકને કેમ અધિક આભૂષણ તથા ફુલ ચડાવે છે? આવવાવાળાની દરેકની દૃષ્ટિ અહીં પડશે, માટે અહીં ફાયદો થશે. પરહિત ન હતે તો તેમ ક્યાંથી કરતે? તેમ લક્ષ મળી ગયું. કલ્યાણની બુદ્ધિ થઈ ત્યાંથી લક્ષ મળી ગયું. આથી એ જણાવ્યું કે એકવીસ ગુણો હોય ત્યારે ધર્મ આવે. આ જીવને એકવીસ ગુણો આવેલા છે પણ મર્યાદા વધારી. પણે લેવા જઈએ છીએ, જે મનુષ્ય અજ્ઞાની-મિથ્યત્વી દેખી કંટાળે નહિં તો ગંભીર કહેવાય. આપણે આપણી દૃષ્ટિએ વિચારો! અનંતા કાળથી આપણે મગશેલીયા-પત્થર જેવા હતા, અત્યારે ધર્મી થયા તે બીજાને કેમ હસી શકે? તું એક વખત અનંતાકાળનો મગશેળીયા જેવો હતો, 'સો બીલ્લી મારી પાટે બેઠા,' એ પણ તુચ્છતા, એનાથી બીજાને બોધ ન થાય તેથી તુચ્છતા થાય છે, તમારે તુચ્છતા નામ માત્ર ન જોઈએ. એ તુચ્છતા ક્યારે જવાની? આપણે ચાલીસ વરસ સુધી તપસ્યા ન કરી, ચાલીસ વર્ષે કરતા થયા ને છોકરાએ એકાસણું ન કર્યું તેથી ચીડાઈએ છીએ. ધર્મીઓને અધર્મી બનાવી મૂકે છે. આ નહીં તો ધર્મી નહીં, પારકાની પરીક્ષા કરવા માટે ક્ષુદ્રતા જોવી છે. ક્ષુદ્રતા ગઈ નથી ને ધરમ ક્યાં આવ્યો છે? તે આધારે ધર્મને તોલીએ છીએ. મુખ્યતાએ ધર્મરત્ન એકવીસ ગુણવાલાને જ મળે છે. તે જ ધર્મરત્ન મેળવે છે. ૨૧ ગુણવાળો તે રૂપ અગ્નિ આવે ત્યારે અંધારૂં ગયું, પણ આપણે પ્રથમ અંધારૂ ખસેડો, પછી દીવો આવશે તેમ નહીં, પણ ધરમ આવ્યો એટલે ૨૧-ગુણ આવેલા જ છે. તે માટે ૨૧ ગુણથી યુક્ત હોય તે ધર્મરત્નને લાયક છે. તો ધર્મરત્ન આવ્યું ને ૨૧ ગુણ ન આવે તો શાસ્ત્રકાર ખોટા? ધન્ના, શાલીભદ્રજીએ પહેલા ભવમાં

દાન દીધા તો ૨૧ ગુણ નથી ને ધર્મરત્ન આવ્યું, તમારા હીસાબે જ્યાં ધર્મરત્ન હોય ત્યાં ૨૧ ગુણો હોય જ. જો આમ છે તો તેમાં જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ વિભાગ પાડવાની જરૂર શી? કેટલીક વખત તુચ્છતા હોય, ધરમ, દેવ ગુરૂ ન માનતા હોય તો પણ વખતે ધરમમાં જોડાય, ધરમ એ વગર આવે, તેમ કેટલાએક ગુણો શરૂઆતમાં ન હોય, પાછળથી આવે; ગુણ લક્ષણ વિગેરે, ન છાજે તે આવતા થાય. જે વખતે આત્મામાં ધરમ આવ્યો તે વખતે થઈ જાય. તેથી જ જઘન્ય–મધ્યમ પાત્રો ગણવાની જરૂર પડી. માટે ૨૧ ગુણ જોઈએ તે ગુણોનું વિશેષ વર્ણન અગ્રે.



પ્રવચન ૪૯મું

સંવત ૧૯૯૦ ભાદરવા સુદી ૯ ને સોમવાર મહેસાણા

खुद्दोत्ति अ गंभीरो उत्ताणमई न साहए धम्मं ।
सपरोवयारसत्तो अक्खुद्दो तेण इह जोग्गो ॥ ८ ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીશાંતિસૂરીશ્વરજી આગળ જણાવી ગયા કે—આ સંસારમાં અનાદિકાળથી રઝળતાં પ્રથમ મનુષ્ય ભવની પ્રાપ્તિ થવી મુશ્કેલ હતી. છતાં ભવિતવ્યતાના યોગે, ચક્રવર્તીના ઘેર જન્મ લેનાર પુત્રે છ ખંડ, નવ નિધાન, ચૌદ રત્નો વિગેરે મેળવ્યા. છ ખંડ સાધવાનો વિચાર નથી કર્યો પણ જન્મેલો સીધો માલિક થઈ ગયો. વિચાર કર્યા વગર માલિક થયો, તેમ આ જીવ ચક્રવર્તીપણા કરતાં પણ દુર્લભ ૨૯ આંકની સંખ્યાવાળા મનુષ્ય ભવમાં આવ્યો, મનુષ્યમાં અદ્વિતીય થવું, છ ખંડમાં રહેવાવાળા ભરતના સર્વ જીવોમાં ઉત્કૃષ્ટ થવું તે ચક્રવર્તી. મનુષ્યપણું એટલે અનંતાનંતમાં ઉત્કૃષ્ટ થવું તે, અનંતાનંત જીવો કરતાં જ્યારે ઉત્કૃષ્ટ થાય, ત્યારે બાદર એકેન્દ્રિય, તેમાં ઉત્કૃષ્ટો થાય ત્યારે બેઇન્દ્રિય, પાછો તેમાં ઉત્કૃષ્ટો થાય ત્યારે તેઇન્દ્રિય, તેમાં ઉત્કૃષ્ટો થાય ત્યારે ચઉરિન્દ્રિય, તેમાં ઉત્કૃષ્ટો થાય ત્યારે અસંજ્ઞીપંચેન્દ્રિય ને તેમાં ઉત્કૃષ્ટો થાય ત્યારે સંજ્ઞિપંચેન્દ્રિય. આ બધા ઉત્કૃષ્ટતામાં, એક ઉત્કૃષ્ટી જુદી જાત છે. મનુષ્યજાતિમાં ભિન્નપણું નહીં; પંચેંદ્રિય, મનુષ્ય, સંજ્ઞી–પણું ચક્રવર્તી અને સામાન્ય મનુષ્યને સરખું, કેવળ પુન્ય પ્રકૃતિનો ફેર.

અહીં આત્માના ગુણોનો તફાવત, ઈન્દ્રિયોનું જ્ઞાન, આત્માનો ગુણ, રસનાનું જ્ઞાન થાય ત્યારે એકેદ્રિયમાંથી ઉત્કૃષ્ટો થઈ બેઈદ્રિયમાં આવે, ઘ્રાણ-નેત્ર-શ્રોત્ર-તથા મનનું જ્ઞાન થાય ત્યારે, જાતિ કરતાં આત્માને ચડાવવો પડયો. પેલામાં પુણ્યનો ફેર. આથી ચક્રવર્તી કરતાં પણ મનુષ્યપણું દુર્લભ છે, આ વિચારીએ ત્યારે બધી યોનિ પ્રાપ્ત થઈ પણ ભાવિતાત્મપણું, ધર્મીપણું પ્રાપ્ત થયું નથી. ચક્રવતીના છોકરાને દુર્લભતા પૂછીએ તો કંઈ નહીં. બની ગયું તે જાણ બહાર છે, પુણ્યાઈ જાણ બહાર બની ગઈ છે. પુણ્યાઈથી બન્યું છે, પુણ્યાઈ વગરનું બન્યું નથી. તો પ્રથમ તો ચક્રવર્તી કરતાં મુશ્કેલ એવી મનુષ્યપણાની સ્થિતિ મળી. તમારામાં ને ચક્રવર્તીના છોકરાની ધારણામાં ફેરક નથી. તમારી પુણ્યાઈ અને તેની પુણ્યાઈ ધારણા બહાર છે. તેમ મનુષ્યપણામાં આવ્યા છતાં કેવી દુર્લભતાથી મલ્યું, તે ધારણા બહાર હોવાથી ચક્રવર્તીપણાની ખુમારી હજુ આવી નથી. સમજણો થયો ત્યારે માલીક થયો છું એમ સમજ્યો, પણ પૂર્વનો ઈતિહાસ યાદ કરતો નથી. તે માટે જણાવ્યું કે, પહેલવહેલા મનુષ્ય-પણું દુર્લભ મેળવ્યું. સિદ્ધ વાત હતી. થઈ ગએલી વસ્તુને કરવાનું હોય નહીં. રંધાયા પછી તેને રાંધવાનું હોય નહીં, હવે તેની ભાંગફોડ શા માટે ? આને તું ચૂકે નહિં, મળેલી વસ્તુમાં મુશ્કેલી જણાવવનું કારણ-એ કે મળેલી મેલી ન દેવાય, મળેલી ચીજ મટ્ટીમાં ન મેલવ, સહેજે ફરી મળે તેવી ચીજ નથી. મળી ગઈ તો ખરીને ? મળી ગઈ તેનો ઉપયોગ કયો ? સોનું મોંઘું માન્યું, તેનો ચોવીસ કલાક જાપ કરવાથી શું ? સોનાનો ઉપયોગ ધ્યાનમાં લેવો જોઈએ. તેમ મુશ્કેલ મનુષ્યપણું ગોખ્યા જઈએ તેમાં ન વળે. મનુષ્યપણાનો ઉપયોગ કયો ? દરેકનો મુખ્ય ઉપયોગ એક જ હોય, દીવાનો પ્રકાશ કરવો એ મુખ્ય ઉપયોગ, તેમ મનુષ્યપણાનો મુખ્ય ઉપયોગ કયો તે તપાસ ! તે માટે જણાવ્યું કે, આહાર, શરીર ઈન્દ્રિય, વિષયો તેના સાધનો દરેક ગતિમાં તું મેળવતો આવ્યો છે, તે મનુષ્યપણાનો ઉપયોગ ન ગણાય. બીજી ગતિમાં જે ન બને તે તેનો ઉપયોગ. તરવારે તણખલું કાપી મૂછે હાથ દે તો ? એતો ચપ્પુથી પણ કપાઈ જાય, તેથી માન ન પામે, બીજી હલકી ગતિને લાયકના કાર્યો કરી મનુષ્યપણામાં મૂછે હાથ મૂકે તેમાં શું વળે ? બીજી ગતિમાં ન હોય તેવું ઉત્તમ કાર્ય કર્યું ?

ઈન્દ્રિયો કે પરિગ્રહને અંગે એવી ધારણામાં ગયો કે તુંહી તુંહી તુંહી, ત્યાં થાય શું? તેને અંગે મહાપુરુષને વચમાં લાવી શકીએ. વાસુદેવો મરી જાય, છ મહિના મડદા લઈ ફરે, બળદેવોને આવી રાગવાળી સ્થિતિમાં ધરમની વાસના ક્યાંથી ઊભી થાય? કોઈ મુનિ કે આચાર્યનો પ્રભાવ ત્યાં ચાલતો નથી. દેવતા આવે, એવી ક્રિયા કરી મૂર્ખ બનાવે, ઉત્તર દેવાનો રસ્તો ન રહે ત્યારે છોડે. પેલા પામેલા હોય તો ખસી જાય, એને મર્યાની વાત કરે તો મારે. આવી સ્થિતિ! એ જગો પર કોણ આડો આવે? બળદેવ સરખો પુરુષ, એને કોઈ કૃષ્ણ મરી ગયો કહેવા આવે તો મારવા દોડે, તો કોણ કહેવા જાય. એ તો ભવિતવ્યતા પાધરી કે દેવતા સાથે બળદેવને સંબંધ હોય છે. દેવતા આવી પ્રતિબોધ કરે છે. બળદેવને ઠંડા થઈ જવાનો વખત ન હોય, પણ ભવિતવ્યતાથી દેવતાને પણ સમજાવતા મહેનત પડે છે, તો બીજાની શી અસર? મૂર્તિ પડતી દેખાડે, આતે કેવો દેવ? પ્રતિષ્ઠા કરી ઉંચે ચડાવે છતાં પડે છે, પત્થરમાં હળ ખેડે છે. હળ બુઠ્ઠું થાય છે, આ કેવો મૂર્ખ? પત્થરમાં હળ ખેડે છે. આ શું? અંદર ખૂંચે નહીં તેવી કઠણ પત્થરની જગાએ હળ ખેડે છે? એવો મૂર્ખો છે એવું વચન નીકલે ત્યારે હું કે તું મૂર્ખ? સર્વથા મરી ગયો છે. તેમાં જીવાડવાના પ્રયત્નો કરે છે, મરેલી ગાયો ભેગી કરી, તેનાં મોંમાં તણખલા ઘાલે છે. મરેલી ગાયો તણખલા ખાતી હશે? તારા ભાઈને ખોરાક લે લે કરે છે, તો મરેલી ગાય ન ખાય તો મરેલો ભાઈ કેમ ખાશે? એમ કહી જીભાન અટકાવી દે છે, રાગની દૃષ્ટિ કેટલી? બળદેવો મૂર્ખા કે કોઈના ભરમાવેલા નથી. કેવળ વાસુદેવ ઉપરનો અતિરાગ મારી નાખે છે. તો પછી આપણે રાગ રાખીએ તેનું પરિણામ શું આવે? ધર્મરાગ નથી. પેટમાં ભાર વધ્યો હોય, દીવેલ લઈએ તો ભાર વધ્યો કહેવાય નહીં, કારણ તે પેટના મેલને પણ કાઢશે, ને પોતે પણ નીકળશે. તેમ ધર્મ અપ્રશસ્ત રાગ કાઢશે ને પોતે પણ નીકળી જશે. હમેશાં ધર્મરાગ ક્યાં સુધી હોય? ગુણો અને ગુણીઉપર રાગ થાય, છદ્મસ્થમાં વ્યક્તિરૂપની મનાઈ છે. નહીંતર ગોશાળાને મહીં જીવવાનો વખત ન હતો. પિતાશ્રી ઉપર રાગ છે, તે પિતા તરીકે, ધર્મ ઉપર રાગ કર્મક્ષયના મુદ્દાથી છે, કર્મક્ષયમાં બાધા પડે તેવો રાગ ન હોય. ગોશાળાની તેજોલેશ્યા કરતાં સ્થવીરોની તેજોલેશ્યા જબરજસ્ત છે, તે કરતાં અરિહંતોની તેજોલેશ્યા જબરજસ્ત

હોય છે. પણ સાધુ અને અરિહંતો સહન કરવાવાળા છે. ક્રોધ આવી જાય તે વાત જુદી છે. સહન કરવું ને ન કરવું તે ધર્મ શી રીતે ?

શાસ્ત્રો ક્રોધ કરવાની આજ્ઞા નહીં કરે :

શાસ્ત્રકાર ક્રોધ કરવાનુ નહીં કહે, પ્રકૃતિ–સ્વભાવ ઉપર કષાય થશે. વસ્તુને અંગે વિચારો ! કાયદો પ્રજાને ગુનાની સજા કરવાની સત્તા નથી આપતી, કાબૂમાં ન રહે તો ચોર પકડાય ત્યારે આખી શેરી અધમુઓ કરે, પણ કાયદો સજા કરવાનું નહિં કહે. કોરટ સમજે છે કે આવેશ આવી જાય છે, મારશે, પણ કાયદામાં મારવાનું નહીં કહે. પોતાના પ્રાણ બચાવવાની કાયદામાં છૂટ છે. અહીં રહી શકાશે નહિં. રહે કોણ ? લાગણી ન હોય તેજ રહે. જ્યાં ચોર પકડાય ત્યાં એ ચોર કોઈ દહાડો ભાઈ પધારો ! પોલીસમાં, એમ કહીને કોઈએ ગેટમાં બેસાડ્યો નથી. એમ કોઈ કરતું નથી. સંભવિત નથી. ચોર અધમૂઓ થયા વગર નહીં રહે. છતાં કાયદો મારવાની છૂટ નહીં આપે. મોક્ષે જાય પછી તીર્થની હાનિ થાય તો પાછો અવતાર લેવો જોઈએ. તે દશામાં આવવું પડશે. બીજા ધર્મની માફક થઈ જાય છે તે વાત જુદી છે. ક્રોધ કરવો જોઈએ તેમ કહેશો તો ત્યાં મુશ્કેલી થઇ પડશે. ધરમની આટલી ખરાબી છે, તો મહાવીર મહારાજા કેમ મોક્ષમાં બેસી રહ્યા છે ? સર્વ કર્મનો ક્ષય શું કરવા કર્યો ? જાણતા હતા કે નહિં કે કેવળજ્ઞાનથી આમ થવાનું છે. ધર્મનું ધ્યેય રહે, દ્વેષનું ધ્યેય ન રહે, તે વાત રહેવી ઘણી મુશ્કેલ છે. ૪૯૯ ચેલાને ઘાણીમાં પીલી નાખ્યા તે ઓછો અધર્મ કર્યો ? પછી સ્કંદકાચાર્ય કેમ દેવલોકે ગયા ? પાલકને અંગે દ્વેષનું નિયાણું કે અપ્રીતિનું કારણ ગણો, તે સાધુને પીલ્યા તેમાં નાનાને પહેલો પીલ્યો. ૪૯૯ ને નીર્યામણા કરાવી, કેવળજ્ઞાન પમાડયા, ફક્ત નાના શિષ્યને પોતા કરતા પેહેલો પીલ્યો, પહેલા મને પીલ પછી એ નાના બાલશિષ્યને પીલ–એમ કહ્યું ત્યાં સુધી દ્વેષ નથી. નાનાને પછી, પેલા મને પીલ, આટલી વાત હતી, તેમાં ક્રોધ થવાથી અગ્નિકુમારમાં ગયા. મુનિસુવ્રત સ્વામીએ ખંધકકુમારને વિરાધક કહ્યા. ધ્યેય ન રહ્યું. ખંધકમુનિએ મુનિસુવ્રતસ્વામીને પૂછયું કે, બેનને પ્રતિબોધ કરવા જઉં ? મૌન રહ્યા, ભગવંતે આજ્ઞા ન આપી. એમ ત્રણ વખત પૂછયું, મૌન રહ્યા. કેમ ? મારણાંતિક ઉપસર્ગ છે. પછી

અરાધક કે વિરાધક થઈશ ? મરવાના તો છીએ, આરાધનાની બુદ્ધિ કેટલી હોવી જોઈએ. વિરાધના કહે તે પહેલા આરાધના કે વિરાધના થશે ? આમ પ્રશ્ન કરે છે, મરવાનું તો છેજ, મરણ સાંભળ્યા પછી, આરાધક-વિરાધકનો પ્રશ્ન. આત્માની કેટલી પરિણતિ હતી તે સમજાવે છે. ૫૦૦નું મરણ જેટલું ખરાબ ન લાગ્યું, તે કરતાં હું આરાધક કે વિરાધક ? ત્યારે કહે છે કે તારા સિવાય બધા આરાધક. ખંધક મુનિ વિરાધક કેમ બન્યા ? વિરાધક ન હોય તો અગ્નિકુમારમાં ન જાય.

વૈમાનિક સિવાય બીજે આરાધક જાય નહિ.

જઘન્યથી સાધુ સૌધર્મ દેવલોકે જાય. શાથી ? ધર્મનો દ્વેષ કહી વિરાધક ઠોકી બેસાડીએ છીએ તે સમજો. ભગવાન પાસે ગોશાળો આવવાનો હતો, ભગવંતે તમામ સાધુને કહ્યું કે વચ્ચે તમે બોલશો નહીં. તેમ કહેવડાવી દીધું. કહો ભગવાને ધર્મમાં અંતરાય કર્યો ? મહાનુભાવ ! રાગને અંગે પ્રશસ્ત રાગ જણાવતા ગુણ-ગુણી એ બંને પર રાગ, પણ પ્રશસ્ત દ્વેષમાં અવગુણ પર દ્વેષ તે પ્રશસ્ત, અવગુણી પર દ્વેષ થાય તો ખંધકમુનિની જેવી વિરાધક દશા થાય. અવગુણી પર દ્વેષ કરવો તે ધર્મ ગણીએ તો મહાવીર મહારાજાને ધર્મમાં અંતરાય કરનારા ગણવા પડશે. સર્વાનુભૂતિ તથા સુનક્ષત્ર એ બે સાધુંઓ મૌન રહી ન શક્યા. પ્રતિજ્ઞા કરતાં દયા ચીજ જબરી તે કુમારપાળમાં છે. અધર્મીઓ કંઈ પણ કાયાથી, છાપાથી, વચનથી ધર્મનો ઘાત કરે તેમાં ધર્મીની લાગણી ઉશ્કેરાયા વગર રહે નહીં. તેવાને તમે ઠોક્યો તેમાં શ્યા લાભ ગણ્યો છો, તે બહુ વિચારવાનું છે. લાગણીથી આવેશ-ક્રોધ થયા વગર ન રહે, તેમાં સ્વાર્થ નથી. કે ધર્મ સંબંધી ક્રોધ પણ જેટલો વધારે મારે તેટલો ધર્મ વધારે ખરો ? ચાહે જેટલી મનાઈ કરી છે, છતાં ચોરને કોઈ માર્યા વગર રહે નહીં. લાગણીને વશ કરી શકો તો તમને પાપ ન લાગે, તો પછી માબાપના અડપલા વખતે પણ લાગણી વશ રાખવી પડશે. લાગણી વશ કરો તો પાપ ન લાગે, લાગણી વધતી ઘટતી થયા કરે. મહાવીર મહારાજ વીતરાગ હતા. બે સાધુ મરી ગયા છતાં ગોશાળાને કાંઈ પણ ન કર્યું, લાગણી કિંમતને અંગે હોવી જોઈએ. હવે મૂળ વાતમાં આવીએ. લાગણી ઉશ્કેરાય, આવેશ આવે તેનું નામ ધરમ ન મનાય, હેતુ ભલે હો. કહેવાનું

તત્વ એ છે કે તીવ્ર લાગણીને અંગે સ્કંદકાચાર્ય મહાપુરુષ હતા છતાં ધરમને લાયક ન બન્યા. આખો ભવ બગાડ્યો. આખા દેશને બાળી મૂક્યો, ખંધકના જીવે આ કર્યું, દંડકારણ્ય બન્યુ. સકષાયી હોય, કષાયો દબાવી રાખ્યા છે તેને લીધે કર્મનું બારણું ખુલી જાય, ત્યાં નવા કર્મ બાંધ્યા છે. નાગકુમારદેવનું નાનું આઉખું બાંધ્યું દ્વેષને અંગે વૈમાનિકને બદલે હલકો દેવલોક મેળવ્યો. બળદેવ ને વાસુદેવમાં અદ્વિતીય રાગ હોવાથી ધર્મથી દૂર રાખ્યા. દ્વેષદૃષ્ટિ થાય ત્યાં ગુણને અવગુણ માને.

પત્થર અને વીતરાગ પ્રભુને સમાન માનનાર–દુર્જન.

ખૂદ ભગવાન વીતરાગને અંગે વિચારીએ. દેવને અંગે વિચારીએ, ન્યાયાધીશમાં પક્ષપાત ન હોય તે પ્રથમ ગુણ; પક્ષપાતિપણું એ મોટામાં મોટો બટ્ટો છે. તેમ જગતનું સ્વરૂપ નિરૂપણ કરવું છે. જગતના તમામ પદાર્થોનો ન્યાય આપવો હોય તેને રાગ કે દ્વેષ હોય તે મોટો બટ્ટો છે. તેને અંગે પત્થર જેવા દેવને માનીને શું કામ છે? પત્થર પૂજ્યો કૂટ્યો રાગ–દ્વેષ ન કરે, તેમ તમારો દેવ પણ રાગ કે દ્વેષ ન કરે તો પત્થર અને તમારા દેવમાં ફરક શો? જે વીતરાગપણું ખૂદ દેવપણાની જડ હતી, તે દ્વેષને લીધે અવગુણરૂપે લાગ્યાં કે દેવને પત્થર સરખા ગણી લીધા. વીતરાગની સેવા કરી ફળની આશા શી રીતે રાખો છો? પત્થર પૂજ્યા પારસમણિ ન મળે તો ભગવાનને પૂજી તમને શું મળવાનું? ઢુંઢિયા તો પત્થરને પૂજ્યા શું મળવાનું તેમ કહે છે. પહેલા તો વીતરાગ–એજ પત્થર એમ બીજાઓ કહે છે. તમારે તો વીતરાગ કે પત્થર સરખા છે, કદર કરનાર દેવ હોવો જોઈએ, આ ઠેઠ દેવ સુધી ગયા. આ વીતરાગને અંગે બોલે છે, અહીં દ્વેષ છે, એ વીતરાગમાં રાગ–દ્વેષ રહિતપણું એ મહાન ગુણ છે, તેને દોષ ગણે છે, દ્વેષ હોવાથી. સજ્જનની સ્તુતિ કરીએ તો, સજ્જન ખુશ નથી થતા પણ નીચું જુએ છે, સજ્જનની સ્તુતિ કરે તેની કિંમત સજ્જન કરતો નથી, નિંદા કરશો તો કાન તળે કાઢી નાખશે, પણ એ લાંબી દૃષ્ટિએ વિચારશે નહિં. એક પણ એવો ગુણ નથી જેને દ્વેષીએ દૂષિત ન કર્યો હોય? દુર્જનોએ વીતરાગ વિગેરે ગુણોને દૂષિત કર્યા છે, તેથી રાગ–દ્વેષને અંગે તુચ્છ બુદ્ધિ હોય તે ધર્મ શી રીતે પામી શકે? ઉપદેશ સાંભળે ક્યારે? ખામોશ પકડે ત્યારે ધર્મ

ઘડી પછી દેખતો થનારો અંધ તેના હાથમાં હીરો આવી જાય તે કોઈક જ એવો ભાગ્યશાળી. એમ અહીં પ્રથમ જે જીવ ગર્ભમાં આવે, જન્મ લઈ બાળક હોય ત્યાં સુધી ન સમજે, પાપ, પુન્ય, જીવ, અજીવ, સંસાર કે મોક્ષ એકેમાં ન સમજે, ન સમજનારો છતાં તેના હાથમાં અણધાર્યો સદાચારનો હીરો આવી ગયો તે કોના પ્રતાપે? ઝવેરીને ઘેર પડી રહેવાવાળો અંધ આમ તેમ હાથ કરે તો? ઉત્તમ કુળમાં અજાણપણે અનાયાસે આચાર ઉત્તમ મળે, તે મળેલા હોવાથી ઉત્તમ રસ્તે આવવું સહેલું પડે છે. યુરોપના દેશો, રૂશીયા અમેરિકા, એ વિગેરે અનાર્ય દેશો દારૂની બદી બૂરી છે–એમ માનવા તૈયાર થયા. કાયદાઓ કર્યા. રાજ્યે પ્રતિબંધો મેલ્યા છતાં ટકયા નહીં, કેમ ન ટકયા? જ્ઞાન આવવા માટે વિજળીના ઝબકારા જેટલો વખત જોઈએ. આચાર આવવા માટે આખી આવરદા–જિંદગી જોઇએ. દારૂને બદી સમજ્યા છતાં રોજની ટેવ પડી ગઇ, તે એવી કનડે છે કે જ્ઞાન અદ્ધર રહે છે. સંસાર અસાર છે તેમ કોણ નથી જાણતું? મેલીને મરી જવું છે તે કોણ નથી જાણતું? સાથે લેઇ જવાના નથી. ઘર બાર, હાટ, હવેલી કશી પણ વસ્તુ સાથે નથી લઇ જવાના, પછી કેમ નથી છૂટતી? કેમ હડકવા મટતો નથી? બૌદ્ધમાં જે સમજણો થયો. તેને ઘરમાંથી વાજતે ગાજતે મુનિના મઠમાં મૂકી આવે, પાંચ વરસ ત્યાં રાખે, પછી ઘેર આવવું હોય તો ત્યાં ઘેર આવે, ત્યાં રહેવું હોય તો ત્યાં રહે તેવો જ રીવાજ.

હવે આપણે મૂળ વાતમાં આવો, કેટલીક વખત ટેવ પડી જાય છે ને ટેવ પડ્યા પછી જ્ઞાન તો સહેજે થઇ જાય કે કુવ્યસન ખરાબ છે, વીજળીના ઝબકારા જેટલો વખત જ્ઞાન થવામાં જોઇએ પણ તે ખરાબ ટેવને છોડતા આખી આવરદા જોઇએ, શાસ્ત્રદૃષ્ટિએ આચાર માટે આઠ ભવ ને શ્રદ્ધા માટે અસંખ્યાત ભવ. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યાત વખત આવે, જ્ઞાન અને સમ્યક્ત્વ અસંખ્યાતા ભવ કહેલા છે અને ચારિત્ર એમાં તો ભવ આઠ જ. 'अट्ठभवाओ चरित्तं' આચારનો સુધારો કરતાં, આવરદા જોઈએ, તેમાં આ કારણ છે. બારમા–ગુણઠાણાના છેલ્લા સમયે જઘન્ય જ્ઞાન અષ્ટ પ્રવચન માતાનું અને તેરમા ગુણઠાણાના પ્રથમ સમય વખતે કેવળજ્ઞાન કહો કેટલો વખત થયો? તો જ્ઞાન માટે એક સમય,

પણ ચારિત્ર જે આચાર તે માટે શાસ્ત્રકારોએ કહ્યું કે, અનંતી વખત દ્રવ્ય ચરિત્ર લ્યો, પછી ભાવ ચરિત્ર આવશે.

ભાવચરિત્ર ક્યારે આવે ?

હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે, દ્રવ્યચારિત્રવાલા પણ ભાગ્યશાલી. એટલે ભાવચારિત્ર નજીક આવ્યું. છોકરાએ જેટલા લીટા કર્યા એટલો એકડો નજીક આવ્યો, ૫૦૦-૭૦૦ ખોટા લીટા કર્યા તો ૧૬ની નજીક આવ્યો. ૯૯૯ નવસે નવાણું ખોટા લીટા કર્યા, હવે એક જ લીટો કરવાનો બાકી રહ્યો. નીસરણી ચડવાવાળો જેટલા પગથીયા ચડે તેટલો માળ નજીક આવ્યો. અનંતી વખત દ્રવ્યચારિત્ર આવે ત્યારે એક વખત ભાવચારિત્ર મેળવે. સર્વજીવને આ ક્રમ, કોઈ ને તેમ ન હોય તેમ નહીં. વ્યવહારરાશીના જેટલા જીવ મોક્ષે ગએલા, બધા જીવો અનંતી વખત દ્રવ્યચારિત્ર કરીને જ પછી ભાવચારિત્ર પામ્યા, તે દ્રવ્યચારિત્ર પણ કેવું ? વીતરાગ જેવું, જિનેશ્વરની જોડનું-કક્ષાનું તે સિવાયના સામાન્ય સ્થવીરકલ્પના દ્રવ્યચારિત્ર જુદા. જિનેશ્વરની જોડનું જે દ્રવ્યચારિત્ર, તેવા અનંતી વખત કર્યાં. આ આકરૂં પડે છે, લગીર દૃષ્ટિ વિશાળ કર, આજના જમાનામાં જે મનુષ્યો જ્યાં દીક્ષિત થાય, ત્યાં ત્યાંનો આચાર પાળે કે નહિ ? લેતા પહેલાં ત્યાંના આચાર પાળવાની બુધ્ધિએ જ દીક્ષા લ્યે, જ્યારે આજે જે સંઘાડામાં જે સ્થાનમાં જે પ્રવૃત્તિ હોય, તે સ્થાનની પ્રવૃત્તિ પહેલી અમલમાં મૂકવા માગે. જે વખતે જિનેશ્વર વિદ્યમાન હોય, કેવળી વિદ્યમાન હોય પણ તે વખતે દ્રવ્યથી ચારિત્ર લેવા માગે, પણ કયા આચાર પાળવા માટે ચારિત્ર લે ? અત્યારે રાત્રિભોજન ટાળવું પડશે, પાંચ મહાવ્રત પાળવા પડશે, ગાડીમાં નહીં બેસાય, જે લોચ, પાદવિહાર, અસ્નાન, ગુરૂઆજ્ઞાપાલન વગેરે આચાર સમજીને દીક્ષા લે, તો તીર્થંકર કે કેવળીઓ વિચરતા હોય; તે વખતે દીક્ષા લેવા તૈયાર થએલો કમને કે મને, ક્યા આચાર પાળવાની ધારણાએ દીક્ષા લ્યે ? દીક્ષિતને પછી સમુદાયના આચારમાં રહેવું પડે, મને કે કમને સાધુપણામાં રહ્યો, ગાળ બોલવાની પણ મનાઈ. જે મનુષ્ય જે આચારવાળા સમુદાયમાં દીક્ષિત થયો હોય તેના સમુદાયનો આચાર પાળવો જ પડે, તો પછી જ્યાં એમ માલમ પડે કે આમાં ખામી રાખી તો છોડા નીકળી

સર્વજ્ઞ–વીતરાગ છે, બીજી બાજુ અવિરતિ કોણીક છે. શ્રેણિક જે કોણીકના પિતા, માએ ઉકરડામાં ફેંકી દીધેલો, તેને જીવિતદાન દેનાર, તેને જ જકડનાર, રાજ્ય આપતા પિતાને હેરાન કરનાર, ભાઈઓમાં કુટુંબમાં હોળી સળગાવનાર, ચેડા રાજાનો જ દોહિત્રો. કહો કુટુંબમાં હોળી સળગાવનાર, જીવિત આપનારને ૧૦૦ કોયડા મારનાર. આવો માણસ ધર્મ સાંભળે તેને ધરમનો તીવ્ર રાગી, અવગુણ ભરેલા આવાને ભગવાન તીવ્ર ધર્માનુરાગવાળો કહે છે, ફલાણો પૂજા કરે છે, પોસા કરે છે, તો ધૂળ વરસાવીએ છીએ, બળ્યું એવું સામાયક પૂજા કે પોસા, દાણાનો વેપાર કરી હજારો જીવડા મારી નાખે છે. સર્વજ્ઞ મહારાજાએ આવા અધમ કોણીકની શી રીતે ધર્મરાગના ગુણની પ્રશંસા કરી હશે ? એક જ, તેના આત્મામાં ધૂળ નહીં હતી, એટલે વરસે ક્યાંથી ? ભુંગળી કે પીચકારીમાં મેશ ભરી નથી તો સળીઆને ચાહે જેટલો હલાવે તો મેશ નીકળે ક્યાંથી ? આપણી પાસે ધૂળ ભરી છે, આપણી કરણીથી નીચા હોય, તેના ઉપર ધૂળ વરસાવવાની, આથી કરણી પૂરી કરી કથની કરે તે સાંગોપાંગ કરે. જે એવા પરિષહ ઉપસર્ગ સહન કરનારા, જગતને તૃણ સમાન ગણનાર તેવા મહાત્માના મુખથી આટલા ગુણની પ્રશંસા થવી न भूतो न भविष्यति । સંપૂર્ણ કરણીનું ઉત્કૃષ્ટ ક્ષાયિક–ભાવનું યથાખ્યાત ચારિત્ર આવ્યા પછી કથની. જે વખતે તે કથની કરવા માગે ત્યારે મોહના કીલ્લા કેમ ન તૂટે ? ત્યાં મોહના મોરચા તૂટી જાય તેમાં નવાઈ શું ?

કરણીની પરાકાષ્ઠાએ માત્ર મનુષ્યગતિમાં જ પહોંચાય :

ચાલુ અધિકાર ઉપર આવો, કરણીની ટોચે પહોંચવાનું કોઈનું સદ્ભાગ્ય હોય તો કેવળ મનુષ્યનું, બીજી ગતિમાં કરણીની ટોચે પહોંચવાનું નસીબ કોઈ કાળે, કોઈ દેવતામાં બનતું નથી, બન્યું નથી અને બનશે નહીં. આ વિચારશો ત્યારે શાસ્ત્રમાં એકે જગો પર દેવભવની દુર્લભતા નહીં આવે. જ્યારે જગો જગો પર दुल्लहे खलु माणुसे भवे મનુષ્યભવ દુર્લભ. ટોચે જવા માટે દેવતાને મનુષ્ય ગતિમાં આવવું જ પડે, એવો ભવ મનુષ્યનો જ.

ઔદયિક ભાવવાળી મનુષ્યગતિ કેમ વખાણી ?

આથી જેઓ કહેતા હતા કે જૈન શાસનનો જે નિયમ ગુણની

પ્રશંસા, ચાહે ક્ષોયોપશમિક હોય, ક્ષાયિક હોય કે ચાહે ઔપશમિક હોય, આ ત્રણ ગુણો દ્વારા થતી પ્રશંસા એક જૈન મતની જડ છે, ઔદયિકપણાને હંમેશા હેય—છાંડવા લાયક માન્યું છે. એવું જૈન શાસન મનુષ્યપણા રૂપી ઔદયિક ભાવને કેમ વખાણે છે ? ક્રોધ–માન માયા–લોભ, કર્મનો ઉદય તેમ મનુષ્યગતિ આપણાં કર્મનો ઉદય છે, તેને વખાણાય કેમ ? તમારે કર્તવ્ય તરીકે ક્ષાયોપશમિક ભાવમાંથી ઔદયિક ભાવમાં ગયો હોય તે ફેર છોડવો તેજ પ્રતિક્રમણ; ઔદયિક ભાવ સર્વથા હેય ગણ્યો. તે અત્યારે ઔદયિકભાવને આગળ કરી કેમ ચાલે છે ? મનુષ્યપણું, શ્રુતિ, શ્રદ્ધા, વિરતિમાં છેલ્લા ત્રણ ક્ષાયોપશમિક–ગુણ છે, પણ મનુષ્યપણું ઔદયિક–કર્મ છે. તે જૈનશાસનની માન્યતા વિરૂદ્ધ છે. બીજી વાત શાસ્ત્ર–શ્રવણ આદિ ત્રણ આદિ, મધ્યમ અને અંત ત્રણેમાં કલ્યાણ કરનાર, શ્રદ્ધા પણ ત્રણેમાં કલ્યાણ, સંયમમાં પણ ત્રણેમાં કલ્યાણ. ધર્મના સ્વરૂપ–તત્વ તરીકે આદિ, મધ્યમ ને અંત એ ત્રણે વખતે કલ્યાણ હોય. જે વખાણો તે ત્રણેમાં પણ ઉત્તમ કલ્યાણ કરનાર હોવું જોઈએ. શ્રવણ હોય ત્યારે શ્રદ્ધા થાય, ત્યારે વિરતિ થઈ. કલ્યાણ થાય ત્યારે પણ ઉત્તમ. પણ આ મનુષ્યપણું એ કચરાનો ઉકરડો, કર્મના ઉદયનો ઢગલો, કર્મરૂપ કચરાનો ઉકરડો, તેના વખાણ કરો તેમાં આદિ, મધ્યમ ને અંતમાં કલ્યાણનું ઠેકાણું નહીં. અમે મનુષ્યપણાને વખાણીએ છીએ, તે ઔદયિકપણાને અંગે નહીં. કર્મરૂપ કચરાને વખાણતા નથી, શમશેરની શ્લાઘા લોઢાપણાને અંગે નહીં, પણ સાધ્યસિદ્ધિને અંગે વખાણીએ છીએ. મનુષ્યપણું ઔદયિક આદિ અકલ્યાણવાળું છતાં શ્લાઘા કરીએ છીએ, તે કરણીની ટોચે આના લીધે જ પહોંચી શકે છે, તે અપેક્ષાએ વખાણીએ છીએ. એમ ઔદારિક પ્રકૃતિથી થવાવાળી અધમપણે ઉત્પન્ન થવાવાવાળી પ્રશંસા એ જ મુદ્દાથી કે :કરણીની ટોચે–ક્ષાયિકભાવમાં આ મનુષ્યપણું જ લઈ જાય છે, તેથી તે વખાણીએ છીએ. આરંભ, પરિગ્રહ, વિષય, કષાયમાં આસક્ત થઈ જેનાથી દુર્ગતિ પ્રાપ્ત કરો એવા મનુષ્યભવની મુશ્કેલી નથી કહી. મનુષ્યપણામાં કરણીની ટોચ તરફ ઝુકાય નહીં તો મનુષ્યભવ દુર્લભ નથી કહ્યો. અનંતી વખત મનુષ્ય થયા છીએ તો દુર્લભ કેમ બોલે છે ? આરંભ પરિગ્રહ વિષય કષાયવાળું મનુષ્યપણું કે આખો દિવસ, ચોવીસે કલાક હાયહાયવાળા મનુષ્યપણાને દુર્લભ નથી કહ્યું.

આએ જોઈએ, આએ જોઈએ, મોક્ષ પણ જોઈએ, મોક્ષ પણ જોઈએ, તેમ પણની પાનશેરી વચમાં હોય ત્યાં ભલે મોક્ષની તાનવાળા છતાં સમ્યક્ત્વથી છેટા છીએ. નિશ્ચયનો જકાર જોડી દ્યો કે મોક્ષ જ જોઈએ,' 'પણ' કાઢી નાખો.

ઇન્દ્રની ઋદ્ધિને શી રીતે તિરસ્કારશો ?

આપણને ઓલામાં માથું ને ચૂલામાં પગ. બે ખેતર ને પાંચહજાર ફુંકા તરફ મન દોરવાય જાય છે. દેવેન્દ્રની ઋદ્ધિ તરફ શી રીતે તિરસ્કાર થશે ? અહીં ઝૂંપડામાં તિરસ્કાર થતો નથી, નજીવી ચીજ પરથી મન ખસતું નથી, તો દેવતાની ઋદ્ધિથી મન કેમ ખસેડશો ? એટલું જ નહિં પણ આગળ વધો. રાજા મહારાજાના સુખો, દેવતા ને ઇંદ્રના સુખોને સુખો નહીં, પણ એકાંતિક દુઃખો ગણો. दुक्खं च्चिय દુઃખ જ વિચારો ! રાજા, મહારાજા, દેવતા અને ઇન્દ્રોનાં દુનિયામાં સુખો ગણાય તે તમને દુઃખરૂપ ક્યારે લાગવાના ? સમકિતી બધાને થવું છે, મિથ્યાત્વી કોઈને નથી રહેવું ગમતું, અંદર ઉતરી તગીર તપાસો ! 'જીસ સુખમેં ફીર દુઃખ વસે, વો સુખ કીસ કામકા ?' જે સુખ મલ્યું, મલ્યા પછી અંતે દુઃખ આવવાનું હોય તો તે સુખ દુઃખરૂપે પરિણમ્યું. જેને મખમલની શય્યામાં સુવાની ટેવ પડી, કોઈ વખત બોરા ગુણું પડ્યું તો ઊંઘ ન આવી, ટાંટીયા ઘસવા પડ્યા. [illegible] ઉઠ્યા. આ જ ભાઈને ઉજાગરો કેમ ? ઉજાગરો કોણ કરાવે છે ? પેલી મખમલની શય્યા. ખાવામાં દાળ, શાક, મીઠાઈ [illegible] વગર ન ચાલે, તેવી સ્થિતિએ ઉછર્યા તો કોઈક વખત લુખો રોટલો ખાવો પડે તો ડુચો આવે, આ કોણ કરાવે છે ? પરિણામ શાનું છે ? [illegible] સુખશીલ સુખ વાસિત થઈ જાવ છો તેનું આ પરિણામ છે. દુનિયાદારીના સુખોની વાસના ઉભી કરી, ને આત્માને દુઃખી કરનાર છે. [illegible] પહેલા રાજાને મિત્ર કરે, પછી સાહેબી બનાવી દે [illegible] સુખશીલિયા બનાવી દે કે જેને લીધે પોતાને [illegible] [illegible], [illegible] કષ્ટવાળું લાગે. પરિણામ શું આવે ? [illegible] ઉપરથી [illegible] હોય. [illegible], પછી [illegible] કે બીજું શું ? [illegible] [illegible] જ [illegible] છે. [illegible] [illegible] નાખી દે. [illegible] [illegible]

લચાવનારા છે. પરિણામ શું આવે છે? કર્મબંધનને અંગે જીવ સાય છે, તે વાતને અંગે કહી ગયા.

છ મહિના પહેલા ચ્યવનના ચિહ્નો જણાય :

હવે આગળ સિદ્ધિ સિવાય કોઈ જગોએ સંસારમાં શાશ્વતી સ્થિતિ નથી, સર્વાર્થ સિદ્ધની સ્થિતિ પણ શાશ્વતી નથી, તેમાંથી ખસવાનું છે. તેમાં મનુષ્યને ખસવાનું ઓચિન્તું, પગલા હેઠે મરવાનું, દેવતાને અંગે વિચારીએ ત્યાં છ મહિના પહેલાથી મરણ દુઃખો ઉભા હોય. રાજા હોય તેને મોટી સત્તાએ હુકમ કર્યો, કે રાજ કરો પણ છ મહિના પછી કેદમાં નાખવાના છે; તે રાજાના છ મહિના કેવા જાય? આખી જિંદગી સુધી કરેલું રાજ્ય રૂંવાડે રૂંવાડે રેંસનારૂં થાય. છ મહિના પહેલાથી ચ્યવનના ચિન્હો છે, તે નજરે આવે, તે પણ પોતે દેખે છે કે, હવે કઈ જગો પર જવાનું છે. દેવતામાંથી મનુષ્યો મુઠીભર થવાના, એક સમયમાં ચ્યવતા દેવતાને, ઉત્કૃષ્ટથી જેટલા દેવતા ૧ સમયમાં ચવે તેને ગર્ભજ મનુષ્યમાં રહેવાનું સ્થાન નથી, તો પછી સર્વ દેવતાને ગર્ભજ મનુષ્યમાં સ્થાન કયાંથી? તે સમજે છે કે કઈ ગતિમાં જવાનું છે? એકેન્દ્રિય તિર્યંચમાં ઉપજવાનું દેખે, ઢોર ઢાંખરમાં ઉપજવાનું શી રીતે થાય?

જે દુર્ગતિથી ડરે તેને મરણ વખતે વિચાર કરવાનો, મર્યા તો ખાસડે ગયા તેને શું? શાસ્ત્રકાર કહે છે કે, એ સ્થિતિએ વિચાર કરે છે કે, આખા દેવભવનું સુખ ઓકે એવી સ્થિતિ થાય છે. એ તો દેવતાઈ વૈક્રિય કાળજું છે કે ફાટતું નથી, એ જગો પર ઔદારિક કાળજું હોય, તો કટકે કટકા થઈ જાય. તે દેવતાઈ ઠકુરાઈ, વૈક્રિય શરીર હોવાથી કટકા થઈ ફાટતું નથી, હાડકાનું શરીર હોય તો, સેંકડો કટકા થઈ ફાટી જાત. એક સારો આબરૂદાર, નિષ્કામ પરોપકાર કરનારો છેવટે મોં કાળુ કરવાનો વખત આવે તો શું થાય? હાર્ટફેલ થઈ જાય. જીવે સાગરોપમો સુધી મોજમજામાં કાઢેલા તેવાને એ સ્થિતિ દેખી શું થાય? માટે પરિણામની અપેક્ષાએ દેવભવ દુઃખસ્વરૂપ, સ્વરૂપથી વિષયમય હોવાથી દુઃખરૂપ, પણ સમ્યકત્વની અપેક્ષાએ કર્મબંધના કીચ્ચડમાં ગુંદાઈ ગએલો, જેને સમ્યકત્વની દશામાં દેવતા તથા ઈન્દ્રની સ્થિતિ ભયંકર લાગે, તેને સમ્યકત્વની સ્થિતિમાં એલામાં ઊંધા માથા કરવાનું મન કેમ થાય? કહો કે જે નિશ્ચયનો જકાર જકડી રાખવો જોઈએ તે જકડાયો નથી,

નહીંતર 'સમ્યગ્દૃષ્ટિ મોક્ષ જ જોઈએ.' એટલા માટે શાસ્ત્રકારો ખુલ્લા શબ્દોમાં કહે છે—કે સમ્યગ્દૃષ્ટિ મોક્ષ સિવાય બીજી પ્રાર્થના કરે નહિ.

ધર્મનું ઉપાદાન કારણ કઇ ગતિમાં ?

ચોથે ગુણઠાણે મોક્ષ જોઈએ એવું ધ્યેય થયું, પાંચમે છઠ્ઠે તે તરફ પ્રવૃત્તિ. એવી સ્થિતિ છતાં પણ ત્યાં મોક્ષ નથી, જ્યાં ઇચ્છા તીવ્ર છે ત્યાં મોક્ષ નથી, ઇચ્છા જશે ત્યારે મોક્ષ થશે બારમાના છેડે સવિકલ્પ દશા ચાલી જવાની, ૧૩ મા ગુણઠાણામાં નિર્વિકલ્પ સ્થિતિ ને ચૌદમામાં યોગ નહિ ત્યારે મોક્ષ. ઇચ્છા છે, ત્યારે નહીં ઇચ્છા નથી ત્યારે સહી, તો મોક્ષની ઇચ્છા ન કરવી ને ? ઇચ્છા કરીએ તો મળે નહીં. મળે ત્યારે ઇચ્છા હોતી નથી. 'સજ્જનપણું આવ્યા પછી દુનિયાનું સન્માન આવી જાય, સજ્જન સન્માનની ઇચ્છા કરતા નથી.' પહેલી જ્યારે ઇચ્છા હતી ત્યારે સન્માન ન હતું, છતાં સજ્જનતાના કારણો ઇચ્છાથી જ મેળવી શક્યા, અહીં દુનિયાનું સન્માન આવી જાય. સન્માનની ઇચ્છા સજ્જન કરતા નથી. પહેલી જ્યારે ઇચ્છા હતી ત્યારે સન્માન ન હતું, છતાં સજ્જનતાના કારણો ઇચ્છાથી જ મેળવી શક્યા. અહીં સમ્યક્ત્વાદિ ત્રણ જે મેળવ્યા તે મોક્ષની ઇચ્છાએ મેળવ્યા [illegible]

કે, ધર્મ કરવાવાળાને મનુષ્ય ગતિની જરૂર છે. ધર્મમાં જીવપણાની જરૂર તેટલી જ ધર્મ સાધવાવાળાને મનુષ્યપણાની જરૂર છે. આ આડકતરી રીતે જણાવ્યું છે. મનુષ્યપણાની ગતિ અનુભવવાવાળો આત્મા ધર્મનું ઉપાદાન બની શકે, દેવગતિ, તિર્યંચગતિ, નરકગતિ તેમાં વિશિષ્ટ આત્મા ભલે હોય. પણ તે ધર્મના ઉપાદાન બની શકે નહિં. નારકી, તિર્યંચ, દેવતા સમ્યકત્વ ધારે, તે મનુષ્યગતિની અપેક્ષાએ, સમ્યક્ત્વમાં સંવર, નિર્જરા, મોક્ષ, તે પણ ધારવા પડશે. તે બનશે આ જ ગતિમાં. મનુષ્યગતિ સિવાય ધર્મનું ઉપાદાન કારણ બની શકે નહિં. આથી આત્માપણું અનાદિકાળનું છે, પણ આ સ્થિતિવાળું મનુષ્યપણું દુર્લભ છે. જો અહીંથી ખસ્યા તો ફેર અનંતાકાળે દુર્લભ છે. તેનો સદુપયોગ ન કરીએ તો આપણી સ્થિતિ કઈ? દુનીયામાં એક વસ્તુ ન મેળવી હોય તો તેમાં મૂર્ખ ગણાય, મેળવીને ઉપયોગમાં ન લેતો તેમાં કહેવું શું?

જેને ઘેર જેવા વધામણા તેને ઘેર તેવી પોક :

એક શેઠ નદીમાં બેસી પેલે પાર જાય છે, નાવડી થોડી ચાલી, ખલાસીને શેટલા વખત થયો હશે કે કેમ? તે ખબર નથી. શેઠને પૂછે છે. શેઠ! કેટલા વાગ્યા? ગુંજામાંથી ઘડીઆળ બતાવીને કહ્યું કે જો! મને જોતા આવડતું નથી. વાત કરે છે એવામાં ટાવરના ટકોરા થયા, તો ગણતા પણ આવડતું નથી. તારી અર્ધી જિંદગી ધૂળ, એળે ગઈ. એટલામાં હોડી અવળી ચડી ગઈ, શેઠજી! તરતા આવડે છે કે નહિં? નથી આવડતું, તો તમારી આખી જિંદગી ધૂળ ગઈ, તરવાનું શીખ્યા ન હતા તેમાં શેઠની જિંદગી ગઈ. તો તરતા આવડતું હોય અને હાથ ન હલાવે તો તેને શું ગણવું? વાંચતા ગણતા ન આવડતું હતું તો 'આઠ આની જિંદગી ગઈ, ને તરતા ન શીખ્યા તો આખી જિંદગી ગઈ. તો હાથ ન હલાવે તેનું શું ગણવું? તેમ શાંતિસૂરિજી મહારાજ જણાવે છે કે તમે તરવાનું નહીં શીખેલા હાડકાના હરામ છો, તેને શું કહેવું? તમે મનુષ્યપણું પામ્યા છો, ખરેખર! આ આત્મા ધર્મના ઉપાદાન તરીકે તૈયાર થયો નથી. હવે તમે ધરમ નહીં ઝળકાવો તો બીજી ગતિમાં મળવાનો નથી. મનુષ્યપણું ફરી ક્યાં મળે તે કાંઈ મારા હાથમાં છે? એવા રોદણા રૂવે પણ એ બધું આપણી પાસે તૈયાર છે. આટલી સામગ્રી મળ્યા છતાં પાછળ પડીએ છીએ. 'જિસકે ઘર જેસા વધામણા ઉસકે ઘર એસી પોક,' રાજાને ઘેર કુંવર જન્મે તો આખા દેશમાં

કાળચક્ર મૂક્યું. તેના જેવો પાપી કયો ગણવો? એના ઉપર દયા કરવી કે દ્વેષ આણવો? આ જગો પર ધ્યેય ઉપકાર, એ દૃષ્ટિ કેવી રીતે રહી હશે? અરરર! મહાવીરને નમાલા કેમ ન ગણવા? છતું સામર્થ્ય છતાં આવો અડપલા કરી જાય, આવું વિચારીએ છીએ. બીજાને ઉપગાર કરવાની દૃષ્ટિ નથી. સાધનસંપત્તિના અભાવવાળાને દેખીને દયાબુધ્ધિ થાય, ઉપગારની બુધ્ધિ થાય, તેવો ધરમ કરી શકે. સાધન હીન દેખી દયા ન થાય, તેનો ઉપગાર કરવાની બુદ્ધિ ન થાય, તેને અંગે આત્માને ફાયદો થશે, તે બુધ્ધિ ન થાય, તે ધરમ કરી શકે કેમ? એ ન સમજે એટલે ઉપગાર કરવા તૈયાર ન થાય, તાત્કાલિક લાભ ન મળતો દેખે તો પ્રવૃત્તિવાળો ન થાય, માટે ગંભીર બુધ્ધિવાળો થાય, ધરમને વિઘ્ન કરનાર અગંભીરતા હતી નહિં પણ ક્ષુદ્રતા હતી. નિષેધ દ્વારાએ વિધાન કર્યું. ગુણનું નિરૂપણ પ્રતિપાદન શૈલીથી ગંભીર કહેવું હતું. વાંકા શા માટે ગયા? હવે તે કેમ આવી શૈલીથી લીધું તે વિગેરે અધિકાર અગ્રે વર્તમાન.

☆

પ્રવચન ૫૪મું

સંવત ૧૯૯૦, આસો વદી ૮ ને મંગળવાર, મહેસાણા

खुद्दोत्ति अगंभीरो उत्ताणमई न साहए धम्मं ।
सपरोवयारसत्तो अक्खुद्दो तेण इह जोग्गो ॥ ८ ॥

ઉપાદાન કારણને બદલે સમવાયકારણ માનવામાં રહેલા દોષો

શાસ્ત્રકાર શ્રીમાન શાંતિસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણને કરતાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં અનાદિ કાળથી આ જીવ રખડ્યા કરે છે, આ જીવ કોઈ પણ ચીજથી ઉત્પન્ન થવાવાળો નહિ. ઉત્પન્ન થાય છે તેના ઉપાદાન કારણો હોય છે. ઉપાદાન કારણ સિવાય કોઈ ચીજ ઉત્પન્ન થતી નથી. આત્મા ઉત્પન્ન થએલી ચીજ હોય તો તેના ઉપાદાન કારણ હોય. જે ચીજ ઉપાદાન કારણ ઉપરથી ઉત્પન્ન થાય છે, તે કારણોના ગુણને અનુસરે છે. જે

ઉપાદાનથી જે ચીજ ઉત્પન્ન થઈ હોય, તેના નાશ વખતે-ઉપાદાન કારણ વખતે જુદા પડે છે, માટી હોય તો જ ઘડો થાય છે. ઘડાનું ઉપાદાન કારણ-પરિણામી કારણ. તેને બીજા સમવાયી કારણ કહે છે, નૈયાયિક-વૈશેષિક તેને સમવાયીકારણ માને છે. ઘડાનું ઉપાદાન કારણ માટી છે. સમવાયી કારણ માની શકાય તેવું નથી. તેઓએ સમવાય સંબંધ કલ્પિત માનેલો છે. સમવાય નામની કોઈ ચીજ નથી, દ્રવ્ય-ગુણ-કર્મ વિગેરે માફક સમવાય કોઈ ચીજ નથી. અનંતા સંબંધ માનવા પડે તે કરતાં એક સમવાય માનવો સારો. આથી સમવાય એક કલ્પિત પદાર્થ માન્યો. માની લેવો પડ્યો, તે સમવાયમાં ગયા છે. સમવાય સંબંધ કલ્પિત તો તે સંબંધથી રહેનાર કલ્પિત છે. આપણે સમવાય સંબંધ માનતા નથી. તે માનવાથી નુકશાન કેટલું તે તપાસો. એક લુગડામાંથી એક તાંતણો કે રૂમ કાઢ્યું, તેમાં આખું કપડું નાશ પામ્યું. હવે દેખાય છે કપડું તે ઈશ્વરે કર્યું તેમ માન્યું. સમવાયી કારણ ઉભું કરી કાર્યનો નાશ માન્યો પણ કાર્ય તો દેખાય છે. ઘડાને કાંકરી તમે મારી, કાંણો કોણે કર્યો? તોકે ઈશ્વરે કાંણો કર્યો, તેથી લોકવ્યવહારથી વિરૂદ્ધ જવું પડે છે. લોકોમાં કપડામાં સુતર, તેઓને સુતરમાં કપડું માનવું પડે છે. સુતરમાં કપડું ઉત્પન્ન થયું માટે ખરી વાત એ છે કે, નથી એકલા સુતરમાં કપડું, નથી કપડામાં સુતર. સુતર માત્ર પરિણમ્યું છે. જેટલા પ્રમાણમાં સુતર કાઢી લીધું, તેટલું સુતર ઓછું થયું, કામળીઓમાંથી ઉન કાઢી એની ડસી બનાવે છે, નથી લોકવ્યવહારનું ભાન, નથી કલ્પિતનું ભાન, જે આમ પદાર્થના નિરૂપણમાં ઈશ્વરને બેસાડી દે તે શ્રાદ્ધમાં ઈશ્વર દેશે. તમે પણ એ જ લઈ બેઠા છો, તમારા આત્મામાં જૈનનો સંસ્કાર નથી. તને મોટો કોણે કર્યો? ઈશ્વરે. તમે જૈનપણું કઈ રીતે જણાવો છો. ક્રિયાએ જૈન છો પણ વચને અને માન્યતાએ તમો જૈન નથી, ખરાબ થયું તો ઈશ્વરને ગમ્યું તે ખરૂ, કાળા કરમ કરનાર ઈશ્વર કેમ? જે દુઃખ તમને છાતી વિંધી નાખે છે, તે તેને ગમ્યું? નાના, મોટા, બાયડી, છોકરા, બધા ભગવાને આમ કર્યું. નિરંજન નિરાકાર જ્યોતિ સ્વરૂપ ભગવાનને માનનારા તમે શું બોલો છો? મૂળ વાતમાં આવો, ઘડાનું માટી એ પારિણામિક કારણ, તેથી જે પ્રમાણમાં માટી, તે પ્રમાણમાં ઘડો, તેમ ઉપાદાનના ગુણ હતા ઠંડકના તેથી ઉપાદાનકારણ માટી, તેમાં ઠંડક કરવાનો સ્વભાવ છે, ધાતુમાં ઠંડક કરવાનો સ્વભાવ નથી, માટીનો ઘડો નાશ થવાનો તો અંતે માટી થવાની. ત્રાંબાનો

ઘડો ભંગાર થશે. ઉપાદાન કારણના સ્વભાવ ઘડામાં હતા, કાર્યનાશ પામતાં ઉપાદાન કારણ જુદું પડયું. તેમ આત્મા બનાવેલા હોય તો તેના ઉપાદાન કારણો હોવા જોઈએ ને નાશ પામે તો ઉપાદાન કારણો જુદા પડવા જોઈએ. ઘડાના અંગે ઠીકરાના અવયવો છે, તેમ આત્માના અવયવો નથી, આથી આત્મા ઉત્પન્ન થયેલી ચીજ નથી, શરીર ઉત્પન્ન થયેલી વસ્તુ અનુભવીએ છીએ. માતા-પિતાના રુધીર વીર્યથી ઉત્પત્તિ છે, તેમ આત્માને અંગે નથી ઉપાદાન, નથી તેવા ગુણો કે નથી અવયવો, આત્માને વગર ઉત્પન્ન થયેલો માન્યો. નિત્યં સત્વમસત્વં વા તેના બે સ્વભાવ હોય, કાંતો હંમેશા વિદ્યમાન હોય કે કોઈ દિવસ બને નહિં, આત્મા ચીજ તો છે, ન બને તો અભાવ થાય, કોઈ કારણ નથી તો અનાદિનો છે.

લૂંટાય કોણ ?

આત્મા નિત્ય છે એ ખાત્રી થઈ તો. જે કોઈ પદાર્થ નિત્ય છે, તેની અવસ્થાઓ હોવી જોઈએ. અવસ્થા વગરનો કોઈ પદાર્થ ન હોય. બાળ, જુવાન, કે વૃદ્ધપણું ગમે તે કોઈ અવસ્થા હોય જ. અનાદિકાળથી આત્માની હૈયાતિ છે, તેથી અનાદિકાળથી અવસ્થાઓ છે તે અંગે વિચાર કરીએ તો બે અવસ્થા નિત્ય ટકે. કાં તો જઘન્ય ને કાં તો ઉત્કૃષ્ટ. કાયધનવાળો કે શસ્ત્રવાનવાળો. આ બે ન લૂંટાય, સહસ્રયોધી કે નાગો બે જંગલમાં ન લૂંટાય, બીજાને લૂંટાવાનો સંભવ, તેમ આ જગતમાં લૂંટનો સંભવ વચગાળાને, જઘન્યને લૂંટનો સંભવ, નથી, અનાદિ નિગોદીયા સ્પર્શ ઇન્દ્રિયના જ્ઞાનવાળા તે પણ અનંતા ભેળા મળે, એક બારીક શરીર બનાવે તે કારણે અનંતમો ભાગ મળે તેમાં લૂંટાય શું? જ્ઞાનાવરણીય વિગેરે લૂંટાય-જ્ઞાન, દર્શન લૂંટે પણ ત્યાં તો માત્ર કાયાધન છે. કાં તો સિદ્ધમહારાજ ન લૂંટાય, એ રહ્યા સિદ્ધશિલામાં, ત્યાં કર્મ આંટા મારે તો પણ ન લૂંટાય. લૂંટાયા પછી ભો શો? તેમ એમને લૂંટાયા પછી [illegible] તેવી દશા છે.? અહીં આત્મા અનાદિ કાળથી [illegible] નિર્વિચારપણાથી નિગોદમાં રખડ્યો. વચલો ભાગ [illegible] તેમાં વસ્યો. હવે વિચારો ! એવો દરિદ્ર ને એવો નિર્ગુણ [illegible] નિગોદમાં રહેલો, તે ઉપર કર્મરાજાએ પણ દયા કરી. [illegible] [illegible] છે. પણ કોઈ વખત દયા આવી જાય છે, ત્યારે એને આગળ [illegible] [illegible] કે એની પાસેથી લૂંટવું શું ? આવી દરિદ્ર દશામાંથી

આત્માને કેટલો ચડતી દશામાં રાખે. કોટિધ્વજની સ્થિતિમાં દરિદ્ર આવે તો કેવો વિચાર કરે? જ્યાં કર્મને લુંટવાનું પણ ન હતું. તેવી દશામાંથી ચડ્યા. વિશ્વ મળ્યું તેમાં આ જીવ ઉંચે ચડી ગયો. હવે કઈ સ્થિતિઓ આવ્યા? મનુષ્યપણું મળ્યું. જેનાથી બીજી ઉંચી હદ નથી, ચક્રવર્તી એ છેલ્લી હદ, તેમ કર્મને લીધે સંસારમાં પર્યટન થાય છે, તેમાં છેલ્લામાં છેલ્લી હદ મનુષ્યપણું.

भवजलहिम्मि अपारे दुल्लहं पत्ते अ मणुअत्ते ।

અપાર સંસાર સમુદ્રમાં, મનુષ્યપણું મળવું મુશ્કેલ, મનુષ્યપણું મળ્યું પણ પદાર્થની કિંમત તેના ઉપયોગ પર આધાર રાખે છે.

મનુષ્યપણાને છેલ્લી ટોચ કેમ માની?

મનુષ્યપણું છેલ્લી ટોચ લીધી. તેનો દુન્યવી ઉપયોગ જાનવરમાં પણ છે. કુટુંબ મમત્વ, સ્થાન સાચવવું, શરીર પોષવું તે જાનવરમાં પણ છે. બધાને પોતાના શરીર, સ્થાન, કુટુંબ વહાલા છે. હવે મનુષ્યપણામાં ટોચ શાથી ગણીએ છીએ? કર્મના કાંટા કાઢી નાખે, ફેર કરમના કાંટા ન લાવે. બે પ્રકારના અનર્થને હરણ કરનાર. આ સ્થિતિ કરનાર પદાર્થ મનુષ્યપણામાં જ મળે. તે જ કારણથી દરેક મતવાલાએ મોક્ષ મેળવવાનું સ્થાન મનુષ્યપણું માન્યું. કોઈએ પણ મનુષ્ય સિવાય મોક્ષ માન્યો નથી. ચંદ્રલોકમાં જવાનું માન્યું પણ મોક્ષમાં તહીંથી જવાનું ન માન્યું. ચારે ગતિમાં મોક્ષને લાયક મનુષ્ય-ગતિ, મોક્ષને સાધી આપનાર મનુષ્યપણું મળ્યું એટલે લાખનો હીરો મળ્યો, પછી છોકરા ઉછાંછળા થયા અને સટ્ટામાં પડે પછી લાખનો હીરો કાચના ભાવમાં વેચી દેવો પડે, તેમ મનુષ્યપણું મોક્ષ મેળવી દેનારૂં તે મળી ગયું છે. કહો કે તમે મનુષ્ય તેથી ઈજારો લઈ લીધો? કરમ બધે ભોગવાય છે, બધે કરમનો ક્ષય છે, મનુષ્યભવ પર શું દેવું છે? નારકીમાં તિર્યંચમાં દુઃખો ભોગવે છે. દેવતામાં કથંચિત્ કરમનો ભોગવટો છે. ત્યાં પણ કરમ ભોગવી લે ને ક્ષય કરે, મનુષ્યપણામાં જ કેમ કરમ ક્ષય માનો છો. ચારે ગતિમાં એક સરખો ન્યાય રાખો. સીધી વાત રાખો. જેમાં કરમક્ષય ન કરે તે ગતિમાં મોક્ષે ન જાય, મારી મનુષ્યગતિનું રજીસ્ટર શું કરવા કરો છો? ત્રણ ગતિમાં મોક્ષ નહિ, આ શું? કર્મક્ષય માટે મોક્ષ છે કે ગતિને અંગે મોક્ષ છે? ચાહે જે ગતિમાં કર્મક્ષય થાય, અને મોક્ષે ચાલ્યા જાવ, ઊંડું તત્વ ન વિચારે

વિચારે કે સંવર પામે ક્યાંથી? તેમ દેવતામાં લોભ વગરનો એકે ભાંગો નહીં. ત્યાં સંગમદેવને મેરૂ પર્વતની ચૂલા પર કાઢી મેલ્યો. સત્તા વિગેરેનો લોભ છે. દેતતાની અંદર લોભે એવી સંજ્ઞા ઉભી કરી છે કે જેને લીધે સમજી શકાશે, કે ઇદ્રોને આત્મરક્ષકો, લોકપાળો, સૈનિકો શા માટે? ચમરેન્દ્ર આવ્યો ત્યારે આત્મરક્ષકોને ત્રાસ કર્યો. વેદિકા સુધી ગયો તે સાંભળો છો. બાકી લુચ્ચાઈઓ પણ છે, ચોરીઓ છે, ત્યાં ઇદ્રો પણ નિર્ભય નથી. ઈન્દ્રે માથું ધુણાવ્યું, મુગટ પડ્યો. તે લઈ દેવતા સભા વચ્ચેથી નાસી ગયો. કઈ દશાએ? રાજાને દૂધ-પૂરીમાં વાંધો આવતો નથી, છતાં લડાઈઓ કરે છે. તો દેવતામાં લોભ, નારકીમાં ક્રોધ સજ્જડ. મનુષ્યમાં એક ન હોય પણ બધા કષાયો થોડા થોડા હોય મનુષ્ય જાતિસ્વભાવમાં જાય તો પણ કષાયોનો કબજો ધરાવી શકે, તેથી મનુષ્ય સંવરને લાયક ગણેલા છે. પ્રતિજ્ઞા કોણ કરી શકે? સ્વાધીન હોય તે. ડાળ ખાવાની જરૂર પડી, વિષ્ણુવે કહ્યું 'બાધા મારી માવડી, ડાળ પરથી ઉતરી શાક પર જા.' દરકાર હોય તે જ પ્રતિજ્ઞા પાળી શકે.

સંવર વગર નિર્જરા અશક્ય :

મનુષ્યપણામાં ચીજ-વસ્તુની દરકાર ન હોવાથી ત્યાગની પ્રતિજ્ઞા કરી શકે. સંવર ન બને ત્યાં સુધી નિર્જરા ન બને. સંવર નિર્જરા બે અહીં બને છે. દેવતાદિકમાં એ બે બનતા નથી. તેથી મનુષ્યભવમાં જ મોક્ષ છે. દુઃખ-સુખને અંગે અહીં રજિસ્ટર નથી. પહેલાંના દેવું અહીં વસૂલ થાય છે. સંવર-નિર્જરા બે કરવાની તાકાત હોય ત્યાં મોક્ષ મેળવી શકાય. દેવાદિક ત્રણ ગતિ જુનું દેવું વાળે નહિ, નવું દેવું રોકાતું નથી, મનુષ્યગતિમાં બન્ને થઈ શકે છે. આ વાત શાસ્ત્રીય દૃષ્ટિએ કહી. બાકી જાનવર તમે દેખ્યા છે. કોઈ જગાએ સંવરની કે નિર્જરાની નિશાની દેખી? તમારે જ્યાં પ્રત્યક્ષ પ્રમાણ છે, ત્યાં સંવરની કે નિર્જરાની નિશાની દેખાતી નથી. મનુષ્યપણામાં જ

માત્ર તે દેખીએ છીએ. બીજી ગતિમાં મોક્ષ નથી, આ કલ્પના શી રીતે આવે છે? ગટરમાં કસ્તુરી નથી, એ શંકા શી રીતે થાય છે? એમ નરક, દેવ, તિર્યંચ-ગતિમાં સંવર-નિર્જરાની સંભાવના કરી મોક્ષ માનવો તે સમજણ બહાર છે. માટે સર્વ અનર્થનો નાશ કરનાર ધર્મ મનુષ્યપણામાં જ મળે છે. મનુષ્યમાં ભૂખ્યાને ભોજન મળે છતાં ધારે તો ન ખાય. જાનવરમાં તેવું દેખો છો? જાનવર કાયમ ભૂખ્યું, ધરાય નહીં. અહીં ખાધું, ધરાયું, બીજે જાય તો પણ મોં ઘાલશે. સંતોષ પામતું નથી. મનુષ્યમાં પ્રત્યક્ષ દેખીએ છીએ કે ભૂખ્યો છે, ભોજન મલ્યા છતાં ત્યાગ કરે, ને સમતા રાખે, સંતોષ રાખે, કંબલ, સંબલ બળદો ભદ્રિકભાવે નાગકુમાર દેવલોકમાં ગયા છે. સમ્યક્ત્વ નથી, નહીંતર વૈમાનિકમાં જતે. શેઠનું અનુકરણ છે. તિર્યંચની ગતિમાં પ્રત્યક્ષ દેખીએ છીએ તે મધ્યમગતિ છે. તેમાં સંવરનો છાંટો કે નિર્જરા પણ દેખતા નથી, તો નારકી, દેવતાને મોક્ષ કેમ નહિં? એ વિચાર શી રીતે આવે? દેવતાઓ આરંભ પરિગ્રહમાં રક્ત, અસંખ્યાત જોજન લાંબા વિમાનો, તેમાં રક્ત, તેની સાહ્યબી કરનાર મગજમાં મમતા-મદિરાના ઘેનવાલા હોય. તેટલા માટે જાતિસ્વભાવ પલટવાની, સંવર નિર્જરા કરવાની તાકાત મનુષ્ય ભવમાં જ મળે છે. તે તમને મલ્યો છે. આવો ઉત્તમ ભવ મલ્યા છતાં ધર્મની સિદ્ધિ ન કરો તો તલવાર સજાવીને તૈયાર કરાવી બહાર નીકળ્યો, રાડું ઉભું હતું તેને કાપી નાખ્યું. 'તલવારના ઝાટકે રાડું ઉડાડ્યું' તે બોલતા શરમ આવવી જોઈએ. તરવાર રાડું કાપવા માટે ન હતી, તેમ મનુષ્યભવ પામી શું કર્યું? તેનો જવાબ લ્યો. રાડું કાપ્યું, ચંદ્રહાસ તરવાર હાથમાં આવી, તેથી રાડું કાપ્યું તેથી કઈ બહાદુરી કરી? એ તો સમરાંગણમાં ઝઝૂમે તો શોભે. તેમ સમસ્ત અનર્થ હરણ કરનાર ધર્મને લાયક મનુષ્ય ભવ પામ્યા. હવે તે માટે કોઈ પૂછે કે, મનુષ્યપણું મેળવી શું કર્યું? તુચ્છ બુદ્ધિ વોસરાવી નથી. તેટલા માટે ધર્મને લાયક ૨૧ ગુણો કહેતા તુચ્છતાની બુદ્ધિ વોસરાવવી જોઈએ. આત્મા અને પુદ્ગલના સ્વભાવને જોડમાં મેલતાં પુદ્ગલ તરફ દોરાઈએ તે તુચ્છતા. પારમાર્થિક સુખ તરફ બેદરકાર, ઐહિક

સુખો તરફ લાગણી, તે જ તુચ્છતા. હીરા અને કાચના ઢગલામાંથી કાચ ઉપાડે તો નસીબ જ ખોખરૂં કહીએ, તો આત્મીય અને પુદ્ગલ સ્વભાવ બન્નેને જાણીએ છીએ. અહીંના ધરમથી જે દેવતાના ગતિના સુખ તે પાપ-કરમ બંધાવશે. દુર્ગતિ વગરનું સુખ આપનાર ધર્મની હૈયાતી છતાં દુર્ગતિવાળા સુખમાં સંડોવાય તો તમને તુચ્છ નહીં તો બીજું શું કહેવું? દેવ ગુરુ કે ધર્મ; દાન, શીલ, તપ કે ભાવ તેની સેવા કે આરાધનામાં કયારે જશે? ભવાંતર ઉપર વિચાર કરશો ત્યારે. સંયોગના ભવિષ્યના સુખને સમજતો નથી, આત્માના સ્વાભાવિક સુખને વિચારતો નથી તે ક્ષુદ્ર છે. તેથી ત્યાગ તપ ભાવનાની વાત આવી ત્યાં બીજી ગતિમાં તે ધરમ કરે કેવી રીતે? ધર્મનું સાધન તેજ કરે કે જે તુચ્છતા અને ગંભીરતા સમજે.

શ્રી આગમોદ્ધારક ૫૪ પ્રવચન શ્રેણીરૂપ ૧ લો વિભાગ સંપૂર્ણ

☆

સંપાદકના સંપાદનો.

૧. ઉદ્યોતન સૂરિકૃત પ્રાકૃત કુવલયમાલા મહાકથાનો ગૂર્જરાનુવાદ

૨. હરિભદ્ર સૂરિકૃત સમરાઇચ્ચ-કહા પ્રાકૃતનો ,,

૩. સાધુ-સાધ્વીયોગ્ય ક્રિયાસૂત્રો સાર્થ પરિશિષ્ટો સાથે

૪. શ્રી હેમચંદ્રાચાર્ય કૃત સ્વોપજ્ઞ યોગશાસ્ત્ર સવિવરણનો ગૂર્જરાનુવાદ મૂળ શ્લોકો સાથે.

૫. ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં પ્રાકૃત શીલાંકાચાર્યકૃતનો ગૂર્જરાનુવાદ

૬. આગમોદ્ધારક પ્રવચન શ્રેણી રૂપ ૧ લો વિભાગ, મહેસાણાના ચતુર્માસના ૫૪ પ્રવચનો.

૭. પઉમ ચરિયં પ્રાકૃત વિમલસૂરિકૃત (જૈનરામાયણ) અતિ પ્રાચીન કૃતિનો ગૂર્જરાનુવાદ

નં. ૧. ૨. ૩ [illegible] સ્ટોકમાં નથી. ૬–૭ [illegible] બાકી છે.

卐

સાગર-સમાધાન

સમાધાનકાર : પ. પૂ. આગમોદ્ધારક આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ

પ્રશ્ન—૨૯૭. ઉપધાનમાં પ્રવેશ અને સમાપ્તિ અવસરે માળાની બોલાતી ઘીની ઉપજ જ્ઞાનખાતામાં નહિં લઈ જતા દેવદ્રવ્યમાં કેમ લઈ જવાય છે ?

સમાધાન—ઉપધાન એ જ્ઞાનારાધનનું અનુષ્ઠાન છે અને તેથી જ્ઞાનખાતામાં તે ઉપજ જઈ શકે-એમ કદાચ માનતા હો, પણ ઉપધાનમાં પ્રવેશથી માંડીને માળ પહેરવા સુધીની ક્રિયા સમવસરણરૂપ નંદિ આગળ થાય છે. ક્રિયાઓ પ્રભુસન્મુખ થતી હોવાથી તે ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવી જોઈએ.

પ્રશ્ન—૨૯૮. સ્વપ્નાની ઉપજ અને તેનું ઘી દેવદ્રવ્યના ખાતામાં લઈ જવાની શરૂઆત અમુક વખતથી થઈ છે, તો ફેરફાર કેમ ન થઈ શકે ?

સમાધાન—અર્હત્-પરમાત્માની માતાએ સ્વપ્નાં દેખ્યા હતાં એટલે વસ્તુતઃ તેની સર્વ ઉપજ દેવદ્રવ્યમાં જ જવી જોઈએ. અર્થાત્ દેવાધિદેવને ઉદ્દેશીને જ આ ઉપજ છે. ધ્યાનમાં રાખવું કે ચ્યવન, જન્મ, દીક્ષા એ કલ્યાણકો પણ શ્રી અરિહંત ભગવાનનાં જ છે. ઈન્દ્રાદિકોએ શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ પણ ગર્ભાવતારથી જ કરેલી છે. ચૌદ સ્વપ્નોનાં દર્શન પણ અર્હદ્-ભગવંત કૂખે આવે ત્યારે જ તેઓની માતાને થાય છે. ત્રણ જગતમાં અજવાળું પણ તે ત્રણેય કલ્યાણકોમાં થાય છે. માટે ધર્મીષ્ઠોએ ભગવાન ગર્ભાવસ્થાથી જ ગણવાના છે.

પ્રશ્ન—૭૨૩. હાલમાં ચંદુઆ-પુંઠિયામાં જે સ્થૂલભદ્રજી, ગૌતમ-સ્વામી, ભગવંતના ઉપસર્ગો, ઈલાયચીકુમાર, મૈતાર્યમુનિવર, નવપદજી, વજ્રસ્વામીજી, જંબુસ્વામીજી, વગેરે મહાપ્રભાવિક પુરુષોનાં આલેખનો-ચિત્રો જરીના આલેખવામાં આવે છે તે શું યોગ્ય છે ? કેમ કે તે પૂંઠિયા વ્યાખ્યાનકાર આચાર્યોના, મુનિરાજોના પાછલા ભાગમાં બંધાતા હોવાથી મહાપુરુષોની આશાતનાનો પ્રસંગ આવે છે, તો ઉચિત શું છે ?

સમાધાન—આજે ચંદ્રરવા પૂંઠિયામાં જે એવા મહાપ્રભાવક પુરુષોનાં જરીથી આલેખન-ચિત્રો ભરાય છે તે ઉચિત નથી. આવા પૂજ્ય અને આરાધ્ય પુરુષો આજના મુનિવરોના પાછલા ભાગમાં રહે, તેમની પૂંઠ કરીને સાધુ આદિક બેસે તે ઉચિત લાગતું નથી, માટે તે આલંબનના આલેખનમાં પરિવર્તનની જરૂર છે. સૂર્યમુખી, ચંદ્રમુ'

કમલો, નવી નવી વેલો, ૧૪ સ્વપ્નો, અષ્ટ મંગલિક વગેરે આલેખવામાં આવે તો તે વ્યાજબી લાગે છે. આરાધ્ય મહાપુરુષોનાં ચિત્રોને આરાધનાના સાધનમાં ગોઠવે તે ઠીક નથી. સાધ્યને સાધનમાં ખેંચી જવું વ્યાજબી નથી. (વિશેષાર્થીએ સં. ૧૯૯૨ માં આગમોદ્ધારકશ્રીએ લખેલા તપ અને ઉદ્યાપન નામના તેમના લખેલા વિસ્તૃત પુસ્તકના ૫૨૮ થી ૫૩૬મા પત્રે અવલોકન કરવું.)

પ્રશ્ન—૬૯૨. સાતક્ષેત્ર ક્યાં અને તેમાં ધન વ્યય કરવા માટે સાધુઓ ઉપદેશ આપે કે આદેશ કરી શકે ?

સમાધાન—જિનમંદિર, જિનમૂર્તિ, જ્ઞાન અને ચતુર્વિધ સંઘ (સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા) એ સાત ક્ષેત્રો છે. જુના ચૈત્યોનો ઉદ્ધાર કરવો કે નવાં ચૈત્યો (દહેરાં) બનાવવાં તે ચૈત્યક્ષેત્ર કહેવાય. ચૈત્ય અને મૂર્તિ એ બંનેને માટે વપરાતું દ્રવ્ય તે બેય ક્ષેત્રમાં સરખાવટ હોવાથી પરસ્પર વાપરી શકાય છે અને તેથી જ દેવદ્રવ્યની વ્યાખ્યા કરતી વખતે શાસ્ત્રકારો ચૈત્યદ્રવ્ય, દેવદ્રવ્ય, જિનદ્રવ્ય વિગેરે ઉભય સાધારણ શબ્દો વાપરે છે. જો કે ચૈત્ય અને મૂર્તિ એ બંને સંબંધી દ્રવ્યને દેવદ્રવ્ય કહેવાય છે અને તેથી તે બંનેનું ક્ષેત્ર એક જ કરીને દેવ એવું ક્ષેત્ર કર્યું હોય તો ચાલી શકત, પણ ચૈત્ય અને મૂર્તિના ક્ષેત્રમાં સ્વતંત્ર ખરચ કરવાની યોગ્યતાની અપેક્ષાએ તે બે ક્ષેત્રો જુદાં રાખ્યાં છે, વળી દરેક શ્રાવકે સો સોનૈયા જેટલી પોતાની મિલ્કત થાય ત્યારે પોતાના ઘરમાં દહેરાસર કરવું જ જોઈએ.

એ વાતનો ખ્યાલ પણ ચૈત્યક્ષેત્ર જુદું રાખવાથી આવી શકે છે.

વળી ભગવાનની ત્રિકાળ પૂજા કરવાવાળો શ્રાવક પોતાના દ્રવ્યનો દેવદ્રવ્યમાં ઉપયોગ કરે છે, એવો ખ્યાલ પણ મૂર્તિ નામનું ક્ષેત્ર જુદું રાખવાથી આવી શકે છે. ભગવાનના શાસનનો પુરો આધાર જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાન પર હોઈ પુસ્તકોનો ઉદ્ધાર કરવો, પુસ્તકો લખાવવા કે છપાવવાં વિગેરેને અંગે થતો વ્યય જરૂરી હોઈ જ્ઞાન નામનું ક્ષેત્ર જુદું રાખેલું છે. આ ત્રણે ક્ષેત્રો (ચૈત્ય, મૂર્તિ અને જ્ઞાન) માં નવીન ઉત્પત્તિ, જુનાની સંભાળ કે જીર્ણનો ઉદ્ધાર કરાય તે [illegible] છે, તેવી જ રીતે ચતુર્વિધ સંઘને અંગે સાધુ-સાધ્વી [illegible], દીક્ષિતોને અશન પાન, ખાદિમ, વસ્ત્ર-પાત્ર, કંબલ, ઔષધ આદિનું દાન વિગેરે કરાય. તે સર્વ સાધુ-સાધ્વીના ક્ષેત્રમાં વ્યય [illegible] સમજવો.

તેવી જ રીતે શ્રાવક-શ્રાવિકાને ધર્મ પમાડવો, ધર્મમાં સ્થિર

કરવા. તે અન્ય લોકો પણ ધર્મની અનુમોદના કરે તેવી રીતે તેઓની ભક્તિ કરવામાં જે ધનનો વ્યય થાય તે શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રમાં ધનનો વ્યય ગણવો. સાધ્વી અને શ્રાવિકા, અનુક્રમે સર્વવિરતિ અને દેશ-વિરતિવાળી છતાં પણ સ્રીપણાના કેટલાક સ્વાભાવિક દોષોને લીધે તેના તે અવગુણો તરફ દૃષ્ટિ જાય અને તેના સર્વવિરતિ દેશવિરતિ ગુણો તરફ બહુમાનની નજર ન રહે તેવો અવિવેક ટાળવા માટે સાધ્વી અને શ્રાવિકાનું ક્ષેત્ર જુદું ગણવાની જરૂર પડી છે.

ઉપર જણાવેલા સાતેક્ષેત્રોમાં ધનવ્યય કરવા માટે ઉપદેશ દેવો એ દરેક ઉપદેશકનું કર્તવ્ય છે. યાદ રાખવું કે એક પણ ક્ષેત્રના ભોગે કોઈને પોષવાનો ઉપદેશ અપાય તો તે ઉપદેશ શાસ્ત્રાનુસારી કહી શકાય નહિ. પદાર્થના નિરૂપણમાં જેમ એક પણ ધર્મને ઓળવે તો તે નયાભાસનો ઉપદેશ કહેવાય છે, પણ સર્વ ધર્મોની અપેક્ષા રાખીને અપાતો ઉપદેશ જ યથાર્થ ઉપદેશ કહેવાય છે. તેવી રીતે સર્વ ક્ષેત્રની અપેક્ષાવાળો ઉપદેશ જ યથાર્થ ઉપદેશ કહેવાય. કોઈપણ ક્ષેત્રમાં દુર્લક્ષ્ય કરાવીને કે ઉઠાવીને જે ઉપદેશ અપાય તે યથાર્થ ઉપદેશ કહેવાય જ નહિ.

જૈનશાસ્રમાં અખિલ કાર્યો ભવ્યજીવોએ પોતાની ઇચ્છાથી જ કરવાનાં છે અને તેથી જ વંદના સરખા કાર્યમાં પણ શાસ્રકારોએ ઈચ્છાકારેણનો પાઠ રાખી ઇચ્છાકાર નામની સામાચારી સૂચવી, મુખ્યતાએ બળાત્કારને સ્થાન નથી એમ જણાવેલું છે. તો પછી સાતક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા માટે આજ્ઞા કે બલાભિયોગ ન હોય તે સ્વાભાવિક જ છે, તેથી બીજાં પ્રયોજનોની માફક આ સાતક્ષેત્ર અંગે પણ સાધુનો અધિકાર માત્ર ઉપદેશનો જ હોઇ શકે. (જો કે ચૈત્યદ્રવ્યનાં ગામ-ગાયો વિગેરે કોઈ રાજા આદિક મનુષ્યે હરણ કર્યા હોય અગર હરણ થતાં હોય તેની ઉપેક્ષા થતી હોય તેનું નિવારણ કરવાની ફરજ ગચ્છની અંદર રહેલા સાધુઓ અને ગચ્છથી નિરપેક્ષપણે વિચરતા સાધુની પણ છે. તોપણ તે ફરજ બતાવનાર ગાથાની જોડેજ એમ જણાવવામાં આવ્યું છે કે તે જ ચૈત્યાદિકને માટે નવા માગવાના કે ઉત્પત્તિનાં કાર્યો કરતાં સાધુઓના મહાવ્રતની શુદ્ધિ રહે નહિ. માટે સાધુઓએ સાતક્ષેત્રની અને શ્રોતાના ઉદ્ધારથી અપેક્ષાએ માત્ર ઉપદેશ જ કરવો યોગ્ય છે.)

પ્રશ્ન-એક ઘરમાં દશ માણસ હોય, તેમાં કેટલાક પાપી હોય અને કેટલાક ધર્મી પણ હોય, તો પાપીએ કરેલાં પાપથી

સમાધાન-શાસ્ત્રકારો મન વચન કાયાથી જેમ પાપને કરવું અને કરાવવું એ બંનેનો નિષેધ કરે છે, તેવી જ રીતે પાપની અનુમોદનાનો પણ નિષેધ જ કરે છે અને અનુમોદના શાસ્ત્રકારો ત્રણ પ્રકારે જણાવે છે.

જે કોઈપણ જીવ આપણા પ્રસંગમાં આવેલો હોય, અને તે જે કાંઈ પાપ કરે (જો કે તે પાપ કરવાનું આપણે કહ્યું ન હોય છતાં) તેનો નિષેધ ન કરીએ તો આપણને અનુમોદના નામનો દોષ લાગે. (આજ કારણથી ઉપદેશકની પાસે આવેલા અગર તેના પ્રસંગમાં આવેલા જે જે મનુષ્યો હોય તેને તેને તે ઉપદેશક મહાત્માએ સર્વ પાપોનો સર્વથા ત્યાગ કરવાનો ઉપદેશ જ કરવો જોઈએ અને આજ કારણથી શાસ્ત્રકારો સર્વ પાપોનાં સર્વથા પરિહાર રૂપી સર્વવિરતિનો ઉપદેશ આપ્યા સિવાયના દેશવિરતિ આદિનો ઉપદેશ આપવામાં આવે તો ગૃહસ્થપણામાં રહેલા દેશવિરતિવાળાએ કરેલા પાપોની અનુમોદનાનાંનું પાપ ઉપદેશકને લાગે એમ સ્પષ્ટપણે કહેલું છે.

જો કે સર્વ પાપોના ત્યાગ અને તેના ફળનું સ્વરૂપ જેણે યથાસ્થિત જાણ્યું છે, અને સર્વ પાપોની વિરતિરૂપ સર્વવિરતિ આદરવાને કે દેશથી પાપોનો વિરામ કરવો તે રૂપ દેશવિરતિ આદરવાને પણ અશક્ત હોઈ દેશવિરતિ કે સમ્યક્ત્વ આદર્યું હોય, તેવા શ્રાવકોને તો ઉપદેશકો શ્રાવકની યોગ્યતા અનુસારે માર્ગાનુસારી, સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિપણાનો યથારુચિ ઉપદેશ ક્રમે કે ઉત્ક્રમે આપી શકે છે; અને તેથી જ તેવા જીવોને ઉદ્દેશીને પંચાશક, ધર્મબિંદુ, શ્રાવકધર્મ પ્રકરણ, શ્રાદ્ધવિધિ કે ધર્મસંગ્રહ વિગેરે ગ્રંથો રચવામાં આવેલા, પણ તે સર્વ ગ્રંથોમાં એ વાત તો સ્પષ્ટ જ કરવામાં આવી છે કે સર્વ પાપની નિવૃત્તિરૂપ યતિધર્મને લેવા માટે અશક્ય હોય તેવાઓને જ દેશવિરતિનું ગ્રહણ હોય છે; તથા દેશથી પાપની નિવૃત્તિરૂપ દેશવિરતિ ગ્રહણ હોય છે; તથા દેશથી પાપની નિવૃત્તિરૂપ દેશવિરતિ ગ્રહણ કરવાને અસમર્થ મનુષ્યોને જ એકલું સમ્યક્ત્વનું ગ્રહણ વિગેરે હોય છે, તેમ સ્પષ્ટ કરે છે.

આ ઉપરથી વસ્તુસ્થિતિ જોનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે [illegible] ઘરમાં આવેલ પોતાના કુટુંબીજનો તો શું પણ સામાન્ય [illegible] કે [illegible] જેઓ તે પણ તેઓ જે પાપ કરે [illegible] માટે અટકાવ ન કરાય તો તે પાપ નહિ કરનાર મનુષ્યને પણ અનિષેધ નામની અનુમતિ લાગી પાપ લાગે છે.

આજ કારણથી દરેક સમ્યક્‌ત્વવાળો મનુષ્ય મા કાર્ષીત્ કોઽપિ પાપાનિ એટલે જગતનો કોઈપણ જીવ પાપનાં કાર્યો ન કરો; એવી ભાવના તથા તેવી ઉદ્‌ઘોષણા સતત પ્રવૃત્ત રાખે છે. આવી અનિષેધ અનુમોદનાની માફક બીજી પ્રશંસા નામની અનુમોદના શાસ્ત્રકારો જણાવે છે. પાપ કરવામાં સાગરિત થનારા જેમ સ્પષ્ટપણે પાપના ભાગી હોય છે, તેમ પાપ કરતી વખતે પાપમાં મદદગાર નહી બનનારો પણ મનુષ્ય પાપનું કાર્ય થઈ રહ્યા પછી પણ ફળ ભોગ કે વચન દ્વારા-એ પણ તે કાર્યને વખાણે તો તે વખાણનાર મનુષ્યને તે થએલા પાપકાર્યની પ્રશંસા નામની અનુમોદના ગણવામાં આવે છે.

આવી જાતની અનુમોદના લોકોમાં પ્રસિદ્ધ હોવાથી ઘણાં મનુષ્યો યથાવસ્થિત વસ્તુના બોધને અભાવે પૂર્વે જણાવેલી અનિષેધ અનુમોદનાને કે આગળ જણાવીશું તેવી સહવાસ અનુમોદનાને, અનુમોદના રૂપે બોલતા નથી અને ગણતા નથી પણ માત્ર આ પ્રશંસા અનુમોદનાને અનુમોદના રૂપે ગણે છે. આ પ્રશંસા અનુમોદનાના નિષેધ માટે જ યોગબિંદુકાર ભગવાન હરિભદ્રસૂરિજીએ માતાપિતા આદિનું મરણ થયા છતાં પણ તેમનાં વસ્ત્ર આભૂષણના ઉપભોગનો નિષેધ કરેલો છે અને તેમના વસ્ત્ર .આભૂષણના ઉપભોગ કરનારને મરણના ફળનો ઉપભોગ કરનાર ગણી માતાપિતા આદિના મરણની અનુમોદનાવાળો ગણેલો છે અને તેથી જ તેજ શાસ્ત્રમાં તે માતાપિતાદિના વસ્ત્ર, આભૂષણને તીર્થક્ષેત્રાદિમાં ખર્ચી નાખવાનું જણાવેલું છે.

આ સહવાસ નામની અનુમોદનાથી લાગતા પાપની નિવૃત્તિ માટે જ તીર્થંકર ગણધર આદિ મહાપુરુષોને પણ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સાધુતા ગ્રહણ કરવાની વિશેષ જરૂર હોય છે. આ વસ્તુ સમજનારો મનુષ્ય જેટલી અવિરતિ રહે તેટલું વધારે વધારે કર્મ બંધાય એવું શાસ્ત્રોક્ત યથાસ્થિત કથન સ્હેજે માની શકશે. આ ત્રીજી સહવાસ અનુમોદનાના ભેદને સમજનારો મનુષ્ય પોતાના કુટુંબીજનમાંથી કોઈએ પણ કરેલા પાપની અનુમોદનાના દોષોનો ભાગીદાર કુટુંબના સમગ્રજન બને છે એમ સ્પષ્ટ સમજી શકશે. (આવાજ કારણથી ગૃહસ્થાશ્રમમાં રહીને ઉત્તમમાં ઉત્તમ ગૃહસ્થલાયક ધર્મકરણી કરવાવાળા પણ પાપને અંગે માત્ર બાળે ડૂચા મારે છે પણ મોટા દરવાજા ખુલ્લાં રાખે છે. અને આ કારણથી દેશવિરતિના ઉત્કૃષ્ટ સ્થાન કરતાં પણ પ્રમત્તસંયતના જઘન્ય સ્થાનમાં અસંખ્યગુણ નિર્જરા જે

સ્ત્રકારોએ ફરમાવી છે તથા સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઉત્કૃષ્ટ
વિરતિની પ્રાપ્તિ માટે ખપાવાતી કર્મસ્થિતિ કરતાં વધારે ખપાવે
રેજ પ્રમત્ત ચારિત્રની પણ પ્રાપ્તિ થાય, એ વાત સ્પષ્ટપણે
મજાશે.)

[' સિદ્ધચક્ર ' માસિકમાંથી]

વ્યાજભક્ષણના દોષથી બચો અને બચાવો.

દ્રવ્યની વૃદ્ધિ (૫)

આખાયે સંઘમાં પરિણામની વૃદ્ધિ કરનાર દેવદ્રવ્યની વૃદ્ધિ છે, આથી તે અત્યન્ત આવશ્યક કર્તવ્ય તરીકે છે, ઇન્દ્રમાળા કે બીજી માળાની ઉછામણીથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ.

શ્રીરૈવતાચાલજી ઉપર શ્વેતામ્બર અને દિગમ્બરનો સંઘ ભેગો થયો હતો, તીર્થ અંગે વિવાદ થયો. તે વખતે વૃદ્ધોએ કહ્યું કે બોલી બોલો. તેમાં જે વધે તેનું આ તીર્થ. નિર્ણય 'પણ બોલીના આધારે થયો. બોલીનો રિવાજ કેવો તે વખતે પણ પ્રબળ હતો, તે અત્રે વિચારો ! આ સમયે સાધુ પેથડશાહે ૫૬ ઘડી સુવર્ણ બોલી ઇન્દ્રમાળા પહેરી, ઘડી સોનું એટલે દશ શેર સોનું. તે સમયે તેઓએ ચાર ઘડી સોનું તો યાચકોને આપ્યું હતું.

એક વાત ખ્યાલમાં રાખજો કે પહેલાં દેવદ્રવ્યની બોલી બોલતા, તેનાં નાણાં તુરત જ આપી દેતા, બેંકમાં પણ નાણાં મૂકાય તેની સાથે તુરત વ્યાજ શરૂ થાય છે. પેથડશાહ છપ્પન ઘડી સોનું બોલ્યા અને માળ પણ પહેરી. સોનું આપવા જોઈએ તે માટે તુરત ઊંટડી- સાંઢણી દોડાવી, એ સોનું આવે નહિ, દેવાય નહિ ત્યાં સુધી અન્ન પાણી લેવા નહિ, આવો સંકલ્પ કર્યો હતો, આથી છઠ્ઠ થયો, બીજે દિવસે જ્યારે બેઘડી દિવસ બાકી રહ્યો ત્યારે સોનું આવ્યું, સૂર્યાસ્તની છેલ્લી બેઘડી પાણી પીવાય નહિં. રાજ્યના મંત્રી હતા, કેવી શ્રદ્ધા ! આ બધાઓના નામો શાસ્ત્રના પાને ખોટા નથી ચડ્યા. શાસ્ત્રનો વિધિ છે કે બોલવું તે તુરત ચુકવી દેવું. આ માટે નામે ચલાવવું પડે, નોકર રાખવા પડે, ઉઘરાણીઓ કરવી પડે છે તે રીત વ્યાજબી નથી, તુરત તે નાણું ન આપે તો વ્યાજભક્ષણનો દોષ લાગે છે તે સમજો ! બોલાય છે કે- પડતી કેમ આવી ? પણ તેમાંથી દરેક કાર્યોમાં પુણ્ય પાપનો વિચાર કેટલો કરાય છે તે વિચારવાનું નથી.

(આગમોદ્ધારક પર્વ વ્યાખ્યાન સંગ્રહ-માંથી)